શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી સમવાયાંગ સૂત્ર

## ગુરુપ્રાણ આગમ બત્રીસી


આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

पंच समिओ तिगुत्तो अकसाओ जिइन्दिओ
अगारवो य निस्सल्लो जीवो होइ अणासवो
उत्त-३०-गा-३

જે જીવ પાંચ સમિતિઓથી સંયુક્ત; ત્રણગુપ્તિઓથી ગુપ્ત ચારકષાયોથી રહિત જિતેન્દ્રિય તથા ત્રણપ્રકારના ગર્વથી રહિત, ત્રણપ્રકારના શલ્યથી રહિત હોય છે તે અનાશ્રવ (નવા કર્મના સંચયથી રહિત) થઈ જાય છે

माणुसत्ते असारम्मि वाहि रोगाण आलए
जरा मरणघत्थम्मि खणं पि न रमामहं ॥ उत्त- अ-१९ गा-१५

આ મનુષ્યસંબંધી શરીર અસાર છે વ્યાધિ (રોગ)નું ઘર છે અને જરા મરણથી રાતદિન ગ્રસિત છે- આ અસાર મનુષ્ય શરીરમાં મને એક ક્ષણ પણ આનંદ નથી -



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત ચોથું અંગ

# શ્રી સમવાયાંગ સૂત્ર

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુકતાબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: અનુવાદિકા :**
તપસ્વિની
શ્રી વનિતાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

સ મ ર્પ ણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

જે ગુરુદેવે મને માનવતારૂપી મંડપમાં
સ્થિરતારૂપ સોફા ઉપર બેસાડી,
સમજણની સાવરણી આપી,
વિષય કષાયના કચરાને દૂર કરવાનું શિખડાવી,
અનાદિની મારી ઊંઘ ઉડાડી,
પ્રમાદની પથારી છોડાવી,
જીવનમાં ચારિત્રની ચાંદની ચમકાવી,
સેવાના સ્વાંગ સજાવી, વિનયના વસ્ત્રો પહેરાવી,
મારા હૃદય રૂપી વીંટીંમાં નમ્રતાનું નંગ પહેરાવી,
સ્વ – પર કલ્યાણનું કાર્ય કરતાં શીખવ્યું.
એવા મારા ઘટ ઘટમાં પ્રાણ પુરનારા
સદ્‌ગુરુદેવ બા. બ્ર. સૌરાષ્ટ્ર કેસરી
પૂ. પ્રાણલાલજી મ. સા. ના
સ્મૃતિરૂપ કર કમલોમાં મારા સમવાયાંગ સૂત્રના
અનુવાદનું અર્ઘ્ય ધરાવું છું.

- પૂ. મુક્ત - લીલમ સુશિષ્યા
**સાધ્વી વનિતા**

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધયતિ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહાકાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ્–
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે –
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા – સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

## સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




## શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ

પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)
## રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ
## હ. ટી. આર. દોશી

ગોંડલગચ્છના અનસ્ત સિતારા સંતોના શિરતાજ, પ્રાણ પરિવારના સાધ્વીજીઓના પ્રાણ સમાન હજારો ભક્તોના શ્રદ્ધાના કેન્દ્રસ્થાન, તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. એ પોતાના સાધક જીવનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાથી સ્વયંની આત્મસાધનાને પરિપક્વ બનાવી, તેની સાથે જ ૧૪૫ મુમુક્ષુઓના દીક્ષાદાતા બનીને રત્નત્રયની આરાધનાના પ્રેરક બન્યા હતા.

સાધક જેમ જેમ અધ્યાત્મ સાધનામાં ગહનતમ ઊંડાણમાં જતો જાય છે, તેમ તેમ તેમનું અંતર કરૂણાભાવથી દ્રવિત થાય છે અને તેના પરિણામે તેવા સાધકો કેટલા ય જીવદયા, માનવસેવા જેવી પ્રવૃત્તિઓનો પણ ઉપદેશ આપે છે. પૂ. તપસ્વી ગુરુદેવના જીવનમાં પણ આવી જ ઘટના ઘટિત થઈ.

અનેક ભક્તોએ પૂ. ગુરુદેવની શ્રદ્ધા – ભક્તિથી તેઓના જ પુણ્યનામથી ટ્રસ્ટનો પ્રારંભ કર્યો. પૂ. ગુરુદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં જ આ ટ્રસ્ટના માધ્યમથી અનેક માનવસેવાની પ્રવૃત્તિઓ, મેડિકલ સહાય, ગૌશાળા જેવી પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. જે આજે પણ ટ્રસ્ટી વયોવૃદ્ધ સુશ્રાવક શ્રી રતિભાઈ દોશી તથા શ્રી ટી. આર. દોશી કરી રહ્યા છે, તે ઉપરાંત પૂ. ગુરુદેવને જ્ઞાનારાધનાનું અદમ્ય આકર્ષણ હતું. તેથી જ ગુરુ પ્રાણ આગમ બત્રીસીના પ્રથમ પ્રકાશનમાં તેઓશ્રીની પ્રેરણાથી ચાર આગમના શ્રુતાધાર બની પ્રકાશન કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. પૂ. ગુરુદેવની ભાવનાને લક્ષમાં રાખીને આજે આગમ બત્રીસીના પુનઃ પ્રકાશનમાં પણ ટ્રસ્ટીગણ લાભ લઈ રહ્યા છે. તેઓને ધન્યવાદ.

ટ્રસ્ટીઓ સદાય પૂ. ગુરુદેવના આદર્શોને લક્ષમાં રાખી, તેઓએ ચીંધેલા રાહે જ કાર્યશીલ રહે એ જ ભાવના...

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
# સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક |
| --- | --- |
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા. જીવન દર્શન | 14 |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. જીવન દર્શન | 16 |
| પૂ. શ્રી રતિલાલજી મ. સા. જીવન દર્શન | 18 |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 20 |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 22 |
| અભિગમ | 24 |
| સંપાદકીય | 27 |
| સંપાદન અનુભવ | 30 |
| અનુવાદિકાની કલમે | 33 |
| ૩૨ અસ્વાધ્યાય | 48 |
| **સમવાય - ૧** | ૩ |
| આત્મા, અનાત્મા, દંડ, અદંડ, | |
| ક્રિયા, અક્રિયા | |
| **સમવાય - ૨** | ૯ |
| દંડ, રાશિ, બંધન, બે તારાવાળા નક્ષત્રો | |
| **સમવાય - ૩** | ૧૨ |
| દંડ, ગુપ્તિ, શલ્ય, ગારવ, વિરાધના | |
| ત્રણ તારાવાળા નક્ષત્રો | |
| **સમવાય - ૪** | ૧૬ |
| કષાય, ધ્યાન, વિકથા, સંજ્ઞા, બંધ, | |
| ચાર તારાવાળા નક્ષત્રો | |
| **સમવાય - ૫** | ૨૧ |
| ક્રિયા, મહાવ્રત, કામગુણ, સમિતિ, | |
| અસ્તિકાય, પાંચ તારાવાળા નક્ષત્રો | |
| **સમવાય - ૬** | ૨૬ |
| લેશ્યા, જીવનિકાય, તપ, છાદ્મસ્થિક – | |
| સમુદ્‌ઘાત, છ તારાવાળા નક્ષત્રો | |
| **સમવાય - ૭** | ૩૨ |
| ભયસ્થાન, સમુદ્‌ઘાત | |
| ભગવાન મહાવીરની અવગાહના | |
| **સમવાય - ૮** | ૩૬ |
| મદસ્થાન, પ્રવચનમાતા | |
| વાણવ્યંતર દેવનાં ચૈત્યવૃક્ષ, | |
| પાર્શ્વનાથના ગણ-ગણધર | |
| **સમવાય - ૯** | ૪૦ |
| બ્રહ્મચર્ય ગુપ્તિઓ (વાડ), અગુપ્તિઓ, | |
| પાર્શ્વનાથની અવગાહના | |
| **સમવાય - ૧૦** | ૪૮ |
| અણગાર ધર્મ, સમાધિસ્થાન, અરિષ્ટનેમી-<br>અવગાહના, જ્ઞાનવૃદ્ધિકારી નક્ષત્ર, કલ્પવૃક્ષ | |
| **સમવાય - ૧૧** | ૫૫ |
| ઉપાસક પ્રતિમા, | |
| ભગવાન મહાવીરના ગણધર | |
| **સમવાય - ૧૨** | ૬૦ |
| ભિક્ષુપ્રતિમા, સંભોગ, કૃતિકર્મ | |
| **સમવાય - ૧૩** | ૬૭ |
| ક્રિયાસ્થાન, વિમાન પ્રસ્તટ | |
| પ્રાણાયુપૂર્વની વસ્તુ, પ્રયોગ | |
| **સમવાય - ૧૪** | ૭૦ |
| ભૂતગ્રામ, પૂર્વ, જીવસ્થાન (ગુણસ્થાન), | |
| **સમવાય - ૧૫** | ૮૨ |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પરમાધાર્મિક દેવ, નમિઅરિહંતની – | | **સમવાય - ૨૫** | ૧૨૨ |
| અવગાહના, વિદ્યાનુવાદ પૂર્વની વસ્તુ | | પાંચ મહાવ્રતની ભાવના | |
| **સમવાય - ૧૬** | ૮૭ | મલ્લિનાથની અવગાહના, | |
| કષાય, મંદર-મેરુ પર્વતના નામ, | | મિથ્યાદષ્ટિ-વિકલેન્દ્રિયનો કર્મપ્રકૃતિ બંધ | |
| પાર્શ્વપ્રભુની શ્રમણ સંપદા | | લોકબિન્દુસાર પૂર્વની વસ્તુ | |
| **સમવાય - ૧૭** | ૯૧ | **સમવાય - ૨૬** | ૧૩૦ |
| અસંયમ, સંયમ, માનુષોત્તર પર્વત, | | દશા-કલ્પ-વ્યવહારના ઉદ્દેશનકાલ, | |
| આવાસ પર્વત, ચારણગતિ, મરણ | | ભવ્ય જીવોને કર્મ પ્રકૃત્તિની સત્તા | |
| **સમવાય - ૧૮** | ૯૯ | **સમવાય - ૨૭** | ૧૩૩ |
| બ્રહ્મચર્ય, અરિષ્ટનેમિની શ્રમણ સંપદા | | અણગાર ગુણ, | |
| નિર્ગ્રંથસ્થાન, આચારાંગનાં પદ | | વેદક સમ્યક્ત્વના બંધ સમયે કર્મ સત્તા | |
| બ્રાહ્મીલિપિના લેખવિધાન | | **સમવાય - ૨૮** | ૧૩૭ |
| અસ્તિ નાસ્તિપ્રવાદ પૂર્વની વસ્તુ | | આચારપ્રકલ્પ, મોહકર્મની સત્તા | |
| **સમવાય - ૧૯** | ૧૦૩ | આભિનિબોધિક જ્ઞાન | |
| જ્ઞાતાઅધ્યયન, તીર્થંકરોનો અગારવાસ | | દેવ, નરક ગતિના બંધ સમયે | |
| **સમવાય - ૨૦** | ૧૦૬ | કર્મ પ્રકૃતિઓનો બંધ | |
| અસમાધિસ્થાન, મુનિસુવ્રતની અવગાહના, | | **સમવાય - ૨૯** | ૧૪૨ |
| પ્રત્યાખ્યાન પૂર્વની વસ્તુ | | પાપશ્રુતપ્રસંગ, તીર્થંકર નામના બંધ સાથે | |
| **સમવાય - ૨૧** | ૧૦૯ | અન્ય કર્મ બંધ અને દેવોત્પત્તિ, | |
| શબલદોષ, આઠમા ગુણસ્થાનકે | | **સમવાય - ૩૦** | ૧૪૬ |
| કર્મપ્રકૃતિની સત્તા | | મોહનીય સ્થાન, મંડિતપુત્રની શ્રમણપર્યાય | |
| **સમવાય - ૨૨** | ૧૧૩ | અરનાથ તીર્થંકરની અવગાહના | |
| પરીષહ, પુદ્ગલપરિણામ | | સહસ્રારેન્દ્રના સામાનિક દેવો | |
| **સમવાય - ૨૩** | ૧૧૬ | પાર્શ્વનાથનો અને મહાવીરનો ગૃહવાસ | |
| ત્રેવીસ તીર્થંકરોને સૂર્યોદયકાળમાં કેવલજ્ઞાન, | | **સમવાય - ૩૧** | ૧૫૫ |
| ૨૩ તીર્થંકરો પૂર્વભવમાં એકાદશાંગીના પાઠી | | સિદ્ધોના આદિગુણ, મંદર પર્વત | |
| **સમવાય - ૨૪** | ૧૧૯ | **સમવાય - ૩૨** | ૧૫૮ |
| દેવાધિદેવ (તીર્થંકર), સઈન્દ્ર દેવસ્થાન | | યોગસંગ્રહ, કુંથુ અર્હતના કેવળીઓ, | |

| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| બત્રીસ તારાવાળા નક્ષત્ર | | તેઈન્દ્રિય જીવોનું ૪૯ અહોરાત્રનું | |
| **સમવાય - ૩૩** | ૧૬૦ | ઉત્કૃષ્ટ આયુષ્ય | ૧૮૭ |
| અશાતનાઓ, સૂર્ય દષ્ટિગોચર થવાનું અંતર | | મુનિસુવ્રત જિનના ૫૦૦૦૦ સાધ્વીજીઓ | |
| **સમવાય - ૩૪** | ૧૭૦ | **સમવાય - ૫૧ થી ૬૦** | ૧૮૯ |
| તીર્થંકરોના અતિશય, ચક્રવર્તી વિજય | | આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધના ૫૧ઉદ્દેશનકાલ | |
| ચમરેન્દ્રના ભવનાવાસ, નરકાવાસ | | મોહનીય કર્મનાં ૫૨ નામ | ૧૯૦ |
| **સમવાય - ૩૫** | ૧૭૦ | ભગવાન મહાવીરના ૫૩ શ્રમણોનો | |
| સત્યવચનના અતિશય, | | અનુત્તરવિમાનમાં જન્મ | ૧૯૨ |
| કુંથુ અર્હત્‌ની અવગાહના, દત્ત વાસુદેવ | | અરિષ્ટનેમિનો ૫૪ અહોરાત્રનો છદ્મસ્થ કાળ | |
| તથા નંદન બલદેવની અવગાહના, | | ભગવાન મહાવીરના એક દિવસમાં | |
| માણવક ચૈત્યસ્તંભ | | ૫૪ (ચોપન) વ્યાખ્યાન | |
| **સમવાય - ૩૬ થી ૪૦** | ૧૭૬ | અનંતજિનના ૫૪ ગણ અને ગણધર | |
| મહાવીર સ્વામીના ૩૬૦૦૦ સાધ્વીજીઓ | ૧૭૭ | મલ્લિ અર્હતનું ૫૫૦૦૦ વર્ષનું આયુષ્ય | ૧૯૩ |
| કુંથુનાથના ૩૭ ગણધરો, | | ભગવાન મહાવીર દ્વારા પુણ્ય-પાપ | |
| પાર્શ્વજિનના ૩૮૦૦૦ સાધ્વીજીઓ | ૧૭૮ | વિપાક સૂત્રના ૫૫ અધ્યયનોનું પ્રતિપાદન | |
| નમિજિનના ૩૯૦૦ અવધિજ્ઞાની મુનિ | ૧૭૯ | વિમલ જિનના ૫૬ ગણ અને ગણધર | ૧૯૪ |
| અરિષ્ટનેમિના ૪૦૦૦૦ સાધ્વીજીઓ | | મલ્લિજિનના ૫૭૦૦ મનઃ પર્યવજ્ઞાની | ૧૯૫ |
| **સમવાય - ૪૧ થી ૫૦** | ૧૮૧ | ૧,૩,૫ નરકના ૫૮ લાખ નરકાવાસ | |
| નમિજિનના ૪૧૦૦૦ સાધ્વીજીઓ, | | સંભવ જિનનો ૫૯લાખ પૂર્વ વર્ષનો ગૃહવાસ | ૧૯૬ |
| મહાવીર સ્વામીની ૪૨વર્ષની શ્રમણપર્યાય | ૧૮૨ | મલ્લિ જિનના ૫૯૦૦ અવધિજ્ઞાની મુનિ | |
| નામકર્મની ૪૨ પ્રકૃતિઓ | ૧૮૩ | વિમલ જિનની ૬૦ ધનુષ્યની અવગાહના | ૧૯૭ |
| કર્મવિપાક સૂત્રના ૪૩ અધ્યયન, | ૧૮૪ | **સમવાય - ૬૧ થી ૭૦** | ૧૯૮ |
| વિમલ અર્હતની ૪૪ પેઢીનું નિર્વાણ | | એક યુગના ૬૧ ઋતુમાસ | |
| ધર્મ જિનની ૪૫ ધનુષ્યની અવગાહના | ૧૮૫ | વાસુપૂજ્યજિનના ૬૨ ગણ અને ગણધર | ૧૯૯ |
| દષ્ટિવાદનાં ૪૬ માતૃકાપદ | | ઋષભ જિનનો ૬૩ લાખ પૂર્વ વર્ષનો | |
| અગ્નિભૂતિનો ૪૭ વર્ષનો ગૃહવાસ | ૧૮૬ | રાજ્યાસન કાળ, | ૨૦૦ |
| ચક્રવર્તીનાં ૪૮૦૦૦ પટ્ટન, | | અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમાના ૬૪ અહોરાત્ર | |
| ધર્મજિનના ૪૮ ગણ અને ગણધર | | મૌર્યપુત્રનો ૬૫ વર્ષનો ગૃહવાસ | ૨૦૨ |
| | | શ્રેયાંસ જિનના ૬૬ ગણ અને ગણધર | ૨૦૩ |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| એક યુગમાં ૬૭ નક્ષત્ર માસ | |
| વિમલજિનની ૬૮૦૦૦ની શ્રમણસંપદા | ૨૦૪ |
| સમય ક્ષેત્રમાં ૬૯ વર્ષ અને વર્ષધર પર્વતો | ૨૦૫ |
| ભગવાન મહાવીરે વર્ષાવાસના ૭૦ દિવસ | |
| શેષ રહ્યા ત્યારે સંવત્સરી કરી | ૨૦૬ |
| પાર્શ્વજિનની ૭૦ વર્ષની શ્રમણ પર્યાય | ૨૦૭ |
| વાસુપૂજ્ય જિનની ૭૦ ધનુષ્યની અવગાહના | |
| **સમવાય - ૭૧ થી ૮૦** | ૨૦૯ |
| અજિતજિનનો ૭૧ લાખપૂર્વનો ગૃહવાસકાલ | ૨૧૦ |
| મહાવીર જિનનું ૭૨ વર્ષનું આયુષ્ય | |
| પુરુષની બોંતેર કલાઓ | ૨૧૧ |
| વિજય બલદેવનું ૭૩ લાખ વર્ષનું આયુષ્ય | ૨૧૩ |
| અગ્નિભૂતિનું ૭૪ વર્ષનું આયુષ્ય | ૨૧૪ |
| સુવિધિ જિનના ૭૫૦૦ કેવળી | |
| શીતલનાથનો ૭૫૦૦૦ પૂર્વ વર્ષનો ગૃહવાસ | |
| શાંતિનાથનો ૭૫૦૦૦ વર્ષનો ગૃહવાસ | ૨૧૫ |
| વિદ્યુતકુમાર દેવના ૭૬ લાખ ભવનાવાસ | |
| ભરત ચક્રવર્તીનો ૭૭ લાખ પૂર્વ ક્રોડનો | |
| રાજકુમાર કાળ | |
| અકંપિત સ્થવિરનું ૭૮ વર્ષનું આયુષ્ય | ૨૧૬ |
| જંબૂદ્વીપના એકદ્વારથી બીજા દ્વાર વચ્ચે | |
| ૭૯૦૦૦ યોજનનું અંતર | |
| શ્રેયાંસ જિન, ત્રિપુષ્ઠ વાસુદેવ, | |
| અચલ બલદેવની ૮૦ ધનુષ્યની અવગાહના | |
| **સમવાય - ૮૧ થી ૯૦** | ૨૨૦ |
| કુંથુ જિનના ૮૧૦૦ મનઃ પર્યાવજ્ઞાની | ૨૨૧ |
| મહાવીરસ્વામીનું ૮૨ રાત્રી પછી ગર્ભસાહરણ | |
| શીતલ જિનના ૮૩ ગણ અને ગણધર | ૨૨૨ |
| સ્થવિર મંડિતપુત્રનું ૮૩ વર્ષનું આયુષ્ય | |
| ઋષભદેવ, ભરતરાજાનો ૮૩ લાખ પૂર્વ | |
| વર્ષનો ગૃહવાસકાલ | ૨૨૩ |
| ઋષભ જિન, ભરત, બાહુબલી, બ્રાહ્મી, | |
| સુંદરીનું ૮૪ લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય | |
| શ્રેયાંસ જિનનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય | |
| ઋષભજિનના ૮૪ ગણ અને ગણધર | ૨૨૬ |
| ધાતકીખંડના મંદર પર્વત, રુચકદ્વીપના | |
| માંડલિક પર્વતોની ૮૫૦૦૦ યોજનની ઊંચાઈ | ૨૨૭ |
| સુવિધિજિનના ૮૬ ગણ અને ગણધર | |
| સુપાર્શ્વજિનની ૮૬૦૦ વાદી સંપદા | |
| મંદર પર્વત અને વેલંધર પર્વત વચ્ચે | |
| ૮૭૦૦૦ યોજનનું અંતર | ૨૨૮ |
| સૂર્યચંદ્રના પરિવારના ૮૮-૮૮ મહાગ્રહો, | ૨૩૦ |
| ઋષભ જિનનું ત્રીજા આરાના અને | |
| મહાવીર જિનનું ચોથા આરાના ૮૯ | |
| પક્ષ શેષ રહ્યા ત્યારે મોક્ષ ગમન | ૨૩૧ |
| શાન્તિ જિનેશ્વરના ૮૯૦૦૦ સાધ્વીજીઓ | |
| શીતલનાથની ૯૦ ધનુષ્યની અવગાહના | ૨૩૨ |
| **સમવાય ૯૧ થી ૧૦૦** | ૨૩૩ |
| વૈયાવચ્ચના ૯૧ પ્રકાર | |
| કુંથુનાથના ૯૧૦૦ અવધિજ્ઞાની શ્રમણ, | ૨૩૫ |
| ૯૨ પ્રતિમા, ઈન્દ્રભૂતિનું ૯૨વર્ષનો આયુષ્ય | |
| ચંદ્રપ્રભ જિનના ૯૩ ગણ અને ગણધર | ૨૩૭ |
| શાંતિનાથના ૯૩૦૦ ચતુર્દશપૂર્વી મુનિઓ | |
| અજિતનાથના ૯૪૦૦ અવધિજ્ઞાની મુનિઓ | ૨૩૮ |
| સુપાર્શ્વનાથના ૯૫ ગણ અને ગણધર | |
| કુંથુનાથનું ૯૫૦૦૦ આયુષ્ય, | |
| સ્થવિર મૌર્યપુત્રનું ૯૫ વર્ષનો આયુષ્ય | |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| ચક્રવર્તીનાં ૯૬ કરોડ ગામ | ૨૩૯ |
| હરિષેણ ચક્રવર્તીનો ૯૭૦૦ વર્ષનો ગૃહકાલ | |
| નંદનવનના ઉપરીતલથી પંડકવનના | |
| નિમ્નતલનું ૯૮૦૦૦ યોજનનું અંતર | |
| નંદનવનનાં પૂર્વી-પશ્ચિમી તથા દક્ષિણી- | |
| ઉત્તરી ચરમાન્તનું ૯૯૦૦૦ યોજનનું અંતર | |
| શતભિષક્ નક્ષત્રોના ૧૦૦ તારા | ૨૪૪ |
| સુવિધિ-પુષ્પદંતની ૧૦૦ ધનુષ્યની | |
| અવગાહના | |
| પાર્શ્વજિનનું ૧૦૦ વર્ષનું આયુષ્ય | |
| **અનેકોત્તરિક વૃદ્ધિ સમવાય-** | |
| **(દોઢસોથી ક્રોડાક્રોડ સુધી)** | ૨૪૬ |
| ચંદ્રપ્રભુની ૧૫૦ ધનુષ્યની ઊંચાઈ | |
| સુપાર્શ્વજિનની ૨૦૦ ધનુષ્યની ઊંચાઈ | |
| અસુરકુમારોના ૨૫૦ યોજન ઊંચા પ્રાસાદો | |
| અરિષ્ટનેમિનો ૩૦૦ વર્ષનો ગૃહવાસ | ૨૪૭ |
| પાર્શ્વજિનના ૩૫૦ ચૌદ પૂર્વધારી સાધુઓ | |
| મહાવીર સ્વામીના ૪૦૦ વાદી મુનિ, | ૨૪૮ |
| અજિતનાથ, સગરચક્રીની ૪૫૦ ધનુષ્યની | |
| ઊંચાઈ | |
| ઋષભજિન, ભરતચક્રીની ૫૦૦ ધનુષ્યની | |
| ઊંચાઈ | ૨૪૯ |
| પાર્શ્વજિનના ૬૦૦ વાદી મુનિ | |
| વાસુપૂજ્ય સ્વામીના ૬૦૦ સહદીક્ષિતો | |
| અરિષ્ટનેમિની કિંચિત્ ન્યૂન ૭૦૦ વર્ષની | |
| કેવળ પર્યાય, મહાવીર સ્વામીના ૮૦૦ | |
| અનુત્તરોપપાતિક મુનિ | ૨૫૦ |
| અરિષ્ટનેમિના ૮૦૦ વાદી સાધુઓ | ૨૫૧ |
| વિમલવાહન કુલકરની ૯૦૦ ધનુષ્યની ઊંચાઈ | |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| યમક પર્વતો, વૃત્તવૈતાઢ્ય પર્વતોની ૧૦૦૦ | |
| યોજનની ઊંચાઈ | ૨૫૩ |
| પાર્શ્વનાથના ૧૧૦૦ વૈક્રિયલબ્ધિવાન સાધુ | |
| પાર્શ્વનાથના ૩,૨૭૦૦૦ શ્રાવિકાઓ | ૨૫૬ |
| ઋષભજિનથી મહાવીરજિન વચ્ચે કોટાકોટિ | |
| સાગરોપમનું અંતર | ૨૫૮ |
| **દ્વાદશાંગ ગણિપિટક -** | ૨૫૯ |
| ગણિપિટકનું મહિમા | ૩૦૩ |
| **વિવિધ વિષય નિરૂપણ-** | |
| જીવ - અજીવ રાશી | ૩૦૭ |
| નરકાવાસ, દેવોના આવાસ | ૩૦૮ |
| પાંચ શરીર | ૩૧૮ |
| અવધિજ્ઞાન | ૩૨૫ |
| વેદના - લેશ્યા - આહાર - આયુબંધ | ૩૨૬ |
| આયુષ્યબંધના આકર્ષ | ૩૩૨ |
| સંઘયણ, સંસ્થાન, વેદ | ૩૩૩ |
| **અતીત-અનાગતના મહાપુરુષો** | ૩૩૮ |
| ત્રણે કાળના તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, | |
| બળદેવની વિગતો | ૩૩૮ |
| **પરિશિષ્ટ - ૧** | |
| **૧.** ૨૪ તીર્થંકરોનું કોષ્ટક | ૩૬૨ |
| **૨.** ભરતક્ષેત્રના ભાવિ ૨૪ તીર્થંકરોના | |
| નામ અને તેના પૂર્વ ભવના નામ | ૩૬૫ |
| **૩.** બાર ચક્રવર્તીનું કોષ્ટક, | |
| નવ બળદેવનું કોષ્ટક | ૩૬૬ |
| **૪.** નવ વાસુદેવનું કોષ્ટક | ૩૬૭ |
| **૫.** ઐરવતક્ષેત્રના અવસર્પિણી- | |
| ઉત્સર્પિણી કાળના ચોવીસ તીર્થંકરો | ૩૬૮ |
| **૬.** વિવેચિત વિષયોની આકારાદિ | |
| અનુક્રમણિકા | ૩૬૯ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્દષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ અને કૃપાદૃષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

સૌભાગ્યથી સમવાયાંગ ગણિતાનુયોગ શાસ્ત્ર પર લખવા માટે જે પ્રેરણા મળી છે તે વીરકૃપાનું પરિણામ છે. સ્વાધ્યાય, ચિંતન-મનન, એ શાસ્ત્રનું પ્રધાન લક્ષ્ય હોય છે અને આ લક્ષ્યની સિધ્ધિ માટે શાસ્ત્રકારોએ અવનવી રીતથી શાસ્ત્ર પ્રરૂપણા કરી છે.

જૈન શાસ્ત્રોમાં વિશ્વ સાહિત્યથી સર્વથા નિરાલી એવી એક પધ્ધતિનું અવલંબન કરવામાં આવ્યું છે અને વિશ્વના જડ- ચેતન, સૂક્ષ્મ કે સ્થૂલ બધાં પર્યાયોનું ગણિત ક્રમશઃ એક ગણના કોષ્ટકમાં મૂકવામાં આવ્યું છે. આ નિરાલી પધ્ધતિમાં કોઈપણ પ્રકારના વિષયની એકરૂપતા નથી પરંતુ ગણિતની સમસંખ્યાનું પૂરું ધ્યાન રાખવામાં આવ્યું છે. કોઈપણ વિધાનનો ચાથો પાયો પૂર્તિ કરનારો હોય છે. આ સમવાયાંગ શાસ્ત્ર પણ ચતુર્થ અંગશાસ્ત્ર છે. આથી અભ્યાસીને સહજ તેનું મહત્ત્વ દૃષ્ટિગોચર થશે.

संख्यायाम् समत्वेत आपात्यन्ते तत्त्वानि पदार्थाश्च ।

અર્થાત્ સંખ્યામાં સમાનતાવાળા જે તત્ત્વો અને પદાર્થો છે, તેનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેને 'સમવાય' શબ્દથી સંગ્રહિત કર્યા હોય તેમ અનુમાન કરી શકાય છે. આ પ્રમાણે અર્થ કરવાથી શાસ્ત્રનું નામ સાર્થક બને છે. સંખ્યાની સમાનતાનું શું મહત્વ હોય શકે ? તે એક વિચારણીય પ્રશ્ન છે. હકીકતમાં એક સંખ્યાને છોડીને બાકી બધી સંખ્યા કાલ્પનિક કે બૌદ્ધિક છે. બુધ્ધિનું આ એક ગૂઢ રહસ્ય છે. પદાર્થ પોતે સ્વયં પોતાના અર્થમાં એક જ છે. દર્શનશાસ્ત્રોમાં एकत्त्वमेव शाश्वतं सत्यं द्वित्वं इत्यादि सर्वे अंकाः संख्याःकाल्पनिकाः किं वा बौद्धिकाः ।

અર્થાત્ દર્શનશાસ્ત્રોમાં એક સંખ્યાને જ સત્ સંખ્યા માની છે અને તે શાશ્વત છે. એકથી અધિક બે ત્રણ ઈત્યાદિ અધિક સંખ્યાઓ બુધ્ધિગત રહસ્ય છે, કલ્પનાને આધારે છે છતાં પણ આ બધી સંખ્યાઓનું ગણિત કે ગણના તત્ત્વજ્ઞાનમાં કે બીજી કોઈપણ વિદ્યાઓમાં એટલું ઉપકારી છે કે તેનો લોપ કરી શકાય તેમ નથી.

સંખ્યા બાબતમાં આટલું કહ્યા પછી સંખ્યાની સમાનતા પદાર્થના ગુણધર્મો સાથે ઘટિત થતી હોય છે, જેમ કે ઈન્દ્રિયો પાંચ છે અને પાંચ તેના વિષયો છે.

જુઓ, આમાં ઇન્દ્રિયો સ્વતંત્ર છે અને તેના વિષયો સ્વતંત્ર છે છતાં બંનેમાં જે પ્રાકૃતિક નિયમ છે તે અદ્‌ભુત છે. આ એક સાધારણ દૃષ્ટાંત છે પરંતુ સમસંખ્યાવાળા બે તત્ત્વોમાં જે કાંઇ રહસ્ય છે તે સાધકે સ્વયં શોધી લેવાનું છે. શાસ્ત્રકારનો પણ આ જ ઉદ્દેશ છે કે સમાન સંખ્યાવાળા પદાર્થોમાં જે સામાન્ય ગુણનું દર્શન છે તેનું સંશોધન કરી સામાન્ય તથા વિશેષ ધર્મનું ગણિત કરી વિવિધ પ્રકારના નયથી જ્ઞાન મેળવવું જોઇએ અને સાધકે પણ યોગસાધના કે ધ્યાન સાધનાથી તેમાં સ્થિર થઇ આ સમસંખ્યાવાળા પદાર્થોને નિહાળવાથી તે પદાર્થો સ્વયં રહસ્ય બતાવશે અર્થાત તેનું રહસ્ય પ્રગટ થશે. તેમાંથી એક અદ્‌ભુત સિધ્ધાંતનો આવિષ્કાર પણ થશે અર્થાત્ વિકલ્પ છોડીને શાંત ભાવે પદાર્થનું નિરીક્ષણ કે દિગ્‌દર્શન કરવાથી તે પદાર્થો સ્વયં પોતાના રહસ્યોનું ઉદ્‌ઘાટન કરશે અને કરે છે.

આ દૃષ્ટિએ જો આપણે વિચાર કરીએ તો સમવાયાંગ શાસ્ત્ર કે એવા કોઇપણ સાંખ્યિક શાસ્ત્ર ઘણાં જ મહત્વપૂર્ણ છે.

આ સમવાયાંગશાસ્ત્ર એક પ્રકારે વિશ્વ પદાર્થોનો કોષ છે. વિશ્વ સ્વયં પદાર્થનો એક ભંડાર છે. તે ભંડારમાં બધી વસ્તુઓ ગોઠવીને રાખવામાં ન આવે તો કોઇપણ વસ્તુ હાથ લાગતી નથી. આ કાંઇ જેવો તેવો નાનો ભંડાર નથી. સમગ્ર લોકને આવરી લે, તેવો ભંડાર છે. ભંડારમાં રહેલાં સ્થૂળ – સૂક્ષ્મ, ગુણાત્મક કે ભાવાત્મક કે ક્રિયાત્મક પદાર્થોને નંબર આપી શાસ્ત્રકારોએ એક અદ્‌ભુત રીતે વિશ્વ દર્શન કરાવ્યું છે અને વિશ્વયાત્રામાં કયા કયા પદાર્થો કેટલી સંખ્યામાં લઇને પોતાના કેન્દ્રમાં કામ કરી રહ્યા છે, તેનો અભાસ આપ્યો છે. સાધારણ બુધ્ધિવાળાને એમ લાગે કે સમાન સંખ્યાવાળા પદાર્થોને એક પંક્તિમાં બોલવા, તે ખાસ નવીન વાત નથી, જાણે તેને અંક ગણના જેવું લાગે છે પરંતુ શાસ્ત્ર પ્રત્યે શ્રધ્ધાવાન વ્યક્તિ કે સાધક અનંતજ્ઞાનીઓનો વિશેષ ઉપકારને માનીને સમવાયાંગ સૂત્રના આધારે જો વિષયયાત્રા કરે તો બહુ સહેલાઇથી સમગ્ર વિશ્વ પોતાના દિલ દિમાગમાં અંકિત થાય તેટલું જ નહીં પરંતુ રાગ – દ્વેષથી મુક્ત થઇ બધાં દ્રવ્યોને પોતાની પંક્તિમાં સ્વતંત્રરૂપે ક્રિયાશીલ નિહાળી વિશ્વ પોતાની જગ્યાએ વ્યવસ્થિત કામ કરી રહ્યું છે અને સ્વયં આ ગણિત તો સાક્ષી માત્ર છે તેવું આનંદનું મોજું પણ અનુભવે છે.

શાસ્ત્ર માત્ર સાધનાના અંગો છે. તે ફક્ત ભણવા પૂરતા જ સીમિત નથી પરંતુ પદાર્થ પ્રત્યે જકડાયેલા કે બંધાયેલા મહત્ ભાવોને છૂટા પાડી શાસ્ત્ર એક આધ્યાત્મિક શાસ્ત્રનું

કામ કરે છે. ખરા અર્થમાં આ બધા શાસ્ત્રો અરિહંત જ છે. અરિહંત ભગવાન અત્યારે પ્રત્યક્ષ નથી પરંતુ આ શાસ્ત્ર ભગવાન સાક્ષાત અરિહંત છે.

સમવાયાંગ શાસ્ત્ર આ પ્રકારે ફક્ત ગણના માટે જ નથી પરંતુ સાધનાનું એક રહસ્યમય અંગ છે. આ નામમાં આવેલો 'સમવાય' શબ્દ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સમભાવનો બોધ કરાવે છે. સમભાવ એ જૈનધર્મનો મુખ્ય સિધ્ધાંત છે.જૈનધર્મ, આ નામને બદલે કોઈપણ બીજો શબ્દ પર્યાય મૂકવાનું કહે તો 'સમભાવ ધર્મ' મૂકી શકાય. કોઈને કોઈ રીતે સમભાવ તરફ વળવું, સમભાવે નિરીક્ષણ કરવું, સમતાને કેળવવી, સમસ્થિતિમાં ચાલ્યા જવું, તે જૈન સાધનાનું પ્રધાન લક્ષ છે, એકમાત્ર લક્ષ છે. આ આપણું પવિત્ર સમવાયશાસ્ત્ર સમસ્થિતિમાં તમારા મનને લાવીને મૂકે, પદાર્થોની અંદર રહેલી સમાનતાના તમને દર્શન કરાવે અને પદાર્થો ભિન્ન હોવા છતાં કેટકેટલી જગ્યાએ સમાનતા ધરાવે છે તેનું દર્શન કરાવી તેમને પણ સમતાના સમુદ્રમાં સ્નાન કરાવે છે. ''ધન્ય છે આ નામના દ્યોતક એવા મહાપુરુષને અને તેથી પણ વધારે તે ધન્ય આત્માઓ છે, જે આ વીરવાણીનું સંપાદન કરી લોકભાષામાં બાળજીવો પણ તેનો બોધ કરી શકે એ રીતે જ્ઞાનતપ કરી સમવાયાંગ આદિ શાસ્ત્રનું સંપાદન કરી રહ્યા છે.

કહેતા હર્ષ થાય છે કે આ સંપાદન કરનારા કોઈ અન્ય વ્યકિત નથી પણ આપણા જ સંપ્રદાયના, અમારા પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવનારા અને કઠોર તપશ્ચર્યા સાથે શાસ્ત્ર સ્વાધ્યાય કરતાં, કરાવતા એવા લીલમબાઈ મહાસતીજી. તેઓ એકલા નહીં તેમના શિષ્યા રત્ના વિદુષી સાધ્વીજી આરતીબાઈ સ્વામી તથા સુબોધિકાબાઈ સ્વામી, જેઓએ આ શાસ્ત્રનું સંપાદન કર્યુ છે. તે બધાં વિશેષ રૂપે ધન્યતાને પાત્ર છે. પરંતુ સમયનો કેવો ઉપકાર ! કે ઘણા આમુખ લખ્યા પરંતુ આ આમુખ લખતી વખતે જેમને અમે ધન્યતા સાથે આર્શીવાદ આપવા માંગીએ છીએ તે દિવ્યમૂર્તિ સતીજીઓ આજે અમારી સામે જ ઉપસ્થિત છે અને નમ્રભાવે આરાધના કરી રહ્યા છે. આ આમુખ લખાવતાં રોમ – રોમ હર્ષનો ઉદ્‌ભવ થઈ રહ્યો છે અને સૂક્ષ્મ વિષયો સંબંધી જે કાંઈ ઝરણું પ્રવાહિત થાય છે તેમાં પણ તેઓ ઉપકારી હોય, તેવો મનમાં આહ્‌લાદભાવ જન્મે છે. સમવાય સૂત્રનો આટલો ટૂંકો આમુખ લખી અભ્યાસીને વધારે ઊંડાઈમાં ન લઈ જતા તેને સ્વયં તેમાં ડૂબકી મારી શાસ્ત્રરૂપી આ રત્નાકરમાંથી રત્નો મેળવવા પ્રેરણા આપીએ છીએ.

**- જયંતમુનિ**

**પેટરબાર.**

# સંપાદકીય

## અપૂર્વ શ્રુતઆરાધક બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

આત્માના સદ્‌ગુણો પ્રગટ થાય છે, અનુભવાય છે, પરંતુ તે અનિર્વચનીય હોય છે. એક વ્યક્તિ જ્યારે રોપાને રોપે છે અને માવજત કરે છે, ત્યારે તે વૃક્ષ ફૂલ્યું ફાલ્યું બનીને માલિકને ફળ, ફૂલ વગેરેથી પૂર્ણ સંતોષ આપે છે.

તેવી જ રીતે ગુરુદેવના વિશાળ પરિવારે શ્રમણી વિદ્યાપીઠ મુંબઈમાં અભ્યાસ કરી, સિદ્ધાંતોનું વર્ગીકરણ કરી, પોતાની શક્તિ અનુસાર યોગદાન આપી, સિદ્ધાંતોનો ગુજરાતી અનુવાદ કરી, એક ઉદાહરણ પૂરું પાડી મારા આત્માને સંતોષ અર્પણ કર્યો છે. કયા શબ્દોથી વર્ણન કરું ? મારા ગુરુવર્યને યાદ કરું છું અને આંખો અશ્રુથી ઊભરાઈ જાય છે, કંઠ ગદ્‌ગદિત થઈ જાય છે. આજે સાવરકુંડલામાં ચાતુર્માસ રહી છું ત્યારે ભૂતકાળમાં સરી જવાય છે. હજારો કિરણોથી પ્રકાશતો સૂર્ય જ્યારે ઉદિત થાય છે ત્યારે કોઈને ખીલવાનું કે ખુલવાનું કહેવું પડતું નથી. સહેજે દરેકની આંખો, પાંખડીઓ, વનરાઈઓ, ખીલી–ખુલી ઊઠે છે. તેમ ગુરુ શ્રી પ્રાણ જ્યારે નેહભર્યા, નૂરભર્યા નેત્રોથી અને વિવેકપ્રજ્ઞાપૂર્વકના જ્ઞાનમાં પરિણત કરીને વીતરાગવાણીની વાચના આપતાં એક શબ્દના અનેક અર્થ કરતા ત્યારે હૃદય ખીલીને ખુલી ઊઠતું.

ગુરુદેવ કહેતા કે આ સિદ્ધાંતોનો ગુજરાતી અનુવાદ થાય તો સમાજને ઘણા ઊપકારનું નિમિત્ત કારણ થાય. આજે તે સ્વપ્ન સાકાર થતાં હૃદય આનંદથી ભરાઈ જાય છે, મસ્તક ઝૂકી જાય છે.

અહો ગુરુપ્રાણ ! આપના વદન કમળમાંથી નીકળેલાં વચનો, વાચનાઓનો યત્‌કિંચિત પુરુષાર્થ કરીને સમાજ સમક્ષ મૂકતાં આહ્‌લાદ અનુભવીએ છીએ.

પ્રિય પાઠક ! આજે આપના હાથમાં અમો 'સમવાયાંગ' સૂત્રનો ગુજરાતી અનુવાદ પુસ્તકરૂપે પ્રગટ કરી રહ્યા છીએ. સમવાયાંગ સૂત્ર એક સાગર છે. તેમાં જગતના જેટલા શબ્દ, નય, નિક્ષેપાદિ જે જે વક્તવ્યરૂપ નદીઓ છે, તે તેમાં મળી જાય છે. સમવાયનો

અર્થ છે સમ + અવાય. સમ = સાથે, એક સાથે, અવાય = નિર્ણય–નિશ્ચય, એક સાથે સંપૂર્ણ લોકાલોકની વસ્તુનો નિશ્ચય કરી શકાય, વર્ગીકરણ કરી શકાય તેનું નામ સમવાય. સ = સમ્યગ્બોધને, મ = મનન કરીને, વા = વાણીમાં, ય = યતિધર્મરૂપ યમમાં જોડી આત્માના અસંખ્યાત પ્રદેશમાં રહેલા અનંત ગુણાત્મક ધર્મને પામી શકાય. વિષમ ભાવોનો સમન્વય કરી, જીવના સમતા ધર્મમાં લીન થઈ, રમણતા કરી ઊર્ધ્વગામી બની, જીવ–અજીવના જ્ઞાયક બની, સાચા સુખના સ્વાદનું વેદન કરી, શુદ્ધ ચૈતન્ય સિદ્ધ બની જવાય તેનું નામ છે, સમવાય.

પ્રસ્તુત સૂત્ર ગણિત સંખ્યારૂપે એકથી લઈને કોટાનુકોટીમાં અનંતના ભાંગા તરફ લઈ જાય છે. એક આત્માનું વર્ણન કરતાં આત્મા કેટલા પ્રપંચમાં પડી, કર્મમય બની પરિભ્રમણ કરી રહ્યો છે, તેનું દીવ્યત્વ બતાવી વેદ, સંજ્ઞા, કષાય, આર્ત, રૌદ્રધ્યાન વગેરે બતાવતાં છેવટમાં કર્મરહિત કેવી રીતે બનાય, તે માટે પંચાચાર, સમિતિ, ગુપ્તિનું વર્ણન કરી સિદ્ધદશા સુધી પહોંચાડી દે છે, આવું સુંદર આ પ્રસ્તુત સૂત્ર છે.

આપ્તવાણીના શ્રુતદેવતા ગણધર પરમાત્માથી લઈને ગણિવરો, આચાર્યો, ઋષિ, મહર્ષિઓએ આ સરવાણી ચાલુ રાખી કર્ણ, ઉપકર્ણ આપતાં આપતાં લિપિમય બનતાં આજે કોમ્પ્યુટરના જમાનામાં ઓફસેટ પ્રિન્ટીંગ સુધીમાં પડીને આપ્તવાણીને સજીવ રાખવાના પ્રયત્નો સફળ કરી ચૂક્યા છે. ધન્ય હો ! તે ઋષિ પુંગવોને. અમોએ તો તૈયાર વસ્તુને ખાલી પત્રાકારમાં ગોઠવવાનો સામાન્ય પુરુષાર્થ કર્યો છે. આ સૂત્રનો અનુવાદ કરવાનો યશસ્વી ફાળો મારી સુશિષ્યા વિદુષી, ઉગ્ર દીર્ઘ તપસ્વિની સાધ્વી વનિતાના શિરે જાય છે. તેમણે અથાગ પરિશ્રમ કરીને આ ગુજરાતી લિપિમાં લખ્યું છે.

અમારા પરમ ઉપકારી વાણીભૂષણ પૂ. ગિરીશચંદ્રજી ગુરુદેવ, જેઓએ પુરુષાર્થ કરી ત્રણ લોકની અમૂલ નિધિ સમા ગીતાર્થ આગમ મનીષી ત્રિલોકમુનિજીને અહીં લાવી ઉપસ્થિત કર્યા છે. તેઓએ તે લખેલા આગમોને આભૂષણો પહેરાવી શ્રૃંગારિત કરી સુસજ્જિત કર્યા છે. આ કાર્ય વેગવંતુ બનાવી સુસ્વચ્છ અને સુઘડ બનાવ્યું છે. ધન્ય હો ! ગુરુદેવ ત્રિલોકમુનિ ! અમારું કામ આપે નિષ્કામ સ્વાધ્યાયપ્રેમી બનીને સફળ કર્યું. હું અનેકશઃ ધન્યવાદ આપી મસ્તક ઝૂકાવીને નમસ્કાર કરું છું તથા ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકાને સંપાદન સહયોગ આપવા માટે અભિનંદન આપું છું. અમારા ગુરુકુળની કલગી સમા, કૃશ શરીરી સાધ્વી વનિતાશ્રીનું અભિવાદન કરું છું.

તેનો સત્ય પુરુષાર્થ તપ અને સંયમ દ્વારા કર્મ નિર્જરાનું કારણ બને તે પણ સમવાય બની કર્મક્ષય કરી મોક્ષાર્થી બને તેવા આશીર્વાદ આપું છું.

ધાર્યું ન હોય અને અકસ્માત આ બધું બને તે ખરેખર આશ્ચર્ય લાગે પણ તેવું નથી આ પણ એક સમવાય છે. સમવાય પાંચ છે. સ્વભાવ, પુરુષાર્થ, કાળ, કર્મ અને નિયતિ. આત્મામાં સ્વભાવ ઉપડયો અને ગુરુદેવની જન્મશતાબ્દી વર્ષમાં જ આગમ પ્રસિદ્ધ કરીએ એવો પુરુષાર્થ તુર્ત જ શરૂ કર્યો. કાળબળ રોયલપાર્કમાં પૂ. ગુરુદેવની આજ્ઞા, પ્રકાશન સમિતિ, શાસ્ત્ર વિતરણ, પુરુષાર્થ વડે લખવાની સક્રિયતા અને સર્વના ઉત્સાહનું સત્કર્મ ઉદ્ભવ્યું અને આજે નિયતિરૂપ ભવ્ય કાર્ય સિદ્ધ થવા લાગ્યું. આ પણ એક સમવાય જ છે. આ સિદ્ધાંતોનું જે લોકો પઠન કરશે તેઓના જીવનમાં વિષમવાદ નાશ પામી સમવાદનો સંવાદ સર્જાશે.

આ તકે શરીરની કાંતિ અને શકિતને સાચવનાર પ્રોફેસર સાહેબ શ્રી કાંતિભાઈ દવે, મુકુલીકરણ કરી ઓતપ્રોત બની જનારા શ્રી મુકુન્દભાઈ શ્રમણોપાસક, ઉજ્જવળ ભાવોને પ્રેષિત કરતાં શ્રી ચંદ્રકાંતભાઈ વગેરે પ્રકાશન સમિતિના સુસભ્યો તથા આવું સુંદર કાર્ય કરી આપનાર નેહભર્યા ભક્તિભાવવાળા નેહલભાઈ બધાનું અભિવાદન કરું છું. ધન્ય હો આ ધરતી ! યાવત્ ચંદ્ર દિવાકરૌ આપ્તવાણી બની સર્વનું કલ્યાણ કરે. શુભંભવતુ.

આગમ અવગાહનમાં કંઈ ઓછું–અધિક લખાયું હોય, કોઈપણ ભૂલ રહી જવા પામી હોય, તો વીતરાગ આત્મા પંચપરમેષ્ઠીની સાક્ષીએ 'મિચ્છામિ દુક્કડં"

**બોધીબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ" તણા તારક થયા,**
**એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાત"ને વંદન કરું ભાવભર્યા;**
**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગું પુનઃ ક્ષમાપના,**
**મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.**

**–સાધ્વી લીલમ**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

શ્રી ઠાણાંગસૂત્ર અને સમવાયંગસૂત્ર જૈનતત્ત્વજ્ઞાનના કોષ સમાન છે. જૈનતત્ત્વજ્ઞાનના પ્રાયઃ વિષયોનો તેમાં સમાવેશ થાય છે. તે ઉપરાંત કેટલીક ઐતિહાસિક ઘટનાઓ, ભૌગોલિક પરિસ્થિતિઓ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષ્ક ચક્ર, વગેરે વિષયો પર વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે.

સંપૂર્ણ આગમમાં નાના નાના સૂત્રો જ સંગ્રહિત છે. તે ઉપરાંત સંખ્યાની દ્રષ્ટિએ વિષયોનું સંકલન હોવાથી વિષયમાં કોઇ ક્રમ નથી તેથી શબ્દિક રીતે સરળ પ્રતિત થતાં આ આગમના ભાવોને પૂર્ણપણે ઉદ્‌ઘાટિત કરવા, તે ઊંડાણ ભરેલું કાર્ય બની જાય છે.

કેવળ સૂત્રો અને અર્થ વાંચવા માત્રથી પાઠકોને સંતોષ થતો નથી પરંતુ તે તે વિષયોની અપેક્ષા, તે વિષયોના આનુષંગિક વિષયોની જાણકારી સાથે વિષયનું સ્પષ્ટીકરણ મળે, ત્યારે જ પાઠકો આગમના ભાવોને પામી શકે છે. આ આગમના સંપાદનમાં અમોએ તે લક્ષ્ય પૂર્ણ કરવાનો પુરુષાર્થ કર્યો છે. આ સમયે એમોને અન્ય આગમોનું કરેલું સંપાદન ઘણું ઉપયોગી થયું છે.

ચોથા સમવાયમાં ધ્યાનના ચાર પ્રકારના નામ માત્રનું કથન છે. ધ્યાન, સાધક જીવનની પુષ્ટિ માટે ઔષધિ સમાન છે. તેની વિસ્તૃત જાણકારી, પ્રશસ્ત- અપ્રશસ્ત ધ્યાનની સમજણ ઔપપાતિક સૂત્ર તથા અન્ય ગ્રંથોના આધારે આપી છે. તે જ રીતે ચૌદમા સમવાયમાં ચૌદ ગુણસ્થાનોના નામ છે. ગુણસ્થાનનું સ્વરૂપ અન્ય આગમોમાં પણ નથી. તેમ છતાં સાધકોને આત્મનિરિક્ષણમાં પોતાની વાસ્તવિક પરિસ્થિતિને જાણવા માટે તેનું જ્ઞાન જરૂરી છે. આ પ્રકારના આધ્યાત્મિક વિષયોની ઉપયોગિતા સ્વીકારીને તે

વિષયોનું વિસ્તૃત વિવેચન ગ્રંથોના આધારે આપ્યું છે.

પચ્ચીસમા સમવાયમાં પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાનું નિરૂપણ છે. આચારાંગ સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પણ ૨૫ ભાવનાનું કથન છે પરંતુ તેના નામ અને ક્રમમાં ભિન્નતા પ્રતિત થાય છે. પ્રસ્તુત સંસ્કરણમાં ૨૫ ભાવનાનું કથન ત્રણે આગમોની અપેક્ષાએ કોષ્ટકરૂપે આપ્યું છે. જેથી પાઠકો સહજ રીતે તુલનાત્મક અધ્યયયન કરી શકે છે. તે જ રીતે બ્રહ્મચર્યની નવ ગુપ્તિનું કથન પણ ઉત્તરાધ્યયન સૂત્ર, ઠાણાંગ સૂત્ર અને સમવાયાંગ સૂત્રના આધારે કોષ્ટકરૂપે આપ્યું છે.

અનેક સમવાયમાં જંબૂદ્વીપ આદિ દ્વીપ, સમુદ્રો, પર્વત, નદી, આદિ સ્થાનોની સંખ્યા તથા તેના પ્રમાણોનું નિરૂપણ છે. તેનું સ્પષ્ટીકરણ જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્તિ સૂત્ર તથા જીવાજીવાભિગમ સૂત્રના સંદર્ભથી કર્યુ છે.

બારમાં સમવાય સૂત્ર ૪ માં वेइया मूले दुवासल जोयणाइं विक्खंभेणं पण्णत्ता । વેદિકા મૂળમાં બાર યોજન પહોળી છે, તેવો સૂત્રપાઠ છે પરંતુ જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્તિ સૂત્ર વક્ષસ્કાર - ૧ પ્રમાણે જગતી મૂળમાં ૧૨ યોજન પહોળી છે તેથી जगइ પાઠને સ્વીકૃત કરી वेइया પાઠને કૌંસમાં રાખ્યો છે.

ઓગણયાએંસીમા સમવાયમાં છઠ્ઠી નરકના મધ્યભાગથી છઠ્ઠા ઘનોદધિના નીચેના તલનું અંતર ઓગણયાએંસી હજાર યોજનનું કહ્યું છે પણ, જીવાજીવાભિગમ સૂત્રાનુસાર પાંચમી નરકના મધ્યભાગથી પાંચમા ઘનોદધિના નીચેના તલનું અંતર ૭૯૦૦૦ યોજન થાય છે માટે पंचमीए પાઠને માન્ય રાખી छठ्ठीए સૂત્ર પાઠને કૌંસમાં મૂક્યો છે .

ચોર્યાંસીમા સમવાયમાં हरिवास-रम्मय वासियाणं जीवाणं धनुपिट्ठा चउरासीइं जोयणसहस्साइं सोलस जोयणाइं चत्तारि य भाग जोयणस्स परिक्खेवेणं पणणता । પાઠ છે. હરિવર્ષ - રમ્યકવર્ષની જીવાના ધનુપૃષ્ઠની પરિધિ ૮૪૦૦૦ યોજન અને યોજનના ચારભાગની છે... જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર ૮૪૦૦૦ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી ચાર ભાગ પ્રમાણે તે પ્રસિદ્ધ છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રાનુસાર અહીં एगूणवीसइभाए સૂત્રપાઠનો કૌંસમાં સ્વીકાર કર્યો છે. આ સૂત્રપાઠોનું વિશેષ સ્પષ્ટીકરણ

વિવેચનમાં કર્યુ છે.

નવમાં સમવાયમાં ચંદ્ર સાથે ઉત્તર દિશાથી યોગ કરનારા અભિજિત વગેરે નવ નક્ષત્રોનું કથન કર્યું છે. ચંદ્ર – સૂર્ય પ્રજ્ઞાપ્તિ સૂત્રમાં જે णं सया चंदस्स उत्तरेणं जोणणति तेणं बारस... આ પ્રકારનો પાઠ છે. વિવેચનમાં તેનો સમન્વય કરતાં જણાવ્યું છે કે અભિજિતથી સ્વાતિ પર્યંતના બાર નક્ષત્રો ચંદ્ર સાથે ઉત્તર દિશાથી યોગ કરે છે પરંતુ નવમું સમવાય હોવાથી પ્રસ્તુતમાં સૂત્રકારે નવ નક્ષત્રોનું કથન કર્યુ છે.

આ રીતે દરેક સૂત્રને સમજાવવા માટે યથાશક્ય પ્રયત્ન કર્યો છે.

અનંત ઉપકારી પૂ. શ્રી તપસ્વી ગુરુદેવની અસીમ કૃપા, અપૂર્વ શ્રુત આરાધક ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ., વિરલપ્રભા પૂ. વીરમતિબાઈ મ.ના પાવન સાંનિધ્યમાં કરેલો શાસ્ત્ર સ્વાધ્યાય અમારા કાર્યનું પ્રેરક બળ બની ગયું છે.

સફળતાના આ સોનેરી અવસરે ઉપકારીઓના ઉપકારનો હૃદયથી સ્વીકાર કરીને તેઓશ્રીના શ્રી ચરણોમાં ભાવવંદન કરીએ છીએ.

અંતે શ્રી સમવાયાંગસૂત્રનું સંપાદન આત્મસાધનામાં કાર્યશીલ પાંચ સમવાયમાંથી પુરુષાર્થ સમવાયને બલવત્તર બનાવે, અન્ય ચાર સમવાયની ખૂટતી કડી પૂર્ણ થાય અને સાધના પ્રગતિશીલ બને એ જ ભાવના પ્રગટ કરી વિરામ પામીએ છીએ.

આગમ સંપાદનમાં જિનાજ્ઞાથી ઓછી, અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના...

સદા ઋણી માત–તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત–તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ–ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– મુક્તલીલમ શિશુ સાધ્વી વનિતાબાઈ મ.

વિશ્વના જે દાર્શનિકો, દષ્ટાઓ, ચિંતકોએ " આત્મસત્તા " ઉપર ચિંતન કરેલ છે અથવા આત્મ સાક્ષાત્કાર કરેલ છે તેઓએ પર હિતાર્થે આત્મવિકાસનાં સાધનો તથા પદ્ધતિઓ પર પણ પર્યાપ્ત ચિંતન મનન કરેલ છે. આત્મા તથા તત્ત્વ સંબંધિત તેનું ચિંતન–પ્રવચન આજ આગમ / પિટક / વેદ / ઉપનિષદ આદિ વિવિધ નામોથી વિશ્રુત છે.

જૈન દર્શનની ધારણા છે કે આત્માના વિકારો, રાગ, દ્વેષ આદિને સાધનાના દ્વારા દૂર કરી શકાય છે અને વિકાર જ્યારે પૂર્ણતઃ નિરસ્ત થઈ જાય છે ત્યારે આત્માની શક્તિરૂપે જ્ઞાન, સુખ, વીર્ય આદિ સંપૂર્ણ રૂપમાં ઉદ્‌ઘાટિત થઈ જાય છે. શક્તિઓનો સંપૂર્ણ વિકાસ જ સર્વજ્ઞતા છે અને સર્વજ્ઞ આપ્ત પુરુષની વાણી, વચન, કથન, પ્રરૂપણા, "આગમ" ના નામથી અભિહિત હોય છે. આગમ અર્થાત્ તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન તથા આચાર વ્યવહારનો સમ્યક્ પરિબોધ દેનાર શાસ્ત્ર/સૂત્ર/આપ્તવચન.

સામાન્યતઃ સર્વજ્ઞનાં વચનો/વાણીનું સંકલન કરવામાં આવતું નથી. તે તો વિખરાયેલાં પુષ્પોની સમાન હોય છે, વિશિષ્ટ અતિશય સંપન્ન સર્વજ્ઞ પુરુષ જે ધર્મતીર્થનું પ્રવર્તન કરે છે, સંઘીય જીવન પદ્ધતિમાં ધર્મ સાધનાને સ્થાપિત કરે છે તે ધર્મ પ્રવર્તક અરિહંત અથવા તીર્થંકર કહેવાય છે. તીર્થંકર દેવની જનકલ્યાણકારિણી વાણીને તેઓના અતિશય સંપન્ન વિદ્વાન શિષ્ય, ગણધર સંકલિત કરીને " આગમ " અથવા શાસ્ત્રનું રૂપ આપી દે છે અર્થાત્ જિન વચનરૂપ સુમનો માળાના રૂપમાં ગુંથાઈ જાય છે ત્યારે તે "આગમ"નું રૂપ ધારણ કરે છે. તે આગમ અર્થાત્ જિન પ્રવચન એ જ આપણાં સહુના માટે આત્મ વિદ્યા અથવા મોક્ષ વિદ્યાનો મૂળ સ્રોત છે.

"આગમ" પ્રાચીનતમ સમયમાં "ગણિપિટક" કહેવાતું હતું. અરિહંતોના પ્રવચનરૂપ સમગ્ર શાસ્ત્ર દ્વાદશાંગમાં સમાહિત હોય છે. દ્વાદશાંગનાં આચારાંગ, સૂયગડાંગ આદિ અંગ, ઉપાંગ આદિ અનેક ભેદોપભેદ વિકસિત થયા છે. આ દ્વાદશાંગીનું અધ્યયન પ્રત્યેક મુમુક્ષુને માટે આવશ્યક અને ઉપાદેય માનેલ છે. દ્વાદશાંગીમાં પણ

બારમું અંગ વિશાળ અને સમગ્ર શ્રુત જ્ઞાનનો ભંડાર છે, તેનું અધ્યયન ઘણી જ વિશિષ્ટ પ્રતિભા સંપન્ન શ્રુત સંપન્ન સાધક કરી શકે છે. માટે સામાન્યતઃ અગિયાર અંગનું અધ્યયન સાધકોએ કરવાનું રહ્યું તેથી તેના તરફ બધાની ગતિ, મતિ રહી છે.

જ્યારે લખવાની પરંપરા ન હતી, લખવાનાં સાધનોનો વિકાસ પણ ઓછો હતો ત્યારે આગમોને સ્મૃતિના આધાર પર અથવા ગુરુ પરંપરાથી કંઠસ્થ કરીને સુરક્ષિત રાખવામાં આવતાં હતાં. એટલા માટે જ આગમ જ્ઞાનને શ્રુતજ્ઞાન કહેવામાં આવ્યું છે. ભગવાન મહાવીરના નિર્વાણના એક હજાર વર્ષ સુધી આગમોનું જ્ઞાન સ્મૃતિ શ્રુતિ પરંપરા પર જ આધારિત રહ્યું. ત્યાર પછી સ્મૃતિ દૌર્બલ્યથી ભુલાઈ જવાના કારણે અને ગુરુ પરંપરાનો વિચ્છેદ આદિ અનેક કારણોથી ધીરે ધીરે આગમ જ્ઞાન લુપ્ત થવા લાગ્યું. મહાસરોવરનું પાણી સુકાતાં સુકાતાં ગોષ્પદ(ખાબોચિયું) માત્ર રહી ગયું. મુમુક્ષુ શ્રમણોને માટે જ્યાં આ ચિંતાનો વિષય હતો, ત્યાં ચિંતનની તત્પરતા તેમજ જાગરુકતાને પડકાર પણ હતો. તેઓ તત્પર થયા. શ્રુતજ્ઞાન નિધિના સંરક્ષણ હેતુથી મહાન શ્રુતપારગામી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે ત્યારે વિદ્વાન શ્રમણોનું એક સમ્મેલન બોલાવ્યું અને સ્મૃતિ દોષથી ભુલાઈ રહેલાં આગમ જ્ઞાનને સુરક્ષિત રાખવાનું આહ્‌વાન કર્યું. સર્વ સમ્મતિથી આગમોને લિપિબદ્ધ કરાયાં. જિનવાણીને પુસ્તકારૂઢ કરવાનું આ ઐતિહાસિક કાર્ય વસ્તુતઃ આજની સમગ્ર જ્ઞાન પિપાસુ પ્રજાને માટે એક અવર્ણનીય ઉપકાર સિદ્ધ થયો. સંસ્કૃતિ, દર્શન, ધર્મ તથા આત્મ વિજ્ઞાનની પ્રાચીનતમ જ્ઞાનધારાને પ્રવાહમાન રાખવાનો આ ઉપક્રમ વીર નિર્વાણના ૯૮૦ થી ૯૯૩ વર્ષ સુધીમાં પ્રાચીન નગરી વલભી(સૌરાષ્ટ્ર)માં આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વમાં સંપન્ન થયો. જો કે આગમોની વાચના તેના પહેલાં પણ થઈ હતી પરંતુ લિપિબદ્ધ કરવાનો તેમનો આ પ્રથમ પ્રયાસ હતો. આજે પ્રાપ્ત જૈન સૂત્રોની મૌખિક પરંપરાનું અંતિમ સંસ્કરણ આ વાચનામાં સંપન્ન થયું હતું.

પુસ્તકારૂઢ થયા પછી આગમોનું સ્વરૂપ મૂળરૂપમાં તો સુરક્ષિત થઈ ગયું છે, પરંતુ કાલદોષ, શ્રમણ–સંઘોના આંતરિક મતભેદો, પ્રમાદ તેમજ ભારત ભૂમિ પર બહારના વિદેશીઓનાં આક્રમણોનાં કારણે વિપુલ જ્ઞાનભંડારોનો નાશ વગેરે અનેકાનેક કારણોથી આગમ જ્ઞાનની વિપુલ સંપત્તિ, અર્થબોધની સમ્યક્ ગુરુ પંરપરા ધીરે ધીરે ક્ષીણ અને વિલુપ્ત–નાશ થવાથી, જળવાઈ નહીં. આગમોનાં અનેક મહત્વપૂર્ણ પદ, સંદર્ભ તથા તેના ગૂઢાર્થનું જ્ઞાન, છિન્ન–વિછિન્ન થતું ચાલ્યું ગયું. પરિપક્વ ભાષાજ્ઞાનના અભાવમાં જે આગમ હાથથી લખાતાં હતાં, તે પણ શુદ્ધ પાઠવાળાં ન હતા. તેના સમ્યક્

અર્થનું જ્ઞાન દેવાવાળા પણ ભાગ્યે જ મળતાં. આ રીતે અનેક કારણોથી આગમની પાવનધારા સંકુચિત થઈ ગઈ.

વિક્રમ સંવતની સોળમી શતાબ્દીમાં વીર લોકાશાહે આ દિશામાં ક્રાન્તિકારી પ્રયત્ન કર્યો. આગમોનાં શુદ્ધ અને યથાર્થ અર્થજ્ઞાનને નિરૂપિત કરવા એક સાહસિક ઉપક્રમ ફરીથી ચાલુ થયો પરંતુ થોડા સમય પછી તેમાં પણ સાંપ્રદાયિક વિદ્વેષથી વ્યવધાન ઉપસ્થિત થવા લાગ્યાં. સૈદ્ધાંતિક વિગ્રહ તથા લિપિકારોનું અત્યંત ઓછાં જ્ઞાનને કારણે આગમોની અનુપલબ્ધિના કારણે સમ્યક્ અર્થબોધ પામવામાં ઘણું મોટું વિઘ્ન આવ્યું.

ઓગણીસમી શતાબ્દીના પ્રથમ ચરણમાં જ્યારે આગમ મુદ્રણની પરંપરા ચાલી ત્યારથી પાઠકોને કંઈક સુવિધા પ્રાપ્ત થઈ. ધીરે ધીરે વિદ્વાનોના પ્રયાસોથી આગમોની પ્રાચીન નિર્યુક્તિઓ, ભાષ્ય, ચૂર્ણિઓ, ટીકાઓ વગેરે પ્રકાશમાં આવ્યાં અને તેના આધાર પર આગમોના સ્પષ્ટ–સુગમ ભાવબોધ સરળ ભાષામાં પ્રકાશિત થયા. આજે પહેલાં કરતાં કંઈક અધિક આગમ–સ્વાધ્યાયની પ્રવૃત્તિ વધી છે. જનતામાં આગમો પ્રત્યેનું આકર્ષણ તથા રુચિ જાગૃત થઈ રહી છે. આ રુચિ જાગરણમાં અનેક વિદેશી આગમજ્ઞ વિદ્વાનો તથા ભારતીય જૈનેતર વિદ્વાનોના આગમ શ્રુત સેવાનો પણ પ્રભાવ છે. તેથી આપણે વિશેષ ગૌરવ અનુભવીએ છીએ. જે કંઈ પણ આજે ઉપલબ્ધ શાસ્ત્રો છે તેમાં જ શ્રદ્ધાથી સંતોષ માની આત્મ વિકાસ કરવાનો છે. એ જ શ્રેય છે. શ્રદ્ધાનું સૂત્ર આ પ્રકારે છે– **"तमेव सच्चं णीसंकं जं जिणेहि पवेइए।"** –*[આચારાંગ સૂત્ર]*

## પ્રસ્તુત સૂત્રનો નામ બોધ :–

શ્રમણ ભગવાન મહાવીરની વિમલ વાણીનું સંકલન સર્વપ્રથમ તેમના પ્રધાન શિષ્ય ગણધરોએ કર્યું. તે સંકલન અંગ સૂત્રોનાં રૂપમાં વિશ્રુત છે. અંગ બાર છે. વર્તમાન સમયમાં બારમું અંગ દૃષ્ટિવાદ ઉપલબ્ધ નથી. બાકીનાં અગિયાર અંગોમાં સમવાયાંગનું સ્થાન ચોથું છે. આગમ સાહિત્યમાં તેમનું અનોખું સ્થાન છે. જીવ વિજ્ઞાન, સૃષ્ટિ વિદ્યા, અધ્યાત્મ વિદ્યા, તત્ત્વ વિદ્યા, ઈતિહાસનાં મહત્ત્વપૂર્ણ તથ્યોનો આ અનુપમ કોષ છે. આચાર્ય અભયદેવે લખ્યું છે– પ્રસ્તુત આગમમાં જીવ–અજીવ, પ્રભૃતિ પદાર્થોનો પરિચ્છેદ અથવા સમવતાર છે. તેથી આ આગમનું નામ સમવાય અથવા સમવાઓ

છે. સિદ્ધાંત ચક્રવર્તી આચાર્ય નેમિચંદ્રજીએ લખેલ છે કે તેમાં જીવ આદિ પદાર્થોનું સાદશ્ય સામાન્યથી નિર્ણય લેવામાં આવેલ છે. તેથી તેનું નામ "સમવાય" છે.

**વિષય વસ્તુ :–** નંદીસૂત્રમાં સમવાયાંગની વિષય સૂચી છે, તે આ પ્રમાણે છે.

(૧) જીવ–અજીવ, લોક–અલોક તેમજ સ્વસમય પરસમયનો સમવતાર

(૨) એકથી લઈને સો સંખ્યા સુધીનો વિકાસ છે.

(૩) દ્વાદશાંગ ગણિપિટકનો પરિચય.

પ્રસ્તુત આગમમાં સમવાયાંગ સૂત્રની વિષય સૂચી પણ આપેલ છે. તે આ પ્રમાણે છે–

(૧) જીવ–અજીવ, લોક–અલોક, સ્વ સમય અને પરસમયનું સમવતાર છે.

(૨) એકથી સો સંખ્યા સુધીના વિષયોના વિકાસ.

(૩) દ્વાદશાંગી ગણિપિટકનું વર્ણન (૪) આહાર (૫) ઉચ્છ્‌વાસ (૬) લેશ્યા (૭) આવાસ (૮) ઉપપાત (૯) ચ્યવન (૧૦) અવગાહ (૧૧) વેદના (૧૨) વિધાન (૧૩) ઉપયોગ (૧૪) યોગ (૧૫) ઈન્દ્રિય (૧૬) કષાય (૧૭) યોનિ (૧૮) કુલકર (૧૯) તીર્થંકર (૨૦) ગણધર (૨૧) ચક્રવર્તી (૨૨) બલદેવ–વાસુદેવ.

આચાર્ય દેવવાચકનું સમવાયાંગ અને આ પ્રસ્તુત આગમ આમ બંનેની આપેલ વિષય સૂચીઓનું ઊંડાણથી અધ્યયન કરવા પર આ સ્પષ્ટ પરિજ્ઞાત–જાણપણું થાય છે કે નંદીસૂત્રમાં જે આગમ વિષયોની સૂચી આવેલ છે તે ખૂબ જ સંક્ષિપ્ત છે અને સમવાયાંગમાં જે વિષય સૂચી છે તે ઘણી જ વિસ્તૃત છે. નંદી અને સમવાયાંગમાં સો સુધી એકથી એક વધતી જતી વૃદ્ધિ થાય છે, એવું સ્પષ્ટ સંકેતથી કહેલ છે. પરંતુ તેમાં અનેકોત્તરિકા વૃદ્ધિનો નિર્દેશ કરેલ નથી. નંદીચૂર્ણિમાં જિનદાસગણિ મહત્તરે, નંદી હરિભદ્રીયા વૃત્તિમાં આચાર્ય હરિભદ્રે અને નંદીની વૃત્તિમાં આચાર્ય મલયગિરિએ અનેકોત્તરિકા વૃદ્ધિનો કોઈ પણ સંકેત કરેલ નથી. આચાર્ય અભયદેવે સમવાયાંગ વૃત્તિમાં અનેકોત્તરિકા વૃદ્ધિનો ઉલ્લેખ કરેલ છે. આચાર્ય અભયદેવના મત અનુસાર સો સુધી એકોત્તરિકા વૃદ્ધિ હોય છે અને તેના પછી અનેકોત્તરિકા વૃદ્ધિ હોય છે. વિદ્વાનોનો એવો અભિમત છે કે વૃત્તિકારના સમવાયાંગના વિવરણના આધાર પર આ ઉલ્લેખ કરેલ

નથી તો પણ સમવાયાંગમાં જે પાઠ પ્રાપ્ત છે તેના આધાર પર તેઓએ આ વર્ણન કરેલ છે.

આ સહજ જિજ્ઞાસા થઈ શકે છે કે નંદી સૂત્રમાં સમવાયાંગનો જે પરિચય આપેલ છે. શું તે પરિચયથી વર્તમાનમાં સમુપલબ્ધ સમવાયાંગ પૃથક–અલગ છે ? અથવા વર્તમાનમાં જે સમવાયાંગ છે તે દેવર્દ્ધિગણિની વાચનાનું નથી ? જો હોય તો બન્ને વિવરણોમાં અંતર(તફાવત) કેમ છે ? સમાધાન એ છે કે નંદીમાં સમવાયાંગનું જે વિવરણ છે તેમાં છેલ્લું વર્ણન દ્વાદશાંગીનું છે. પરંતુ વર્તમાનમાં જે સમવાયાંગ છે તેમાં દ્વાદશાંગીથી આગળ અનેક વિષયોનું પ્રતિપાદન કરેલ છે. તેથી આ અનુમાન થઈ શકે છે કે નંદી સૂત્રની રચના પછી સમવાયાંગ સૂત્રના તે વિષયોનું સંપાદન થયેલ છે.

સમવાયાંગના પરિવર્ધિત આકારને લઈને કેટલાક બુદ્ધિશાળીઓએ બે અનુમાન કરેલ છે. એ બન્ને અનુમાન કેટલે સુધી સત્ય–તથ્ય પર આધારિત છે તે નિશ્ચિત રૂપથી ન કહી શકાય. મારી દૃષ્ટિથી જો સમવાયાંગ અલગ વાચનાનું હોત તો આ સંબંધમાં પ્રાચીન સાહિત્યમાં ક્યાંક ને ક્યાંક કંઈક અનુશ્રુતિઓ અવશ્ય પ્રાપ્ત થાત. પરંતુ સમવાયાંગના સંબંધમાં ક્યાંય પણ અનુશ્રુતિ મળતી નથી. ઉદાહરણના રૂપમાં જ્યોતિષકરંડ ગ્રંથ માથુરી વાચનાનો છે, પરંતુ સમવાયાંગના સંબંધમાં એવું કંઈ પણ નથી. તેથી જાણકારોનું પ્રથમ અનુમાન માત્ર અનુમાન જ છે, તેની પાછળ વાસ્તવિકતાનો અભાવ છે. બીજા અનુમાનના સંબંધમાં પણ આ નમ્ર નિવેદન છે કે ભગવતી સૂત્રમાં કુલકરો અને તીર્થંકરો આદિના પૂર્ણ વિવરણના સંબંધમાં સમવાયાંગના અંતિમ ભાગમાં અવલોકન કરવાનો સંકેત કરેલ છે. એવી રીતે સ્થાનાંગમાં પણ બલદેવ અને વાસુદેવના પૂર્ણ વિવરણ માટે સમવાયાંગના અંતિમ ભાગનું અવલોકન કરવા માટે સૂચન કરેલ છે. આ વિચાર ચર્ચાથી એ સ્પષ્ટ છે કે સમવાયાંગમાં જે પરિશિષ્ટ વિભાગ છે તે વિભાગ દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણે સમવાયાંગમાં જોડેલ છે અને ભગવતી વગેરે બધાં શાસ્ત્રોમાં સંક્ષિપ્ત, વિસ્તાર વગેરેનું સંપાદન પણ તેઓની પ્રમુખતામાં જ કરેલા છે.

આ અન્વેષકો માટે અન્વેષણીય છે કે નંદી અને સમવાયાંગ આ બન્ને આગમોના સંકલનકર્તા દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણ છે તો પછી બન્ને આગમોમાં તેઓએ જે વિવરણ આપેલ છે તેમાં એકરૂપતા કેમ ન રાખી ? બે પ્રકારનું વિવરણ કેમ આપ્યું ? સમાધાન

એ છે કે અનેક વાચનાઓ સમય–સમય પર થઈ છે. અનેક વાચના થવાના કારણે અનેક પ્રકારના પાઠો પણ મળે છે. સંભવ છે કે આ વાંચનાન્તર વ્યાખ્યાંશ અથવા પરિશિષ્ટ દ્વાદશાંગીનો જે ઉત્તરવર્તી ભાગ છે તે ભાગ તેનો પરિશિષ્ટ વિભાગ છે. પરિશિષ્ટ વિભાગનું વિવરણ નંદીસૂત્રની સૂચીમાં આપેલ નથી, માટે સમવાયાંગની સૂચી વિસ્તૃત થઈ ગઈ છે. સમવાયાંગના પરિશિષ્ટ ભાગમાં પ્રજ્ઞાપના સૂત્રનાં અગિયાર પદોનો જે સંક્ષેપ છે તે કઈ દૃષ્ટિથી તેમાં સંલગ્ન કરેલ છે, તે આગમ મર્મજ્ઞોના માટે ચિન્તનીય છે.

સમગ્ર ચિંતન વિચારણાઓનું સરળ સમાધાન એ છે કે નંદી સૂત્રનો પરિચય વિષય સંક્ષિપ્તરૂપમાં સંપાદિત છે અને સમવાયાંગ સૂત્રગત પરિચય એની સરખામણીમાં થોડા વિસ્તાર રૂપથી વિસ્તૃત સંપાદિત છે અથવા નંદીસૂત્રની રચના દેવવાચક અપરનામ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે અગાઉ કરી હતી અને ત્યાર પછી આગમ લેખન સંપાદન સમયમાં સમવાયાંગ સૂત્રમાં દ્વાદશાંગ ગણિપિટક વર્ણન પછી વિવિધ વિષયોનું સંપાદન યોગ્ય સમજીને કર્યું હશે. આ કારણે બન્ને સૂત્રોમાં જુદાપણું જોવા મળે છે.

સમવાયાંગનો વર્તમાનમાં ઉપલબ્ધ પાઠ ૧૬૬૭ શ્લોક પરિમાણ છે. તેમાં સંખ્યાક્રમથી પૃથ્વી, આકાશ, પાતાળ, ત્રણે લોકના જીવ આદિ સમસ્ત તત્ત્વોનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિથી એકથી લઈને કોટાનુકોટિ સંખ્યાનો પરિચય પ્રદાન કરેલ છે. તેમાં આધ્યાત્મિક તત્ત્વો, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી અને વાસુદેવ સંબંધિત વર્ણનની સાથે ભૂગોળ, ખગોળ આદિની સામગ્રીનું સંકલન પણ કરેલ છે. સ્થાનાંગની જેમ જ સમવાયાંગમાં પણ સંખ્યાના ક્રમથી વર્ણન છે. બન્ને આગમોની શૈલી સમાન છે. સમાન હોવા છતાં પણ સ્થાનાંગમાં એકથી લઈને દશ સુધીની સંખ્યાનું નિરૂપણ છે, જ્યારે સમવાયાંગમાં એકથી લઈને કોટાકોટિ સંખ્યાવાળા વિષયોનું પ્રતિપાદન છે. સ્થાનાંગની જેમ સમવાયાંગની પ્રકરણ–સંખ્યા નિશ્ચિત નથી તેમાં આ કારણ છે કે આચાર્ય દેવવાચકે સમવાયાંગનો પરિચય દેતાં એક જ અધ્યયનનું સૂચન કરેલ છે. આ કોષ શૈલી અત્યંત પ્રાચીન છે. સ્મરણ કરવાની દૃષ્ટિથી આ શૈલી અત્યંત ઉપયોગી રહી છે. આ શૈલી અન્ય આગમોમાં પણ જોવા મળે છે. ઉત્તરાધ્યયન સૂત્રના એકત્રીસમા અધ્યયનમાં ચારિત્ર વિધિમાં એકથી લઈને તેત્રીસ સુધીની સંખ્યામાં વસ્તુઓની પરિગણના કરેલી છે. તેમાં આ બતાવવામાં આવ્યું છે કે અવિવેકપૂર્વકની પ્રવૃત્તિઓ કઈ છે ? તેનાથી કેવી રીતે બચી શકાય છે તથા કેવી રીતે વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરી શકાય છે.

**શૈલી :–** સ્થાનાંગ અને સમવાયાંગની પ્રસ્તુત કોષ શૈલી બૌદ્ધ પરંપરામાં અને વેદિક પરંપરામાં પણ પ્રાપ્ત થાય છે. બૌદ્ધ ગ્રંથ અંગુત્તરનિકાય, પુગ્ગલપંજતિ, મહાવ્યુત્પત્તિ ધર્મસંગ્રહમાં આ રીતે વિચારોનું સંકલન કરેલ છે.

મહાભારત વનપર્વના ૧૩૪ મા અધ્યાયમાં નંદી અને અષ્ટાવક્રનો સંવાદ છે. તેમાં બન્ને પક્ષોવાળા એકથી લઈને તેર વસ્તુઓ સુધીની પરિગણના કરે છે. પ્રાચીન યુગમાં લેખન સામગ્રીની ઘણી અલ્પતા હતી, એટલા માટે સ્મૃતિની સરળતા માટે સંખ્યા પ્રધાનશૈલી અપનાવેલ હતી.

સમવાયાંગમાં સંગ્રહ પ્રધાન કોષ–શૈલી હોવા છતાં કોઈક જગ્યાએ આ શૈલી શરૂઆતથી છેવટ સુધી એકરૂપ નથી. ઉદાહરણના રૂપમાં અનેક સ્થાનો પર વ્યક્તિઓના ચરિત્ર આવેલાં છે. પર્વતોનાં વર્ણન આપેલાં છે. કેટલાક જીવો એક જ ભવમાં સિદ્ધિને પ્રાપ્ત કરશે તેની પછી બે થી લઈને તેત્રીસ સંખ્યા સુધી આ પ્રતિપાદન કરેલ છે. તેનાથી આગળ કોઈ કથન નથી. તેના કારણે જિજ્ઞાસુઓના મનમાં આ પ્રશ્ન ઊભો થાય છે કે ચોત્રીસ ભવ અને તેનાથી વધારે ભવવાળા સિદ્ધિ પ્રાપ્ત કરશે કે નહીં ? આનું સમાધાન એ છે કે, તેત્રીસ સિવાયનાં બધાં સમવાયમાં તે સંખ્યાના ભવોથી મોક્ષે જવાવાળા જીવોનું હોવું, ઉપલક્ષણથી સમજી લેવું જોઈએ.

આ વાત અમે પહેલાં પણ બતાવી ગયાં છીએ કે સંખ્યાની દષ્ટિથી પ્રસ્તુત આગમમાં વિષયોનું પ્રતિપાદન કરેલ છે, માટે આ આવશ્યક નથી કે તે વિષયોની પછી બીજા વિષયો તેના અનુરૂપ હોય. દરેક વિષયો સંખ્યા દષ્ટિથી પોતે પોતાના રૂપમાં પરિપૂર્ણ છે. તો પણ આચાર્ય અભયદેવે પોતાની વૃત્તિમાં એક વિષયને બીજા વિષયની સાથે સંબંધ સંસ્થાપિત કરવાનો પ્રયાસ કરેલ છે. ક્યારેક ક્યારેક તેમને પૂર્ણ સફળતા મળેલ છે તો ક્યાંક ક્યાંક એવું પ્રતિત થાય છે કે વૃત્તિકારે પોતાના તરફથી હઠથી સંબંધ સ્થાપિત કરવાનો પ્રયાસ કરેલ હોય, આ પ્રકારની શૈલીમાં એક સૂત્રનો બીજા સૂત્ર સાથે સંબંધ હોય તે આવશ્યક નથી. સંખ્યાની દષ્ટિથી જે વિષય સામે આવ્યો તેનો આ આગમમાં સમાવેશ કરેલ છે.

## ચતુષ્ટયની દષ્ટિથી વર્ણન :–

સમવાયાંગમાં દ્રવ્યની દષ્ટિથી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, આદિનું

નિરૂપણ કરેલ છે. ક્ષેત્રની દષ્ટિથી લોક,અલોક, સિદ્ધશિલા આદિ પર પ્રકાશ પાડેલ છે. કાળની દષ્ટિથી સમય, આવલિકા, મુહૂર્ત આદિથી લઈને પલ્યોપમ, સાગરોપમ, ઉત્સર્પિણી, અવસર્પિણી અને પુદ્‌ગલ પરાવર્તન તેમજ ચાર ગતિના જીવોની સ્થિતિ આદિ પર ચિંતન કરેલ છે. ભાવની દષ્ટિથી જ્ઞાન, દર્શન, ચારિત્ર તેમજ વીર્ય આદિ જીવના ભાવોનું પણ વર્ણન કરેલ છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન આદિ અજીવ ભાવોનું વર્ણન કરેલ છે અને વર્ણ, ગંધ, રસ, સંસ્થાન, સ્પર્શ આદિ અજીવ ભાવોનું પણ વર્ણન કરેલ છે.

બધા સમવાયોનો સાર પોત પોતાના સમવાયમાં જ આપવામાં આવેલ છે, કંઈક વિષયોની વિચારણા અહીં કરી લઈએ.

## લિપિ વિચાર :-

૪૬ મા સમવાયમાં બ્રાહ્મીલિપિના ઉપયોગમાં આવતા અક્ષરોની સંખ્યા ૪૬ બતાવેલ છે. આચાર્ય અભયદેવે આ આગમની વૃત્તિમાં આ સ્પષ્ટ કરેલ છે કે ૪૬ અક્ષર 'આકાર' થી લઈને 'ક્ષ' સહિત હકાર સુધી હોવા જોઈએ. તેમણે ઋ, ૠ, ૢ અને ૣ ગણ્યા નથી, બાકીના અક્ષરો લીધેલા છે. અઢારમા સમવાયમાં લિપિઓના સંબંધમાં બ્રાહ્મીલિપિનું નામ બતાવેલ છે. આચાર્ય અભયદેવે આ લિપિઓના સંબંધમાં સ્પષ્ટ લખેલ છે કે તેમને તે લિપિઓના સંબંધમાં કોઈ પણ પ્રકારનું વિવરણ મળેલ નથી. તેથી તેઓ તેનું વિવરણ આપી શકયા નથી. આધુનિક શોધ પછી તે સંબંધમાં આમ કહી શકાય છે કે અશોકના શિલાલેખ જે લિપિથી લખેલ છે તે બ્રાહ્મી લિપિ છે. યવનોની લિપિ યાવની લિપિ છે જે આજે અરબી અને ફારસી લિપિમાં છે. ખરોષ્ઠી લિપિ ગાંધાર દેશમાં પ્રચલિત હતી. તે લિપિ જમણી બાજુથી શરુ કરીને ડાબી બાજુ લખવામાં આવે છે. ઉત્તર પશ્ચિમના સીમાના અંત પ્રદેશમાં અશોકના જે બે શિલાલેખો મળેલા છે તેમાં આ લિપિનો ઉપયોગ કરવામાં આવેલ છે. અર્થાત્ ખરોષ્ઠી લિપિ છે. ખર અને ઓષ્ઠ તે બે શબ્દોથી ખરોષ્ઠ શબ્દ બનેલ છે. ખર ગધેડાને કહે છે. બની શકે કે આ લિપિનો વળાંક ગધેડાના હોઠની જેમ હોય માટે આ લિપિનું નામ ખરોષ્ઠી ખરોષ્ઠિકા અથવા ખરોષ્ટ્રિકા પડેલ હોય.

પાંચમી લિપિનું નામ 'ખરશ્રાવિતા' છે. ખરના સ્વરની જેમ જે લિપિનું ઉચ્ચારણ કર્ણકટુ હોય અર્થાત્ કાનને સાંભળવું ન ગમે તેવું હોય અને જેના કારણે જ તે લિપિનું નામ

'ખરશ્રાવિતા' પડેલ હોય. છટ્ઠી લિપિનું નામ 'પકારાદિકા' છે. જેનું પ્રાકૃત રૂપ 'પહારાઈયા' 'પઆરાઈયા' થઈ શકતું હોય. સંભવ છે કે પકાર બહુ હોવાથી કે પકારથી શરૂ થતી હોવાના કારણે તેનું નામ 'પકારાદિકા' પડેલ હોય. અગિયારમી લિપિનું નામ "નિહ્નવિકા" છે. નિહ્નવ શબ્દનો પ્રયોગ જૈન પરંપરામાં છુપાવવાના અર્થમાં પ્રયોજાયેલ છે. જે લિપિ ગુપ્ત હોય અથવા સાંકેતિક હોય તે નિહ્નવિકા હોઈ શકે છે. વર્તમાનમાં સંકેત લિપિનો પ્રચાર અતિ ઝડપી લિપિના રૂપમાં છે. પ્રાચીન યુગમાં આ પ્રકારની જેમ કોઈ સાંકેતિક લિપિ રહી હશે. જે નિહ્નવિકા નામથી બોલાતી–સંભળાતી હશે. બારમી લિપિનું નામ "અંક લિપિ" છે. આંકડાઓથી બનેલી લિપિ અંક લિપિ હોવી જોઈએ. આચાર્ય કુમુદેન્દુએ 'ભૂવલય– ગ્રંથનું ઉટ્ટંકન આ લિપિમાં કરેલ છે. આ ગ્રંથ યલપ્પા શાસ્ત્રીની પાસે હતો, જે વિશ્વેશ્વરમના રહેવાસી હતા, તેમાં જુદા જુદા વિષયોનું સંકલન થયેલ છે અને અનેક ભાષાઓનો પ્રયોગ પણ કરેલ છે. યલપ્પા શાસ્ત્રીના કહેવા પ્રમાણે તેમાં એક કરોડ શ્લોક અને તેને ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુએ વિશ્વનું મહાન આશ્ચર્ય કહેલ છે.

તેરમી લિપિ 'ગણિતલિપિ' છે. ગણિતશાસ્ત્ર સંબંધી સંકેતોના આધાર પર આધારિત હોવાથી લિપિ 'ગણિતલિપિ' ના રૂપમાં પ્રચલિત છે અર્થાત્ સંભળાઈ રહી છે. ચૌદમી લિપિનું નામ 'ગાંધર્વ લિપિ' છે. તે લિપિ ગંધર્વ જાતિની એક વિશિષ્ટ લિપિ હતી. પંદરમી લિપિનું નામ "ભૂતલિપિ" છે. ભૂતાન દેશમાં પ્રચલિત હોવાના કારણે તે લિપિને ભૂત લિપિ કહેવાતી હશે. ભૂતાનને જ વર્તમાનમાં ભૂટાન કહે છે અથવા ભોટ યા ભોટિયા તથા ભૂત જાતિમાં પ્રચલિત લિપિ રહી હશે. સંભવતઃ પૈશાચી ભાષાની લિપિ ભૂતલિપિ કહેવાતી હશે. ભૂત અને પિશાચ એ બન્ને શબ્દનો એક અર્થ થતો હોય. માટે પૈશાચી લિપિને ભૂત લિપિ કહેવાતી હશે. જે લિપિ ખૂબ સુંદર અને આકર્ષક રહી હશે. તે સોળમી લિપિ 'આદર્શ લિપિ'ના રૂપમાં તે સમયે પ્રસિદ્ધ થયેલ હશે. તે લિપિ ક્યાં પ્રચલિત હતી તે હજી સુધી 'લિપિ વિશેષજ્ઞ' નિર્ણય નથી કરી શક્યા. સત્તરમી લિપિનું નામ "માહેશ્વરી" લિપિ છે. માહેશ્વરી વૈશ્યવર્ણમાં એક જાતિ છે. તે જાતિની વિશિષ્ટ લિપિ પ્રાચીન કાળમાં પ્રચલિત રહી હશે. અને તેને માહેશ્વરી લિપિ કહેવાતી હશે.

અઢારમી લિપિ બ્રાહ્મીલિપિ છે. તે લિપિ દ્રવિડોની રહી હશે. નામથી સ્પષ્ટ છે કે પુલિંદ લિપિનો સંબંધ આદિવાસીઓ સાથે રહેલ હશે. અથવા આજ સુધી તે બધું અનુમાન જ છે. તેના સાચા સ્વરૂપનો નિશ્ચય કરવાને માટે અધિક અન્વેષણાની અપેક્ષા

છે. બૌદ્ધ ગ્રંથ 'લલિત વિસ્તરા' માં ચોંસઠ લિપિઓનાં નામ આવે છે. તે નામોની સાથે સમવાયાંગમાં આવેલ લિપિઓના વર્ણનની તુલના કરી શકાય છે. એકસોમા સમવાય પછી ક્રમશઃ ૧૫૦–૨૦૦–૨૫૦–૩૦૦–૩૫૦–૪૦૦–૪૫૦–૫૦૦ **યાવત્** ૧૦૦૦, ૨૦૦૦ થી ૧૦૦૦૦ થી એક લાખ તેનાથી ૮ લાખ અને કરોડની સંખ્યા–વાળા જુદા જુદા વિષયોનું આ સમવાયાંગમાં સંકલન કરેલ છે. અહીં અમે થોડા મુખ્ય વિષયોના સંબંધમાં જ ચિંતન પ્રસ્તુત કરી રહ્યા છીએ. ભગવાન મહાવીરના તીર્થંકર ભવની પહેલાંના છટ્ઠા પોટ્ટિલના ભવનું વર્ણન છે. આવશ્યક નિર્યુક્તિની ગાથા ૪૪૮માં પ્રભુ મહાવીરના ૨૭ ભવોનું વિસ્તારથી વર્ણન છે. તેમાં નંદનના જીવે પોટ્ટિલ પાસે દીક્ષા અંગિકાર કરી અને નંદનના પહેલાંના ભવોમાં પોટ્ટિલનો ઉલ્લેખ નથી. તેમજ આવશ્યક ચૂર્ણિમાં કે નથી આ ઉલ્લેખ આવશ્યક હરિભદ્રીયા વૃત્તિ, આવશ્યક મલયગિરિ –વૃત્તિ અને મહાવીર ચરિયં આદિમાં પણ ક્યાંય આવેલ નથી. આચાર્ય અભયદેવે પ્રસ્તુત આગમની વૃત્તિમાં તે સ્પષ્ટ કરેલ છે કે પોટ્ટિલ નામના રાજકુમારનો એક ભવ, ત્યાંથી દેવ થયા. તે બીજો ભવ ત્યાંથી ચ્યવીને ક્ષત્રા નામની નગરીમાં નંદન નામના રાજપુત્ર થયા. તે ત્રીજો ભવ ત્યાંથી દેવલોકમાં ગયા તે ચોથો ભવ, ત્યાંથી દેવાનંદાના ગર્ભમાં આવ્યા તે પાંચમો ભવ અને ત્યાંથી ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષીમાં લાવવામાં આવ્યાં તે છટ્ઠો ભવ. આ પ્રમાણે ગણતરી કરવાથી પોટ્ટિલનો છટ્ઠો ભવ ઘટી શકે છે.

સમવાયાંગ સૂત્રમાં આવેલા તીર્થંકરોની માતાઓનાં નામથી દિગમ્બર પરંપરામાં તેઓનાં નામ કંઈક પૃથક્ રૂપમાં આવેલ છે. તે આ પ્રમાણે છે. મરુદેવી વિજયસેના, સુસેના, સિદ્ધાર્થા, મંગલા, સુસીમા, પૃથ્વીસેના, લક્ષ્મણા જયરામા (રામા), સુનંદા, નંદા(વિષ્ણુશ્રી) જાયાવતિ(પાટલા), જયશ્યામા (શર્મા), શર્મા (રેવતી) સુપ્રભા(સુવ્રતા) ઐરા, શ્રીકાન્તા(શ્રીમતી)મિત્રસેના, પ્રજાવતી, (રક્ષિતા) સોમા, (પદ્માવતી) વપિલ્લા (વપ્રા) શિવાદેવી, વામાદેવી, પ્રિયકારિણી, ત્રિશલા, આવશ્યક, નિર્યુક્તિ, ગાથા ૩૮૫–૩૮૬ માં પણ તેનું નામ મળે છે. આગામી ઉત્સર્પિણીના તીર્થંકરોનાં નામ જે સમવાયાંગમાં આવેલ છે તે નામ જેમ છે તેમ જ પ્રવચનસારમાં મળે છે. પરંતુ લોક પ્રકાશ સર્ગ–૩૮ શ્લોક ૨૯૬ માં પણ નામ આવેલ છે. તે ક્રમની દૃષ્ટિથી પૃથક્ એટલે જુદાં છે. જિનપ્રભસૂરિ કૃત પ્રાકૃત દિવાળી કલ્પમાં બતાવેલા નામો અને ક્રમમાં અંતર છે. દિગમ્બર પરંપરામાં ગ્રંથોમાં આગામી ચોવીસીના નામ આ પ્રમાણે મળે છે. (૧) શ્રી મહાપદ્મ (૨) સુરદેવ (૩) સુપાર્શ્વ (૪) સ્વયંપ્રભુ (૫)

સર્વાત્મભૂ (૬) શ્રી દેવ (૭) કુલપુત્રદેવ (૮) ઉદંગદેવ (૯) પ્રૌષ્ઠિક દેવ (૧૦) જયકીર્તિ (૧૧) મુનિસુવ્રત (૧૨) અરહ (૧૩) નિષ્પાપ (૧૪) નિષ્કષાય (૧૫) વિપુલ (૧૬) નિર્મલ (૧૭) ચિત્રગુપ્ત (૧૮) સમાધિમુક્ત (૧૯) સ્વયંભૂ (૨૦) અનિવૃત્ત (૨૧) જયનાથ (૨૨) શ્રી વિમલ (૨૩) દેવપાલ (૨૪) અનંત વીર્ય. દિગમ્બર ગ્રંથોમાં અતીત=ભૂતકાળમાં થઈ ગયેલ ચોવીસીનાં નામ પણ મળે છે.

આ સમવાયાંગમાં કુલકરોનો ઉલ્લેખ થયો છે. ઠાણાંગ સૂત્રમાં અતીત–ભૂતકાલિન ઉત્સર્પિણીના દશ કુલકરોનાં નામ આવે છે, તો સમવાયાંગમાં સાત નામ છે અને નામોમાં ફરક પણ છે. કુલકર તે યુગ–સમયના વ્યવસ્થાપક છે. જ્યારે માનવ પારિવારિક, સામાજિક, રાજશાસકીય અને આર્થિક બંધનોથી સંપૂર્ણ રીતે મુક્ત હતા. તેઓને ખાવાની કે પહેરવાની કોઈ ચિંતા ન હતી. વૃક્ષો પાસેથી તેઓને (મનની) ઈચ્છા પ્રમાણે વસ્તુઓ મળી જતી હતી. તેઓ સ્વતંત્ર જીવન જીવવાવાળા હતા. સ્વભાવની દષ્ટિથી તેઓ અત્યંત ઓછા કષાયવાળા હતા. તે યુગ–સમયમાં જંગલોમાં હાથી–ઘોડા–ગાય, બળદ વગેરે પશુઓ હતાં. પરંતુ તે પશુઓનો તેઓ ઉપયોગ કરતા ન હતા, આર્થિક દષ્ટિથી જોઈએ તો કોઈ શ્રેષ્ઠીઓ ન હતા, કે ન કોઈ અનુચર હતા, આજની સમાન રોગોનો ત્રાસ પણ ન હતો અર્થાત્ વ્યાધિથી પીડાતા ન હતા. જીવનભર સુધી વાસનાઓથી મુક્ત રહેતા હતા. જીવનની સંધ્યા સમયે અર્થાત્ પાછલી જિંદગીમાં જે ભાઈ બહેન હતાં તે પતિ–પત્નિના રૂપમાં ફેરવાઈ જતાં અને તે બન્ને સંસાર ભોગવવાના ફલ સ્વરૂપે માત્ર બે જ સંતાન–એક જોડલાને જન્મ આપતાં જેમાં એક પુત્ર અને એક પુત્રીને જન્મ આપતાં હતાં. તે બાળકોનું ૪૯ દિવસ પાલન પોષણ કરતાં અને મરણ શરણ થઈ જતાં, અર્થાત્ ૪૯ દિવસના સંતાનો થાય ત્યાં માતા પિતા મૃત્યુ પામતાં. દરેક માટે આ ક્રમ હતો. તેઓનું મૃત્યુ પણ એકને બગાસુ અને બીજાને છીંક આવે ત્યાં થઈ જતું. મૃત્યુનું કષ્ટ તેઓને ભોગવવું ન પડતું. આવી રીતે યુગલિક કાળનું જીવન હતું. ત્રીજા આરાના છેડા સુધી ત્રીજા વિભાગમાં યુગલિયાઓની મર્યાદાઓ ધીમે ધીમે નાશ થવા લાગી, તૃષ્ણાઓ વધવા લાગી અને કલ્પવૃક્ષોની શક્તિઓ નાશ પામવા લાગી, તે સમયે વ્યવસ્થા કરવાવાળી કોઈ વ્યક્તિ વિશેષ વિશિષ્ટ વ્યક્તિ ઉત્પન્ન થાય છે તેને કુલકર એવા નામથી બોલાવવામાં આવે છે. પહેલા કુલકર ત્રીજા આરાના ૧/૮ પલ્ય જેટલો ભાગ બાકી રહે ત્યારે થાય છે. કુલકરોની સંખ્યાની બાબતમાં જુદા જુદા ગ્રંથોમાં મતભેદ રહે છે. (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ બીજા વક્ષસ્કારમાં પંદર કુલકર છે,

દિગમ્બર ગ્રંથ 'સિદ્ધાંત સંગ્રહ' માં ચૌદ કુલકર બતાવેલા છે) છેલ્લા કુલકર નાભિરાજાના પુત્ર "ઋષભ" થયા જે પ્રથમ તીર્થંકર પણ હતા. તેના પુત્ર ભરત ચક્રવર્તી થયા. તીર્થંકર ઋષભદેવે ધર્મચક્રની પ્રવર્તના કરી તો ભરત ચક્રવર્તીએ રાજ્ય ચક્રની પ્રવર્તના કરી. ચોથા આરામાં ત્રેવીસ ૨૩ તીર્થંકર, અગિયાર ચક્રવર્તી, નવ બલદેવ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ વગેરે મહાપુરુષો ઉત્પન્ન થાય છે.

આ રીતે આપણે જાણી શકીએ છીએ કે સમવાયાંગમાં જીજ્ઞાસુ સાધકોને માટે અને અનુસંધિત્સુઓના માટે અનેક મહત્વનાં તથ્યોનું સંકલન છે. વસ્તુ વિજ્ઞાન, જૈન સિદ્ધાંત તેમજ જૈન ઈતિહાસની દૃષ્ટિથી તે આગમ અત્યંત મહત્વનું છે. આમાં એકસોથી વધુ વિષય છે. આધુનિક ચિંતક એમ વિચારે છે કે સમવાયાંગમાં આવેલ ગણધર ગૌતમનું ૯૨ વર્ષનું આયુષ્ય અને ગણધર સુધર્મા સ્વામીનું ૧૦૦ વર્ષનું આયુષ્ય વાંચીને એ તર્ક ઊભો કરે છે કે, સમવાયાંગની રચના ભગવાનના મોક્ષે પધાર્યા પછી થઈ હશે. અમે તેના તર્કનું સમાધાન કરતાં નમ્ર વિનંતી કરીએ છીએ કે ગણધરનું આયુષ્ય વગેરે વિષયોના દેવર્દ્ધિગણિ ક્ષમા ક્ષમણે આમા સંકલન કરેલ છે. સ્થાનાંગની પ્રસ્તાવનામાં મેં આ પ્રશ્ન ઉપર વિસ્તારથી ચિંતન પણ કરેલ છે. તે સંપૂર્ણ ઐતિહાસિક સત્ય છે કે આ આગમ ગણધર દ્વારા રચાયેલ છે.

મુખ્યરૂપથી આ આગમ ગદ્ય–પાઠરૂપમાં છે પરંતુ ક્યાંક ક્યાંક વચ્ચે વચ્ચે નામાવલી તથા અન્ય વિવરણ સંબંધી ગાથાઓ પણ આવેલી છે. ભાષાની દૃષ્ટિથી પણ આ આગમ મહત્વપૂર્ણ છે. ક્યાંક ક્યાંક અલંકારોનો પણ પ્રયોગ કરેલ છે. સંખ્યાઓના આધારે ભગવાન પાર્શ્વ અને તેના પહેલાના પૂર્વવર્તી ચૌદ પૂર્વધરો અવધિજ્ઞાની અને વિશિષ્ટ જ્ઞાની મુનિઓનો પણ ઉલ્લેખ છે, જે ઈતિહાસની દૃષ્ટિથી મહત્વપૂર્ણ છે.

## પ્રસ્તુત સંસ્કરણ :–

ગુજરાતી ભાષામાં આજ સુધીમાં ઘણું જ સાહિત્ય પ્રકાશિત થયેલ છે અને થઈ રહેલ છે. આગમોનું વિવેચન પણ ગુજરાતી ભાષામાં પૂજ્ય આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. દ્વારા પ્રકાશિત થયેલ છે. તેમાં હિન્દી અને સંસ્કૃત ટીકા પણ સાથે છે, માટે તે વિસ્તૃત અને વિશાળકાય ગ્રંથો થઈ ગયા છે.

ગુજરાતી ભાષી સ્વાધ્યાય પ્રેમી વિશાળ સમાજની જ્ઞાન પિપાસાને ધ્યાનમાં

રાખીને અને યુવાચાર્ય શ્રી મધુકર મુનિજી દ્વારા સંપાદિત વિવેચન યુક્ત હિન્દી ભાષાની આગમ બત્રીસીથી પ્રેરણા પામીને પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ની જન્મ શતાબ્દી નિમિત્તે કંઈક નવીન અને સમાજોપકારક કાર્ય કરવું કે જે ભાવિ પેઢીના માટે યુગો સુધી ઉપયોગી અને ઉપકારી બને. આ વિચાર વિ. સં. ૨૦૫૨ જુનાગઢ મુકામે પૂ. તપસ્વી ગુરુદેવ રતિલાલજી મ. સા. ના સાનિધ્યમાં પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ.મુક્તાબાઈ મ. પોતાના વિશાળ પરિવાર સાથે પધારેલાં તે સમયે વિદુષી સાધ્વી રત્ના પૂ. ઉષાબાઈ મ.ને અંતઃસ્ફૂરણા થઈ કે આ કાર્ય, જો આપણે નાના મોટા દરેક સાધ્વી જહેમત ઉઠાવીએ તો ગુરુદેવની અને ગુરુણીમૈયાની અસીમ કૃપાથી સ્વપ્ન સાકાર કરી શકીએ. આ વાત તેમણે પૂ. તપસ્વી ગુરુદેવ અને પૂ. ગુરુણીમૈયા મુક્ત–લીલમ ગુરુણી પાસે વ્યક્ત કરી અને પૂ. તપસ્વી ગુરુદેવ અને ગુરુણીમૈયાની સહર્ષ અનુમતિ મળી ગઈ. તુરંત શિષ્ય–શિષ્યાઓ ઉત્કટ–ઉત્કંઠા સાથે સરળ ગુજરાતી ભાષામાં બત્રીસ શાસ્ત્રોનું વિવેચન કરવા તૈયાર થઈ ગયાં. પૂજ્ય ગુરુણીમૈયાએ દરેક સાધ્વીની યોગ્યતા જોઈને આ લખાણનું કાર્ય પોતાના સાધ્વી સમુદાયમાં વિભક્ત કર્યું અને સમજ જતાં ઘણું ખરું લખાઈ ગયું છે. પુણ્ય યોગે રાજકોટ રોયલપાર્કમાં પૂજ્ય તપસ્વી ગુરુદેવની પાવન નિશ્રામાં સમ્મિલિત વિશાળ સાધુ–સાધ્વી સમાજનું ચાતુર્માસ થયું. સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ દિવસની ઉજવણીના દિવસે સૌરાષ્ટ્ર કેસરી પૂજ્યશ્રી પ્રાણગુરુની સ્મૃતિરૂપે આ પ્રકાશન કાર્યનો પાકો નિર્ણય થયો અને તે સમયે ઉદાર દાનવીર મુરબ્બી શ્રી રમણિકભાઈ નાગરદાસ શાહ(ભામાશા) રાજકોટ રોયલપાર્ક સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ, રાજકોટ, જુનાગઢ સંઘ પ્રમુખશ્રી વૃજલાલ શાંતિલાલ દામાણી, જુનાગઢ સંઘ મંત્રીશ્રી સુરેશચંદ્ર પ્રભુલાલ કામદાર વગેરે ઘણા શ્રાવકોએ મળીને એક પ્રકાશન સમિતિનું નિર્માણ કર્યું અને ઉદાર શ્રીમંતોને આ કાર્યમાં સહયોગ આપવાની પ્રેરણા થઈ. તે જ દિવસે કેટલાક આગમોના પ્રકાશન માટે સહયોગ મળી ગયો. ઉત્સાહ વધ્યો,અને પૂર જોશથી લેખનકાર્ય આગળ વધવા લાગ્યું.

ચાતુર્માસમાં જ આસો સુદી ૧૦ "વિજયા દશમી"ના દિવસે આ પ્રકાશન કાર્ય ચાલુ કરવામાં આવ્યું.

મારા પુણ્યોદયે મને આ ચોથું અંગ આગમ સમવાયાંગ સૂત્ર લખવાનો સુયોગ સાંપડેલ છે.

આ આગમ સેવાનો આદેશ પૂ. "મુક્ત–લીલમ" ગુરુણી મૈયા પાસેથી મળતાં મેં સહર્ષ આજ્ઞા શિરોધાર્ય કરી. દીર્ઘકાલીન ઉગ્ર તપજપ સાધનાના ૧૦૦૮ અઠ્ઠમ, પોલા અઠ્ઠમના અભિગ્રહ સાથે લખાવાનું કાર્ય પ્રારંભ કર્યું અને માત્ર બે મહિનામાં અનુવાદનું કાર્ય મારા ક્ષયોપશમ અનુસાર પૂર્ણ કરેલ છે.

સમવાયાંગ સૂત્રનું આ લખાણ પૂર્ણ થયા પછી તેને સાહિત્યની તથા વ્યાકરણની દષ્ટિથી તપાસવાનું કાર્ય સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં આવેલ કુંકાવાવ ગામના ઉ.મા. વિભાગના મ.શિ. વાલજીભાઈ બગસરિયા સાહેબ જે જ્ઞાતિએ પટેલ હોવા છતાં જૈન ધર્મને સ્વીકારી તપ સાધનામાં જોડાયેલ છે. તેઓ રાજકોટ મુકામે પૂ. ઉષાબાઈ મ. ના દર્શને આવેલા અને તેમને આગમ તપાસવાની વાત કરી તો તેમણે સહર્ષ સ્વીકારી લીધી. માત્ર બે મહિનાના ટૂંકા સમયમાં તેમણે મારા આગમને સાહિત્યની દષ્ટિથી તપાસી ફેરકોપી કરી આપેલ અને આગમને અનેરો ઓપ આપ્યો છે, તે બદલ હું તેમની ઋણી છું. તેમજ મારી દીર્ઘ તપસ્યાને લક્ષમાં લઈને મારા ગુરુ ભગિનીઓ તથા તેમની શિષ્યાઓએ આગમના લેખનનું પ્રુફ રીડીંગનું કાર્ય પોતે પોતાના શિરે હાથ ધર્યું અને પ્રુફ રીડીંગની જવાબદારીથી મને મુક્ત કરેલ કરી માટે આ પ્રસંગે હું તે સર્વની ઋણી હોવાથી તે દરેકનો આભાર માનું છું.

આ અનુવાદ કાર્યમાં પૂર્વ પ્રકાશિત થયેલ સમવાયાંગ સૂત્રોનો આધાર લીધેલ છે. જેમાં મુખ્યત્વે બ્યાવરથી પ્રકાશિત પૂજ્ય યુવાચાર્ય શ્રી મધુકર મુનિજીના અને લાડનૂથી પ્રકાશિત પ્રકાશિત આચાર્ય તુલસી તથા યુવાચાર્ય મહાપ્રાજ્ઞના સમવાયાંગ સૂત્રનો ખૂબ જ ઉપયોગ કર્યો છે, માટે તે સંપાદકો અને પ્રકાશકોનો પણ હૃદયથી આભાર માનું છું.

આગમ મનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.એ શાસ્ત્રના સંપાદનનું કાર્ય કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવેલ છે. પૂરેપૂરો સહયોગ આપી ખુબ જ પરિશ્રમ સાથે અપ્રમત્તદશાથી આ મારા આગમને સૈદ્ધાન્તિક દષ્ટિથી તપાસી આગમને અનેરો ઓપ આપેલ છે. તે બદલ તેમની પણ હું ઋણી છું. મારા તેમને લાખ લાખ વંદન.

ભાવયોગિની મમ ગુરુણી મૈયા પૂ. લીલમબાઈ મ. એ મારા લખેલા આ સમવાયાંગ સૂત્રને ખૂજ જીણવટભરી દષ્ટિથી જોઈને મારા ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેમના શ્રી ચરણોમાં મારી કોટી કોટી વંદના.

મારા ક્ષયોપશમ પ્રમાણે પોતાની સ્વાધ્યાય અને નિર્જરાને અર્થે પૂરી સજાગતાથી આ સમવાયાંગ સૂત્રનું લેખન સંપાદન કરતાં પૂરું ધ્યાન આપવા છતાં મારા છદ્મસ્થપણાથી ક્યાંક ભૂલો રહી ગયેલ હોય તો જિજ્ઞાસુઓ મારી ભૂલોને સુધારીને વાંચશો અને સત્યને ગ્રહણ કરશો એજ અભ્યર્થના.

"મુક્ત–લીલમ" શીશુ
સાધ્વી વનિતા...

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી સમવાયાંગ સૂત્ર

ગણધર રચિત ચોથું અંગ

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી વનિતાબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# સમવાયાંગ સૂત્ર

**१** इह खलु समणेणं भगवया महावीरेणं जाव सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं इमे दुवालसंगे गणिपिडगे पण्णत्ते तं जहा–

आयारे सूयगडे ठाणे समवाए विवाहपण्णत्ती णायाधम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोववाइदसाओ पण्हावागरणं विवागसुयं दिट्ठिवाए ।

तत्थ णं जे चउत्थे समवाए त्ति आहिए तस्स णं अयमट्ठे पण्णत्ते । तं जहा–

**ભાવાર્થ :–** આ જિનશાસનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ યાવત્ જેણે સિદ્ધગતિ નામના અનુપમ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કર્યું છે, તેઓએ ગણિપિટકમાં આ બાર અંગ સૂત્રો ફરમાવ્યાં છે, તે આ પ્રમાણે છે –

(૧) આચારાંગ સૂત્ર (૨) સૂત્રકૃતાંગ સૂત્ર (૩) સ્થાનાંગ સૂત્ર (૪) સમવાયાંગ સૂત્ર (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર (૬) જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર (૭) ઉપાસકદશાંગ સૂત્ર (૮) અંતકૃતદશાંગ સૂત્ર (૯) અનુત્તરૌપપાતિકદશાંગ સૂત્ર (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧) વિપાક સૂત્ર (૧૨) દષ્ટિવાદ સૂત્ર.

તે દ્વાદશાંગ શ્રુતરૂપ ગણિપિટકમાં સમવાયાંગ નામના આ ચોથા અંગ સૂત્રનો અર્થ આ પ્રમાણે કહયો છે–

## વિવેચન :–

**ગણપિટકઃ–** બાર અંગશાસ્ત્રો 'ગણિપિટક'ના નામે વિખ્યાત છે. ગણિ એટલે આચાર્ય અને પિટક એટલે પેટી. આચાર્યનો જ્ઞાન ખજાનો, જ્ઞાનભંડાર. આચાર્ય માટેના જ્ઞાનભંડારને ગણિપિટક કહે છે, તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે–

૧. **આચારાંગસૂત્ર** :– તેમાં સાધુજનોનાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય, આ પાંચ પ્રકારના આચાર ધર્મનું વિવેચન છે.

૨. **સૂત્રકૃતાંગસૂત્ર** :– તેમાં સ્વમત–પરમતનું સાંકેતિક વર્ણન છે. તથા સાધ્વાચારનું અને જીવાદિ તત્ત્વોનું વર્ણન છે.

૩. **સ્થાનાંગસૂત્ર** :– તેમાં એકથી લઈને દશ સ્થાન દ્વારા એક–એક, બે–બે વગેરેની સંખ્યાવાળાં પદાર્થો અને સ્થાનોનું નિરૂપણ છે.

૪. **સમવાયાંગસૂત્ર** :– તેમાં એક–બે વગેરે સંખ્યાવાળા પદાર્થોથી લઈને હજારો પદાર્થોના સમુદાયનું નિરૂપણ છે. તેમાં દ્વાદશાંગીના પરિચય રૂપે નિરૂપણ છે.

૫. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર** :– તેમાં ગણધર દેવો દ્વારા પૂછાયેલા ૩૬ હજાર પ્રશ્નો અને ભગવાન દ્વારા અપાયેલા ઉત્તરોનું સંકલન છે.

૬. **જ્ઞાતાધર્મકથાંગસૂત્ર** :– તેમાં પરિષહ–ઉપસર્ગોના વિજેતા પુરુષોનાં અર્થગર્ભિત દષ્ટાંતો તેમજ ધાર્મિક પુરુષોની કથાઓનું વિવેચન છે.

૭. **ઉપાસકદશાંગસૂત્ર** :– તેમાં શ્રાવકના પરમધર્મનું વિધિવત્ પાલન કરનાર અને અંત સમયમાં સંલેખનાની આરાધના કરનારા દશ મહાશ્રાવકોનાં ચરિત્રોનું વર્ણન છે.

૮. **અંતકૃતદશાંગસૂત્ર** :– તેમાં પરીષહ અને ઉપસર્ગને સહન કરી કેવળજ્ઞાની થઈને અંતર્મુહૂર્તમાં જ કર્મોને ખપાવી મુક્ત થનાર મહાન અણગારોનાં ચરિત્રોનું વર્ણન છે.

૯. **અનુત્તરોપપાતિકસૂત્ર** :– તેમાં તપ સંયમની ઉત્કૃષ્ટ આરાધના કરીને અંતેમાં સમાધિપૂર્વક પંડિતમરણ પ્રાપ્ત કરી પાંચ અનુત્તર મહાવિમાનમાં ઉત્પન્ન થનાર અણગારોનું વર્ણન છે.

૧૦. **પ્રશ્નવ્યાકરણસૂત્ર** :– તેમાં સ્વ સમય, પર સમય અને સ્વ–પર (ઉભય) સમય વિષયક પ્રશ્નોનાં, મંત્ર, વિદ્યા વગેરેનાં સાધનોનું અને તેના અતિશયોનું વર્ણન હતું. વર્તમાનમાં તેની જગ્યાએ પાંચ આશ્રવ અને પાંચ સંવરનું સાંગોપાંગ નિરૂપણ છે.

૧૧. **વિપાકસૂત્ર** :– તેમાં મહાપાપ કરનાર અને તેનાં ફળ સ્વરૂપ ઘોર દુઃખ પામનાર પાપી પુરુષો તથા મહાન પુણ્ય ઉપાર્જન કરનાર તથા તેનાં ફળ સ્વરૂપ સાંસારિક સુખોને પ્રાપ્ત કરનાર પુણ્યાત્મા પુરુષોનાં ચરિત્રોનું વર્ણન છે.

૧૨. **દષ્ટિવાદસૂત્ર** :– તેમાં પરિકર્મ, સૂત્ર, પૂર્વ, અનુયોગ અને ચૂલિકા નામના પાંચ મોટા અધિકારો દ્વારા ગણિતશાસ્ત્રનું, ૩૬૩ અન્ય માન્યતાઓનું, ચૌદ પૂર્વોનું, મહાપુરુષોનાં ચરિત્રોનું, તેમજ જળ માર્ગી, આકાશમાર્ગી આદિ વિદ્યાઓનું, પાંચ ચૂલિકાઓનું વિસ્તૃત વિવેચન છે. આ અંગશાસ્ત્ર સૌથી મોટું શાસ્ત્ર છે. જગતનું સંપૂર્ણ શ્રુત તેમાં સમાવિષ્ટ થાય છે. વર્તમાને તે ઉપબબ્ધ નથી.

આ દ્વાદશાંગ શ્રુતને ગણિપિટક કહેવાનો અભિપ્રાય એ છે કે, જેમ "પિટક" – પટારો, પેટી, મંજૂષા કે બોક્ષમાં કોઇ પણ વેપારી પોતાની મૂલ્યવાન વસ્તુઓને સુરક્ષિત રાખે છે, તેવી જ રીતે જિનવાણીરૂપ આ દ્વાદશાંગ સૂત્રને સુરક્ષિત રાખવા માટે ગણિ અર્થાત્ આચાર્યોની આ પિટક–મંજૂષા છે. તેનો વિશેષ પરિચય સ્વયં સૂત્રકારે આ જ સૂત્રના 'ગણિપિટક' નામના પ્રકરણમાં આપ્યો છે.

OOO

# પ્રથમ સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં જીવ, અજીવ, આદિ તત્ત્વોનું પ્રતિપાદન કરતાં આત્મા, અનાત્મા, દંડ, અદંડ, ક્રિયા, અક્રિયા, લોક, અલોક, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, આશ્રવ, સંવર, વેદના, નિજરા આદિ વિષયોને સંગ્રહનયની દષ્ટિથી એક– એક કહ્યા છે. ત્યાર પછી એક લાખ યોજનની લંબાઈ–પહોળાઈવાળા જંબૂદ્વીપ, સર્વાર્થસિદ્ધ વિમાન આદિનો ઉલ્લેખ છે. એક સાગરની સ્થિતિવાળા નારકી, દેવ, આદિનું વિવરણ છે.

**૧ एगे आया, एगे अणाया । एगे दंडे, एगे अदंडे । एगा किरिया, एगा अकिरिया । एगे लोए, एगे अलोए । एगे धम्मे, एगे अधम्मे । एगे पुण्णे, एगे पावे । एगे बंधे, एगे मोक्खे । एगे आसवे, एगे संवरे । एगा वेयणा, एगा णिज्जरा ।**

**ભાવાર્થ :–** આત્મા એક છે, અનાત્મા એક છે, દંડ એક છે, અદંડ એક છે. ક્રિયા એક છે, અક્રિયા એક છે. લોક એક છે, અલોક એક છે. ધર્મ એક છે, અધર્મ એક છે. પુણ્ય એક છે, પાપ એક છે. બંધ એક છે, મોક્ષ એક છે. આશ્રવ એક છે, સંવર એક છે. વેદના એક છે, નિર્જરા એક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શાસ્ત્રકારે જૈનદર્શનના મૂળભૂત તત્ત્વોનું પ્રતિપાદન કર્યું છે. તેમાં સંગ્રહનયની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થોમાં એકત્ત્વનું કથન છે.

**एगे आया :–** આત્મા એક છે. ભારતીય દર્શનોમાં સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન આત્માના સ્વરૂપ વિષયક છે. બ્રહ્માદ્વૈતવાદી વગેરે કેટલાક દાર્શનિકો આત્માને એક માને છે, કેટલાક અનેક માને છે. કેટલાક આત્માને અંગુષ્ઠ પ્રમાણ અને કેટલાક તેને વ્યાપક માને છે. કેટલાક નિત્ય અને કેટલાક અનિત્ય માને છે. જૈન દાર્શનિકોએ અનેકાંત દષ્ટિકોણથી વિચારણા કરીને આત્માનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. આત્મા અનંત હોવા છતાં સર્વ જીવોનું ચૈતન્ય તત્ત્વ એક સમાન હોવાથી સંગ્રહનયની અપેક્ષાએ આત્મા એક છે.

પ્રત્યેક જીવો અસંખ્યાત પ્રદેશી હોવાથી પ્રદેશોની અપેક્ષાએ પણ એક સમાન છે.

**एगे अणाया :–** અનાત્મા એક છે. આત્મા સિવાયના અજીવ–જડ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને કાલદ્રવ્ય, આ પાંચ દ્રવ્યોનો સમાવેશ થાય છે, તે

સર્વ દ્રવ્યોમાં અનેક પ્રકારે વિવિધતા હોવા છતાં અજીવત્ત્વની અપેક્ષાએ સામ્યત્તા હોવાથી તે સર્વ એક છે.

**एगेदंडे :–** દંડ એક છે. આત્માને દંડિત કરે, વિવિધ ગતિમાં પરિભ્રમણ કરાવે, તેવી મન, વચન, કાયાની કર્મજન્ય પ્રવૃત્તિને દંડ કહે છે. તે ત્રણેમાં દંડત્વની અપેક્ષાએ સામ્યતા હોવાથી દંડ એક છે.

**एगे अदंडे :–** અદંડ એક છે. મન, વચન, કાયાની દંડજન્ય પ્રવૃત્તિના અભાવને અદંડ કહે છે અહિંસા, સત્ય આદિની આરાધના અદંડરૂપ છે. તેમાં પણ અદંડત્વની અપેક્ષાએ એકત્વ છે.

**एगा किरिया–एगा अकिरिया :–** ક્રિયા એક છે– અક્રિયા એક છે. જીવ દ્વારા કરાય તે ક્રિયા અથવા મન, વચન, કાયાની પ્રવૃત્તિને ક્રિયા કહે છે. તેમાં બે ભેદ છે– ઐર્યાપથિક ક્રિયા અને સાંપરિક ક્રિયા તથા ક્રિયાના કાયિકી આદિ પાંચ અથવા પચ્ચીસ ભેદ પણ થાય છે. તેના અનેક ભેદ–પ્રભેદ છે. તે દરેકમાં કરવાપણાની સામ્યતા હોવાથી ક્રિયા એક છે.

તેવી જ રીતે કરવાપણાના અભાવરૂપ અક્રિયા પણ એક છે.

**एगे लोए–एगे अलोए :–** લોક એક છે, અલોક એક છે. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો જ્યાં સ્થિત છે, તે લોક છે અને તેનાથી પર જયાં કેવળ આકાશ દ્રવ્ય હોય, તે અલોક છે. લોકના ઊર્ધ્વ, અધો અને તિર્યગ્લોક અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવલોકની અપેક્ષાએ ભેદ થાય છે પરંતુ સંગ્રહનયની અપેક્ષાએ લોક અને અલોક એક છે.

**एगे धम्मे–एगे अधम्मे :–** ધર્માસ્તિકાય એક છે, અધર્માસ્તિકાય એક દ્રવ્ય છે.

ગતિશીલ જીવ અને પુદગલની ગતિક્રિયામાં સહાયક દ્રવ્યને ધર્માસ્તિકાય અને સ્થિતિક્રિયામાં સહાયક દ્રવ્યને અધર્માસ્તિકાય કહે છે. તે બંને લોક વ્યાપી એક અખંડ દ્રવ્ય રૂપ છે, માટે તે બંને એક છે.

**एगे पुण्णे–एगे पावे :–** પુણ્ય એક છે, પાપ એક છે.

જે પ્રવૃત્તિથી શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની અનુકુળતાઓ પ્રાપ્ત થાય, તે પુણ્યકર્મ છે. તેનો બંધ નવ પ્રકારે થાય છે અને જે પ્રવૃત્તિથી સર્વ પ્રકારની પ્રતિકૂળતાઓ પ્રાપ્ત થાય, તે પાપકર્મ છે. તેનો બંધ અઢાર પ્રકારે થાય છે. પુણ્યકર્મ અને પાપકર્મના ક્રમશઃ નવ કે અઢારભેદમાં પુણ્યત્ત્વ અને પાપત્ત્વની અપેક્ષાએ ઐકય છે.

**एगे बंधे–एगे मोक्खे :–** બંધ એક છે, મોક્ષ એક છે.

કષાય અને યોગની પ્રવૃત્તિથી આત્મા એકક્ષેત્રાવગાઢ કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે અને તે આત્મા સાથે ક્ષીર–નીરની જેમ એકમેક થઇ જાય, તે બંધ છે. તેના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ રૂપ ચાર ભેદ છે. તેમાં બંધત્ત્વની અપેક્ષાએ ઐકય છે.

બંધાયેલા સર્વ કર્મપુદ્ગલો આત્માથી સર્વથા મુકત થાય, તેને મોક્ષ કહે છે. તેના દ્રવ્યમોક્ષ – ભાવમોક્ષ રૂપ ભેદમાં મુકત થવા રૂપ સમાનતા હોવાથી તે એક છે.

**एगे आसवे एगे संवरे** **:–** આશ્રવ એક છે, સંવર એક છે. કર્મોના આવવાને આશ્રવ કહે છે. મિથ્યાત્ત્વ, અવ્રત આદિ કર્મબંધના કારણરૂપ જીવના મલિન પરિણામો ભાવાશ્રવ છે અને તે મલિન પરિણામોથી કર્મ પુદ્ગલોનું આવવું, તે દ્રવ્યાશ્રવ છે. બંને પ્રકારના આશ્રવમાં તેમ જ શ્રોતેન્દ્રિયાશ્રવાદિ આશ્રવના વીસ ભેદમાં આવવાપણાની અપેક્ષાએ ઐકય છે.

આવતા કર્મોને રોકવા, તે સંવર છે, સમ્યક્ત્વ, વ્રત પચ્ચક્ખાણ આદિ આવતા કર્મોને અટકાવવા રૂપ જીવના શુભ પરિણામો ભાવસંવર છે અને આવતા કર્મ પુદ્ગલોને અટકાવવા, તે દ્રવ્યસંવર છે. બંને પ્રકારના સંવરમાં તથા શ્રોતેન્દ્રિય સંવર આદિ સંવરના વીસ ભેદમાં કર્મોને રોકવાની સામ્યતા હોવાથી તે એક છે.

**एगा वेयणा– एगा णिज्जरा** **:–** વેદના એક છે. નિર્જરા એક છે.

કર્મના ફળનો અનુભવ કરવો "વેદના" છે. તે બે પ્રકારે છે. અબાધાકાળની સ્થિતિ પૂરી થતાં યથાસમયે કર્મનું વેદન કરવું, તે એક પ્રકાર છે અને જે કર્મ કાલાંતરમાં ઉદયમાં આવવાને યોગ્ય છે, તેને જીવ પોતાના અધ્યવસાય વિશેષથી સ્થિતિનો પરિપાક થતાં પહેલાં જ ઉદયાવલિકામાં ખેંચીને લાવે છે, તે ઉદીરણા છે. ઉદીરણા દ્વારા ખેંચીને લાવેલા કર્મનું વેદન કરવું તે બીજો પ્રકાર છે. બંને પ્રકારની વેદનામાં વેદન પ્રક્રિયા એક સમાન છે.

નિર્જરા એટલે સંચિત કર્મનો નાશ થવો. નિર્જરા બે પ્રકારની છે. સકામ નિર્જરા અને અકામ નિર્જરા. પ્રયત્ન અને જ્ઞાનપૂર્વક તપ આદિ ક્રિયાઓ દ્વારા કર્મોનો નાશ થવો, તે સકામ નિર્જરા છે. પરતંત્રતાના કારણે ભોગ–ઉપભોગનો નિરોધ થવાથી કર્મોનો નાશ થવો, તે અકામ નિર્જરા છે. જેમ નારકી અને તિર્યંચ ગતિઓમાં જીવ અસહ્ય વેદનાઓ, ઘોરાતિઘોર યાતનાઓ અને છેદનભેદનને સહન કરે છે તથા માનવજીવનમાં પણ લાચારીથી, અનિચ્છાપૂર્વક કષ્ટોને સહન કરે છે તે અકામ નિર્જરા છે. તે બે પ્રકારની છે – (૧) ઔપક્રમિક અથવા અવિપાક નિર્જરા. (૨) અનૌપક્રમિક અથવા સવિપાક નિર્જરા છે. તપ આદિ વિશેષ પુરુષાર્થથી કર્મ ફળનો અનુભવ કર્યા વિના જ કર્મોને ખંખેરી નાંખવા અવિપાક નિર્જરા છે. સ્વાભાવિક રૂપે પ્રતિસમય કર્મોનાં ફળ નું વેદન કરીને કર્મોને ખપાવતા જવું સવિપાક નિર્જરા છે. પ્રતિપળ–પ્રતિક્ષણ પ્રત્યેક પ્રાણીને સવિપાક નિર્જરા થતી જ રહે છે. તપરૂપી અગ્નિથી કર્મોને ફળ દીધા પહેલાં જ ભસ્મ કરી દેવાં તે ઔપક્રમિક નિર્જરા છે. નિર્જરા આ સર્વ ભેદમાં કર્મોના છૂટવાપણાની અપેક્ષાએ સમાનતા છે.

આ રીતે આ સૂત્રમાં કથિત સર્વ પ્રતિપક્ષી પદાર્થો સંગ્રહનયની અપેક્ષએ એક છે.

**૨** **जंबुद्दीवेण दीवे एगं जोयसहस्सं आयामविक्खंभेणं पण्णत्ते । पालए जाणविमाणे एगं जोयणसयसहस्सं आयाम विक्खंभेणं पण्णत्ते । सव्वट्ठसिद्धे महाविमाणे एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं पण्णत्ते ।**

**भावार्थ :–** જંબૂદ્વીપ નામનો પ્રથમ દ્વીપ લંબાઇ–પહોળાઈની અપેક્ષાએ એક લાખ યોજનના

વિસ્તારવાળો છે. સૌધર્મેન્દ્રનું પાલક નામનું યાન–વિમાન (યાત્રાના સમયે ઉપયોગમાં આવતું વિમાન) એક લાખ યોજનની લંબાઈ પહોળાઈવાળું છે. સર્વાર્થસિદ્ધ નામનું અનુત્તર મહાવિમાન એક લાખ યોજનની લંબાઈ પહોળાઈવાળું છે અર્થાત્ જંબૂદ્વીપ, પાલકયાન (વિમાન) અને સર્વાર્થસિદ્ધ અનુત્તર મહાવિમાન, એ ત્રણે ય એક લાખ યોજનના સરખાં વિસ્તારવાળાં છે.

**३ अद्दा णक्खत्ते एगतारे पण्णत्ते । चित्ता णक्खत्ते एगतारे पण्णत्ते । साई णक्खत्तेएगतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** આર્દ્રા નક્ષત્રનો એક તારો છે. ચિત્રા નક્ષત્રનો એક તારો છે. સ્વાતિ નક્ષત્રનો એક તારો છે.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં આર્દ્રા, ચિત્રા, સ્વાતિ નક્ષત્રના એક–એક તારાનનું કથન છે. અહીં તારા શબ્દનો અર્થ 'નક્ષત્રોના વિમાન' થાય છે, જ્યોતિષ્ક દેવોના પાંચમા ભેદ રૂપ તારાનું અહીં કથન નથી. નક્ષત્રના વિમાન મોટા છે. તારાના વિમાન નાના છે અને તારાઓની સંખ્યા કોટાકોટિ પ્રમાણ છે. અહીં નક્ષત્રનો એક તારો કહ્યો છે, બીજા–ત્રીજા સમવાયાદિમાં બે, ત્રણ વગેરે તારાસંખ્યા નક્ષત્રની બતાવી છે, તેથી આ તારા શબ્દનો અર્થ નક્ષત્રના વિમાન સમજવો જરૂરી છે.

**४ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं एगं पलिओवमं ठिई पण्णत्ता। इमीसे णं रयणप्पभाए पुढवीए णेरइयाणं उक्कोसेणं एगं सागरोवमं ठिई पण्णत्ता। दोच्चाए पुढवीए णेरइयाणं जहण्णेणं एगं सागरोवमं ठिई पण्णत्ता। असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं एगं पलिओवमं ठिई पण्णत्ता। असुरकुमाराणं देवाणं उक्कोसेणं एगं साहियं सागरोवमं ठिई पण्णत्ता । असुरकुमारिंदवज्जियाणं भोमिज्जाणं देवाणं आत्थेगइयाणं एगं पलिओवमं ठिई पण्णत्ता । असंखिज्जवासाउय सण्णिपंचिंदिय तिरिक्ख जोणियाणं अत्थेगइयाणं एगं पलिओवमं ठिई पण्णत्ता । असंखिज्जवासाउय गब्भवक्कंतिय मणुयाणं अत्थेगइयाणं एगं पलिओवमं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ એક પલ્યોપમની છે. રત્નપ્રભા નરક પૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે. બીજી શર્કરાપ્રભા નરક પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ એક સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. અસુરકુમાર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી કંઈક વધારે છે. અસુરકુમારેન્દ્રને છોડીને શેષ ભવનપતિના કેટલાક દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનીના જીવોની સ્થિતિ એક પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કેટલાક

ગર્ભજ મનુષ્યોની સ્થિતિ એક પલ્યોપમની છે.

**૫ वाणमंतराण देवाणं उक्कोसेणं एगं पलिओवमं ठिई पण्णत्ता । जइसियाणं देवाणं उक्कोसेणं एगं पलिओवमं वाससयसहस्समब्भहियं ठिई पण्णत्ता । सोहम्मे कप्पे देवाणं जहण्णेणं एगं पलिओवमं ठिई पण्णत्ता । सोहम्मे कप्पे देवाणं अत्थेगइयाणं एगं सागरोवमं ठिई पण्णत्ता । ईसाणे कप्पे देवाणं जहण्णेणं साइरेगं एगं पलिओवमं ठिई पण्णत्ता । ईसाणे कप्पे देवाणं अत्थेगइयाणं एगं सागरोवमं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમની છે. જ્યોતિષીદેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક લાખ વર્ષ સાધિક એક પલ્યોપમની છે. સૌધર્મકલ્પના દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમની છે. સૌધર્મકલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ એક સાગરોપમની છે. ઈશાન કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમથી કંઈક અધિક છે. ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ એક સાગરોપમની છે.

**૬ जे देव सागरं सुसागरं सागरकंतं भवं मणुं माणुसोत्तरं लोगहियं विमाणं देवत्ताए उववण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं एगं सागरोवमं ठिई पण्णत्ता । ते णं देवा एकस्स अद्धमासस्स आणमंति वा पाणमंति वा उस्ससंति वा णीससंति वा । तेसिं णं देवाणं एगस्स वाससहस्सस्स आहारट्ठे समुप्पज्जइ । संतेगइया भवसिद्धिया जीवा जे एगेणं भवग्गहणेणं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** જે દેવ સાગર, સુસાગર, સાગરકાંત, ભવ, મનુ, માનુષોત્તર અને લોકહિત નામના વિશિષ્ટ વિમાનોમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે, તે દેવની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમ છે, તે દેવો એક પખવાડિયે (પંદર દિવસે) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને એક હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો એક મનુષ્યભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે સર્વ કર્મથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખનો અંત કરશે.

## વિવેચન :–

**आणमंति–पाणमंति, उस्ससंति–णिस्ससंति :–** જે દેવોની સ્થિતિ સાગરોપમની બતાવી છે તે તેટલાં જ પખવાડિયે ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે એટલે કે એકવારની શ્વાસોચ્છ્વાસની તેની પ્રક્રિયામાં એટલો સમય વ્યતીત થઈ જાય, એટલી મંદ ગતિથી તે પ્રક્રિયા થાય છે અને એટલા હજાર વર્ષે

તેને આહારની ઈચ્છા થાય છે.

**'आणमंति पाणमंति'** શબ્દથી 'હૃદય સ્પંદનની આભ્યંતર પ્રક્રિયા સમજવી અને **उस्ससंति, णिस्ससंति** શબ્દથી બાહ્ય શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા સમજવી જોઈએ અથવા ચારે ય શબ્દ અને તેના અર્થ મળીને બાહ્યાભ્યંતર શ્વાસોચ્છ્‌વાસની પ્રક્રિયાનું પૂર્ણ કથન છે.

## સમવાય–૧ સંપૂર્ણ

# બીજું સમવાય

## પરિચય :–

બીજા સમવાયમાં બે સંખ્યા સંબંધિત કેટલાક તત્ત્વોનો વિચાર કરવામાં આવ્યો છે. બે પ્રકારનો દંડ, બે પ્રકારના બંધ, બે રાશિ, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્રોના બે તારા, નારકી અને દેવોની બે પલ્યોપમ અને બે સાગરોપમની સ્થિતિ, તથા બે ભવ કરીને મોક્ષે જનારા ભવસિદ્ધિક જીવોનું વર્ણન છે.

**૧ दो दंडा पण्णत्ता, तं जहा - अट्ठादंडे चेव, अणट्ठादंड चेव । दुवे रासी पण्णत्ता, तं जहा - जीवरासी चेव, अजीवरासी चेव । दुविहे बंधणे पण्णत्ता, तं जहा - रागबंधणे चेव, दोसबंधणे चेव ।**

**ભાવાર્થ :–** દંડ બે છે– અર્થદંડ અને અનર્થદંડ. રાશિ બે છે– જીવરાશિ અને અજીવ રાશિ. બંધન બે છે– રાગબંધન અને દ્વેષબંધન.

## વિવેચન :–

દંડના બે પ્રકાર છે– અર્થદંડ અને અનર્થદંડ. **અર્થદંડ**– સ્વયંના શરીરની રક્ષાને માટે, કુટુંબ, પરિવાર, દેશ, સમાજ અને રાષ્ટ્રના પાલન પોષણને માટે, જે હિંસારૂપ પાપ પ્રવૃતિ કરવામાં આવે, તે અર્થદંડ છે. અર્થદંડમાં કર્તવ્યથી ઉત્પ્રેરિત થઈને પ્રયોજનને સિદ્ધ કરવા માટે આરંભ કરવામાં આવે છે.

**અનર્થદંડ** – કોઈ પણ પ્રયોજન વિના નિરર્થક પાપ કરવું. અર્થદંડ અને અનર્થદંડને માપવાનું થર્મોમીટર વિવેક છે. કેટલાક કાર્ય પરિસ્થિતિ વિશેષથી અર્થરૂપ હોય છે. પરિસ્થિતિ પરિવર્તન થતાં તે જ કાર્ય અનર્થરૂપ પણ થઈ જાય છે. આચાર્ય ઉમાસ્વાતિએ અર્થ અને અનર્થ શબ્દની પરિભાષા કરતાં કહ્યું છે કે શ્રાવકો માટે ઉપભોગ, પરિભોગ થાય છે તે અર્થ રૂપ અને તેનાથી ભિન્ન જેમાં ઉપભોગ, પરિભોગ હોતો નથી તે અનર્થદંડ છે. આચાર્ય અભયદેવે પણ કહ્યું છે કે અર્થનો અભિપ્રાય "પ્રયોજન" છે. ગૃહસ્થ પોતાનાં ખેતર, ઘર, ધાન્ય, ધનની રક્ષા અથવા શરીરપાલન માટે પ્રવૃત્તિઓ કરે છે, તે દરેક પ્રવૃત્તિઓમાં આરંભ દ્વારા પ્રાણીઓનું ઉપમર્દન થાય છે, તે અર્થ દંડ છે. અર્થદંડથી વિપરીત કેવળ પ્રમાદ, કુતૂહલ, અવિવેકપૂર્વક નિષ્પ્રયોજન, નિરર્થક પ્રાણીઓનો વિઘાત કરવારૂપ પ્રવૃત્તિઓ અનર્થદંડ છે. સાધક અનર્થદંડથી નિવૃત્ત રહે.

તત્પશ્ચાત્ જીવરાશિ અને અજીવરાશિનું કથન છે. તેના ભેદ પ્રભેદોનું વિસ્તુત વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

બંધના બે પ્રકાર છે – રાગબંધ અને દ્વેષબંધ. બંધનું કથન મોહનીય કર્મની અપેક્ષાએ કર્યું છે. રાગમાં માયા, લોભનો અને દ્વેષમાં ક્રોધ, માનનો સમાવેશ થાય છે.

**२ पुव्वाफग्गुणी णक्खत्ते दुतारे पण्णत्ते । उत्तराफग्गुणी णक्खत्ते दुतारे पण्णत्ते । पुव्वाभद्दवया णक्खत्ते दुतारे पण्णत्ते । उत्तराभद्दवया णक्खत्ते दुतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પૂર્વાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના બે તારા છે. પૂર્વાભાદ્રપદા નક્ષત્રના બે તારા છે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રના બે તારા છે.

**३ इमीसे णं रयणप्पहाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता । दुच्चाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं दो पओिवमाई ठिई पण्णत्ता ।**

**असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता । असुरकुमारिंद वज्जियाणं भोमिज्जाणं देवाणं उक्कोसेणं देसूणाइं दो पलिओवमाइं ठिई पण्णत्ता । असंक्खिज्ज वासाउय असण्णि पंचिंदिय तिरिक्खजोणियाणं अत्थेगइयाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता । असंखिज्ज वासाउय सण्णि पंचिदियतिरिक्ख जोणियाणं अत्थेगइयाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता । असंखिज्जवासाउय गब्भवक्कंतिय मणुस्साणं अत्थेगइयाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**सोहम्मे कप्पे अत्थेगइयाणं देवाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता। ईसाणे कप्पे अत्थेगइयाणं देवाणं दो पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मे कप्पे देवाणं उक्कोसेणं दो सागरोवमाइं ठिई पण्णत्ता । ईसाणे कप्पे देवाणं उक्कोसेणं साहियाइं दो सागरोवमाइं ठिई पण्णत्ता । सणंकुमारे कप्पे देवाणं जहण्णेणं जहण्णेणं दो सागरोवमाइं ठिई पण्णत्ता । माहिंदे कप्पे देवाणं जहण्णेणं साहियाइं दो सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બે પલ્યોપમની છે. બીજી નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બે સાગરોપમની છે.

કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બે પલ્યોપમની છે. અસુરકુમારેન્દ્રને છોડીને શેષ ભવનપતિ (નાગકુમાર આદિ નવનિકાય) દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે પલ્યોપમમાં કંઈક ઓછી છે. અસંખ્યાત વર્ષના

આયુવાળા કેટલાક અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોની સ્થિતિ બે પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુવાળા કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોની સ્થિતિ બે પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુવાળા કેટલાક ગર્ભજ મનુષ્યોની સ્થિતિ બે પલ્યોપમની છે.

સૌધર્મ કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમની છે. ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ બે પલ્યોપમની છે. સૌધર્મ કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની છે. ઈશાન કલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક બે સાગરોપમની છે. સનત્કુમાર કલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમની છે. માહેન્દ્રકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ બે સાગરોપમથી અધિક છે.

**૪ जे देवा सुभं सुभकंत सुभवण्णं सुभगंधं सुभलेस्सं सुभफासं सोहम्मवडिंसगं विमाणं देवत्ताए उवण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं दो सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा दोण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसिं णं देवाणं दोहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** જે દેવો શુભ, શુભકાંત, શુભ વર્ણ શુભગંધ, શુભલેશ્યા, શુભસ્પર્શવાળા સૌધર્માવતંસક નામના શ્રેષ્ઠ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની છે. તે દેવો બે અર્ધમાસે (એક મહિને) આન–પ્રાણ અર્થાત્ ઉચ્છવાસ લે છે નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને બે હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે.

**૫ अत्थेगइया भवसिद्धिया जीवा जे दोहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો બે ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુકત થશે, પરમ નિર્વાણ પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૨ સંપૂર્ણ

# ત્રીજું સમવાય

## પરિચય :–

પ્રસ્તુત સમવાયમાં ત્રણ – ત્રણ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે. ત્રણ ગુપ્તિ, ત્રણ ગૌરવ, ત્રણ વિરાધના, મૃગશિર્ષ, પુષ્ય આદિ નક્ષત્રના ત્રણ– ત્રણ તારા, નરક અને દેવલોકના દેવોની ત્રણ પલ્યોપમ અને ત્રણ સાગરોપમની સ્થિતિ તથા ત્રણ ભવ કરીને મુકત થનારા કેટલાક ભવ સિદ્ધિક જીવો, આદિ વિષયોનું નિરૂપણ છે.

**१ तओ दंडा पण्णत्ता, तं जहा – मणदंडे वयदंडे कायदंडे । तओ गुत्तीओ पण्णत्ताओ, तं जहा – मणगुत्ती, वयगुत्ती, कायगुत्ती । तओ सल्ला पण्णत्ता, तं जहा – मायासल्ले णं णियाणस ले णं मिच्छादंसणसल्ले णं । तओ गारवा पण्णत्ता, तं जहा – इड्ढीगारवेणं रसगारवेणं सायागारवे णं। तओ विराहणा चण्णत्ता, तंजहा–णाणविराहणा दंसणविराहणा चरित्तविराहणा।**

**ભાવાર્થ :–** દંડ ત્રણ છે, યથા– મનદંડ, વચનદંડ, કાયદંડ. ગુપ્તિ ત્રણ છે, યથા – મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. શલ્ય ત્રણ છે, યથા – માયાશલ્ય, નિદાનશલ્ય, મિથ્યાદર્શનશલ્ય. ત્રણ ગર્વ (ગૌરવ) છે, યથા – ૠદ્ધિનો ગર્વ, રસનો ગર્વ, શાતાનો ગર્વ. વિરાધના ત્રણ છે, યથા – જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના, ચારિત્ર વિરાધના.

## વિવેચન :–

**દંડ–** પ્રસ્તુતમાં ત્રણ પ્રકારના દંડનું કથન છે. બીજા સમવાયમાં અર્થદંડ – અનર્થદંડ રૂપે બે દંડનું કથન છે, તે કથન દંડના હેતુની અપેક્ષાએ છે. પ્રસ્તુતમાં દંડના સાધનની અપેક્ષાએ કથન છે. જેનાથી આત્મા દંડાય તે દંડ. પ્રયોજનવશ કે નિષ્પ્રયોજન જે હિંસક પ્રવૃત્તિ કરવામાં આવે તે મન, વચન, કાયાના માધ્યમે થાય છે માટે અહીં મન, વચન, કાયાને દંડરૂપ કહયા છે.

દુષ્પ્રવૃત્તિમાં સંલગ્ન મન, વચન, કાયા દંડરૂપ છે. તેનાથી ચારિત્રરૂપ ઐશ્વર્યનો નાશ થાય છે અને આત્મા દંડિત થાય છે. મન, વચન, કાયાની જે પ્રવૃત્તિ સંસારાભિમુખ છે, તે દંડ છે.

**गुत्ति** – ગુપ્તિ. સમ્યગ્જ્ઞાન પૂર્વક મન, વચન, કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરવો, તેને ગુપ્તિ કહે છે.

ગુપ્તિના ત્રણ પ્રકાર છે – મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. સરંભ, સમારંભ અને આરંભમાં પ્રવૃત્ત થતાં મનને રોકવું અથવા અશુભ ચિંતનથી, કષાયોથી મનને નિવૃત્ત કરવું, તે મનોગુપ્તિ છે. અસત્ય ભાષણ આદિથી નિવૃત્ત થવું અથવા મૌન ધારણ કરવું, તે વચન ગુપ્તિ છે. અસત્ય, કઠોર, આત્મશ્લાઘા રૂપ વચનોથી બીજાના મનનો ઘાત થાય છે, તેવા વચનનો નિરોધ કરવો જોઈએ, અજ્ઞાનવશ શારીરિક ક્રિયા દ્વારા ઘણાં જીવોનો ઘાત થાય છે, તેવી અકુશળ કાયિક ક્રિયાની પ્રવૃત્તિનો નિરોધ કરવો, તે કાયગુપ્તિ છે.

**सल्ला** – શલ્ય–કંટક. જે શરીરમાં લાગે, કાંટાની જેમ ખૂંચે, અંતરમાં દુઃખનું વેદન કરાવે, તેને શલ્ય કહે છે. તેના ત્રણ પ્રકાર છે– માયા, નિદાન, મિથ્યાદર્શન કંટકતુલ્ય છે. માયા કપટ કર્યા પછી માયાચારીની માયા તેને અંદરથી પીડિત કરતી હોય છે કે કયાંય મારી માયા કે કપટ પ્રગટ ન થઈ જાય, તેથી માયા, શલ્ય રૂપ છે. દેવ આદિની ૠદ્ધિ, વૈભવ વગેરે જોઈને પોતાની તપસ્યાના ફળરૂપે તેની કામના કરવી, તે નિદાન શલ્ય છે. નિદાન કરનારનું ચિત્ત સદા સુખાદિ માટે વ્યાકુળ રહે છે, તે વ્યાકુળતા પીડારૂપ હોય છે. મિથ્યાદર્શનના પ્રભાવથી જીવ હંમેશાં પર પદાર્થમાં બેચેન રહે છે, જીવાદિ તત્ત્વોને કે ધર્મતત્ત્વને ઉલ્ટી રીતે કે ખોટી રીતે માને છે, સમજે છે. આ ખોટી માન્યતા કે ભ્રમ આત્મા માટે પીડા રૂપ છે માટે મિથ્યાદર્શન શલ્યરૂપ છે.

**गारवा** – ગૌરવ–ગર્વ. અભિમાન, લોભ વગેરે દ્વારા પોતાના આત્માને ભારે બનાવવો, તેને ગર્વ કહે છે. વૈભવાદિ દ્વારા પોતાને ગૌરવશાળી માનવો, તેને ૠધ્ધિ ગર્વ કહે છે. ઘી, દૂધ, મિષ્ટાન આદિ રસને ખાધા વિના હું ન રહી શકું અર્થાત તેના ખાવા પીવામાં ગૌરવનો અનુભવ કરવો, તેની પ્રાપ્તિ થતાં અભિમાન કરવું તેને 'રસગર્વ' કહે છે. મારાથી આ પરીષહ ઉપસર્ગ વગેરે સહન થતા નથી, હું ઠંડી ગરમી નહીં સહન કરી શકું, એવા પ્રકારની પોતાની સુખશીલતા બતાવવી તેમજ શાતાકારી સાધનો પ્રાપ્ત થતાં અભિમાન કરવું, તે 'શાતા' ગર્વ છે.

**विराहणा** – વિરાધના જ્ઞાન, દર્શન અને ચારિત્ર, એ ત્રણે ય મોક્ષના માર્ગ છે. તેનું સમ્યક્ આચરણ ન કરવું, તેના અતિચાર કે દોષનું સેવન કરવું ,તે વિરાધના છે. શાસ્ત્રનો સ્વાધ્યાય ન કરવો અથવા સારી રીતે ન કરવો, જ્ઞાનના અતિચારોનું સેવન કરવું, તે જ્ઞાન વિરાધના છે. જિનેશ્વર ભાષિત તત્ત્વોમાં સંદેહ કરવો, સમ્યક્ શ્રદ્ધા ન કરવી, સમકિતના અતિચારોનું સેવન કરવું , તે દર્શન વિરાધના છે. સંયમાચાર કે શ્રાવકાચારનાં વ્રત નિયમોમાં દોષ સેવન કરવું, તેનું સારી રુચિપૂર્વક પાલન ન કરવું, તે ચારિત્ર વિરાધના છે.

**२ मिगसिर णक्खत्ते तितारे पण्णत्ते । पुस्स णक्खत्ते तितारे पण्णत्ते । जेट्ठा णक्खत्ते तितारे पण्णत्ते । अभीइ णक्खत्ते तितारे पण्णत्ते । सवण णक्खत्ते तितारे पण्णत्ते । अस्सिणी णक्खत्ते तितारे पण्णत्ते । भरणी णक्खत्ते तितारे पण्णत्ते ।**

**भावार्थ :–** મૃગશીર્ષ નક્ષત્રના ત્રણ તારા છે. પુષ્ય નક્ષત્રના ત્રણ તારા છે. જયેષ્ઠા નક્ષત્રના ત્રણ તારા છે. અભિજિત નક્ષત્રના ત્રણ તારા છે. શ્રવણ નક્ષત્રના ત્રણ તારા છે. અશ્વિની નક્ષત્રના ત્રણ તારા છે અને ભરણી નક્ષત્રના ત્રણ તારા છે.

**३** **इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तिण्णि पलिओवमाइं ठिई पण्णत्ता । दोच्चाए णं पुढवीए णेरइयाणं उक्कोसेणं तिण्णि सागरोवमाइं ठिई पण्णत्ता । तच्चाए णं पुढवीए णेरइयाणं जहण्णेणं तिण्णि सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं तिण्णि पलिओवमाइं ठिई पण्णत्ता। असंखिज्जवासाउय सण्णिपंचिंदिय तिरिक्खजोणियाणं उक्कोसेणं तिण्णि पलिओवमाइं ठिई पण्णत्ता । असंखिज्जवासाउय सण्णिपंचिंदिय गब्भवक्कंतिय मणुस्साणं उक्कोसेणं तिण्णि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલા નારકીઓની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ ત્રણ સાગરોપમની છે.

કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચયોનીના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યોની (જુગલિયા) ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ પલ્યોપમની છે.

**४** **सणंकुमार – माहिंदेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं तिण्णि सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा आभंकरं पभंकरं आभंकरंपभंकरं चंदं चंदावत्तं चंदप्पभं चंदकंतं चंदवण्णं चंदलेसं चंदज्झयं चंदसिंगं चंदसिट्ठं चंदकूडं चंदुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं तिण्णि सागरोवमाइं ठिई पण्णत्ता, ते णं देवा तिण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा, तेसिं णं देवाणं तिहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર અને માહેન્દ્રકલ્પના કેટલાક દેવોની સ્થિતિ ત્રણ સાગરોપમની છે. જે દેવ આભંકર, પ્રભંકર, આભંકર–પ્રભંકર, ચંદ્ર, ચંદ્રાવર્ત, ચંદ્રપ્રભ, ચંદ્રકાંત, ચંદ્રવર્ણ, ચંદ્રલેશ્ય, ચંદ્રધ્વજ, ચંદ્રશૃંગ, ચંદ્રશ્રૃષ્ટ, ચંદ્રકૂટ અને ચંદ્રોત્તરાવતંસક નામવાળા વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રણ સાગરોપમની છે. તે દેવ ત્રણ અર્ધમાસે એટલે (દોઢ મહિને) આન– પ્રાણ ,ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે, તે દેવ ત્રણ હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫** **संतेगइया भवसिद्धिया जीव जे तिहिं भवग्गहणेहिं सिज्झिस्संति, बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો ત્રણ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુકત થશે, પરિનિર્વાણ પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૩ સંપૂર્ણ**

# ચોથું સમવાય

## પરિચય :-

પ્રસ્તુત સમવાયમાં ચાર–ચારની સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે. ચાર કષાય, ચાર ધ્યાન, ચાર વિકથાઓ, ચાર સંજ્ઞા, ચાર પ્રકારના બંધ તથા અનુરાધા, પૂર્વાષાઢા નક્ષત્રના ચાર ચાર તારાઓ, નારકી અને દેવોની ચાર પલ્યોપમ અને ચાર સાગરોપમની સ્થિતિનો ઉલ્લેખ કરીને અંતે કેટલાક જીવોનું ચાર ભવ કરીને મોક્ષ જવાનું કથન છે.

**૧ चत्तारि कसाया पण्णत्ता, तं जहा–कोहकसाए माणकसाए मायाकसाए लोभकसाए । चतारि झाणा पण्णत्ता, तं जहा– अट्टज्झाणे रूद्दज्झाणे धम्मज्झाणे सुक्कज्झाणे । चतारि विकहाओ पण्णत्ताओ, तं जहा– इत्थिकहा भत्तकहा रायकहा देसकहा । चतारि सण्णा पण्णत्ता, तं जहा– आहारसण्णा भयसण्णा मेहुणसण्णा परिग्गहसण्णा । चउव्विहे बंधे पण्णत्ते, तं जहा– पगइबंधे ठिइबंधे अणुभावबंधे पएसबंधे । चउगाउए जोयणे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** કષાય ચાર છે,યથા– ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય. ધ્યાન ચાર છે. યથા– આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુકલધ્યાન. વિકથાઓ ચાર છે, યથા– સ્ત્રીકથા, ભત્તકથા, રાજકથા, દેશકથા. સંજ્ઞાઓ ચાર છે, યથા– આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા. બંધના ચાર પ્રકાર છે, યથા– પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, પ્રદેશબંધ. ચાર ગાઉનો એક યોજન થાય છે.

## વિવેચન :-

**कसाया** – કષાય. આત્માના પરિણામોને જે કલુષિત કરે છે, તે કષાય છે. કષાયથી આત્માનું સ્વાભાવિક સ્વરૂપ નષ્ટ થઈ જાય છે. કષાયો આત્મધનને લૂંટનારા ચોર છે. તે આત્મામાં છૂપાયેલો દોષ છે. ક્રોધ, માન, માયા, લોભ, એ કષાયના ચાર પ્રકાર છે. કષાયના અનેક ભેદ પ્રભેદ છે. કષાય કર્મજનક વૈકારિક પ્રવૃત્તિ છે. તે પ્રવૃત્તિનો પરિત્યાગ કરીને આત્મસ્વરૂપમાં રમણ કરવું, તે સાધકનું લક્ષ્ય હોવું જોઈએ.

**ધ્યાન–** ચિત્તને કોઈ એક વિષય પર કે કોઈ એક બિંદુ પર કેન્દ્રિત કરવું, તે ધ્યાન છે. ધ્યાન માટે મુખ્ય ત્રણ વાત અપેક્ષિત છે– ધ્યાતા, ધ્યેય અને ધ્યાન. ધ્યાન કરનાર વ્યકિત ધ્યાતા છે. જેનું ધ્યાન કરાય છે ,તે 'ધ્યેય' છે અને ધ્યાતાના ચિત્તનું સ્થિર થઈ જવું, તે "ધ્યાન" છે. ધ્યાન સાધના માટે પરિગ્રહનો ત્યાગ,

કષાયોનો નિગ્રહ, વ્રતોનું ધારણ કરવું અને ઈન્દ્રિય વિજય કરવો આવશ્યક છે. ધ્યાનના ચાર પ્રકાર છે, યથા– આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આ ચારમાંથી પ્રારંભના બે ધ્યાન અપ્રશસ્ત છે એટલે ન કરવા યોગ્ય અને અંતિમ બે ધ્યાન પ્રશસ્ત છે એટલે કરવા યોગ્ય છે.

**આર્તધ્યાન :–** આર્ત એટલે દુઃખ અથવા પીડા, તેમાંથી જે ઉત્પન્ન થાય છે તે, આર્તધ્યાન છે. તે ધ્યાન મનોજ્ઞ ઈચ્છિત વસ્તુના વિયોગથી અને અમનોજ્ઞ વસ્તુના સંયોગથી થાય છે. રાગ ભાવથી મનમાં ઉત્પન્ન થાય છે. ફલતઃ જેની ઈચ્છા નથી તે વસ્તુની ઉપલબ્ધિ અને જેની ઈચ્છા છે તેની અનુપલબ્ધિ થાય, ત્યારે જીવ દુઃખી થાય છે. અનિષ્ટ સંયોગ, ઈષ્ટ વિયોગ, રોગ ચિંતા અને ભોગ ચિંતા, આ ચાર આર્તધ્યાનના ભેદ છે. આ ધ્યાનથી જીવ તિર્યંચ ગતિને પ્રાપ્ત કરે છે અને ધ્યાનીનું મન સાંસારિક વસ્તુઓ પર કેન્દ્રિત હોય છે.

**રૌદ્રધ્યાન :–** જ્યારે જીવ ઈચ્છાપૂર્તિ માટે કોઈ પણ પ્રકારના પાપાચાર કરવામાં તત્પર થાય છે, તે પાપની તલ્લીનતા, તે રૌદ્ર ધ્યાન છે. ક્રૂર અને કઠોર ભાવવાળા પ્રાણીને રુદ્ર કહે છે. જીવ નિર્દયી બનીને ક્રૂર કાર્યોના કર્તા બને છે, માટે તેના ધ્યાનને રૌદ્રધ્યાન કહે છે. આ ધ્યાનમાં જીવ હિંસા, અસત્ય, ચોરી, ધનહરણ, છેદન, ભેદન આદિ દુષ્ટ પ્રવૃત્તિઓનું ચિંતન કરે છે. આ ધ્યાનના હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ, સંરક્ષાણાનંદ, આ ચાર પ્રકાર છે. આ ધ્યાનથી જીવ નરકગતિ પ્રાપ્ત કરે છે. આ ધ્યાનીનું મન ભૌતિક પદાર્થોમાં અત્યંત તલ્લીન હોય છે અને તેની પ્રાપ્તિ માટે તે ક્રૂર કર્મ કરે છે.

આ બન્ને ધ્યાન હેય અને અશુભ છે.

**ધર્મધ્યાન :–** આ ધ્યાન આત્મવિકાસનું પ્રથમ ચરણ છે. આ ધ્યાનમાં સાધક આત્મચિંતન માટે પ્રવૃત્ત થાય છે. શાસ્ત્રવાકયોના અર્થનું, વ્રત, ગુપ્તિ, સમિતિ, આદિ ભાવનાઓનું ચિંતન કરવું, તે ધર્મધ્યાન છે. આ ધ્યાન માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય અપેક્ષિત છે. તેનાથી સહજ રૂપથી મન સ્થિર થઈ જાય છે. ધર્મધ્યાનની સિદ્ધિને માટે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ, આ ચાર ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ. ધર્મધ્યાનનું સમ્યક્ આરાધન એકાંત, શાંત સ્થાનમાં થઈ શકે છે. શાસ્ત્રમાં ધર્મધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે – (૧) આજ્ઞાવિચય – સર્વજ્ઞના વચનોમાં કોઈ પણ પ્રકારની ત્રુટિ હોતી નથી, એટલે આપ્ત વચનોનું આલંબન લેવું. વીતરાગ પરમાત્માની આજ્ઞાનો વિચાર કરવો અહીં 'વિચય' શબ્દનો અર્થ ચિંતન છે. (૨) અપાય વિચય – દુઃખ અને દુઃખના કારણ રૂપ કર્મબંધના કારણોનું ચિંતન કરવું. (૩) વિપાક વિચય – કર્મોનાં શુભ–અશુભ ફળનાં વિષયમાં ચિંતન કરવું અથવા કર્મના પ્રભાવથી પ્રતિક્ષણ ઉદિત થનારી પ્રક્રિયાઓના સંબંધમાં વિચાર કરવો. (૪) સંસ્થાન વિચય – આગમોકત ત્રણે લોક સંસ્થાનના ચિંતનમાં મનને એકાગ્ર કરવું અને સંસારના નિત્ય અને અનિત્ય સ્વરૂપનું ચિંતન કરવું, તેથી વૈરાગ્ય ભાવના સુદઢ થાય છે.

ગ્રંથોમાં ધર્મધ્યાનના (૧) પિંડસ્થ, (૨) પદસ્થ, (૩) રૂપસ્થ, (૪) રૂપાતીત, એવા ચાર પ્રકાર

કહ્યા છે. તેમાં ક્રમશઃ શરીરનું, અક્ષર (પદ)નું, સર્વજ્ઞનું અને નિરંજન સિદ્ધ ભગવાનનું ચિંતન કરવામાં આવે છે. આ ચારે યનો સમાવેશ શાસ્ત્રકથિત 'સંસ્થાનવિચય' નામના ચોથા ભેદમાં થઈ જાય છે. ધર્મધ્યાનથી મનમાં સ્થિરતા, પવિત્રતા આવી જવાથી તે સાધક આગળ જઈને શુકલધ્યાનનો અધિકારી પણ બની શકે છે.

**શુકલધ્યાન :–** ધ્યાનનો આ ચોથો પ્રકાર છે. તે આત્માની અત્યંત વિશુદ્ધ અવસ્થા છે. શ્રુતના આધારથી મનની આત્યંતિક સ્થિરતા અને યોગનો નિરોધ થવો, તે શુકલધ્યાન છે. આ ધ્યાન કષાયોના ઉપશાંત થયા પછી જ થાય છે. જે સાધક સમભાવમાં લીન થાય છે, તે સાધક આ ધ્યાન કરી શકે છે. શુકલ ધ્યાનના ચાર પ્રકાર છે (૧) પૃથક્ત્વવિતર્ક શ્રુત સવિચાર (૨) એકત્વવિતર્ક શ્રુત અવિચાર (૩) સૂક્ષ્મક્રિયા પ્રતિપત્તિ (૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ. પ્રથમના બે પ્રકાર છદ્મસ્થ સાધક માટે છે અને પછીના બે પ્રકાર કેવળજ્ઞાનીઓ માટે છે, તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

(૧) **પૃથકત્વવિતર્કશ્રુત સવિચાર** :– આ ધ્યાનમાં શ્રુતને આધાર બનાવીને કોઈ એક દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય આદિ પર્યાયોનું ચિંતન કરવામાં આવે છે. ધ્યાતા કયારેક અર્થનું ચિંતન કરે છે અને કયારેક શબ્દોનું ચિંતન કરે છે. આ રીતે મન, વચન અને કાયાના યોગોમાં સંક્રમણ કરતા રહે છે. એક શબ્દ પરથી બીજા શબ્દ ઉપર, અને એક યોગથી બીજા યોગ પર જવાના કારણે જ, તે ધ્યાન સવિચાર કહેવાય છે.

(૨) **એકત્વવિતર્કશ્રુત અવિચાર** :– શ્રુતના આધારથી અર્થ, વ્યંજન, યોગના સંક્રમણથી રહિત એક પર્યાય વિષયક આ ધ્યાન છે. પહેલાં ધ્યાનની જેમ આમાં અવલંબનનનું પરિવર્તન થતું નથી. એક પર્યાયને જ ધ્યેય રૂપે સ્થિત કરાય છે. આ ધ્યાનમાં સમસ્ત કષાયો નષ્ટ થઈ જાય છે અને આત્મા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, આ ચાર ઘાતિકર્મોનો સંપૂર્ણ નાશ કરે છે અને કેવળજ્ઞાન, કેવળ દર્શનને પ્રાપ્ત કરે છે.

(૩) **સૂક્ષ્મક્રિયા પ્રતિપત્તિ** :– તેરમા ગુણસ્થાનવર્તી કેવળી અરિહંતનું આયુષ્ય જયારે માત્ર અંતર્મુહૂર્તનું શેષ રહે ત્યારે બાદર કાયયોગનું આલંબન લઈને બાદર મનોયોગ અને બાદર વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગનું આલંબન લઈને બાદર કાયયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી સૂક્ષ્મ કાયયોગનું આલંબન લઈને સૂક્ષ્મ મનોયોગ અને સૂક્ષ્મ વચનયોગનો નિરોધ કરે છે. આ અવસ્થામાં જે ધ્યાનની પ્રક્રિયા થાય છે, તે સૂક્ષ્મક્રિયા પ્રતિપત્તિ શુકલધ્યાન કહેવાય છે. આ ધ્યાનદ્વારા મનોયોગ અને વચનયોગનો પૂર્ણરૂપથી નિરોધ થઈ જાય છે અને સૂક્ષ્મકાયયોગ તેમ જ શ્વાસોચ્છ્વાસ આદિ ક્રિયા શેષ રહે છે.

(૪) **સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ** :– આ ધ્યાનમાં શ્વાસોસ્વાસ આદિ જે સૂક્ષ્મ ક્રિયાઓ બાકી હતી તે પણ નિવૃત્ત થઈ જાય છે અને કેવળી ભગવાન શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થાય છે. પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણમાં જેટલો સમય થાય એટલા સમયમાં જ આ ધ્યાનને પ્રાપ્ત કેવળી ભગવાન અઘાતી કર્મોને નષ્ટ કરીને પૂર્ણરૂપથી કર્મમુક્ત થઈ જાય છે.

**विकहा :–** વિકથાઓ. સંયમ બાધક વાર્તાલાપને વિકથા કહે છે. ધર્મકથાથી નિર્જરા થાય છે અને વિકથાથી કર્મબંધ થાય છે, તેના ચાર ભેદ છે– સ્ત્રી (પુરુષ) સંબધી વાર્તાલાપને સ્ત્રીકથા(પુરુષ કથા), ભોજન સંબધી વાતોને ભત્તકથા, રાજકીય ચર્ચા વિચારણને રાજકથા અને દેશ સંબધી, તેના શાસક સંબંધી વાતો કરવી, તે દેશકથા છે. આ સર્વ વિકથાઓ એક પ્રકારનો પ્રમાદ છે, તેથી તે ત્યાજ્ય છે. પ્રસ્તુતમાં ચાર વિકથાઓનો ઉલ્લેખ છે, સ્થાનાંગ સૂત્રમાં એક એક વિકથાઓના ચાર ચાર ભેદો અને સાતમા સ્થાનમાં સાત વિકથાઓનો પણ ઉલ્લેખ છે.

**सण्णा :–** સંજ્ઞા. અભિલાષાઓને સંજ્ઞા કહે છે. મોહનીય કર્મના ઉદયે આહારાદિની ઈચ્છા થાય, તે સંજ્ઞા કહેવાય છે. અહીં સંજ્ઞાના ચાર ભેદોનું નિરૂપણ છે. સ્થાનાંગ સૂત્રમાં એક એક સંજ્ઞા ઉત્પન્ન થવાનાં ચાર ચાર કારણો પણ કહ્યા છે. દશમા સ્થાનમાં સંજ્ઞાના દશ પ્રકાર કહ્યા છે.

**बंधे :–** બંધ. કષાય અને યોગના નિમિત્તથી કર્મ પુદ્ગલો આત્મપ્રદેશો સાથે એક એક થઈ જાય, તેને બંધ કહે છે. કર્મબંધ સમયે તેમાં ચાર વાતનું નિર્માણ થાય છે, તે અપેક્ષાએ બંધના ચાર પ્રકાર છે. કર્મના સ્વભાવનું નિશ્ચિત થવું, તે **પ્રકૃતિબંધ**, કર્મની આત્મા સાથે રહેવાની કાલમર્યાદા નિશ્ચિત થવી, તે **સ્થિતિબંધ**, તેની તીવ્ર–મંદ ફળ દેવાની શક્તિ, તે **અનુભાગબંધ** અને કર્મ પુદ્ગલોના જથ્થાને **પ્રદેશબંધ** કહે છે.

આ ચાર પ્રકારના બંધમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગની શુભાશુભ પ્રવૃત્તિના આધારે તથા સ્થિતિ અને અનુભાગબંધ કષાયની તરતમતાના આધારે નિશ્ચિત થાય છે.

**२ अणुराहा णक्खत्ते चउ तारे पण्णत्ते, पुव्वासाढा णक्खत्ते चउतारे पण्णत्ते । उत्तरासाढा णक्खत्ते चउतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** અનુરાધા નક્ષત્રના ચાર તારા છે. પૂર્વાષાઢા નક્ષત્રના ચાર તારા છે. ઉત્તરાષાઢા નક્ષત્રના ચાર તારા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અનુરાધા નક્ષત્રના ચાર તારા કહ્યા છે, જ્યારે ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર, પ્રાભૃત–૧૦ પ્રતિપ્રાભૃત–૯માં અનુરાધા નક્ષત્રના પાંચ તારા કહ્યા છે. શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર, વક્ષસ્કાર–૭, સૂ. ૧૪૦ તથા શ્રી ઠાણાંગ સૂત્ર–૪માં અનુરાધા નક્ષત્રના ચાર તારા કહ્યા છે.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता । तच्चाए णं पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं**

**चत्तारि सागरोवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચાર પલ્યોપમની છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચાર સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પોના કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે.

**૪ सणंकुमार–माहिंदेसु कप्पे सु अत्थेगइयाणं देवाणं चत्तारि सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा किट्ठिं सकिट्ठिं किट्ठियावत्तं किट्ठिप्पभं किट्ठिजुत्तं किट्ठिवण्णं किट्ठिलेसं किट्ठिज्झयं किट्ठिसिंगं किट्ठिसिट्ठं किट्ठिकूडं किट्ठुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसिं णं देवाणं उक्कोसेणं चत्तारि सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा चउण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, ऊससंति वा णीससंति वा । तेसिं देवाणं चउहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર–મહેન્દ્ર કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ચાર સાગરોપમની છે. આ કલ્પોના જે દેવ કૃષ્ટિ, સુકૃષ્ટિ, કૃષ્ટિયાવર્ત, કૃષ્ટિપ્રભ, કૃષ્ટિયુક્ત, કૃષ્ટિવર્ણ, કૃષ્ટિલેશ્ય, કૃષ્ટિધ્વજ, કૃષ્ટિશૃંગ, કૃષ્ટિસૃષ્ટ, કૃષ્ટિકૂટ અને કૃષ્ટુત્તરાવતંસક નામવાળા વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાર સાગરોપમની છે. તે દેવો ચાર અર્ધમાસે (બે મહિને)આન–પ્રાણ ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. આ દેવોને ચાર હજાર વર્ષે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫ अत्थेगइया भवसिद्धिया जीवा जे चउहिं भवग्गहणेहिं सिज्झिस्संति मुच्चिस्संति बुज्झिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો ચાર ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત થશે અને દુઃખોનો અંત કરશે.

## સમવાય–૪ સંપૂર્ણ

# પાંચમું સમવાય

## પરિચય :–

આ સમવાયમાં પાંચ–પાંચ સંખ્યાથી સંબંધિત વિષયોની વિચારણા છે, યથા પાંચ મહાવ્રત, પાંચ કામગુણ, પાંચ આશ્રવદ્વાર, પાંચ સંવરદ્વાર, પાંચ સમિતિ, પાંચ નિર્જરા, પાંચ અસ્તિકાયનું વર્ણન છે. રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા, ધનિષ્ઠા નક્ષત્રોના પાંચ તારા તથા નારકી અને દેવોની પાંચ પલ્યોપમ અને પાંચ સાગરોપમની સ્થિતિનું કથન અને પછી પાંચ ભવ કરીને મોક્ષે જનારા ભવ સિદ્ધિક જીવોનો ઉલ્લેખ છે. આ રીતે પાંચમા સમવાયમાં દર્શન સંબંધી, ચારિત્ર સંબંધી અને તત્ત્વ સંબંધી વિવિધ વિષયો ઉપર ચિંતન છે.

**૧ पंच किरिया पण्णत्ता, तं जहा– काइया अहिगरणिया पाउसिया पारितावणिया पाणाइवायकिरिया । पंच महव्वया पण्णत्ता, तं जहा– सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ मुसावायाओ वेरमणं, सव्वाओ अदिण्णादाणाओ वेरमणं, सव्वाओ मेहुणाओ वेरमणं, सव्वाओ परिग्गहाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** ક્રિયાઓ પાંચ છે, યથા– **કાયિકીક્રિયા**– કાયા દ્વારા થતી ક્રિયા, **અધિકરણિકી ક્રિયા**– અસ્ત્ર, શસ્ત્ર દ્વારા થતી ક્રિયા, **પ્રાદ્વેષિકી ક્રિયા**– દ્વેષ ભાવથી લાગતી ક્રિયા, **પારિતાપનિકી ક્રિયા**– અન્ય જીવોને પરિતાપ પહોંચાડવાથી લાગતી ક્રિયા, **પ્રાણાતિપાતિકી ક્રિયા**– જીવહિંસાથી લાગતી ક્રિયા. મહાવ્રત પાંચ છે, યથા સર્વથા પ્રાણાતિપાત વિરમણ, સર્વથા મૃષાવાદ વિરમણ, સર્વથા અદત્તાદાન વિરમણ, સર્વથા મૈથુન વિરમણ, સર્વથા પરિગ્રહ વિરમણ.

## વિવેચન :–

**किरिया**– ક્રિયા. ક્રિયાનો અર્થ 'કરણ' અને 'વ્યાપાર' છે. કર્મ બંધનમાં કારણ ભૂત ચેષ્ટાઓને ક્રિયા કહે છે. મન, વચન અને કાયાના વ્યાપાર વિશેષને ક્રિયા કહે છે. કર્મનો આશ્રવ થાય એવી પ્રવૃત્તિ ક્રિયા કહેવાય છે. ક્રિયા કર્મબંધનું મૂળ છે અને સંસાર, જન્મ–મરણની જનની છે. સ્થાનાંગ સૂત્રમાં પણ ક્રિયાના જીવક્રિયા, અજીવક્રિયા અને જીવ–અજીવ ક્રિયાઓના ભેદ, પ્રભેદોની ચર્ચા છે. ત્યાં કુલ ૨૫ ક્રિયાઓનો ઉલ્લેખ છે. અહીં આ મુખ્યરૂપથી પાંચ ક્રિયાઓનો ઉલ્લેખ છે. પ્રજ્ઞાપના સૂત્રમાં દસ ક્રિયાઓનું વર્ણન છે.

**महव्वया** – મહાવ્રત. સર્વ પ્રકારે, હિંસા આદિનો ત્યાગ કરવો, તે મહાવ્રત કહેવાય છે, યથા–

સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ કરવો તે, પહેલું મહાવ્રત છે. સર્વ પ્રકારના અસત્ય ભાષણનો ત્યાગ કરવો, તે બીજું મહાવ્રત છે. સર્વ પ્રકારના અદત્તનો ત્યાગ કરવો અર્થાત્ આપ્યા વિનાની કોઈ પણ વસ્તુ લેવી નહીં, તે ત્રીજું મહાવ્રત છે. દેવ, મનષ્ય અને પશુ સંબંધી સર્વ પ્રકારના મૈથુન સેવનનો ત્યાગ કરવો, તે ચોથું મહાવ્રત છે. સર્વ પ્રકારના પરિગ્રહ (મમત્ત્વ)નો ત્યાગ કરવો, તે પાંચમું મહાવ્રત છે.

મહાવ્રત શ્રમણાચારનું મૂળ છે. આગમ સાહિત્યમાં મહાવ્રતોનું વિસ્તારથી વર્ણન છે. પ્રશ્નવ્યાકરણ સૂત્રના સંવર પ્રકરણમાં, દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં મહાવ્રતનું વિસ્તુત વર્ણન છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પાંચ મહાવ્રત અસંયમના સ્રોતને રોકીને સંયમના દ્વારને ઉદ્‌ઘાટિત કરે છે. મહાવ્રતના ગ્રહણ સમયે હિંસાદિ પાપોનો ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ કરવામાં આવે છે. મહાવ્રતોમાં સાવદ્ય યોગોનો પૂર્ણરૂપથી ત્યાગ હોય છે. આશ્રવદ્વારોનો નિરોધ કરી, સંવર અને નિર્જરા કરીને કર્મોને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે.

**૨ पंच कामगुणा पण्णत्ता, तं जहा– सद्दा रूवा गंधा रसा फासा । पंच आसवदारा पण्णत्ता, तं जहा– मिच्छत्तं अविरई पमाया कसाया जोगा । पंच संवरदारा पण्णत्ता, तं जहा– सम्मत्तं विरई अप्पमत्तया अकसाया ।**

**अजोगया। पंच णिज्जरट्ठाणा पण्णत्ता, तं जहा– पाणाइवायाओ वेरमणं, मुसावायाओ वेरमणं, अदिण्णादाणाओ वेरमणं, मेहुणाओ वेरमणं, परिग्गहाओ वेरमणं । पंच समिईओ पण्णत्ताओ, तं जहा– ईरियासमिई भासासमिई एसणासमिई आयाणभंडमत्त –णिक्खेवणासमिई, उच्चारपासवण खेल सिंघाण जल्लपारिट्ठावणिया समिई ।**

**ભાવાર્થ :–** ઇન્દ્રિયોના વિષયભૂત કામગુણ પાંચ છે, યથા– શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ. આશ્રવ દ્વાર પાંચ છે, યથા– મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. સંવર દ્વાર પાંચ છે, યથા– સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ. નિર્જરાસ્થાન પાંચ છે, યથા– પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ. સમિતિ પાંચ છે, યથા– ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડમાત્રનિક્ષેપણાસમિતિ, ઉચ્ચારપ્રશ્રવણશ્લેષ્મસિંઘાણજલ પ્રતિષ્ઠાપનાસમિતિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સંયમ જીવનના મુખ્ય આચાર સંબંધિત વિષયનું નિરૂપણ છે. સંયમી સાધક ઇન્દ્રિયના વિષયોથી અનાસકત રહે, તો જ સંયમનું પાલન કરી શકે છે.

**कामगुणा :–** કામગુણ. શબ્દાદિ ઇન્દ્રિયના વિષયો. જેની કામના કરાય તે કામ અને ગુણ

એટલે ઈન્દ્રિયના વિષયો. સંસારી જીવો પાંચ ઈન્દ્રિયના વિષયોની કામના કરે છે. શ્રોતેન્દ્રિયનો વિષય શબ્દ, ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ, ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ, રસનેન્દ્રિયનો વિષય રસ અને સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે. ભગવતી સૂત્રમાં શબ્દ અને રૂપ, ને કામ અને ગંધ, રસ,સ્પર્શ ને ભોગ કહ્યા છે.

**आसव–संवरदारा** – આશ્રવ, સંવરદ્વાર. આશ્રવ એટલે આવવું, કર્મના આવવાના માર્ગને આશ્રવદ્વાર કહે છે. કર્મબંધના કારણો જ આશ્રવદ્વાર કહેવાય છે. સંવર એટલે રોકવું, અટકાવવું. આશ્રવદ્વારનો નિરોધ કરવો, તે સંવરદ્વાર છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આશ્રવદ્વાર છે અને તેનાથી વિપરીત સમ્યક્ત્વાદિ સંવરદ્વાર છે. આત્મ સંબંધી ભ્રમ, અશ્રદ્ધા તે મિથ્યાત્વ અને આત્મતત્ત્વનું યથાર્થ સ્વરૂપ દર્શન તે સમ્યક્ત્વ છે. હિંસાદિનો ત્યાગ ન કરવો, તે અવ્રત અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અપરિગ્રહાદિને ધારણ કરવા, તે વ્રત છે. મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા કરવી, તે પાંચ પ્રમાદ છે. આ પાંચનું સેવન ન કરવા પૂર્વક આત્મભાવમાં મગ્ન થવું , તે અપ્રમાદ છે. ક્રોધાદિ ચાર કષાય છે અને ક્ષમાદિ ચાર અકષાય છે. મન, વચન, કાયાની પ્રવૃતિ યોગ છે અને યોગનો નિરોધ અયોગ છે.

**णिज्जरट्ठाण** – નિર્જરા સ્થાન. નિર્જરા એટલે ઝરી જવું. માટલામાંથી પાણી ઝરી જાય તેમ પૂર્વસંચિત કર્મોનું આત્માથી દૂર થવું તેને નિર્જરા કહે છે. અહીં નિર્જરાના કારણભૂત પાંચ વ્રતનો ઉલ્લેખ છે જ્યારે પૂર્વ સૂત્રમાં મહાવ્રત રૂપે પાંચ વ્રતોનો ઉલ્લેખ છે. સંયમ દ્વારા સંવર થાય છે અર્થાત આવતા કર્મો રોકાય છે, નવા કર્મોનો બંધ થતો નથી અને પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા પણ થાય છે. દેશ વિરતિથી અલ્પનિર્જરા અને સર્વ વિરતિથી મહાનિર્જરા થાય છે. પૂર્વ સૂત્રમાં મહાવ્રતનું જ કથન છે તેથી सव्वाओ पाणाइवायाओ वेरमणं શબ્દ છે અને અહીં વ્રત અને મહાવ્રત બંને ગ્રાહય છે.

**समिति**– મહાવ્રતના રક્ષણ માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ માતા તુલ્ય છે. સમિતિ એટલે સમ્યક્ રીતે, સાવધાની પૂર્વક, યત્નાપૂર્વક પ્રવૃતિ કરવી. ચાલવાની બોલવાની આદિ ક્રિયાઓ સમ્યક્ પ્રકારે કરવી, તેને સમિતિ કહે છે. સાવધાની પૂર્વક ચાલવું તે **ઈર્યા સમિતિ**, સાવધાનીપૂર્વક કોઈને દુઃખ ન થાય તેમ બોલવું તે **ભાષાસમિતિ**, સાવધાનીપૂર્વક નિર્દોષ ગોચરીની ગવેષણા કરવી, તે **એષણા સમિતિ**, સાવધાનીપૂર્વક જીવહિંસા ન થાય તેમ વસ્ત્ર–પાત્રાદિ લેવા–મૂકવા, તે **આદાનભંડમાત્ર નિક્ષેપણા સમિતિ** અને મળ,મૂત્ર,કફ,નાસિકામેલ,શરીરમેલને સાવધાની પૂર્વક પરઠવા (ત્યાગ કરવો), તે ઉચ્ચાર પાસવણ ખેલ સિંઘાણ જલ પરિઠાવણિયા સમિતિ છે.

**३ पंच अत्थिकाया पण्णत्ता, तं जहा– धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए जीवत्थिकाए पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :–** પાંચ અસ્તિકાય દ્રવ્ય છે, યથા– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

**વિવેચન :–**

બહુ પ્રદેશી દ્રવ્યને **અસ્તિકાય** કહે છે. અસ્તિ એટલે વિધમાનતા અને કાય એટલે પ્રદેશનો

સમુદાય. છ એ છ દ્રવ્ય અસ્તિ રૂપે છે પણ પ્રદેશના સમુદાયવાળા પાંચ દ્રવ્યો છે.સ્વયં ગતિશીલ જીવ અને પુદ્ગલોની ગતિ ક્રિયામાં સહાયક દ્રવ્ય **ધર્માસ્તિકાય** કહેવાય છે. સ્વયં ગતિપૂર્વક સ્થિત થનારા જીવ અને પુદ્ગલોને સ્થિર રહેવામાં સહાયક દ્રવ્ય **અધર્માસ્તિકાય** કહેવાય છે. સર્વ દ્રવ્યોને પોતાની અંદર જગ્યા કરી આપનાર દ્રવ્ય **આકાશાસ્તિકાય** કહેવાય છે. ચૈતન્યગુણવાળું દ્રવ્ય **જીવાસ્તિકાય** કહેવાય છે. રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળું દ્રવ્ય **પુદ્ગલાસ્તિકાય** કહેવાય છે. આ પાંચ દ્રવ્યોમાંથી પ્રથમ બે દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે. આકાશ અનંતપ્રદેશી છે. એક જીવના પ્રદેશ અસંખ્યાત છે. પુદ્ગલદ્રવ્યના સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશ હોય છે.

**४ रोहिणीणक्खत्ते पंचतारे पण्णत्ते । पुणव्वसुणक्खत्ते पंचतारे पण्णत्ते। हत्थणक्खत्ते पंचतारे पण्णत्ते, विसाहाणक्खत्ते पंचतारे पण्णत्ते, धणिट्ठाणक्खत्ते पंचतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** રોહિણી નક્ષત્રના પાંચ તારા છે. પુનર્વસુ નક્ષત્રના પાંચ તારા છે. હસ્ત નક્ષત્રના પાંચ તારા છે. વિશાખા નક્ષત્રના પાંચ તારા છે. ધનિષ્ઠા નક્ષત્રના પાંચ તારા છે.

**५ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं पंच पलिओवमाइं ठिई पण्णत्ता । तच्चाए णं पुढवीए अत्थेगइयाणं णेरइयाणं पंच सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं पंच पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं पंच पलिओवमाइं ठिई पण्णत्त ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પાંચ પલ્યોપમની છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પાંચ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમની છે.

**६ सणंकुमार–माहिंदेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं पंच सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा वायं सुवायं वायावत्तं वायप्पभं वायकंतं वायवण्णं वायलेसं वायज्झयं वायसिंगं वायसिट्ठं वायकूडं वाउत्तरवडिसगं सूरं सुसूरं सूरावत्तं सूरप्पभं सूरकंतं सूरवण्णं सूरलेसं सूरज्झयं सूरसिंगं सूरसिट्ठं सूरकूडं सूरूत्तरवडिंसगं विमाणं देवत्ताए उव्वण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं पंच सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवाणं पंचण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, उससंति वा णीससंति वा, तेसिं णं देवा पंचहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર–મહેંદ્રકલ્પના કેટલાક દેવોની સ્થિતિ પાંચ સાગરોપમની છે. જે દેવો વાત, સુવાત, વાતાવર્ત, વાતપ્રભ, વાતકાંત, વાતવર્ણ, વાતલેશ્ય, વાતધ્વજ, વાતશ્રૃંગ, વાતસૃષ્ટ, વાતોત્તરાવતંસક, સૂર, સૂસૂર, સૂરાવર્ત, સૂરપ્રભ, સૂરકાન્ત, સૂરવર્ણ, સૂરલેશ્ય, સૂરધ્વજ, સૂરશ્રૃંગ, સૂરસૃષ્ટ, સૂરકૂટ અને સૂરોત્તરાવતંસક નામના વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પાંચ સાગરોપમની છે. તે દેવ પાંચ અર્ધમાસે (અઢી મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. આ દેવોને પાંચ હજાર વર્ષ આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૭ संतेगइया भवसिद्धिया जीवा जे पंचहि भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો પાંચ ભવ ગ્રહણ કરી સિદ્ધ થશે, બુધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૫ સંપૂર્ણ**

# છઠ્ઠું સમવાય

## પરિચય :–

આ સમવાયમાં છ–છ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે. છ લેશ્યા, છ જીવનિકાય, છ બાહ્ય તપ, છ આભ્યંતર તપ, છ છાદ્મસ્થિક સમુદ્ઘાત, છ અર્થાવગ્રહનું વર્ણન છે. કૃતિકા અને આશ્લેષા, નક્ષત્રોના છ છ તારાઓનું તથા નારકી અને દેવોના છ પલ્યોપમ અને છ સાગરોપમની સ્થિતિનું વર્ણન છે અને અંતે કેટલાક જીવો છ ભવ ગ્રહણ કરીને મુક્ત થશે, તેનું કથન છે.

**૧ छ लेसाओ पण्णत्ताओ, तं जहा– कण्हलेसा णीललेसा काउलेसा तेउलेसा पम्हलेसा सुक्कलेसा । छ जीवणिकाया पण्णत्ता, तं जहा–पुढवीकाए आउकाए तेउकाए वाउकाए वणस्सइकाए तसकाए ।**

**छव्विहे बाहिरे तवोकम्मे पण्णत्ते, तं जहा– अणसणे ऊणोयरिया वित्तीसंखेवो रसपरिच्चाओ कायकिलेसो संलीणया । छव्विहे अब्भिंतरे तवोकम्मे पण्णते, तं जहा– पायच्छित्तं विणओ वेयावच्चं सज्झाओ झाणं उस्सग्गो ।**

**ભાવાર્થ :–** લેશ્યા છ છે, યથા– કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા. સંસારી જીવોના છ નિકાય–સમુદાય છે, યથા– પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

છ પ્રકારના બાહ્ય તપ છે, યથા– અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા. છ પ્રકારના આભ્યંતર તપ છે, યથા– પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ(કાઉસ્સગ્ગ).

## વિવેચન :–

**લેશ્યા :** લેશ્યા. સ્થાનાંગસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર અને પ્રજ્ઞાપનાસૂત્રમાં લેશ્યાના સંબંધમાં વિસ્તારથી નિરૂપણ છે. આગમયુગ પછી દાર્શનિકયુગનાં સાહિત્યમાં પણ લેશ્યાના સંબંધમાં વ્યાપકરૂપથી ચિંતન થયું છે. આધુનિક યુગના વૈજ્ઞાનિકો પણ આભામંડળના રૂપમાં તેના ઉપર ચિંતન કરી રહ્યા છે. સામાન્ય રૂપે મન આદિ યોગોથી અનુરંજિત તથા વિશેષરૂપથી કષાયાનુરંજિત જે આત્મ પરિણામો

થાય છે, તે જ લેશ્યા છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં લેશ્યાની સાથે કર્મ શબ્દનો પ્રયોગ કરી લેશ્યાને કર્મલેશ્યા કહી છે. તેનું તાત્પર્ય એ છે કે કર્મ બંધના હેતુ, રાગાદિ ભાવ કર્મલેશ્યા છે. તે લેશ્યાઓ ભાવ અને દ્રવ્યના રૂપથી બે પ્રકારની છે.

## ૭ લેશ્યા

| | દ્વાર | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નામ** | **કૃષ્ણલેશ્યા** | **નીલલેશ્યા** | **કાપોત લેશ્યા** | **તેજો લેશ્યા** | **પદ્મ લેશ્યા** | **શુક્લ લેશ્યા** |
| ૨ | **વર્ણ** | અંજન જેવો કાળો | વૈડુર્ય રત્ન જેવો નીલો | કબૂતરની ડોક જેવો આસમાની | ઉગતા સૂર્ય જેવો લાલ | હળદર જેવો પીળો | શંખ જેવો શ્વેત |
| ૩ | **રસ** | કડવીતુંબી જેવો કડવો | તિકટ્ટુ જેવો તીખો | કાચી કેરી જેવો ખાટો+તૂરો | પાકી કેરી જેવો ખાટો+ મીઠો | ઉત્તમ મદિરા જેવો મીઠો+ તૂરો(કસાયેલો) | સાકર જેવો મીઠો |
| ૪ | **ગંધ** | સર્પ આદિના મૃત દેહથી અનંત ગુણી દુર્ગંધ | | | કેવડો વગેરે સુગંધી પુષ્પથી અનંતગુણી સુગંધ | | |
| ૫ | **સ્પર્શ** | કરવત, ગાયની જીભ વગેરેથી અનંતગુણો કર્કશ | | | પુષ્પ, નવનીત વગેરેથી અનંતગુણો સુંવાળો | | |
| ૬ | **પરિણામ** | જઘ., મધ્યમ, ઉ. તે ત્રણ ભેદ અને તેના ત્રણ-ત્રણ ભેદ. તેથી ૯, ૨૭, ૮૧, ૨૪૩ વગેરે અસંખ્યાતા. | | | | | |
| ૭ | **લક્ષણ** | ક્રૂર, હિંસક, અજિતેન્દ્રિય, તીવ્ર આરંભ કરનાર, ક્ષુદ્ર, સાહસિક | ઈર્ષ્યાળુ, કદાગ્રહી, રસલોલુપ, ધૂર્ત, પ્રમાદી, હ્રી રહિત ગૃદ્ધ, દ્વેષભાવ યુક્ત | વક્ર, માયાવી, દુર્વચન બોલનાર, ચોરી કરનાર | નમ્ર, અમાયાવી વિનીત, દમિતેન્દ્રિય, યોગવાન, તપસ્વી, પાપભીરૂ | અલ્પકષાયી, પ્રશાંત, દમિતેન્દ્રિય, મિતભાષી, પ્રિયધર્મી, દઢધર્મી. | ધર્મધ્યાન, શુક્લધ્યાન કરનાર, સમિતિ, ગુપ્તિયુક્ત, જિતેન્દ્રિય, અલ્પરાગી કે વીતરાગી |
| ૮ | **સ્થાન** | કાલથી–અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીના સમય પ્રમાણ – ક્ષેત્રથી–અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ | | | | | |
| ૯ | **સ્થિતિ (ઉત્કૃષ્ટ)** | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ | પલ્યનો અસં૦ ભાગ અધિક દશ સાગરોપમ | પલ્યનો અસં૦ ભાગ અધિક ત્રણ સાગરોપમ | પલ્યનો અસં૦ ભાગ અધિક બે સાગરોપમ | અંતર્મુહૂર્ત અધિક દશ સાગરોપમ | અંતર્મુહૂર્ત અધિક ૩૩ સાગરોપમ |
| ૧૦ | **ગતિ** | ત્રણ અશુભ લેશ્યા દુર્ગતિ ગામિની, ત્રણ શુભ લેશ્યા સુગતિગામિની | | | | | |
| ૧૧ | **આયુષ્ય** | લેશ્યા પરિણામનું અંતર્મુહૂર્ત વ્યતીત થયા પછી અને અંતર્મુહૂર્ત શેષ રહે ત્યારે જીવ આયુષ્ય પૂર્ણ કરી પરલોકમાં જાય છે. | | | | | |

★ છએ લેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**छज्जीवाणिकायः**– છ જીવનિકાય. તેમાં શરૂઆતના પાંચ નિકાય સ્થાવરકાય અને એકેન્દ્રિય જીવ છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારકીના જીવો ત્રસકાય કહેવાય છે.

**बाहिरे तवो कम्मे :**– બાહય તપ કર્મ. જે તપથી બાહ્ય શરીરના શોષણ દ્વારા કર્મોની નિર્જરા થાય છે તેને બાહ્ય તપ કહે છે અથવા જે તપ અન્યલોકો જોઇ શકે તેને બાહ્ય તપ કહે છે. (૧) જીવન પર્યંત અથવા અલ્પસમય માટે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો તે **'અનશન'** તપ છે. અનશનથી શારીરિક અને માનસિક વિશુદ્ધિ થાય છે, તે અગ્નિસ્નાનની જેમ કર્મમળને દૂર કરીને આત્મરૂપી સુવર્ણને ચમકાવે છે. (૨) **ઊણોદરી** (અવમૌદાર્ય) દ્રવ્ય ઊણોદરીમાં આહારની માત્રા ઓછી કરાય છે અને ભાવ ઊણોદરીમાં કષાયની માત્રા ઓછી કરાય છે. દ્રવ્ય ઊણોદરીથી શરીર સ્વસ્થ રહે છે અને ભાવ ઊણોદરીથી આંતરિક ગુણોનો વિકાસ થાય છે. (૩) વિવિધ પ્રકારના અભિગ્રહ કરીને આહારની ગવેષણા કરવી તે **ભિક્ષાચરી** છે. ભિક્ષાચરીના અનેક ભેદ પ્રભેદો છે. ભિક્ષુએ અનેક દોષોને ટાળીને ભિક્ષા ગ્રહણ કરવાની હોય છે. (૪) જેનાથી ભોજનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે, તે રસ છે. મધુર આદિ રસોથી ભોજનમાં સરસતા આવે છે. સાધક આવશ્યકતા અનુસાર આહાર ગ્રહણ કરે છે, પરંતુ સ્વાદ માટે નહીં. સ્વાદ માટે ચૂસવું, ચાવવું તે દોષ છે. તે રસોના દોષોથી બચવું તે **રસ પરિત્યાગ** તપ છે. (૫) શરીરને કષ્ટ દેવું, તે **કાયક્લેશ** તપ છે. સાધક, આત્મા અને શરીરને પૃથક્ માને છે. આ શરીર જુદું છે અને આત્મા જુદો છે, આ પ્રકારની તત્ત્વબુદ્ધિથી માનસિક દુઃખ અને શારીરિક કષ્ટને સહન કરીને શરીરની મમતાનો ત્યાગ કરે છે. સ્થાનાંગ સૂત્રમાં કાયોત્સર્ગ કરવો, ઉત્કટુક(ઉભડક) આસનથી ધ્યાન કરવું, પ્રતિમા ધારણ કરવી આદિ કાયક્લેશના અનેક ભેદો બતાવ્યા છે.(૬) પરભાવમાં લીન આત્માને સ્વભાવમાં લીન બનાવવાની પ્રક્રિયા **પ્રતિસંલીનતા** તપ છે. ભગવતી સૂત્રમાં તેના ઈન્દ્રિય પ્રતિસંલીનતા, કષાય પ્રતિસંલીનતા, યોગપ્રતિસંલીનતા અને વિવિક્ત શયનાસન સેવના; એ ચાર ભેદ કહ્યા છે. આ છ બાહ્ય તપ છે.

**अब्भिंतरे तवो कम्मे :**– આભ્યંતર તપ કર્મ. મનોવૃત્તિના નિરોધ દ્વારા જે કર્મોની નિર્જરાનું સાધન બને છે, તથા બહારથી અન્ય કોઈને તે દેખાતું નથી, તેને 'આભ્યંતર' તપ કહે છે. તેના છ ભેદ છે.

(૧) **પ્રાયશ્ચિત :**– અપરાધનું નામ 'પ્રાયઃ' છે અને ચિત્તનો અર્થ શોધન છે. જે ક્રિયાથી અપરાધની શુદ્ધિ થાય તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્તથી પાપનું છેદન થાય છે. તે પાપને દૂર કરે છે. પ્રાયશ્ચિત્ત અને દંડમાં અંતર છે, પ્રાયશ્ચિત્ત સ્વેચ્છાથી ગ્રહણ કરાય છે. દંડમાં પાપ પ્રતિ ગ્લાનિ થતી નથી, તે વિવશતાથી લેવાય છે. સ્થાનાંગ સૂત્રમાં પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર બતાવ્યા છે. (૨) **વિનય :**– વિનય શબ્દના ત્રણ અર્થ થાય છે– અનુશાસન, આત્મસંયમ અને સદાચાર. વિનયથી અષ્ટકર્મ દૂર થાય છે. ક્લેશ સમુત્પન્ન કરનારા અષ્ટકર્મરૂપ શત્રુને જે દૂર કરે છે, તે વિનય છે. ભગવતીસૂત્ર, સ્થાનાંગસૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં વિનયના જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, મનોવિનય, વચનવિનય, કાયવિનય, લોકોપચારવિનય; આ સાત પ્રકાર કહ્યા છે. વિનય એટલે સદ્ગુણો પ્રતિ સહજ સન્માનભાવ. (૩) **વૈયાવૃત્ય તપ :**– ધર્મ સાધનામાં પ્રવૃત્તિ કરનાર વ્યક્તિઓની સેવા કરવી એ વૈયાવચ્ચ તપ છે. ભગવતી સૂત્રમાં વૈયાવૃત્યના દસ પ્રકાર કહ્યા છે. (૪) **સ્વાધ્યાય તપઃ**– સત્ શાસ્ત્રોનું વિધિ સહિત અધ્યયન કરવું તે સ્વાધ્યાય તપ

છે. આત્મ ચિંતન, મનન પણ સ્વાધ્યાય છે. શરીરને માટે ભોજન કરવું આવશ્યક છે, એવી રીતે બુદ્ધિના વિકાસ માટે અધ્યયન આવશ્યક છે. સ્વાધ્યાયના વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એ પાંચ પ્રકાર છે. (૫) **ધ્યાન :–** મનની એકાગ્ર અવસ્થા ધ્યાન છે. (૬) **વ્યુત્સર્ગ :–** વિશિષ્ટ ઉત્સર્ગ વ્યુત્સર્ગ છે. નિસંગતા, અનાસક્તિ, નિર્ભયતા અને જીવનની લાલસાનો ત્યાગ, એ વ્યુત્સર્ગ છે. વ્યુત્સર્ગના ગણવ્યુત્સર્ગ, શરીર વ્યુત્સર્ગ, ઉપધિવ્યુત્સર્ગ અને ભક્તપાન વ્યુત્સર્ગ, ચાર ભેદ છે. શરીર વ્યુત્સર્ગનું નામ જ કાયોત્સર્ગ છે. ભગવાન મહાવીરે સાધુઓને વારંવાર કાઉસગ્ગ કરનારા કહ્યા છે. જે સાધક કાયોત્સર્ગમાં સફળ થાય છે તે વ્યુત્સર્ગ તપમાં સંપૂર્ણ સફળ થઈ જાય છે. આ રીતે બાહ્ય અને આભ્યંતર તપના કુલ બાર ભેદ છે. બાહ્યતપ, આભ્યંતર તપની વૃદ્ધિ માટે કરાય છે. બાહ્ય તપની અપેક્ષાએ આભ્યંતર તપ અનેક ગુણી કર્મનિર્જરાનું કારણ બને છે.

**૨** **छ छाउमत्थिया समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए कसायसमुग्घाए मारणंतियसमुग्घाए वेउव्वियसमुग्घाए तेयसमुग्घाए आहारसमुग्घाए ।**

**ભાવાર્થ :–** છ છાદ્મસ્થિક સમુદ્ઘાત છે, જેમ કે– વેદના સમુદ્ઘાત, કષાય સમુદ્ઘાત, મારણાન્તિક સમુદ્ઘાત, વૈક્રિય સમુદ્ઘાત, તેજસ્ સમુદ્ઘાત અને આહારક સમુદ્ઘાત.

**વિવેચન :–**

કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી બધા જીવો છદ્મસ્થ કહેવાય છે. છદ્મસ્થોના સમુદ્ઘાતને છાદ્મસ્થિક સમુદ્ઘાત કહે છે.

**समुग्घाया** – સમુદ્ઘાત. મૂળ શરીરને છોડયા વિના વેદનાદિના નિમિત્તથી આત્મપ્રદેશોનો શરીરની બહાર વિસ્તાર થાય અને તે તે કર્મોનો ઘાત થાય તેને સમુદ્ઘાત કહે છે. સમુદ્ઘાતના સાત ભેદ આગમમાં કહ્યા છે. તેમાં કેવળી સમુદ્ઘાતને છોડીને બાકીના છ સમુદ્ઘાત છદ્મસ્થ જીવોને હોય છે. વેદનાથી પીડાતા જીવના આત્મપ્રદેશોનું બહાર નીકળવું, તે **વેદના સમુદ્ઘાત** છે. ક્રોધાદિ કષાયની તીવ્રતાના સમયે આત્મપ્રદેશોનું બહાર નીકળવું, તે **કષાય સમુદ્ઘાત** છે. મૃત્યુ થતાં પહેલાં આત્મ પ્રદેશોનું બહાર નીકળી જન્મસ્થાન સુધી જવું તે **મારણાન્તિક સમુદ્ઘાત** છે. દેવ વગેરે દ્વારા ઉત્તર વૈક્રિય શરીર બનાવવાના સમયે આત્મ પ્રદેશોને ફેલાવવા તે **વૈક્રિય સમુદ્ઘાત** છે. તેજોલબ્ધિનો પ્રયોગ કરતાં પહેલા આત્મપ્રદેશોને બહાર કાઢવા તે **તેજસ્ સમુદ્ઘાત** છે. ચૌદ પૂર્વધર મહામુનિને મનમાં કોઈ ગહન તત્ત્વના વિષયમાં શંકા થાય અને તેના ક્ષેત્રમાં કેવળીનો અભાવ હોય ત્યારે કેવળી ભગવાન પાસે જવા માટે આહારક શરીર બનાવવા માટે જે સમુદ્ઘાત થાય તેને **આહારક સમુદ્ઘાત** કહે છે.

તે સમુદ્ઘાતોનો વધુમાં વધુ સમય એક અંતર્મુહૂર્ત છે અને તે સમુદ્ઘાતના સમયે બહાર નીકળેલા આત્મ પ્રદેશોનો મૂળ શરીર સાથે બરાબર સંબંધ જળવાઈ રહે છે.

**३ छव्विहे अत्थुग्गहे पण्णत्ते, तं जहा– सोइंदियअत्थुग्गहे चक्खुइंदियअत्थुग्गहे घाणिंदियअत्थुग्गहे जिब्भिदियअत्थुग्गहे फासिंदियअत्थुग्गहे णोइंदियअत्थुग्गहे।**

**ભાવાર્થ :–** અર્થાવગ્રહના છ પ્રકાર છે, જેમ કે– શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ, ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, રસનેન્દ્રિય અર્થાવગ્રહ, સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ અને નોઈન્દ્રિય અર્થાવગ્રહ.

**વિવેચન :–**

મતિજ્ઞાન પાંચ ઈંદ્રિય અને મનથી થાય છે, તે ક્રમશ : અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા રૂપે થાય છે. કોઈ પણ પદાર્થના બોધ સમયે જે અવ્યક્ત રૂપે સામાન્ય બોધ થાય છે તે, **વ્યંજનાવગ્રહ** કહેવાય છે. ત્યાર પછી તુરંત અર્થગ્રહણ થાય છે એટલે વસ્તુનું સામાન્ય જ્ઞાન થાય છે, તેને **અર્થાવગ્રહ** કહે છે. આ અર્થાવગ્રહ શ્રોત વગેરે પાંચ ઈન્દ્રિયોથી અને નોઈન્દ્રિય અર્થાત્ મનથી ઉત્પન્ન થાય છે, તેથી તેના છ ભેદ છે. વ્યંજનાવગ્રહના ચાર પ્રકાર છે, ચક્ષુરિન્દ્રિય અને મન અપ્રાપ્યકારી હોવાથી તેનો ગ્રાહ્ય પદાર્થ સાથે સંયોગ થતો નથી અને તેથી તેનો વ્યંજનાવગ્રહ નથી. છ એ ઈંદ્રિયોથી અર્થાવગ્રહ થયા પછી જ ઈહા, અવાય વગેરે જ્ઞાન ઉત્પન્ન થાય છે.

**४ कत्तिया णक्खत्ते छतारे पण्णत्ते । असिलेसाणक्खत्ते छतारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** કૃતિકા નક્ષત્રના છ તારા છે. આશ્લેષા નક્ષત્રના છ તારા છે.

**५ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं छ पलिओवमाइं ठिई पण्णत्ता । तच्चाए णं पुढवीए अत्थेगइयाणं णेरइयाणं छ सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं छ पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं छ पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ છ પલ્યોપમની છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ છ સાગરોપમની છે. કેટલાક અસુરકુમારદેવોની સ્થિતિ છ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાનકલ્પના કેટલાક દેવોની સ્થિતિ છ પલ્યોપમની છે.

**६ सणंकुमार–माहिंदेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं छ सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा सयंभुं सयंभुरमणं घोसं सुघोसं महाघोसं किट्ठिघोसं वीरं सुवीरं वीरगतं वीरसेणियं वीरावत्तं वीरप्पभं वीरकंतं वीरवण्णं वीरलेसं वीरज्झयं वीरसिंगं वीरसिट्ठं वीरकूडं वीरुत्तरवडिंसगं विमाणं देवत्ताए**

**उववण्णा तेसिं णं देवाणं उक्कोसेणं छ सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा छण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, ऊससंति वा णीससंति वा, तेसिं णं देवाणं छहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના કેટલાક દેવોની સ્થિતિ છ સાગરોપમ છે. તેમાંના જે દેવ સ્વયંભૂ, સ્વયંભૂરમણ, ઘોષ, સુઘોષ, મહાઘોષ, કૃષ્ટિઘોષ, વીર, સુવીર, વીરગત, વીરશ્રેણિક, વીરાવર્ત, વીરપ્રભ, વીરકાંત, વીરવર્ણ, વીરલેશ્ય, વીરધ્વજ, વીરશૃંગ, વીરસૃષ્ટ, વીરકૂટ અને વીરોત્તરાવતંસક નામનાં વિશિષ્ટ વિમાનોમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છ સાગરોપમની છે. તે દેવો છ અર્ધમાસે (ત્રણ મહિને) આન–પ્રાણ કે ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને છ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઊપજે છે.

**૭ संतेगइया भवसिद्धिया जीवा जे छहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ સિદ્ધિક જીવો છ ભવ ધારણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૬ સંપૂર્ણ

# સાતમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં સાત–સાત સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે. સાત પ્રકારના ભય, સાત પ્રકારના સમુદ્‌ઘાત, ભગવાન મહાવીરની સાત હાથ ઊંચી કાયા, જંબૂદ્વીપમાં સાત વર્ષધર પર્વત, સાત ક્ષેત્ર, બારમા ગુણ સ્થાનમાં સાત કર્મોનું વેદન ઈત્યાદિ વર્ણન છે. મઘા, કૃતિકા, અનુરાધા, ધનિષ્ઠા નક્ષત્રોના સાત સાત તારાઓ છે. કેટલાક નારકીઓ અને કેટલાક દેવોની સાત પલ્યોપમ અને સાત સાગરોપમની સ્થિતિ છે અને કેટલાક જીવ સાત ભવ ગ્રહણ કરીને મુક્ત થશે, વગેરે વિષયોનું નિરૂપણ છે.

**૧ सत्त भयट्ठाणा पण्णत्ता, तं जहा– इहलोगभए परलोगभए आदाणभए अकम्हाभए आजीवभए मरणभए असिलोगभए । सत्त समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए कसायसमुग्घाए मारणंतियसमुग्घाए वेउव्वियसमुग्घाए तेयसमुग्घाए आहारसमुग्घाए केवलिसमुग्घाए ।**

**ભાવાર્થ :–** ભયસ્થાન સાત છે, જેમ કે– ઈહલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, મરણભય અને અશ્લોકભય–અપકીર્તિભય. સાત સમુદ્‌ઘાત છે, જેમ કે– વેદના, સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત, આહારક સમુદ્‌ઘાત અને કેવળી સમુદ્‌ઘાત.

**વિવેચન :–**

**भयट्ठाणा :** ભયસ્થાન. ભય મોહનીય કર્મના ઉદયે જીવ ભયને પ્રાપ્ત થાય છે. તેના સાત સ્થાન (પ્રકાર) છે. (૧) સજાતીય જીવોના ડરને(ભયને) ઈહલોક ભય કહે છે, જેમ કે મનુષ્યને મનુષ્યથી થતો ભય. (૨) વિજાતીય જીવોથી ઉત્પન્ન થતાં ભયને પરલોક ભય કહે છે, જેમ કે મનુષ્યને પશુથી ઉત્પન્ન થતો ભય. (૩) ઉપાર્જિત ધનની સુરક્ષાનો ભય આદાન ભય કહેવાય છે. (૪) બહારના કોઈ પણ નિમિત્ત વિના પોતાના જ માનસિક વિકલ્પ વડે થનારા ભયને અકસ્માત ભય કહે છે. (૫) આજીવિકા સંબંધી ભયને આજીવિકાભય કહે છે. (૬) મરણના ભયને મરણભય કહે છે. (૭) અશ્લોકનો અર્થ છે નિંદા અથવા અપકીર્તિ. નિંદા, અપકીર્તિના ભયને અશ્લોકભય કહે છે.

**समुग्घाया:–** સમુદ્‌ઘાતના છ ભેદનું સ્વરૂપ છટ્ઠા સમવાયમાં છે. કેવળી ભગવાનના વેદનીય, નામ અને ગોત્ર કર્મની લાંબી સ્થિતિને આયુષ્યકર્મની અંતર્મુહૂર્તની સ્થિતિપ્રમાણ કરવા માટે આત્મપ્રદેશોનો

વિસ્તાર કરી સંપૂર્ણ લોકમાં ફેલાવે છે, તેને કેવળી સમુદ્‍ઘાત કહે છે.

**૨** **समणे भगवं महावीरे सत्त रयणीओ उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સાત હાથ ઊંચા હતા.

**૩** **इहेव जंबुद्दीवे दीवे सत्त वासहरपव्वया पण्णत्ता, तं जहा- चुल्लहिमवंते, महाहिमवंते, णिसढे, णीलवंते, रुप्पी, सिहरी, मंदरे । इहेव जंबुद्दीवे दीवे सत्त वासा पण्णत्ता, तं जहा- भरहे, हेमवए, हरिवासे, महाविदेहे, रम्मए, एरण्णवए, एरवए ।**

**ભાવાર્થ :–** આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સાત વર્ષધર પર્વત છે, જેમ કે– ચુલ્લહિમવંત, મહા હિમવંત, નિષધ, નીલવંત, રુક્મી, શિખરી અને મંદર(સુમેરુ પર્વત). આ જંબૂદ્વીપ નામક દ્વીપમાં સાત ક્ષેત્ર છે, જેમ કે– ભરત, હેમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યકવર્ષ, ઐરણ્યવત અને ઐરવત.

**૪** **खीणमोहेणं भगवया मोहणिज्जवज्जाओ सत्त कम्मपगडीओ वेएइ ।**

**ભાવાર્થ :–** ક્ષીણમોહ નામના બારમા ગુણસ્થાનવર્તી વીતરાગ ભગવાન મોહનીય કર્મને છોડીને બાકીનાં સાત કર્મોને વેદે છે.

**૫** **महाणक्खत्ते सत्ततारे पण्णत्ते । अभिईआइआ सत्तणक्खत्ता पुव्वदारिआ पण्णत्ता । अस्सिणीआइया सत्त णक्खत्ता दाहिणदारिआ पण्णत्ता । पुस्साइया सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता । साइआइया सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता ।**

**ભાવાર્થ :–** મઘા નક્ષત્રના સાત તારા છે. અભિજિત વગેરે સાત નક્ષત્ર પૂર્વદ્વારિક છે અર્થાત્ આ નક્ષત્રોમાં પૂર્વ દિશામાં યાત્રા કરવાનું શુભફળ હોય છે. અશ્વિની આદિ સાત નક્ષત્ર દક્ષિણદ્વારિક છે. પુષ્ય વગેરે સાત નક્ષત્ર પશ્ચિમ દ્વારિક છે. સ્વાતિ વગેરે સાત નક્ષત્ર ઉત્તર દ્વારિક છે.

## વિવેચન :–

પ્રસ્તુતમાં પૂર્વ આદિ ચારે દિશાના દ્વારવાળા સાત–સાત નક્ષત્રોનું કથન છે. જે નક્ષત્રોમાં પૂર્વ દિશા તરફ જતાં પ્રાયઃ શુભ ફળ પ્રાપ્ત થાય છે, તે નક્ષત્રો પૂર્વ દિશાના દ્વારવાળા કહેવાય છે. તે જ રીતે જે નક્ષત્રો પ્રાયઃ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં શુભફળ આપે છે, તે ક્રમશઃ દક્ષિણદ્વાર, પશ્ચિમદ્વાર અને

ઉત્તર દ્વારવાળા કહેવાય છે. સમવાયાંગ સૂત્રની કેટલીક પ્રતોમાં **कत्तियाई सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता ।** સૂત્રપાઠ જોવા મળે છે, પરંતુ ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર, પ્રાભૃત–૧૦, પ્રતિપ્રાભૃત–૨૧, બીજા સૂત્રમાં પાઠ આ પ્રમાણે છે– **तत्थणं जे ते एवमाहंसु–ता कत्तिया दारिया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, ते एवमाहंसु तं जहा कत्तिया रोहिणी....** આ સૂત્રપાઠ દ્વારા અન્યમતની માન્યતા પ્રગટ થાય છે. ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં **'वयं पुण एवं वयामो'** દ્વારા સ્વમતની માન્યતા રજૂ કરી છે. ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિના આ સૂત્ર પાઠના આધારે કહી શકાય કે કૃત્તિકાદિ સાત નક્ષત્રોને અન્યમતવાળા પૂર્વદ્વારાવાળા કહે છે. સ્વમતે અભિજિતાદિ–સાત નક્ષત્રો પૂર્વદ્વારાવાળા, અશ્વિની આદિ સાત નક્ષત્ર દક્ષિણદ્વારવાળા વગેરે કથન છે, અહીં ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિસૂત્ર, પ્રાભૃત–૧૦, પ્રતિપ્રાભૃત–૨૧નાં સૂત્ર–૭ અનુસાર પાઠ ગ્રહણ કર્યો છે. સમવાયં સૂત્રની કેટલીક પ્રતો માં પાઠાંતર રૂપે આ પાઠ સ્વીકાર્યો છે.

**૬ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता । तच्चाए णं पुढवीए णेरइयाणं उक्कोसेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता । चउत्थीए णं पुढवीए णेरइयाणं जहण्णेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता। असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता । सणंकुमारे कप्पे देवाणं उक्कोसेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता । माहिंदे कप्पे देवाणं उक्कोसेणं साइरेगाइं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ સાત પલ્યોપમની છે. ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. ચોથી પંકપ્રભા પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે. સનત્કુમાર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. માહેન્દ્ર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક સાત સાગરોપમની છે.

**૭ बंभलोए कप्पे देवाणं जहण्णेणं (साहिया) सत्त सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा समं समप्पभं महापभं पभासं भासुरं विमलं कंचणकूडं सणंकुमारवडिंसगं विमाणं देवत्ताए उववण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा सत्तण्हं अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा, तेसिं णं देवाणं सत्तहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** પાંચમા બ્રહ્મલોકકલ્પ ના દેવોની જઘન્ય સ્થિતિ સાધિક સાત સાગરોપમ છે. જે દેવ સમ, સમપ્રભ, મહાપ્રભ, પ્રભાસ, ભાસુર, વિમલ, કાંચનકૂટ અને સનત્કુમારાવતંસક નામના વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. તે દેવ સાત અર્ધમાસે (સાડા ત્રણ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને સાત હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**વિવેચન :–**

પ્રાયઃ પ્રતોમાં બ્રહ્મલોકનામના પાંચમા દેવલોકના દેવોની જઘન્ય સ્થિતિમાં **साहिया सत्त सागरोवमाइं** પાઠ જોવા મળે છે પરંતુ પ્રજ્ઞાપના સૂત્ર, પદ–૪, સૂ.૨૪૩માં **जहण्णेणं सत्त सागरोवमाइं** પાઠ હોવાથી અહીં **'साहिया'** શબ્દને કૌંસમાં રાખ્યો છે.

**૮ संतेगइया भवसिद्धिया जीवा जे णं सत्तहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો સાત ભવ ધારણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૭ સંપૂર્ણ**

# આઠમું સમવાય

## પરિચય :–

આ સમવાયમાં આઠ–આઠ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા– આઠ મદ સ્થાન, આઠ પ્રવચન માતા, વ્યંતર દેવોનાં આઠ યોજન ઊંચા ચૈત્ય વૃક્ષ આદિ, કેવલી સમુદ્‌ઘાતના આઠ સમય, ભગવાન પાર્શ્વનાથના આઠ ગણધર, ચંદ્ર સાથે પ્રમર્દ યોગ કરતાં આઠ નક્ષત્રો, નારકી અને દેવોની આઠ પલ્યોપમ અને આઠ સાગરોપમની સ્થિતિ તથા આઠ ભવ કરીને મોક્ષે જનારા જીવોનું વર્ણન છે.

**१ अट्ठ मयट्ठाणा पण्णत्ता तं जहा– जाइमए कुलमए बलमए रुवमए तवमए सुयमए लाभमए इस्सरियमए । अट्ठ पवयणमायाओ पण्णत्ताओ, तं जहा– ईरियासमिई भासासमिई एसणासमिई आयाणभंडमत्तणिक्खेवणासमिई उच्चार–पासवण–खेल–जल्ल–सिंघाण पारिट्ठावणियासमिई मणगुत्ती वयगुत्ती कायगुत्ती ।**

**ભાવાર્થ :–** મદસ્થાન આઠ છે, યથા – જાતિ મદ, કુળ મદ, બલમદ, રૂપમદ, તપમદ, શ્રુતમદ (વિદ્યાનો અહંકાર), લાભમદ અને ઐશ્વર્યમદ. પ્રવચન માતા આઠ છે,યથા – ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણાસમિતિ, આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ, ઉચ્ચારપ્રશ્રવણ ખેલજલસિંઘાણપરિષ્ઠાપન સમિતિ, મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

## વિવેચન :–

**मयट्ठाणा :–** મદસ્થાન. મનુષ્ય જે સ્થાન અથવા કારણથી અભિમાન કે અહંકાર કરે છે, તેને મદ સ્થાન કહે છે. **જાતિમદ–** માતૃપક્ષની શ્રેષ્ઠતાનો અહંકાર, **કુળમદ–** પિતૃવંશની શ્રેષ્ઠતાનો અહંકાર, **બલમદ–** પોતાના બળ, શક્તિ, તાકાતનો અહંકાર, **રૂપમદ–** પોતાના વર્ણ,ગંધાદિ તથા મુખાદિ લાવણ્ય, નમણાશ આદિ રૂપ સૌંદર્ય નો અહંકાર, **તપમદ–** દીર્ઘ, ઉગ્ર તપશ્ચર્યા કરી શકતા હોય, તો તેનો અહંકાર, **શ્રુતમદ–** વિદ્યાનો અહંકાર. વિભિન્નકળાઓમાં પ્રવીણતા–કુશળતાનો અહંકાર, **લાભમદ–** ધન–સંપતિ આદિની પ્રાપ્તિનો અહંકાર, **ઐશ્વર્યમદ–**પ્રભુતા, પદ, પ્રતિષ્ઠા આદિનો અહંકાર.

**पवयणमायाओ :–** પ્રવચન માતા. પ્રવચનનો અર્થ દ્વાદશાંગ ગણિપિટક અને તેનો આધાર સંઘ છે. જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ દ્વાદશાંગ પ્રવચનની અને સંઘની, સંઘના સંયમરૂપ ધર્મની રક્ષા કરે છે, માટે તેને પ્રવચનમાતા કહે છે. ઉત્તરાધ્યયન સૂત્રના

ચોવીસમા અધ્યયનમાં અષ્ટ પ્રવચન માતાનું વિસ્તુત વર્ણન છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠ થાય છે. ભગવતી સૂત્ર અને સ્થાનાંગ સૂત્રમાં પણ તેને પ્રવચન માતા કહી છે. આ અષ્ટ પ્રવચનમાતામાં સંપૂર્ણ દ્વાદશાંગીનો સમાવેશ થાય છે. દ્વાદશાંગી પ્રવચન માતાનું વિરાટરૂપ છે. લૌકિક જીવનમાં માતાની ગરિમા અપૂર્વ છે. તેવી જ રીતે આ અષ્ટ પ્રવચન માતાઓ અધ્યાત્મ જગતની જગદંબા છે. લૌકિક જગતમાં માતાનો જેટલો ઉપકાર છે, તેનાથી પણ અનંતગુણો ઉપકાર આધ્યાત્મિક જીવનમાં આ અષ્ટ પ્રવચન માતાનો છે. તેનું સવિધિ પાલન કરીને સાધક અનંત સંસારમાં કર્મોથી મુક્ત થાય છે. સૂત્રકારે ત્રીજા અને પાંચમાં સમવાયમાં ગુપ્તિ અને સમિતિનું કથન કર્યુ છે, પ્રસ્તુતમાં બંનેનું સાથે કથન છે.

**૨ वाणमंतराणं देवाणं चेइयरुक्खा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता। जंबू णं सुदंसणा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । कूडसामली णं गरुलावासे अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते । जंबुद्दीवस्स णं जगई अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોના ચૈત્યવૃક્ષ આઠ યોજન ઊંચા છે. ઉત્તરકુરુક્ષેત્રમાં રહેલું પૃથ્વીમય સુદર્શન જંબૂ નામનું વૃક્ષ આઠ યોજન ઊંચું છે. દેવકુરુક્ષેત્રમાં રહેલું ગરુડના આવાસભૂત પાર્થિવ કૂટશાલ્મલિ વૃક્ષ આઠ યોજન ઊંચું છે. જંબૂદ્વીપની જગતી (કિલ્લો) આઠ યોજન ઊંચી છે.

**३ अट्ठसमइए केवलिसमुग्घाए पण्णत्ते, तं जहा– पढमे समए दंडं करेइ, बीए समए कवाडं करेइ, तइय समए मंथं करेइ, चउत्थे समए मंथंतराइं पूरेइ, पंचमे समए मंथंतराइं पडिसाहरइ, छट्ठे समए मंथं पडिसाहरइ । सत्तमे समए कवाडं पडिसाहरइ, अट्ठमे समए दंडं पडिसाहरइ । ततो पच्छा सरीरत्थे भवइ ।**

**ભાવાર્થ :–** કેવળી સમુદ્ઘાતના આઠ સમય છે, યથા– કેવળી ભગવાન પ્રથમ સમયમાં આત્મ પ્રદેશોનો દંડ કરે છે, બીજા સમયમાં કપાટ કરે છે, ત્રીજા સમયમાં મન્થાન કરે છે, ચોથા સમયમાં મન્થાનના અંતરાલોને પૂરે છે અર્થાત્ લોકપૂરણ કરે છે, પાંચમા સમયમાં મન્થાનના અંતરાલથી આત્મપ્રદેશોનો પ્રતિસંહાર(સંકોચ) કરે છે, છઠ્ઠા સમયમાં મન્થાનનો પ્રતિસંહાર કરે છે, સાતમા સમયમાં કપાટનો પ્રતિસંહાર કરે છે અને આઠમા સમયમાં દંડનો પ્રતિસંહાર કરે છે અને તેનાં સમસ્ત આત્મપ્રદેશ શરીર પ્રમાણ થઈ જાય છે.

**४ पासस्स णं अरहओ पुरिसादाणियस्स अट्ठ गणा अट्ठ गणहरा होत्था, तं जहा–**

**सुभे य सुभघोसे य वसिट्ठे बंभयारी य ।**
**सोमे सिरिधरे चेव वीरभद्दे जसे इ य।।१।।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય અર્થાત્ પુરુષો દ્વારા જેમનું નામ આજ પણ શ્રદ્ધા અને આદરપૂર્વક સ્મરણ કરવામાં આવે છે, એવા પાર્શ્વનાથ તીર્થંકર દેવના આઠ ગણ અને આઠ ગણધર હતા, યથા– શુભ, શુભઘોષ, વશિષ્ઠ, બ્રહ્મચારી, સોમ, શ્રીધર, વીરભદ્ર અને યશ. ॥૧॥

**૫ अट्ठ णक्खत्ता चंदेणं सद्धिं पमद्द जोगं जोएंति, तं जहा– कत्तिया, रोहणी, पुणव्वसू, महा, चित्ता, विसाहा, अणुराहा, जेट्ठा ।**

**ભાવાર્થ :–** આઠ નક્ષત્ર ચંદ્ર સાથે પ્રમર્દ યોગ કરે છે, જેમ કે– (૧) કૃત્તિકા (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) મઘા (૫) ચિત્રા (૬) વિશાખા (૭) અનુરાધા (૮) જયેષ્ઠા.

**વિવેચન :–**

**પ્રમર્દ યોગ**–જે નક્ષત્રો ચંદ્રની ઉપર કે નીચે સીધાઈમાં રહીને સાથે ચાલે, તેવા નક્ષત્રોનો ચંદ્ર સાથે પ્રમર્દ યોગ થાય છે. જયેષ્ઠા નક્ષત્રને ચંદ્ર સાથે હંમેશાં પ્રમર્દયોગ જ હોય છે.

કૃત્તિકાદિ સાત નક્ષત્રો ઉત્તર અને દક્ષિણ દિશાથી પ્રમર્દયોગ કરે છે. ચંદ્ર જ્યારે બહાર જતો હોય ત્યારે આ સાત નક્ષત્રો ઉત્તરદિશાથી પ્રમર્દયોગ કરે છે અને ચંદ્ર અંદર આવતો હોય ત્યારે દક્ષિણ દિશાથી પ્રમર્દયોગ કરે છે.

ચંદ્રપ્રજ્ઞપ્તિ–સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર, પ્રાભૃત–૧૦, પ્રતિપ્રાભૃત–૧૧, અનુસાર ૧૦ નક્ષત્ર પ્રમર્દયોગી છે. તેમાંથી કૃત્તિકાદિ સાત નક્ષત્રો ઉત્તર–દક્ષિણ દિશાથી પ્રમર્દયોગ કરે છે. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર દક્ષિણ દિશાથી પ્રમર્દયોગ કરે છે, એક જયેષ્ઠા નક્ષત્ર કેવલ પ્રમર્દયોગી છે, તેવું કથન છે. આ રીતે દશ નક્ષત્ર પ્રમર્દયોગી છે, પરંતુ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા, આ બે નક્ષત્રના બે તારાઓ જ દક્ષિણ દિશાથી પ્રર્મદ યોગ કરે છે અને આઠમું સ્થાન હોવાથી, આ બેની ગણના અહીં કરી નથી.

**૬ इमीसे णं रयणप्पभीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठ पलिओवमाइं ठिई पण्णत्ता । चउत्थीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठ सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं अट्ठ पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं अट्ठ पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ આઠ પલ્યોપમની છે. ચોથી પંકપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ આઠ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ આઠ પલ્યોપમની છે. સૌધર્મ, ઈશાનકલ્પના કેટલાક દેવોની સ્થિતિ આઠ પલ્યોપમની છે.

**૭ बंभलोए कप्पे अत्थेगइयाणं देवाणं अट्ठ सागरोवमाइं ठिई पण्णत्ता । जे**

**देवा अच्चिं, अच्चिमालिं, वइरोयणं, पभंकरं, चंदाभं, सूराभं, सुपइट्ठाभं, अग्गिच्चाभं, रिट्ठाभं, अरुणाभं, अरुणुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसिं णं देवाणं उक्कोसेणं अट्ठ सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा अट्ठण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, ऊससंति वा णीससंति वा। तेसिं णं देवाणं अट्ठहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક કલ્પના કેટલાક દેવોની સ્થિતિ આઠ સાગરોપમની છે. ત્યાં જે દેવ અર્ચિ, અર્ચિમાલી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂરાભ, સુપ્રતિષ્ઠાભ, અગ્નિઅર્ચ્યાભ, રિષ્ટાભ, અરુણાભ, અરુણુત્તરાવતંસક નામનાં વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ આઠ સાગરોપમની છે. તે દેવ આઠ અર્ધમાસે (૪ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. આ દેવોને આઠ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૮ संतेगइया भवसिद्धिया जीवा जे अट्ठहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો આઠ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૮ સંપૂર્ણ

# નવમું સમવાય

## પરિચય :-

આ સમવાયમાં નવ–નવ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા–નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, નવ બ્રહ્મચર્યની અગુપ્તિ, આચારંગ સૂત્રના નવ બ્રહ્મચર્ય અધ્યયન, ભગવાન પાર્શ્વનાથની નવ હાથ ઊંચાઈ, વાણવ્યંતર દેવોની સૌધર્મ સભાની નવ યોજન ઊંચાઈ, અભિજિત નક્ષત્ર આદિનો ચંદ્રસંયોગ, નવ યોજનવાળા મચ્છનો જંબૂદ્વીપમાં પ્રવેશ, દર્શનાવરણીય કર્મની નવ પ્રકૃતિઓ, નારકી અને દેવોની નવ પલ્યોપમની અને નવ સાગરોપમની સ્થિતિ તથા નવ ભવ કરીને મોક્ષ પ્રાપ્ત કરનારા જીવોનું વર્ણન છે.

**१ णव बंभचेरगुत्तीओ पण्णत्ताओ तं जहा- णो इत्थि-पसु-पंडगसंसत्ताणि सिज्जासणाणि सेवित्ता भवइ, णो इत्थीणं कहं कहित्ता भवइ, णो इत्थीणं ठाणाइं सेवित्ता भवइ, णो इत्थीणं इंदियाणि मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवइ, णो पणीयरसभोई भवइ, णो पाणभोयणस्स अइमायाए आहारइत्ता भवइ, णो इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं समरइत्ता भवइ, णो सद्दाणुवाई, णो रूवाणुवाई, णो गंधाणुवाई, णो रसाणुवाई, णो फासाणुवाई, णो सिलोगाणुवाई भवइ, णो सायासोक्खपडिबद्धे यावि भवइ ।**

**ભાવાર્થ :-** બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓ છે, જેમ કે– **૧.** સ્ત્રી, પશુ અને નપુંસકથી યુક્ત શય્યા, આસનનું સેવન કરવું નહીં. **૨.** સ્ત્રીઓની વાતો કરવી નહીં. **૩.** સ્ત્રીના સ્થાન, આસનનો ઉપયોગ કરવો નહીં. **૪.** સ્ત્રીઓની મનોહર ઈન્દ્રિયો અને રમણીય અંગોને જોવાં નહિ અને તેનું ચિંતન કરવું નહીં. **૫.** માદક, રસયુક્ત, પદાર્થનું ભોજન કરવું નહીં. **૬.** વધારે માત્રામાં ખાન પાન કે આહાર કરવા નહીં. **૭.** સ્ત્રીઓની સાથે પૂર્વે ભોગવેલા રતિ કે પૂર્વે ભોગવેલી ક્રીડાઓ યાદ કરવી નહીં. **૮.** કામોદ્દીપક શબ્દો સાંભળવા નહીં, કામોદ્દીપક રૂપો જોવા નહીં, કામોદ્દીપક ગંધ સૂંઘવી નહીં, કામોદ્દીપક રસનો સ્વાદ લેવો નહીં, કામોદ્દીપક કોમળ મૃદુ શય્યા વગેરેનો સ્પર્શ કરવો નહીં અને પ્રશંસા સાંભળવામાં આસક્ત થવું નહીં. **૯.** શાતા વેદનીયના ઉદયથી મળેલા સુખમાં આસક્ત રહેવું નહિ.

## વિવેચન :-

**बंभचेर गुत्ती** બ્રહ્મચર્યની રક્ષા માટે બતાવેલા ઉપાયો અને સાધનોને ભગવાને સમાધિ અને ગુપ્તિ કહ્યા છે, લોકભાષામાં તેને વાડ કહે છે. જેમ બગીચાનો માળી પોતાના બગીચાના છોડની રક્ષા

કરવા માટે કાંટાની વાડ બનાવે છે અથવા ખેડૂત પોતાના ખેતરની, ખેતરના પાકની રક્ષા માટે ખેતરને ફરતે વાડ બનાવે છે, તેમ સાધનાના ક્ષેત્રમાં બ્રહ્મચર્યરૂપ છોડની રક્ષાને માટે વાડની ખૂબ જ જરૂર છે. બ્રહ્મચર્યનો મહિમા અને ગરિમા અપૂર્વ છે. જેમ સર્વ શ્રમણોમાં તીર્થંકર શ્રેષ્ઠ છે તેમ સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય મહાન છે. જે સાધકે એક બ્રહ્મચર્યની પૂર્ણ આરાધના કરી છે તેમણે સર્વ વ્રતોની આરાધના કરી છે. 'બ્રહ્મ' શબ્દના ત્રણ મુખ્ય અર્થ છે– વીર્ય, આત્મા અને વિદ્યા. 'ચર્ય' શબ્દના પણ ત્રણ અર્થ છે– ચર્યા, રક્ષણ અને રમણ. આ રીતે બ્રહ્મચર્યના ત્રણ અર્થ છે. બ્રહ્મચર્યથી આત્મા સ્વરૂપ લીન બને છે. આત્મસ્વરૂપમાં લીન થઈને જ્ઞાનાર્જન કરાય છે, બ્રહ્મચર્યથી આત્મશુદ્ધિ થાય છે. બ્રહ્મચર્યની પૂર્ણ સાધના કરવાથી અપૂર્વ માનસિક શક્તિ અને શરીર બળ પ્રાપ્ત થાય છે. આ રીતે બ્રહ્મચર્યથી આત્મિક, માનસિક અને શારીરિક એમ ત્રણે પ્રકારે વિકાસ થાય છે. બ્રહ્મચર્યનાં સમાધિસ્થાન અને અસમાધિ સ્થાનનું સુંદર વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રમાં છે, બ્રહ્મચર્યની સાધના કરનાર સાધકોના માટે તે અત્યંત ઉપયોગી છે. ગ્રંથકારોએ બ્રહ્મચર્યની નવવાડ દૃષ્ટાંત સાથે સમજાવી છે, યથા–

**(૧) વિવક્ત-શયનાસન**–સ્ત્રી, પશુ, પંડગ-નપુંસક સહિત સ્થાનમાં રહેવું નહીં, રહે તો **ઊંદરને બિલાડીનું દૃષ્ટાંત.** જે રીતે ઉંદરને બિલાડીના સ્થાનમાં રહેવું ભયજનક છે. બિલાડી ક્યારે તરાપ મારે તે કહી શકાય નહીં, બિલાડીની પાસે ઉંદરનું રહેવું, તે તેના નાશનું કારણ છે. તે જ રીતે બ્રહ્મચારી સાધુએ સ્ત્રી સંસક્ત સ્થાનમાં, સાધ્વીએ પુરુષયુક્ત સ્થાનમાં કે પશુ કે નપુંસકયુક્ત સ્થાનમાં રહેવું, તે ભયજનક છે. વિજાતીય વ્યક્તિના સંપર્કથી વાસનાના સંસ્કાર ક્યારે જાગૃત થાય, તે કહી શકાતું નથી, તેથી સાધકે વિજાતીય યુક્ત સ્થાનનો ત્યાગ કરવો હિતાવહ છે.

**(૨) સ્ત્રીકથા પરિહાર**– સ્ત્રીઓની સાથે કથા, વાર્તા કે તેના રૂપ, ગુણ આદિની પ્રશંસા કરવી નહીં, કરે તો **લીંબુને દાઢનું દૃષ્ટાંત.** જેમ લીંબુને જોવા માત્રથી અથવા તેની ખટાશના સ્પર્શથી મોઢામાં પાણી આવે છે, તેની રસેન્દ્રિય રસમાં આકર્ષિત થાય છે. તેમ સ્ત્રીકથા મૈથુન સંજ્ઞાની ઉત્પત્તિનું એક કારણ છે. સ્ત્રીકથા સાધકની સુષુપ્ત વૃત્તિને જાગૃત કરે છે. તેથી સાધકોએ સ્ત્રીકથાનો અને સાધ્વીએ પુરુષ કથાનો ત્યાગ કરવો જરૂરી છે.

**(૩) નિષદ્યાનુપવેશન**– સ્ત્રી જે આસને બેઠી હોય, તે આસને અંતર્મુહૂર્ત ગયા પહેલાં પુરુષે અને પુરુષ બેઠા હોય તે આસન ઉપર બ્રહ્મચારી સ્ત્રીએ બેસવું નહીં, બેસે તો **કોળુંને કણકનું દૃષ્ટાંત.** જેમ કણક-ઘઉંનો લોટ બાંધ્યા પછી તેની પાસે ભૂરૂં કોળું રાખવાથી લોટનો કસ ઊડી જાય છે તેમ સ્ત્રીના આસન પર તુરંત બેસવાથી સાધકનું સત્ત્વ નાશ પામે છે.

**(૪) સ્ત્રી અંગોપાંગ દર્શન ત્યાગ**– બ્રહ્મચારી પુરુષે સ્ત્રીઓના અને બ્રહ્મચારી સ્ત્રીએ પુરુષોના અંગોપાંગ વિષય બુદ્ધિથી નિરખવા નહીં, નિરખે તો **સૂર્યને નેત્રનું દૃષ્ટાંત.** જેમ સૂર્ય સામે એકીટસે જોવાથી આંખમાં પાણી આવે છે, નેત્રનું તેજ ઘટે છે. સતત સૂર્યની સામે દૃષ્ટિ રાખવી, તે આંખને માટે હાનિકારક છે. તેમ વિષય બુદ્ધિથી સ્ત્રીઓના અંગોપાંગનું દર્શન કરવું, તે સાધુ માટે હાનિકારક છે. સુજ્ઞ પુરુષ સૂર્ય તરફથી દૃષ્ટિ તુરંત હટાવી લે છે તેમ સુજ્ઞ સાધક પણ વિજાતીય વ્યક્તિ પર દૃષ્ટિ સ્થિર કરતા નથી.

**(૫) પ્રણીત ભોજન ત્યાગ–** વિકારોત્પાદક ગરિષ્ટ ભોજન કરવું નહીં અથવા પ્રતિદિન વિગયયુક્ત સ્વાદિષ્ટ ભોજન કરવું નહીં. કરે તો **સનેપાતવાળાને દૂધ-સાકરનું દષ્ટાંત.**જેમ સનેપાતના દર્દી માટે દૂધ, સાકર હાનિકારક છે, તેનાથી સનેપાત વધે છે. તેમ ગરિષ્ટ ભોજનથી સાધુની વૃત્તિઓ વિકૃત બને છે. રસેન્દ્રિયની આસક્તિથી કામવાસના જાગૃત થાય છે, તેથી સાધુઓ લુખો-સૂકો આહાર કરવાનું વધુ પસંદ કરે છે.

**(૬) અતિમાત્ર ભોજન ત્યાગ–** અતિમાત્રામાં આહાર કરવો નહીં, કરે તો **શેરની તોલડી ને બશેરનું દષ્ટાંત.** શેર પ્રમાણ પાત્રમાં બશેર વસ્તુ નાંખતા તે પાત્ર તૂટી જાય કે નાશ પામે છે અથવા વધારાની વસ્તુ ઢોળાય જાય છે, તેમ અધિક આહાર બ્રહ્મચારી માટે જોખમકારક છે.

**(૭) પૂર્વભોગ–અસ્મરણ–** પૂર્વે ભોગવેલા કામભોગોનું સ્મરણ કરવું નહીં. સ્મરણ કરે તો **મુસાફરને છાસના વલોણાનું દષ્ટાંત.** તે કથાનક આ પ્રમાણે છે– એકદા એક મુસાફર મુસાફરી દરમ્યાન એક ગામમાંથી પસાર થઈ રહ્યો હતો. અત્યંત તૃષાતુર બનેલા મુસાફરે એક ડોસીને ત્યાં વલોણાની છાસ પીધી. તે મુસાફર છ મહિને પાછો આવ્યો, ત્યારે ડોસીએ કહ્યું, ભાઈ ! તમે હજુ જીવો છો ? ભાઈએ કહ્યું, કેમ શું થયું ? ડોસીએ કહ્યું, તમે છ મહિના પહેલા મારા ઘેર આવ્યા ત્યારે છાસ પીધી હતી, તે છાસની દોણીમાં સર્પ હતો. તમે ગયા પછી મને ખબર પડી. મને એમ હતું કે તમે સર્પના વિષથી મિશ્રિત છાસથી મૃત્યુ પામી ગયા હશો. પેલા ભાઈને છ મહિના પહેલાની ઘટનાનું સ્મરણ થયું અને વિષમિશ્રિત છાસના સ્મરણથી છ મહિના પછી તેનું વિષ ચડ્યું અને તે ભાઈ મૃત્યુ પામ્યો.

તેમ વર્ષો પહેલા ભોગવેલા ભોગોનું સ્મરણ અબ્રહ્મચર્યના ભાવોને જાગૃત કરે છે અને સાધકના વર્તમાનના સાધુજીવનનો નાશ કરે છે.

**(૮) કામોદીપક શબ્દાદિ શ્રવણાદિ વર્જન (કુડાયાન્તર શબ્દ શ્રવણાદિ વર્જન)–** દિવાલ આદિના આંતરે રહીને સ્ત્રીના(સાધ્વીએ પુરુષના) શબ્દ, ગીત આદિ સાંભળવા નહીં કામોત્તેજક રૂપના દર્શન કરવા નહી , કામોત્તેજક ગંધાદિ સૂંઘવા નહીં અથવા સ્ત્રી રહેતી હોય, ત્યાં એક ભીંતના આંતરે રહેવું નહીં, રહે તો **લાખ, અગ્નિ અને મીણનું દષ્ટાંત.** જેમ અગ્નિની સમીપે રહેલું લાખ કે મીણ ઓગળી જાય છે. તેમ એક ભીંતના આંતરે અર્થાત્ સ્ત્રીની સમીપે રહીને તેના શબ્દાદિ શ્રવણથી સાધકનો બ્રહ્મચર્યનો ભાવ ઓગળી જાય, સાધક સ્વમાર્ગથી ચલિત થઈ જાય છે.

**(૯) શાતાવેદનીયોદયે પ્રાપ્ત સુખ સાધનો–વિભૂષાદિનું પરિવર્જન–** શરીર પર શોભા-વિભૂષા કરવી નહીં, કરે તો **રાંકના હાથમાં રત્નનું દષ્ટાંત.** રાંક-દીન પુરુષ રત્નના મૂલ્યને સમજતો ન હોવાથી રત્નને વેડફી નાંખે અથવા ખોઈ નાંખે છે. તે રત્નનું અવમૂલ્યાંકન કરે છે, તેમ સાધકો શરીર પર શોભા-વિભૂષા કરીને આત્માનું અવમૂલ્યાંકન કરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૧૬માં બ્રહ્મચર્યના દસ સમાધિ સ્થાનનું, શ્રી ઠાણાંગ સૂત્ર અને પ્રસ્તુત સમવાયાંગ સૂત્રમાં નવ બ્રહ્મચર્યની ગુપ્તિનું તથા આવશ્યક વૃત્તિ વગેરે ગ્રંથોમાં બ્રહ્મચર્યની સદષ્ટાંત

નવવાડનું વર્ણન પ્રાપ્ત થાય છે. તેમાં નામ, સંખ્યા અને ક્રમમાં ભિન્નતા પ્રતીત થાય છે પણ ભાવમાં ભિન્નતા નથી.

**આગમોક્ત બ્રહ્મચર્યસ્થાનની તુલનાઃ–**

| | શ્રી સમવાયાંગ સૂત્ર | શ્રી ઠાણાંગ સૂત્ર | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | આવશ્યકવૃત્તિ–ગ્રંથ સાહિત્ય |
|---|---|---|---|---|
| નામ | બ્રહ્મચર્યની નવ ગુપ્તિ | બ્રહ્મચર્યની નવ ગુપ્તિ | દસ બ્રહ્મચર્ય સમાધિસ્થાન | બ્રહ્મચર્યની નવ વાડ |
| ૧ | સ્ત્રી,પશુ, પંડકથી સંસક્ત સ્થાનનું સેવન કરે નહીં. | સ્ત્રી,પશુ, પંડકથી વિવક્ત–રહિત સ્થાનનું સેવન કરે | વિવક્ત શયનાસનનું સેવન કરે | વિવક્ત શયનાસન નું સેવન કરે |
| ૨ | સ્ત્રીની વાતો કરે નહીં. | સ્ત્રીની વાતો કરે નહીં. | સ્ત્રીની કથા–વાતો કરે નહીં. | સ્ત્રીની કથા પરિહાર |
| ૩ | સ્ત્રી સ્થાનનો ઉપયોગ કરે નહીં. | સ્ત્રી સ્થાનનો ઉપયોગ કરે નહીં. | સ્ત્રી સાથે એક આસન ઉપર બેસે નહીં. | નિષાદ્યાનુપવેશન |
| ૪ | સ્ત્રીની મનોહર, સુંદર ઈંદ્રિયોને જુએ નહીં, તેનું ચિંતન કરે નહીં. | સ્ત્રીની મનોહર, સુંદર ઈંદ્રિયોને જુએ નહીં, તેનું ચિંતન કરે નહીં. | સ્ત્રીની મનોહર, સુંદર ઈંદ્રિયોને જુએ નહીં, તેનું ચિંતન કરે નહીં. | સ્ત્રી અંગોપાંગ દર્શન ત્યાગ |
| ૫ | પ્રણીત (માદક) ભોજન કરે નહીં. | પ્રણીત (માદક) ભોજન કરે નહીં. | કુડયાંતર(ભીંત પાછળથી) સ્ત્રીના શબ્દો સાંભળે નહીં | કુડયાંતર(ભીંત આંતરે) શબ્દ શ્રવણાદિ વર્જન |
| ૬ | અતિ માત્રામાં ભોજન કરે નહીં. | અતિ માત્રામાં ભોજન કરે નહીં. | પૂર્વે ભોગવેલી રતિક્રીડાનું સ્મરણ કરે નહીં. | પૂર્વ ભોગ અસ્મરણ |
| ૭ | પૂર્વ ભુક્ત ભોગોનું સ્મરણ કરે નહીં. | પૂર્વે ભોગવેલા કામ ભોગોનું સ્મરણ કરે નહીં. | પ્રણીત આહાર વર્જન | પ્રણીત ભોજન ત્યાગ |
| ૮ | શબ્દાનુવાદી, રૂપાનુવાદી ગંધ, સ્વાદ, સ્પર્શ અને પ્રશંસાનુવાદી ન થાય અર્થાત શબ્દાદિમાં આસક્તિપૂર્વક પ્રવૃત થાય નહીં. | શબ્દાનુવાદી, રૂપાનુવાદી ન થાય, કામોત્તેજક શબ્દાદિ વિષયોનું સેવન કરે નહીં. | અતિમાત્રામાં ભોજન કરે નહીં. | અતિમાત્રામાં ભોજન ત્યાગ |
| ૯ | શાતાજન્ય સુખમાં આસક્ત થાય નહીં. | શાતાજન્ય સુખમાં આસક્ત થાય નહીં, સુખશીલ બને નહીં.. | વિભૂષાનુવાદી થાયનહીં. અર્થાત વિભૂષાની પ્રવૃત્તિ કરે નહીં. | વિભૂષા પરિવર્જન |
| ૧૦ | | | શબ્દાનુવાદી, રૂપ,રસ, ગંધ,સ્પર્શાનુવાદી ન થાય. વારંવાર આસક્તિપૂર્વક શબ્દાદિ વિષયોને ભોગવે નહીં | |

**૨** **णव बंभचेर अगुत्तीओ पण्णत्ताओ तं जहा– इत्थी–पसु–पंडगसंसत्ताणं सिज्जासणाणं सेवित्ता भवइ, इत्थीणं कहं कहित्ता भवइ, इत्थीणं ठाणाइं**

**सेवित्ता भवइ, इत्थीणं इंदियाणि मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवइ, पणीयरसभोई भवति, पाण–भोयणस्स अइमायाए आहारइत्ता भवइ, इत्थीणं पुव्वरयाइं पुव्वकीलियाइं समरइत्ता भवइ, सद्दाणुवाई रूवाणुवाई गंधाणुवाई रसाणुवाई फासाणुवाई सिलोगाणुवाई भवइ, सायासुक्खपडिबद्धे यावि भवइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની નવ અગુપ્તિઓ (વિનાશકારિણી) છે, જેમ કે– **૧.** સ્ત્રી, પશુ અને નપુંસકથી યુક્ત શય્યા, આસનનું સેવન કરવું. **૨.** સ્ત્રીઓ સંબંધી વાતો કરવી, સ્ત્રીઓની કથાઓ કહેવી. **૩.** સ્ત્રીના સ્થાન, આસનનું સેવન કરવું અર્થાત્ તેની સાથે એક આસને બેસવું અથવા સ્ત્રી બેઠેલી હોય તે જગ્યાએ બેસવું. **૪.** સ્ત્રીઓની મનોહર ઈન્દ્રિયો અને મનોરમ્ય અંગોને જોવાં અને તેનું ચિંતન કરવું. **૫.** માદક રસયુક્ત ભારે પદાર્થનું ભોજન કરવું. **૬.** વધારે પ્રમાણમાં આહાર–પાણી વાપરવાં. **૭.** સ્ત્રીઓની સાથે પૂર્વે ભોગવેલા રતિ કે ક્રીડાઓ યાદ કરવાં. **૮.** કામોદ્દીપક શબ્દો સાંભળવા, કામોદ્દીપક રૂપો જોવાં, કામોદ્દીપક ગંધ સૂંઘવી, કામોદ્દીપક રસોનો સ્વાદ લેવો, કામોદ્દીપક સુંવાળી કોમળ પથારીનો સ્પર્શ કરવો, તેના ઉપર બેસવું, સૂવું, પ્રસંશાવચનો સાંભળવામાં આસકત રહેવું. **૯.** સુખમાં આસક્ત રહેવું, સુખ માટે લાલાયિત રહેવું.

તાત્પર્ય એ છે કે, આ નવ પ્રકારનાં કાર્યોના સેવનથી બ્રહ્મચર્ય નાશ પામે છે, માટે તેને બ્રહ્મચર્યની અગુપ્તિ કહે છે.

**३ णव बंभचेरा पण्णत्ता तं जहा–**

**सत्थपरिण्णा लोगविजयो, सीओसणिज्जं सम्मत्तं।**
**आवंति धुत विमोहा, उवहाणसुयं महापरिण्णा।।१।।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યના (આચારાંગ સૂત્રના) અધ્યયન નવ છે, જેમ કે– ૧. શસ્ત્રપરિજ્ઞા ૨. લોક વિજય ૩. શીતોષ્ણીય ૪. સમ્યક્ત્વ ૫. આવંતી ૬. ધૂત ૭. વિમોહ ૮. ઉપધાન શ્રુત ૯. મહાપરિજ્ઞા.

**વિવેચન :–**

કુશળ કે પ્રશસ્ત આચરણને બ્રહ્મચર્ય કહે છે અને તેનું કથન કરનારા અધ્યયન પણ બ્રહ્મચર્ય કહેવાય છે. આચારાંગ સૂત્રના પહેલા શ્રુતસ્કંધમાં કુશળ અનુષ્ઠાનોનાં પ્રતિપાદક નવ અધ્યયન છે. તેને અહીં 'નવબંભચેર' નામથી કહ્યા છે. નિશીથ સૂત્રનાં ઓગણીસમા ઉદ્દેશકમાં પણ આ અધ્યયનોને નવબંભચેર કહ્યા છે.

**४ पासे णं अरहा पुरिसादाणीए णव रयणीओ उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંત ભગવાન નવ હાથ ઊંચા હતાં.

**૫ अभीइणक्खत्ते साइरेगे णव मुहुत्ते चंदेण सद्धिं जोगं जोएइ । अभीजियाइया णव णक्खत्ता चंदस्स उत्तरेणं जोगं जोएंति, तं जहा– अभीइ सवणो** *जाव* **भरणी ।**

**ભાવાર્થ :–** અભિજિત નક્ષત્ર સાધિક નવ મુહૂર્ત પર્યંત ચંદ્ર સાથે યોગ કરે છે. અભિજિત વગેરે નવ નક્ષત્ર ચંદ્ર સાથે ઉત્તર દિશા તરફથી યોગ કરે છે, અભિજિત, શ્રવણથી લઈને ભરણી સુધીના નવ નક્ષત્ર જાણવા જોઈએ.

**વિવેચન :–**

જે નક્ષત્ર પરિભ્રમણ કરતાં–કરતાં જેટલો સમય ચંદ્રની સાથે રહે છે, તેનો તે ચંદ્ર સાથેનો યોગ કહેવાય છે. અભિજિત વગેરે નવ નક્ષત્ર ઉત્તર દિશાથી ચંદ્ર સાથે યોગ કરે છે, તેનાં નામ આ પ્રમાણે છે– અભિજિત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી. ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર પ્રાભૃત–૧૦, પ્રતિ પ્રાભૃત–૧૧ માં... **जे णं सया चंदस्स उत्तरेणं जोयं जोणंति तेणं बारस,...** સૂત્ર પાઠ સૂચિત કરે છે કે અભિજિતથી સ્વાતિ પર્યંતના ૧૨ નક્ષત્રો ઉત્તરદિશાથી ચંદ્ર સાથે યોગ કરે છે. પ્રસ્તુત નવમું સમવાય હોવાથી નવનક્ષત્રના નામ કહ્યા છે, પરંતુ પૂર્વા ફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની તથા સ્વાતિનક્ષત્ર પણ ઉત્તરદિશાથી ચંદ્ર સાથે યોગ કરે છે, તેમ સમજવું.

**૬ इमीसे णं रयणप्पभाए बहुसमरमणिज्जाओ भूमिभागाओ णव जोयणसए उड्ढं अबाहाए उवरिल्ले तारारुवे चारं चरइ । जंबुद्दीवे णं दीवे णवजोयणिया मच्छा पविसिंसु वा पविसंति वा पविसिस्संति वा । विजयस्स णं दारस्स एगमेगाए बाहाए णव णव भोमा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિ ભાગથી નવસો યોજન ઉપર અબાધિત રૂપે તારાઓ સંચાર કરે છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં નવ યોજનવાળા માછલાં ભૂતકાળમાં નદીના મુખથી પ્રવેશ કરતાં હતાં, વર્તમાનમાં પ્રવેશ કરે છે અને ભવિષ્યમાં પ્રવેશ કરશે. જંબૂદ્વીપના વિજય નામના પૂર્વ દ્વારની બંને બાજુ નવ–નવ ભોમ અર્થાત્ વિશિષ્ટ ભવન છે.

**૭ वाणमंतराणं देवाणं सभाओ सुहम्माओ णव जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોની સુધર્મા નામની સભાઓ નવ યોજન ઊંચી છે.

**૮ दंसणावरणिज्जस्स णं कम्मस्स णव उत्तरपगडीओ पण्णत्ताओ,**

**तं जहा– णिद्दा, पयला, णिद्दाणिद्दा, पयलापयला, थीणद्धी, चक्खुदंसणावरणे, अचक्खु दंसणावरणे, ओहिदंसणावरणे, केवलदंसणावरणे ।**

**ભાવાર્થ :–** દર્શનાવરણીયકર્મની નવ ઉત્તર પ્રકૃતિઓ છે, જેમ કે– નિદ્રા, પ્રચલા, નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને કેવળદર્શનાવરણીય.

**९ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं णव पलिओवमाइं ठिई पण्णत्ता । चउत्थीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं णव सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं णव पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं णव पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ નવ પલ્યોપમની છે. ચોથી પંકપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ નવ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ નવ પલ્યોપમની છે. સૌધર્મ, ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ નવ પલ્યોપમની છે.

**१० बंभलोए कप्पे अत्थेगइयाणं देवाणं णव सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा पम्हं सुपम्हं पम्हावत्तं पम्हप्पभं पम्हकंतं पम्हवण्णं पम्हलेसं पम्हज्झयं पम्हसिंगं पम्हसिट्ठं पम्हकूडं पम्हुत्तरवडिंसगं; सुज्जं सुसुज्जं सुज्जावत्तं सुज्जपभं सुज्जकंतं सुज्जवण्णं सुज्जलेसं सुज्जज्झयं सुज्झसिंगं सुज्जसिट्ठं सुज्जकूडं सुज्जुत्तरवडिंसगं; रुइल्लं रुइल्लावत्तं रुइल्लप्पभं रुइल्लकंतं रुइल्लवण्णं रुइल्ललेसं रुइल्लज्झयं रुइल्लसिंगं रुइल्लसिट्ठं रुइल्लकूडं रुइल्लुत्तरवडिंसगं विमाणं देवत्ताए उव्वण्णा, तेसिं णं देवाणं णव सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा णवण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसिं णं देवाणं णवहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક કલ્પના કેટલાક દેવોની સ્થિતિ નવ સાગરોપમ છે. ત્યાં જે દેવ પક્ષ્મ, સુપક્ષ્મ, પક્ષ્માવર્ત, પક્ષ્મપ્રભ, પક્ષ્મકાંત, પક્ષ્મવર્ણ, પક્ષ્મલેશ્ય, પક્ષ્મધ્વજ, પક્ષ્મશ્રૃંગ, પક્ષ્મસૃષ્ટ, પક્ષ્મકૂટ, પક્ષ્મોત્તરાવતંસક; સૂર્ય, સુસૂર્ય, સૂર્યાવર્ત, સૂર્યપ્રભ, સૂર્યકાંત, સૂર્યવર્ણ, સૂર્યલેશ્ય, સૂર્યધ્વજ, સૂર્યશ્રૃંગ, સૂર્યસૃષ્ટ, સૂર્યકૂટ, સૂર્યોત્તરાવતંસક; રુચિર, રુચિરાવર્ત, રુચિરપ્રભ, રુચિરકાંત, રુચિરવર્ણ, રુચિરલેશ્ય,

રુચિરધ્વજ, રુચિરશ્રૃંગ, રુચિરસૃષ્ટ, રુચિરકૂટ અને રુચિરોત્તરાવતંસક નામવાળાં વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની સ્થિતિ નવ સાગરોપમની છે. આ દેવો નવ અર્ધમાસે (સાડા ચાર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. આ દેવોને નવ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા થાય છે.

**૧૧ अत्थेगइया भवसिद्धिया जीवा जे णवहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો નવ ભવ ધારણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ જ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૯ સંપૂર્ણ**

# દશમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં દશ–દશ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા–શ્રમણોના દશ ધર્મ, ચિત્તસમાધિનાં દશ સ્થાન, સુમેરુ પર્વતનો મૂળમાં દશ હજાર યોજન વિષ્કંભ, ભગવાન અરિષ્ટનેમિ, કૃષ્ણ વાસુદેવ, બલદેવની દશ ધનુષની ઊંચાઈ, દશ જ્ઞાનવૃદ્ધિકારક, નક્ષત્રો, દશ કલ્પવૃક્ષો, નારકીઓ અને દેવોની દશ પલ્યોપમ અને દશ સાગરોપમની સ્થિતિ, તથા દશ ભવ કરીને મોક્ષે જનારા જીવોનું કથન છે.

**૧ दसविहे समणधम्मे पण्णत्ते, तं जहा– खंती, मुत्ती, अज्जवे, मद्दवे, लाघवे, सच्चे, संजमे, तवे, चियाए, बंभचेरवासे ।**

**ભાવાર્થ :–** શ્રમણધર્મના દસ પ્રકાર છે. યથા– ક્ષમા, નિર્લોભતા, સરળતા, નમ્રતા, લાઘવતા, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ.

**વિવેચન :–**

**શ્રમણધર્મ–** જે આરંભ–પરિગ્રહ અને ઘરબારનો ત્યાગ કરીને અને સંયમ ધારણ કરીને તેનું નિર્દોષ પાલન કરવા માટે નિરંતર શ્રમ કરે છે, તેને શ્રમણ કહે છે. શ્રમણોને પાલન કરવા યોગ્ય ધર્મને શ્રમણધર્મ કહે છે. આ સૂત્રમાં સાધકના સંયમી જીવનને પરિપકવ બનાવવા માટે, વિષયકષાયોને જીતવા માટે ક્ષમા આદિ દસ ધર્મોનાં પરિપાલનનો ઉપદેશ છે. ચાર કષાયોમાં ક્રોધને જીતવા માટે સહનશીલતા અથવા ક્ષમાને ધારણ કરવી અતિ આવશ્યક છે. લોભકષાયના ત્યાગને માટે મુક્તિ અર્થાત્ નિર્લોભતા ધર્મનું પાલન કરવું આવશ્યક છે, માયા કષાયને જીતવા માટે આર્જવ ધર્મ અને માન કષાયને જીતવા માટે માર્દવ ધર્મનું વિધાન છે. માન કષાયને જીતવાથી લાઘવ ધર્મ સ્વતઃ સહજ પ્રાપ્ત થાય છે અને માયા કષાયને જીતવાથી સત્યધર્મ પણ પ્રગટ થાય છે. પાંચે ઈન્દ્રિયોના વિષયોની પ્રવૃત્તિને રોકવા માટે સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્યવાસ, એ ચાર ધર્મના પાલનનો ઉપદેશ છે. અહીં ત્યાગ ધર્મથી અંતરંગ, બહિરંગ દરેક પ્રકારના સંગના ત્યાગનું ગ્રહણ થાય છે. દાનને પણ ત્યાગ કહે છે. તેથી સંવિગ્ન(સમનોજ્ઞ) સાધુઓને મળેલી ભિક્ષામાંથી દાનનું કથન પણ સાધુઓનું કર્તવ્ય છે. બ્રહ્મચર્યના પાલક પરમ તપસ્વીઓની સાથે રહેવાથી જ સંયમ ધર્મનું પૂર્ણરૂપથી પાલન સંભવ છે તેથી તેને સર્વથી છેલ્લું સ્થાન આપ્યું છે.

**૨ दस चित्तसमाहिट्ठाणा पण्णत्ता, तं जहा– १.धम्मचिंता वा से असमुप्पण्णपुव्वा समुप्पज्जिज्जा, सव्वं धम्मं जाणित्तए, २. सुमिणदंसणे वा**

**से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, अहातच्चं सुमिणं पासित्तए, ३. सण्णिणाणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, पुव्वभवे सुमरित्तए, ४. देवदंसणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, दिव्वं देविड्ढिं दिव्वं देवजुइं दिव्वं देवाणुभावं पासित्तए, ५. ओहिणाणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, ओहिणा लोगं जाणित्तए, ६. ओहिदंसणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, ओहिणा लोगं पासित्तए, ७. मणपज्जवणाणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, जाव अड्ढतईयदीवसमुद्देसु सण्णीणं पंचिंदियाणं पज्जत्तगाणं मणोगए भावे जाणित्तए, ८. केवलणाणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, केवलं लोयं जाणित्तए, ९. केवलदंसणे वा से असमुप्पण्णपुव्वे समुप्पज्जिज्जा, केवलं लोयं पासित्तए, १०. केवलिमरणं वा मरिज्जा सव्वदुक्खप्पहीणाए ।**

**ભાવાર્થ :–** ચિત્ત સમાધિના દસ સ્થાન આ પ્રમાણે છે–

(૧) પૂર્વે અનુત્પન્ન(પહેલાં ક્યારે ય ઉત્પન્ન થયું નથી તેવું) ધર્મ ચિંતન-ધર્મ ભાવના ઉત્પન્ન થાય છે, ત્યારે ધર્મના સ્વરૂપને જાણીને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૨) સ્વપ્ન દર્શનમાં પૂર્વે ક્યારે ય નહીં જોયેલા વિશિષ્ટ યથાર્થ સ્વપ્ન જોઈને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૩) પૂર્વે અનુત્પન્ન સંજ્ઞીજ્ઞાન (જાતિસ્મરણ જ્ઞાન) ઉત્પન્ન થાય છે, ત્યારે પોતાના સંજ્ઞી પંચેન્દ્રિયપણાના પૂર્વ ભવોને જાણીને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૪) પૂર્વે ક્યારેય દર્શન નહીં થયેલા દેવ દર્શન (દેવોના સાક્ષાત્કાર)થી, દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવાનુભાવ(દેવ પ્રભાવ) જોઈને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૫–૬)પૂર્વે અનુત્પન્ન અવધિજ્ઞાન-અવધિદર્શન ઉત્પન્ન થાય, ત્યારે તે અવધિજ્ઞાન-અવધિદર્શનથી રૂપી પદાર્થોને જાણીને-જોઈને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૭) પૂર્વે અનુત્પન્ન મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય, ત્યારે મનુષ્ય ક્ષેત્રમાં એટલે અઢીદ્વીપ સમુદ્રમાં રહેલા પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને (વિચારોને) જાણીને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૮–૯) પૂર્વે અનુત્પન્ન કેવળજ્ઞાન-કેવળદર્શન ઉત્પન્ન થાય, ત્યારે સંપૂર્ણ લોકને જાણીને-જોઈને ચિત્ત સમાધિસ્થ બને છે.

(૧૦) પૂર્વે અનુત્પન્ન કેવળી મરણ(કેવળીનું નિર્વાણ-મોક્ષ ગમન) પ્રાપ્ત થાય ત્યારે સર્વ દુઃખોનો અંત થવાથી આત્મા શાશ્વત સમાધિમાં સમાધિસ્થ બને છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચિત્તને પ્રસન્ન બનાવનારા દસ **સમાધિસ્થાનો**નું વર્ણન છે. જેમ કોઈ પુરુષાર્થશીલ

વ્યાપારીને ઈચ્છિત ધનરાશિ પ્રાપ્ત થાય, ત્યારે અત્યંત ખુશી થાય છે, તેમ સંયમ સાધનામાં લીન મોક્ષાર્થી સાધકને સૂત્રોક્ત દસ આત્મગુણોમાંથી કોઈપણ આત્મગુણની પ્રાપ્તિ થાય, ત્યારે તેને અનુપમ આત્માનંદની પ્રાપ્તિ થાય છે. આ આનંદને જ અહીં ચિત્ત સમાધિ કહી છે. તે ચિત્ત સમાધિના દસ સ્થાન આ પ્રમાણે છે–

**(૧) ધર્મ ચિંતન :–** ધર્મ ચિંતન-આત્મ સ્વભાવ, જીવ-અજીવ આદિ દ્રવ્યોનું સ્વરૂપ, લોકાલોકનું સ્વરૂપ, જીવ અને કર્મ સંબંધનું સ્વરૂપ વગેરે આત્મલક્ષી ચિંતનથી સાધકને ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને ધર્મજ્ઞાન દ્વારા સમાધિ પ્રાપ્ત થાય છે. આ રીતે ધર્મ ચિંતન આત્મસમાધિનું મૂળભૂત કારણ છે.

**(૨) યથાર્થ સ્વપ્ન દર્શન :–** યથાર્થ–મોક્ષ ફળદાયી સ્વપ્ન જોવાથી સાધકને ચિત્ત સમાધિ પ્રાપ્ત થાય છે. ભૌતિક પદાર્થની પ્રાપ્તિ સૂચક સ્વપ્નથી ચિત્ત પ્રસન્નતા પ્રાપ્ત કરે છે, પરંતુ તે દ્રવ્ય સમાધિ જ છે. ધર્મ ચિંતન દ્વારા સૂતેલી વ્યક્તિને યથાર્થ(ભાવી ફળ સૂચક) સ્વપ્ન દ્વારા ભાવ સમાધિ પ્રાપ્ત થાય છે. પ્રસ્તુતમાં તેવા સ્વપ્ન દર્શનની જ વિવક્ષા છે તેમ જાણવું.

**(૩) સંજ્ઞીજ્ઞાન–જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્તિ :–** પોતાના પૂર્વના સંજ્ઞી પંચેન્દ્રિય ભવોનું સ્મરણ થાય, પૂર્વભવનું જ્ઞાન થાય, તેને જાતિસ્મરણજ્ઞાન કહે છે. જાતિસ્મરણજ્ઞાન દ્વારા પોતાના પૂર્વના ભવો જાણી શકાય છે. જાતિસ્મરણજ્ઞાનને પ્રાપ્ત સાધક ચિત્ત સમાધિને પ્રાપ્ત કરે છે.

**(૪) દેવ દર્શન :–** સાધકના ચારિત્ર-તપના પ્રભાવે દેવ સેવામાં ઉપસ્થિત થાય છે, દેવની દિવ્ય ઋદ્ધિ આદિને જોવાથી ચિત્ત પ્રસન્ન થાય છે અને સમાધિને પ્રાપ્ત થાય છે.

**(૫–૬) અવધિજ્ઞાન-અવધિદર્શન પ્રાપ્તિ :–** ઈંદ્રિયોની સહાયતા વિના, અવધિ જ્ઞાનાવરણીય, અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી મર્યાદાપૂર્વક રૂપી પદાર્થનો વિશેષ અને સામાન્ય બોધ થાય અર્થાત્ રૂપી પદાર્થને જાણવા-જોવાની શક્તિને અવધિજ્ઞાન-અવધિદર્શન કહે છે. તે પ્રાપ્ત થાય ત્યારે ચિત્ત સમાધિને પામે છે.

**(૭) મનઃપર્યવજ્ઞાન પ્રાપ્તિ :–** મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણવાની શક્તિને મનઃપર્યવજ્ઞાન કહે છે. મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરનાર જીવ સમાધિને પામે છે.

**(૮–૯)કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્તિ :–** કેવળ જ્ઞાનાવરણીય તથા કેવળ દર્શનાવરણીય કર્મના ક્ષયથી ત્રણે લોકના, ત્રણે કાળના સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયને વિશેષ અને સામાન્ય રૂપે જાણે-જુએ, તેને કેવળ જ્ઞાન-કેવળ દર્શન કહે છે. કેવળ જ્ઞાન-દર્શનને પ્રાપ્ત કરનાર જીવ મોહનીયાદિ ચારે ઘાતિ કર્મનો ક્ષય થઈ જવાથી પરમ સમાધિને પામે છે.

**(૧૦) કેવળી મરણ-મુક્તિ ગમન :–** કેવળજ્ઞાનને પ્રાપ્ત કેવળી ભગવાન ચરમ ભવનું આયુષ્ય કર્મ પૂર્ણ થતાં શેષ સર્વ અઘાતિ કર્મોનો ક્ષય કરી મોક્ષને પ્રાપ્ત થાય છે. તેમનું મૃત્યુ કેવળજ્ઞાન સહિત હોવાથી તેને કેવળી મરણ કહ્યું છે. કેવળી મરણને પ્રાપ્ત જીવ મોક્ષને જ પામે છે. તે જીવ સિદ્ધ ગતિમાં શાશ્વત, અનંત આત્મસમાધિને પામે છે.

**૩ मंदरे णं पव्वए मूले दस जोयणसहस्साइं विक्खभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** મંદર (સુમેરુ) પર્વત મૂળમાં દશ હજાર યોજન વિસ્તૃત છે.

**૪ अरिहा णं अरिट्ठणेमी दस धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । कण्हे णं वासुदेवे दस धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । रामे णं बलदेवे दस धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** અરિષ્ટનેમિ તીર્થંકર દશ ધનુષ ઊંચા હતા. કૃષ્ણ વાસુદેવ દશ ધનુષ ઊંચા હતા. રામ(બલરામ) બલદેવ દશ ધનુષ ઊંચા હતા.

**૫ दस णक्खत्ता णाणवुड्ढिकरा पण्णत्ता, तं जहा–**

**मिगसिर अद्दा पुस्सो, तिण्णि य पुव्वा य मूलमस्सेसा ।**
**हत्थो चित्तो य तहा, दस वुड्ढिकराइं णाणस्स ।।**

**ભાવાર્થ :–** દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે, જેમ કે– મૃગશીર્ષ, આદ્રા, પુષ્ય, ત્રણે ય પૂર્વા (પૂર્વા ફાલ્ગુની, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદા), મૂલ, આશ્લેષા, હસ્ત અને ચિત્રા. આ દશ નક્ષત્રો જ્ઞાનની વૃદ્ધિ કરે છે અર્થાત્ આ નક્ષત્રોમાં ભણવાની શરૂઆત કરવાથી જ્ઞાન જલ્દી અને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

**૬ अकम्मभूमियाणं मणुआणं दसविहा रुक्खा उवभोगत्ताए उवत्थिया पण्णत्ता, तं जहा–**

**मत्तंगया य भिंगा, तुडिअंगा दीव जोइ चित्तंगा ।**
**चित्तरसा मणिअंगा, गेहागारा अणिगिणा य ।।१।।**

**ભાવાર્થ :–** અકર્મભૂમિજ મનુષ્યોના ઉપભોગ માટે દશ પ્રકારનાં વૃક્ષ (કલ્પવૃક્ષ) ઉપસ્થિત રહે છે, જેમ કે– મતંગ, ભૃંગ, તૂર્યાંગ, દીપાંગ, જ્યોતિરંગ, ચિત્રાંગ, ચિત્તરસ, મણ્યંગ, ગેહાકાર અને અનગ્નાંગ.

**વિવેચન :–**

જે સ્થાન પર ઉત્પન્ન થનાર મનુષ્યોને અસિ, મસિ, કૃષિ આદિ કોઈ પણ પ્રકારનું આજીવિકા સંબંધી કાર્ય કરવું પડતું નથી પરંતુ જ્યાં દરેક આવશ્યકતાઓ વૃક્ષોથી પૂર્ણ થઈ જાય છે, તેવી ભૂમિને અકર્મભૂમિ અથવા ભોગભૂમિ કહે છે અને જે વૃક્ષોથી તેઓની આવશ્યકતા પૂરી થાય તે વૃક્ષોને **કલ્પવૃક્ષ** કહે છે.

**કલ્પવૃક્ષ:–** અકર્મભૂમિના મનુષ્યોનો સંપૂર્ણ જીવન નિર્વાહ કલ્પવૃક્ષ આધારિત હોય છે. તે કલ્પવૃક્ષ દસ પ્રકારના હોય છે. અમુક વૃક્ષોના ફળાદિ ખાદ્ય આહારરૂપે પરિણત થાય છે તો અમુક વૃક્ષના પત્રાદિ વસ્ત્રરૂપે ઉપયોગમાં આવે છે. કેટલાક વૃક્ષો સૂર્ય સમ પ્રકાશ અર્પે છે. તેઓની પરિણતિના આધારે તે વૃક્ષોને ૧૦ પ્રકારમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આ વૃક્ષો કલ્પવૃક્ષ રૂપે પ્રસિદ્ધ છે.

**(૧) મત્તાંગ :–** માદક રસ દેનારા. અહીં મત્ત શબ્દથી હર્ષના કારણભૂત પદાર્થો ગ્રહણ કરવામાં આવ્યા

છે. આનંદદાયક પેયવસ્તુ જેના અવયવરૂપ છે તેવા વૃક્ષો અર્થાત્ આનંદદાયક પેયવસ્તુઓ આપનારા વૃક્ષોને મત્તાંગ કહે છે. આ વૃક્ષના ફૂલો પરિપક્વ થાય ત્યારે તેમાંથી રસપ્રવાહ વહે છે. તે રસપાન કરી લોકો આનંદિત બને છે. મનુષ્ય જે પેયની ઈચ્છા કરે, તે રીતે તે વૃક્ષ સ્વયં, સ્વભાવતઃ પરિણત થઈ જાય છે. ચંદ્રપ્રભા વગેરે સુરાથી તેને ઉપમિત કર્યા છે. તે તેની મધુરતા સૂચિત કરવા માટે જ છે. આ વૃક્ષો સુરાઓ આપે છે તેમ ન સમજવું. ઉપમાઓ હંમેશાં એકદેશથી જ હોય છે. તે વૃક્ષો અમાદક એવા અમૃતમય પેય પદાર્થો વહાવે છે.

**(૨) ભૃત્તાંગ :–** ભાજન-પાત્ર-વાસણ આપનારા વૃક્ષો. આ વૃક્ષોના પત્રાદિ વિવિધ પ્રકારના પાત્ર આકારે પરિણત થઈ જાય છે.

**(૩) ત્રુટિતાંગ :–** અનેક પ્રકારના વાજિંત્ર આપનારા વૃક્ષો. આ વૃક્ષોનું અનેક પ્રકારના વાજિંત્રરૂપે પરિણમન થઈ જાય છે.

**(૪) દીપશિખા :–** ઉદ્યોત આપનારા વૃક્ષો. તે વૃક્ષો સ્વાભાવિક રૂપે જ ઉદ્યોત-પ્રકાશ યુક્ત હોય છે. તે સંધ્યા સમયના પ્રકાશ જેવો પ્રકાશ આપે છે.

**(૫) જ્યોતિષિક :–** જ્યોતિ- પ્રકાશ આપનારા વૃક્ષો. આ વૃક્ષો સ્વાભાવિક રૂપે જ સૂર્ય, ચંદ્ર આદિ જ્યોતિષી દેવની સમાન તે ક્ષેત્રને પ્રકાશિત કરે છે.

**(૬) ચિત્રાંગ :–** માળાઓ આપનારા વૃક્ષો. તે વિસ્રસા પરિણામથી માળારૂપે પરિણત થઈ માળાઓ પ્રદાન કરે છે.

**(૭) ચિત્રરસ :–** વિવિધ પ્રકારના રસવંતા ભોજન આપનારા વૃક્ષો. તે સ્વભાવતઃ મધુરાદિ રસ રૂપે પરિણત થઈ વિવિધ પ્રકારના ભોજન આપે છે.

**(૮) મણ્યંગ :–** આભૂષણ આપનારા વૃક્ષો. સ્વભાવતઃ આભૂષણો રૂપે પરિણત આ વૃક્ષો યુગલિકોને આભૂષણોની પૂર્તિ કરે છે.

**(૯) ગેહાકાર :–** ગૃહ, નિવાસ સ્થાન આપનારા વૃક્ષો. આ વૃક્ષો મનોનુકૂલ ભવનવિધિથી યુક્ત હોય છે. ભવનના આકારવાળા આ વૃક્ષો યુગલિકોને આશ્રય આપે છે.

**(૧૦) અનગ્ન :–** વસ્ત્ર આપનારા વૃક્ષો. આ વૃક્ષોના પત્રો, છાલ આદિ સ્વભાવતઃ વસ્ત્રાકારે પરિણત થાય છે. તેના પ્રભાવે સર્વ મનુષ્યોને ઈચ્છાનુસાર વસ્ત્ર પ્રાપ્ત થઈ જાય છે. આ કલ્પવૃક્ષોનું વિશેષ વર્ણન જીવાભિગમ સૂત્રથી જાણવું.

**૭** **चउत्थीए पुढवीए दस णिरयावाससयसहस्साइं पण्णत्ताइं ।**

**ભાવાર્થ :–** ચોથી નરકપૃથ્વીમાં દશ લાખ નરકાવાસ છે.

**૮** **इमीसे णं रयणप्पभाए पुढवीए णेरइयाणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता । इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं दस पलिओवमाइं ठिई पण्णत्ता । चउत्थीए पुढवीए णेरइयाणं उक्कोसेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता । पंचमीए पुढवीए णेरइयाणं जहण्णेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**असुरकुमाराणं देवाणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता । असुरिंदवज्जियाणं भोमिज्जाणं देवाणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता। असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं दस पलिओवमाइं ठिई पण्णत्ता। बायरवणस्सइकाइयाणं उक्कोसेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता । वाणमंतराणं देवाणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं दस पलिओवमाइं ठिई पण्णत्ता। बंभलोए कप्पे देवाणं उक्कोसेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ દશ પલ્યોપમની છે. ચોથી નરકપૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે. પાંચમી નરકપૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમની છે.

અસુરકુમાર દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. અસુરેન્દ્રોને છોડીને શેષ ભવનવાસી દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ દશ પલ્યોપમની છે. બાદર વનસ્પતિ કાયના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની છે. વાણવ્યંતર દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

સૌધર્મ–ઈશાન કલ્પોના કેટલાક દેવોની સ્થિતિ દશ પલ્યોપમની છે. બ્રહ્મલોક કલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે.

**૯** **लंतए कप्पे देवाणं जहण्णेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा घोसं सुघोसं महाघोसं णंदिघोसं सुसरं मणोरमं रम्मं रम्मगं रमणिज्जं मंगलावत्तं बंभलोगवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसिं णं देवाणं उक्कोसेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा दसण्हं अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा, तेसिं णं देवाणं दसहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** લાતંક કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમની છે. ત્યાં જે દેવ ઘોષ, સુઘોષ, મહાઘોષ, નંદીઘોષ, સુસ્વર, મનોરમ, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવર્ત અને બ્રહ્મલોકાવતંસક નામના વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે. તે દેવ દશ અર્ધમાસે (પાંચ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિશ્વાસ મૂકે છે, તે દેવોને દશ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા થાય છે.

**१० संतेगइया भवसिद्धिया जीवा जे दसहिं भवग्गहणेहिं सिज्झिसंति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો દશ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિર્વાણ પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૧૦ સંપૂર્ણ

# અગિયારમું સમવાય

## પરિચય :–

પ્રસ્તુત સમવાયમાં અગિયાર–અગિયાર સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા અગિયાર ઉપાસક પ્રતિમાઓ, ભગવાન મહાવીરના અગિયાર ગણધર, મૂળ નક્ષત્રના અગિયાર તારા, મેરુથી કે લોકાંતથી જ્યોતિષ મંડલનું અંતર; ગ્રૈવેયકનાં એક સો અગિયાર વિમાનો, નારકી તથા દેવોની અગિયાર પલ્યોપમ અને અગિયાર સાગરોપમની સ્થિતિ તથા અગિયાર ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**૧ एक्कारस उवासगपडिमाओ पण्णत्ताओ, तं जहा– दंसणपडिमा, वयपडिमा, सामाइयपडिमा, पोसहपडिमा, काउसग्गपडिमा, बंभचेरपडिमा, सचित्तपरिण्णायपडिमा, आरंभपरिण्णायपडिमा, पेसपरिण्णायपडिमा, उद्दिट्ठभत्तपरिणायपडिमा, समणभूयपडिमा ।**

**ભાવાર્થ :–** શ્રાવકોની અગિયાર પ્રતિમાઓ છે, જેમ કે– (૧) દર્શન પ્રતિમા (૨) વ્રત પ્રતિમા (૩) સામાયિક પ્રતિમા (૪) પૌષધોપવાસ પ્રતિમા (૫) કાયોત્સર્ગ પ્રતિમા (૬) બ્રહ્મચર્ય પ્રતિમા (૭) સચિત્ત ત્યાગ પ્રતિમા (૮) આરંભ–હિંસા કરવાના ત્યાગ પ્રતિમા (૯) પ્રેષ્ય–આરંભ કરાવવાના ત્યાગની પ્રતિમા (૧૦) ઉદ્દિષ્ટ ભક્ત–ઓદ્દેશિક ભોજન ત્યાગ પ્રતિમા (૧૧) શ્રમણભૂત પ્રતિમા.

## વિવેચન :–

જે શ્રમણોની ઉપાસના કરે છે, તેને શ્રમણોપાસક કહે છે. તેના અભિગ્રહ વિશેષ અનુષ્ઠાન અથવા પ્રતિજ્ઞાને પ્રતિમા કહે છે. શ્રાવકોની અગિયાર પ્રતિમાનું સ્વરૂપ વિસ્તારથી દશાશ્રુતસ્કંધ સૂત્ર અને ઉપાસકદશાંગસૂત્રમાં સ્પષ્ટ કર્યું છે.

**ઉપાસક પ્રતિમાનું સ્વરૂપ :–** (૧) દર્શનપ્રતિમા– આ પ્રતિમાધારી શ્રાવક શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં દઢ શ્રદ્ધા રાખે છે. મન, વચન, કાયાથી સમ્યક્ત્વમાં કોઈ પ્રકારના અતિચારનું કે દેવતા, રાજા આદિના કોઈપણ આગારનું સેવન કરતા નથી. એક મહિના સુધી દઢ સમ્યક્ત્વની આરાધના કરે છે. આ પ્રકારે પ્રથમ દર્શન પ્રતિમાના ધારક વ્રતધારી શ્રાવક કહેવાય છે.

**(૨) વ્રત પ્રતિમા :–** વ્રત પ્રતિમાધારી શ્રાવક દઢ સમ્યક્ત્વ સહિત પાંચ અણુવ્રતોનું અને ત્રણ ગુણવ્રતોનું નિરતિચાર પાલન કરે છે. ચાર શિક્ષાવ્રતને પણ ધારણ કરે છે, પરંતુ તેમાં સામાયિક અને દેશાવગાસિકવ્રતનું

યથાવિધ સમ્યક્ પાલન કરી શકતા નથી. તે અનુકંપા વગેરે ગુણોથી યુક્ત હોય છે. આ પડિમાની આરાધનાનો સમય બે મહિનાનો છે.આ પ્રતિમામાં ઉપાસક ૧૨ વ્રતોની સમ્યક્ આરાધના માટે યોગ્યતા મેળવી લે છે, તો પણ સામાયિક અને દેસાવગાસિક (નવમા-દસમા શિક્ષાવ્રત) વ્રતોનું યથાકાલમાં સમ્યક્ અનુપાલન કરી શકતા નથી.

**(૩) સામાયિક પ્રતિમા :–** સમ્યગ્દર્શન અને વ્રતોની આરાધના કરનારા સાધક સામાયિક પ્રતિમા સ્વીકારીને હંમેશાં નિયમથી ત્રણ સામાયિક કરે છે. આ પડિમામાં સામાયિક અને દેશાવગાસિક વ્રતનું સમ્યક્રૂપે પાલન કરે છે, પરંતુ આઠમ, ચૌદશ તથા પૂનમ વગેરે વિશિષ્ટ દિવસોમાં પૌષધ ઉપવાસનું સમ્યક પ્રકારે આરાધન કરી શકતા નથી. તન્મયતા અને જાગૃતિ સાથે સામાયિક વ્રતની ઉપાસના કરવી તે જ આ પ્રતિમાનો મૂળ હેતુ છે. આ આરાધનાની અવધિ(કાળ) ત્રણ મહિનાની છે.

**(૪) પૌષધ પ્રતિમા :–** પહેલી, બીજી અને ત્રીજી પ્રતિમાથી આગળ વધતાં આરાધક પૌષધ પ્રતિમા સ્વીકારીને આઠમ, ચૌદસ વગેરે છ પર્વતિથિઓના દિવસે પૌષધવ્રતનું પૂર્ણરૂપે પાલન કરે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય ચાર મહિનાનો છે.

**(૫) કાયોત્સર્ગ પ્રતિમા :–** કાયોત્સર્ગનો અર્થ કાય અથવા શરીરનો ત્યાગ છે. શરીર તો જીવનપર્યંત સાથે જ રહે છે. તેના ત્યાગનો અભિપ્રાય તેની આસક્તિ અથવા મમતા છોડવાનો છે. કાયોત્સર્ગ પ્રતિમામાં ઉપાસક શરીર, વસ્ત્ર વગેરેનાં મમત્વને છોડીને પોતાના આત્મચિંતનમાં લીન બની જાય છે. આઠમ અને ચૌદસે એક અહોરાત્રિ કાઉસ્સગ્ગ અથવા ધ્યાનની આરાધના કરે છે. આ પડિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે, ત્રણ દિવસથી લઈને ઉત્કૃષ્ટ પાંચ મહિનાનો હોય છે.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા :–** આ પ્રતિમામાં પૂર્ણરૂપથી બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે છે. આ પ્રતિમાધારી શ્રાવક માટે સ્ત્રીઓને અનાવશ્યક મળવું, વાતચીત કરવી, તેના શણગારને જોવા વગેરે ક્રિયાઓ વર્જિત છે. ઉપાસક સ્વયં પણ શણગાર, વેશભૂષા વગેરે ઉપક્રમથી દૂર રહે છે, સ્નાન કરતા નથી. ધોતીની પાટલી બાંધતા નથી, રાત્રિભોજન કરતા નથી. પરંતુ તેઓ સચિત્ત આહારનો ત્યાગ કરતા નથી, કારણવશ સચિત્તનું સેવન કરે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે, ત્રણ દિવસ તથા ઉત્કૃષ્ટ છ મહિનાનો છે.

**(૭) સચિત્તાહારવર્જન પ્રતિમા :–** પૂર્વોક્ત નિયમોનું પાલન કરતા, પરિપૂર્ણ બ્રહ્મચર્યનું અનુસરણ કરતા, ઉપાસક આ પ્રતિમામાં સચિત્ત આહારનો સર્વથા ત્યાગ કરે છે, પરંતુ તેઓ આરંભનો ત્યાગ કરતા નથી. આ પ્રતિમાની આરાધનાનો કાળ જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ કાળ સાત મહિનાનો છે.

**(૮) સ્વયં આરંભવર્જન પ્રતિમા :–** પૂર્વોક્ત સર્વ નિયમોનું પાલન કરતા આ પ્રતિમામાં ઉપાસક સ્વયં આરંભ અથવા હિંસા કરતા નથી. આરંભ કરવાનો પૂર્ણ ત્યાગ કરે છે, પરંતુ બીજા પાસે આરંભ કરાવવાનો તેને ત્યાગ હોતો નથી. આ પ્રતિમાની આરાધનાનો કાળ જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ આઠ મહિના છે.

**(૯) પ્રેષ્યત્યાગ પ્રતિમા :–** પૂર્વવર્તી પ્રતિમાઓના સર્વ નિયમોનું પાલન કરતા ઉપાસક આ પ્રતિમામાં

આરંભનો ત્યાગ કરે છે. તેઓ સ્વયં આરંભ કરતા નથી અને બીજા પાસે કરાવતા નથી પરંતુ પોતાના ઉદ્દેશથી બનાવેલા ભોજનનો તે ત્યાગ કરતા નથી. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ નવ મહિના છે.

**(૧૦) ઉદ્દિષ્ટભક્તવર્જનપ્રતિમા :–** પૂર્વોકત નિયમોનું પાલન કરતા ઉપાસક આ પ્રતિમામાં ઉદ્દિષ્ટ– પોતાને માટે તૈયાર કરેલા ભોજન વગેરેનો ત્યાગ કરે છે. તે લૌકિક કાર્યોથી પ્રાયઃ દૂર રહે છે. તત્સંબંધી આદેશ આપતા નથી તથા પોતાનો વિચાર પણ દર્શાવતા નથી. તે વિષયમાં કોઈ પ્રશ્ન પૂછે, તો તે 'હું જાણું છું' અથવા 'જાણતો નથી' આટલો જ જવાબ આપે છે. આ પ્રતિમાના આરાધક ક્ષુરમુંડન કરાવે અથવા શિખા પણ રાખે છે.

**(૧૧) શ્રમણ ભૂત પ્રતિમા :–** પૂર્વોકત બધા નિયમોનું પાલન કરતા શ્રાવક આ પ્રતિમામાં શ્રમણ અથવા સાધુની જેવા આચારનું પાલન કરે છે. તેની બધી ક્રિયાઓ શ્રમણ જેવી યતના અને જાગૃતિપૂર્વકની હોય છે. તે સાધુ જેવો વેશ ધારણ કરે છે, પાત્રા વગેરે ઉપકરણ ધારણ કરે છે, અસ્ત્રાથી મુંડન કરે છે, જો સહનશીલતા અથવા શક્તિ હોય તો લોચ કરે છે. સાધુની જેમ તે ભિક્ષાચર્યાથી જીવનનિર્વાહ કરે છે. સાધુ દરેકના ઘરે ભિક્ષા માટે જાય છે અને ઉપાસક પોતાના સ્વજનો-જ્ઞાતિજનોના ઘેર જ જાય છે, કારણકે તેના રાગાત્મક સંબંધનો સંપૂર્ણ વિચ્છેદ થયો નથી. તેની આરાધનાનો કાળ(સમય) જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ કાળ અગિયાર મહિનાનો છે.

**२ लोगंताओ इक्कारस एक्कारे जोयणसए अबाहाए जोइसंते पण्णत्ते । जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स एक्कारस एक्कवीसे जोयणसए अबाहाए जोइसे चारं चरइ ।**

**ભાવાર્થ :–** લોકાંતથી અગિયારસો અગિયાર(૧૧૧૧) યોજનના અંતરે જ્યોતિષ ચક્ર સ્થિર છે, જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતથી અગિયારસો એકવીસ(૧૧૨૧) યોજનના અંતર પર જ્યોતિષ ચક્ર પરિભ્રમણ કરે છે.

**३ समणस्स णं भगवओ महावीरस्स एक्कारस गणहरा होत्था । तं जहा– इंदभूइ, अग्गिभूई, वायुभूई, विअत्ते, सुहम्मे, मंडिए, मोरियपुत्ते, अकंपिए, अयलभाए, मेअज्जे, पभासे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અગિયાર ગણધરો હતા– ૧. ઈન્દ્રભૂતિ ૨. અગ્નિભૂતિ ૩. વાયુભૂતિ ૪. વ્યક્ત ૫. સુધર્મ ૬. મંડિત ૭. મૌર્યપુત્ર ૮. અંકપિત ૯. અચલભ્રાતા ૧૦. મેતાર્ય ૧૧. પ્રભાસ.

**४ मूले णक्खत्ते एक्कारस तारे पण्णत्ते । हेट्ठिमगेविज्जयाणं देवाणं**

**एक्कारसुत्तरं गेविज्जविमाणसयं भवइ त्ति मक्खायं । मंदरे णं पव्वए धरणितलाओ सिहरतले एक्कारस भागपरिहीणे उच्चत्तेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** મૂલ નક્ષત્રના અગિયાર તારા છે. અધસ્તન ગ્રૈવેયક દેવોના એકસો અગિયાર(૧૧૧) વિમાન છે. મંદર પર્વતના ધરણીતલથી શિખરની ઊંચાઈની અપેક્ષાએ શિખરની પહોળાઈ (ઊંચાઈના અગિયાર ભાગમાંથી) અગિયારમો ભાગ ન્યૂન છે.

**વિવેચન :–**

મેરુ પર્વત એક લાખ યોજન ઊંચો છે. તેમાંથી ૧,૦૦૦ યોજન જમીનની અંદર (મૂળ રૂપે) છે. ભૂમિતલથી ૯૯,૦૦૦ યોજન ઊંચો છે. ભૂમિતલ પાસે મેરુ પર્વત ૧૦,૦૦૦ યોજન પહોળો છે. ઉપર જતાં તેની પહોળાઈ ક્રમશ ઘટતી જાય છે. ૯૯,૦૦૦ ઊંચાઈના ૧૧ વિભાગ કરીએ તો નવ–નવ હજાર યોજન થાય. ભૂમિતલ પાસે ૧૦,૦૦૦ યોજનમાંથી ઊંચાઈનો અગિયારમો ભાગ એટલે ૯,૦૦૦ યોજન ન્યૂન કરતાં ૧૦૦૦૦–૯૦૦૦=૧૦૦૦ યોજનની પહોળાઈ છે. મેરુ પર્વતના શિખરની પહોળાઈ ૧૦૦૦ યોજનની છે.

**५ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एक्कारस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एक्कारस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं एक्कारस पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं एक्कारस पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અગિયાર પલ્યોપમની છે. પાંચમી ધૂમ પ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અગિયાર સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ અગિયાર પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ અગિયાર પલ્યોપમની છે.

**६ लंतए कप्पे अत्थेगइयाणं देवाणं एक्कारस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा बंभं सुबंभं बंभावत्तं बंभप्पभं बंभकंतं बंभवण्णं बंभलेसं बंभज्झयं बंभसिंगं बंभसिट्ठं बंभकूडं बंभुत्तरवडिंसगं विमाणं देवताए उववण्णा तेसिं णं देवाणं एक्कारस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा एक्कारसण्हं अद्धमासाणं आणमंति वा पाणमंत्ति वा, ऊससंति वा णीससंति वा । तेसिं णं देवाणं एक्कारसण्हं वाससहस्साणं आहारट्ठे समुपज्जइ ।**

**ભાવાર્થ :–** લાન્તક કલ્પના કેટલાક દેવોની સ્થિતિ અગિયાર સાગરોપમની છે. તેમાં જે દેવ બ્રહ્મ, સુબ્રહ્મ, બ્રહ્માવર્ત, બ્રહ્મપ્રભ, બ્રહ્મકાંત, બ્રહ્મવર્ણ, બ્રહ્મલેશ્ય, બ્રહ્મધ્વજ, બ્રહ્મશ્રૃંગ, બ્રહ્મસૃષ્ટ, બ્રહ્મકૂટ અને બ્રહ્મોત્તરાવતંસક નામના વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની સ્થિતિ અગિયાર સાગરોપમની છે. તે દેવ અગિયાર અર્ધમાસે (સાડા પાંચ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને અગિયાર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૭ संतेगइया भवसिद्धिया जीवा जे एक्कारसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો અગિયાર ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોમાંથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૧૧ સંપૂર્ણ

# બારમું સમવાય

## પરિચય :–

બારમા સમવાયમાં બાર–બાર સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા– બાર ભિક્ષુઓની પ્રતિમા, બાર સંભોગ, કૃતિકર્મનાં બાર આવર્તન, વિજયા રાજધાનીનો બાર લાખ યોજનનો આયામ–વિષ્કંભ (લંબાઈ–પહોળાઈ), મર્યાદા પુરુષોતમ બલરામનું બારસો વર્ષનું આયુષ્ય તથા સર્વાર્થસિદ્ધ વિમાનથી ઉપર ઈષત્ પ્રાગ્ભાર પૃથ્વીનું અંતર અને તેનાં બાર નામ તથા નારકી અને દેવોની બાર પલ્યોપમ અને બાર સાગરોપમની સ્થિતિ તથા બાર ભવ કરીને મોક્ષે જનારા જીવોનો ઉલ્લેખ છે.

**१ बारस भिक्खुपडिमाओ पण्णत्ताओ, तं जहा–मासिआ भिक्खुपडिमा, दो मासिआ भिक्खुपडिमा, तिमासिआ भिक्खुपडिमा, चउमासिआ भिक्खुपडिमा, पंचमासिआ भिक्खुपडिमा, छमासिआ भिक्खुपडिमा, सत्तमासिआ भिक्खुपडिमा, पढमा सत्तराइंदिया भिक्खुपडिमा, दोच्चा सत्तराइंदिया भिक्खुपडिमा, तच्चा सत्तराइंदिया भिक्खुपडिमा, अहोराइया भिक्खुपडिमा, एगराइया भिक्खुपडिमा ।**

**ભાવાર્થ :–** ભિક્ષુ પ્રતિમાના બાર પ્રકાર છે, જેમ કે– (૧) માસિકી ભિક્ષુ પ્રતિમા, (૨) બીજી માસિકી ભિક્ષુપ્રતિમા, (૩) ત્રીજી માસિકી ભિક્ષુપ્રતિમા, (૪) ચોથી માસિકી ભિક્ષુપ્રતિમા, (૫) પાંચમી માસિકી ભિક્ષુપ્રતિમા, (૬)છટ્ઠી માસિકી ભિક્ષુ પ્રતિમા, (૭) સાતમી માસિકી ભિક્ષુપ્રતિમા, (૮) પ્રથમ સાત રાત્રિ દિવસની ભિક્ષુપ્રતિમા, (૯) બીજા સાત રાત્રિ દિવસની ભિક્ષુપ્રતિમા, (૧૦) ત્રીજા સાત રાત્રિ દિવસની ભિક્ષુપ્રતિમા, (૧૧) એક રાત્રિ દિવસની ભિક્ષુપ્રતિમા અને (૧૨) એક રાત્રિની ભિક્ષુપ્રતિમા.

## વિવેચન :–

**ભિક્ષુપ્રતિમા –** ભિક્ષાવૃત્તિથી ગોચરી લેનાર સાધુઓને ભિક્ષુ કહે છે. વિશિષ્ટ સંઘયણ અને શ્રુતધર સાધુ સંયમની વિશેષ સાધના માટે વિશિષ્ટ અભિગ્રહોનો સ્વીકાર કરે છે, તેને ભિક્ષુપ્રતિમા કહે છે. તેના બાર પ્રકાર છે. સ્થાનાંગ સૂત્રમાં અનેક પ્રતિમાઓનો ઉલ્લેખ છે, જેમ કે– સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા. વિવેક પ્રતિમા અને વ્યુત્સર્ગ પ્રતિમા, ભદ્રા, સુભદ્રા મહાભદ્ર, સર્વતોભદ્ર પ્રતિમા વગેરે, તેમાં ઉપધાન પ્રતિમામાં આ બાર ભિક્ષુ પ્રતિમાનો સમાવેશ થાય છે.

ભિક્ષુઓની બાર પ્રતિમાઓ વિશિષ્ટ સંહનન અને શ્રુતના ધારક ભિક્ષુ જ ધારણ કરી શકે છે અને

બીજી પ્રતિમાઓ સામાન્ય સાધુ–સાધ્વી પણ ધારણ કરી શકે છે. દશાશ્રુતસ્કંધની સાતમી દશામાં તેનું વિસ્તૃત વર્ણન છે.

**२** **दुवालसविहे सम्भोगे पण्णत्ते, तं जहा–**
**उवही सुय भत्त पाणे, अंजली पग्गहे त्ति य ।**
**दायणे य णिकाए य, अब्भुट्ठाणे ति आवरे ।।१।।**

**किइकम्मस्स य करणे, वेयावच्चकरणे इ य ।**
**समोसरणं सण्णिसिज्जा य, कहाए य पबंधणे ।।२।।**

**ભાવાર્થ :–** સંભોગ અર્થાત્ સાધુઓનો પરસ્પરનો વ્યવહાર બાર પ્રકારનો છે, જેમ કે – ૧. ઉપધિ ૨. શ્રુત ૩. ભક્તપાન ૪. હાથ જોડવા ૫. દાન ૬. નિકાચન–નિમંત્રણ ૭. અભ્યુત્થાન ૮. કૃતિકર્મ–વંદના ૯. વૈયાવચ્ચ સેવા કરવી ૧૦. સમવસરણ ૧૧. સનિષદ્યા ૧૨. કથા– પ્રબંધ કરવા.

## વિવેચન :–

**સંભોગ :–** સંભોગ શબ્દનો અર્થ પારિભાષિક રૂઢ અર્થમાં પ્રયુકત છે. સમાન સમાચારી(આચરણ)વાળા સાધુઓની સાથે ખાન–પાન કરવું, વસ્ત્રપાત્ર વગેરેની લેવડદેવડ કરવી અને દીક્ષા પર્યાય અનુસાર વિનય વંદન કરવા વગેરે વ્યવહારો કરવા, તેને સંભોગ કહે છે, તેના બાર પ્રકાર છે.

**૧. ઉપધિ :–** વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણોની પરસ્પર લેવડ દેવડ કરવી., **૨. શ્રુત :–** શાસ્ત્રની વાંચણી લેવી–દેવી., **૩. ભક્તપાન :–** પરસ્પર આહાર, પાણી, ઔષધ, ભેષજની આપ લે કરવી., **૪.અંજલિગ્રહણ :–** પર્યાય જ્યેષ્ટ સાધુને હાથ જોડવા કે સામે મળે, ત્યારે મસ્તક નમાવીને હાથ જોડવા., **૫. દાન :–** શિષ્યની આપ–લે કરવી., **૬. નિમંત્રણ :–** આહાર, ઉપધિ, શય્યા, ઔષધ, સ્વાધ્યાય વગેરે માટે નિમંત્રણ આપવું., **૭. અભ્યુત્થાન :–** દીક્ષાપર્યાયમાં જ્યેષ્ઠ રત્નાધિક સાધુઓ પધારે, ત્યારે ઊભા થઈને તેને આદર આપવો., **૮. કૃતિકર્મ :–** વિધિવત્ વંદન કરવા., **૯. વૈયાવૃત્ય :–** શારીરિક સેવા અને બીજી કોઈ પણ સેવા કરવી., **૧૦. સમવસરણ :–** એક જ ઉપાશ્રયમાં રોકાવું, બેસવું, સૂવું અને રહેવું., **૧૧. સનિષદ્યા :–** એક આસન, પાટ વગેરે પર સાથે બેસવું., **૧૨. કથાપ્રબંધ :–** એક જ સભામાં સાથે પ્રવચન દેવું.

શ્રમણોએ પરસ્પર આ બાર પ્રકારના વ્યવહાર કરવાના હોય છે. એક ગુરુના સંપ્રદાયમાં આ બધા સંબંધો–વ્યવહારો હોય જ છે. જે સાધુ ને સંયમમાં બે–ત્રણવાર કે તેથી થી વધારે વાર અક્ષમ્ય દોષ લાગ્યો હોય, તો તેની સાથે સંભોગ વ્યવહારોનું વિસર્જન કરવામાં આવે છે. તેને શાસ્ત્રીય ભાષામાં વિસંભોગ કરવો, કહેવાય છે.

એક જ ગચ્છના સાધુ–સાધ્વી હોય, તો છ વ્યવહારો તો સ્વાભાવિક જ હોય અને બાકીના છ

વ્યવહારો વિશેષ કારણથી ક્યારેક જ હોય છે. આ વિષયનું વિસ્તૃત વર્ણન બૃહત્કલ્પ સૂત્રના ચોથા ઉદ્દેશકમાં કરવામાં આવ્યું છે.

**३** **दुवालसावत्ते किइकम्मे पण्णत्ते, तं जहा–**

**दुहओणयं जहाजायं, किइकम्मं बारसावयं ।**
**चउसिरं तिगुत्तं च, दुपवेसं एगणिक्खमणं ।।१।।**

**ભાવાર્થ :–** કૃતિકર્મ (વંદન) બાર આવર્તયુક્ત છે, જેમ કે – બે અવનત, એક યથાજાત, બાર આવર્ત, ચાર શિરોવનત, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કૃતિકર્મ – વંદન વિધિના ૨૫ આવશ્યકના નામ છે. આવશ્યક નિર્યુકિતમાં તેનું વિશદ વર્ણન જોવા મળે છે.

**किइकम्मे**–કૃતિકર્મ :– **कृत्यते छिद्यते कर्म येन तत् कृतिकर्म ।** જેનાથી કર્મોનું કર્તન થાય, છેદન થાય, તે કૃતિકર્મ છે . પરિણામોની વિશુદ્ધિ રૂપ માનસિક ક્રિયા, શબ્દોચ્ચાર રૂપ વાચિક ક્રિયા અને નમસ્કાર રૂપ કાયિક ક્રિયાથી આઠે કર્મોનું છેદન થાય છે, માટે ત્રિયોગથી થતાં વંદન–નમસ્કારને કૃતિકર્મ કહે છે. દેવ–ગુરુને થતા વંદન દ્વારા પાપ કર્મોની નિર્જરા થાય છે માટે વંદનાને કૃતિકર્મ કહે છે.

ગુરુજનોના અવગ્રહની (તેમના નિયત–નિશ્ચિત સ્થાનની) બહાર રહીને **'तिक्खुत्तो'** દ્વારા જઘન્ય વંદન કરવામાં આવે છે અને નમોત્થુણંના પાઠથી મધ્યમ વંદના કરવામાં આવે છે. ગુરુજનોના અવગ્રહમાં, તેમની સમીપે આવીને **इच्छामि खमासमणो** ના પાઠથી દ્વાદશાવર્ત વંદન કરવામાં આવે છે. **इच्छामि खमासमणो** માં એક વંદનમાં છ આવર્ત અને બીજા વંદનમાં છ આવર્ત, તેમ કુલ બાર આવર્ત થાય છે.

કૃતિકર્મના પચીસ આવશ્યકનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**બે અવનત :–** અવગ્રહની બહાર રહેલો શિષ્ય સર્વ પ્રથમ પણછ ચઢાવેલ ધનુષ્યની સમાન અર્ધઅવનત થઈને અર્થાત્ અર્ધુ શરીર નમેલું હોય તેવી સ્થિતિમાં ઊભા રહીને **इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए** બોલીને ગુરુદેવને વંદન કરવાની ઈચ્છાનું નિવેદન કરે છે. ગુરુદેવના તરફથી આજ્ઞા મળ્યા પછી અર્ધ અવનત કાયાથી જ **अणुजाणह मे मि उग्गहं** બોલીને અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગે છે. આ પ્રથમ અવનત આવશ્યક છે.

અવગ્રહથી બહાર આવી પ્રથમ વંદન પૂર્ણ કરી બીજીવાર વંદન કરવા માટે ઈચ્છામિ ખમાસમણોનો પાઠ બોલે ત્યાર પછી તે જ રીતે અર્ધ અવનત થઈને વંદન કરવા માટે ઈચ્છા નિવેદન કરવું અને બીજી વાર અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગવી, આ બીજો અવનત આવશ્યક છે.

**એક યથાજાત–** બાળક માતાના ગર્ભમાંથી જન્મ ધારણ કરે ત્યારે તેના બંને હાથ લલાટ ઉપર હોય છે. તે

સમયે બાળક સંસારના વાસનામય વાતાવરણથી પ્રભાવિત નથી. જન્મજાત બાળક સરળતા, મૃદુતા, નમ્રતા નિષ્કપટતાનું પ્રતીક છે. તે જ રીતે શ્રમણ ધર્મના સ્વીકાર સમયની સાધુની મુદ્રા પણ યથાજાત મુદ્રા કહેવાય છે. શ્રમણ ધર્મનો સ્વીકાર કરવો, તે પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં નવો જન્મ છે ત્યારે શિષ્ય પણ સાધુના વેષ સહિત પોતાના બંને હાથ અંજલિબદ્ધ કરીને લલાટે લગાડીને, સરળતા, મૃદુતા, નમ્રતાના ભાવ સહિત ગુરુ સમક્ષ ઉપસ્થિત થાય છે, તે સાધુની યથાજાત મુદ્રા છે. પ્રથમ વંદન સમયે ગુરુના અવગ્રહમાં પ્રવેશતા પૂર્વે એકવાર યથાજાત થાય છે.

**બે પ્રવેશ–** અવગ્રહમાં પ્રવેશ કરવાની ગુરુદેવની આજ્ઞા મળી જતાં 'નિસીહિ' શબ્દ બોલીને, રજોહરણથી આગળની ભૂમિનું પ્રમાર્જન કરીને વંદન કરનાર શિષ્ય યથાજાત મુદ્રામાં અવગ્રહમાં પ્રવેશ કરે, ત્યારે પ્રથમ પ્રવેશ થાય છે. તે જ રીતે એકવારની વંદના પૂર્ણ કરીને બીજીવાર વંદના કરવા માટે અવગ્રહમાં પ્રવેશ કરે, તે બીજો પ્રવેશ છે.

**બાર આવર્તન–** શિષ્ય ગુરુના ચરણોનો સ્પર્શ કરીને અંજલિબદ્ધ પોતાના બંને હાથને લલાટે લાગવે છે. તે ગુરુની આજ્ઞાને સદાય મસ્તકે ચડાવવા માટે કૃતનિશ્ચયી હોય છે. ગોદુહાસને અથવા ઊકડું આસને બેસીને પહેલા ત્રણ આવર્તન– (૧) અ...હો (૨) કા...યં (૩) કા...ય. આ પ્રમાણે બે બે અક્ષરોથી પૂર્ણ થાય છે. બંને હાથ જોડીને **अ** અક્ષરનું ઉચ્ચારણ કરીને હાથથી ગુરુ ચરણનો સ્પર્શ કરી પુનઃ હાથને પોતાના લલાટના મધ્યભાગમાં લગાવતાં **हो** નું ઉચ્ચારણ કરવું. આ પ્રથમ આવર્તન છે. આ જ રીતે કા.....યં અને કા......ય ના શેષ બે આવર્ત થાય છે. ત્યાર પછી 'સંફાસ' શબ્દના ઉચ્ચારણ પૂર્વક ગુરુ ચરણોમાં મસ્તક નમાવી (મસ્તકથી ગુરુચરણનો) સ્પર્શ કરે છે. બીજા ત્રણ આવર્તન (૪) જ...ત્તા...ભે (૫) જ...વ...ણિ (૬) જ્જં...ચ...ભે, આ પ્રમાણે ત્રણ-ત્રણ અક્ષરોથી પૂર્ણ થાય છે. બંને હાથ જોડી ગુરુચરણનો સ્પર્શ કરી મંદ સ્વરથી 'જ' અક્ષર બોલવો, ત્યાર પછી અંજલિબદ્ધ બંને હાથ પોતાના વક્ષસ્થળ પાસે લાવી મધ્યમ સ્વરથી ત્તા અક્ષર બોલવો અને ત્યાર પછી અંજલિબદ્ધ બંને હાથ લલાટે લગાવીને ઉચ્ચ સ્વરથી 'ભે' અક્ષર બોલવો. આ એક આવર્તન થાય છે. આ જ રીતે **ज...व...णि, ज्जं...च...भे** ના શેષ બે આવર્ત થાય છે.

આ રીતે એક વંદનામાં છ આવર્ત થાય અને બીજી વંદનામાં પણ છ આવર્ત, કુલ બાર આવર્ત થાય છે.

**આવર્તની બીજી પદ્ધતિ**– આવર્તન = બંને હાથ જોડીને ગોળાકારે ફેરવવા. **अ** શબ્દના ઉચ્ચારપૂર્વક આવર્તનનો પ્રારંભ કરવો. ગુરુની જમણી બાજુથી પ્રારંભ કરીને ડાબી બાજુ સુધી જોડેલા બંને હાથને ફેરવવા અને **हो** ના ઉચ્ચાર સાથે અંજલિબદ્ધ હાથ મસ્તકે લગાવવા. આ એક આવર્તન થાય છે. તે જ રીતે **कायं, काय** ના બે આવર્તન કરવા. આ રીતે ત્રણ આવર્તન પૂર્ણ કરીને **संफासं** બોલતાં મસ્તક નમાવીને ગુરુનો ચરણ સ્પર્શ કરવો.

તે જ રીતે **ज.. त्ता.. भे, ज.. व.. णि, ज्जं.. च.. भे** ના ત્રણ આવર્તન થાય છે. આ રીતે એક વંદનામાં છ આવર્તનઅને બીજીવારની વંદનામાં પણ છ આવર્તન થતાં કુલ બાર આવર્તન થાય છે.

બાર આવર્તન ઉપરોક્ત બંને વિધિમાંથી કોઈપણ વિધિથી થઈ શકે છે.

**એક નિષ્ક્રમણ :–** પ્રથમ છ આવર્તન કર્યા પછી બંને હાથથી અને પશ્ચાત્ મસ્તકથી ગુરુ ચરણોનો સ્પર્શ કરે તથા **खामेमि खमासमणो देवसियं वइक्कमं** નો પાઠ બોલે ત્યારપછી ઊભા થઈને રજોહરણથી પોતાની પાછળની ભૂમિનું પ્રમાર્જન કરતા ગુરુદેવના મુખ કમળ પર દષ્ટિ સ્થિર કરીને **आवस्सियाए** કહેતા પાછા પગલેથી પાછો ફરે અને અવગ્રહથી બહાર નીકળી જાય આ નિષ્ક્રમણ આવશ્યક છે.

અવગ્રહની બહાર આવી ગુરુદેવની તરફ મુખ રાખી, બંને હાથ જોડી, સ્થિર ઊભા રહીને સ્થિત થઈને **पडिक्कम्मामि** થી લઈને સંપૂર્ણ ખમાસમણાનો પાઠ પરિપૂર્ણ કરે. બીજી વારના વંદનમાં ગુરુની સમક્ષ સંપૂર્ણ પાઠ બોલવાનો હોય છે, તેથી બીજીવાર નિષ્ક્રમણ આવશ્યક થતો નથી.

**ત્રણ ગુપ્તિ :–** શિષ્ય જ્યારે અવગ્રહમાં પ્રવેશ કરે છે ત્યારે **निसीहि** શબ્દનું ઉચ્ચારણ કરે છે અર્થાત્ હવે હું મન, વચન અને કાયાની અન્ય બધી જ પ્રવૃત્તિઓનો નિષેધ કરું છું અને ત્રણે ય યોગોને એક માત્ર વંદન ક્રિયામાં જ નિયુક્ત કરું છું. આ શબ્દોનું ઉચ્ચારણ એકાગ્ર ભાવનું તથા ત્રણે ય ગુપ્તિઓના આવશ્યકનું નિદર્શન કરે છે.

**મનોગુપ્તિ :–** મનમાં એક માત્ર વંદનાનો ભાવ જીવંત રાખી અન્ય સંકલ્પોને નિવૃત્તિ આપી દેવી, તે મનોગુપ્તિ આવશ્યક છે. અનેક વિકલ્પોથી ઘેરાયેલા મનથી વંદના કરવાથી કર્મનિર્જરા થતી નથી. **વચન ગુપ્તિ–** વંદના કરતા સમયે વચ્ચે કાંઈ બોલવું નહીં, વચનનો વ્યાપાર વંદન ક્રિયાના પાઠમાં જ જોડી રાખવો તથા અસ્ખલિત, સ્પષ્ટ અને સ્વર પ્રમાણે ઉચ્ચારણ કરવા, તે વચનગુપ્તિ છે. **કાય ગુપ્તિ–** શરીરનો વ્યાપાર વંદન ક્રિયા સિવાયના અન્ય કાર્યોમાં ન જોડવો તથા શરીરને આગળ પાછળ હલાવ્યા વગર પૂર્ણ રૂપથી નિયંત્રિત રાખવું, વંદના સિવાય સર્વ ક્રિયાઓનો નિષેધ કરવો, તે કાયગુપ્તિ છે.

**ચાર શિર :–** અવગ્રહમાં પ્રવેશ કરી શિષ્ય ક્ષમાપના કરે ત્યારે ગુરુની બરાબર સન્મુખ ઊભા રહે છે, તેથી શિષ્ય તથા ગુરુના, એમ બે શિર પરસ્પર એક બીજાની સન્મુખ હોય છે. આ પ્રથમ ખમાસમણાના બે શિર સંબંધી આવશ્યક છે. આ જ પ્રમાણે બીજા ખમાસમણાના બે શિર સંબંધી આવશ્યક પણ સમજી લેવા જોઈએ. આચાર્ય હરિભદ્ર કૃત આવશ્યક નિર્યુક્તિમાં, આચાર્ય અભયદેવ સૂરિકૃત સમવાયાંગ સૂત્રની વૃત્તિમાં આ જ પ્રમાણે ચાર શિરોનમનનું કથન છે. આચાર્ય શ્રી સિદ્ધસેન સૂરિજી શિષ્યના જ ચાર શિરોનમન આ પ્રમાણે કહે છે– (૧) એક શિરોનમન **संफासं** શબ્દ બોલતા (૨) બીજુ ક્ષમાયાચના કરતા **खामेमि खमासमणो** શબ્દનું ઉચ્ચારણ કરતા. આ જ રીતે બીજીવાર વંદન કરતાં સમયે બે શિરોનમન થાય છે. આ રીતે કુલ ચાર શિરોનમન થાય છે.

આ રીતે બે વાર વંદના કરવાથી વંદન વિધિના ૨૫ આવશ્યક કાર્ય પૂર્ણ થાય છે.

**૪ विजया णं रायहाणी दुवालस जोयणसयसहस्साइं आयामविक्खंभेणं पण्णत्ता । रामे णं बलदेवे दुवालस वाससयाइं सव्वाउयं पालित्ता देवत्तं गए । मंदरस्स णं पव्वयस चूलिया मूले दुवालस जोयणाइं विक्खंभेणं पण्णत्ता । जंबुद्दीवस्स णं दीवस्स जगइ (वेइया) मूले दुवालस जोयणाइं विक्खंभेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપની પૂર્વદિશામાં રહેલા વિજય દ્વારના સ્વામી વિજય નામના દેવની વિજયા નામની રાજધાની અહીંથી અસંખ્યાત યોજન દૂર છે. તે બાર લાખ યોજનના આયામ વિષ્કંભવાળી છે. બલરામ નામના બલદેવે(કૃષ્ણ વાસુદેવના ભાઈ) બારસો વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને દેવગતિને પ્રાપ્ત કરી છે. મંદર પર્વતની ચૂલિકા મૂળમાં બાર યોજન વિસ્તારવાળી છે. જંબૂદ્વીપ નામના દ્વીપની જગતી (વેદિકા)મૂળભાગમાં ૧૨ યોજન પહોળી છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં **रामे**–રામ શબ્દ પ્રયોગ છે, તેનાથી શ્રી કૃષ્ણના ભાઈ બલરામનું ગ્રહણ થાય છે. લક્ષ્મણના ભાઈ શ્રી રામનું નહીં કારણ કે વાસુદેવ લક્ષ્મણના ભાઈ રામ–બળદેવ મોક્ષે ગયા છે અને તેમનું આયુષ્ય ૧૫,૦૦૦ વર્ષનું હતું.

પ્રાયઃ પ્રતોનાં **वेइया मूले...** પાઠ જોવા મળે છે, પરંતુ જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રના પ્રથમ વક્ષસ્કાર– સૂ.૪ **सा णं जगइ... मूले बारस जोयणाइं विक्खंभेणं।** જંબૂદ્વીપ નામના દ્વીપની જગતી મૂળ ભાગમાં ૧૨ યોજન પહોળી છે, અને જગતી ઉપર જે વેદિકા છે તે ૫૦૦ યોજન પહોળી છે. **तीसे णं जगईण उप्पिं बहु मज्झदेसभाण, णत्थ णं महई ण्गा पउमवर वेईया... पंच धणुसयाइं विक्खंभेणं...** તેથી પ્રસ્તુત સંસ્કરણમાં **जगइ मूले...** પાઠ ગ્રહણ કર્યો છે. અને **वेइया...** શબ્દને કૌંસમાં રાખ્યો છે.

**५ सव्व जहण्णिया राई दुवालस मुहुत्तिआ पण्णत्ता एवं दिवसोवि णायव्वो।**

**ભાવાર્થ :–** સૌથી નાની રાત્રિ બાર મુહૂર્તની છે અને સૌથી નાનો દિવસ પણ બાર મુહૂર્તનો છે.

**६ सव्वट्ठसिद्धस्स णं महाविमाणस्स उवरिल्लाओ थुभिअग्गाओ दुवालस जोयणाइं उड्ढं उप्पइया ईसिपब्भार णामं पुढवी पण्णत्ता । ईसिपब्भाराए णं पुढवीए दुवालस णामधेज्जा पण्णत्ता । तं जहा– ईसि त्ति वा, ईसिपब्भारा ति वा, तणु इ वा, तणुयतरि त्ति वा, सिद्धि त्ति वा, सिद्धालए त्ति वा, मुत्ती त्ति वा, मुत्तालए त्ति वा, बंभे त्ति वा, बंभवडिंसए त्ति वा, लोगपडिपूरणे ति वा लोगग्गचूलिआई वा ।**

**ભાવાર્થ :–** સર્વાર્થસિદ્ધ મહાવિમાનના ઉપરની સ્તૂપિકા (ચૂલિકા)થી બાર યોજન ઉપર ઈષત્ પ્રાગ્ભાર નામની પૃથ્વી છે. ઈષત્ પ્રાગ્ભાર પૃથ્વીનાં બાર નામ છે, જેમ કે– ઈષત્, ઈષત પ્રાગ્ભારા, તનુ, તનુતરા, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, બ્રહ્મ, બ્રહ્માવતંસક, લોકપ્રતિપૂર્ણ અને લોકાગ્રચૂલિકા.

**૭** **इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं बारस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं बारस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं बारस पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं बारस पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**भावार्थ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બાર પલ્યોપમની છે. પાંચમી ધૂમપ્રભા નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બાર સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બાર પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ બાર પલ્યોપમની છે.

**૮** **लंतए कप्पे अत्थेगइयाणं देवाणं बारस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा महिंदं महिंदज्झयं कंबुं कंबुग्गीयं पुंखं सुपुंखं महापुंखं, पुंडं सुपुंडं महापुडं णरिंदं णरिंदकंतं णरिंदुत्तरवडिंसगं विमाणं देवताए उववण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं बारस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा बारसण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा णीससंति वा । तेसिं णं देवाणं बारसहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**संतेगइया भवसिद्धिया जीवा जे बारसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**भावार्थ :–** લાન્તક કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ બાર સાગરોપમની છે. તેમાં જે દેવ મહેન્દ્ર, મહેન્દ્રધ્વજ, કમ્બુ, કંબુગ્રીવ, પુંખ, સુપુંખ, મહાપુંખ, પુંડ, સુપુંડ, મહાપુંડ, નરેન્દ્ર, નરેન્દ્રકાંત અને નરેન્દ્રો–ત્તરાવતંસક નામનાં વિશિષ્ટ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાર સાગરોપમની છે. તે દેવ બાર અર્ધમહિને (છ મહિને) આનપ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને બાર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો બાર ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૨ સંપૂર્ણ**

# તેરમું સમવાય

## પરિચય :–

આ સમવાયમાં તેર–તેર સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા–તેર ક્રિયા સ્થાન, સૌધર્મ અને ઈશાન કલ્પના તેર વિમાન પ્રસ્તટ, પ્રાણાયુ નામના બારમા પૂર્વમાં તેર વસ્તુ–અધિકાર, ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયમાં તેર પ્રકારના યોગ, સૂર્યમંડલના વિસ્તાર તથા નારકી દેવોની તેર પલ્યોપમ અને તેર સાગરોપમની સ્થિતિનું નિરૂપણ છે અને અંતે તેર ભવ કરી મુક્ત થતાં જીવોનો ઉલ્લેખ છે.

**१ तेरस किरियाठाणा पण्णत्ता, तं जहा– अट्ठादंडे अणट्ठादंडे हिंसादण्डे अकम्हादंडे दिट्ठिविपरियासियादंडे मुसावायवत्तिए अदिण्णादाणवत्तिए अज्झत्थिए माणवत्तिए मित्तदोसवत्तिए मायावत्तिए लोभवत्तिए इरियावहिए णामं तेरसमे ।**

**ભાવાર્થ :–** ક્રિયાસ્થાન તેર છે, જેમ કે– ૧. અર્થદંડ ક્રિયા ૨. અનર્થદંડ ક્રિયા ૩. હિંસાદંડ ક્રિયા ૪. અકસ્માતદંડ ક્રિયા ૫. દષ્ટિ વિપર્યાસ દંડ ક્રિયા ૬. મૃષાવાદ પ્રત્યય ક્રિયા ૭. અદત્તાદાન પ્રત્યય ક્રિયા ૮. આધ્યાત્મ ક્રિયા ૯. માન પ્રત્યય ક્રિયા ૧૦. મિત્રદ્વેષ પ્રત્યય ક્રિયા ૧૧. માયાપ્રત્યય ક્રિયા ૧૨. લોભપ્રત્યય ક્રિયા અને ૧૩. ઈર્યાપથિક ક્રિયા.

## વિવેચન :–

કર્મબંધના કારણભૂત ચેષ્ટા વિશેષને ક્રિયા કહે છે. **ક્રિયાસ્થાન**નાં તેર ભેદ છે, યથા (૧) પોતાના શરીર, કુટુંબ વગેરેના પ્રયોજનથી જીવ હિંસા થાય, તે અર્થદંડ ક્રિયા છે. (૨) પ્રયોજન વિના જીવહિંસા થાય, તે અનર્થદંડ ક્રિયા છે. (૩) સંકલ્પપૂર્વક કોઈ પ્રાણીને મારવા, તે હિંસાદંડ ક્રિયા છે. (૪) ઉપયોગ વિના અકસ્માત જીવનો ઘાત થાય તે અકસ્માત દંડ ક્રિયા છે. (૫) દષ્ટિ અથવા બુદ્ધિનો વિભ્રમ થવાથી જીવઘાત થાય, તે દષ્ટિ વિપર્યાસ દંડ ક્રિયા છે, જેમ કે મિત્રને શત્રુ સમજીને મારવો. (૬) ખોટું બોલવાના નિમિત્તથી થનારી ક્રિયા મૃષા પ્રત્યય ક્રિયા છે. (૭) અદત્ત વસ્તુના આદાનથી–ચોરીના નિમિત્તથી થનારી ક્રિયા અદત્તાદાન પ્રત્યય ક્રિયા કહે છે. (૮) અધ્યાત્મનો અર્થ અહીં મન થાય છે. બહારના નિમિત્ત વિના મનના અશુભ ચિંતનથી, આર્ત– રૌદ્ર ધ્યાનથી જે ક્રિયા થાય, તે આધ્યાત્મિક દંડ ક્રિયા છે. (૯) અભિમાનના નિમિત્તથી જે ક્રિયા થાય, તે માન પ્રત્યય ક્રિયા છે. (૧૦) મિત્રજન, માતા–પિતા વગેરેનો થોડો અપરાધ હોવા છતાં પણ વધારે દંડ દેવો તે મિત્રદ્વેષ પ્રત્યય ક્રિયા છે. (૧૧) માયાચારના નિમિત્તે જે

ક્રિયા થાય, તે માયા પ્રત્યય ક્રિયા છે. (૧૨) લોભના નિમિત્તથી જે ક્રિયા થાય, તે લોભ પ્રત્યય ક્રિયા છે.(૧૩) કષાયના અભાવમાં માત્ર યોગની પ્રવૃત્તિ થાય, તે ઈર્યાપથિક ક્રિયા છે.

**३ सोहम्मीसाणेसु कप्पेसु तेरस विमाणपत्थडा पण्णत्ता । सोहम्मवडिंसगे णं विमाणे अद्धतेरसजोयणसयसहस्साइं आयामविक्खभेणं पण्णत्ते । एवं ईसाण वडिंसगे वि । जलयर पंचिंदियतिरिक्खजोणियाणं अद्धतेरस जाइकुलकोडीजोणीपमुह सय सहस्साइं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સૌધર્મ–ઈશાન કલ્પમાં તેર વિમાન પ્રસ્તટ (પાથડા) છે. સૌધર્માવતંસક વિમાન અર્ધ ત્રયોદશ અર્થાત્ સાડા બાર લાખ યોજન આયામ–વિષ્કંભવાળું છે. તે જ રીતે ઈશાનવતંસક વિમાન પણ જાણવું જોઈએ. જળચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિ પ્રમુખ જીવોની જાતિ કુલકોટિઓ સાડા બાર લાખ છે.

**३ पाणाउस्स णं पुव्वस्स तेरस वत्थू पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પ્રાણાયુ નામક બારમા પૂર્વના તેર વસ્તુ નામક અર્થાધિકાર છે.

**४ गब्भवक्कंतिय पंचिदियतिरिक्खजोणियाणं तेरसविहे पओगे पण्णत्ते, तं जहा– सच्चमणपओगे मोसमणपओगे सच्चामोसमणपओगे असच्चामोसमणपओगे सच्चवइपओगे मोसवइपओगे सच्चामोसवइपओगे असच्चामोसवइपओगे;स्पेश ओरालियसरीरकायपओगे ओरालियमीससरीरकायपओगे वेउव्विय सरीरकायपओगे वेउव्वियमीसरीरकायपओगे कम्मासरीरकायपओगे ।**

**ભાવાર્થ :–** ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ યોનિના જીવોમાં તેર પ્રકારના યોગ અથવા પ્રયોગ હોય છે, જેમ કે– સત્યમનપ્રયોગ, અસત્યમનપ્રયોગ, સત્યમૃષા મનપ્રયોગ, અસત્યામૃષા મનપ્રયોગ, સત્ય વચન પ્રયોગ, મૃષાવચનપ્રયોગ, સત્યમૃષા વચનપ્રયોગ, અસત્યામૃષા વચનપ્રયોગ, ઔદારિકશરીર કાયપ્રયોગ, ઔદારિકમિશ્રશરીર કાયપ્રયોગ, વૈક્રિયશરીર કાયપ્રયોગ, વૈક્રિયમિશ્રશરીર કાયપ્રયોગ, કાર્મણશરીર કાયપ્રયોગ.

**५ सूरमंडलं जोयणेणं तेरसेहिं एगसट्ठिभागेहिं जोयणस्स ऊणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** સૂર્યમંડળ એક યોજનના એકસઠ ભાગોમાંથી તેર ભાગ ઓછા એટલે ૪૮/૬૧ યોજનના વિસ્તારવાળું છે.

**६ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तेरसपलिओवमाइं ठिई पण्णत्ता । पंचमीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तेरस सागरोवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं**

**देवाणं तेरस पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ તેર પલ્યોપમની છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ તેર સાગરોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ તેર પલ્યોપમની છે.

**૭ लंतए कप्पे अत्थेगइयाणं देवाणं तेरस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा वज्जं सुवज्जं वज्जावत्तं वज्जप्पभं वज्जकंतं वज्जवण्णं वज्जलेसं वज्जरूवं वज्जसिंगं वज्जसिट्ठं वज्जकूडं वज्जुत्तरवडिंसगं वइरं वइरावत्तं वइरप्पभं वइरकंतं वइरवण्णं वइरलेसं वइरूवं वइरसिंगं वइरसिट्ठं वइरकूडं वइरुत्तरवडिंसगं लोगं लोगावत्तं लोगप्पभं लोगकंतं लोगवण्णं लोगलेसं लोगरूवं लोगसिंगं लोगसिट्ठं लोगकूडं लोगुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा । तेसिं णं देवाणं उक्कोसेणं तेरस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा तेरसहिं अद्धमासेहिं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा । तेसिं णं देवाणं तेरसहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ।**

**ભાવાર્થ :–** લાતંક દેવલોકના કેટલાક દેવોની સ્થિતિ તેર સાગરોપમની છે. જે દેવો વજ્ર, સુવજ્ર, વજ્રાવર્ત, વ્રજપ્રભ, વજ્રકાંત, વજ્રવર્ણ, વજ્રલેશ્ય, વજ્રરૂપ, વજ્રશૃંગ, વજ્રસૃષ્ટ, વજ્રકૂટ, વજ્રોત્તરાવતંસક, વઈર, વઈરાવર્ત, વઈરપ્રભ, વઈરકાંત, વઈરવર્ણ, વઈરલેશ્ય, વઈરરૂપ, વઈરશૃંગ, વઈરસૃષ્ટ,વઈરકૂટ, વઈરોત્તરાવતંસક, લોક, લોકાવર્ત, લોકપ્રભ, લોકાંત, લોકવર્ણ, લોકલેશ્ય, લોકરૂપ, લોકશૃંગ, લોકસૃષ્ટ, લોકકૂટ અને લોકોત્તરાવતંસક નામના વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેર સાગરોપમની છે. તે દેવો તેર અર્ધમાસે (સાડા છ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને તેર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૮ संतेगइया भवसिद्धिआ जीवा जे तेरसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाएमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો તેર ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૩ સંપૂર્ણ**

# ચૌદમું સમવાય

## પરિચય :-

આ સમવાયમાં ચૌદ–ચૌદ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા– ચૌદ ભૂતગ્રામ, ચૌદ પૂર્વ, ભગવાન મહાવીરના ચૌદહજાર શ્રમણો,ચૌદ જીવસ્થાન, ચક્રવર્તીનાં ચૌદ રત્નો, ચૌદ મહાનદીઓ,નારકી અને દેવોની ચૌદ પલ્યોપમ અને ચૌદ સાગરોપમની સ્થિતિ તથા ચૌદ ભવ કરીને મોક્ષે જનારા જીવોનું વર્ણન છે.

**१ चउद्दस भूयग्गामा पण्णत्ता, तं जहा– सुहुमा अपज्जत्तया, सुहुमा पज्जत्तया, बादरा अपज्जत्तया, बादरा पज्जत्तया, बेइंदिया अपज्जत्तया, बेइंदिया पज्जत्तया, तेइंदिया अपज्जत्तया, तेइंदिया पज्जत्तया, चउरिंदिया अपज्जत्तया, चउरिंदिया पज्जत्तया, पंचिंदिया असण्णि अपज्जत्तया, पचिंदिया असण्णिपज्जत्तया, पंचिंदिया सण्णिअपज्जत्तया, पंचिंदिया सण्णिपज्जत्तया।**

**ભાવાર્થ :–** ચૌદ પ્રકારના ભૂતગ્રામ– જીવ સમૂહ છે, જેમ કે– (૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્ત, (૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત, (૩) બાદર એકેન્દ્રિય અપર્યાપ્ત, (૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત, (૫) બેઈન્દ્રિય અપર્યાપ્ત, (૬) બેઈન્દ્રિય પર્યાપ્ત, (૭) તેઈન્દ્રિય અપર્યાપ્ત, (૮) તેઈન્દ્રિય પર્યાપ્ત, (૯) ચૌરેન્દ્રિય અપર્યાપ્ત, (૧૦) ચૌરેન્દ્રિય પર્યાપ્ત, (૧૧) અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત, (૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત, (૧૩) સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત, (૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત.

## વિવેચન :-

**ભૂતગ્રામ** – ભૂત = જીવ, ગ્રામ=સમૂહ, જીવોના સમૂહને ભૂતગ્રામ કહે છે. તેના ચૌદ ભેદ છે. તેમાં સાત અપર્યાપ્ત અને સાત પર્યાપ્ત છે. પર્યાપ્તિનો અર્થ પૂર્ણતા છે. આહાર, શરીર વગેરેને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને તેને તેના સ્વરૂપમાં પરિણત કરવાની યોગ્યતાની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે, તેના છ પ્રકાર છે. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન. જે જીવોને જેટલી પર્યાપ્તિઓનો સંભવ છે, તેની પૂર્ણતા જેણે પ્રાપ્ત કરી લીધી છે, તે **પર્યાપ્ત** કહેવાય છે. જે જીવોએ તે પૂર્ણતા પ્રાપ્ત કરી નથી તે **અપર્યાપ્ત** કહેવાય છે. એકેન્દ્રિય જીવોને ચાર પર્યાપ્તિ વિકલેન્દ્રિયોને પાંચ પર્યાપ્તિ, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને પાંચ પર્યાપ્તિ, સંમૂચ્છિર્મ મનુષ્યોને ચાર પર્યાપ્તિ, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, સંજ્ઞી મનુષ્ય, નારકી, દેવોને છ પર્યાપ્તિ હોય છે.

**૨** चउद्दस पुव्वा पण्णत्ता, तं जहा–

उप्पायपुव्वमग्गेणियं च, तइयं च वीरियं पुव्वं ।
अत्थीणत्थिपवायं, तत्तो णाणप्पवायं च ।।१।।
सच्चपवायं पुव्वं, तत्तो आयप्पवायपुव्वं च ।
कम्मप्पवायपुव्वं, पच्चक्खाणं भवे णवमं ।।२।।
विज्जाअणुप्पवायं, अबंझपाणाउ बारसं पुव्वं ।
तत्तो किरियविसालं, पुव्वं तह बिंदुसारं च ।।३।।

**ભાવાર્થ :–** ચૌદ પૂર્વ છે, જેમ કે– ઉત્પાદપૂર્વ, અગ્રાયણીયપૂર્વ, વીર્યપૂર્વ, અસ્તિ–નાસ્તિપ્રવાદપૂર્વ, જ્ઞાનપ્રવાદપૂર્વ, સત્યપ્રવાદપૂર્વ, આત્મપ્રવાદપૂર્વ, કર્મપ્રવાદપૂર્વ, પ્રત્યાખ્યાનપૂર્વ, વિદ્યાનુવાદપૂર્વ, અવન્ધ્યપૂર્વ, પ્રાણાયુપૂર્વ, ક્રિયાવિશાલપૂર્વ, લોકબિન્દુસારપૂર્વ.

**વિવેચન :–**

બાર અંગસૂત્રમાંથી બારમા દષ્ટિવાદ સૂત્રના પાંચ વિભાગ છે, તેના એક વિભાગનું નામ 'પૂર્વ' છે. તેમાં ચૌદ પૂર્વ છે. ચૌદ પૂર્વમાં વિવિધ વિષયોનું વિસ્તૃત વર્ણન છે. (૧) **ઉત્પાદપૂર્વ**માં ઉત્પાદના આશ્રયે દ્રવ્યોના પર્યાયોની પ્રરૂપણા છે. (૨) **અગ્રાયણીયપૂર્વ**માં દ્રવ્યોનાં અગ્ર પરિમાણના આશ્રયે નિરૂપણ છે. (૩) **વીર્યપ્રવાદપૂર્વ**માં જીવાદિ દ્રવ્યોની વીર્ય શક્તિનું નિરૂપણ કરેલ છે. (૪) **અસ્તિ–નાસ્તિ પ્રવાદપૂર્વ**માં સ્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ દ્રવ્યોનાં અસ્તિત્ત્વધર્મનું અને પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ નાસ્તિત્ત્વ ધર્મનું પ્રરૂપણ છે. (૫) **જ્ઞાનપ્રવાદપૂર્વ**માં મતિજ્ઞાન આદિ જ્ઞાનોના ભેદ પ્રભેદોનાં સ્વરૂપનું નિરૂપણ છે. (૬) **સત્યપ્રવાદપૂર્વ**માં સત્ય, સંયમ, સત્યવચન, તેના ભેદ પ્રભેદોનું અને તેના પ્રતિપક્ષી અસંયમ, અસત્યવચન વગેરેનું વિસ્તારથી નિરૂપણ છે. (૭) **આત્મપ્રવાદપૂર્વ**માં આત્માના અસ્તિત્ત્વને સિદ્ધ કરી તેના ભેદ પ્રભેદોનું અનેક નયથી વિવેચન છે. (૮) **કર્મપ્રવાદપૂર્વ**માં જ્ઞાનાવરણ આદિ કર્મોનાં અસ્તિત્ત્વને સિદ્ધ કરીને તેના ભેદ પ્રભેદ, ઉદય, ઉદીરણા વગેરે વિવિધ દશાઓનું વિસ્તારથી વર્ણન છે. (૯) **પ્રત્યાખ્યાનપૂર્વ**માં અનેક પ્રકારના યમ–નિયમોનું, તેના અતિચારોનું અને પ્રાયશ્ચિતોનું વિસ્તૃત વિવેચન છે. (૧૦) **વિદ્યાનુવાદપ્રવાદપૂર્વ**માં અનેક પ્રકારનાં મંત્ર–તંત્રોનું, રોહિણી આદિ મહાવિદ્યાઓનું તથા અંગૂષ્ઠપ્રશ્ન વગેરે વિદ્યાઓની વિધિપૂર્વકની સાધનાનું વર્ણન છે. (૧૧) **અવન્ધ્યપૂર્વ**માં ક્યારે ય વ્યર્થ ન જાય તેવા અતિશયોનું, ચમત્કારોનું તથા તીર્થંકર નામકર્મના બંધ યોગ્ય કલ્યાણકારીભાવનાઓનું વર્ણન છે. (૧૨) પ્રાણાયુ અથવા પ્રાણવાય પૂર્વમાં જીવોના પ્રાણ રક્ષક આયુર્વેદનાં અષ્ટ અંગોનું વિસ્તારથી વર્ણન છે. (૧૩) **ક્રિયાવિશાળપૂર્વ**માં અનેક પ્રકારની કલાઓનું તથા માનસિક, વાચિક અને કાયિક ક્રિયાનું સભેદ વિસ્તારથી વર્ણન છે. (૧૪) **લોકબિન્દુસારપૂર્વમાં** લોકનું સ્વરૂપ તથા મોક્ષમાં જવાના કારણભૂત રત્નત્રય ધર્મનું સૂક્ષ્મ વર્ણન છે.

**३** **अग्गेणिअस्स णं पुव्वस्स चउद्दस वत्थू पण्णत्ता ।**

**समणस्स णं भगवओ महावीरस्स चउद्दस समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था ।**

**ભાવાર્થ :–** અગ્રાયણીય પૂર્વમાં ચૌદ વસ્તુ– ચૌદ અર્થાધિકાર છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા ચૌદ હજાર સાધુઓની હતી.

**४** **कम्मविसोहिमग्गणं पडुच्च चउद्दस जीवट्ठाणा पण्णत्ता, तं जहा– मिच्छादिट्ठी, सासायण सम्मदिट्ठी, सम्मामिच्छदिट्ठी, अविरय सम्मदिट्ठी, विरयाविरए, पमत्तसंजए अप्पमत्तसंजए, णिअट्टिबायरे, अणिअट्टिबायरे, सुहुमसंपराए–उवसामए वा खवए वा, उवसंतमोहे, खीणमोहे, सजोगी केवली, अयोगी केवली ।**

**ભાવાર્થ :–** કર્મ વિશુદ્ધિની માર્ગણા (પ્રાપ્તિ)ના ઉપાયોની અપેક્ષાએ ચૌદ જીવસ્થાન છે, યથા– ૧. મિથ્યાદષ્ટિ ૨. સાસ્વાદન સમ્યક્દષ્ટિ ૩. સમ્યગ્ મિથ્યાદષ્ટિ–મિશ્ર ૪. અવિરત સમ્યગ્દષ્ટિ ૫. વિરતાવિરત ૬. પ્રમત્ત સંયત ૭. અપ્રમત સંયત ૮. નિવૃત્તિ બાદર ૯. અનિવૃત્તિ બાદર ૧૦. સૂક્ષ્મ સંપરાય ઉપશામક અથવા ક્ષપક ૧૧. ઉપશાંતમોહ ૧૨. ક્ષીણ મોહ ૧૩. સયોગી કેવળી ૧૪. અયોગી કેવળી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ચૌદ જીવસ્થાનનું કથન છે. આત્મગુણોના વિકાસના ચૌદ સ્થાનો ગુણસ્થાનના નામે પ્રસિદ્ધ છે. તે ગુણસ્થાનવર્તી જીવોના તેટલા જ જીવસ્થાન થાય છે. સંસારી જીવોને કર્મના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય કે ઉદયથી ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક, આદિ ગુણો (ભાવ)ની પ્રાપ્તિ થાય છે. ગુણ પરિણામ છે તો જીવ પરિણામી છે. પરિણામ અને પરિણામીમાં અભેદનો ઉપચાર કરીને ગુણસ્થાનને અહીં જીવસ્થાન કહ્યા છે. ગુણની અપેક્ષાએ ગુણસ્થાન કહેવાય અને ત્યાં સ્થિત જીવોની અપેક્ષાએ તે જીવસ્થાન કહેવાય છે, શાસ્ત્રામાં તેના નામ માત્ર જોવા મળે છે. તેનું વિસ્તૃત વર્ણન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે, ગુણસ્થાનો મોહનીયકર્મની વિશુદ્ધિથી નિષ્પન્ન થાય છે. પ્રથમ ચાર ગુણસ્થાન, દર્શન મોહના ઉદય આદિથી હોય છે અને પછીના આઠ ગુણસ્થાન ચારિત્ર મોહના ક્ષયોપશમ આદિથી નિષ્પન્ન થાય છે. અંતિમ બે ગુણસ્થાન ચાર ઘાતિ કર્મના ક્ષય સહિત યોગના ભાવાભાવ પૂર્વકના હોય છે.

## ચૌદ ગુણસ્થાનો (જીવસ્થાનો) :–

જીવની આત્મિક–આધ્યાત્મિક ઊંચનીચ અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. તેના ચૌદ ભેદ છે. જેમાં ચોથા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીનાં અગિયાર ગુણસ્થાનવર્તી જીવો ઉન્નતિશીલ–

પ્રગતિશીલ આત્મસ્થાનમાં અવસ્થિત હોય છે. શેષ એક થી ત્રણ ગુણસ્થાનવર્તી જીવો અવનત આત્મ સ્થાનમાં સ્થિત હોય છે. તે ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૧) મિથ્યાત્ત્વ ગુણસ્થાન :–** સમ્યગદર્શનના અભાવને મિથ્યાત્ત્વ કહે છે. જેની દષ્ટિ વિપરીત હોય, વસ્તુતત્ત્વનું યથાર્થ જ્ઞાન ન હોય, જિનેશ્વર કથિત વચનમાં, જીવાદિ નવ તત્ત્વોમાં, સદ્‌ગુરુ કે સદ્‌ધર્મમાં શ્રદ્ધા ન હોય, જગતની ઉત્પત્તિ વિષયક મિથ્યા માન્યતા હોય, કુદેવ, કુગુરુ અને કુધર્મના સમાગમે પાપપ્રવૃત્તિમાં અને ભૌતિક ભાવોમાં આસકત હોય, સંક્ષેપમાં વિપરીત દષ્ટિના પરિણામે જેની બહિર્મુખી વૃત્તિ અને બહિર્મુખી પ્રવૃત્તિ હોય, તે મિથ્યાત્ત્વી છે, આત્માની તથાપ્રકારની સ્થિતિને મિથ્યાત્ત્વ ગુણસ્થાન કહે છે. મિથ્યાત્ત્વ મોહનીય કર્મપ્રકૃતિના ઉદયે જીવ મિથ્યાત્ત્વ ગુણસ્થાનમાં રહે છે.

આ ગુણસ્થાનમાં મરનારા કે આયુષ્ય બાંધનારા જીવ ચાર ગતિમાં ભ્રમણ કરે છે. તે જીવો કર્મોનો વિશેષ બંધ કરતા રહે છે. તેઓ કર્મવૃદ્ધિ અને સંસારવૃદ્ધિ કરે છે. આ ગુણસ્થાને પાંચ અનુત્તર વિમાન સિવાયના સર્વ સંસારી જીવો હોઈ શકે છે.

**(૨) સાસ્વાદન ગુણસ્થાન :–** સ+આસ્વાદન=સાસ્વાદન. સમ્યગદર્શનના સ્વાદ સહિત છે તેને સાસ્વાદન કહે છે. જે જીવે ચોથું ગુણસ્થાન પ્રાપ્ત કરી લીધું છે, તે જીવ પ્રથમ ગુણસ્થાનમાં કથિત કોઈ પણ પ્રકારના વિચારોની અવસ્થા પ્રાપ્ત કરે અથવા નિશ્ચયથી મિથ્યાત્ત્વના ઉદયાભિમુખ થાય ત્યારે તે જીવ ચોથા ગુણસ્થાનથી પતિત થઈ પ્રથમ મિથ્યાત્ત્વ ગુણસ્થાનમાં જાય છે. ચોથા ગુણસ્થાનથી પતિત થયેલો જીવ પહેલા મિથ્યાત્ત્વ ગુણસ્થાને પહોંચે, તેની વચ્ચેની આત્માની જે અવસ્થા છે, તે જ બીજું સાસ્વાદન ગુણસ્થાન છે. જીવ સમ્યગ્‌દર્શનથી પતિત થાય અને મિથ્યાત્ત્વ અવસ્થાને પામે નહી ત્યાં સુધી તેને સમ્યગદર્શનનો આંશિક સ્વાદ રહે છે. જેમ વૃક્ષ ઉપરથી તૂટેલું ફળ જમીન પર પડે તે પહેલાં માર્ગમાં થોડો સમય વ્યતીત કરે છે, તેવી અવસ્થા બીજા ગુણસ્થાનની સમજવી જોઈએ.

આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છ આવલિકા જેટલી અર્થાત્ એક સેકંડના હજારમાં ભાગથી પણ ઓછી સ્થિતિ હોય છે. આ ગુણસ્થાન એકેન્દ્રિયોમાં હોતું નથી. વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયની અપર્યાપ્ત અવસ્થામાં અને સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્ત– અપર્યાપ્ત બંને અવસ્થામાં (ચારે ગતિના જીવોને) હોય છે.

**(૩) મિશ્ર ગુણસ્થાન :–** સમકિત અને મિથ્યાત્વના મિશ્ર પરિણામોવાળી આત્માની અવસ્થાને મિશ્ર ગુણસ્થાન કહે છે. શ્રીખંડ ખાટા–મીઠા એમ બંને સ્વાદવાળો હોય છે, તેમ આ ગુણસ્થાનવર્તી જીવો જિનેશ્વર ભગવંતના ધર્મની પણ શ્રદ્ધા રાખે છે અને તેનાથી વિપરીત સિદ્ધાંતોવાળા ધર્મની પણ શ્રદ્ધા કરે છે. આવા સમ્યક્‌ધર્મની શ્રદ્ધા–અશ્રદ્ધારૂપ મિશ્રિત પરિણામવાળા અનભિજ્ઞ આત્માને, આ ત્રીજું ગુણસ્થાન હોય છે. તેની સ્થિતિ જઘન્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટથી ઓછા સમયની છે. ત્યારપછી આત્માના તે મિશ્ર પરિણામ મિથ્યાત્ત્વમાં અથવા સમકિતમાં પરિણમી જાય છે.

આ ગુણસ્થાન મિશ્ર પરિણામવાળું હોવાથી તેમાં જીવ મરતો પણ નથી અને આયુષ્ય પણ બાંધતો

નથી. ત્રીજું ગુણસ્થાન સંજ્ઞી જીવોને પર્યાપ્ત અવસ્થામાં જ હોય છે. પાંચ અનુત્તર વિમાનના દેવોમાં અને એકેન્દ્રિય કે વિકલેન્દ્રિય જીવોમાં આ ગુણસ્થાન હોતું નથી.

**(૪)અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન :–** દર્શનમોહનીય કર્મની મિથ્યાત્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય, આ ત્રણ પ્રકૃતિ તથા ચારિત્રમોહનીયની અનંતાનુબંધી ક્રોધ, માન,માયા અને લોભ આ ચાર પ્રકૃતિના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. તેની દષ્ટિ સમ્યક્–યથાર્થ બની જાય છે. તે જીવ નવતત્ત્વ, દેવ–ગુરુ–ધર્મમાં શ્રદ્ધાવાન બની જાય છે. તેની મિથ્યા માન્યતાઓ – ભ્રમણાઓ તૂટી જાય છે અને તે અંતર્મુખી બની જાય છે. તેની સમજ અને દષ્ટિકોણ સમ્યક્ હોય છે, તેથી તેને સમ્યગ્દષ્ટિ કહે છે પણ તે જીવ પ્રત્યાખ્યાનના ભાવોમાં પરિણત કે પ્રગતિશીલ થતો નથી. તેના અવિરતિપણાને કારણે તેનું નામ 'અવિરત સમ્યગ્દષ્ટિ' ગુણસ્થાન છે. એકવાર "સમકિત" ની સ્પર્શના થઈ જવાથી અર્થાત્ ચોથું ગુણસ્થાન આવી જવાથી જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનકાલથી વધારે સમય સંસારમાં પરિભ્રમણ–જન્મમરણ કરતો નથી.

આ ગુણસ્થાનવર્તી જીવ જિનેશ્વર ભગવંત ભાષિત સિદ્ધાંતોમાં, જ્ઞાન, ચારિત્ર, તપરૂપ અનુષ્ઠાનોમાં અને જીવાદિ પદાર્થોમાં, સમ્યક્ આસ્થા રાખે છે. તેઓનું કથન અને પ્રરૂપણ–સત્ય હોય છે, તેઓ હિંસા આદિ પાપ કૃત્યોમાં અતિ આસકત બનતા નથી. તે પાપજનક પ્રવૃત્તિઓમાં, છકાય જીવોની આરંભજનક પ્રવૃત્તિઓમાં ક્યારે ય ધર્મ માનતા નથી.

ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનાર જીવ આ ભવ સહિત જઘન્ય ત્રીજા ભવે અને ઉત્કૃષ્ટ પંદરમા ભવે મોક્ષે જાય છે. આ ગુણસ્થાન ચારે ય ગતિના સંજ્ઞી જીવોના અપર્યાપ્ત –પર્યાપ્ત બંનેમાં હોય છે. નિશ્ચય દષ્ટિએ આ ગુણસ્થાનમાં સાત પ્રકૃતિઓના ક્ષય આદિના અનેક વિકલ્પ હોય છે, ૧. ક્ષય– સાત પ્રકૃતિની સત્તા(અસ્તિત્વ) સમાપ્ત થઈ જવી. ૨. ઉપશમ– સાત પ્રકૃતિનો ઉદય અલ્પ સમય માટે અટકી જવો, સત્તામાં અવરુદ્ધ રહેવું. ૩. ક્ષયોપશમ–પ્રકૃતિનો પ્રદેશોદય થવો, વિપાકોદય અટકવો. અથવા તે પ્રકૃતિનો કંઈક ઉદય અને કંઈક ઉપશમ (અનુદય) હોય તેને પણ ક્ષયોપશમ કહે છે. ૪. ઉદય–પ્રકૃતિનો વિપાકોદય થવો, તે ઉદય કહેવાય છે.

આ ગુણસ્થાનવર્તી જીવ નરક કે તિર્યંચગતિનું આયુષ્ય બાંધતા નથી, દેવ અથવા મનુષ્ય, એમ બે ગતિનું આયુષ્ય બાંધી શકે છે અર્થાત્ આ ગુણસ્થાનવર્તી નારકી તથા દેવ મનુષ્યનું અને મનુષ્ય તથા તિર્યંચ પંચેન્દ્રિય જીવો વૈમાનિક જાતિના દેવોનું જ આયુષ્ય બાંધે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સાધિક ૩૩ સાગરોપમની છે. અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન હજારો વાર આવી શકે છે અને અનેક ભવોમાં અસંખ્યવાર આવી શકે છે.

**(૫) દેશવિરત ગુણસ્થાન :–** મોહનીય કર્મની સાત પ્રકૃતિ સહિત અપ્રત્યાખ્યાની કષાય ચતુષ્ક, એમ અગિયાર પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી જીવ વ્રત, પ્રત્યાખ્યાન ધારણ કરે છે, પાપોનો દેશતઃ ત્યાગ કરે છે, તેને પાંચમું દેશવિરત ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવર્તી જીવો શ્રાવક કે

શ્રમણોપાસક કહેવાય છે.

આ ગુણસ્થાનવર્તી જીવોમાં ચોથા ગુણસ્થાનના સર્વ લક્ષણો હોય છે. તે ઉપરાંત તેનામાં વ્રતધારણ અથવા પ્રત્યાખ્યાન રુચિનો વિકાસ થાય છે, તે શ્રાવકનાં બાર વ્રતોમાંથી અનુકૂળતા અનુસાર એક કે અનેક વ્રતોને ધારણ કરે છે. ત્રણ મનોરથનું ચિંતન કરે છે. રોજના ૧૪ નિયમ ધારણ કરીને સામાયિક કરે છે. મહિનામાં ઓછામાં ઓછા છ પૌષધ કરે છે. અધ્યાત્મ સાધનામાં ક્રમશઃ આગળ વધતાં તે શ્રાવકની ૧૧ પ્રતિમા ધારણ કરે છે.

તે જીવ અજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા બને છે. ક્રમશઃ અનેક શાસ્ત્રોમાં અને જિનમતમાં વિશારદ તથા ધર્મમાં દઢ શ્રદ્ધાવાન થાય છે. તે હંમેશાં શ્રમણોની પર્યુપાસના–સેવા માટે ઉત્સુક રહે છે, તેથી તેને શ્રમણોપાસક કહે છે.

આ ગુણસ્થાનમાં મરનારા કે આયુબંધ કરનારા બાર દેવલોક અને નવ લોકાંતિક રૂપ વૈમાનિક દેવગતિ જ પ્રાપ્ત કરે છે, તે જીવ ઓછામાં ઓછા ત્રણ ભવ(વર્તમાન ભવ સહિત) અને ઉત્કૃષ્ટ ૧૫ ભવ કરીને મોક્ષે જાય છે. આ ગુણસ્થાન જીવને એક ભવમાં ઉત્કૃષ્ટ અનેક હજારવાર આવી શકે છે અર્થાત્ તેટલીવાર આ ગુણસ્થાન આવે અને જાય તેવું થઈ શકે છે.

તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ વર્ષની છે. મનુષ્ય અને તિર્યંચ એમ બે ગતિના સંજ્ઞી જીવોને પર્યાપ્ત અવસ્થામાં જ આ ગુણસ્થાન હોય છે.

**(૬) પ્રમત્ત સંયત ગુણસ્થાન :–** પૂર્વોક્ત ૧૧ પ્રકૃતિ અને પ્રત્યાખ્યાનાવરણ કષાય ચતુષ્ક એમ કુલ ૧૫ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી જે મનુષ્ય સંયમ સ્વીકારે છે, જિનશાસનમાં પ્રવ્રજિત થાય છે, મુનિ બને છે અને ઉત્તરોત્તર સંયમ ગુણોનો વિકાસ કરતાં ભગવદાજ્ઞાનું પાલન કરે છે, તેને છઠ્ઠું પ્રમત્ત સંયત ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

આ ગુણસ્થાન એક ભવમાં સેંકડોવાર આવી શકે છે. આ ગુણસ્થાનમાં આયુષ્ય બાંધનારા અને મરનારા વૈમાનિક દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે, તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વ વર્ષ છે.

શરીર સંબંધી પ્રમાદરૂપ પ્રવૃત્તિઓથી યુક્ત હોવાથી આ ગુણસ્થાનનું નામ "પ્રમત્ત સંયત" છે. તે પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે– ગોચરી લાવવી, આહાર કરવો, મલમૂત્રનો ત્યાગ કરવો, સૂઈ જવું, વસ્ત્ર પાત્રાદિ ઉપકરણોનું અને શરીરનું પરિકર્મ, શુશ્રુષા કરવી આદિ પ્રવૃત્તિઓ મુનિજીવનના પ્રમાદરૂપ છે.

આ ગુણસ્થાનવર્તી સાધકો પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, રાત્રિભોજનનો ત્યાગ અને અન્ય અનેક ભગવદાજ્ઞાઓનું પાલન કરે છે. તેઓ અઢાર પાપોના સંપૂર્ણ ત્યાગી હોય છે. કોઈ પણ પાપકાર્યની, સાવદ્યકાર્યની, છકાય જીવોની હિંસામૂલક પ્રવૃત્તિઓની પ્રેરણા કે પ્રરૂપણા પણ કરતા નથી. ત્રણ કરણ ત્રણ યોગથી નાની મોટી સર્વ સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરે છે. સદા સરળ, નિષ્કપટ રહે છે,

યથાસમય સ્વાધ્યાય ધ્યાનમાં સતત પ્રયત્નશીલ રહે છે.

**(૭) અપ્રમત્ત સંયત ગુણસ્થાન :–** છટ્ઠા ગુણસ્થાન કથિત સર્વ લક્ષણોથી યુક્ત જીવ જ્યારે શરીર અને ઉપકરણ સંબંધી પ્રમાદ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી તપ, સ્વાધ્યાય, ધ્યાન અને આત્મચિંતનમાં લીન થાય, આહારસંજ્ઞા આદિથી રહિત થાય, અને માત્ર આત્મલક્ષી પરિણામોમાં વર્તે છે, ત્યારે તે શ્રમણ સાતમા અપ્રમત્ત સંયત નામના ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે.

જીવને સંયમભાવમાં પ્રવેશતાં સર્વપ્રથમ આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી જ છટ્ઠા કે આઠમા ગુણસ્થાને જાય છે અર્થાત્ એ સંયમનું પ્રવેશદ્વાર છે.

તેની સ્થિતિ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. આ ગુણસ્થાન એક ભવમાં સેંકડોવાર આવે છે અર્થાત્ છટ્ઠા અને સાતમા ગુણસ્થાને જીવ સેંકડોવાર આવ–જા કરે છે.

આ ગુણસ્થાનમાં આયુષ્યબંધનો પ્રારંભ થતો નથી. છટ્ઠા ગુણસ્થાનમાં આયુષ્યબંધનો પ્રારંભ કર્યો હોય, તે અહીં પૂર્ણ કરી શકાય છે, એ અપેક્ષાએ તેમાં આયુબંધ થાય છે. આ ગુણસ્થાનમાં જીવ મરણ પામે તો અવશ્ય વૈમાનિક દેવગતિ જ પામે છે.

**(૮) નિવૃત્તિ બાદર (અપૂર્વકરણ) ગુણસ્થાન :–** સાતમા ગુણસ્થાન સુધી મોહનીયકર્મની જેટલી પ્રકૃતિનો ક્ષયોપશમ થયો હોય છે તેનો અહીં ક્ષય કે ઉપશમ થાય છે, ક્ષયોપશમ રહેતો નથી, તેથી જ આ અને ત્યાર પછીના ગુણસ્થાનોમાં ક્ષયોપશમ સમકિત હોતું નથી.

નિવૃત્તિ એટલે ભિન્નતા. આ ગુણસ્થાનકે બાદર કષાય છે અને સમસમયવર્તી ત્રૈકાલિક જીવોના પરિણામ ભિન્ન–ભિન્ન હોય છે, તેથી તેને નિવૃત્તિબાદર ગુણસ્થાનક કહે છે. આ ગુણસ્થાનકે પૂર્વે કયારે ય ન થયા હોય તેવા અપૂર્વ ૧. સ્થિતિઘાત. ૨. રસઘાત. ૩. ગુણશ્રેણી. ૪. ગુણસંક્રમણ અને ૫. અપૂર્વ સ્થિતિબંધ થતાં હોવાથી, તે અપૂર્વકરણ ગુણાસ્થાનકના નામે ઓળખાય છે. તેમાં કર્મના ક્ષય અને ઉપશમની અપેક્ષાએ બે શ્રેણીઓ હોય છે. (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપકશ્રેણી. ઉપશમ શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો ઉપશમ કરતાં કરતાં અગિયારમા ગુણસ્થાન સુધી જાય છે અને ક્ષપક શ્રેણી કરનારા યથાયોગ્ય પ્રકૃતિઓનો પૂર્ણ ક્ષય કરતાં ક્રમશઃ ઉપર ચડે છે અને બારમા ગુણસ્થાનકે જાય છે.

આ ગુણસ્થાનથી શુક્લધ્યાનનો પ્રારંભ થાય છે. આ ગુણસ્થાનમાં રહેલા જીવના હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા; આ છ મોહનીયની પ્રકૃતિઓનો યથાક્રમે ક્ષય અથવા ઉપશમ થાય છે.

ક્ષપકશ્રેણીનો પ્રારંભ કરનારા તે જ ભવમાં મુક્ત થાય છે અને ઉપશમ શ્રેણી કરનારા તે જ ભવમાં મુક્ત થતા નથી પરંતુ શ્રેણીથી પતિત થાય છે, સાતમા વગેરે કોઈ પણ ગુણસ્થાને પહોંચી ત્યાંની ગતિ પ્રાપ્ત કરે છે. આઠમા ગુણસ્થાનમાં અને ત્યાર પછીના ગુણસ્થાનોમાં આયુબંધ થતો નથી, મૃત્યુ થઈ શકે છે. જો મૃત્યુ થાય તો તે જીવ પાંચ અનુત્તર વિમાનમાં જ જાય છે. તે જીવ જઘન્ય ત્રીજા ભવમાં અને ઉત્કૃષ્ટ પંદરમા ભવમાં મોક્ષે જાય છે.

આ ગુણસ્થાનમાં મૃત્યુ ન થાય અને જીવ પતિત થઈને નીચેના ગુણસ્થાને જાય, તો ઉત્કૃષ્ટ દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો અનંતકાળ પણ સંસારમાં રહી શકે છે. આ ગુણસ્થાન એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વાર અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વાર આવી શકે છે.

**(૯) અનિવૃત્તિ બાદર ગુણસ્થાન :–** હાસ્યાદિ છ પ્રકૃતિઓના પૂર્ણ ક્ષય અથવા ઉપશમ થવાથી જીવ આ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને અહીં રહેલો જીવ ત્રણે ય વેદ અને સંજ્વલનના ક્રોધ, માન, માયાના ઉદયને અનુક્રમથી રોકે છે અર્થાત્ તેનો ક્ષય અથવા ઉપશમ કરે છે. અંતે સંજ્વલન માયાનો ઉદય અટકવાથી આ ગુણસ્થાનવાળા જીવ દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાનકે બાદર કષાય છે. અનિવૃતિ = અભિન્નતા. આ ગુણસ્થાનકે સમસમયવર્તી ત્રૈકાલિક જીવોનાં પરિણામોમાં ભિન્નતા હોતી નથી.

**(૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન :–** સંપરાયનો અર્થ છે કષાય. અહીં માત્ર સૂક્ષ્મ સંજ્વલન લોભ શેષ રહે છે. સંજ્વલન ક્રોધ, માન, માયાનો ઉદય સમાપ્ત થવાથી જીવ નવમા ગુણસ્થાનેથી દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. દસમા ગુણસ્થાનમાં અંતિમ સમય સુધી સંજ્વલનના લોભનો ઉદય રહે છે, ત્યાર પછી ઉપશમ શ્રેણીવાળા જીવો તેનો ઉપશમ કરીને અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને ક્ષપક શ્રેણીવાળા જીવ સૂક્ષ્મ લોભનો ક્ષય કરી બારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાન જીવને ઉત્કૃષ્ટ ત્રણ ભવોમાં આવી શકે છે. એક ભવમાં ઉત્કૃષ્ટ ચાર વાર અને ત્રણ ભવોમાં ઉત્કૃષ્ટ નવ વાર આવી શકે છે. જે ભવમાં મોક્ષે જાય છે તે ભવમાં તો એક જ વાર આવે છે.

આઠમા, નવમા અને દસમા ગુણસ્થાને હીયમાન અને વર્ધમાન બંને પ્રકારના પરિણામ હોય છે. શ્રેણીથી પતિત થનારા જીવોની અપેક્ષાએ હીયમાન અને શ્રેણી ચઢનારાની અપેક્ષાએ વર્ધમાન પરિણામ હોય છે. તેમાં માત્ર સાકારોપયોગ અર્થાત જ્ઞાનોપયોગ જ હોય છે.

**(૧૧) ઉપશાંત મોહ છદ્મસ્થ વીતરાગ ગુણસ્થાન :–** સંજ્વલન લોભનો ઉપશમ થવાથી સંપૂર્ણ મોહનીય કર્મ ઉપશાંત થઇ જાય છે અર્થાત મોહનીય કર્મનો ઉદય સમાપ્ત થઈ જાય છે. ત્યારે ઉપશમ શ્રેણીવાળા દસમા ગુણસ્થાનવર્તી જીવ અગિયારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

માત્ર અંતર્મુહૂર્ત જેટલા સમયને માટે જ, લોભનો ઉપશમ કરી શકાય છે તેથી અંતર્મુહૂર્ત પશ્ચાત સૂક્ષ્મ લોભ ઉદયાભિમુખી થવાથી જીવ આ ગુણસ્થાનકેથી પતિત થઇ દસમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

આ ગુણસ્થાનકે રાગ, દ્વેષ આદિ મોહનીય કર્મની એક પણ પ્રકૃતિનો ઉદય ન હોવાથી જીવ વીતરાગ દશા પ્રાપ્ત કરે છે, પરંતુ જ્ઞાનાવરણીય આદિ ત્રણ ઘાતિકર્મોનો ઉદય હોવાથી, તે જીવ છદ્મસ્થ કહેવાય છે, તેથી તેનું નામ ઉપશાંત મોહનીય છદ્મસ્થ વીતરાગ ગુણસ્થાન છે.

આ ગુણસ્થાન એક ભવમાં બે વાર અને ઉત્કૃષ્ટ બે ભવમાં ચાર વાર આવી શકે છે.

આ ગુણસ્થાનમાં અવસ્થિત પરિણામ રહે છે. તેની સમયમર્યાદા પૂરી થયા પછી હીયમાન પરિણામ થાય છે, ત્યારે દસમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે. પરંતુ આ ગુણસ્થાનની સ્થિતિમાં હીયમાન પરિણામ હોતાં નથી.

**(૧૨) ક્ષીણ મોહ છદ્મસ્થ વીતરાગ ગુણસ્થાન :–** દસમા ગુણસ્થાને રહેલા ક્ષપક શ્રેણીવાળા જીવો, સંજ્વલનના સૂક્ષ્મ લોભનો ક્ષય થવાથી, મોહનીય કર્મની બધી જ પ્રકૃતિ ક્ષય થઈ જવાથી, બારમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે તેથી તેને ક્ષીણમોહ, મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી જીવ વીતરાગ દશાનો અનુભવ કરે છે અને શેષ ત્રણ ઘાતી કર્મનો ઉદય હોવાથી તે જીવ છદ્મસ્થ છે, તેથી આ ગુણસ્થાન ક્ષીણ મોહ છદ્મસ્થ વીતરાગ ગુણસ્થાનના નામે પ્રસિદ્ધ છે.

તેની સ્થિતિ જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. આ ગુણસ્થાને કોઈ જીવ મરતો નથી. અહીં માત્ર વર્ધમાન પરિણામ જ હોય છે, હીયમાન અને અવસ્થિત પરિણામ હોતાં નથી.

**(૧૩) સયોગી કેવળી ગુણસ્થાન :–** બારમા ગુણસ્થાનના અંતિમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન–કેવળદર્શન પ્રગટ થાય છે. ત્યારે જીવને તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ ગુણસ્થાનવર્તી જીવો સર્વજ્ઞ, સર્વદર્શી અર્થાત કેવળી હોય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશોન કરોડ પૂર્વવર્ષની હોય છે. તેમાં અપેક્ષિત મન, વચન, કાયાના યોગ પ્રવર્તે છે, તેથી તેને સયોગી કેવળી ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાને કેવળી ભગવાનનું મુહૂર્ત માત્ર આયુષ્ય બાકી રહે ત્યારે યોગ નિરોધ કરે છે, તેમાં ક્રમશઃ મન, વચન, કાયાના યોગોનો નિરોધ કરી, શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનમાં પ્રાયઃ અવસ્થિત પરિણામ જ રહે છે પરંતુ અંતિમ સમયના અંતર્મુહૂર્તમાં વર્ધમાન પરિણામ હોય છે, જેમાં યોગ નિરોધ થાય છે.

**(૧૪) અયોગી કેવલી ગુણસ્થાન :–** તેરમા ગુણસ્થાનકે યોગનિરોધ ક્રિયા અને શૈલેષી અવસ્થા પૂર્ણ થતાં જીવ ચૌદમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. યોગ નિરોધના ફલ સ્વરૂપે આ ગુણસ્થાનમાં પ્રારંભથી જ શરીરના ૨/૩ ભાગમાં આત્મપ્રદેશ અવસ્થિત થઈ જાય છે. શરીરમાં તેનું કંપન પણ બંધ થઈ જાય છે. શ્વાસોશ્વાસની ક્રિયા પણ રોકાઈ જાય છે.

આ ગુણસ્થાને માત્ર વર્ધમાન પરિણામ હોય છે. અ, ઈ, ઉ, ઋ, લૃ એ પાંચ લઘુ અક્ષરના ઉચ્ચારણ ના કાલપ્રમાણ તેની સ્થિતિ છે. સ્થિતિ પૂર્ણ થતાં અંતિમ સમયે ચાર અઘાતિકર્મોનો ક્ષય કરી જીવ સંપૂર્ણ કર્મરહિત, નિરંજન, નિરાકાર, પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

સર્વ કર્મો, કર્મજન્ય ભાવો તથા સૂક્ષ્મ અને સ્થૂલ શરીરનો સર્વથા ત્યાગ કરી, ઋજુ શ્રેણીએ, અસ્પૃશદ્ ગતિએ સાકારોપયોગમાં વર્તતાં તે જીવ એક સમય માત્રમાં સિદ્ધ થાય છે. ત્યારે જીવ ૧૪ મા ગુણસ્થાનને પણ છોડી સિદ્ધ અવસ્થામાં સદાને માટે સાદિ અનંત સ્થિતિએ લોકાગ્રે અવસ્થિત થાય છે. ત્યાં રહેલા સિદ્ધોના આત્મપ્રદેશ અંતિમ શરીરના ૨/૩ ભાગની અવગાહનાએ શરીર સંસ્થાનના ઘનરૂપે અવસ્થિત રહે છે.

**૫ भरहेरवयाओ णं जीवाओ चउद्दस चउद्दस जोयणसहस्साइं चत्तारि य एगुत्तरे जोयणसए छच्च एगूणवीसे भागे जोयणस्स आयामेणं पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** ભરત અને ઐરવત ક્ષેત્રની જીવાઓ ચૌદહજાર ચારસો એક યોજન અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી છ ભાગ (૧૪૪૦૧ અને ૬/૧૯) પ્રમાણ લાંબી છે.

**વિવેચન :–**

ભરત અને ઐરવત ક્ષેત્રનો આકાર દોરી ચડાવેલા ધનુષની સમાન છે. તેમાં દોરીરૂપ લંબાઈને જીવા કહે છે. ભરત અને ઐરવત ક્ષેત્રની જીવા ૧૪૪૦૧ ૬/૧૯ યોજન પ્રમાણ લાંબી છે.

**૬ एगगमेस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स चउद्दस रयणा पण्णत्ता, तं जहा– इत्थीरयणे, सेणावइरयणे, गाहावइरयणे, पुरोहियरयणे, वड्ढइरयणे, आसरयणे, हत्थिरयणे, असिरयणे, दण्डरयणे, चक्करयणे, छत्तरयणे, चम्मरयणे, मणिरयणे, कागिणिरयणे ।**

**ભાવાર્થ :–** દરેક ચાતુરંતચક્રવર્તી રાજાની પાસે ચૌદ **ચૌદ રત્નો** હોય છે, યથા– (૧) સ્ત્રીરત્ન (૨) સેનાપતિરત્ન (૩) ગાથાપતિરત્ન (૪) પુરોહિતરત્ન (૫) વાર્ધિકીરત્ન (૬) અશ્વરત્ન (૭) હસ્તિરત્ન (૮) અસિરત્ન (૯) દંડરત્ન (૧૦) ચક્રરત્ન (૧૧) છત્રરત્ન (૧૨) ચર્મરત્ન (૧૩) મણિરત્ન (૧૪) કાકિણીરત્ન.

**વિવેચન :–**

ચેતન અને અચેતન વસ્તુઓમાં જે પોતાની જાતિમાં સર્વથી શ્રેષ્ઠ હોય, તે રત્ન કહેવાય છે. પ્રત્યેક ચક્રવર્તીના સમયમાં જે સર્વશ્રેષ્ઠ સુંદર સ્ત્રી હોય છે, તે તેની પટ્ટરાણી બને છે અને તેને **સ્ત્રીરત્ન** કહે છે. તે રીતે પ્રધાન સેનાનાયકને **સેનાપતિરત્ન**, મુખ્ય કોઠારી અથવા ભંડારીને **ગૃહપતિરત્ન**, શાન્તિકર્મ આદિ કરનારા પુરોહિતને **પુરોહિતરત્ન**, રથ વગેરેને બનાવનાર સુથારને **વાર્ધિકીરત્ન**, સર્વથી ઉત્તમ ઘોડાને **અશ્વરત્ન** અને શ્રેષ્ઠ હાથીને **હસ્તિરત્ન** કહે છે. આ સાત પંચેન્દ્રિય રત્ન સજીવ છે. શેષ સાત એકેન્દ્રિય રત્ન છે. પ્રત્યેક રત્નની એક–એક હજાર દેવો સેવા કરે છે, તેથી તે રત્નોની સર્વ શ્રેષ્ઠતા સિદ્ધ થાય છે.

**૭ जंबुद्दीवे णं दीवे चउद्दस महाणईओ पुव्वावरेण लवणसमुद्दं समप्पेंति, तं जहा– गंगा, सिंधू, रोहिआ, रोहिअंसा, हरी, हरिकंता, सीआ, सीओदा, णरकंता, णारीकंता, सुवण्णकूला, रुप्पकूला, रत्ता, रत्तवई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં ચૌદ મોટી નદીઓ પૂર્વ અને પશ્ચિમ દિશાથી લવણ સમુદ્રને મળે છે, જેમ કે– ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરી, હરીકાંતા, સીતા, સીતોદા, નરકાંતા, નારીકાંતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા, રક્તા અને રક્તવતી.

**વિવેચન :–**

ઉક્ત સાત યુગલોમાંથી પ્રથમ અર્થાત ગંગા, રોહિતા, હરી, સીતા, નરકાંતા સુવર્ણકૂલા અને રકતા, મહાનદીઓ પૂર્વ તરફ વહીને અને શેષ સાત મહાનદીઓ પશ્ચિમ તરફથી વહીને લવણ સમુદ્રમાં પ્રવેશ કરે છે. ઉપરોકત નદીઓમાંથી ગંગા–સિંધુ ભરતક્ષેત્રમાં, રોહિતા–રોહિતાંશા, હેમવયક્ષેત્રમાં, હરી–હરીકાંતા, હરિવર્ષક્ષેત્રમાં, સીતા–સીતોદા મહાવિદેહક્ષેત્રમાં, નરકાંતા–નારીકાંત રમ્યકવર્ષક્ષેત્રમાં, સુવર્ણકુલા–રૂપ્યકલા હેરણ્યવંત ક્ષેત્રમાં અને રકતા–રકતવતી ઐરવતક્ષેત્રમાં વહે છે.

**૮ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चउद्दस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमीए णं पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चउद्दस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं चउद्दस पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं चउद्दस पलिओवमाइं ठिई पण्णत्ता । लंतए कप्पे देवाणं उक्कोसेणं चउद्दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાનરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચૌદ પલ્યોપમની છે. પાંચમી નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચૌદ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ચૌદ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ચૌદ પલ્યોપમની છે. લાતંક દેવલોકના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ચૌદ સાગરોપમની છે.

**૯ महासुक्के कप्पे देवाणं जहण्णेण चउद्दस सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा सिरिकंतं सिरिमहिअं सिरिसोमणसं लंतयं काविट्ठं महिंदं महिंदकंतं महिंदुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसिं णं देवाणं उक्कोसेणं चउद्दस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा चउद्दसहिं अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा, तेसिं णं देवाणं चउद्दहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મહાશુક્ર કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ ચૌદ સાગરોપમની છે. અહીં જે દેવ શ્રીકાંત, શ્રીમહિત, શ્રીસોમનસ, લાંતક, કાવિષ્ઠ, મહેન્દ્ર, મહેન્દ્રકાંત અને મહેન્દ્રુત્તરાવતંસક નામના વિશિષ્ટ

વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ચૌદ સાગરોપમની છે. તે દેવો ચૌદ અર્ધમાસે = (સાત મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને ચૌદ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૧૦ संतेगइया भवसिद्धया जीवा जे चउद्दसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**भावार्थ :–** કેટલાક ભવસિદ્ધિક જીવો ચૌદ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુકત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૧૪ સંપૂર્ણ

# પંદરમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં પંદર–પંદર સંખ્યાથી સંબંધિત વિષયોનું સંકલન છે, યથા–પંદર પરાધામી દેવો, નમિનાથ અરિહંતની પંદર ધનુષની ઊંચાઈ, રાહુના બે પ્રકાર, ચંદ્રની સાથે પંદર મુહૂર્ત સુધી છ નક્ષત્રોનું રહેવું, ચૈત્ર અને આસો માસમાં પંદર પંદર મુહૂર્તના દિવસ અને રાત્રિ, વિદ્યાનુવાદ પૂર્વના પંદર અર્થાધિકાર, મનુષ્યના પંદર પ્રકારના પ્રયોગ (યોગ), નારકી અને દેવોની પંદર પલ્યોપમ તથા સાગરોપમની સ્થિતિનું વર્ણન છે અને પંદર ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરનાર ભવી જીવોનો ઉલ્લેખ છે.

**૧** **पण्णरस परमाहम्मिआ पण्णत्ता, तं जहा–**

**अंबे अंबरिसी चेव, सामे सबलेत्ति यावरे ।**
**रुद्दो वरुद्द काले य, महाकालेत्ति यावरे ।। १ ।।**

**असिपत्ते धणु कुंम्भे, वालुए वेयरणी ति य ।**
**खरस्सरे महाघोसे, एते पण्णरसाहिआ ।। २ ।।**

**ભાવાર્થ :–** પંદર પરમ અધાર્મિક પરમાધામી દેવો છે, યથા (૧) અમ્બ (૨) અમ્બરિષ (૩) શ્યામ (૪) શબલ (૫) રુદ્ર (૬) ઉપરુદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુ (૧૧) કુંભ (૧૨) વાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ. આ પંદર નામ કહ્યા છે.

**વિવેચન :–**

સૂત્રોક્ત અંબ વગેરે પંદર અસુરકુમાર જાતિના ભવનવાસી દેવ છે, તેઓ પૂર્વ ભવના સંસ્કારથી અત્યંત ક્રૂર, સંક્લેશ પરિણામી હોય છે અને નારકીઓને પીડા પહોંચાડવામાં, મારકૂટ–કાપાકાપી કરાવવામાં જ આનંદ માણે છે, માટે તે દેવો પરમ અધાર્મિક **પરમાધામી** કહેવાય છે.

(૧) **અમ્બ**–નારકીઓને ખેંચીને તેના સ્થાનથી બહાર કાઢી નીચે પછાડે છે, તેમજ નારકીઓને બાંધીને ખુલ્લા આકાશમાં છોડે છે. (૨) **અંબરિષ**– નારકીઓને ધારિયા આદિથી કાપીને આગમાં સેકવા ટુકડે ટુકડા કરે છે. (૩) **શ્યામ**–કોરડાથી તથા હાથના પ્રહારથી મારે છે, પીટે છે. (૪) **શબલ**–ચીરી ફાડીને નારકીઓનાં શરીરનાં આંતરડાં, ચરબી, હૃદય વગેરે કાઢે છે. (૫–૬) **રુદ્ર અને ઉપરુદ્ર**–નારકીને, ભાલા, બરછી વગેરેથી છેદીને ઉપર લટકાવે છે. (૭) **કાલ**–નારકીઓને કુંડ આદિમાં પકાવે છે. (૮)

**મહાકાલ**–નારકીઓને તેના જ માંસના ટુકડે ટુકડા કરીને ખવડાવે છે. (૯) **અસિપત્ર**–સેમલ વૃક્ષનું રૂપ ધારણ કરીને પોતાની નીચે છાયા માટે આવનાર નારકીઓને તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાં પાડીને કષ્ટ આપે છે. (૧૦) **ધનુ**–ધનુષ્યના તીક્ષ્ણ અણીવાળાં બાણોથી નારકીઓનાં અંગ ઉપાંગનું છેદન–ભેદન કરે છે. (૧૧) **કુંભ**–નારકીઓને કુંભ આદિમાં પકાવે છે. (૧૨) **વાલુકા**–વાલુ, કદમ્બ પુષ્પ અને વજ્રના આકારની વિક્રિયા કરીને ગરમ રેતીમાં, ગરમ અગ્નિમાં ચણાની સમાન નારકીઓને શેકે છે. (૧૩) **વૈતરણી**–પરુ, લોહી આદિથી ભરેલી ગરમ પાણીવાળી નદીનું રૂપ ધારણ કરીને તરસથી પીડાતા, પાણી પીવા માટે આવનારા નારકીઓને પોતે વિકુર્વણા કરેલા ક્ષારયુક્ત ગરમ પાણીથી પીડા પહોંચાડે છે અને તેઓને તેમાં ડુબાડે છે. (૧૪) **ખરસ્વર**–નારકીઓને વજ્રમય કંટકાકીર્ણ સેમલ નામના વૃક્ષ પર વારંવાર–ચડ ઉત્તર કરાવે છે. (૧૫) **મહાઘોષ**–ભયથી ભાગતા નારકીઓને વાડામાં પૂરીને વિવિધ પ્રકારની યાતનાઓ આપે છે. આ રીતે આ ક્રૂર પરમાધામી દેવો નારકીઓને ભયાનક કષ્ટ–પીડા આપે છે.

**૨ णमी णं अरहा पण्णरस धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** એકવીસમા નમિનાથ ભગવાન પંદર ધનુષ્ય ઊંચા હતાં.

**૩ धुवराहू णं बहुलपक्खस्स पडिवए पण्णरसभागं पण्णरस भागेणं चंदस्सलेसं आवरेत्ताण चिट्ठइ । तं जहा– पढमाए पढमं भागं, बीआए दुभागं, तइआए तिभागं, चउत्थीए चउभागं, पंचमीए पंचभागं, छट्ठीए छभागं, सत्तमीए सत्तभागं, अट्ठमीए अट्ठभागं, णवमीए णवभागं, दसमीए दसभागं, एक्कारसीए एक्कारसभागं, बारसीए बारसभागं, तेरसीए तेरसभागं, चउद्दसीए चउद्दसभागं, पण्णरसेसु पणरसभागं । तं चेव सुक्कपक्खस्स य उवदंसेमाणे उवदंसेमाणे चिट्ठइ । तं जहा– पढमाए पढमभागं जाव पण्णरसेसु पण्णरसभागं उवदंसेमाणे उवदंसेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** ધ્રુવરાહુ કૃષ્ણ પક્ષ(વદ)ની પ્રતિપદા(એકમ)ના દિવસથી ચંદ્રલેશ્યાના પંદરમા પંદરમા પ્રકાશમય ભાગને પોતાના શ્યામ વર્ણથી આવરિત કરે છે, જેમ કે– પ્રતિપદાના દિવસે પ્રથમ એક ભાગને, બીજના બે ભાગને, ત્રીજના ત્રણ ભાગને, ચોથના ચાર ભાગને, પાંચમના પાંચ ભાગને, છટ્ઠના છ ભાગને, સાતમના સાત ભાગને, આઠમના આઠ ભાગને, નોમના નવ ભાગને, દશમના દસ ભાગને, અગિયારસના અગિયાર ભાગને, બારસના બાર ભાગને, તેરસના તેર ભાગને, ચૌદશના ચૌદ ભાગને અને પંદરમા (અમાસ) દિવસે પંદર ભાગને આવરિત કરે છે. ત્યાર પછી ધ્રુવરાહુ શુક્લપક્ષમાં ચંદ્રના પંદરમા પંદરમા ભાગને ઉપદર્શન કરે છે અર્થાત્ આવરણ દૂર કરે છે, જેમ કે–પ્રતિપદા (એકમ)ના પ્રથમ એક ભાગને ખુલો કરે છે, બીજના બે ભાગને પ્રગટ કરે છે. આ રીતે પૂર્ણિમાના દિવસે પંદર ભાગને પ્રગટ કરીને પૂર્ણ

ચંદ્રને પ્રકાશિત કરે છે.

**વિવેચન :–**

રાહુ ગ્રહના બે પ્રકાર છે– (૧) પર્વરાહુ અને (૨) ધ્રુવરાહુ(નિત્ય રાહુ). ચંદ્ર વિમાનથી ચાર આંગળ નીચે ધ્રુવરાહુ પરિભ્રમણ કરે છે. ચંદ્રની ગતિ મંદ છે અને ધ્રુવરાહુની ગતિ તીવ્ર છે, તેમ જ રાહુના વિમાનનો વર્ણ કૃષ્ણ–કાળો છે, તેથી ધ્રુવરાહુ કૃષ્ણપક્ષમાં ચંદ્રની એકેક કલાને આવૃત્ત કરે છે અને શુક્લ પક્ષમાં એકેક કલાને પ્રકાશિત કરે છે.

**૪ छ णक्खत्ता पण्णरसमुहुत्तसंजुत्ता, तं जहा–**

**सतभिसय भरणि अद्दा, असलेसा साई तहा जेट्ठा ।**
**एते छण्णक्खत्ता पण्णरसमुहुत्तसंजुत्ता ।। १ ।।**

**ભાવાર્થ :–** છ નક્ષત્રો ચંદ્ર સાથે પંદર મુહૂર્ત સુધી યોગ કરે છે, જેમ કે– શતભિષક્, ભરણી, આદ્રા, આશ્લેષા, સ્વાતિ અને જયેષ્ઠા, આ છ નક્ષત્ર પંદર મુહૂર્ત સુધી ચંદ્રની સાથે રહે છે.

**૫ चेत्तासोएसु णं मासेसु पणणरसमुहुत्तो दिवसो भवति । एवं चेत्तासोयमासेसु पण्णरसमुहुत्ता राई भवति ।**

**ભાવાર્થ :–** ચૈત્ર અને આસો માસમાં દિવસ પંદર મુહૂર્તનો હોય છે, તેવી જ રીતે ચૈત્ર અને આસો મહિનામાં રાત્રિ પંદર મુહૂર્તની હોય છે.

**૬ विज्जाअणुप्पवायस्स णं पुव्वस्स पण्णरस वत्थू पण्णत्ता ।**

**ભાવાર્થ :–** વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં પંદર વસ્તુ નામના અર્થાધિકાર છે.

**૭ मणूसाणं पण्णरसविहे पओगे पण्णत्ते, तं जहा–सच्चमणपओगे, मोसमणपओगे, सच्चमोसमणपओगे, असच्चामोसमणपओगे, सच्चवइपओगे, मोसवइपओगे, सच्चमोसवइपओगे, असच्चामोसवइपओगे, ओरालिय सरीरकायपओगे, ओरालियमीस-सरीरकायपओगे, वेउव्विय सरीरकायपओगे, वेउव्विय मीससरीकाय पओगे, आहारय सरीरकायपओगे, आहारयमीस सरीरकायप्पओग, कम्मय सरीरकायप्पओगे ।**

**ભાવાર્થ :–** મનુષ્યોને પંદર પ્રકારના પ્રયોગ (યોગ) છે, જેમ કે– (૧) સત્ય મનપ્રયોગ (૨) મૃષા મનપ્રયોગ (૩) સત્યમૃષા–મિશ્ર મનપ્રયોગ (૪) અસત્યામૃષા– વ્યવહાર મનપ્રયોગ (૫) સત્ય

વચનપ્રયોગ (૬) મૃષા વચનપ્રયોગ (૭) સત્યમૃષા–મિશ્ર વચનપ્રયોગ (૮) અસત્યામૃષા– વ્યવહાર વચનપ્રયોગ(૯) ઔદારિક શરીર કાયપ્રયોગ (૧૦) ઔદારિકમિશ્ર શરીર કાયપ્રયોગ (૧૧) વૈક્રિયશરીર કાયપ્રયોગ (૧૨) વૈક્રિયમિશ્રશરીર કાયપ્રયોગ (૧૩) આહારકશરીર કાયપ્રયોગ (૧૪) આહારક મિશ્રશરીર કાયપ્રયોગ (૧૫) કાર્મણશરીર કાયપ્રયોગ.

**વિવેચન :-**

આત્માનાં પરિસ્પંદનને **યોગ–પ્રયોગ** કહે છે અથવા જે ક્રિયા પરિણામ રૂપ યોગની સાથે આત્મા પ્રકર્ષરૂપથી સંબંધને પ્રાપ્ત થાય, તેને પ્રયોગ કહે છે. (૧) સત્ય અર્થના ચિંતનરૂપ વ્યાપારને સત્ય મનપ્રયોગ કહે છે. (૨) મૃષા અર્થના ચિંતનરૂપ વ્યાપારને મૃષામનપ્રયોગ કહે છે. (૩) સત્ય–અસત્ય બન્ને પ્રકારના મિશ્રિત અર્થ ચિંતનરૂપ વ્યાપારને સત્યમૃષા–મિશ્ર મનપ્રયોગ કહે છે તથા (૪) સત્યમૃષાથી રહિત અનુભવ અર્થરૂપ ચિંતનને અસત્યામૃષા–વ્યવહાર મનપ્રયોગ કહે છે. આ રીતે સત્ય, મૃષા વગેરે ચારે પ્રકારના વચનરૂપ વ્યાપારના પ્રયોગને જાણવા. ઔદારિક શરીરી પર્યાપ્ત મનુષ્ય, તિર્યંચના શરીર વ્યાપારને ઔદારિકશરીરકાયપ્રયોગ અને ઔદારિક શરીરી અપર્યાપ્ત મનુષ્ય, તિર્યંચના શરીર વ્યાપારને ઔદારિકમિશ્રશરીર કાયપ્રયોગ કહે છે. આ રીતે વૈક્રિય શરીરી પર્યાપ્તા દેવ, નારકીઓના વૈક્રિય શરીરના વ્યાપારને વૈક્રિયશરીર કાયપ્રયોગ અને વૈક્રિય શરીરી અપર્યાપ્ત દેવ, નારકીઓના વૈક્રિય શરીરના વ્યાપારને વૈક્રિયમિશ્રશરીર કાયપ્રયોગ કહે છે. ચૌદ પૂર્વધારી સાધુના આહારક શરીરના વ્યાપારને આહારકશરીરકાયપ્રયોગ છે અને ઔદારિક શરીરથી આહારક શરીર ધારણ કરતાં સમયના વ્યાપારને આહારકમિશ્રશરીરકાયપ્રયોગ કહે છે. એક ગતિને છોડીને બીજી ગતિમાં જતાં સમયે વિગ્રહ ગતિમાં જીવનો જે યોગ હોય છે, તેને કાર્મણશરીરકાયપ્રયોગ કહે છે. કેવળી ભગવાનને કેવળી સમુદ્‌ઘાતના ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં કાર્મણશરીર કાયપ્રયોગ હોય છે.

**૮ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइआणं णेरइयाणं पण्णरस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं पण्णरस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइआणं पण्णरस पलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइआणं देवाणं पण्णरस पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :-** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પંદર પલ્યોપમ છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પંદર સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ પંદર પલ્યોપમ છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ પંદર પલ્યોપમની છે.

**૯ महासुक्के कप्पे अत्थेगइआणं देवाणं पण्णरस सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा णंदं सुणंदं णंदावत्तं णंदप्पभं णंदकंतं णंदवण्णं णंदलेसं णंदज्झयं णंदसिंगं**

**णंदसिट्ठं णंदकूडं णंदुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं पण्णरस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा पण्णरसण्हं अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा । तेसि णं देवाणं पण्णरसहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ** :–મહાશુક્ર દેવલોકના કેટલાક દેવોની સ્થિતિ પંદર સાગરોપમની છે. ત્યાં જે દેવ નંદ, સુનંદ, નંદાવર્ત, નંદપ્રભ, નંદકાંત, નંદવર્ણ, નંદલેશ્ય, નંદધ્વજ, નંદશૃંગ, નંદસૃષ્ટ, નંદકૂટ અને નંદોત્તરાવતંસક નામનાં વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર સાગરોપમની છે. તે દેવ પંદર અર્ધમાસે (સાડા સાત મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને પંદર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**१० संतेगइआ भवसिद्धिया जीवा जे पण्णरसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ** :–કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો પંદર ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૫ સંપૂર્ણ**

# સોળમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં સોળ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા– સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધના સોળ અધ્યયન, અનંતાનુબંધી આદિ સોળ કષાયો, મેરુ પર્વતનાં સોળ નામ, ભગવાન પાર્શ્વનાથના સોળ હજાર શ્રમણો, આત્મપ્રવાદપૂર્વના સોળ અધિકાર, ચમરચંચા અને બલીચંચા રાજધાનીની સોળ હજાર યોજનની લંબાઈ– પહોળાઈ, નારકી અને દેવોની સોળ પલ્યોપમ તથા સોળ સાગરોપમની સ્થિતિ અને સોળ ભવ કરીને મોક્ષે જનારા જીવોનું વર્ણન છે.

**૧** **सोलस य गाहा–सोलसगा पण्णत्ता । तं जहा– समए वेयालिए उवसग्गपरिण्णा इत्थीपरिण्णा णिरयविभत्ती महावीरथुई कुसीलपरिभासिए वीरिए धम्मे समाही मग्गे समोसरणे आहातहिए गंथे जमईए गाहा ।**

**ભાવાર્થ :–**સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં સોળ અધ્યયન છે. તેમાં સોળમું ગાથા અધ્યયન છે. જેમ કે– (૧) સમય (૨) વૈતાલિક (૩) ઉપસર્ગપરિજ્ઞા (૪) સ્ત્રીપરિજ્ઞા (૫) નરકવિભક્તિ (૬) મહાવીર સ્તુતિ (૭) કુશીલ પરિભાષિક (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ (૧૫) યમકીય અને (૧૬) ગાથા.

**વિવેચન :–**

સૂત્રકૃતાંગ સૂત્રના પ્રથમ શ્રુત સ્કંધમાં સમય આદિથી 'ગાથા' પર્યંતના સોળ અધ્યયન છે. તેથી તે 'ગાથા ષોડષક' નામથી પ્રસિદ્ધ છે.

**૨** **सोलस कसाया पण्णत्ता । तं जहा– अणंताणुबंधी कोहे, अणंताणुबंधी माणे, अणंताणुबंधी माया, अणंताणुबंधी लोभे; अपच्चक्खाणकसाए कोहे, अपच्चक्खाणकसाए माणे, अपच्चक्खाणकसाए माया, अपच्चक्खाणकसाए लोभे, पच्चक्खाणावरणे कोहे, पच्चक्खाणावरणे माणे, पच्चक्खाणावरणा माया, पच्चक्खाणावरणे लोभे; संजलणे कोहे, संजलणे माणे, संजलणा माया, संजलणे लोभे ।**

**ભાવાર્થ :–** કષાયો સોળ છે, જેમ કે– (૧) અનંતાનુબંધી ક્રોધ (૨) અનંતાનુબંધી માન (૩) અનંતાનુબંધી

માયા (૪) અનંતાનુબંધી લોભ (૫) અપ્રત્યાખ્યાન કષાય ક્રોધ (૬) અપ્રત્યાખ્યાન કષાય માન (૭) અપ્રત્યાખ્યાન કષાય માયા (૮) અપ્રત્યાખ્યાન કષાય લોભ (૯) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ (૧૦)પ્રત્યાખ્યાનાવરણ માન (૧૧) પ્રત્યાખ્યાનાવરણ માયા (૧૨) પ્રત્યાખ્યાનાવરણ લોભ (૧૩) સંજ્વલન ક્રોધ (૧૪) સંજ્વલન માન (૧૫) સંજ્વલન માયા અને (૧૬) સંજ્વલન લોભ.

## વિવેચન :-

**કષાય અને કષાયના પ્રકારો :–** પ્રસ્તુત સૂત્રમાં મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાંથી ૧૬ પ્રકારના કષાય મોહનીયકર્મનું વર્ણન છે. જેના દ્વારા સંસારની પ્રપ્તિ થાય તેને કષાય કહે છે. જે કર્મરૂપી ખેતરને સુખ–દુઃખ રૂપી ધાન્ય માટે ખેડે છે, તેને કષાય કહે છે અથવા સ્વભાવથી શુદ્ધ જીવને જે કર્મોથી કલુષિત કરે તે કષાય કહેવાય છે.

કષાયની તીવ્રતા–મંદતાના આધારે તેના ચાર ભેદ આ પ્રમાણે છે– **૧. અનંતાનુબંધી કષાય–** અનંત સંસારનો અનુબંધ કરાવે તેવા તીવ્રતમ કષાયને અનંતાનુબંધી કહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણનો વિઘાતક છે. જ્યાં સુધી અનંતાનુબંધી કષાયનો ઉદય હોય, ત્યાં સુધી જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી. **૨. અપ્રત્યાખ્યાની કષાય–** જે કષાય દેશવિરતિપણાના વિઘાતક હોય તેને અપ્રત્યાખ્યાની કષાય કહે છે. તે કષાયના ઉદયમાં જીવો શ્રાવકપણાનો સ્વીકાર કરી શકતા નથી, નવકારશી આદિ કોઈ પણ વ્રત પ્રત્યાખ્યાન લઈ શકતા નથી. **૩. પ્રત્યાખ્યાનાવરણ કષાય–** જે કષાય સર્વવિરતિ–સાધુપણાના ભાવોનો ઘાત કરે, જે કષાયના ઉદયમાં જીવ સર્વાંશે પ્રત્યાખ્યાન ગ્રહણ કરી ન શકે તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **૪. સંજ્વલન કષાય–** જે કષાય આત્માના યથાખ્યાતચારિત્ર ગુણનો ઘાત કરે, તે સંજ્વલન કષાય છે. તે કષાયના ઉદયમાં જીવને યથાખ્યાતચારિત્ર કે વીતરાગદશા પ્રાપ્ત થઈ શકતી નથી.

**કષાયના સોળ પ્રકાર :–**

| | અનંતાનુંબંધી | અપ્રત્યાખ્યાન કષાય | પ્રત્યાખ્યાનાવરણ | સંજ્વલન |
|---|---|---|---|---|
| ક્રોધ | પર્વતની તિરાડ સમાન | તળાવની તિરાડ સમાન | રેતીની લીટી સમાન | પાણીની લીટી સમાન |
| માન | પથ્થરના સ્તંભ સમાન | હાડકાના સ્તંભ સમાન | લાકડાના સ્તંભ સમાન | નેતરના સ્તંભ સમાન |
| માયા | વાંસનાં મૂળ સમાન | ઘેંટાનાં શિંગડા સમાન | ગોમૂત્રિકા સમાન | વાંસની છોઈ– છાલ સમાન |
| લોભ | મજીઠીયા રંગ સમાન | કાદવના ડાઘ સમાન | ગાડાનાં ખંજનકે કીલ સમાન | હળદરના રંગ સમાન |
| ગતિ | નરકની | તિર્યંચની | મનુષ્યની | દેવની |
| સ્થિતિ | યાવજ્જીવનની | એક વર્ષની | ચાર માસની | ૧૫ દિવસની |
| ઘાત | સમકિતની | દેશવ્રતની | સર્વવ્રતની | યથાખ્યાત ચારિત્રની |

**३** **मंदरस्स णं पव्वयस्स सोलस णामधेया पण्णत्ता, तं जहा–**

**मंदर मेरु मणोरम, सुदंसण सयंपभे य गिरिराया ।**
**रयणुच्चय पियदंसण, मज्झे लोगस्स णाभी य ।।१।।**

**अत्थे य सूरिआवत्ते, सूरिआवरणे त्ति य ।**
**उत्तरे य दिसाई य, वडिंसे इय सोलसे ।।२।।**

**ભાવાર્થ :–**મંદર– મેરુ પર્વતનાં સોળ નામ છે, જેમ કે–(૧) મંદર (૨) મેરુ (૩) મનોરમ (૪) સુદર્શન (૫) સ્વયંપ્રભ (૬) ગિરિરાજ (૭) રત્નોચ્ચય (૮) પ્રિયદર્શન (૯) લોકમધ્ય (૧૦) લોકનાભિ (૧૧) અર્થ (૧૨) સૂર્યાવર્ત (૧૩) સૂર્યાવરણ (૧૪) ઉત્તર (૧૫) દિશાદિ (૧૬) અવતંસ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં મેરુપર્વતના સોળ નામનું કથન છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રના ચોથા વક્ષરકારમાં પણ મેરુપર્વતના સોળ નામ બતાવ્યા છે. અહીં આઠમું નામ પ્રિયદર્શન છે જ્યારે ત્યાં શિલોચ્ચય છે. અગિયારમા નામમાં અર્થના સ્થાને અચ્છ છે, શેષ નામો સમાન છે.

**४** **पासस्स णं अरहओ पुरिसादाणीयस्स सोलस समणसाहस्सीओ उक्कोसिआ समणसंपदा होत्था । आयप्पवायस्स णं पुव्वस्स सोलस वत्थू पण्णत्ता । चमरबलीणं ओवारियालेणे सोलस जोयणसहस्साइं आयामविक्खंमेणं पण्णत्ते । लवणे णं समुद्दे सोलस जोयणसहस्साइं उस्सेहपरिवुड्ढीए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા સોળ હજાર શ્રમણોની હતી. આત્મપ્રવાદપૂર્વના સોળ વસ્તુ–અર્થાધિકાર છે. ચમરચંચા અને બલીચંચા રાજધાનીઓના અવતારિકાલયન(રાજભવન) સોળ હજાર યોજન આયામ વિષ્કંભવાળાં છે. લવણ સમુદ્રના મધ્યભાગમાં પાણીના ઉત્સેધની વૃદ્ધિ સોળ હજાર યોજન છે.

**५** **इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सोलस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सोलस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं सोलस पलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं सोलस पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ સોળ પલ્યોપમની છે. પાંચમી ધૂમ

પ્રભા નરકના કેટલાક નારકીઓની સ્થિતિ સોળ સાગરોપમની છે. કેટલાક અસુરકુમારદેવોની સ્થિતિ સોળ પલ્યોપમની છે. સૌધર્મ – ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ સોળ પલ્યોપમની છે.

**६ महासुक्के कप्पे देवाणं अत्थेगइयाणं सोलस सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा आवत्तं विआवत्तं नंदिआवत्तं महाणंदिआवत्तं अंकुसं अंकुसपलंबं भद्दं सुभद्दं महाभद्दं सव्वओभद्दं भद्दुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं सोलस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा सोलसण्हं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा । तेसि णं देवाणं सोलसवाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મહાશુક્ર દેવલોકના કેટલાક દેવોની સ્થિતિ સોળ સાગરોપમની છે. ત્યાં જે દેવો આવર્ત, વ્યાવર્ત, નંદ્યાવર્ત, મહાનંદ્યાવર્ત, અંકુશ, અંકુશપ્રલંબ, ભદ્ર, સુભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર અને ભદ્રોત્તરા વતંસક નામનાં વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ સાગરોપમની છે. તે દેવો સોળ અર્ધમાસે (આઠ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને સોળ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે.

**७ संतेगइआ भवसिद्धिआ जीवा जे सोलसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવસિદ્ધિક જીવો સોળ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, સર્વકર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોથી મુક્ત થશે.

**સમવાય–૧૬ સંપૂર્ણ**

# સત્તરમું સમવાય

**સમવાય સાર :-**

આ સમવાયમાં સત્તર સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા– સત્તર પ્રકારના સંયમ અને અસંયમ, માનુષોત્તર પર્વતની ઊંચાઈ, સત્તર પ્રકારનાં મરણ, દશમા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનમાં સત્તર કર્મ પ્રકૃતિઓના બંધનો ઉલ્લેખ, નારકી અને દેવોની સત્તર પલ્યોપમ અને સાગરોપમની સ્થિતિ તથા સત્તર ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**१ सत्तरसविहे असंजमे पण्णत्ते, तं जहा– पुढविकाय असंजमे, आउकाय असंजमे, तेउकाय असंजमे, वाउकाय असंजमे, वणस्सइकाय असंजमे, बेइंदिय असंजमे, तेइंदिय असंजमे, चउरिंदिय असंजमे, पंचिंदिय असंजमे, अजीवकाय असंजमे, पेहा असंजमे, उवेहा असंजमे, अवहट्टु असंजमे, अप्पमज्जणा असंजमे, मण असंजमे, वइ असंजमे, काय असंजमे ।**

**सत्तरसविहे संजमे पण्णत्ते, तं जहा– पुढविकायसंजमे, आउकायसंजमे, तेउकायसंजमे, वाउकायसंजमे, वणस्सइकायसंजमे, बेइंदियसंजमे, तेइंदियसंजमे, चउरिंदियसंजमे, पंचिंदियसंजमे, अजीवकायसंजमे, पेहासंजमे, उवेहासंजमे, अवहट्टुसंजमे, पमज्जणासंजमे, मणसंजमे, वइसंजमे, कायसंजमे ।**

**ભાવાર્થ :-** સત્તર પ્રકારના અસંયમ છે, જેમ કે– પૃથ્વીકાય અસંયમ, અપ્કાય અસંયમ, તેઉકાય અસંયમ, વાયુકાય અસંયમ, વનસ્પતિકાય અસંયમ, બેઈન્દ્રિય અસંયમ, તેઈન્દ્રિય અસંયમ, ચૌરેન્દ્રિય અસંયમ, પંચેન્દ્રિય અસંયમ, અજીવકાય અસંયમ, પ્રેક્ષા અસંયમ, ઉપેક્ષા અસંયમ, અપહૃત્ય અસંયમ, અપ્રમાર્જન અસંયમ, મન અસંયમ, વચન અસંયમ અને કાય અસંયમ.

સત્તર પ્રકારના સંયમ છે. જેમ કે– પૃથ્વીકાય સંયમ, અપ્કાય સંયમ, તેઉકાય સંયમ, વાયુકાય સંયમ, વનસ્પતિકાય સંયમ, બેઈન્દ્રિય સંયમ, તેઈન્દ્રિય સંયમ, ચૌરેન્દ્રિય સંયમ, પંચેન્દ્રિય સંયમ, અજીવકાય સંયમ, પ્રેક્ષા સંયમ, ઉપેક્ષા સંયમ, અપહૃત્ય સંયમ, પ્રમાર્જના સંયમ, મન સંયમ, વચન સંયમ અને કાય સંયમ.

**વિવેચન :-**

**संजमे – असंजमे** – પાપ પ્રવૃત્તિમાત્રથી નિવૃત્ત થવું તથા પોતાની ઈન્દ્રિયો અને મન પર

નિયંત્રણ રાખવું, તે **સંયમ** કહેવાય છે અથવા સમિતિ અર્થાત્ સાવધાનીપૂર્વક યમ નિયમોનું પાલન કરવું તેને સંયમ કહે છે અને સંયમનું પાલન ન કરવું તેને **અસંયમ** કહે છે. (૧ થી ૯) પૃથ્વીકાય વગેરે જીવોની રક્ષા કરવી, તેને કોઈ પણ પ્રકારની બાધા ન પહોંચાડવી તે પૃથ્વીકાય આદિ જીવ વિષયક સંયમ છે અને તેને બાધા પહોંચાડવી તે તેનો અસંયમ છે. (૧૦)અજીવ–પૌદ્ગલિક વસ્તુઓ સંબંધી યતના કરવી, તે અજીવ સંયમ છે અને તેની અયતના કરવી તે અજીવ અસંયમ છે. (૧૧)સ્થાન ઉપકરણ, વસ્ત્ર, પાત્ર આદિનું વિધિપૂર્વક પ્રતિલેખન કરવું તે પ્રેક્ષા સંયમ છે અને તેનું પ્રતિલેખન ન કરવું અથવા અવિધિથી કરવું તે પ્રેક્ષા અસંયમ છે. (૧૨)શત્રુ–મિત્રમાં અને ઈષ્ટ– અનિષ્ટમાં રાગદ્વેષ ન કરવો, મધ્યસ્થભાવ રાખવો તે ઉપેક્ષા સંયમ છે. તેમાં રાગદ્વેષ વગેરે કરવા તે ઉપેક્ષા અસંયમ છે. સંયમના યોગો (કાર્યો)ની ઉપેક્ષા કરવી અથવા અસંયમનાં કાર્યોનો વ્યાપાર કરવો, તે ઉપેક્ષા અસંયમ છે. (૧૩)જીવોને દૂર કરીને નિર્જીવ ભૂમિ પર વિધિપૂર્વક મળમૂત્ર આદિને પરઠવું, તે અપહૃત સંયમ છે અને અવિધિથી તે પરઠવું અપહૃત અસંયમ છે. (૧૪) વિધિપૂર્વક પ્રમાર્જન કરવું , તે પ્રમાર્જના સંયમ છે અને વિધિપૂર્વક પ્રમાર્જન ન કરવું અથવા પ્રમાર્જન જ ન કરવું, તે અપ્રમાર્જના અસંયમ છે. (૧૫ થી ૧૭) મન, વચન, કાયાનો પ્રશસ્ત વ્યાપાર કરવો, તે તેનો સંયમ છે અને અપ્રશસ્ત વ્યાપાર કરવો, તે તેનો અસંયમ છે. વિવિધ દષ્ટિકોણથી સંયમના ભેદ પ્રભેદ થાય છે. સંયમના ચાર ભેદ છે, યથા– મન, વચન, કાયા અને ઉપકરણ સંયમ. સંયમના પાંચ, સાત, આઠ, દશ પ્રકાર પણ છે. તે જ રીતે અસંયમના પણ પ્રકાર છે. સંયમના પ્રકારાંતરથી સરાગ સંયમ અને વીતરાગ સંયમ એમ બે પ્રકાર પણ છે, તે દરેક પ્રકારના સંયમોનું વિભિન્ન દષ્ટિઓથી નિરૂપણ છે.

**२ माणुसत्तरे णं पव्वए सत्तरस एक्कवीसे जोयणसए उड्ढं उच्चत्तेणं पण्णत्ते। सव्वेसिं पि णं वेलंधर–अणुवेलंधर णागराईणं आवासपव्वया सत्तरस एक्कवीसाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । लवणे णं समुद्दे सत्तरस जोयणसहस्साइं सव्वग्गेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** મનુષોત્તર પર્વત સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો છે. દરેક વેલંધર અને અનુ–વેલન્ધર નાગરાજાના આવાસ પર્વત સત્તરસો એકવીસ યોજન ઊંચા છે. લવણ સમુદ્રની સર્વાગ્રશિખા સત્તર હજાર યોજન ઊંચી છે.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ साइरेगाइं सत्तरस जोयणसहस्साइं उड्ढं उप्पइत्ता तओ पच्छा चारणाणं तिरिआ गई पवत्तइ ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી કંઈક અધિક સત્તર હજાર યોજન ઉપર (ઊંચે) જઈને ત્યાર પછી ચારણ ઋદ્ધિધારી મુનિઓની નંદીશ્વર, રુચક વગેરે દ્વીપોમાં જવા માટે

તિરછી ગતિ થાય છે.

**૪ चमरस्स णं असुरिंदस्स असुररण्णो तिगिंछिकूडे उप्पायपव्वए सत्तरस एक्कवीसाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते । बलिस्स णं असुरिंदस्स रुअगिंदे उप्पायपव्वए सत्तरस एक्कवीसाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો તિગિંછકૂટ નામક ઉત્પાત પર્વત સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો છે. અસુરેન્દ્રબલીનો રુચકેન્દ્ર નામક ઉત્પાત પર્વત સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો છે.

**૫ सत्तरसविहे मरणे पण्णत्ते, तं जहा– आवीईमरणे ओहिमरणे आयंतियमरणे वलयमरणे वसट्टमरणे अंतोसल्लमरणे तब्भवमरणे बालमरणे पंडितमरणे बालपंडितमरणे छउमत्थमरणे केवलिमरणे वेहाणसमरणे गिद्धपिट्ठमरणे भत्तपच्चक्खाणमरणे इंगिणिमरणे पाओवगमण मरणे ।**

**ભાવાર્થ :–** મરણ સત્તર પ્રકારનાં છે, જેમ કે– (૧) આવીચિમરણ (૨) અવધિમરણ (૩) આત્યંતિક–મરણ (૪) વલયમરણ (૫) વશાર્તમરણ (૬) અંતઃશલ્ય મરણ (૭) તદ્ભવ મરણ (૮) બાલમરણ (૯) પંડિતમરણ (૧૦) બાલપંડિત મરણ (૧૧) છદ્મસ્થમરણ (૧૨) કેવળીમરણ (૧૩) વૈહાયસમરણ (૧૪) ગૃદ્ધસ્પૃષ્ટ અથવા ગૃદ્ધપૃષ્ઠ મરણ (૧૫) ભક્તપ્રત્યાખ્યાન મરણ (૧૬) ઈંગિની મરણ (૧૭) પાદપોપગમન મરણ.

**વિવેચન :–**

**મરણ :–** આયુષ્ય પૂર્ણ થતાં આત્મા અને સ્થૂલ શરીરનું જુદા થવું, શરીરમાંથી આયુષ્ય બલપ્રાણનો નાશ થવો તથા બાંધેલા આયુષ્ય કર્મના દલિકોના ક્ષય થવો, તેને મરણ કહે છે.

આગમ શાસ્ત્રોમાં વિવિધ પ્રકારે મરણના ભેદ–પ્રભેદનું વર્ણન પ્રાપ્ત થાય છે. ભગવતી સૂત્ર શતક ૨, ઉદ્દેશક–૧, સૂત્ર ૩૪/૩૫ (પેજ ૨૫૭) માં બાલમરણ અને પંડિત મરણનો ઉલ્લેખ છે. તેમાં ૧૨ પ્રકારના બાલમરણ અને બે પ્રકારના પંડિતમરણ નું કથન છે. આચારંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ, અધ્યયન–૮ ઉદ્દેશક ૫/૬/૭/૮ માં (પેજ ૩૦૫ .... ૩૩૩) ત્રણ પ્રકારના અનશન યુકત પંડિતમરણનું વિવરણ છે. ભગવતી સૂત્ર શતક ૧૩, ઉદ્દેશક–૭ સૂત્ર ૧૮થી૩૨ (પેજ ૯૬...) માં આવીચિ, અવધિ, આત્યંતિક, બાલ અને પંડિત, આ પાંચ પ્રકારના મરણનું ભેદ–પ્રભેદ સહિત વર્ણન છે.

ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.પાંચમાં સકામ–અકામ મરણનું વર્ણન છે. ઠાણાંગ સૂત્ર, સ્થાન–૩ સૂત્ર માં બાલ, બાલપંડિત અને પંડિતમરણ, આ ત્રણ પ્રકારના મરણનું વર્ણન છે. પ્રસ્તુતમાં તે સર્વનો સમાવેશ કરી ૧૭ પ્રકારના મરણનું કથન છે. પૂર્વોકત આગમ કથિત મરણ સાથે અહીં કેવળીમરણ અને છદ્મસ્થ

મરણનો વિશેષ રૂપે ઉલ્લેખ છે.

**(૧) આવીચિમરણ :–** (૧) **आ–समन्ताद्वीचय–प्रतिसमयमनुभूयमानायुषोऽपरापरायु–र्दलिकोदयात्पूर्वायुर्दलिकविच्युतिलक्षणाऽवस्था यस्मिन तदावीचिकं।** જેમ પ્રતિ સમયે તરંગો ઉત્પન્ન થાય અને નષ્ટ થાય તેમ પ્રત્યેક સમયે આયુષ્યકર્મના દલિકો ઉદય પામે છે અને નિર્જરી જાય છે. પ્રતિ સમયે આયુષ્ય દલિકો ભોગવાય છે, સમયે-સમયે આયુષ્ય ઘટતું જાય છે; તેને આવીચિ મરણ કહે છે. (૨) **अविद्यमाना वीचि–विच्छेदो यत्र तदावीचिकं अवीचिकमेवावीचिकं तच्च तन्मरणं च इत्यावीचिरमणं।** જે મરણમાં વીચિ-વિચ્છેદ વિદ્યમાન ન રહે અર્થાત્ વિચ્છેદ ન થાય, આયુષ્યકર્મની પરંપરા ચાલુ રહે તેને આવીચિમરણ કહે છે.

**(૨) અવધિમરણ :–** (૧) એક ભવની અવધિ– આયુષ્ય મર્યાદા પૂર્ણ થતાં જે મરણ થાય તે અવધિમરણ છે. આયુષ્યકર્મના દલિકોને ભોગવ્યા પછી તે દ્રવ્યોના પુનર્ગ્રહણની અવધિ(તે પુદ્ગલો પુનઃ ગ્રહણ ન થાય ત્યાં) સુધી તે જીવનું અવધિમરણ કહેવાય છે. આ મરણ પછી પુદ્ગલ પરિણામોની વિચિત્રતાના કારણે એક વાર છોડેલા કર્મદલિકોનું પુનઃ ગ્રહણ શક્ય બને છે.

**(૩) આત્યંતિકમરણ :–** નરકાદિ આયુષ્યકર્મ રૂપ કર્મદલિકોને એક વાર ભોગવીને મૃત્યુ સમયે છોડી દીધા પછી તેને જીવ પુનઃ ક્યારે ય ગ્રહણ ન કરે તો તે મરણને આત્યંતિકમરણ કહે છે.

**(૪) વલયમરણ :–** ગળાને દબાવીને કે મરડીને મરે તેના મરણને વલયમરણ કહે છે અથવા સંયમ, વ્રત, નિયમાદિ ધારણ કરેલા જીવોના ધર્મથી પડવાઈ(ચ્યુત) થઈને અવ્રતદશામાં થતાં મરણને વલયમરણ કહે છે.

**(૫) વશાર્તમરણ :–** ઈન્દ્રિયોના વિષયને વશ થઈને મરે તે મરણને વશાર્તમરણ કહે છે, યથા– રાતે પતંગિયા દીપકની જ્યોતિથી આકર્ષાઈને તે પ્રકાશમાં ઝંપલાવે છે.

**(૬) અંતઃશલ્યમરણ :–** મનમાં કોઈ પણ પ્રકારના શલ્યને રાખીને મરે, તેને અંતઃશલ્યમરણ કહે છે. કોઈ સંયમી સાધક પોતાના વ્રતોમાં લાગેલા દોષોની લજ્જા અથવા અભિમાનથી આલોચના કર્યા વિના દોષના શલ્યને મનમાં રાખીને મરે, તે અંતઃશલ્ય મરણ છે અથવા ભાલા આદિ શસ્ત્રથી મરવું તેને પણ અંતઃશલ્ય મરણ કહે છે.

**(૭) તદ્ભવમરણ :–** જે જીવ વર્તમાન ભવમાં જે આયુષ્ય ભોગવી રહ્યો છે, તે જ ભવને યોગ્ય આયુષ્યને બાંધીને જે મરે છે, તે મરણને તદ્ભવમરણ કહે છે. આ મરણ મનુષ્ય અથવા તિર્યંચ ગતિના જીવોનું જ થાય છે. દેવ અથવા નારકીના જીવોનું તદ્ભવ મરણ થતું નથી કારણ કે દેવ અને નારકીઓ મરીને પાછા દેવ અને નારકી થઈ શકતા નથી. તેનો જન્મ મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિયમાં જ થાય છે.

**(૮) બાલમરણ :–** વ્રતધારણ કર્યા વિના અવિરત અથવા મિથ્યાદષ્ટિવાળા જીવોનાં મરણને તથા અસંયમી જીવોનાં મરણને બાલમરણ કહે છે.પહેલા ગુણસ્થાનથી લઈને ચોથા ગુણસ્થાનવર્તી જીવોના મરણને

બાલમરણ કહે છે.

**(૯) પંડિતમરણ :–** સંયમી સમ્યગ્દષ્ટિ જીવ પંડિત કહેવાય છે અને તેના મરણને પંડિતમરણ કહે છે. છટ્ઠા ગુણસ્થાનથી લઈને અગિયારમા ગુણસ્થાન સુધીના જીવોનાં મરણને પંડિતમરણ કહે છે.

**(૧૦) બાલપંડિતમરણ :–** દેશવ્રતી શ્રાવક–પાંચમા ગુણસ્થાનવાળા મનુષ્ય અથવા તિર્યંચ પંચેન્દ્રિય જીવોના મરણને બાલપંડિતમરણ કહે છે.

**(૧૧) છદ્મસ્થમરણ :–** કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં બારમા ગુણસ્થાન સુધીના જીવો છદ્મસ્થ કહેવાય છે. છદ્મસ્થ જીવોનાં મરણને છદ્મસ્થમરણ કહે છે.

**(૧૨) કેવળીમરણ :–** ચૌદમા ગુણસ્થાનકવર્તી અયોગી કેવળીના મરણને–ર્નિવાણને કેવળીમરણ કહે છે. તેરમા ગુણસ્થાનવાળા પણ કેવળી કહેવાય છે પરંતુ તેરમા ગુણસ્થાનકે મરણ નથી.

**(૧૩) વૈહાયસ મરણ :–** વિહાયસ એટલે આકાશ. ગળામાં ફાંસો ખાઈને, વૃક્ષ આદિ પર લટકીને મરે, તેને વિહાયસ મરણ કહે છે.

**(૧૪) ગૃદ્ધસ્પૃષ્ટ અથવા ગિદ્ધપૃષ્ઠ મરણ :–** ગિદ્ધપિટ્ઠ આ પ્રાકૃત શબ્દના બે સંસ્કૃત રૂપ થાય છે. ગૃદ્ધસ્પૃષ્ટ અથવા ગૃદ્ધપૃષ્ઠ. પહેલાં રૂપ અનુસાર ગીધ, સમડી વગેરે પક્ષીઓ દ્વારા જેનું માંસ ચાંચ મારી મારીને ખાવામાં આવે, તેવા મરણને ગૃદ્ધસ્પૃષ્ટ મરણ કહે છે. બીજા શબ્દ અનુસાર મૃતહાથી કે ઊંટના શરીરમાં પ્રવેશ કરીને તેના શરીર સાથે પોતાના શરીરને પક્ષીઓ દ્વારા ખાવા દઈ મૃત્યુ સ્વીકારે, તે મરણને ગૃદ્ધપૃષ્ઠ મરણ કહે છે.

**(૧૫) ભક્ત પ્રત્યાખ્યાન મરણ :–** ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, સંથારો, ધારણ કરીને મરનાર મનુષ્યના મરણને ભક્ત પ્રત્યાખ્યાન મરણ કહે છે. આ પ્રકારના સંથારાની આરાધના કરનાર સાધક જો કોઈ બીજી વ્યક્તિ સેવા કરે, તો તેની સેવાનો સ્વીકારે પણ છે.

**(૧૬) ઈંગિત મરણ :–** ચારે આહારના ત્યાગપૂર્વક સંથારો કરી, તેમાં બીજા દ્વારા કરવામાં આવતી સેવાનો ત્યાગ કરવામાં આવે છે. પોતે જે જગ્યાની મર્યાદા કરી હોય, તેમાં તે સ્વયં ઊઠે–બેસે છે અને પોતાની સેવા પોતે જ કરે છે. એવા સાધુના મરણને ઈંગિત મરણ કહે છે.

**(૧૭) પાદપોપગમન મરણ :–** પાદપ એટલે વૃક્ષ. ભૂમિ ઉપર પડેલું વૃક્ષ તે જ સ્થિતિમાં રહે છે, તેવી રીતે જે મહાસાધુ ભક્તપાનનો ત્યાગ કરીને, સ્વ–પરની સેવાનો ત્યાગ કરીને, કાઉસગ્ગ, પદ્માસન અથવા શયન આસન વગેરે કોઈ પણ આસનથી સંથારાનો સ્વીકાર કર્યો હોય તે જ આસને તે જ અવસ્થામાં પ્રાણનો ત્યાગ કરે તે મરણને પાદપોપગમન મરણ કહે છે.

**६ सुहुमसंपराए णं भगवं सुहुमसंपरायभावे वट्टमाणे सत्तरस कम्मपगडीओ णिबंधति । तं जहा– आभिणिबोहियणाणावरणे सुयणाणावरणे**

## ભિન્ન – ભિન્ન આગમ કથિત મરણના પ્રકાર :–

| મરણ ના પ્રકાર | આચારાંગસૂત્ર<br>ત્રણ મરણ | સ્થાનાંગસૂત્ર<br>ત્રણ મરણ | સમવાયાંગસૂત્ર<br>૧૭ મરણ | ભગવતીસૂત્ર શતક–૨<br>૧૪ મરણ | ભગવતીસૂત્ર શતક–૧૩<br>પાંચ મરણ | ઉત્તરાધ્યયનસૂત્ર<br>બે મરણ |
|---|---|---|---|---|---|---|
| આવિચી મરણ | – | – | ✓ | – | ✓ | – |
| અવધિ મરણ | – | – | ✓ | – | ✓ | – |
| વલય મરણ | – | – | ✓ | ✓ | – | – |
| વશાર્ત મરણ | – | – | ✓ | ✓ | – | – |
| અંતશૈલ્ય મરણ | – | – | ✓ | ✓ | – | – |
| તદ્ભવ મરણ | – | – | ✓ | ✓ | – | – |
| ગિરિ પતન | – | – | – | ✓ | – | – |
| તરુ પતન | – | – | – | ✓ | – | – |
| જલ પ્રવેશ | – | – | – | ✓ | – | – |
| જ્વલન પ્રવેશ | – | – | – | ✓ | – | – |
| વિષ ભક્ષણ | – | – | – | ✓ | – | – |
| શાસ્ત્રાવ પાટન | – | – | – | ✓ | – | – |
| વૈયાયસ મરણ | – | – | ✓ | ✓ | – | – |
| ગુદ્ધ સ્પૃષ્ટ મરણ | – | – | ✓ | ✓ | – | – |
| બાલ મરણ(અકામ મરણ) | – | – | ✓ | – | ✓ | ✓ |
| પંડિત મરણ (સકામ મરણ) | – | ✓ | ✓ | – | ✓ | ✓ |
| બાલ –પંડિત મરણ | – | – | ✓ | – | – | – |
| છદ્મ મરણ | – | – | ✓ | – | – | – |
| કેવળી મરણ | – | – | ✓ | – | – | – |
| ભકત પ્રત્યાખ્યાન | – | – | ✓ | ✓ | – | – |
| ઈંગિત મરણ | ✓ | – | ✓ | – | – | – |
| પાદપોપગમન મરણ | ✓ | – | ✓ | ✓ | – | – |
| આત્યંતિક મરણ | ✓ | – | ✓ | – | ✓ | – |

**ओहिणाणावरणे मणपज्जवणाणावरणे केवलणाणावरणे चक्खुदंसणावरणे अचक्खुदंसणावरणे ओहिदंसणावरणे केवलदंसणावरणे सायावेयणिज्जं जसोकित्तिणामं उच्चागोयं दाणंतरायं लाभंतरायं भोगंतरायं उवभोगंतरायं वीरिअंतरायं ।**

**ભાવાર્થ** :–સૂક્ષ્મ સંપરાયભાવમાં વર્તમાન સૂક્ષ્મ સંપરાય ભગવાન–ચારિત્રવાન સાધુ સત્તર કર્મપ્રકૃતિઓને બાંધે છે, જેમ કે –(૧) આભિનિબોધિક જ્ઞાનાવરણ (૨) શ્રુતજ્ઞાનાવરણ (૩) અવધિ જ્ઞાનાવરણ (૪) મનઃપર્યવજ્ઞાનાવરણ (૫) કેવલજ્ઞાનાવરણ (૬) ચક્ષુદર્શનાવરણ (૭) અચક્ષુદર્શનાવરણ (૮) અવધિદર્શનાવરણ (૯) કેવલદર્શનાવરણ (૧૦) શાતાવેદનીય (૧૧) યશકીર્તિનામ કર્મ (૧૨) ઉચ્ચગોત્ર (૧૩) દાનાંતરાય (૧૪) લાભાંતરાય (૧૫) ભોગાંતરાય (૧૬) ઉપભોગાંતરાય અને (૧૭) વીર્યાંતરાય.

**૭ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सत्तरस पलिओवमाइं ठिई पण्णत्ता । पंचमीए पुढवीए णेरइयाणं उक्कोसेणं सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए णेरइयाणं जहण्णेणं सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं सत्तरस पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं सत्तरस पलिओवमाइं ठिई पण्णत्ता । महासुक्के कप्पे देवाणं उक्कोसेणं सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ** :– આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ સત્તર પલ્યોપમની છે. પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની છે. છટ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ સત્તર પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ સત્તર પલ્યોપમ છે. મહાશુક્રકલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની છે.

**૮ सहस्सारे कप्पे देवाणं जहण्णेणं सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा सामाणं सुसामाणं महासामाणं पउमं महापउमं कुमुदं महाकुमुदं णलिणं महाणलिणं पोंडरीअं महापोंडरीअं सुक्कं महासुक्कं सीहं सीहकंतं सीहबीअं भाविअं विमाणं देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं सत्तरस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा सत्तरसहिं अद्धमासेहिं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा णीससंति वा । तेसि णं देवाणं**

**सत्तरसहिं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**भावार्थ :–** સહસ્રારકલ્પના દેવોની જઘન્ય સ્થિતિ સત્તર સાગરોપમની છે. ત્યાં જે દેવો સામાન, સુસામાન, મહાસામાન, પદ્મ, મહાપદ્મ, કુમુદ, મહાકુમુદ, નલિન, મહાનલિન પોંડરીક, મહાપોંડરીક શુક્ર, મહાશુક્ર, સિંહ, સિંહકાંત, સિંહબીજ અને ભાવિત નામના વિશિષ્ટ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્તર સાગરોપમની છે. તે દેવો સત્તર અર્ધમાસે (સાડા આઠ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને સત્તર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૮ संतेगइया भवसिद्धिया जीवा जे सत्तरसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**भावार्थ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો સત્તર ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પામશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૭ સંપૂર્ણ**

# અઢારમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં અઢાર સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા– બ્રહ્મચર્યના અઢાર પ્રકાર, અરિહંત અરિષ્ટનેમિના અઢાર હજાર શ્રમણો, આબાલવૃદ્ધ શ્રમણોનાં અઢાર સ્થાન, આચારાંગ સૂત્રનાં અઢાર હજાર પદ, બ્રાહ્મી લિપિના અઢાર પ્રકાર, અસ્તિ–નાસ્તિપ્રવાદપૂર્વના અઢાર અધિકાર, પોષ અને અષાઢ માસમાં અઢાર મુહૂર્તના રાત અને દિવસ, નારકી અને દેવોની અઢાર પલ્યોપમ અને અઢાર સાગરોપમની સ્થિતિનું વર્ણન અને અઢાર ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**१ अट्ठारसविहे बंभे पण्णत्ते, तं जहा– ओरालिए कामभोगे णेव सयं मणेणं सेवइ, णो वि अण्णं मणेणं सेवावेइ, मणेणं सेवंतंपि अण्णं ण समणुजाणाइ, ओरालिए कामभोगे णेव सयं वायाए सेवइ, णो वि अण्णं वायाए सेवावेइ, वायाए सेवंतंपि अण्णं ण समणुजाणाइ, ओरालिए कामभोगे णेव सयं काएणं सेवइ, णो वि अण्णं काएणं सेवावेइ, काएणं सेवंतंपि अण्णं ण समणुजाणाइ, दिव्वे कामभोगे णेव सयं मणेणं सेवइ, णो वि अण्णं मणेणं सेवावेइ, मणेणं सेवंतंपि अण्णं ण समणुजाणाइ, दिव्वे कामभोगे णेव सयं वायाए सेवइ, णो वि अण्णं वायाए सेवावेइ, वायाए सेवंतंपि अण्णं ण समणुजाणाइ, दिव्वे कामभोगे णेव सयं काए णं सेवइ, णो वि अण्णं काएणं सेवावेइ, काएणं सेवंतंपि अण्णं ण समणुजाणाइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યના અઢાર પ્રકાર છે, જેમ કે– (૧) ઔદારિક શરીરી મનુષ્ય, તિર્યંચોના, કામભોગોનું મનથી સેવન કરે નહીં (૨) મનથી અન્યને સેવન કરાવે નહીં (૩) મનથી સેવન કરનારની અનુમોદના કરે નહીં (૪) ઔદારિક કામભોગોનું વચનથી સેવન કરે નહીં (૫) વચનથી અન્ય પાસે સેવન કરાવે નહીં (૬) વચનથી સેવન કરનારની અનુમોદના કરે નહીં (૭) ઔદારિક કામભોગોનું કાયાથી સેવન કરે નહીં (૮) અન્ય પાસે કાયાથી સેવન કરાવે નહીં (૯) કાયાથી સેવન કરનારની અનુમોદના કરાવે નહીં (૧૦) દિવ્ય(દેવ–દેવીઓના) કામભોગોનું મનથી સ્વયં સેવન કરે નહીં (૧૧) અન્ય પાસે મનથી સેવન કરાવે નહીં (૧૨) મનથી સેવન કરનારની અનુમોદના કરે નહીં (૧૩) દિવ્ય કામભોગોનું વચનથી સેવન કરે નહીં (૧૪) વચનથી દિવ્ય કામભોગોનું સેવન કરાવે નહીં (૧૫) વચનથી સેવન કરનારની અનુમોદના કરે નહીં (૧૬) દિવ્ય કામભોગોનું કાયાથી સેવન કરે નહીં (૧૭) કાયાથી અન્ય પાસે સેવન કરાવે નહીં (૧૮) કાયાથી સેવન કરનારનું અનુમોદન કરે નહીં.

**२ अरहओ णं अरिट्ठणेमिस्स अट्ठारस समणसाहस्सीओ उक्कोसिया समणसंपया होत्था । समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं सखुड्डयविअत्ताणं अट्ठारस ठाणा पण्णत्ता । तं जहा–**

**वयछक्कं कायछक्कं, अकप्पो गिहिभायणं ।**
**पलियंक निसिज्जा य, सिणाणं सोहवज्जणं ।।**

**ભાવાર્થ :–** અરિષ્ટનેમિ અરિહંતની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા અઢાર હજાર સાધુઓની હતી.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આબાલવૃદ્ધ દરેક શ્રમણ નિર્ગ્રંથોને માટે અઢાર સ્થાન કહ્યા છે. જેમ કે– (૧–૬) વ્રત ષટ્ક (૭–૧૨) કાય ષટ્ક (૧૩) અકલ્પ વર્જન (૧૪) ગૃહસ્થભાજન વર્જન (૧૫) પર્યંક વર્જન (૧૬) નિષદ્યા વર્જન (૧૭) સ્નાન વર્જન (૧૮) વિભૂષા વર્જન.

**વિવેચન :–**

સાધુ બે પ્રકારના હોય છે. (૧) **અવ્યક્ત સાધુ–** વયથી, દીક્ષાપર્યાયથી અને શાસ્ત્રજ્ઞાનથી અપરિપકવ (૨) **વ્યક્ત સાધુ–** વય તથા શ્રુત બંનેથી પરિપક્વ. આ બંને પ્રકારના સાધુ માટે અઢાર સંયમ સ્થાન કહ્યા છે(૧ થી ૬) હિંસાદિ પાંચે પાપો અને રાત્રિ ભોજનનો સર્વથા યાવજ્જીવન ત્યાગ કરવો, તે વ્રતષટક છે(૭ થી ૧૨) પૃથ્વી આદિ છકાયના જીવોની હિંસાનો યાવજ્જીવન ત્યાગ કરવો અર્થાત્ છ કાયના જીવોની રક્ષા કરવી, તે કાયષટ્ક છે, (૧૩)અકલ્પનીય ભક્ત–પાનનો ત્યાગ, (૧૪)ગૃહસ્થનાં પાત્ર–વાસણનો ત્યાગ, (૧૫)પલંગ વગેરે ઉપર સૂવું નહીં, (૧૬)ગૃહસ્થના ઘરે બેસવું નહીં,(૧૭) સ્નાન કરવું નહીં અને (૧૮)શરીરની શોભા શણગાર કરવાં નહીં. આ અઢાર સ્થાનોથી સંયમી સાધુઓની રક્ષા થાય છે. આ અઢાર સ્થાનનો વિસ્તાર દશવૈકાલિક સૂત્ર અધ્યયન– ૬ માં છે.

**३ आयारस्स णं भगवतो सचूलियागस्स अट्ठारस पयसहस्साइं पयग्गेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** ચૂલિકા સહિત ભગવદ્ આચારાંગ સૂત્રનું અઢાર પદ હજાર પ્રમાણ છે.

**४ बंभीए णं लिवीए अट्ठारसविहे लेखविहाणे पण्णत्ते । तं जहा– बंभी, जवणालिया, दोसऊरिया, खरोट्ठिया, खरसाविआ, पहाराइया, उच्चत्तरिआ, अक्खरपुट्ठिया, भोगवइया, वेणइया, णिण्हइया, अंकलिवी, गणियलिवी, गंधव्वलिवी, आयंसलिवी, माहेसरीलिवी, दामिली, पोलिंदी ।**

**ભાવાર્થ :–** બ્રાહ્મી લિપિના લેખ વિધાન અઢાર પ્રકારના છે, જેમ કે– (૧) બ્રાહ્મી લિપિ (૨) યવની

લિપિ (૩) દોષોપરિકા લિપિ (૪) ખરોષ્ટ્રિકા લિપિ (૫) ખરશાવિકા લિપિ (૬) પ્રહારાતિકા લિપિ (૭) ઉચ્ચત્તરિકા લિપિ (૮) અક્ષરસ્પૃષ્ટિકા લિપિ (૯) ભોગવતિકા લિપિ (૧૦) વૈનતિકી લિપિ (૧૧) નિહ્નવિકા લિપિ (૧૨) અંક લિપિ (૧૩) ગણિત લિપિ (૧૪) ગંધર્વ લિપિ (૧૫) આદર્શ લિપિ (૧૬) માહેશ્વરી લિપિ (૧૭) દ્રાવિડી લિપિ (૧૮) પોલિન્દી લિપિ.

**વિવેચન :–**

ટીકાકાર લખે છે કે આ લિપિઓ વર્તમાનમાં જોવામાં આવતી નથી, તો પણ વર્તમાનમાં પ્રચલિત અનેક લિપિઓનો બોધ થાય છે. જેમ કે– યાવની, અરબી, ફારસી, ઉડિયા, દ્રાવિડી લિપિ વગેરે. આગમ ગ્રંથોમાં પણ લિપિઓનાં નામોમાં ભિન્નતા દેખાય છે.

**૫ अत्थिणत्थिप्पवायस्स णं पुव्वस्स अट्ठारस वत्थू पण्णत्ता ।**

**धूमप्पभा णं पुढवी अट्ठारसुत्तरं जोयणसयसहस्सं बाहल्लेणं पण्णत्ता। पोसासाढेसु णं मासेसु सइ उक्कोसेणं अट्ठारसमुहुत्ते दिवसे भवइ, सइ उक्कोसेणं अट्ठारसमुहुत्ता राई भवइ ।**

**ભાવાર્થ :–** અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વમાં અઢાર વસ્તુ (અર્થાધિકાર) છે.

ધૂમપ્રભા નામક પાંચમી નરક પૃથ્વીની જાડાઈ એક લાખ અઢાર હજાર યોજન છે.

પોષ અને અષાઢ મહિનામાં એક વખત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત અને એક વખત ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે.

**વિવેચન :–**

પોષ મહિનામાં સૌથી મોટી ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તની રાત્રિ અને અષાઢ મહિનામાં સૌથી મોટો ઉત્કૃષ્ટ અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, આ સામાન્ય કથન છે. જયોતિષગણરાજ પન્નત્તિ સૂત્રાનુસાર અષાઢ મહિનામાં કર્કસંક્રાન્તિના દિવસે સૌથી મોટો દિવસ હોય છે અને પોષ મહિનામાં મકરસંક્રાન્તિના દિવસે સૌથી મોટી રાત હોય છે.

**६ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठारस पलिओवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं अट्ठारस पलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं अट्ठारस पलिओवमाइं ठिई पण्णत्ता । सहस्सारे कप्पे देवाणं उक्कोसेणं**

**अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અઢાર પલ્યોપમની છે. છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અઢાર સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ અઢાર પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ અઢાર પલ્યોપમની છે. સહસ્રાર કલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર સાગરોપમની છે.

**૭ आणए कप्पे देवाणं जहण्णेणं अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा कालं सुकालं महाकालं अंजणं रिट्ठं सालं समाणं दुमं महादुमं विसालं सुसालं पउमं पउमगुम्मं कुमुदं कुमुदगुम्मं णलिणं णलिणगुम्मं पुंडरीअं पुंडरीयगुम्मं सहस्सारवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं अट्ठारस सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवाणं अट्ठारसहिं अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसि णं देवाणं अट्ठारस वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** આનત દેવલોકના દેવોની જઘન્ય સ્થિતિ અઢાર સાગરોપમની છે. તેમાં જે દેવ કાલ, સુકાલ, મહાકાલ, અંજન, રિષ્ટ, સાલ, સમાન, દ્રુમ, મહાદ્રુમ, વિશાલ, સુશાલ, પદ્મ, પદ્મગુલ્મ, કુમુદ, કુમુદગુલ્મ, નલિન, નલિનગુલ્મ, પુંડરીક, પુંડરીકગુલ્મ અને સહસ્રારાવતંસક નામના વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર સાગરોપમની છે. તે દેવો અઢાર અર્ધમાસે (નવ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિચ્છ્વાસ મૂકે છે. તે દેવોને અઢાર હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૮ संतेगइआ भवसिद्धिया जीवा जे अट्ठारसहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો અઢાર ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૧૮ સંપૂર્ણ**

# ઓગણીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં ઓગણીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા – જ્ઞાતાસૂત્રના ઓગણીસ અધ્યયન, જંબૂદ્વીપના સૂર્યનું ૧૯૦૦ યોજનનું પ્રકાશક્ષેત્ર, શુક્ર મહાગ્રહના સહગમન યોગ્ય ૧૯ નક્ષત્રો, ગૃહવાસનો ત્યાગ કરીને દીક્ષિત ૧૯ તીર્થંકરો, નરક અને દેવલોકમાં ૧૯ પલ્યોપમ અને સાગરોપમની સ્થિતિ, ૧૯ ભવ કરીને સિદ્ધ થનારા જીવો વગેરે વિષયોનું પ્રતિપાદન છે.

**१** **एगूणवीसं णायज्झयणा पण्णत्ता, तं जहा–**

**उक्खित्तणाए संघाडे, अंडे कुम्मे ए सेलए ।**
**तुंबे य रोहिणी मल्ली, मागंदी चंदिमाइ य ।।१।।**

**दावद्दवे उदगणाए, मंडुक्के तेतली इ य ।**
**णंदिफले अवरकंका, आइण्णे सुंसमा इ य ।।२।।**

**अवरे य पोण्डरीए, णाए एगूणवीसइमे ।**

**ભાવાર્થ :–** જ્ઞાતાધર્મકથાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનાં ઓગણીસ અધ્યયન છે, જેમ કે – (૧) ઉત્ક્ષિપ્ત જ્ઞાત(મેઘકુમાર) (૨) સંઘાટ (૩) મોરના ઈંડાં (૪) કાચબો (૫) શૈલક (૬) તુમ્બ (૭) રોહિણી (૮) મલ્લી (૯) માકંદી (૧૦) ચંદ્ર (૧૧) દાવદ્રવ (૧૨) ઉદકજ્ઞાત (૧૩) મંડૂક (૧૪) તેતલી (૧૫) નંદીફળ (૧૬) અપરકંકા (૧૭) આકીર્ણ (અશ્વ) (૧૮) સુંસમા (૧૯) પુંડરીકજ્ઞાત.

**२** **जंबूदीवे णं दीवे सूरिआ उक्कोसेणं एगूणवीसं जोयणसयाइं उड्ढमहो तवयंति।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં સૂર્ય ઊર્ધ્વ – અધોદિશામાં ઉત્કૃષ્ટ રૂપથી એક હજાર નવસો ૧૯૦૦ યોજન ક્ષેત્રને તપાવે છે અર્થાત પ્રકાશિત કરે છે.

**વિવેચન**

રત્નપ્રભાપૃથ્વીના ઉપરિમ ભૂમિભાગથી આઠસો યોજન ઉપર સૂર્ય સ્થિત છે અને ઉક્ત ભૂમિભાગથી એક હજાર યોજન ઊંડાઈમાં મહાવિદેહ ક્ષેત્રની બે વિજય (૨૪મી–૨૫મી) છે. તેથી સૂર્ય પોતાના ઉષ્ણ પ્રકાશથી ઉપર એક સો યોજન સુધી (જ્યાં સુધી જયોતિષ ચક્ર રહેલું છે) તથા નીચે

અઢારસો યોજન અર્થાત્ બે વિજયના અધસ્તન તલ સુધી, આ રીતે સર્વ મળીને ઓગણીસો (૧૯૦૦) યોજનના ક્ષેત્રને તપાવે છે.

**३ सुक्के णं महग्गहे अवरेणं उदिए समाणे एगूणवीसं णक्खत्ताइं समं चारं चरित्ता अवरेणं अत्थमणं उवागच्छइ ।**

**ભાવાર્થ :–** શુક્ર મહાગ્રહ પશ્ચિમ દિશાથી ઉદય પામીને ઓગણીસ નક્ષત્રની સાથે સહગમન કરીને પશ્ચિમ દિશામાં અસ્ત પામે છે.

**४ जंबुद्दीवस्स णं दीवस्स कलाओ एगूणवीसं छेअणाओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપની કળાઓ ઓગણીસ છેદનક –ભાગરૂપ કહેલ છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો છે, તેની અંદરમાં છ વર્ષધર પર્વત અને સાત ક્ષેત્ર છે. તેમાં ભરતક્ષેત્રથી મેરુ પર્વત સુધીના ક્ષેત્રો બમણાં બમણાં વિસ્તારવાળાં છે અને મેરુપર્વતથી ઐરાવતક્ષેત્ર સુધીના ક્ષેત્ર ક્રમશઃ અર્ધા અર્ધા વિસ્તારવાળા છે, તે દરેકનો યોગ (૧+૨+૪+૮+૧૬+૩૨ +૬૪+૩૨ +૧૬+૮+૪+૨+૧ = ૧૯૦) એકસો નેવું થાય છે. સંપૂર્ણ જંબૂદ્વીપના વિસ્તાર એક લાખ યોજનને ૧૯૦થી ભાગતા(૧,૦૦,૦૦૦÷૧૯૦)૫૨૬–૬/૧૯ આવે છે. અવશેષ રહેલા અંક, એક યોજનના ઓગણીસ ભાગના છ ભાગ હોય છે. તે છ કલા કહેવાય છે. આમ અવશેષ રાશિની સર્વત્ર ઓગણીસ કલા કરવામાં આવે છે, માટે અહીં સૂત્રમાં ઓગણીસ કલા(યોજનના ભાગ) કહેવામાં આવી છે. જેમ કે ભરતક્ષેત્રની પહોળાઈ પાંચસો છવ્વીસ યોજન છ કલાની છે. આ ઓગણીસમું સમવાય હોવાથી માત્ર છેદનક ઓગણીસનું કથન કર્યું છે.

**५ एगूणवीसं तित्थयरा अगारवासमज्झे वसित्ता मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वइआ ।**

**ભાવાર્થ :–** ઓગણીસ તીર્થંકર અગાર(ગૃહસ્થ)વાસમાં રહીને પછી મુંડિત થઈને અગારધર્મથી અણગાર– ધર્મમાં પ્રવ્રજિત થયા.

**વિવેચન :–**

વાસુપૂજ્યસ્વામી, મલ્લીનાથ, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી, આ પાંચ તીર્થંકર કુમાર અવસ્થામાં જ મુંડિત થયા છે અર્થાત્ રાજ્ય ભોગવ્યા વિના જ દીક્ષિત થયા છે. બાકીના ઓગણીસ તીર્થંકરોએ ગૃહવાસ–રાજ્ય છોડીને દીક્ષા લીધી છે.

**૬ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइआणं णेरइयाण एगूणवीसपलिओवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए अत्थेगइयाणं णेरयाणं एगूणवीस सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं एगूणवीसपलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं एगूणवीसपलिओवमाइं ठिई पण्णत्ता। आणयकप्पे देवाणं उक्कोसेणं एगूणवीससागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની છે. છઠ્ઠી નરક પૃથ્વી તમઃપ્રભાના કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ઓગણીસ પલ્યોપમની છે. આનત દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણીસ સાગરોપમની છે.

**૭ पाणए कप्पे देवाणं जहण्णेणं एगूणवीससागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा आणतं पाणतं णतं विणतं घणं सुसिरं इंदं इंदोकंतं इंदुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं एगूएवीससागरोवमाइं ठिई पण्णत्ता। ते णं देवा एगूणवीसाए अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा णीससंति वा, तेसि णं देवाणं एगूणवीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રાણત કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ ઓગણીસ સાગરોપમની છે. જે દેવ આણત, પ્રાણત, નત, વિનત, ઘન, સુષિર, ઈન્દ્ર, ઈન્દ્રકાંત અને ઈન્દ્રોત્તરાવતંસક નામના વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણીસ સાગરોપમની છે. તે દેવ ઓગણીસ અર્ધમાસે (સાડા નવ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તેમને ઓગણીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૮ संतेगइआ भवसिद्धिया जीवा जे एगूणवीसाए भवगहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો ઓગણીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૧૯ સંપૂર્ણ

# વીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં વીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા– વીસ અસમાધિસ્થાન, મુનિસુવ્રત અરિહંતની વીસ ધનુષની ઊંચાઈ, નરક પૃથ્વીની નીચે ઘનોદધિની વીસ હજાર યોજનની ઊંડાઈ, પ્રાણત દેવેન્દ્રના વીસ હજાર સામાનિક દેવો, પ્રત્યાખ્યાન પૂર્વના વીસ અર્થાધિકાર તથા વીસ કોટાકોટી સાગરોપમનું કાલચક્ર તથા કેટલાક નારકીઓ અને દેવોની વીસ પલ્યોપમ અને વીસ સાગરોપમની સ્થિતિ તથા વીસ ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**१ वीसं असमाहिठाणा पण्णत्ता, तं जहा– १. दवदवचारि यावि भवइ, २. अपमज्जियचारि यावि भवइ, ३.दुप्पमज्जियचारि यावि भवइ, ४. अतिरित्तसेज्जासणिए, ५. राइणियपरिभासी, ६. थेरोवघाइए, ७. भूओवघाइए, ८. संजलणे, ९. कोहणे, १०. पिट्ठिमंसिए, ११. अभिक्खणं अभिक्खणं ओहारइत्ता भवइ, १२. णवाणं अधिकरणाणं अणुप्पण्णाणं उप्पाएत्ता भवइ, १३. पोराणाणं अधिकरणाणं खामिअ विउसविआणं पुणोदीरेत्ता भवइ, १४. ससरक्खपाणिपाए, १५.अकालसज्झायकारए यावि भवइ, १६.कलहकरे, १७. सद्दकरे, १८. झंझकरे, १९. सूरप्पमाणभोई, २०. एसणा असमिए यावि भवइ ।**

**ભાવાર્થ :–** વીસ અસમાધિસ્થાન છે, જેમ કે– (૧) જલ્દી જલ્દી ચાલવું (૨) પ્રકાશ રહિત સ્થાનમાં પ્રમાર્જન કર્યા વિના ચાલવું (૩)જેમ તેમ અવિધિથી પ્રમાર્જન કરીને ચાલવું, (૪) આવશ્યકતાથી અધિક પથારી–આસન રાખવાં (૫) વડીલ–રત્નાધિક સાધુઓનો પરાભવ કરવો, (૬) સ્થવિર સાધુઓ પર દોષારોપણ કરી, ઉપઘાત અથવા અપમાન કરવું (૭) પ્રાણીઓનો ઉપઘાત કરવો–નાશ કરવો, (૮) હંમેશાં મનમાં રોષયુક્ત રહેવું (૯) પ્રગટમાં ક્રોધ કરવો, તીવ્ર ક્રોધ કરવો (૧૦) પીઠ પાછળ કોઈના અવર્ણવાદ(નિંદા) બોલવા (૧૧) વારંવાર નિશ્ચયકારી ભાષા બોલવી (૧૨) નિત્ય નવાં અધિકરણ–કલેશ વગેરે ઉત્પન્ન કરવાં (૧૩) શાંત પડી ગયેલાં, ક્ષમાપન કરેલાં અને ઉપશાન્ત થયેલાં અધિકરણો (લડાઈ–ઝઘડા)ને જાગૃત કરવાં (૧૪) સચેત ધૂળયુક્ત હાથપગ રાખવા, તેનું પ્રમાર્જન કર્યા વિના આહાર કરવો, બેસવું, સૂવું અથવા સચિત્ત રજયુક્ત હાથવાળા વ્યક્તિના હાથે ભિક્ષા ગ્રહણ કરવી (૧૫) અકાલમાં સ્વાધ્યાય કરવો અને કાળમાં સ્વાધ્યાય ન કરવો (૧૬) કલેશ– કલહ કરવો (૧૭) બોલબોલ કરવું,

રાત્રિના જોર જોરથી સ્વાધ્યાય કરવો અથવા મોટે અવાજે વાર્તાલાપ કરવો (૧૮)કષાયભાવોથી બોલબોલ કરવું, ગણ અથવા સંઘમાં ભેદ પડે તેવાં વચન બોલવાં (૧૯) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ખાવું (૨૦) એષણા સમિતિનું પાલન ન કરવું અને અનએષણીય આહારાદિ ગ્રહણ કરવા.

**વિવેચન :–**

**असमाहि ठाणा** – અસમાધિ સ્થાન. સંયમમાં લાગતાં ઉત્તર ગુણના દોષોને અસમાધિસ્થાન કહે છે. આ દોષોના સેવનથી સંયમમાં અસમાધિ થાય એટલે સંયમમાં હાનિ થાય છે, સંયમની વિરાધના થાય છે. તેમ જ પોતાને અને બીજા જીવોને સંકલેશ અને દુઃખ થાય છે. જેમ કે જોયા વિના સીધા ધબ ધબ કરતા ચાલવાથી ઠોકર લાગી જાય, પડી જાય તથા કીડી, મંકોડા જેવા ક્ષુદ્ર જીવો મરી જાય, સર્પ, વીંછી વગેરે કરડી જાય, તો સંકલેશ અથવા દુઃખ ઉત્પન્ન થાય છે, મર્યાદાથી અધિક આસન–શય્યા રાખવાથી, બીજાનો પરાભવ કરવાથી, ગુરુજનો આદિનું અપમાન કરવાથી અને હંમેશાં નવા નવા ઝઘડા–ટંટા કરવાથી સંઘમાં વિક્ષોભ ઉત્પન્ન થાય છે અને સંઘ દ્વારા બહિષ્કાર કરવામાં આવે છે. દિવસભર ખાવાથી રોગ વગેરે ઉત્પન્ન થાય છે. ઉપરોકત કાર્ય કરવાથી પોતાને અને બીજાને સંક્લેશ ઉત્પન્ન થાય છે, તેથી તે અસમાધિ કહેવાય છે. દશાશ્રુતસ્કંધસૂત્રની બીજી દશામાં તેનું વિસ્તૃત વર્ણન છે.

**२ मुणिसुव्वए णं अरहा वीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । सव्वेवि य घणोदही वीसं जोयणसहस्साइं बाहल्लेणं पण्णत्ता । पाणयस्स णं देविंदस्स देवरण्णो वीसं सामाणियसाहस्सीओ पण्णत्ताओ । णपुंसयवेयणिज्जस्स णं कम्मस्स वीसं सागरोवमकोडाकोडीओ बंधओ बंधठिई पण्णत्ता । पच्चक्खाणस्स णं पुव्वस्स वीसं वत्थू पण्णत्ता । उस्सप्पिणिओसप्पिणिमंडले वीसं सागरोवम कोडाकोडीओ कालो पण्णत्तो ।**

**ભાવાર્થ :–** મુનિસુવ્રત અરિહંત વીસ ધનુષ્ય ઊંચા હતા. દરેક નરક પૃથ્વીની નીચેના ઘનોદધિની જાડાઈ વીસ હજાર યોજન છે. પ્રાણત દેવરાજ દેવેન્દ્રના સામાનિક દેવો વીસહજાર છે. નપુંસક વેદનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વમાં વીસ વસ્તુ (અર્થાધિકાર) છે. ઉત્સર્પિણી કાલ અને અવસર્પિણી કાલ ,બન્ને મળીને વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું કાલચક્ર છે.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं वीसं पलिओवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं वीसं पलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं वीसं पलिओवमाइं ठिई पण्णत्ता । पाणए कप्पे देवाणं उक्कोसेणं वीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ વીસ પલ્યોપમની છે. છઠ્ઠી તમઃપ્રભા નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ વીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ વીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ વીસ પલ્યોપમની છે. પ્રાણત કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ સાગરોપમની છે.

**૪ आरणे कप्पे देवाणं जहण्णेणं वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा सायं विसायं सुविसायं सिद्धत्थं उप्पलं भित्तिलं, तिगिच्छं दिसासोवत्थियं पलंबं रुइलं पुप्फं सुपुप्फं पुप्फावत्तं पुप्फपभं पुप्फकंतं पुप्फवण्णं पुप्फलेसं पुप्फज्झयं पुप्फसिंगं पुप्फसिट्ठं पुप्फकूडं पुप्फुत्तरवडिंसगं विमाणं देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा वीसाए अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा, तेसिं णं देवाणं वीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** આરણ કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ વીસ સાગરોપમ છે. જે દેવ સાત, વિસાત, સુવિસાત, સિદ્ધાર્થ, ઉત્પલ, ભિત્તિલ, તિગિંછ, દિશાસૌવસ્તિક, પ્રલમ્બ, રુચિર, પુષ્પ, સુપુષ્પ, પુષ્પાવર્ત, પુષ્પપ્રભ, પુષ્પકાંત, પુષ્પવર્ણ, પુષ્પલેશ્ય, પુષ્પધ્વજ, પુષ્પશૃંગ, પુષ્પસૃષ્ટ, પુષ્પકૂટ અને પુષ્પોત્તરાવતંસક નામના વિશિષ્ટ વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ સાગરોપમની છે. તે દેવ વીસ અર્ધમાસે ( દશ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને વીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫ संतेगइआ भवसिद्धिआ जीवा जे वीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો વીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૨૦ સંપૂર્ણ

# એકવીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં એકવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા – એકવીસ સબળ દોષ, સાત પ્રકૃતિઓનો ક્ષય કરનારાને તથા નિયટ્ટિબાદર ગુણસ્થાનકે મોહનીય કર્મની એકવીસ પ્રકૃતિઓની સત્તા, અવસર્પિણીકાલનો પાંચમો, છટ્ઠો આરો અને ઉત્સર્પિણીકાલનો એકવીસ– એકવીસ હજાર વર્ષનો પહેલો, બીજો આરો, નારકી અને દેવોની એકવીસ પલ્યોપમ તથા એકવીસ સાગરોપમની સ્થિતિ તથા એકવીસ ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**१** **एक्कवीसं सबला पण्णत्ता, तं जहा– १. हत्थकम्मं करेमाणे सबले २. मेहुणं पडिसेवमाणे सबले ३. राइभोयणं भुंजमाणे सबले ४. आहाकम्मं भुंजमाणे सबले ५. सागारियंपिंडं भुंजमाणे सबले ६. उद्देसियं कीयं अभिहडं आहट्टु दिज्जमाणं भुंजमाणे सबले ७. अभिक्खणं पडियाइक्खेत्ताणं भुंजमाणे सबले ८. अंतो छण्हं मासाणं गणाओ गणं संकममाणे सबले ९. अंतो मासस्स तओ दगलेवे करेमाणे सबले १०. अंतो मासस्स तओ माईठाणे सेवमाणे सबले ११. रायपिंडं भुंजमाणे सबले १२. आउट्टियाए पाणाइवायं करेमाणे सबले १३. आउट्टिआए मुसावायं वयमाणे सबले १४. आउट्टियाए अदिण्णादाणं गिण्हमाणे सबले १५. आउट्टियाए अणंतरहिआए पुढवीए ठाणं वा सिज्जं णिसीहियं वा चेएमाणे सबले १६. आउट्टियाए ससिणिद्धाए पुढवीए ससरक्खाए पुढवीए ठाणं वा सिज्जं वा निसीहियं वा चेएमाणे सबले १७. आउट्टियाए चित्तमंताए पुढवीए, चित्तमंताए सिलाए, चित्तमंताए लेलुए कोलावासंसि वा दारुए जीवपइट्ठिए, सअंडे सपाणे सबीए सहरिए सउत्तिंगे पणग–दग–मट्टी–मक्कडासंताणए ठाणं वा सिज्जं वा निसीहियं वा चेएमाणे सबले १८. आउट्टिआए मूलभोयणं वा कंदभोयणं वा खंदभोयणं वा तयाभोयणं वा, पवालभोयणं वा पत्तभोयणं वा पुप्फभोयणं वा फलभोयणं वा बीयभोयणं वा हरियभोयणं वा भुंजमाणे सबले १९. अंतो संवच्छरस्स दस दगलेवे करेमाणे सबले २०. अंतो संवच्छरस्स दस माइठाणाइं सेवमाणे**

**सबले २१. अभिक्खणं अभिक्खणं सीओदय वियडवग्घारियपाणिणा असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिगाहित्ता भुंजमाणे सबले ।**

**ભાવાર્થ :–** સબલદોષ એકવીસ છે, યથા– (૧) હસ્તકર્મ કરવું (૨) મૈથુન સેવન કરવું (૩) રાત્રિભોજન કરવું (૪) આધાકર્મી આહાર વાપરવો (૫)શય્યાતર-મકાનમાં રહેવાની આજ્ઞા આપનારના આહારાદિ વાપરવા (૬) સાધુના ઉદ્દેશથી બનાવેલો, સાધુ માટે ખરીદેલો, ઉધાર લાવેલો, ઝૂંટવીને લાવેલો, ભાગીદારની આજ્ઞા વિના લાવેલો, સાધુના સ્થાને સામે લાવેલો આહાર વાપરવો (૭) વારંવાર પ્રત્યાખ્યાનનો ભંગ કરવો (૮) છ મહિનાની અંદર એક ગણ-ગચ્છમાંથી બીજા ગચ્છમાં જવું (૯) એક મહિનાની અંદર ત્રણવાર ઉદક લેપ અર્થાત્ મોટી નદી પાર કરવી (૧૦) એક મહિનાની અંદર ત્રણવાર માયા કરવી. (૧૧) રાજપિંડ વાપરવો (૧૨) જાણીજોઈને જીવ હિંસા કરવી (૧૩) જાણી જોઈને અસત્ય બોલવું (૧૪) જાણી જોઈને અદત્ત– નહીં આપેલી વસ્તુ ગ્રહણ કરવી (૧૫) જાણી જોઈને સચિત્ત પૃથ્વી પર સૂવું, બેસવું, (૧૬) જાણી જોઈને સચિત્ત જલથી સ્નિગ્ધ પૃથ્વી પર અને સચિત્ત રજથી યુક્ત પૃથ્વી પર રહેવું, સૂવું, બેસવું. (૧૭) જાણી જોઈને સચિત્ત શિલા પર, સચિત્ત પથ્થરના ઢગલા પર, ઘુણ-જીવો લાગેલા લાકડા પર તથા ઈંડાયુક્ત, બેઈન્દ્રિયાદિ જીવયુક્ત, બીજયુક્ત, લીલાઘાસયુક્ત, ઝાકળ યુક્ત, પાણીયુક્ત, કીડીના દર યુક્ત, શેવાળયુક્ત, ભીની માટી પર તથા કરોળિયાના જાળા યુક્ત સ્થાન પર સ્વાધ્યાયાદિ કરવા રહેવું, સૂવું, બેસવું (૧૮) જાણી જોઈને મૂળ, કંદ, સ્કંધ, છાલ, કૂંપળ, પત્ર, પુષ્પ, ફળ, બીજ અને લીલી વનસ્પતિનું ભોજન કરવું (૧૯) એક વર્ષની અંદર દશવાર ઉદકલેપ અર્થાત્ મોટી નદી પાર કરવી (૨૦) એક વર્ષમાં દશવાર માયાનું સેવન કરવું (૨૧) જાણી જોઈને ઠંડા-સચિત્ત પાણીથી ભીના હાથ, પાત્ર, ચમચા અથવા વાસણથી ભોજન, પાણી, મીઠાઈ, મુખવાસ ગ્રહણ કરી વાપરવા.

**વિવેચનઃ–**

શબલ દોષ– મૂળ ગુણ તથા મહાવ્રતોમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર રૂપ દોષોનું સેવન થાય, તે શબલદોષ છે. તેનું વિસ્તૃત વર્ણન શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રઃ દશા–૨ થી જાણવું.

**२ णिअट्टिबादरस्स णं खवियसत्तयस्स मोहणिज्जस्स कम्मस्स एक्कवीसं कम्मंसा संतकम्मा पण्णत्ता, तं जहा– अपच्चक्खाणकसाए कोहे, अपच्चक्खाणकसाए माणे, अपच्चक्खाणकसाए माया, अपच्चक्खाणकसाए लोभे, पच्चक्खाणावरणकसाए कोहे, पच्चक्खाणावरणकसाएमाणे, पच्चक्खाणावरणकसाए माया, पच्चक्खाणा– वरणकसाए लोहे, संजलणकसाए कोहे, संजलणकसाए माणे, संजलणकसाए माया, संजलणकसाए लोहे, इत्थिवेदे पुंवेदे णपुंसगवेदे हासे अरति–रति–भय–सोग–दुंगुछा।**

**ભાવાર્થ :–** અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શન મોહનીયત્રિક –મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ મોહનીય આ સાત પ્રકૃતિનો ક્ષય કરનારા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ તથા આઠમા ગુણસ્થાનવર્તી નિવૃત્તિ બાદર સંયતને મોહનીય કર્મની એકવીસ પ્રકૃતિઓની સત્તા હોય છે. જેમ કે– અપ્રત્યાખ્યાની ક્રોધ કષાય, અપ્રત્યાખ્યાની માન કષાય, અપ્રત્યાખ્યાની માયા કષાય, અપ્રત્યાખ્યાની લોભકષાય, પ્રત્યાખ્યાનાવરણ, ક્રોધ કષાય, પ્રત્યાખ્યાનાવરણ માન કષાય, પ્રત્યાખ્યાનાવરણ માયા કષાય, પ્રત્યાખ્યાનાવરણ લોભકષાય, સંજ્વલન ક્રોધ કષાય, સંજ્વલન માન કષાય, સંજ્વલન માયા કષાય, સંજ્વલન લોભ કષાય, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, અરતિ, રતિ, ભય, શોક અને જુગુપ્સા.

**३ एक्कमेक्काए णं ओसप्पिणीए पंचम–छट्ठाओ समाओ एक्कवीसं एक्कवीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ, तं जहा– दूसमा, दूसमदूसमा। एगमेगाए णं उस्सप्पिणीए पढम–बितिआओ समाओ एक्कवीसं एक्कवीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ, तं जहा– दूसमदूसमाए, दूसमाए य ।**

**ભાવાર્થ :–** દરેક અવસર્પિણી કાળનો પાંચમો અને છઠ્ઠો આરો એકવીસ–એકવીસ હજાર વર્ષનો હોય છે, જેમ કે– દુઃષમા અને દુઃષમ દુઃષમા. પ્રત્યેક ઉત્સર્પિણી કાળનો પહેલો અને બીજો આરો એકવીસ એકવીસ હજાર વર્ષનો હોય છે, જેમ કે– દુઃષમ દુઃષમા અને દુઃષમા.

**४ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एक्कवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए अत्थेगइयाणं नेरइयाणं एक्कवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं एगवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं एक्कवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । आरणे कप्पे देवाणं उक्कोसेणं एक्कवीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ એકવીસ પલ્યોપમની છે. છઠ્ઠી તમઃપ્રભા નરકના કેટલાક નારકીઓની સ્થિતિ એકવીસ સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ એકવીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ એકવીસ પલ્યોપમની છે. આરણકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ એકવીસ સાગરોપમની છે.

**५ अच्चुते कप्पे देवाणं जहण्णेणं एक्कवीसं सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा सिरिवच्छं सिरिदामकंडं मल्लं किट्ठं चावोण्णतं अरण्णवडिंसगं विमाणं देवत्ताए उववण्णा, तेसि णं देवाणं एक्कवीसं सागरोवमाइं ठिई**

**पण्णत्ता । ते णं देवा एक्कवीसाए अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसिं णं देवाणं एक्कवीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**भावार्थ :–** અચ્યુત કલ્પના દેવોની જઘન્ય સ્થિતિ એકવીસ સાગરોપમની છે. જે દેવ શ્રીવત્સ, શ્રીદામકાંડ, મલ્લ, કૃષ્ટિ, ચાપોન્નત અને આરણાવતંસક નામના વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવની સ્થિતિ એકવીસ સાગરોપમની છે. તે દેવ એકવીસ અર્ધમાસે (સાડા દશ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને એકવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**६ संतेगइया भवसिद्धिया जीवा जे एक्कवीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

કેટલાક ભવ્ય સિદ્ધિક(ભવી) જીવો એકવીસ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૨૧ સંપૂર્ણ

# બાવીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં બાવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા– બાવીસ પરીષહ, દષ્ટિવાદનાં બાવીસ સૂત્ર, પુદ્‌ગલના બાવીસ પ્રકાર તથા નારકી અને દેવોની બાવીસ પલ્યોપમ તથા સાગરોપમની સ્થિતિ તથા બાવીસ ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**१ बावीसं परीसहा पण्णत्ता, तं जहा– १. दिगिंछापरीसहे २. पिवासापरीसहे ३. सीयपरीसहे ४. उसिणपरीसहे ५. दंसमसगपरीसहे ६. अचेलपरीसहे ७. अरइपरीसहे ८. इत्थीपरीसहे ९. चरियापरीसहे १०. णिसीहियापरीसहे ११. सिज्जापरीसहे १२. अक्कोसपरीसहे १३. वहपरीसहे १४. जायणापरीसहे १५. अलाभपरीसहे १६. रोगपरीसहे १७. तणफासपरीसहे १८. जल्लपरीसहे १९.सक्कारपुरक्कारपरीसहे २०. पण्णापरीसहे २१. अण्णाणपरीसहे २२. दंसणपरीसहे ।**

**ભાવાર્થ :–** બાવીસ પરીષહ છે, જેમ કે– (૧) ભૂખનો પરીષહ (૨) તરસનો પરીષહ(૩) ઠંડીનો પરીષહ(૪) ગરમીનો પરીષહ (૫) ડાંસ–મચ્છરનો પરીષહ (૬) અચેલ–વસ્ત્રરહિત રહેવાનો પરીષહ(૭) અરતિ (સંયમની અરુચિ) પરીષહ (૮) સ્ત્રી પરીષહ(૯) ચર્યા–ચાલવાનો પરીષહ (૧૦) નિષદ્યા (ભય યુક્ત જગ્યાએ બેસવાનો) પરીષહ (૧૧) શય્યા–પ્રતિકૂલ મકાનનો પરીષહ (૧૨) આક્રોશ વચન પરીષહ (૧૩) વધ પરીષહ (૧૪) યાચના પરીષહ (૧૫) અલાભ પરીષહ (૧૬) રોગ પરીષહ (૧૭) તૃણસ્પર્શ પરીષહ (૧૮) જલ(મેલનો) પરીષહ (૧૯) સત્કાર પુરસ્કાર પરીષહ (૨૦) પ્રજ્ઞા પરીષહ (૨૧) અજ્ઞાન પરીષહ અને (૨૨) દર્શન પરીષહ.

**વિવેચન :–**

**પરીષહઃ–** સંયમ દૂષિત ન થાય અને પૂર્વ સંચિત્ત કર્મોની નિર્જરા થાય, એ ભાવનાથી ભૂખ, તરસ, ઠંડી, ગરમી, ડાંસ, મચ્છરના ડંખ વગેરે કષ્ટો સમભાવપૂર્વક સહન કરવાં તેને પરીષહ કહે છે, તે બાવીસ છે. તેનું *વિસ્તૃત વર્ણન ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨ માં છે.*

**२ दिट्ठिवायस्स णं बावीसं सुत्ताइं छिण्णछेय णइयाइं ससमय सुत्तपरिवाडीए, बावीसं सुत्ताइं अच्छिण्ण–छेय–णइयाइं आजीवियसुत्तपरिवाडीए, बावीसं सुत्ताइं**

**तिकणइयाइं तेरासियसुत्तपरिवाडीए, बावीसं सुत्ताइं, चउक्कणइयाइं ससमय सुत्तपरिवाडीए ।**

**ભાવાર્થ :–** દષ્ટિવાદ નામના બારમા અંગમાં બાવીસ સૂત્ર, સ્વસમય સૂત્ર પરિપાટીથી છિન્નછેદ નયિક છે. બાવીસ સૂત્ર આજીવિક સૂત્ર પરિપાટીથી અચ્છિન્નછેદનયિક છે. બાવીસ સૂત્ર ત્રૈરાશિક સૂત્ર પરિપાટીથી ત્રિનયિક છે. બાવીસ સૂત્ર સ્વસમય સૂત્ર પરિપાટીથી ચતુષ્ક નયિક છે.

**વિવેચન :–**

જે નય છિન્ન સૂત્રને છેદ અથવા ભેદથી (ભિન્ન–ભિન્ન રૂપે)સ્વીકારે છે અને જે બીજા શ્લોક વગેરેની અપેક્ષા રાખતા નથી, તે છેદનય સ્થિત કહેવાય છે. જેમ કે– **"धम्मो मंगलमुक्किट्ठं"** ઈત્યાદિ શ્લોક પોતાના ભાવને પ્રગટ કરવામાં બીજા શ્લોકની અપેક્ષા રાખતો નથી. એવી રીતે જે સૂત્રો છિન્ન છેદનયવાળાં હોય છે, તેને **છિન્ન છેદનયિક** કહે છે. દષ્ટિવાદ અંગસૂત્રમાં એવાં બાવીસ સૂત્ર છે જેનું જૈનમતની પદ્ધતિથી નિરુપણ કરેલું છે. જે નય અચ્છિન્ન (અભિન્ન) સૂત્રના છેદની અપેક્ષા રાખે છે, તે **અચ્છિન્ન છેદનક** કહેવાય છે અર્થાત્ બીજા શ્લોકોની અપેક્ષા રાખે છે, એવાં બાવીસ સૂત્ર આજીવિક મત –ગોશાલક મતની પદ્ધતિથી કહેલાં છે. જે સૂત્ર દ્રવ્યાસ્તિક, પર્યાયાસ્તિક અને ઉભયાસ્તિક, આ ત્રણ નયોની અપેક્ષાથી કહેલાં છે, તે **ત્રિકનયિક** છે, તે ત્રિરાશિક મતની પરિપાટીથી કહેલાં છે. જે સૂત્ર સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દાદિત્રિક; એ ચાર નયોની અપેક્ષાથી કહેલાં છે, તે **ચતુષ્કનયિક** કહેવાય છે, તે સ્વસમયથી સંબદ્ધ છે.

**३ बावीसविहे पोग्गलपरिणामे पण्णत्ते, तं जहा– कालवण्णपरिणामे, णीलवण्णपरिणामे, लोहियवण्णपरिणामे, हलिद्दवण्णपरिणामे, सुक्किल्लवण्णपरिणामे, सुब्भिगंधपरिणामे, दुब्भिगंधपरिणामे तित्तरसपरिणामे, कडुयरसपरिणामे, कसायरसपरिणामे, अंबिलरसपरिणामे, महुररसपरिणामे, कक्खडफासपरिणामे, मउयफासपरिणामे, गुरुफासपरिणामे, लहुफासपरिणामे, सीतफासपरिणामे, उसिणफासपरिणामे णिद्धफासपरिणामे लुक्खफासपरिणामे, अगुरुलहुफासपरिणामे, गुरुलहुफासपरिणामे ।**

**ભાવાર્થ :–** પુદ્‌ગલના પરિણામ (ધર્મ) બાવીસ પ્રકારના છે, જેમ કે– (૧) કૃષ્ણવર્ણ પરિણામ (૨) નીલવર્ણ પરિણામ (૩) લાલવર્ણ પરિણામ (૪) પીળોવર્ણ પરિણામ (૫) સફેદવર્ણ પરિણામ (૬) સુરભિગંધ પરિણામ (૭) દુરભિગંધ પરિણામ (૮) તિક્ત –તીખો રસ પરિણામ (૯) કડવો રસ પરિણામ (૧૦) કષાય–તુરો રસ પરિણામ (૧૧) ખાટો રસ પરિણામ (૧૨) મધુર–મીઠોરસ પરિણામ (૧૩) કર્કશ સ્પર્શ પરિણામ (૧૪) મૃદુ સ્પર્શ પરિણામ (૧૫) ગુરુ સ્પર્શ પરિણામ (૧૬) લઘુસ્પર્શ પરિણામ (૧૭) શીતસ્પર્શ પરિણામ (૧૮) ઉષ્ણસ્પર્શ પરિણામ (૧૯) સ્નિગ્ધસ્પર્શ પરિણામ (૨૦) રુક્ષસ્પર્શ

પરિણામ (૨૧) અગુરુલઘુસ્પર્શ પરિણામ (૨૨) ગુરુ લઘુ સ્પર્શ પરિણામ.

**४** **इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं बावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । छट्ठीए पुढवीए उक्कोसेणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए णेरइयाणं जहण्णेणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं बावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं बावीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બાવીસ પલ્યોપમની છે. છઠ્ઠી તમઃપ્રભા પૃથ્વીના નારકીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગરોપમની છે. સાતમી તમઃતમાપ્રભા પૃથ્વીના નારકીઓની જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બાવીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ બાવીસ પલ્યોપમની છે.

**५** **अच्चुए कप्पे देवाणं उक्कोसेणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । हेट्ठिम– हेट्ठिम– गेवेज्जगाणं देवाणं जहण्णेणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता। जे देवा महियं विसूहियं विमलं पभासं वणमालं अच्चुयवडिंसगं विमाणं देवत्ताए उववण्णा, तेसिं णं देवाणं उक्कोसेणं बावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा बावीसं अद्धमासाणं आणमंति वा पाणमंति वा, उस्ससंति वा णीससंति वा। तेसिं णं देवाणं बावीसवाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** અચ્યુત કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગરોપમની છે. અધસ્તન–અધસ્તન (પ્રથમ) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ બાવીસ સાગરોપમની છે. જે દેવો મહિમ, વિસૂહિત, (વિશ્રુત) વિમલ, પ્રભાસ, વનમાલ, અને અચ્યુતાવતંસક નામના વિમાનોમાં દેવરુપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બાવીસ સાગરોપમની છે. તે દેવ બાવીસ અર્ધમાસે (અગિયાર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને બાવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**६** **संतेगइया भविसिद्धिया जीवा जे बावीसं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવસિદ્ધિક જીવો બાવીસ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૨૨ સંપૂર્ણ

# ત્રેવીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં ત્રેવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા– સૂત્રકૃતાંગ સૂત્રનાં ત્રેવીસ અધ્યયન, જંબૂદ્વીપના ત્રેવીસ તીર્થંકરોને સૂર્યોદયના સમયે થયેલું કેવળજ્ઞાન, ભગવાન ઋષભદેવને છોડીને શેષ ત્રેવીસ તીર્થંકરોને પૂર્વભવમાં અગિયાર અંગનું જ્ઞાન અને ભગવાન ઋષભદેવ ચૌદ પૂર્વનું જ્ઞાન, ત્રેવીસ તીર્થંકર પૂર્વભવમાં માંડલિક રાજા, ભગવાન ઋષભદેવ પૂર્વભવમાં ચક્રવર્તી, નારકી અને દેવોની ત્રેવીસ પલ્યોપમ અને ત્રેવીસ સાગરોપમની સ્થિતિ તથા ત્રેવીસ ભવ કરીને મોક્ષમાં જનારા જીવોનું વર્ણન છે.

**૧ तेवीसं सूयगडज्झयणा पण्णत्ता, तं जहा– १. समए २. वेतालिए ३. उवसग्गपरिण्णा ४. थीपरिण्णा ५. णरयविभत्ती ६. महावीरथुई ७. कुसीलपरिभासिए ८. वीरिए ९. धम्मे १०. समाही ११. मग्गे १२. समोसरणे १३. आहत्तहिए १४. गंथे १५. जमईए १६. गाथा १७. पुंडरीए १८. किरियाठाणा १९. आहारपरिण्णा २०. अपच्चक्खाणकिरिया २१. अणगारसुयं २२. अद्दइज्जं २३, णालंदइज्जं ।**

**ભાવાર્થ :–** સૂત્રકૃતાંગનાં પ્રથમ શ્રુતસ્કંધના સોળ અને બીજા શ્રુતસ્કંધના સાત, કુલ મળીને ત્રેવીસ અધ્યયન છે, યથા– (૧) સમય (૨) વૈતાલિક (૩) ઉપસર્ગ પરિજ્ઞા (૪) સ્ત્રી પરિજ્ઞા (૫) નરક–વિભક્તિ (૬) મહાવીર સ્તુતિ (૭) કુશીલ પરિભાષિત (૮) વીર્ય (૯) ધર્મ (૧૦) સમાધિ (૧૧) માર્ગ (૧૨) સમવસરણ (૧૩) યથાતથ્ય (૧૪) ગ્રંથ (૧૫) યમતીત (૧૬) ગાથા (૧૭) પુંડરીક (૧૮) ક્રિયાસ્થાન (૧૯) આહાર પરિજ્ઞા (૨૦) અપ્રત્યાખ્યાન ક્રિયા (૨૧) અણગારશ્રુત (૨૨) આર્દ્રકીય (૨૩) નાલંદીય.

**૨ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे णं ओसप्पिणीए तेवीसाए जिणाणं सूरुग्गमण–मुहुत्तंसि केवलवरनाण–दंसणे समुप्पण्णे । जंबुद्दीवे णं दीवे इमीसे णं ओसप्पिणीए तेवीसं तित्थयरा पुव्वभवे एक्कारसंगिणो होत्था । तं जहा– अजित– संभव–अभिणंदण–सुमई *जाव* पासो वद्धमाणो य । उसभेणं अरहा कोसलिए चोद्दसपुव्वी होत्था ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં ત્રેવીસ તીર્થંકરોને

સૂર્યોદયના મુહૂર્તમાં (દિવસના પ્રથમ ભાગમાં) શ્રેષ્ઠ કેવળ જ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયું. જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં આ અવસર્પિણી કાળના ત્રેવીસ તીર્થંકરો પૂર્વભવમાં અગિયાર અંગના ધારક હતા, જેમ કે– અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, ***યાવત્*** પાર્શ્વનાથ અને મહાવીર. કૌશલિક ઋષભ અરિહંત પૂર્વભવમાં ચૌદપૂર્વી હતા.

**વિવેચન :–**

ટીકાકારનો મત છે કે બાવીસ તીર્થંકરોને પ્રથમ ભાગમાં કેવળજ્ઞાન થયું અને મલ્લીનાથ તથા મહાવીરસ્વામીને દિવસના અંતિમ ભાગમાં કેવળજ્ઞાન થયું. જ્ઞાતાસૂત્ર અનુસાર તે ઉચિત જ છે પરંતુ સમવાયાંગ સૂત્રમાં સંખ્યા સંકલનમાં કઈ વિશેષ અપેક્ષા છે, તે વિચારણીય છે.

**૩ जंबुद्दीवे णं दीवे इमीसे ओसप्पिणीए तेवीसं तित्थंकरा पुव्वभवे मंडलियरायाणो होत्था । तं जहा– अजित–संभव–अभिणंदण** *जाव* **पासो वद्धमाणो य । उसभे णं अरहा कोसलिए पुव्वभवे चक्कवट्टी होत्था ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં આ અવસર્પિણી કાળના ત્રેવીસ તીર્થંકર પૂર્વભવમાં માંડલિક રાજા હતા, જેમ કે– અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી ***યાવત્*** પાર્શ્વનાથ તથા વર્ધમાન સ્વામી, કૌશલિક ઋષભ અરિહંત પૂર્વભવમાં ચક્રવર્તી હતા.

**૪ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तेवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहे सत्तमाए णं पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तेवीसं सागरोवमाइं ठिई पण्णत्ता। असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं तेवीसं पलिओवमाइं ठिई पण्णत्ता। सोहम्मीसाणाणं देवाणं अत्थेगइयाणं तेवीसं पलिओवमाइं ठिई पण्णत्ता।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ત્રેવીસ પલ્યોપમ છે. સાતમી પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ત્રેવીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ત્રેવીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ ત્રેવીસ પલ્યોપમની છે.

**૫ हेट्ठिममज्झिमगेविज्जाणं देवाणं जहण्णेणं तेवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा हेट्ठिम हेट्ठिमगेवेज्जयविमाणेसु देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं तेवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा तेवीसाए अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा णीससंति वा । तेसि णं देवाणं तेवीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** અધસ્તન મધ્યમ (બીજા) ગ્રૈવેયકના દેવોની જઘન્ય સ્થિતિ ત્રેવીસ સાગરોપમ છે. જે દેવ અધસ્તન અધસ્તન (પ્રથમ) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રેવીસ સાગરોપમની છે. તે દેવ ત્રેવીસ અર્ધમાસે (સાડા અગિયાર માસે) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને ત્રેવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**६ संतेगइआ भवसिद्धिया जीवा जे तेवीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો ત્રેવીસ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૨૩ સંપૂર્ણ

# ચોવીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં ચોવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે. યથા – ચોવીસ તીર્થંકર, ચુલ્લ હિમવંત અને શિખરી પર્વતની જીવાઓ, ચોવીસ ઈન્દ્ર, ચોવીસ અંગુલની ઉત્તરાયણગત સૂર્યની પૌરુષી છાયા, ગંગા, સિંધુ મહાનદીઓનાં ઉદ્‌ગમ સ્થાનો પર ચોવીસ કોસનો વિસ્તાર, નારકી અને દેવોની ચોવીસ પલ્યોપમ અને ચોવીસ સાગરોપમની સ્થિતિ અને ચોવીસ ભવ કરી મોક્ષે જનારા જીવોનો ઉલ્લેખ છે.

**૧ चउव्वीसं देवाहिदेवा पण्णत्ता । तं जहा – उसभ, अजित, संभव, अभिणंदण, सुमई, पउमप्पह, सुपास, चंदप्पह, सुविधि, सीअल, सिज्जंस, वासुपुज्ज, विमल, अणंत, धम्म, संति, कुंथु, अर, मल्ली, मुणिसुव्वय, णमि, णेमी, पास, वद्धमाणा।**

**ભાવાર્થ :–** દેવાધિદેવો ચોવીસ છે, જેમ કે– ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભ સ્વામી, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભ સ્વમી, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લીનાથ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન સ્વામી.

**૨ चुल्लहिमवंत-सिहरीणं वासहर पव्वयाणं जीवाओ चउव्वीसं चउव्वीसं जोयणसहस्साइं णव-बत्तीसे जोयणसए एगं अट्ठतीसइ भागं जोयणस्स किंचि विसेसाहियाओ आयामेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ચુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વતોની જીવાઓ ચોવીસ–ચોવીસ હજાર નવસો બત્રીસ યોજન અને એક યોજનના આડત્રીસ ભાગોમાંથી એકભાગથી કંઈક વધારે (૨૪૯૩૨ યોજન ૧/૩૮ સાધિક અર્ધી કળા) લાંબી છે.

**૩ चउवीसं देवट्ठाणा संइदया पण्णत्ता, सेसा अहमिंदा अणिंदा अपुरोहिआ।**

**ભાવાર્થ :–** ઈન્દ્ર સહિત ચોવીસ દેવસ્થાન છે. શેષ દેવસ્થાન ઈન્દ્રરહિત, પુરોહિત રહિત છે, તે દેવો

અહમિંદ્ર કહેવાય છે.

**વિવેચન :–**

ઈન્દ્ર સહિત જે ચોવીસ દેવસ્થાન છે, તે આ પ્રમાણે છે– દશ જાતિના ભવનવાસી દેવોનાં દશ સ્થાન, આઠ જાતિના વ્યંતર દેવોનાં આઠ સ્થાન, પાંચ પ્રકારના જ્યોતિષી દેવોનાં પાંચ સ્થાન અને સૌધર્માદિ બાર દેવલોકના દેવોનું એક સ્થાન, કુલ (૧૦+૮+૫+૧ = ૨૪) ચોવીસ થાય છે. આ બધાં સ્થાનોમાં રાજા–પ્રજા જેવી વ્યવસ્થા છે, માટે તેના અધિપતિઓ ઈન્દ્ર કહેવાય છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં રાજા– પ્રજાનો વ્યવહાર વગેરે વ્યવસ્થા નથી, ત્યાં બધા દેવો સમાન ઐશ્વર્ય અને સમાન વૈભવવાળા હોય છે. તે દરેક પોતે પોતાના સ્વામી છે, તેથી તે 'અહમિન્દ્ર' કહેવાય છે. તે ચૌદ સ્થાનને અનિન્દ્ર અને અપુરોહિત કહેવાય છે. અપુરોહિત શબ્દ ઉપલક્ષણ છે, એટલે જ્યાં ઈન્દ્ર હોય છે ત્યાં તેની સાથે સામાનિક, ત્રાયસ્ત્રિંશ, આત્મરક્ષક, પુરોહિત અને લોકપાલ વગેરે પણ હોય છે, પરંતુ જ્યાં ઈન્દ્ર નથી ત્યાં પુરોહિત વગેરે પણ હોતા નથી.

**૪ उत्तरायणगए णं सूरिए चउवीसंगुलिए पोरिसिछायं णिव्वत्तइत्ता णं णिअट्टइ । गंगासिंधूओ णं महाणईओ पवहे सातिरेगेणं चउवीसं कोसे वित्थारेणं पण्णत्ते । रत्ता–रत्तवईओ णं महाणईओ पवाहे सातिरेगे चउवीसं कोसे वित्थारेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** ઉત્તરાયણગત સૂર્ય ચોવીસ આંગુલની પૌરુષી છાયા કરીને, કર્ક સંક્રાંતિના દિવસે સર્વ આભ્યંતર મંડલથી નિવૃત્ત થઈને બીજા મંડલમાં આવે છે. ગંગા, સિંધુ મહાનદીઓનો પ્રવાહ સાધિક ચોવીસ ચોવીસ કોસ ગાઉ વિસ્તારવાળો છે. તે જ રીતે રક્તા, રક્તવતી મહાનદીઓનો પ્રવાહ પણ સાધિક ચોવીસ ચોવીસ કોસ ગાઉ વિસ્તારવાળો છે.

**વિવેચન :–** શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્તિસૂત્ર વક્ષસ્કાર–૪,સૂ.૧૫માં ગંગા–સિંધુનો પ્રવાહ **छस्सकोसाइं जोयजणाइं विक्खंभेण–** સવા છ યોજન અર્થાત ૨૫કોસ–ગાઉ કહ્યો છે. પ્રસ્તુત ચોવીસમું સમવાય હોવાથી સૂત્રકારે ગંગા–સિંધુ નદીનો પ્રવાહ સાધિક ચોવીસ ગાઉનો પહોળો કહ્યો છે.

**૫ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चउवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं चउवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं चउवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं चउवीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચોવીસ પલ્યોપમની છે. અધઃ સપ્તમ અર્થાત સાતમી નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ચોવીસ સાગરોપમ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ચોવીસ પલ્યોપમ છે, સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ ચોવીસ પલ્યોપમની છે.

**६ हेट्ठिम–उवरिमगेवेज्जाणं देवाणं जहण्णेणं चउवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा हेट्ठिममज्झिमगेवेज्जविमाणेसु देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं चउवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा चउवीसाए अद्धमासाणं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा णीससंति वा । तेसि णं देवाणं चउवीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** અધસ્તન ઉપરિમ (ત્રીજી) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ ચોવીસ સાગરોપમની છે. જે દેવ અધસ્તન મધ્યમ (બીજા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ચોવીસ સાગરોપમ છે. તે દેવ ચોવીસ અર્ધમાસે (બાર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે, તે દેવોને ચોવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૭ संतेगइया भवसिद्धिया जीवा जे चउवीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો ચોવીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૪ સંપૂર્ણ**

# પચ્ચીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં પચ્ચીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા– પ્રથમ અને અંતિમ તીર્થંકરોનાં શાસનમાં પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓ, મલ્લીનાથ ભગવાન પચ્ચીસ ધનુષ્ય ઊંચાઈ, વૈતાઢ્ય પર્વતની પચ્ચીસ યોજનની ઊંચાઈ અને પચ્ચીસ ગાઉ ભૂમિમાં ઊંડાઈ, બીજી નરકના પચ્ચીસ લાખ નરકાવાસ, આચારાંગસૂત્રનાં પચ્ચીસ અધ્યયન, અપર્યાપ્ત મિથ્યાદષ્ટિ વિકલેન્દ્રિયને નામ કર્મની પચ્ચીસ ઉત્તર પ્રકૃતિઓનો બંધ, લોકબિન્દુસાર પૂર્વના પચ્ચીસ અર્થાધિકાર, નારકી અને દેવોની પચ્ચીસ પલ્યોપમ અને પચ્ચીસ સાગરોપમની સ્થિતિ તથા પચ્ચીસ ભવ કરીને મોક્ષમાં જનારા જીવો વગેરેનો ઉલ્લેખ છે.

**૧ पुरिम-पच्छिमगाणं तित्थगराणं पंचजामस्स पणवीसं भावणाओ पण्णत्ताओ, तं जहा- ईरिआसमिई मणगुत्ती वयगुत्ती आलोयपाणभोयणं (आलोयभायणभोयणं) आदाण-भंड-मत्त- णिक्खेवणासमिई ५, अणुवीइभासणया कोहविवेगे लोभविवेगे भयविवेगे हासविवेगे ५, उग्गहअणुण्णवणया, उग्गहसीमजाणणया, सयमेव उग्गहं अणुगिण्हणया, साहम्मिय उग्गहं अणुण्णविय परिभुंजणया, साहारणभत्तपाणं अणुण्णविय पडिभुंजणया ५, इत्थी-पसु-पंडगसंसत्तगसयणासणवज्जणया, इत्थीकहविवज्जणया, इत्थीणं इंदियाणमालोयणवज्जणया, पुव्वरय- पुव्व- कीलिआणं अणणुसरणया, पणीताहारविवज्जणया ५, सोइंदियरागोवरई चक्खिंदियरागोवरई घाणिंदियरागोवरई जिब्भिंदियरागोवरई फासिंदियरागोवरई ५ ।**

**ભાવાર્થ :–** પ્રથમ અને અંતિમ તીર્થંકરો દ્વારા ઉપદિષ્ટ પંચયામ (પાંચ મહાવ્રત)ની પચ્ચીસ ભાવના છે, જેમ કે– **પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતની** પાંચ ભાવના –૧. ઈર્યાસમિતિ ૨. મનોગુપ્તિ ૩. વચન ગુપ્તિ ૪. આલોકિત પાન–ભોજન(આલોકિત આહાર–પાણી વાપરવા) ૫. આદાન ભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ. **મૃષાવાદ વિરમણ મહાવ્રતની** પાંચ ભાવના– ૧. વિચારીને બોલવું ૨. ક્રોધ વિવેક ૩. લોભ વિવેક ૪. ભય વિવેક ૫. હાસ્ય વિવેક. **અદત્તાદાન વિરમણ મહાવ્રતની** પાંચ ભાવના ૧. મકાનની આજ્ઞા લેવી ૨. મકાનમાં સીમાનો ખુલાસો કરી આજ્ઞા લેવી ૩. શક્રેન્દ્રની આજ્ઞા લઈ સ્વયમેવ તૃણ, કંકર

આદિ ગ્રહણ કરવાં ૪. સાધર્મિક સાધુનાં ઉપકરણોની આજ્ઞા લઈ ઉપયોગ કરવો ૫. સાધારણ સામૂહિક આહાર હોય, તો તેની આજ્ઞા લઈને વાપરવો **મૈથુન વિરમણ મહાવ્રતની** પાંચ ભાવના, જેમ કે– ૧. સ્ત્રી, પુરુષ, નપુંસકથી સંસક્ત શયન આસનનો ત્યાગ કરવો ૨. સ્ત્રી કથાનો ત્યાગ કરવો ૩. સ્ત્રીના ઈન્દ્રિયો–અંગોપાંગ જોવાનો ત્યાગ કરવો ૪. પૂર્વક્રીડાનું સ્મરણ ન કરવું ૫. પ્રણિત આહારનો ત્યાગ કરવો. **પરિગ્રહ વિરમણ મહાવ્રતની** પાંચ ભાવનાઓ, જેમ કે– ૧. શ્રોતેન્દ્રિય રાગોપરતિ ૨. ચક્ષુ ઈન્દ્રિય રાગોપરતિ ૩. ઘ્રાણેન્દ્રિય રાગોપરતિ ૪. રસેન્દ્રિય રાગોપરતિ અને ૫. સ્પર્શેન્દ્રિય રાગોપરતિ.

## વિવેચન :–

પ્રસ્તુ સૂત્રમાં મહાવ્રતોની ભાવનાઓનું કથન છે.

**भावणाओ** – ભાવના. જે સંકલ્પથી વિચારોને ભાવિત અથવા વાસિત કરવામાં આવે, તેને ભાવના કહે છે. તેનાથી અપાર બળ અને અપરિમિત શક્તિ મળે છે. ભાવનાઓનાં બળથી અસાધ્ય પણ સાધ્ય થઈ જાય છે. સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે કે જેની ભાવના શુદ્ધ છે, તે પાણીમાં નાવ સમાન છે, તે કિનારાને પ્રાપ્ત કરીને સર્વ દુઃખોનો અંત કરે છે, મુક્ત થઈ જાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, ભક્તિ આદિ ભાવોથી આત્માને ભાવિત કરવામાં આવે, તે દરેક ભાવનાઓ છે. પાંચ મહાવ્રતોની પચ્ચીસ ભાવના છે. તે મહાવ્રતોની સ્થિરતા અને પુષ્ટિ માટે છે.

મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં ચાતુર્યામ ધર્મ હોય છે માટે અહીં પહેલા અને છેલ્લા તીર્થંકરનું ગ્રહણ કર્યું છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન અને ચરમ તીર્થંકર ભગવાન વર્ધમાન મહાવીર સ્વામીએ પંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો છે અને તેની રક્ષાને માટે પ્રત્યેક વ્રતની પાંચ પાંચ ભાવનાઓનું ચિંતન, મનન, આચરણ કરવાનું પણ વિધાન છે.

૧. અહિંસા મહાવ્રતની સુરક્ષા માટે આવશ્યક છે કે– (૧) ભૂમિ પર દૃષ્ટિ રાખીને જીવોની રક્ષા કરતાં ચાલવું જોઈએ (૨) મનની ચંચલતા ઉપર નિયંત્રણ રાખવું જોઈએ (૩) બોલવાના સમયે નિયંત્રણ રાખીને હિત, મિત, પ્રિય વચન બોલવું જોઈએ (૪) સૂર્યથી પ્રકાશિત સ્થાન પર સારી રીતે જોઈને ખાન–પાન કરવું અને (૫) વસ્ત્ર પાત્ર વગેરેને ઉપાડતા અને નીચે રાખતા સમયે સાવધાની રાખવી જોઈએ. આ પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના છે.

૨. સત્ય મહાવ્રતની રક્ષાને માટે આવશ્યક છે કે– (૧) ખૂબ વિચારીને બોલવું જોઈએ (૨) ક્રોધનો ત્યાગ કરવો જોઈએ(૩) લોભનો ત્યાગ કરવો જોઈએ (૪) ભયનો ત્યાગ કરવો જોઈએ (૫) હાસ્ય, મશ્કરીનો ત્યાગ કરવો જોઈએ. વિચાર કર્યા વિના બોલવાથી અસત્ય ભાષણની સંભાવના છે. ક્રોધના, લોભના અને ભયના આવેશ થી વ્યક્તિ અસત્ય બોલી શકે છે અને હાસ્ય મશ્કરીમાં, મજાક ઉડાવવામાં પણ અસત્યનો પ્રયોગ થાય છે. સત્ય મહાવ્રતની પૂર્ણ રક્ષા માટે વિચારીને બોલવું અને ક્રોધ, લોભ, ભય અને હાસ્યનો પરિત્યાગ કરવો આવશ્યક છે.

૩. અચૌર્ય મહાવ્રતની રક્ષાને માટે આવશ્યક છે કે – (૧) કોઈ પણ વસ્તુ ગ્રહણ કરતાં પહેલાં

તેના સ્વામીની આજ્ઞા અર્થાત્ સ્વીકૃતિ લેવી જોઈએ (૨) મકાનની સીમા કે મર્યાદાઓ નિશ્ચિત કરીને ત્યાર પછી મકાન ગ્રહણ કરવું જોઈએ. (૩) શક્રેન્દ્રની આજ્ઞા લઈને રેતી, પથ્થર વગેરે વસ્તુ ગ્રહણ કરવા (૪) પોતાના સાધર્મિકોની આજ્ઞા લઈને પછી જ તેની વસ્તુ ગ્રહણ કરવી (૫) પોતાના સાધર્મિકોને આહાર પાણી માટે આમંત્રણ આપ્યા પછી આહારાદિ કરવા જોઈએ અને યાચના કરીને લાવેલા ભક્ત પાન વગેરેનું ગુરુજનની આગળ નિવેદન કરી અને તેમની આજ્ઞા મેળવીને આહાર કરવો જોઈએ.

૪. બ્રહ્મચર્ય મહાવ્રતની રક્ષાને માટે (૧) સ્ત્રી, પશુ, નપુંસકના સંપર્કવાળાં સ્થાન પર સૂવા અથવા બેસવાનો ત્યાગ કરવો(૨) સ્ત્રીઓની રાગવર્ધક કથાઓનો ત્યાગ કરવો(૩) તેના મનોહર અંગઉપાંગોને જોવાનો ત્યાગ કરવો (૪) પૂર્વકાલમાં સ્ત્રીઓ સાથે ભોગવેલા ભોગોને અને કામ ક્રીડાઓને યાદ ન કરવા (૫) પૌષ્ટિક, ગરિષ્ઠ અને રસ જેમાં વધારે હોય તેવા આહારનો ત્યાગ કરવો.

૫. પરિગ્રહત્યાગ મહાવ્રતની રક્ષાને માટે પાંચે ઈન્દ્રિયોના શબ્દાદિ ઈષ્ટ વિષયો પર રાગ અને અનિષ્ટ વિષયો પર દ્વેષનો ત્યાગ કરવો જોઈએ.

આ ભાવનાઓનું પાલન કરવાથી જ પાંચનાં મહાવ્રત સ્થિર અને દઢ રહી શકે છે, માટે આ ભાવનાઓનું નિરંતર ચિંતન અને પાલન કરવું જોઈએ.

આચારાગ સૂત્ર, પ્રશ્ન વ્યાકરણ સૂત્ર અને પ્રસ્તુત સમવાયાંગ સૂત્ર આ ત્રણ આગમમાં મહાવ્રતોની પચ્ચીસ ભાવનાઓનું વર્ણન છે. આ ત્રણેમાં તાત્ત્વિક રીતે ભિન્નતા ન હોવા છતાં નામોમાં ભિન્નતા દષ્ટિ ગોચર થાય છે.

**આગમોમાં પચ્ચીસ ભાવનાઓના નામ :–**

| નામ | સમવાયાંગ સૂત્ર | આચારાંગ સૂત્ર | પ્રશ્નવ્યાકરણ |
|---|---|---|---|
| પ્રથમ | ૧. ઈર્યા સમિતિ | ૧. ઈર્યા સમિતિ | ૧. ઈર્યા સમિતિ |
| અહિંસા | ૨. મનોગુપ્તિ | ૨. મન પરિજ્ઞા | ૨. અપાપ મન |
| મહાવ્રત | ૩. વચનગુપ્તિ | ૩. વચનપરિજ્ઞા | ૩. અપાપ વચન |
| | ૪. અવલોકિત પાન–ભોજન | ૪. આદાન નિક્ષેપણ સમિતિ | ૪. આદાન એષણા સમિતિ |
| | ૫. આદાન ભંડ માત્ર નિક્ષેપન સમિતિ | ૫. આલોકિત પાન–ભોજન | ૫. આદાન નિક્ષેપ સમિતિ |
| બીજું | ૧. વિચારીને બોલવું | ૧. વિચારીને બોલવું | ૧. વિચારીને બોલવું |
| સત્ય | ૨. ક્રોધ વિવેક | ૨. ક્રોધ પરિજ્ઞા | ૨. ક્રોધ અસેવન |
| મહાવ્રત | ૩. લોભ વિવેક | ૩. લોભ પરિજ્ઞા | ૩. લોભ અસેવન |
| | ૪. ભય વિવેક | ૪. ભય પરિજ્ઞા | ૪. ભય અસેવન |
| | ૫. હાસ્ય વિવેક | ૫. હાસ્ય પરિજ્ઞા | ૫. હાસ્ય અસેવન |

| | | | |
|---|---|---|---|
| ત્રીજું અચૌર્ય મહાવ્રત | ૧. અવગ્રહાનુજ્ઞાપના<br>૨. અવગ્રહ સીમા પરિજ્ઞાન<br>૩. સ્વયં અવગ્રહ અનુગ્રહતા<br>૪. સાધર્મિક અવગ્રહ અનુજ્ઞાપ્ય પરિભુંજનતા<br>૫. સાધારણ ભકતપાન અનુજ્ઞાપ્ય પરિભુંજનતા | ૧. અનુવીચિ મિતાવગ્રહ<br>૨. અનુજ્ઞાપિત પાન–ભોજન<br>૩. અવગ્રહ અવધારણ યાચન<br>૪. અભીક્ષ્ણ અવગ્રહ યાચન<br>૫. સાધર્મિક અવગ્રહ યાચન | ૧. વિવિકત વાસ વસતિ<br>૨. અવગ્રહ સમિતિ યોગ<br>૩. શય્યા સમિતિ યોગ<br>૪. સાધારણ પિંડ માત્ર લાભ સમિતિ યોગ<br>૫. સાધર્મિક વિનય પ્રયોગ |
| ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત | ૧. સ્ત્રી–પશુ–નપુંસક સંસકત શયનાસન વર્જન<br>૨. સ્ત્રીકથા વર્જન<br>૩. સ્ત્રી ઈંદ્રિય અવલોકનવર્જન<br>૪. પૂર્વભકત–પૂર્વક્રિડીત અસ્મરણ<br>૫. પ્રણિત આહાર વર્જન | ૧. સ્ત્રીકથા વર્જન<br>૨. સ્ત્રીઅંગોપાંગ અવલોકન વર્જન<br>૩. પૂર્વભકત ભોગસ્મૃતિ વર્જન<br>૪. અતિમાત્ર પ્રણિત પાન ભોજન પરિવર્જન<br>૫. સ્ત્રી સંસકત શયના સન વર્જન | ૧. અસંસકત વાસ સમિતિ<br>૨. સ્ત્રીકથા વર્જન<br>૩. સ્ત્રી રૂપ દર્શન વર્જન<br>૪. પૂર્વભુકત ભોગ–સ્મૃતિ વર્જન<br>૫. પ્રણિત રસ–ભોજન વર્જન |
| પાંચમું અપરિગ્રહ | ૧. શ્રોતેન્દ્રિય રાગોપરતિ<br>૨. ચક્ષુરિન્દ્રિય રાગોપરતિ<br>૩. ઘ્રાણેન્દ્રિય રાગોપરતિ<br>૪. જીહ્વેન્દ્રિય રાગોપરતિ<br>૫. સ્પર્શેન્દ્રિય રાગોપરતિ | ૧. મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દ અનાસકત<br>૨. મનોજ્ઞ–અમનોજ્ઞ રૂપ અનાસકત<br>૩. મનોજ્ઞ–અમનોજ્ઞ ગંધમાં અનાસકત<br>૪. મનોજ્ઞ–અમનોજ્ઞ રસમાં અનાસકત<br>૫. મનોજ્ઞ–અમનોજ્ઞ સ્પર્શમાં અનાસકત | ૧. મનોજ્ઞ–અમનોજ્ઞ શબ્દમાં અનાસકત<br>૨. મનોજ્ઞ–અમનોજ્ઞ રૂપમાં અનાસકત<br>૩. મનોજ્ઞ–અમનોજ્ઞ ગંધમાં અનાસકત<br>૪. મનોજ્ઞ–અમનોજ્ઞ રસમાં અનાસકત<br>૫. મનોજ્ઞ–અમનોજ્ઞ સ્પર્શમાં અનાસકત |

**२ मल्ली णं अरहा पणवीसं धणुइं उड्ढं उच्चत्तेणं होत्था । सव्वे वि दीहवेयड्ढपव्वया पणवीसं जोयणाणि उड्ढं उच्चत्तेणं पण्णत्ता, पणवीसं गाउयाणि उव्विद्धेणं पण्णत्ता । दोच्चाए णं पुढवीए पणवीसं णिरयावास सयसहस्सा पण्णत्ता।**

**ભાવાર્થ :–** મલ્લી અરિહંત પચ્ચીસ ધનુષ ઊંચા હતા. સર્વ દીર્ઘ વૈતાઢય પર્વત પચ્ચીસ યોજન ઊંચા છે તથા તે પચ્ચીસ ગાઉ ભૂમિમાં ઊંડા છે. બીજી નરક પૃથ્વીમાં પચ્ચીસ લાખ નરકાવાસ છે.

**३ आयारस्स णं भगवओ सचूलिआयस्स पणवीसं अज्झयणा पण्णत्ता, तं जहा–**

**सत्थपरिण्णा लोगविजओ, सीओसणीअ सम्मत्तं ।**
**आवंति धुय विमोह, उवहाणसुयं महपरिण्णा ।।१।।**

**पिंडेसण सिज्जिरिआ भासज्झयणा य वत्थ पाएसा ।**
**उग्गहपडिमा सत्तिक्कगा भावणा य विमुत्ती य ।।२।।**
**णिसीहज्झयणं पणुवीसइमं ।**

**ભાવાર્થ :–** ચૂલિકા સહિત ભગવાન આચારાંગ સૂત્રનાં પચીસ અધ્યયન છે, જેમ કે :– (૧) શસ્ત્ર પરિજ્ઞા (૨) લોકવિજય (૩) શીતોષ્ણીય (૪) સમ્યક્ત્વ (૫) આવંતી (૬) ધૂત (૭) વિમોહ (૮) ઉપધાન શ્રુત (૯) મહા પરિજ્ઞા (૧૦) પિંડૈષણા (૧૧) શય્યા (૧૨) ઈર્યા (૧૩) ભાષા અધ્યયન (૧૪) વસ્ત્રૈષણા (૧૫) પાત્રૈષણા (૧૬) અવગ્રહ પ્રતિમા (૧૭) સપ્તૈકક અધ્યયન સ્થાન (૧૮) નિષીધિકા (૧૯) ઉચ્ચાર પ્રસ્રવણ (૨૦) શબ્દ (૨૧) રૂપ (૨૨) પરક્રિયા (૨૩) અન્યોન્ય ક્રિયા (૨૪) ભાવના અધ્યયન અને (૨૫) વિમુક્તિ અધ્યયન સહિત નિશીથ અધ્યયન પચ્ચીસમું કહેલું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચૂલિકા સહિત આચારાંગ સૂત્રના ૨૫ અધ્યયન કહ્યા છે. આચારાંગ સૂત્રના બે શ્રુતસ્કંધમાં ૨૫ અધ્યયન છે. તેમાં ભાવના અને વિમુક્તિ, આ બે અધ્યયન અન્ય સૂત્રમાંથી અહીં સંકલિત હોવાના કારણે તેને ચૂલિકા કહી શકાય છે.

આ પચ્ચીસમું સમવાય હોવાથી પચ્ચીસમાં ક્રમાંક માં વિમુક્તિ અધ્યયન અને નિશીથ અધ્યયન બંનેનો સમાવેશ કર્યો છે. પ્રાચીન સમયમાં નિશીથસૂત્ર આચારાંગસૂત્રના અધ્યયન રૂપે હતું. તેની પ્રતીતિ પ્રશ્નવ્યાકરણસૂત્ર અને આવશ્ય સૂત્રથી થાય છે. **अट्ठावीसाण आचारप्पकप्पेहिं।** ૨૮ પ્રકારના આચાર પ્રકલ્પ કહ્યાં છે. **आचार: प्रथमाऽग, तस्य प्रकल्प: अध्ययन विशेषो निशीथमित्य पराभिधानम।** આચાર શબ્દથી પ્રથમ અંગ આચારાંગસૂત્રના ૨૫ અધ્યયન ગ્રહણ થાય છે અને

પ્રકલ્પ શબ્દથી નિશીથસૂત્રના ત્રણ અધ્યયન ગ્રહણ થાય છે. આ રીતે આ ચાર પ્રકલ્પના અધ્યયન છે. અહીં વિમુક્તિ અને નિશીથ અધ્યયનનું પચ્ચીસામા ક્રમાંકમાં સાથે ગ્રહણ કર્યુ છે.

**૪ मिच्छादिट्ठिविगलिंदिए णं अपज्जत्तए संकिलिट्ठपरिणामे णामस्स कम्मस्स पणवीसं उत्तरपयडीओ णिबंधइ, तं जहा– तिरियगतिणामं विगलिंदिय– जातिणामं ओरालियसरीरणामं तेअगसरीरणामं कम्मणसरीरणामं, हुंडसंठाणणामं, ओरालिअसरीरंगोवंगणामं छेवट्ठसंघयणणामं, वण्णणामं, गंधणामं, रसणामं, फासणामं, तिरियाणुपुव्विणामं, अगुरुलहुणामं, उवघायणामं, तसणामं, बादरणामं, अपज्जत्तयणामं, पत्तेयसरीरणामं, अथिरणामं, असुभणामं, दुभगणामं, अणादेज्जणामं, अजसोकित्तिणामं , णिम्माणणामं ।**

**ભાવાર્થ :–** સંક્લિષ્ટ પરિણામવાળા અપર્યાપ્તક મિથ્યાદષ્ટિ વિકલેન્દ્રિય જીવો નામ કર્મની પચ્ચીસ ઉત્તર પ્રકૃતિઓ બાંધે છે, જેમ કે– (૧) તિર્યંચગતિ નામ (૨) વિકલેન્દ્રિયજાતિ નામ (૩) ઔદારિકશરીર નામ (૪) તેજસશરીર નામ (૫) કાર્મણશરીર નામ (૬) હુંડસંસ્થાનનામ (૭) ઔદારિકશરીર અંગોપાંગ નામ (૮) છેવટ્ટુ (સેવાર્ત) સંહનનનામ (૯) વર્ણનામ (૧૦)ગંધનામ (૧૧) રસનામ (૧૨) સ્પર્શનામ (૧૩) તિર્યંચ અનુપૂર્વીનામ (૧૪) અગુરુલઘુનામ (૧૫) ઉપઘાતનામ (૧૬) ત્રસનામ (૧૭)બાદર નામ (૧૮) અપર્યાપ્તનામ (૧૯) પ્રત્યેકશરીરનામ (૨૦) અસ્થિરનામ (૨૧) અશુભનામ (૨૨) દુર્ભગ નામ (૨૩) અનાદેયનામ (૨૪) અપયશકીર્તિનામ (૨૫) નિર્માણનામ.

**વિવેચન :–**

અત્યંત સંકલેશ પરિણામોથી યુક્ત મિથ્યાદષ્ટિ અપર્યાપ્તક વિકલેન્દ્રિય જીવ નામકર્મની આ પચ્ચીસ પ્રકૃતિઓ બાંધે છે.

**विगलिंदिय जातिणामं** – વિકલેન્દ્રિય જાતિનામ. આગમમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને વિગલેન્દ્રિય સંજ્ઞા આપવામાં આવી છે, પરંતુ નામકર્મની પ્રકૃતિઓમાં જાતિ નામ કર્મમાં વિગલેન્દ્રિયજાતિનામકર્મ નથી. ત્યાં નામકર્મની ૧૪ પિંડપ્રકૃતિમાં જાતિનામ કર્મ છે અને તેની ઉત્તર પ્રકૃતિ પાંચ છે,– ૧. એકન્દ્રિય જાતિનામ. ૨. બેઈન્દ્રિય જાતિનામ. ૩. તેઈન્દ્રિય જાતિનામ. ૪. ચૌઈન્દ્રિય જાતિ નામ અને ૫. પંચેન્દ્રિય જાતિનામ, આ પાંચ પ્રકારનું કથન છે. અહીં પચ્ચીસમા પચ્ચીસ પ્રકૃતિઓનું સંકલન કરવા શાસ્ત્રપ્રકારે બેઈન્દ્રિય ,તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિયનું પૃથક્ પૃથક્ કથન ન કરતાં સમુચ્ચય રીતે વિકલેન્દ્રિયજાતિનામ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**૫ गंगा–सिंधूओ णं महाणईओ पणवीसं गाउयाणि पुहुत्तेणं दुहओ घडमुहपवित्तिएणं मुत्तावलिहारसंठिएणं पवातेण पडंति । रत्ता–रत्तावईओ**

**णं महाणईओ पणवीसं गाउयाणि पुहुत्तेणं मकरमुहपवित्तिएणं मुत्तावलिहारसंठिएणं पवातेण पडंति ।**

**ભાવાર્થ :–** ગંગા, સિંધુ મહાનદીઓ પચ્ચીસ ગાઉ મોટા ઘડાના મુખની સમાન મુખથી નીકળીને મુક્તાવલીના હારના આકારવાળા ધોધરૂપે બન્ને દિશાઓમાં (પૂર્વથી ગંગા અને પશ્ચિમથી સિંધુ) ઉપરથી નીચે પડે છે. તેવી જ રીતે રક્તા–રક્તવતી મહાનદીઓ પણ પચ્ચીસ ગાઉ મોટા મગરના મુખની સમાન મુખથી નીકળીને મુક્તાવલી હારના આકારવાળા ધોધરૂપે બન્ને દિશાઓમાં (પૂર્વથી રક્તા અને પશ્ચિમથી રક્તવતી) ઉપરથી નીચે પડે છે.

**વિવેચન :–**

ચુલ્લહિમવંત વર્ષધર પર્વત ઉપર સ્થિત પદ્મદ્રહના પૂર્વતોરણ દ્વારથી ગંગાનદી અને પશ્ચિમ દિશાના તોરણ દ્વારથી સિન્ધુ નદી નીકળે છે. એવી રીતે શિખરી પર્વત ઉપર સ્થિત પુંડરીકદ્રહના પૂર્વી તોરણદ્વારથી રક્તા મહાનદી અને પશ્ચિમી તોરણ દ્વારથી રક્તવતી મહાનદી નીકળે છે. એ ચારે મહાનદીઓ દ્રહોમાંથી નીકળીને પહેલા પાંચસો પાંચસો યોજન સુધી પર્વતની ઉપર જ વહે છે, ત્યાર પછી ગંગા, સિંધુનદી ભરત ક્ષેત્રની તરફ દક્ષિણાભિમુખ થઈને અને રક્તા, રક્તવતી નદી ઐરાવત ક્ષેત્રની તરફ ઉત્તરાભિમુખ થઈને પૃથ્વી પર અવસ્થિત પોતાના નામવાળા ગંગાકુંડ આદિ પ્રપાત કુંડોમાં પડે છે. પર્વતથી પડવાના સ્થાન પર તેને નીકળવા માટે મોટા વજ્રમય મુખ બનેલા છે, તેનું મુખ પર્વતની તરફ ઘડાના મુખ સમાન ગોળ છે અને ભરત આદિ ક્ષેત્રોની તરફ મગરના મુખની લાંબી જીભ સમાન છે તથા પર્વતથી નીચે ભૂમિ તરફ પડતી પાણીની ધારા મોતીઓના હજાર સેરવાળા હારની સમાન દેખાય છે. આ જલધારા પચ્ચીસ ગાઉ અથવા સવા છ યોજન પહોળી થાય છે. (અહીં મૂળ પાઠમાં ગંગા સિંધુને માટે ઘડાના મુખનો આકાર અને રક્ત–રક્તવતી માટે મગરના મુખનો આકાર કહ્યો છે, તેમાં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સાથે તાત્ત્વિક વિરોધ નથી. વસ્તુતઃ નદીમુખ પર્વત તરફ ઘડાકારે છે અને ક્ષેત્રતરફ મગરના મુખાકારે છે. અહીં એક–એક બાજુના આકારનું કથન કર્યું છે.)

**६ लोगबिंदुसारस्स णं पुव्वस पणवीसं वत्थू पण्णत्ता ।**

**ભાવાર્થ :–** લોકબિન્દુસાર નામના ચૌદમા પૂર્વમાં પચ્ચીસ વસ્તુ (અર્થાધિકાર) છે.

**७ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं पणवीसं पलिओवमाइं ठिई पण्णत्ता अहेसत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं पणवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं पणवीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु देवाणं अत्थेगइयाणं पणवीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પચ્ચીસ પલ્યોપમ છે. અધપ્તમ અર્થાત સાતમી મહાતમઃપ્રભાનરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ પચ્ચીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ પચ્ચીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ પચ્ચીસ પલ્યોપમની છે.

**૮ मज्झिमहेट्ठिमगेवेज्जाणं देवाणं जहण्णेणं पणवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा हेट्ठिमउवरिमगेवेज्जगविमाणेसु देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं पणवीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा पणवीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा । तेसि णं देवाणं पणवीसं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મધ્યમ અધસ્તન (ચોથા) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ પચ્ચીસ સાગરોપમ છે. જે દેવ અધસ્તન ઉપરિમ (ત્રીજા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ પચ્ચીસ સાગરોપમની છે. તે દેવ પચ્ચીસ અર્ધમાસે (સાડા બાર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને પચ્ચીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૯ संतेगइया भवसिद्धिया जीवा जे पणवीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો પચ્ચીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૫ સંપૂર્ણ**

# છવ્વીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં છવ્વીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા –દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પસૂત્ર તથા વ્યવહાર સૂત્રના છવ્વીસ ઉદ્દેશનકાલ, અભવ્ય જીવોની મોહનીય કર્મની છવ્વીસ પ્રકૃતિઓ, નારકીઓ અને અને દેવોની છવ્વીસ પલ્યોપમ અને છવ્વીસ સાગરોપમની સ્થિતિનું વર્ણન અને છવ્વીસ ભવ કરી મુક્ત થનારા જીવોનો ઉલ્લેખ છે.

**१ छव्वीसं दसकप्पववहाराणं उद्देसणकाला पण्णत्ता, तं जहा– दस दसाणं, छ कप्पस्स, दस ववहारस्स ।**

**ભાવાર્થ :–** દશાશ્રુતસ્કંધ સૂત્ર, બૃહત્કલ્પ સૂત્ર અને વ્યવહાર સૂત્રના છવ્વીસ ઉદ્દેશન કાલ છે, જેમ કે– દશાશ્રુત સ્કંધસૂત્રના દશ, બૃહત્કલ્પસૂત્રના છ અને વ્યવહારસૂત્રના દસ, આ પ્રમાણે છવ્વીસ ઉદ્દેશનકાલ છે.

**વિવેચન :–**

આગમ અથવા શાસ્ત્રની વાચના આપવાના કાળને ઉદ્દેશનકાળ કહે છે. જે શ્રુતસ્કંધમાં જેટલાં અધ્યયન અથવા જે અધ્યયનમાં જેટલા ઉદ્દેશક હોય છે, તેટલા તેના ઉદ્દેશનકાળ પણ હોય છે. અહીં બે સૂત્રમાં ઉદ્દેશક છે અને એક સૂત્રમાં 'દશા' છે. તે બધાની સંખ્યા છવ્વીસ થાય છે.

**२ अभवसिद्धियाणं जीवाणं मोहणिज्जस्स कम्मस्स छव्वीसं कम्मंसा संतकम्मा पण्णत्ता, तं जहा– मिच्छत्तमोहणिज्जं, सोलस कसाया, इत्थीवेए पुरिसवेए णपुंसकवेए, हासं, अरति, रति, भयं, सोगं, दुगुंछा ।**

અભવ્ય સિદ્ધિક જીવોને મોહનીય કર્મની છવ્વીસ કર્મપ્રકૃતિ સત્તામાં હોય છે, જેમકે –(૧) મિથ્યાત્વ મોહનીય (૨–૧૭) સોળ કષાય (૧૮) સ્ત્રીવેદ (૧૯) પુરુષવેદ (૨૦) નપુંસકવેદ (૨૧) હાસ્ય (૨૨) અરતિ (૨૩) રતિ (૨૪) ભય (૨૫) શોક (૨૬) જુગુપ્સા.

**વિવેચન :–**

મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ છે. તેમાં દર્શન મોહનીયની (૧) મિથ્યાત્વ મોહનીય. (૨)

મિશ્રમોહનીય અને (૩) સમકિત મોહનીય,આ ત્રણ પ્રકૃતિ છે. તેમાંથી બંધ યોગ્ય એક મિથ્યાત્વ મોહનીય જ છે. અર્થાત્ મોહનીયકર્મની ૨૬ પ્રકૃતિ બંધ યોગ્ય છે.

જ્યારે કોઈ જીવ સર્વ પ્રથમ વાર સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે તે જીવ મિથ્યાત્વ મોહનીયના દલિકોના ત્રણ પુંજ કરે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીયના દલિકોનું શુદ્ધિકરણ કરે છે. શુદ્ધ થયેલા દલિકો સમકિત મોહનીય, અર્ધશુદ્ધ થયેલા દલિકો મિશ્ર મોહનીય કહેવાય છે અને અશુદ્ધ પુંજ મિથ્યાત્ત્વ મોહનીય રૂપે જ રહે છે. આ રીતે ત્રણ પુંજની પ્રક્રિયા પછી મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય સતાને પ્રાપ્ત થાય છે. ત્યારે તે જીવને મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓની સત્તા થાય છે. અભવ્ય જીવ ક્યારે ય સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરતા નથી તેથી તે જીવો અનાદિ મિથ્યાત્વ મોહનીયકર્મ દલિકોના ત્રણ પુંજ પણ કરી શકતા નથી તેથી તેને હંમેશાં મોહનીય કર્મની છવ્વીસ પ્રકૃતિઓ જ સત્તામાં રહે છે. મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની સત્તા તેને હોતી નથી.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं छव्वीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं छव्वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं छव्वीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु णं कप्पेसु अत्थेगइयाणं देवाणं छव्वीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ છવ્વીસ પલ્યોપમની છે. અધસ્તન સાતમી મહાતમ:પ્રભાનરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ છવ્વીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ છવ્વીસ પલ્યોપમની છે. સૌધર્મ– ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ છવ્વીસ પલ્યોપમ છે.

**४ मज्झिम मज्झिम गेवेज्जयाणं देवाणं जहण्णेणं छव्वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा मज्झिम हेट्ठिम गेवेज्जय विमाणेसु देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं छव्वीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा छव्वीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसि णं देवाणं छव्वीसं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મધ્યમ મધ્યમ (પાંચમાં) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ છવ્વીસ સાગરોપમની છે, જે દેવ મધ્યમ અધસ્તન (ચોથા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરુપ ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ છવ્વીસ સાગરોપમની છે. તે દેવો છવ્વીસ અર્ધમાસે (તેર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે અને નિ:શ્વાસ મૂકે છે. તે દેવોને છવ્વીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫ संतेगइया भवसिद्धिया जीवा जे छव्वीसेहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिसंति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો છવ્વીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૬ સંપૂર્ણ**

# સત્યાવીસમું સમવાય

## પરિચય :–

આ સમવાયમાં સત્યાવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા – સાધુઓના સત્યાવીસ ગુણો, નક્ષત્ર મહિનાના સત્યાવીસ દિવસ, વેદક સમ્યક્ત્વના બંધ રહિત જીવની મોહનીય કર્મની સત્યાવીસ પ્રકૃતિઓ, શ્રાવણ સુદી સાતમના દિવસે સત્યાવીસ અંગુલની પૌરુષીય છાયા તેમજ નારકી અને દેવોની સત્યાવીસ પલ્યોપમ તથા સત્યાવીસ સાગરોપમની સ્થિતિનું વર્ણન છે અને સત્યાવીસ ભવ કરી મોક્ષ જનારા જીવોનો ઉલ્લેખ છે.

**१ सत्तावीसं अणगारगुणा पण्णत्ता, तं जहा– १. पाणाइवायाओ वेरमणं २. मुसावायाओ वेरमणं ३. अदिण्णादाणाओ वेरमणं ४. मेहुणाओ वेरमणं ५. परिग्गहाओ वेरमणं ६. सोइंदियणिग्गहे ७. चक्खिंदियणिग्गहे ८. घाणिंदियणिग्गहे ९. जिब्भिंदियणिग्गहे १०. फासिंदियणिग्गहे ११. कोहविवेगे १२. माणविवेगे १३. मायाविवेगे १४. लोभविवेगे १५. भावसच्चे १६. करणसच्चे १७. जोगसच्चे १८. खमा १९. विरागया २०. मणसमाहारणया २१. वयसमाहारणया २२. कायसमाहारणया २३. णाणसंपण्णया २४. दंसणसंपण्णया २५. चरित्तसंपण्णया २६. वेयणा अहियासणया २७. मारणंतिय अहियासणया ।**

**ભાવાર્થ :–** સાધુઓના સત્યાવીસ ગુણ છે, જેમ કે– ૧. પ્રાણાતિપાત વિરમણ ૨. મૃષાવાદ વિરમણ ૩. અદત્તાદાન વિરમણ ૪. મૈથુન વિરમણ ૫. પરિગ્રહ વિરમણ ૬. શ્રોતેન્દ્રિય નિગ્રહ ૭. ચક્ષુરિન્દ્રિય નિગ્રહ ૮. ઘ્રાણેન્દ્રિય નિગ્રહ ૯. રસેન્દ્રિય નિગ્રહ ૧૦. સ્પર્શેન્દ્રિય નિગ્રહ ૧૧. ક્રોધ વિવેક ૧૨.માન વિવેક ૧૩. માયા વિવેક ૧૪. લોભ વિવેક ૧૫. ભાવ સત્ય ૧૬. કરણ સત્ય ૧૭. યોગ સત્ય ૧૮. ક્ષમાવંત ૧૯. વૈરાગ્યવંત ૨૦. મનઃસમાધારણતા ૨૧. વચનસમાધારણતા ૨૨. કાયસમાધારણતા ૨૩. જ્ઞાન સંપન્નતા ૨૪. દર્શન સંપન્નતા ૨૫. ચારિત્ર સંપન્નતા ૨૬. વેદના સહનતા અને ૨૭. મારણાંતિક કષ્ટ સહનતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અણગાર, **શ્રમણોના ૨૭ ગુણો**નું વર્ણન છે. તેમાં (૧થી ૫)પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રત મૂલગુણ રૂપ છે, શેષગુણો ઉત્તર ગુણ રૂપ છે. (૬થી ૧૦)પાંચે ય ઈન્દ્રિયોના વિષયોનો નિગ્રહ કરવો અર્થાત્ તેની ઉચ્છૃંખલ પ્રવૃત્તિને રોકવી, તેમાં રાગ–દ્વેષ ન કરવા ,(૧૧થી ૧૪)ક્રોધાદિ ચારે

કષાયોનો વિવેક અર્થાત્ પરિત્યાગ કરવો.(૧૫) અંતરાત્માની શુદ્ધિને ભાવ સત્ય કહે છે.(૧૬) પ્રતિલેખન વગેરે ક્રિયા કરતા સમયે પૂર્ણ સાવધાની રાખવી, તે કરણ સત્ય છે. (૧૭)મન, વચન, કાયા આ ત્રણે ય યોગોની શુદ્ધિ, પવિત્રતા રાખવી તે યોગ સત્ય છે. (૧૮)મનથી પણ ક્રોધ દ્વેષ અને અભિમાનના ભાવ જાગૃત થવા ન દેવા, તે ક્ષમાગુણ છે. (૧૯)કોઈ પણ વસ્તુમાં આસક્તિ ભાવ ન રાખવો, સંસારથી ઉદાસીન અને મોક્ષ પ્રતિ ઉત્સાહી રહેવું ,તે વૈરાગ્ય ગુણ છે. (૨૦થી ૨૨)મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિનો નિરોધ કરી તેને શુભમાં સ્થિર રાખવા, તે સમાધારણતા કહેવાય છે. (૨૩થી ૨૫)સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રથી યુકત હોવું, તે સંપન્નતા છે. (૨૬)ઠંડી, ગરમી વગેરે વેદનાને સહન કરવી, તે વેદના સહનતા છે. (૨૭)મરણના સમયે સર્વ પ્રકારના પરીષહ અને ઉપસર્ગને સહન કરવા તથા કોઈ વ્યક્તિ દ્વારા આવનાર મારણાંતિક કષ્ટને સહન કરતાં સમયે પણ તેના પ્રતિ કલ્યાણકારી મિત્રની બુદ્ધિ રાખવી તેને મારણાંતિક સહનતા કહેવાય છે.

**૨ जंबुद्दीवे दीवे अभिइवज्जेहिं सत्तावीसाए णक्खत्तेहिं संववहारे वट्टति। एगंमेगे णं णक्खत्तमासे सत्तावीसाहिं राइंदियाहिं राइंदियग्गेणं पण्णत्ते। सोहम्मीसाणेसु कप्पेसु विमाण पुढवी सत्तावीसं जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં અભિજિત નક્ષત્રને છોડીને શેષ સત્યાનીસ નક્ષત્રો દ્વારા માસ વગેરેનો વ્યવહાર પ્રવર્તે છે. રાત્રિ દિવસની ગણાનાની અપેક્ષાએ નક્ષત્ર માસ સત્યાવીસ દિવસ રાતના હોય છે. સૌધર્મ –ઈશાન કલ્પના વિમાનોની પૃથ્વી સત્યાવીસો (૨૭૦૦) યોજન જાડાઇ (ઊંડાઇ) ધરાવે છે.

**૩ वेयगसम्मत्त बंधोवरयस्स णं मोहणिज्जस्स कम्मस्स सत्तावीसं उत्तरपगडीओ संतकम्मंसा पण्णत्ता । सावणसुद्ध सत्तमीसु णं सूरिए सत्तावीसंगुलियं पोरिसिच्छायं णिव्वत्तइत्ता णं दिवसखेत्तं णिवट्टेमाणे रयणिखेत्तं अभिणिवड्ढेमाणे चारं चरइ ।**

**ભાવાર્થ :–** વેદક સમ્યક્ત્વના બંધથી ઉપરત જીવને મોહનીય કર્મની સત્યાવીસ પ્રકૃતિઓની સત્તા હોય છે. શ્રાવણ સુદી સાતમના દિવસે સૂર્ય સત્યાવીસ અંગુલની પૌરુષી છાયા અધિક કરીને દિવસ ક્ષેત્ર ઓછું કરતો અને રાત્રિના ક્ષેત્રને વધારતો સંચાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વેદક સમ્યક્ત્વના બંધથી ઉપરત જીવની મોહનીય કર્મની સત્તાગત પ્રકૃતિઓનું વિધાન છે.

**वेयगसम्मत्त बंधोवरयस्स...** વેદક સમ્યક્ત્વના બંધથી ઉપરત જીવોને મોહનીય કર્મની સત્યાવીસ પ્રકૃતિ સતામાં હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે ક્ષાયોપશમિક સમ્યક્ત્વના છેલ્લા સમયને અથાત્ સમકિત મોહનીય કર્મના છેલ્લા પુદગલોનું વેદન થતું હોય તેને વેદક સમક્તિ કહે છે. દર્શનમોહનીયકર્મની ત્રણ પ્રકૃતિઓમાંથી બંધ યોગ્ય એક મિથ્યાત્ત્વ મોહનીયકર્મ જ છે. સમકિત મોહનીયનો બંધ થતો નથી. મિથ્યાત્વ મોહનીયના દલિકો જ શુદ્ધ થાય, ત્યારે તે સમ્યક્ત્વ મોહનીય કર્મ કહેવાય છે.

આ સૂત્રમાં 'વેદક સમ્યક્ત્વનો બંધ' શબ્દ પ્રયોગ છે પણ તેનો અર્થ મિથ્યાત્વ મોહનીયનો બંધ અને તેનાથી ઉપરત અર્થાત્ મિથ્યાત્ત્વ મોહનીય કર્મનો બંધ વિચ્છેદ થાય તેમ સમજવું જોઈએ. ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વેની એક સમયની સ્થિતિમાં મિથ્યાત્વ મોહનીય કર્મપ્રકૃતિની સત્તા પણ સમાપ્ત થઈ જાય છે, તેથી વેદક સમકિતની સ્થિતિમાં જીવને મિથ્યાત્વ મોહનીય ને છોડીને મોહનીયકર્મની શેષ સત્યાવીસ પ્રકૃતિ સત્તમાં હોય છે.

**૪ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सत्तावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं सत्तावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं सत्तावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं सत्तावीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ સત્યાવીસ પલ્યોપમની છે. અધસપ્તમ અર્થાત સાતમી મહાતમઃપ્રભા નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ સત્યાવીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ સત્યાવીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ સત્યાવીસ પલ્યોપમની છે.

**૫ मज्झिम–उवरिमगेवेज्जयाणं देवाणं जहण्णेणं सत्तावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा मज्झिममज्झिम गेवेज्जयविमाणेसु देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं सत्तावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा सत्तावीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा । तेसि णं देवाणं सत्तावीसं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** મધ્યમ ઉપરિમ (છઠ્ઠા) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ સત્યાવીસ સાગરોપમની છે. જે દેવ મધ્યમ– મધ્યમ (પાંચમા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સત્યાવીસ સાગરોપમની છે. તે દેવ સત્યાવીસ અર્ધ માસે (સાડા તેર મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે

છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને સત્યાવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**६ संतेगइया भवसिद्धिया जीवा जे सत्तावीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો સત્યાવીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૭ સંપૂર્ણ**

# અઠ્યાવીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં અઠ્યાવીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા – આચાર કલ્પના અઠ્યાવીસ પ્રકાર, ભવસિદ્ધિક જીવોમાં મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓ, આભિનિબોધિક જ્ઞાનના અઠ્યાવીસ પ્રકાર, ઈશાન કલ્પમાં અઠ્યાવીસ લાખ વિમાન, દેવગતિ નામકર્મ બાંધનારા જીવોને નામકર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓનો બંધ, નરકગતિ નામકર્મ બાંધનારા જીવોને પણ અઠ્યાવીસ અશુભ પ્રકૃતિઓનો બંધ, નારકી અને દેવોની અઠ્યાવીસ પલ્યોપમ અને અઠ્યાવીસ સાગરોપમની સ્થિતિનું વર્ણન છે અને અંતે અઠ્યાવીસ ભવ કરી મોક્ષમાં જનારા જીવોનો ઉલ્લેખ છે.

**૧ अट्ठावीसविहे आयारपकप्पे पण्णत्ते, तं जहा– १. पंचराई आरोवणा २. दसराई आरोवणा ३. पण्णरस राई आरोवणा ४. वीसइ राई आरोवण्णा ५. पणवीसइ राई आरोवणा ६. मासिआ आरोवणा ७. सपंचराई मासिआ आरोवणा ८. सदसराई मासिया आरोवणा ९. सपण्णरसराई मासिआ आरोवणा १०. सवीसइ राई मासिआ आरोवणा ११. सपणवीसइराई मासिआ आरोवणा १२. दो मासिआ आरोवणा १३. सपंचराई दो मासिआ आरोवणा** *एवं जाव* **१९–२४. चउमासिआ आरोवणा २५. उग्घाइया आरोवणा २६. अणुग्घाइया आरोवणा २७. कसिणा आरोवणा २८. अकसिणा आरोवणा। एतावताव आयरपकप्पे एतावताव आयरियव्वे ।**

**ભાવાર્થ :–** આચારકલ્પના અઠ્યાવીસ પ્રકાર છે, જેમ કે– ૧. પાંચ દિવસની આરોપણા ૨. દસ દિવસની આરોપણા ૩. પંદર દિવસની આરોપણા ૪. વીસ દિવસની આરોપણા ૫. પચ્ચીસ દિવસની આરોપણા ૬. એક મહિનાની આરોપણા ૭. એક મહિનો અને પાંચ દિવસની આરોપણા ૮. એક મહિનો અને દસ દિવસની આરોપણા ૯. એક મહિનો અને પંદર દિવસની આરોપણા ૧૦. એક મહિનો અને વીસ દિવસની આરોપણા ૧૧. એક મહિનો અને પચ્ચીસ દિવસની આરોપણા ૧૨. બે મહિનાની આરોપણા ૧૩. બે મહિના અને પાંચ દિવસની આરોપણા આ પ્રકારે ***યાવત્*** (પાંચ પાંચ દિવસ વધારતાં) ૧૯–૨૪. ચાર મહિનાની આરોપણા ૨૫. લઘુ પ્રાયશ્ચિત્ત આરોપણા ૨૬. ગુરુ પ્રાયશ્ચિત્ત આરોપણા ૨૭. પૂર્ણ આરોપણા ૨૮. અપૂર્ણ આરોપણા.

**વિવેચન :–**

કોઈ પણ પ્રાયશ્ચિત્ત ચાલતું હોય તેમાં ઓછામાં ઓછી પાંચ દિવસની આરોપણા કરવામાં આવે છે, પછી પાંચ–પાંચ દિવસ વધારીને આરોપણા કરી શકાય છે. એમ ચાર મહિના સુધીના ચોવીસ વિકલ્પ થાય.

(૨૫) ઉત્તરગુણ વગેરે હળવા દોષનું લઘુ પ્રાયશ્ચિત્ત હોય તેને,**"उग्घाइय"** કહેવાય અને (૨૬)મૂળ ગુણમાં કે બીજા કોઈ ભારે દોષ હોય તો તેનું ગુરુ પ્રાયશ્ચિત્ત હોય છે, તેને જ **"अणुग्घाइय"** કહેવાય છે. (૨૭)છૂટ વિનાની સંપૂર્ણ એક મહિના વગેરેની આરોપણા કરવી, તે આ **"कसिणा"** નામની સત્યાવીસમી આરોપણા છે. (૨૮) છૂટ આપીને મહિનાની આરોપણા (પ્રાયશ્ચિત)ને પંદર દિવસ અને બે મહિનાની આરોપણાને વીસ દિવસની આરોપણા કરવી તે "અકસિણા" નામની અઠ્યાવીસમી આરોપણા છે.

**૨ भवसिद्धियाणं जीवाणं अत्थेगइयाणं मोहणिज्जस्स कम्मस्स अट्ठावीसं कम्मंसा संतकम्मा पण्णत्ता । तं जहा– सम्मत्तवेयणिज्जं मिच्छत्तवेयणिज्जं सम्मामिच्छत्तवेयणिज्जं, सोलस कसाया, णव णोकसाया ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવોને મોહનીય કર્મની અઠ્યાવીસ પ્રકૃતિ સત્તામાં હોય છે, જેમ કે સમ્યક્ત્વ વેદનીય, મિથ્યાત્વ વેદનીય અને મિશ્ર વેદનીય, સોળ કષાય અને નવ નોકષાય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ સાથે મોહનીયના બદલે વેદનીય શબ્દનો પ્રયોગ કર્યો છે. અહીં આઠ કર્મમાં ત્રીજું વેદનીય કર્મ ગ્રહણ કરવાનું નથી. વેદન કરવું, ભોગવવું, ઉદયમાં આવતા કર્મનું ફળ અનુભવવાના અર્થમાં 'વેદનીય' શબ્દનો પ્રયોગ થયો છે. **अत्थेगइयाणं भवसिद्धियाणं**– કેટલાક ભવ્ય સિદ્ધિક પ્રયોગથી સમ્યક્ત્વને પ્રાપ્ત ભવ્યસિદ્ધિક જીવોનું ગ્રહણ થાય છે કારણકે તેને જ મોહનીયની ૨૮ પ્રકૃતિની સતા સંભવે છે. પ્રથમવાર સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે સમકિત મોહનીય અને મિશ્રમોહનીય પ્રકૃતિ સતાને પ્રાપ્ત થાય છે. અનાદિ મિથ્યાત્વી ભવસિદ્ધિક જીવને ૨૬ પ્રકૃતિજ સત્તામાં હોય છે.

**३ आभिणिबोहियणाणे अट्ठावीसविहे पण्णत्ते । तं जहा– सोइंदिय अत्थावग्गहे १, चक्खिंदिय अत्थावग्गहे २, घाणिंदिय अत्थावग्गहे ३, जिब्भिंदिय अत्थावग्गहे ४, फासिंदिय अत्थावग्गहे ५, णोइंदिय अत्थावग्गहे ६, सोइंदिय वंजणोग्गहे ७, घाणिंदिय वंजणोग्गहे ८, जिब्भिंदिय वंजणोवग्गहे ९, फासिंदिय वंजणोग्गहे १०, सोइंदियईहा ११, चक्खिंदियईहा १२,**

**घाणिंदियईहा १३, जिब्भिंदियईहा १४, फासिंदियइहा १५, णोइंदियईहा १६, सोइंदियावाए १७, चक्खिंदियावाए १८, घाणिंदियावाए १९, जिब्भिंदियावाए २०, फासिंदियावाए २१, णोइंदियावाए २२, सोइंदिय धारणा २३, चक्खिंदिय धारणा २४, घाणिंदिय धारणा २५, जिब्भिंदिय धारणा २६, फासिंदिय धारणा २७, णोइंदिय धारणा २८ ।**

**ભાવાર્થ :–** આભિનિબોધિક જ્ઞાનના અઠ્યાવીસ પ્રકાર છે, જેમ કે– (૧) શ્રોતેન્દ્રિય અર્થાવગ્રહ (૨) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ(૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ(૪) જિહ્વેન્દ્રિય અર્થાવગ્રહ(૫) સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ (૬) નોઈન્દ્રિય અર્થાવગ્રહ(૭) શ્રોતેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૮) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ(૯) જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૧૦) સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૧૧) શ્રોતેન્દ્રિય ઈહા (૧૨) ચક્ષુરિન્દ્રિય ઈહા (૧૩) ઘ્રાણેન્દ્રિય ઈહા (૧૪) જિહ્વેન્દ્રિય ઈહા (૧૫) સ્પર્શેન્દ્રિય ઈહા (૧૬) નોઈન્દ્રિય ઈહા (૧૭) શ્રોતેન્દ્રિય અવાય (૧૮) ચક્ષુરિન્દ્રિય અવાય (૧૯) ઘ્રાણેન્દ્રિય અવાય (૨૦) જિહ્વેન્દ્રિય અવાય (૨૧) સ્પર્શેન્દ્રિય અવાય (૨૨) નોઈન્દ્રિય અવાય (૨૩) શ્રોતેન્દ્રિય ધારણા (૨૪) ચક્ષુરિન્દ્રિય ધારણા (૨૫) ઘ્રાણેન્દ્રિય ધારણા (૨૬) જિહ્વેન્દ્રિય ધારણા (૨૭) સ્પર્શેન્દ્રિય ધારણા (૨૮) નોઈન્દ્રિય ધારણા.

**વિવેચન :–**

કોઈ પણ પદાર્થ જાણતાં પહેલાં આ 'કંઈક છે' એવો અસ્પષ્ટ આભાસ થાય છે, તેને દર્શન કહે છે. ત્યાર પછી તરત જ કંઈક સ્પષ્ટ પરંતુ અવ્યક્ત બોધ થાય છે, તેને **વ્યંજનાવગ્રહ** કહે છે. ત્યાર પછી 'આ મનુષ્ય છે', એવું સામાન્ય જ્ઞાન થાય તેને **અર્થાવગ્રહ** કહે છે. ત્યાર પછી તે જાણવાની ઈચ્છા થાય છે કે આ મનુષ્ય બંગાળી છે કે મદ્રાસી ? આ જિજ્ઞાસા પછી આ મદ્રાસી હોવો જોઈએ, તેવા નિશ્ચય તરફ ઢળતા જ્ઞાનને **ઈહા** કહે છે. પછી તેની બોલી વગેરે સાંભળીને નિશ્ચય થઈ જાય છે કે આ બંગાળી નથી પણ મદ્રાસી જ છે, આ પ્રમાણે નિશ્ચયાત્મક જ્ઞાનને **અવાય** કહે છે. તે જ જ્ઞાન જ્યારે દઢ થઈ જાય ત્યારે તેને ધારણા કહે છે. સ્મરણ સ્વયં ધારણાનું એક અંગ છે.

મન અને ચક્ષુરિન્દ્રિયથી વ્યંજનાવગ્રહ થતો નથી કેમ કે, તેમાં જોયેલી કે વિચારેલી વસ્તુ વ્યક્ત જ થઈ જાય છે, પરંતુ વ્યંજનાવગ્રહમાં વસ્તુ અથવા જ્ઞાન અવ્યક્ત(અસ્પષ્ટ) હોય છે. અર્થાવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચારે ય જ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનથી થાય છે તેથી આ ચારને છ થીગુણતા (૪×૬=૨૪) ચોવીસ ભેદ થાય છે. મન અને ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિયોથી વ્યંજનાવગ્રહ થાય છે તેથી તે ચાર ભેદોને ઉપરના ચોવીસ ભેદોની સાથે જોડી દેવાથી (૨૪+૪=૨૮) અઠ્યાવીસ ભેદ આભિનિબોધિક જ્ઞાનના છે. મનને 'નોઈન્દ્રિય' કહે છે, કેમ કે તે બહાર દેખાતું નથી, પરંતુ વિચાર દ્વારા તેના અસ્તિત્વનું પરિજ્ઞાન અવશ્ય થાય છે.

**૪ ईसाणे णं कप्पे अट्ठावीसं विमाणावास सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઈશાન કલ્પમાં અઠ્યાવીસ લાખ વિમાન આવાસ છે.

**૫ जीवे णं देवगइम्मि बंधमाणे णामस्स कमस्स अट्ठावीसं उत्तरपगडीओ णिबंधइ । तं जहा– देवगइणामं , पंचिंदियजाइणामं, वेउव्वियसरीरणामं, तेयगसरीरणामं, कम्मणसरीरणामं, समचउरंससंठाणणामं, वेउव्विय सरीरंगोवंगणामं, वण्णणामं, गंधणामं, रसणामं, फासणामं, देवाणुपुव्विणामं, अगुरुलहुणामं, उवघायणामं, पराघायणामं, उस्सासणाम, पसत्थविहायोगइणामं, तसणामं, बायरणामं, पज्जत्तणामं, पत्तेयसरीरणामं, थिराथिराणं, सुभासुभाणं, आएज्जाणाएज्जाणं, दोण्हं अण्णयरं एगं णामं णिबंधइ, सुभगणामं, सुस्सरणामं, जसोकित्तिणामं, णिम्माणणामं ।**

**ભાવાર્થ :–** દેવગતિને બાંધનારો જીવ નામકર્મની અઠ્યાવીસ ઉત્તર પ્રકૃતિઓને બાંધે છે, તે આ પ્રમાણે છે ૧. દેવગતિ નામ ૨. પંચેન્દ્રિયજાતિ નામ ૩. વૈક્રિયશરીર નામ ૪. તેજસશરીર નામ ૫. કાર્મણશરીર નામ ૬. સમચતુરસ્રસંસ્થાન નામ ૭. વૈક્રિયશરીર અંગોપાંગ નામ ૮. વર્ણ નામ ૯. ગંધ નામ ૧૦. રસ નામ ૧૧. સ્પર્શ નામ ૧૨. દેવાનુપૂર્વી નામ ૧૩. અગુરુલઘુ નામ ૧૪. ઉપઘાત નામ ૧૫. પરાઘાત નામ ૧૬. ઉચ્છ્વાસ નામ ૧૭. પ્રશસ્ત વિહાયોગતિ નામ ૧૮. ત્રસ નામ ૧૯. બાદર નામ ૨૦. પર્યાપ્ત નામ ૨૧. પ્રત્યેક શરીર નામ ૨૨. સ્થિર–અસ્થિર નામમાંથી કોઈ પણ એક ૨૩. શુભ–અશુભ નામમાંથી કોઈ પણ એક ૨૪. આદેય–અનાદેય નામમાંથી કોઈ પણ એક ૨૫. સુભગ નામ ૨૬. સુસ્વર નામ ૨૭. યશકીર્તિ નામ ૨૮. નિર્માણ નામ; આ અઠ્યાવીસ પ્રકૃતિઓને બાંધે છે.

**૬ एवं चेव णेरइया वि, णाणत्तं–अप्पसत्थविहायोगइणामं हुंडगसंठाणणामं अथिरणामं दुब्भगणामं असुभणामं दुस्सरणामं अणादिज्जणामं अजसोकित्तिणामं णिम्माणणामं ।**

**ભાવાર્થ :–** આ રીતે નરકગતિને બાંધનાર જીવ પણ નામ કર્મની અઠ્યાવીસ પ્રકૃતિઓને બાંધે છે પરંતુ વિશેષતા એ છે કે નરકગતિવાળો જીવ પ્રશસ્ત પ્રકૃતિને બદલે અપ્રશસ્ત પ્રકૃતિને બાંધે છે, જેમ કે– અપ્રશસ્ત વિહાયોગતિ નામ, હુંડક સંસ્થાન નામ, અસ્થિર નામ, દુર્ભગ નામ, અશુભ નામ, દુઃસ્વર નામ, અનાદેય નામ, અયશકીર્તિ નામ અને નિર્માણ નામ.

**૭ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहे सत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं अट्ठावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं**

**अट्ठावीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु देवाणं अत्थेगइयाणं अट्ठावीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભાપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અઠ્યાવીસ પલ્યોપમની છે. અધસપ્તમ સાતમી નક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ અઠ્યાવીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ અઠ્યાવીસ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પમાં કેટલાક દેવોની સ્થિતિ અઠ્યાવીસ પલ્યોપમની છે.

**૮ उवरिमहेट्ठिमगेवेज्जयाणं देवाणं जहण्णेणं अट्ठावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा मज्झिमउवरिमगेवेज्जएसु विमाणेसु देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं अट्ठावीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा अट्ठावीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसि णं देवाणं अट्ठावीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** ઉપરિમ અધસ્તન (સાતમાં) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ અઠ્યાવીસ સાગરોપમની છે. જે દેવ મધ્યમ ઉપરિમ (છટ્ઠા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અઠ્યાવીસ સાગરોપમની છે. તે દેવ અઠ્યાવીસ અર્ધમાસે (ચૌદ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને અઠ્યાવીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૯ संतेगइया भवसिद्धिया जीवा जे अट्ठावीसाए भवग्गहणेहिं सिज्झिस्संति, बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો અઠ્યાવીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૮ સંપૂર્ણ**

# • ઓગણત્રીસમું સમવાય •

**પરિચય :–**

આ સમવાયમાં ઓગણત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા – પાપશ્રુત પ્રસંગ, અષાઢ માસ આદિની ઓગણત્રીસ રાત્રિ દિવસ, સમ્યગ્દષ્ટિ જીવને તીર્થંકર નામ સહિત ઓગણત્રીસ નામકર્મની પ્રકૃતિઓનો બંધ, નારકી અને દેવોની ઓગણત્રીસ પલ્યોપમ અને સાગરોપમની સ્થિતિ તથા ઓગણત્રીસ ભવ કરી મોક્ષે જનારા જીવો વગેરેનો ઉલ્લેખ છે.

**૧ एगुणतीसइविहे पावसुयपसंगे पण्णत्ते । तं जहा– भोमे उप्पाए सुमिणे अंतलिक्खे अंगे सरे वंजणे लक्खणे । भोमे तिविहे पण्णत्ते । तं जहा– सुत्ते वित्ती वत्तिए । एवं एक्केक्कं तिविहं । विकहाणुजोगे विज्जाणुजोगे मंताणुजोगे जोगाणुजोगे अण्णतित्थियपवत्ताणुजोगे ।**

**ભાવાર્થ :–** પાપોનું ઉપાર્જન કરાવનાર **પાપશ્રુત** શાસ્ત્રોના ઓગણત્રીસ પ્રકાર છે, જેમ કે– (૧) ભૂમિ શાસ્ત્ર (૨) ઉત્પાત શાસ્ત્ર (૩) સ્વપ્ન શાસ્ત્ર (૪) અંતરિક્ષ શાસ્ત્ર (૫) અંગ શાસ્ત્ર (૬) સ્વર શાસ્ત્ર (૭) વ્યંજન શાસ્ત્ર (૮) લક્ષણ શાસ્ત્ર. ભૂમિશાસ્ત્રના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) સૂત્ર (૨) વૃત્તિ (૩) વાર્તિક. એવી રીતે પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ છે. [તે મળીને ૮×૩=૨૪ ભેદ થયા] (૨૫) વિકથાનુયોગ (૨૬) વિદ્યાનુયોગ (૨૭) મંત્રાનુયોગ (૨૮) યોગાનુયોગ (૨૯) અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ.

**વિવેચન :–**

૧. **ભૌમશ્રુત–** ભૂમિના વિકાર, ધરતીકંપ વગેરેના ફળનું વર્ણન કરનારું નિમિત્ત શાસ્ત્ર.

૨. **ઉત્પાતશ્રુત–** અકસ્માત, લોહીની વર્ષા વગેરે ઉત્પાતોના ફળ બતાવનારું નિમિત્તશાસ્ત્ર.

૩. **સ્વપ્ન શ્રુત–** શુભ અશુભ સ્વપ્નના ફળનું વર્ણન કરનારું શ્રુત.

૪. **અંતરિક્ષ શ્રુત–** આકાશમાં ફરતાં ગ્રહના યુદ્ધ, તારાનું ખરવું અને સૂર્યગ્રહણ થવું, વગેરે ગ્રહણ, ગ્રહોપરાગ વગેરેનું ફળ બતાવનારું શ્રુત.

૫. **અંગ શ્રુત–** શરીરના ન્યુનાધિક અંગોપાંગ, અને આંખો ફરકવી વગેરેના ફળ બતાવનાર શ્રુત.

૬. **સ્વરશ્રુત–** મનુષ્યો, પશુ–પક્ષીઓ અને લાકડાં, પત્થર વગેરેમાંથી નીકળતા અવાજના ફળને બતાવનાર શ્રુત.

૭. **વ્યંજન શ્રુત–** શરીર પરના તલ, મસા, વગેરેનું ફળ બતાવનાર શ્રુત.

૮. **લક્ષણ શ્રુત–** શરીર પરના ચક્ર, ખડ્ગ, શંખ વગેરેના રેખાચિહ્નોના ફળને બતાવનાર શ્રુત.

ભૌમશ્રુતના ત્રણ પ્રકાર છે, સૂત્ર, વૃત્તિ અને વાર્તિક. તેઓના મતાનુસાર સહસ્ર પદ પ્રમાણ રચનાને સૂત્ર, તે સૂત્રોનાં લાખ પદ પ્રમાણ વ્યાખ્યાને વૃત્તિ અને તે વૃત્તિનાં કરોડ પદ પ્રમાણ વ્યાખ્યાને વાર્તિક કહે છે. આ સૂત્ર, વૃત્તિ અને વાર્તિકના ભેદથી ઉપર બતાવેલા ભૂમિ, ઉત્પાત વગેરે આઠ પ્રકારના પાપ શ્રુતના ૮×૩ =૨૪ ચોવીસ ભેદ થાય છે.

૨૫. **વિકથાનુયોગ શ્રુત–** સ્ત્રી, ભોજન, પાણી, વગેરેની કથા કરનાર તથા અર્થ, કામ વગેરેની પ્રરૂપણા કરનાર પાકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કામશાસ્ત્ર વગેરે.

૨૬. **વિદ્યાનુયોગશ્રુત–** રોહિણી, પ્રજ્ઞપ્તિ,અંગુષ્ઠપ્રશ્ન વગેરે વિદ્યાઓ સાધવાના ઉપાય અને તેનો ઉપયોગ બતાવનાર શાસ્ત્ર.

૨૭. **મંત્રાનુયોગ શ્રુત–** લૌકિક પ્રયોજનને સિદ્ધ કરનારા અનેક પ્રકારના મંત્રોનાં સાધન બતાવનાર મંત્રશાસ્ત્ર.

૨૮. **યોગાનુયોગ શ્રુત–** સ્ત્રી, પુરુષ, આદિને વશમાં કરવા અંજન, ગુટિકા વગેરેના પ્રયોગ નિરૂપક શાસ્ત્ર.

૨૯. **અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગ–** કપિલ, બૌદ્ધ આદિ મતાવલંબીઓ દ્વારા રચિત શાસ્ત્ર.

ઉપર બતાવેલાં શાસ્ત્રને શીખવાથી અથવા સાંભળવાથી મનુષ્યનું મન ઈન્દ્રિયો તરફ આકર્ષિત થાય છે અને ભૌમ, સ્વપ્નકથન વગેરેનાં ફલાદિ બતાવનાર શાસ્ત્રોનાં શ્રવણ, પઠનથી મુમુક્ષુ સાધકને પોતાની સાધનાથી ચ્યુત થવાની સંભાવના હોવાથી મોક્ષના અભિલાષીઓ માટે ઉપરોક્ત શાસ્ત્રો પાપશ્રુત છે.

આ સમવાયમાં ૨૯ પાપશ્રુતનું વર્ણન છે. સ્થાનાંગ સૂત્રમાં ૯ પાપશ્રુત પ્રસંગ કહ્યા છે. મિથ્યાશાસ્ત્રની આરાધના પણ પાપનું નિમિત્ત બની શકે છે. શ્રુત પણ પાપબંધક બની શકે છે, તે સૂચિત કરવા અહીં **पापसुय पसंगे** – 'પાપશ્રુતપ્રસંગ' કહ્યું છે, પરંતુ જે સમ્યગ્દૃષ્ટિ છે, તેના માટે પાપશ્રુત પણ સમ્યક્શ્રુત બની જાય છે. શ્રી નંદીસૂત્રમાં કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને મિથ્યાશ્રુત પણ સમ્યગ્ રૂપે પરિણમે છે.

**૨ आसाढे णं मासे एगूणतीसराइंदिआइं राइंदियग्गेणं पण्णत्ता ।** *एवं चेव* **भद्दवए णं मासे, कत्तिए णं मासे, पोसे णं मासे, फग्गुणे णं मासे, वइसाहे णं मासे । चंददिणे णं एगूणतीसं मुहुत्ते सातिरेगे मुहुत्तग्गेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** રાત્રિ દિવસની ગણતરીની અપેક્ષાએ અષાઢ મહિનો ઓગણત્રીસ રાત્રિ–દિવસનો છે. એવી રીતે ભાદરવો મહિનો, કારતક મહિનો, પોષ મહિનો, ફાગણ મહિનો અને વૈશાખ મહિનો પણ

ઓગણત્રીસ ઓગણત્રીસ રાત્રિ દિવસનો છે. ચંદ્રદિવસ મુહૂર્તની અપેક્ષાએ સાધિક ઓગણત્રીસ મુહૂર્તનો છે.

**३ जीवे णं पसत्थज्झवसाणजुत्ते भविए समदिट्ठी तित्थरणामसहियाओ णामस्स कम्मस्स णियमा एगूणतीसं उत्तरपगडीओ णिबंधित्ता वेमाणिएसु देवेसु देवत्ताए उववज्जइ ।**

**ભાવાર્થ :–** પ્રશસ્ત અધ્યવસાયથી યુક્ત, સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવ તીર્થંકરનામ સહિત નામકર્મની ઓગણત્રીસ પ્રકૃતિઓને બાંધીને નિયમથી વૈમાનિક દેવોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

**४ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एगूणतीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहे सत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एगूणतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं एगूणतीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु देवाणं अत्थेगइयाणं एगूणतीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણત્રીસ પલ્યોપમની છે. અધસપ્તમ સાતમી નરકપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ઓગણત્રીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ઓગણત્રીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ ઓગણત્રીસ પલ્યોપમની છે.

**५ उवरिममज्झिमगेवेज्जयाणं देवाणं जहण्णेणं एगूणतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा उवरिमहेट्ठिमगेवेज्जयविमाणेसु देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं एगूणतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा एगूणतीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, णीससंति वा । तेसि णं देवाणं एगूणतीसं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** ઉપરિમ મધ્યમ (આઠમા) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ ઓગણત્રીસ સાગરોપમની છે. જે દેવ ઉપરિમ અધસ્તન (સાતમા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓગણત્રીસ સાગરોપમની છે. તે દેવ ઓગણત્રીસ અર્ધમાસે (સાડા ચૌદ મહિને) આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને ઓગણત્રીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**६ संतेगइया भवसिद्धिया जीवा जे एगूणतीसभवग्गहणेहिं सिज्झिस्संति**

**बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો ઓગણત્રીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, સર્વ કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૨૯ સંપૂર્ણ**

# ત્રીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં ત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા – મોહનીય કર્મ બંધના ત્રીસ સ્થાન, મંડિતપુત્ર સ્થવિરની ત્રીસ વર્ષની શ્રમણ પર્યાય, અહોરાત્રિનાં ત્રીસ મુહૂર્ત, ભગવાન અરનાથની ત્રીસ ધનુષની ઊંચાઈ, સહસ્રાર દેવલોકના ઈન્દ્રના ત્રીસ હજાર સામાનિક દેવો, ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીર સ્વામીનું ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થવાસમાં રહેવું, રત્નપ્રભા પૃથ્વીના ત્રીસ લાખ નરકાવાસ, નારકી અને દેવોની ત્રીસ પલ્યોપમ અને ત્રીસ સાગરોપમની સ્થિતિ તથા ત્રીસ ભવ કરી મોક્ષે જનારા જીવોનો ઉલ્લેખ છે.

**१** **तीसं मोहणीयठाणा पण्णत्ता, तं जहा–**

મોહનીય કર્મ બાંધવાનાં કારણભૂત ત્રીસ સ્થાન છે, જેમ કે–

**जे यावि तसे पाणे, वारिमज्झे विगाहिआ ।**
**उदएण क्कम्म मारेइ, महामोहं पकुव्वइ ।।१।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ત્રસ પ્રાણીઓને પાણીમાં ડુબાડીને, ધોધના ધસમસતા પ્રવાહમાં નાંખીને મારે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે. **આ પ્રથમ મહામોહ બંધસ્થાન છે.**

**सीसावेढेण जे केई, आवेढेइ अभिक्खणं ।**
**तिव्वासुभसमायारे, महामोहं पकुव्वइ ।।२।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ તીવ્ર અશુભ પરિણામોથી કોઈ પ્રાણીના માથા પર ભીનું ચામડું વીંટીને, અનેક આંટા દઈ ચામડું વીંટીને મારે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ બીજું મહામોહ બંધ સ્થાન છે.**

**पाणिणा संपिहित्ताणं, सोयमावरिय पाणिणं ।**
**अंतोणदंतं मारेइ, महामोहं पकुव्वइ ।।३।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ત્રસ પ્રાણીઓના મોઢું, નાક વગેરે શ્વાસ લેવાના દ્વારોને બંધ કરીને અર્થાત્ શ્વાસ રુંધીને, ગળું દબાવીને અને શ્વાસ રુંધાતા અંદર જ આર્તનાદ કરતાં પ્રાણીઓને મારે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે. **આ ત્રીજું મહામોહ બંધ સ્થાન છે.**

**जायतेयं समारब्भ, बहुं आरंभिया जणं ।**
**अंतोधूमेण मारेइ, महामोहं पकुव्वइ ।।४।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ અનેક પ્રાણીઓને એક ઘરમાં કે ભવનમાં બાંધીને કે પૂરીને અગ્નિ પ્રજ્વલિત કરી ધુમાડાથી ગુંગળાવીને મારે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ચોથું મહામોહ બંધસ્થાન છે.**

**सीसम्मि जे पहणइ, उत्तमंगम्मि चेयसा ।**
**विभज्ज मत्थयं फाले, महामोहं पकुव्वइ ।।५।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ કલુષિત ચિત્તથી(મારવાના કુવિચારથી) પ્રાણીના માથા પર શસ્ત્રથી પ્રહાર કરી, માથાને ફોડે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ પાંચમું મહામોહ બંધ સ્થાન છે.**

**पुणो पुणो पणिहिए, हणित्ता उवहसे जणं ।**
**फलेणं अदुवा दंडेणं, महामोहं पकुव्वइ ।।६।।**

**ભાવાર્થ :–** જે મલિન મનથી કોઈ વ્યક્તિને મારીને ઉપહાસ કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. કોઈ વ્યક્તિ ગાંડા-ભોળા આદિ મનુષ્યોને ઈરાદાપૂર્વક બીલા આદિ કઠોર ફળથી, દંડ આદિથી મારીને ઉપહાસ કરે છે, તે મહામોહનીય કર્મ બાંધે છે. **આ છઠ્ઠું મહામોહ બંધસ્થાન છે.**

**गूढायारी णिगूहिज्जा, मायं मायाए छायए ।**
**असच्चवाई णिण्हाई, महामोहं पकुव्वइ ।।७।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ છૂપી રીતે અનાચારનું સેવન કરીને, માયા-કપટ કરીને તેને છૂપાવે, અસત્ય બોલે અને સૂત્રોના યથાર્થ અર્થોને છૂપાવે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ સાતમું મહામોહબંધ સ્થાન છે.**

**धंसेइ जो अभूएणं, अकम्मं अत्तकम्मुणा ।**
**अदुवा तुमऽकासि त्ति, महामोहं पकुव्वइ ।।८।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ નિર્દોષ વ્યક્તિ પર ખોટા આક્ષેપો મૂકી કલંકિત કરે, પોતાના દુષ્કર્મોનું તેના પર આરોપણ કરે છે અથવા તેં જ આ કાર્ય કર્યું છે, આ રીતે દોષોનું આરોપણ કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ આઠમું મહામોહ બંધસ્થાન છે.**

**जाणमाणो परिसओ, सच्चामोसाणि भासइ ।**
**अक्खीणझंझे पुरिसे, महामोहं पकुव्वइ ।।९।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ભરી સભામાં જાણી જોઈને મિશ્રભાષા બોલે, અસત્ય ભાષણ દ્વારા કલહને ઉતેજિત કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ નવમું મહામોહ બંધસ્થાન છે.**

अणागयस्स णयवं, दारे तस्सेव धंसिया ।
विउलं विक्खोभइत्ताणं, किच्चा णं पडिबाहिरं ।।१०।।

उवगसंतं पि झंपित्ता, पडिलोमाहिं वग्गुहिं ।
भोगभोगे वियारेइ, महामोहं पकुव्वइ ।।११।।

**ભાવાર્થ :–** મંત્રીઓના વિશ્વાસે શાસન ચલાવનાર રાજાનો કુટિલ મંત્રી દરબારીઓમાં ફાટફૂટ પડાવી, ષડયંત્ર દ્વારા રાજાને રાજ્યભ્રષ્ટ કરી રાજ્ય પડાવી લે, રાણીઓના શીલને ખંડિત કરે, તેનો વિરોધ કરનારા સામંતોનો તિરસ્કાર કરી, તેઓના સુખભોગનો નાશ કરે, તે મહામોહનીય કર્મ બાંધે છે. **આ દસમું મહામોહબંધન સ્થાન છે.**

अकुमारभूए जे केई, कुमारभूए त्ति हं वए ।
इत्थीहिं गिद्धे वसए, महामोहं पकुव्वइ ।।१२।।

**ભાવાર્થ :–** જે વ્યક્તિ બાળબ્રહ્મચારી ન હોવા છતાં સ્વયંને બાળબ્રહ્મચારી કહેવડાવે અને ગુપ્ત રીતે સ્ત્રીનું સેવન કરે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ અગિયારમું મહામોહ બંધન સ્થાન છે.**

अबंभयारी जे केई, बंभयारि त्ति हं वए ।
गद्दहे व्व गवां मज्झे विस्सरं णयइ णदं ।।१३।।

अप्पणो अहिए बाले, मायामोसं बहुं भसे ।
इत्थीविसयगेहीए, महामोहं पकुव्वइ ।।१४।।

**ભાવાર્થ :–** બ્રહ્મચારી ન હોવા છતાં હું બ્રહ્મચારી છું, એ રીતે ખોટું બોલનારા, ગાયોની વચ્ચે ગધેડાની જેમ અયોગ્ય બકવાટ કરે છે, પોતાના આત્માનું અહિત કરનારા જે મૂર્ખ-માયાવી મહામૃષા બોલીને સ્ત્રીઓમાં આસક્ત રહે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ બારમું મહામોહ બંધસ્થાન છે.**

जं णिस्सए उव्वहइ, जससाहिगमेण वा ।
तस्स लुब्भइ वित्तम्मि, महामोहं पकुव्वइ ।।१५।।

**ભાવાર્થ :–** જે વ્યક્તિ જેના આશ્રયે આજીવિકા પ્રાપ્ત કરતા હોય, જેની સેવાથી સમૃદ્ધિ પ્રાપ્ત કરી હોય, તેના જ ધનનું અપહરણ કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ તેરમું મહામોહ બંધસ્થાન છે.**

ईसरेण अदुवा गामेणं, अणिसरे ईसरीकए ।
तस्ससंपय हीणस्स, सिरी अतुलमागया ।।१६।।

ईसादोसेण आविट्ठे, कलुसाविलचेयसे ।
जे अंतरायं चेएइ, महामोहं पकुव्वइ ।।१७।।

**ભાવાર્થ :–** ઐશ્વર્યશાળી કે ઋદ્ધિ સંપન્ન ગ્રામવાસીઓની મદદથી જે દીન, અનાથ, સંપત્તિવિહિન વ્યક્તિ અનુપમ સંપત્તિ પામી હોય, તે વ્યક્તિ ઈર્ષ્યાને વશ બનીને, કલુષિત ચિત્તથી તે ઉપકારીના લાભમાં અંતરાયભૂત બને છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ચૌદમું મહામોહ બંધસ્થાન છે.**

**सप्पी जहा अंडउडं, भत्तारं जो विहंसइ ।**
**सेणावइं पसत्थारं, महामोहं पकुव्वइ ।।१८।।**

**ભાવાર્થ :–** જેમ સર્પિણી પોતે જ પોતાના ઈંડાને ગળી જાય છે તેમ જે પોતાના સ્વામી(પાલક), સેનાપતિ (રક્ષક) અને શાસનકર્તા(કલાચાર્ય, ધર્માચાર્ય)ને મારી નાંખે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ પંદરમું મહામોહ બંધસ્થાન છે.**

**जे णायगं च रट्ठस्स, णेयारं णिगमस्स वा ।**
**सेट्ठिं बहुरवं हंता, महामोहं पकुव्वइ ।।१९।।**

**ભાવાર્થ :–** જે રાષ્ટ્રનાયકની, ગામના સ્વામીની તથા લોકપ્રિય વ્યક્તિની ઘાત કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ સોળમું મહામોહ બંધસ્થાન છે.**

**बहुजणस्स णेयारं, दीवं ताणं च पाणिणं ।**
**एयारिसं णरं हंता, महामोहं पकुव्वइ ।।२०।।**

**ભાવાર્થ :–** જે અનેક માણસોના નાયક, અનેક પ્રાણીઓ માટે સમુદ્રમાં દ્વીપ સમાન અર્થાત્ આપત્તિ-કાળમાં રક્ષા કરનારા, અંધકારમાં અથડાતા પ્રાણીઓ માટે દીપકની જેમ જ્ઞાન રૂપી પ્રકાશથી સન્માર્ગે લાવનારની ઘાત કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ સત્તરમું મહામોહ બંધસ્થાન છે.**

**उवट्ठियं पडिविरयं, संजयं सुतवस्सियं।**
**वुक्कम्म धम्माओ भंसेइ, महामोहं पकुव्वइ ।।२१।।**

**ભાવાર્થ :–** જે પાપથી નિવૃત્ત થયેલા દીક્ષાર્થી, સંયમી, સુતપસ્વી સાધુને ધર્મથી ભ્રષ્ટ કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ અઢારમું મહામોહ બંધસ્થાન છે.**

**तहेवाणंतणाणीणं, जिणाणं वरदंसिणं ।**
**तेसिं अवण्णवं बाले, महामोहं पकुव्वइ ।।२२।।**

**ભાવાર્થ :–** જે અનંત જ્ઞાની(કેવળજ્ઞાની), વરદર્શી(કેવળદર્શની) જિનેન્દ્રદેવના અવર્ણવાદ બોલે, નિંદા કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ઓગણીસમું મહામોહ બંધસ્થાન છે.**

**णेयाउयस्स मग्गस्स, दुट्ठे अवयरइ बहुं ।**
**तं तिप्पयंतो भावेइ, महामोहं पकुव्वइ ।।२३।।**

**ભાવાર્થ :–** જે દુષ્ટાત્મા અનેક ભવ્ય જીવોને ન્યાયમાર્ગ(સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રરૂપ મોક્ષ માર્ગ)થી ભ્રષ્ટ કરે છે, ન્યાય માર્ગની દ્વેષપૂર્વક નિંદા કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ વીસમું મહામોહ બંધસ્થાન છે.**

**आयरिय–उवज्झाएहिं, सुयं विणयं च गाहिए ।**
**ते चेव खिंसइ बाले, महामोहं पकुव्वइ ।।२४।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ આચાર્ય, ઉપાધ્યાય પાસેથી શ્રુત અને આચાર પ્રાપ્ત કર્યા હોય, તેની જ આજ્ઞાની અવહેલના(નિંદા) કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ એકવીસમું મહામોહ બંધસ્થાન છે.**

**आयरिय–उवज्झायाणं, सम्मं णो पडितप्पइ ।**
**अप्पडिपूयए थद्धे, महामोहं पकुव्वइ ।।२५।।**

**ભાવાર્થ :–** જે અભિમાની વ્યક્તિ આચાર્ય, ઉપાધ્યાયની સારી રીતે સેવા કરતા નથી, તેમનો આદર-સત્કાર કરતા નથી, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ બાવીસમું મહામોહ બંધસ્થાન છે.**

**अबहुस्सुए य जे केई, सुएणं पविकत्थइ ।**
**सज्झायवायं वयइ, महामोहं पकुव्वइ ।।२६।।**

**ભાવાર્થ :–** બહુશ્રુત ન હોવા છતાં જે વ્યક્તિ સ્વયંને બહુશ્રુત, સ્વાધ્યાયી, અને શાસ્ત્રોના રહસ્યોના જાણકાર કહે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ત્રેવીસમું બંધ સ્થાન છે.**

**अतवस्सीए य जे केई, तवेणं पविकत्थइ ।**
**सव्वलोयपरे तेणे, महामोहं पकुव्वइ ।।२७।।**

**ભાવાર્થ :–** તપસ્વી ન હોવા છતાં વ્યક્તિ સ્વયંને તપસ્વી કહે છે તે આ વિશ્વમાં સૌથી મોટો ચોર છે. આવી મિથ્યા આત્મશ્લાઘા કરનારા મહામોહનીયકર્મ બાંધે છે. **આ ચોવીસમું મહામોહ બંધ સ્થાન છે.**

**साहारणट्ठा जे केई, गिलाणम्मि उवट्ठिए ।**
**पभू ण कुणइ किच्चं, मज्झं पि से ण कुव्वइ ।।२८।।**

**सढे णियडीपण्णाणे, कलुसाउलचेयसे ।**
**अप्पणो य अबोही य, महामोहं पकुव्वइ ।।२९।।**

**ભાવાર્થ :–** અન્યની સેવા માટે પોતે સમર્થ હોવા છતાં જે વ્યક્તિ તેણે મારી સેવા કરી નથી અથવા

આ મારો પ્રત્યુપકાર(સેવા) શું કરવાનો ? તેમ સમજી, વિચારીને સાધારણાર્થી એટલે પોતાની નિર્જરા માટે, રોગીના હિત માટે, વૈયાવચ્ચરૂપ કર્તવ્યને કરતો નથી તે શઠ, માયામાં નિપુણ-માયાવી, કલુષિત પરિણામી, આત્માનું અહિત(અબોધિ) કરનાર, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ પચીસમું મહામોહ સ્થાન છે.**

**जे कहाहिगरणाइं, संपउंजे पुणो पुणो ।**
**सव्वतित्थाण भेयाणं, महामोहं पकुव्वइ ।।३०।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ ચતુર્વિધસંઘમાં ફાટફૂટ પડાવવા કલહના અનેક પ્રસંગો ઉપસ્થિત કરે છે, તે મહામોહ– નીયકર્મ બાંધે છે. **આ છવ્વીસમું મહામોહ બંધ સ્થાન છે.**

**जे य आहम्मिए जोए, संपउंजे पुणो पुणो ।**
**सहाहेउं सहीहेउं, महामोहं पकुव्वइ ।।३१।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ પોતાની પ્રશંસા માટે, સન્માન માટે, પ્રિયવ્યક્તિને ખુશ કરવા, મિત્રવર્ગ માટે અધાર્મિક યોગનો-પાપકારી પ્રવૃત્તિનો વારંવાર પ્રયોગ કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ સત્તાવીસમું મહામોહ બંધસ્થાન છે.**

**जे य माणुस्सए भोए, अदुवा पारलोइए ।**
**तेऽतिप्पयंतो आसयइ, महामोहं पकुव्वइ ।।३२।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ માનુષિક (મનુષ્ય સંબંધી) અને પારલૌકિક અર્થાત્ દૈવી ભોગોની અતૃપ્તિથી તેની વારંવાર તીવ્ર અભિલાષા કરે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ અઠ્યાવીસમું મહામોહ બંધસ્થાન છે.**

**इड्ढी जुई जसो वण्णो, देवाणं बल-वीरियं ।**
**तेसिं अवण्णवं बाले, महामोहं पकुव्वइ ।।३३।।**

**ભાવાર્થ :–** જે વ્યક્તિ, દેવોની ઋદ્ધિ, દ્યુતિ(શરીર, આભૂષણોની કાંતિ), યશ, વર્ણ(સૌંદર્ય) અને બલ-વીર્ય (દિવ્ય સામર્થ્ય)ના અવર્ણવાદ બોલે છે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ઓગણત્રીસમું મહામોહ બંધસ્થાન છે.**

**अपस्समाणो पस्सामि, देवे जक्खे य गुज्झगे ।**
**अण्णाणी जिणपूयट्ठी, महामोहं पकुव्वइ ।।३४।।**

**ભાવાર્થ :–** જે અજ્ઞાની વ્યક્તિ, જિન ભગવાનની જેમ મારો પણ આદર-સત્કાર થાય, તેવી ઈચ્છાને વશ બનીને દેવ, યક્ષ અને અસુરોને ન જોવા છતાં હું તે બધાને જોઉં છું, તેવું મિથ્યાભાષણ કરે, તે મહામોહનીયકર્મ બાંધે છે. **આ ત્રીસમું બંધસ્થાન છે.**

**२ थेरे णं मंडियपुत्ते तीसं वासाइं सामण्णपरियायं पाउणित्ता सिद्धे बुद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** સ્થવિર મંડિત પુત્ર ત્રીસ વર્ષની દીક્ષા પર્યાય પાળીને સિદ્ધ થયા, બુદ્ધ થયા, ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

**३ एगमेगे णं अहोरत्ते तीसमुहुत्ते मुहुत्तग्गेणं पण्णत्ते । एएसिं णं तीसाए महुत्ताणं तीसं णामधेज्जा पण्णत्ता, तं जहा– रोद्दे सत्ते मित्ते वाऊ सुपीए अभिचंदे माहिंदे पलंबे बंभे सच्चे आणंदे विजए विस्ससेणे पायावच्चे उवसमे १५, ईसाणे तट्ठे भाविअप्पा वेसमणे वरुणे सतरिसभे गंधव्वे अग्गिवेसायणे आतवे आवत्ते २५, तट्ठवे भूमहे रिसभे सव्वट्ठसिद्धे रक्खसे ।**

**ભાવાર્થ :–** મુહૂર્ત ગણનાની અપેક્ષાએ એકેક અહોરાત્રિ(દિવસ–રાત્રિ)ના ત્રીસ મુહૂર્ત છે. આ ત્રીસ મુહૂર્તનાં ત્રીસ નામ છે. (૧) રૌદ્ર (૨) શક્ત (૩) મિત્ર (૪) વાયુ (૫) સુપીત (૬) અભિચંદ્ર (૭) માહેન્દ્ર (૮) પ્રલમ્બ (૯) બ્રહ્મ (૧૦) સત્ય (૧૧) આનંદ (૧૨) વિજય (૧૩) વિશ્વસેન (૧૪) પ્રાજાપત્ય (૧૫) ઉપશમ (૧૬) ઈશાન (૧૭) તષ્ટ (૧૮) ભાવિતાત્મા (૧૯) વૈશ્રવણ (૨૦) વરુણ (૨૧) શતઋષભ (૨૨) ગાંધર્વ (૨૩) અગ્નિ વૈશાયન (૨૪) આતપ (૨૫) આવર્ત (૨૬) તષ્ટવાન (૨૭) ભૂમહ (મહાન) (૨૮) ઋષભ (૨૯) સર્વાર્થસિદ્ધ (૩૦) રાક્ષસ.

**વિવેચન :–**

આ મુહૂર્તની ગણના સૂર્યોદયથી ક્રમશઃ થાય છે. તેના મધ્યવર્તી, ૧૩ વિશ્વસેનથી ૧૮ ભાવિતાત્મા પર્યંતના છ મુહૂર્ત ક્યારેક દિવસમાં અંતર્ભૂત થાય છે, અને ક્યારેક રાત્રિમાં અંતર્ભૂત છે, જ્યારે અઢાર મુહૂર્તનો દિવસ હોય છે, ત્યારે તે દિવસમાં ગણાય છે અને જ્યારે અઢાર મુહૂર્ત રાત્રિની હોય છે ત્યારે તે રાત્રિમાં ગણાય છે.

**४ अरे णं अरहा तीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** અઢારમા અરનાથ અરિહંત ત્રીસ ધનુષ ઊંચા હતા.

**५ सहस्सारस्स णं देविंदस्स देवरण्णो तीसं सामाणिय साहस्सीओ पण्णत्ताओ।**

**ભાવાર્થ :–** સહસ્રાર દેવેન્દ્ર દેવરાજના ત્રીસ હજાર સામાનિક દેવ છે.

**૬** **पासे णं अरहा तीसं वासाइं अगारवासमज्झे वसित्ता अगाराओ अणगारियं पव्वइए । समणे णं भगवं महावीरे तीसं वासाइं अगारवासमज्झे वसित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ :–** પાર્શ્વનાથ અર્હત્ ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થવાસમાં રહીને પછી ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગારધર્મમાં પ્રવ્રજિત થયા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થવાસમાં રહીને પછી ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગારધર્મમાં પ્રવ્રજિત થયા.

**૭** **रयणप्पभाए णं पुढवीए तीसं णिरयावासयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નરકાવાસ છે.

**૮** **इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं तीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ત્રીસ પલ્યોપમની છે. અધસપ્તમ સાતમી નરક પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ ત્રીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ ત્રીસ પલ્યોપમની છે.

**૯** **उवरिमउवरिम गेवेज्जयाणं देवाणं जहण्णेणं तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा उवरिममज्झिम गेवेज्जएसु विमाणेसु देवत्ताए उववण्णा तेसि णं देवाणं उक्कोसेणं तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा तीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा । तेसिं णं देवाणं तीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** ઉપરિમ ઉપરિમ (નવમા) ગ્રૈવેયક દેવોની જઘન્ય સ્થિતિ ત્રીસ સાગરોપમની છે, જે દેવ ઉપરિમ મધ્યમ (આઠમા) ગ્રૈવેયક વિમાનોમાં દેવરૂપેથી ઉત્પન્ન થાય છે, તે દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ સાગરોપમની છે. તે દેવ ત્રીસ અર્ધમાસે એટલે પંદર મહિને આન–પ્રાણ, ઉચ્છ્‌વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને ત્રીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૧૦** **संतेगइया भवसिद्धिया जीवा जे तीसाए भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો ત્રીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરિનિર્વાણને પ્રાપ્ત થશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

## સમવાય–૩૦ સંપૂર્ણ

# એકત્રીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં એકત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા – સિદ્ધત્વ પર્યાયને પ્રાપ્ત આત્માના એકત્રીસ ગુણ, મંદર પર્વત, અભિવર્દ્ધિત માસ અને સૂર્યમાસના રાત્રિ–દિવસની પરિગણના, નારકી અને દેવોની એકત્રીસ પલ્યોપમ અને સાગરોપમની સ્થિતિનું વર્ણન તથા એકત્રીસ ભવ કરી મોક્ષે જનારા જીવોનો ઉલ્લેખ છે.

**१ एक्कतीसं सिद्धाइगुणा पण्णत्ता, तं जहा– १. खीणे आभिणिबोहिय णाणावरणे २. खीणे सुयणाणावरणे ३. खीणेओहिणाणावरणे ४.खीणे मणपज्जवणाणावरणे ५. खीणे केवलणाणावरणे ६. खीणे चक्खुदंसणावरणे ७. खीणे अचक्खुदंसणावरणे ८. खीणे ओहिदंसणावरणे ९. खीणे केवलदंसणावरणे १०. खीणे णिद्दा ११. खीणे णिद्दाणिद्दा १२. खीणे पयला १३. खीणे पयलापयला १४. खीणे थीणद्धी १५. खीणे सायावेयणिज्जे १६. खीणे असायावेयणिज्जे १७. खीणे दंसणमोहणिज्जे १८. खीणे चरित्तमोहणिज्जे १९. खीणे णेरइयाउए २०. खीणे तिरियाउए २१. खीणे मणुस्साउए २२. खीणे देवाउए २३. खीणे उच्चगोए २४. खीणे णीयागोए २५. खीणे सुभणामे २६. खीणे असुभणामे २७.खीणे दाणंतराए २८. खीणे लाभंतराए २९. खीणे भोगंतराए ३०. खीणे उवभोगंतराए ३१. खीणे वीरियंतराए ।**

**ભાવાર્થ :–** સિદ્ધોના આદિગુણ અર્થાત્ સિદ્ધત્વ પર્યાય પ્રાપ્ત કરવાના પ્રથમ સમયથી પ્રાપ્ત ગુણો એકત્રીસ છે, જેમ કે – ૧. ક્ષીણ આભિનિબોધિક જ્ઞાનાવરણ ૨. ક્ષીણ શ્રુતજ્ઞાનાવરણ ૩. ક્ષીણ અવધિજ્ઞાનાવરણ ૪. ક્ષીણ મનઃપર્યવજ્ઞાનાવરણ ૫. ક્ષીણ કેવલજ્ઞાનાવરણ ૬. ક્ષીણ ચક્ષુદર્શનાવરણ ૭.ક્ષીણ અચક્ષુ દર્શનાવરણ ૮. ક્ષીણ અવધિદર્શનાવરણ ૯. ક્ષીણ કેવલદર્શનાવરણ ૧૦. ક્ષીણ નિદ્રા ૧૧. ક્ષીણ નિદ્રા– નિદ્રા ૧૨. ક્ષીણ પ્રચલા ૧૩. ક્ષીણ પ્રચલા–પ્રચલા ૧૪. ક્ષીણ સ્ત્યાનર્દ્ધિ ૧૫. ક્ષીણ શાતાવેદનીય ૧૬. ક્ષીણ અશાતાવેદનીય ૧૭. ક્ષીણ દર્શનમોહનીય ૧૮. ક્ષીણ ચારિત્રમોહનીય ૧૯. ક્ષીણ નરકાયુ ૨૦. ક્ષીણ તિર્યંચાયુ ૨૧. ક્ષીણ મનુષ્યાયુ ૨૨. ક્ષીણ દેવાયુ ૨૩. ક્ષીણ ઉચ્ચગોત્ર ૨૪. ક્ષીણ નીચગોત્ર ૨૫. ક્ષીણ શુભનામ ૨૬. ક્ષીણ અશુભનામ ૨૭. ક્ષીણ દાનાંતરાય ૨૮. ક્ષીણ લાભાંતરાય ૨૯. ક્ષીણ ભોગાંતરાય ૩૦. ક્ષીણ ઉપભોગાંતરાય ૩૧. ક્ષીણ વીર્યાંતરાય.

## વિવેચન :–

અહીં ક્ષીણ શબ્દનો અર્થ જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ક્ષય થવો, તે તે કર્મોથી રહિત કે મુક્ત થવું. આ બધા કર્મોથી કે કર્મ પ્રકૃતિઓથી મુક્ત થવું એ જ સિદ્ધોના ગુણ છે.

**सिद्धाइ गुणेहिं– आदौ गुणा आदिगुणाः सिद्धस्यादिगुणाः ।** જે ગુણ પ્રારંભથી જ હોય, તે આદિગુણ કહેવાય છે. જીવ આઠ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને સિદ્ધ થાય, ત્યારે જ સિદ્ધ ભગવંતોને આ ૩૧ ગુણો પ્રગટ થાય છે. સિદ્ધ અવસ્થા, તે પૂર્ણાવસ્થા છે, તેમાં ક્રમિક વિકાસ નથી તેથી સિદ્ધોમાં તે ગુણો ક્રમિક પ્રગટ થતાં નથી, પરંતુ સિદ્ધ થવાના સમયે એક સાથે અનંત ગુણો પ્રગટ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં આઠ કર્મપ્રકૃતિની ૩૧ ઉત્તર પ્રકૃતિના ક્ષયથી પ્રગટ થતાં ૩૧ ગુણોની વિવક્ષાથી ૩૧ ગુણોનું કથન છે. આચાર્ય શ્રી શાંતિસૂરિજીએ **सिद्धाइगुण**નો સંધિવિગ્રહ **सिद्धऽतिगुण** કરીને અતિગુણ– ઉત્કૃષ્ટ, અસાધારણ ગુણ અર્થ કર્યો છે.

શ્રી આચારાંગ સૂત્રમાં અન્ય પ્રકારે ૩૧ દોષોના ક્ષયથી પ્રગટ થતાં ૩૧ ગુણોનું કથન છે. પાંચ સંસ્થાન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, ત્રણ વેદ, શરીર, આસક્તિ અને પુનર્જન્મ, ૫ + ૫ + ૨ + ૫ + ૮ + ૩ + ૧ + ૧ + ૧ = ૩૧ દોષોના ક્ષયથી ૩૧ ગુણ પ્રગટ થાય છે.

**२ मंदरे णं पव्वए धरणितले एक्कतीसं जोयणसहस्साइं छच्चेव तेवीसे जोयणसए किंचि देसूणे परिक्खेवेणं पण्णत्ते । जया णं सूरिए सव्वबाहिरियं मंडलं उवसंकमित्ता चारं चरइ, तया णं इहगयस्स मणुस्सस्स एक्कतीसाए जोयणसहस्सेहिं अट्ठहि य एक्कतीसेहिं जोयणसएहिं तीसाए सट्ठिभागे जोयणस्स सूरिए चक्खुप्फासं हव्वमागच्छइ । अभिवड्ढिए णं मासे एक्कतीसं सातिरेगाइं राइंदियाइं राइंदियग्गेण पण्णत्ते । आइच्चे णं मासे एक्कतीसं राइंदियाइं किंचि विसेसूणाइं राइंदियग्गेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** મંદર પર્વતની ધરતીતલ પર કિંચિત્ન્યૂન એકત્રીસ હજાર છસો ત્રેવીસ(૩૧,૬૨૩)યોજનની પરિધિ છે. જ્યારે સૂર્ય સર્વ બાહય મંડલમાં આવીને સંચાર કરે છે ત્યારે આ ભરત ક્ષેત્રગત મનુષ્યને એકત્રીસ હજાર આઠસો એકત્રીસ યોજન અને એક યોજનના સાઈઠમાં ભાગમાંથી ત્રીસ ભાગ (૩૧૮૩૧–૩૦/૬૦ યોજન) દૂરથી દષ્ટિગોચર થાય છે. રાત્રિ દિવસની ગણનાની અપેક્ષાએ અભિવર્ધિત માસ સાધિક એકત્રીસ રાત્રિદિવસનો છે અને સૂર્યમાસ કિંચિત્ન્યૂન એકત્રીસ રાત્રિદિવસ છે.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एक्कतीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहे सत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं एक्कतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं**

**एक्कतीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु अत्थेगइयाणं देवाणं एक्कतीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા નરકપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ એકત્રીસ પલ્યોપમની છે. અધસપ્તમ સાતમી નરકપૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ એકત્રીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ એકત્રીસ પલ્યોપમની છે. સૌધર્મ–ઈશાન કલ્પોના કેટલાક દેવોની સ્થિતિ એકત્રીસ પલ્યોપમની છે.

**૪ विजय–वेजयंत–जयंत–अपराजिआणं देवाणं जहण्णेणं एक्कतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा उवरिम–उवरिम गेवेज्जयविमाणेसु देवत्ताए उववण्णा, तेसि णं देवाणं उक्कोसेणं एक्कतीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा एक्कतीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा । तेसि णं देवाणं एक्कतीसं वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ ।**

**ભાવાર્થ :–** વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના અનુત્તરવિમાનવાસી દેવોની જઘન્ય સ્થિતિ એકત્રીસ સાગરોપમની છે. જે દેવ ઉપરિમ ઉપરિમ(નવમા) ગ્રૈવેયક વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તેની ઉત્કૃષ્ટ સ્થિતિ એકત્રીસ સાગરોપમની છે. તે દેવો એકત્રીસ અર્ધમાસે એટલે સાડાપંદર મહિને આન–પ્રાણ, ઉચ્છ્વાસ લે છે, નિઃશ્વાસ મૂકે છે, તે દેવોને એકત્રીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**૫ संतेगइया भवसिद्धया जीवा जे एक्कतीसेहिं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો એકત્રીસ ભવ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૩૧ સંપૂર્ણ**

# બત્રીસમું સમવાય

**પરિચય :–**

આ સમવાયમાં બત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા – બત્રીસ યોગસંગ્રહ, બત્રીસ દેવેન્દ્ર, કુંથુનાથ અરિહંતના બત્રીસસો બત્રીસ(૩ર૩ર) કેવળી, સૌધર્મ કલ્પમાં બત્રીસ લાખ વિમાન, રેવતી નક્ષત્રના બત્રીસ તારા, બત્રીસ પ્રકારની નાટ્યવિધિ, નારકી અને દેવોની બત્રીસ પલ્યોપમ અને બત્રીસ સાગરોપમની સ્થિતિ તથા બત્રીસ ભવ કરીને મોક્ષ જનારા જીવોનો ઉલ્લેખ છે.

**१** बत्तीसं जोगसंगहा पण्णत्ता, तं जहा–

आलोयण णिरवलावे, आवईसु दढधम्मया ।
अणिस्सिओवहाणे य, सिक्खा णिप्पडिकम्मया ।।१।।

अण्णायया अलोभे य, तितिक्खा अज्जवे सुई ।
सम्मदिट्ठी समाही य, आयारे विणओवए ।।२।।

धिइमई य संवेगे, पणिहि सुविहि संवरे ।
अत्तदोसोवसंहारे, सव्वकामविरत्तया ।।३।।

पच्चक्खाणे विउस्सगे, अप्पमादे लवावते ।
झाणसंवरजोगे य, उदए मारणंतिए ।।४।।

संगाणं च परिण्णाया, पायच्छित्त करणे वि य ।
आराहणा य मरणंते, बत्तीसं जोगसंगहा ।।५।।

**ભાવાર્થ :–** બત્રીસ **યોગસંગ્રહ** છે, તે આ પ્રમાણે છે–

૧. **આલોચના :** વ્રત–શુદ્ધિને માટે શિષ્ય પોતાને લાગેલા દોષોની ગુરુ પાસે આલોચના કરે. **૨. નિરપલાપ:** શિષ્યે કહેલા દોષો આચાર્ય કોઈને ન કહે. **૩. આપત્સુ દઢધર્મ :** આપત્તિના સમયે સાધક પોતાના ધર્મમાં દઢ રહે. **૪. અનિશ્રિતોપધાન :** આશ્રય વિના, અપેક્ષા વિના તપશ્ચરણ કરે. **૫. શિક્ષા :** સૂત્ર અને અર્થનું પઠન–પાઠન તેમજ અભ્યાસ કરે. **૬. નિસ્પ્રતિકર્મ :** શરીરની સજાવટ, શૃંગાર વગેરે ન કરે. **૭. અજ્ઞાતતા :** યશ, ખ્યાતિ, પૂજાદિ વગેરે માટે પોતાનું તપ પ્રગટ ન કરે – અજ્ઞાત રાખે. **૮. અલોભતા:**

ભક્ત, પાન અને વસ્ત્ર, પાત્ર વગેરેમાં નિર્લોભ પ્રવૃત્તિ કરે. **૯. તિતિક્ષા :** ભૂખ, તરસ વગેરે પરીષહોને સહન કરે. **૧૦. આર્જવ :** પોતાનો વ્યવહાર નિશ્છલ તથા સરળ રાખે. **૧૧. શુચિ :** સત્ય બોલે અને સંયમ પાળવામાં શુદ્ધિ રાખે. ભાવોની, હૃદયની પવિત્રતા રાખે. **૧૨. સમ્યગ્દષ્ટિ :** સમ્યગ્દર્શનને શંકા વગેરે દોષોથી દૂર કરીને શુદ્ધ રાખે. **૧૩. સમાધિ :** ચિત્તને સંકલ્પ–વિકલ્પથી રહિત, શાંત રાખે. **૧૪. આચારોપગત :** પોતાના આચરણને માયાચારથી રહિત રાખે, આચારનિષ્ઠ રહે. **૧૫. વિનયોપગતઃ** વિનય યુક્ત રહે, અભિમાન ન કરે. **૧૬. ધૃતિમતિ :** પોતાની બુદ્ધિમાં ધૈર્ય રાખે, દીનતા ન કરે. **૧૭. સંવેગ :** સંસારથી ભયભીત રહે અને નિરંતર મોક્ષની અભિલાષા કરે. **૧૮. પ્રણિધિ :** હૃદયમાં માયા શલ્ય ન રાખે, એકાગ્ર ચિત્ત રહે. **૧૯. સુવિધિ :** પોતાના ચારિત્રનું વિધિપૂર્વક સમ્યક્ પાલન કરે. **૨૦. સંવર :** કર્મ આવવાના દ્વારનો સંવર–નિરોધ કરે. **૨૧. આત્મદોષોપસંહાર :** પોતાના દોષોને રોકે અર્થાત્ દોષ ન લાગવા દે. **૨૨. સર્વકામ વિરક્તતા :** સર્વ વિષયોથી વિરક્ત રહે. **૨૩. મૂલગુણ પ્રત્યાખ્યાનઃ** અહિંસાદિ મૂળ ગુણ વિષયક પ્રત્યાખ્યાન કરે અથવા તેના દોષોનો ત્યાગ કરે, તેનાથી દૂર રહે. **૨૪. ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :** ઈન્દ્રિય નિરોધ આદિ ઉત્તરગુણ વિષયક પ્રત્યાખ્યાન કરે અથવા તેના દોષોનો ત્યાગ કરે. **૨૫. વ્યુત્સર્ગ :** વસ્ત્રપાત્ર આદિ બહારની ઉપધિ અને મૂર્ચ્છા આદિ આભ્યન્તર ઉપધિનો પરિત્યાગ કરે. **૨૬. અપ્રમાદ :** પોતાના દેવસિક અને રાત્રિક આવશ્યક ક્રિયાના પાલનમાં અથવા આલોચનામાં પ્રમાદ ન કરે. **૨૭. લવાલવ :** પ્રતિક્ષણ પોતાની સમાચારીના પાલનમાં સાવધાન રહે. **૨૮. ધ્યાન સંવરયોગ :** ધ્યાન–યોગ દ્વારા આત્માને સંવરિત કરે અર્થાત્ ધ્યાનના માધ્યમથી સંવરની વૃદ્ધિ કરે. **૨૯. મારણાન્તિક :** મારણાન્તિક કર્મો આવે છતાં ક્ષોભ ન કરે, મનમાં શાંતિ રાખે. **૩૦. સંગ પરિજ્ઞા :** સંગ–પરિગ્રહની પરિજ્ઞા કરે અર્થાત્ તેના સ્વરૂપને જાણીને ત્યાગ કરે. **૩૧. પ્રાયશ્ચિત્તકરણઃ** પોતાના દોષોની શુદ્ધિ માટે નિત્ય પ્રાયશ્ચિત્ત કરે. **૩૨. મારણાન્તિક આરાધના :** મરણ સમયે સંલેખનાપૂર્વક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની વિશિષ્ટ આરાધના કરે.

**૨ बत्तीसं देविंदा पण्णत्ता, तं जहा–चमरे बली धरणे भूयाणंदे** *जाव* **घोसे महाघोसे, चंदे सूरे सक्के ईसाणे सणंकुमारे** जाव **पाणए अच्चुए ।**

**ભાવાર્થ :–** બત્રીસ દેવેન્દ્રો છે, જેમ કે– ચમર,બલી, ધરણ, ભૂતાનન્દ, ***યાવત્*** (વેણુદેવ, વેણુદાલી, હરિકાન્ત, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાણવ, પૂર્ણ, વશિષ્ઠ, જલકાન્ત, જલપ્રભ, અમિતગતિ, અમિતવાહન, વેલંબ, પ્રભંજન) ઘોષ, મહાઘોષ, ચંદ્ર,સૂર્ય, શક્ર, ઈશાન, સનત્કુમાર ***યાવત્*** (માહેન્દ્ર, બ્રહ્મ,લાન્તક, શુક્ર, સહસ્રાર) પ્રાણત, અચ્યુત.

## વિવેચન :–

ભવનવાસી દેવોના દશ નિકાય છે અને પ્રત્યેક નિકાયને બે–બે ઈન્દ્ર છે, એટલે ચમર,બલી, આદિથી લઈને ઘોષ અને મહાઘોષ સુધીના ભવનવાસી દેવોના વીસ ઈન્દ્ર છે. જ્યોતિષી દેવોના ચંદ્ર અને

સૂર્ય એમ બે ઈન્દ્ર છે. બાકીના શક્ર આદિ દશ ઈન્દ્ર વૈમાનિક જાતિના છે. વ્યંતર દેવોના આઠ નિકાયના સોળ ઈન્દ્ર અપેક્ષાએ ઓછી ૠદ્ધિ વાળા હોવાથી અને આ બત્રીસમું સમવાય હોવાથી બત્રીસની સંખ્યા લેવા માટે અહીં તેઓની ગણના કરી નથી.

**३ कुंथुस्स णं अरहाओ बत्तीसहिआ बत्तीसं जिणसया होत्था ।**

**भावार्थ :–** કુંથુ અર્હતના બત્રીસસો બત્રીસ (૩૨૩૨) કેવળી જિન હતા.

**४ सोहम्मे कप्पे बत्तीसं विमाणावास सयसहस्सा पण्णत्ता । रेवइक्खत्ते बत्तीस इतारे पण्णत्ते । बत्तीसइविहे णट्टे पण्णत्ते ।**

**भावार्थ :–** સૌધર્મકલ્પમાં બત્રીસ લાખ વિમાનવાસ છે. રેવતી નક્ષત્રના બત્રીસ તારા છે, બત્રીસ પ્રકારનાં નૃત્ય નાટક છે.

**५ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं बत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहे सत्तमाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं बत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं देवाणं अत्थेगइयाणं बत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु कप्पेसु देवाणं अत्थेगइयाणं बत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**भावार्थ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ બત્રીસ પલ્યોપમની છે. અધસપ્તમ સાતમી નરક પૃથ્વીના કેટલાક નારકીઓની બત્રીસ સાગરોપમની સ્થિતિ છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ બત્રીસ પલ્યોપમની છે. સૌધર્મ, ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ બત્રીસ પલ્યોપમની છે.

**६ जे देवा विजय–वेजयंत–जयंत–अपराजियविमाणेसु देवत्ताए उववण्णा तेसि णं देवाणं अत्थेगइयाणं बत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा बत्तीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा । तेसि णं देवाणं बत्तीस वाससहस्सेहिं आहारट्ठे समुपज्जइ ।**

**भावार्थ :–** જે દેવ વિજય, વેજયંત, જયંત, અપરાજિત વિમાનોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તેમાંથી કેટલાક દેવોની સ્થિતિ બત્રીસ સાગરોપમની છે. તે દેવ બત્રીસ અર્ધમાસે(સોળમાસે)આન–પ્રાણ, શ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને બત્રીસ હજાર વર્ષ પછી આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે.

**७ संतेगइया भवसिद्धिया जीवा जे बत्तीसाए भवग्गहणेहिं सिज्झिस्संति**

**बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્યસિદ્ધિક જીવો બત્રીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, સર્વ કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**સમવાય–૩૨ સંપૂર્ણ**

# • તેત્રીસમું સમવાય •

**પરિચય :–**

આ સમવાયમાં તેત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા – તેત્રીસ આશાતનાઓ, અસુરેન્દ્રની રાજધાનીમાં દ્વારોની બંને બાજુ તેત્રીસ તેત્રીસ વિશિષ્ટ ભવન, તથા દેવો અને નારકીઓની તેત્રીસ પલ્યોપમ તથા સાગરોપમની સ્થિતિ અને તેત્રીસ ભવ કરી મોક્ષે જનારા જીવોનું વર્ણન કરેલ છે.

**१** **तेत्तीसं आसायणाओ पण्णत्ताओ, तं जहा–**

**१. सेहे राइणियस्स आसण्णं गंता भवइ, आसायणा सेहस्स । २. सेहे राइणियस्स पुरओ गंता भवइ, आसायणा सेहस्स । ३. सेहे राइणियस्स सपक्खं गंता भवइ, आसायणा सेहस्स । ४. सेहे राइणियस्स आसण्णं ठिच्चा भवइ, आसायणा सेहस्स । ५. सेहे रायणियस्स पुरओ ठिच्चा भवइ, आसायणा सेहस्स । ६. सेहे रायणियस्स सपक्खं ठिच्चा भवइ, आसायणा सेहस्स । ७. सेरे रायणियस्स आसण्णं णिसीईत्ता भवइ, आसायणा सेहस्स। ८. सेहे रायणियस्स पुरओ णिसीइत्ता भवइ, आसायणा सेहस्स । ९. सेहे रायणियस्स सपक्खं णिसीइत्ता भवइ, आसायणा सेहस्स ।**

**१०. सेहे रायणियस्स सद्धिं बहिया वियारभूमिं णिक्खंते समाणे पुव्वामेव सेहतराए आगच्छइ पच्छा रायणिए, आसायणा सेहस्स । ११. सेहे रायणिए सद्धिं बहिया वियारभूमिं वा विहारभूमिं वा णिक्खंते समाणे तत्थ पुव्वामेव सेहतराए आलोएइ पच्छा रायणिए, आसायणा सेहस्स । १२. सेहे रायणियस्स राओ वा वियाले वा वाहरमाणस्स अज्जो ! के सुत्ते? के जागरे? तत्थ सेहे जागरमाणे रायणियस्स अपडिसुणेत्ता भवइ, आसायणा सेहस्स ।१३. केइ रायणियस्स पुव्वं संलवित्तए सिया, तं सेहे पुव्वतरागं आलवेइ पच्छा रायणिए, आसायणा सेहस्स ।**

**१४. सेहे असणं वा पाणं वा खाइंम वा साइमं वा पडिगाहेत्ता तं पुव्वमेव सेहतरागस्स आलोएइ, पच्छा रायणियस्स, आसायणा सेहस्स । १५. सेहे असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिगाहेत्ता तं पुव्वमेव**

सेहतरागस्स उवदंसेति, पच्छा रायणियस्स, आसायणा सेहस्स । १६. सेहे असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिगाहेत्ता तं पुव्वामेव सेहतरागं उवणिमंतेइ, पच्छा रायणियं, आसायणा सेहस्स । १७. सेहे रायणिएण सद्धिं असणं वा पाणं वा खाइमं साइमं वा पडिगाहेत्ता तं रायणियं अणापुच्छित्ता जस्स-जस्स इच्छइ तस्स-तस्स खद्धं-खद्धं दलयइ, आसायणा सेहस्स । १८. सेहे असणं वा पाणं वा खाइमं वा साइमं वा पडिगाहेत्ता रायणिएण सद्धिं आहरेमाणे तत्थ सेहे खद्धं-खद्धं, डायं-डायं, ऊसढं- ऊसढं, रसियं-रसियं, मणुण्णं-मणुण्णं, मणामं-मणामं, णिद्धं-णिद्धं, लुक्खं-लुक्खं आहरेत्ता भवइ, आसायणा सेहस्स ।

१९. सेहे रायणियस्स वाहरमाणस्स अपडिसुणेत्ता भवइ, आसायणा सेहस्स। २०. सेहे रायणियस्स खद्धं- खद्धं वत्ता भवइ, आसायणा सेहस्स। २१. सेहे रायणियस्स 'किं' ति वइत्ता भवइ, आसायणा सेहस्स । २२. सेहे रायणियं 'तुमं' ति वत्ता भवइ, आसायणा सेहस्स । २३. सेहे रायणियं तज्जाएण-तज्जाएण पडिभणित्ता भवइ, आसायणा सेहस्स ।

२४. सेहे रायणियस्स कहं कहेमाणस्स 'इति एवं' ति वत्ता ण भवइ, आसायणा सेहस्स। २५. सेहे रायणियस्स कहं कहेमाणस्स 'णो सुमरसी' ति वत्ता भवति, आसायणा सेहस्स । २६. सेहे रायणियस्स कहं कहेमाणस्स कहं अच्छिंदित्ता भवइ, असायणा सेहस्स। २७. सेहे रायणियस्स कहं कहेमाणस्स परिसं भेत्ता भवइ, आसायणा सेहस्स । २८. सेहे रायणियस्स कहं कहेमाणस्स तीसे परिसाए अणुट्ठियाए अभिण्णाए अवुच्छिण्णाए अव्वोगडाए दोच्चं पि तमेव कहं कहित्ता भवइ, आसायणा सेहस्स । २९. सेहे रायणियस्स सेज्जा-संथारगं पाएणं संघट्टित्ता, हत्थेणं अणणुण्णवित्ता गच्छइ, आसायणा सेहस्स । ३०. सेहे रायणियस्स सेज्जा-संथारए चिट्ठित्ता वा णिसीइत्ता वा तुयट्टित्ता वा भवइ, आसायणा सेहस्स ।

३१. सेहे रायणियस्स उच्चासणे चिट्ठित्ता वा णिसीइत्ता वा तुयट्टित्ता वा भवइ, आसायणा सेहस्स । ३२. सेहे रायणियस्स समासणे चिट्ठित्ता वा णिसीइत्ता वा तुयट्टित्ता वा भवइ, आसायणा सेहस्स । ३३. सेहे राइणियस्स आलवमाणस्स तत्थगए चेव पडिसुणित्ता भवइ, आसायणा सेहस्स ।

**ભાવાર્થ :–** ગુરુકે રત્નાધિકોની આશાતના તેત્રીસ પ્રકારની છે, જેમ કે–

(૧) શૈક્ષ, રત્નાધિક સાધુની અતિ નજીક(રત્નાધિકની પાછળ સ્પર્શ થાય તેમ લગોલગ) ચાલે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨) શૈક્ષ, રત્નાધિકો સાધુની આગળ ચાલે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૩) શૈક્ષ, રત્નાધિક સાધુની બાજુમાં અડોઅડ ચાલે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.(૪) શૈક્ષ, રત્નાધિક સાધુની અતિપાસે (પાછળ સ્પર્શ થાય તેમ લગોલગ) ઉભો રહે, તો તે શૈક્ષની આશાતના છે. (૫) શૈક્ષ, રત્નાધિક સાધુની આગળ ઊભો રહે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૬) શૈક્ષ, રત્નાધિક સાધુની બાજુમાં અડોઅડ ઊભો રહે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૭) શૈક્ષ, રત્નાધિક સાધુની અતિપાસે(પાછળ સ્પર્શ થાય તેમ લગોલગ) બેસે તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૮) શૈક્ષ, રત્નાધિક સાધુની આગળ બેસે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૯) શૈક્ષ, રત્નાધિક સાધુની બાજુમાં બેસે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.

(૧૦) શૈક્ષ, રત્નાધિક સાધુ સાથે વિચાર ભૂમિ–સ્થંડિલ ભૂમિમાં ગયો હોય અને રત્નાધિક સાધુની પહેલા ઉપાશ્રયમાં આવી જાય અને રત્નાધિક પછી આવે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૧) શૈક્ષ, રત્નાધિક સાથે બહાર વિચારભૂમિ(સ્થંડિલ) અથવા વિહાર(સ્વાધ્યાય) ભૂમિમાં ગયો હોય ત્યારે રત્નાધિક સાધુની પહેલા ગમનાગમનની આલોચના કરે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૨) રાત્રે અથવા વિકાલ એટલે સંધ્યા સમયે રત્નાધિક સાધુ શિષ્યને સંબોધન કરીને કહે, હે આર્ય ! કોણ કોણ સુતા છો અને કોણ કોણ જાગો છો ? એ સમયે જાગતો હોય તો પણ ગુરુને ઉત્તર ન આપે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.(૧૩) કોઈ વ્યક્તિ, રત્નાધિક સાથે વાર્તાલાપ કરવા માટે આવે ત્યારે શૈક્ષ રત્નાધિકની પહેલા જ વાર્તાલાપ કરે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.

(૧૪) શૈક્ષ અન્ન, પાણી, મેવો અને મુખવાસ આ પ્રકારના આહારને લાવીને પહેલાં અન્ય શૈક્ષ પાસે તેની આલોચના કરે અને પછી રત્નાધિક પાસે કરે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૫) શૈક્ષ અન્ન, પાણી, મેવા, મુખવાસાદિ ચાર પ્રકારના આહારને લાવીને પહેલાં અન્ય શૈક્ષને બતાવે અને પછી રત્નાધિકને બતાવે તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૬) શૈક્ષ અન્ન, પાણી, મેવો, મુખવાસાદિ ચાર પ્રકારના આહારને લાવીને પહેલાં અન્ય શૈક્ષને (ભોજન માટે) આમંત્રિત કરે અને પછી રત્નાધિકને આમંત્રિત કરે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૭) શૈક્ષ રત્નાધિક સાધુ સાથે ગોચરીએ ગયા હોય અને અન્ન, પાણી, મેવા, મુખવાસાદિ ચાર પ્રકારના આહારને ઉપાશ્રયમાં લાવીને રત્નાધિકને પૂછયા વિના જે સાધુને આપવાની પોતાની ઈચ્છા હોય તેને જલદી-જલદી, વધારે માત્રામાં આપે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૮) શૈક્ષ રત્નાધિક સાધુ સાથે ગોચરીએ ગયા હોય, અન્ન, પાણી, મેવા, મુખવાસાદિ ચારે પ્રકારના આહારને લાવીને રત્નાધિક સાધુ સાથે આહાર કરતા સમયે શૈક્ષ, પ્રચુર માત્રામાં વિવિધ પ્રકારના શ્રેષ્ઠ, તાજા, સરસ, મનોજ્ઞ, મનોવાંછિત, ઘેવરાદિ સ્નિગ્ધ અને પાપડાદિ રુક્ષ આહારને જલદી-જલદી અધિક માત્રામાં આરોગી લે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૧૯) રત્નાધિક બોલાવે ત્યારે શૈક્ષ ન સાંભળ્યું કરે અર્થાત્ સાંભળ્યું ન હોય તેમ મૌન રહે (ઉત્તર ન આપે), તો તે શૈક્ષથી થતી આશાતના છે.(૨૦) શૈક્ષ,

રત્નાધિક સામે પ્રયોજનથી વધુ અર્થાત્ નિરર્થક, કઠોર વચન બોલે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨૧) રત્નાધિક બોલાવે ત્યારે શૈક્ષ, શું કહો છો ? તેમ દૂરથી જ પૂછે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨૨) શૈક્ષ, રત્નાધિકને તું-તું, એમ તુંકારે બોલાવે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨૩) શૈક્ષ, રત્નાધિકને પ્રતિવચન કહે અર્થાત્ તેમના જ વચનથી તેમનો તિરસ્કાર કરે (રત્નાધિક બીમાર સાધુની વૈયાવચ્ચ કરવા માટે કહે, તો તમે જ વૈયાવચ્ચ કેમ કરતા નથી ? તેવા પ્રતિવચન કહે), તો તે શૈક્ષની આશાતના છે.

(૨૪) શૈક્ષ, રત્નાધિક સાધુ ધર્મકથા કરતાં હોય ત્યારે 'જી હા' એમ શબ્દોથી અનુમોદન ન કરે, તો તે શૈક્ષની આશાતના છે. (૨૫) શૈક્ષ, રત્નાધિકની ધર્મકથાના સમયે તમને યાદ આવતું નથી, તમે 'આ ભૂલી ગયા છો' એ પ્રમાણે કહે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨૬) શૈક્ષ, રત્નાધિક સાધુ ધર્મકથા કરતા હોય ત્યારે ' હવે બસ કરો', એમ કહી કથામાં વિક્ષેપ કરે તો શૈક્ષની આસાતના છે. (૨૭) શૈક્ષ, રત્નાધિકની ધર્મકથાના સમયે પરિષદને વિસર્જિત કરે, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૨૮) શૈક્ષ, રત્નાધિકની ધર્મકથાના સમયે પરિષદ(સભા) સમાપ્ત થઈ ન હોય, છૂટી પડી ન હોય, વિખેરાય ન હોય, વિભક્ત થઈ ન હોય તે પૂર્વે અર્થાત્ ધર્મસભા વ્યવસ્થિત બેઠેલી જ હોય ત્યારે શૈક્ષ પરિષદમાં તે જ ધર્મકથા (રત્નાધિકે કરેલી ધર્મકથા) બે-ત્રણવાર દોહરાવે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.(૨૯) શૈક્ષ દ્વારા રત્નાધિક સાધુના શય્યા-સંસ્તારકને અજાણતા પગ લાગી જાય, તોપણ શૈક્ષ હાથ જોડી ક્ષમાયાચના કર્યા વિના ચાલ્યો જાય, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૩૦) શૈક્ષ, રત્નાધિકના શય્યા-સંસ્તારક, ઉપર ઊભો રહે, બેસે, સૂએ, તો તે શૈક્ષથી થતી આશાતના છે.

(૩૧) શૈક્ષ, રત્નાધિકથી ઊંચા આસન ઉપર ઊભો રહે, બેસે, સૂએ, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૩૨) શૈક્ષ, રત્નાધિક ના સમાન આસન ઉપર ઊભો રહે, બેસે, સૂએ, તો તે શૈક્ષથી થતી આશાતના છે. (૩૩) શૈક્ષ દ્વારા રત્નાધિક સાધુ કાંઈક કહે, તેનો ઉત્તર બેઠાં– બેઠાં આપે, તો તે શૈક્ષથી થતી આશાતના છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તેત્રીસ પ્રકારની **આશાતનાઓ**નું વર્ણન છે.

દેવ, ગુરુની વિનય-ભક્તિ ન કરવી, દેવ, ગુરુનો અવિનય અભક્તિ કે અપરાધ કરવો, આજ્ઞાનો ભંગ કરવો, નિંદા કરવી, અવહેલના કરવી તથા ગુરુ પ્રતિ અબહુમાન કે અનાદરનો અંતરભાવ વિવિધ પ્રકારની ચેષ્ટાઓ દ્વારા પ્રગટ થાય, તેને આશાતના કહે છે. સૂત્રકારે શિષ્યની વિવિધ પ્રકારની ૩૩ ચેષ્ટાઓનું ૩૩ આશાતનારૂપે કથન કર્યું છે.

**सेहे**– શૈક્ષ. **सिक्खगो वा अगीतत्थो वा आयरिय उवज्झाए मोत्तुं सेसा सव्वे सेहा ।** –ચૂર્ણિ. જે સૂત્ર ભણવા રૂપી ગ્રહણશિક્ષા અને પ્રતિલેખનાદિ આચાર પાલન રૂપી આસેવનશિક્ષા શીખે છે, તે શિક્ષા–શિક્ષણ યોગ્ય અગીતાર્થ સાધુ શૈક્ષ કહેવાય છે અથવા આચાર્ય–ઉપાધ્યાયને છોડીને શેષ સર્વ સાધુઓ શૈક્ષ કહેવાય છે.

**रायणिय :–** રાત્નિક, રત્નાધિક. **रायणिओ आयरितो महत्तरगो वा परियाएण ।** દીક્ષા પર્યાયમાં મોટા હોય તે આચાર્યાદિ રાત્નિક કહેવાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નવાળા સાધુ તથા આચાર્ય, ગુરુ અથવા પર્યાય જ્યેષ્ઠ સર્વ સાધુઓને રાત્નિક કે રત્નાધિક કહેવાય છે.

આ ૩૩ આશાતનાઓમાં ૧ થી ૯ આશાતનાઓ રત્નાધિકની પાછળ આગળ, બરાબર બાજુમાં અને આ ત્રણ પરિસ્થિતિમાં ચાલવા, ઊભા રહેવા અને બેસવા સંબંધિત નવ ક્રિયાની છે. આ આશાતનાઓથી ગુરુની મર્યાદા અને ગરિમાની અવહેલના થાય છે, ગુરુના મહત્ત્વનો હ્રાસ થાય છે. ગુરુની નિકટમાં કે ગુરુની આગળ ચાલવાથી લોકો ગુરુના દર્શન કરી ન શકે, શિષ્યની પીઠ ગુરુને દેખાય, તે શિષ્યના અવિનયને પ્રગટ કરે છે. ગુરુની નિકટમાં કે ગુરુની પડખે ચાલે તો લોકોને ગુરુ કોણ ? શિષ્ય કોણ ? તે ખબર ન પડે, ગુરુનું મહત્ત્વ ઘટે, તે શિષ્યના વિનયાભાવને પ્રગટ કરે છે. ગુરુની પાછળ ગુરુના પગ વગેરેનો સ્પર્શ થાય તેમ અતિનિકટ ચાલે તો ગુરુની અવહેલના થાય છે, તે ક્રિયા શિષ્યના અવિવેકની સૂચક છે. શિષ્યને ગુરુની આગળ, પાછળ કે બાજુમાં ચાલવા, બેસવા કે ઊભા રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો ઉચિત અંતર રાખીને, ગુરુનું ગૌરવ જળવાઈ રહે તે રીતે વિવેકપૂર્વક ચાલવું, બેસવું કે ઊભા રહેવું જોઈએ. ગુરુ આજ્ઞાપૂર્વક નિકટમાં પણ ચાલવા આદિ ક્રિયાથી આશાતના થતી નથી.

રત્નાધિકની સાથે જવું, આવવું, બોલવું, ચાલવું, આલોચના કરવી વગેરે પ્રત્યેક પ્રવૃત્તિમાં શિષ્યે ધ્યાન રાખવું જોઈએ કે સર્વ પ્રવૃત્તિઓ રત્નાધિકના કર્યા પછી કરવી જોઈએ, તેમની પૂર્વે કરે તો તે તેની આશાતના કરે છે. દસમી અને અગિયારમી આશાતના વિચાર ભૂમિ-ઉચ્ચાર ભૂમિ અર્થાત્ મળાદિ પરઠવાની ભૂમિ કે વિહારભૂમિ-સ્વાધ્યાય ભૂમિમાં ગયા પછી આલોચનાદિ પ્રવૃત્તિ ગુરુની પૂર્વે કરવાથી થતી આશાતના સંબંધિત છે.

શિષ્યે રત્નાધિકના વચનો શાંત મનથી સાંભળવા જોઈએ, તેના વચનની ઉપેક્ષા કરવી ન જોઈએ. ગુરુના કે રત્નાધિકોના વચનોની ઉપેક્ષા કરે, રત્નાધિકો પાસે આવેલા આગંતુક સાધુ કે ગૃહસ્થ સાથે પહેલા સ્વયં વાર્તાલાપ કરી લે. તેમાં ગુરુની માનહાનિ થાય છે. ૧૨-૧૩ આ બે આશાતના તત્સંબંધિત છે.

શિષ્ય આહારાદિ લાવીને પહેલાં રત્નાધિકને બતાવે, તેમને તેમાંથી આહારાદિ લેવા આમંત્રણ આપે, તેમને પૂછ્યા વિના અન્ય સાધુને આહાર માટે આમંત્રણાદિ ન કરે, આસક્તિથી સારો-સારો આહાર ગુરુની પહેલાં વાપરી ન લે, તે શિષ્યનો વિનય છે. શિષ્ય તથાપ્રકારનો અવિનયપૂર્વકનો વ્યવહાર ન કરે, તો તે તેની આશાતના કરે છે. ૧૪ થી ૧૮ આશાતના તત્સંબંધિત છે.

શિષ્યે ગુરુ સાથે વાર્તાલાપ કરવામાં, વિનય ભક્તિ કરવામાં તેમનું સન્માન કરવું જોઈએ. તેઓની સામે બોલવું, ઉત્તર ન આપવો, તુંકારે બોલાવવા, તે અવિનય છે. ૧૯ થી ૨૪ આશાતના તત્સંબંધિત છે.

ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે શિષ્ય પ્રસન્ન ચિત્તે સાંભળે, સભા વચ્ચે અપમાનજનક, શરમજનક, ગુરુની હીલના થાય તેવા શબ્દો ન બોલે. ગુરુની ધર્મસભામાં અવિનય પૂર્ણ વ્યવહારથી જે આશાતના થાય તેનું કથન ૨૫ થી ૩૦ આશાતનાઓમાં છે.

શિષ્ય ગુરુના શરીરની કે ઉપકરણની અવજ્ઞા ન કરે. ગુરુના આસન આદિ ઉપર ઊભા રહેવું આદિ અવિનય ભાવ છે, ગુરુની ગરિમા ખંડિત થાય છે. તત્સંબંધિત ૩૧ થી ૩૩ આશાતના છે.

ગુરુ કે રત્નાધિકની આજ્ઞાથી કોઈપણ પ્રવૃત્તિ કરે તો તેમાં આશાતના થતી નથી. આજ્ઞાપૂર્વક ગુરુની આગળ ચાલે કે ગુરુના આસન ઉપર બેસે, તો પણ આશાતના થતી નથી કારણ કે ગુરુ આજ્ઞા સર્વોપરી છે. શિષ્યની પ્રત્યેક ક્રિયામાં ગુરુ પ્રતિ બહુમાન અને આદરભાવ પ્રગટ થવો જરૂરી છે, શિષ્યના વિનયપૂર્વકના વ્યવહારથી ગુરુની ગરિમા વધે, ગુરુનું ગૌરવ જળવાઈ રહે છે. શિષ્ય નિરહંકારભાવે પ્રત્યેક પ્રવૃત્તિ કરે, તો પોતાનો સ્વચ્છંદ નાશ પામે છે, કષાયો ઉપશાંત થાય છે, સંયમ સાધના પરિપક્વ બને છે અને શાસનનો મહિમા વધે છે. આ રીતે આશાતનાનો ત્યાગ કરવો, તે સ્વ-પર હિતકારી છે.

આ ૩૩ આશાતનાઓના પ્રાયશ્ચિત્તનું વિધાન નિશીથ સૂત્રના દસમા ઉદ્દેશકમાં છે. શ્રી આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનમાં અન્ય રીતે ૩૩ આશાતનાનું પણ કથન છે. અરિહંત, સિદ્ધાદિ વિશિષ્ટ ગુરુજનો ઉપરાંત સર્વ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વની આશાતના તથા લોક-પરલોક, કાળ, શ્રુત, ધર્મ આદિની આશાતનાનું કથન છે.

**२ चमरस्स णं असुरिंदस्स णं असुरण्णो चमरचंचाए रायहाणीए एक्कमेक्क दुवाराए तेत्तीसं-तेत्तीसं भोमा पण्णत्ता । महाविदेहे णं वासे तेत्तीसं जोयणसहस्साइं साइगरेगाइं विक्खंभेणं पण्णत्ते । जया णं सूरिए बाहिराणंतरं तच्चं मंडलं उवसंकमित्ता णं चारं चरइ तया णं इहगयस्स पुरिसस्स तेत्तीसाए जोयणसहस्सेहिं किंचि विसेसूणेहिं चक्खुप्फासं हव्वमागच्छइ ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરરાજ ચમરની ચમરચંચા રાજધાનીમાં પ્રત્યેક દ્વારની બહાર બંને બાજુમાં તેત્રીસ તેત્રીસ વિશિષ્ટ ભવનો છે. મહાવિદેહ ક્ષેત્ર કંઈક અધિક તેત્રીસ હજાર (૩૩૦૦૦) યોજન વિસ્તારવાળું છે. જ્યારે સૂર્ય સર્વ બાહ્ય મંડલથી અંદરના તરફ ત્રીજા મંડલપર આવીને સંચાર કરે છે ત્યારે તે ભરત ક્ષેત્રમાં રહેલા મનુષ્યને કંઈક વિશેષન્યૂન તેત્રીસ હજાર (૩૩૦૦૦)યોજન દૂરથી દષ્ટિગોચર થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ભરતક્ષેત્રના મનુષ્યને સૂર્ય કેટલે દૂરથી દેખાય છે, તેનું કથન છે.

**चक्खुफासं** – સૂર્ય ઉદય સમયે જેટલે દૂરથી દેખાય, તે દષ્ટિપથ કે દષ્ટિગોચરતા માટે સૂત્રકારે ચક્ષુસ્પર્શ શબ્દનો પ્રયોગ કર્યો છે. **सूर्यश्चक्षुस्पर्शं चक्षुविषयंहव्वं शीघ्रमागच्छति।** સૂર્ય ચક્ષુનો વિષય બને, તેને ચક્ષુસ્પર્શ કહે છે.

તેત્રીસમું સમવાય હોવાથી પ્રસ્તતુ સૂત્રમાં... **तेत्तीसए जोयणस्सेहिं किंचि विसेसूणेहिं**

ભરત–ઐરવત ક્ષેત્રના મનુષ્ય કિંચિત્ વિશેષ ન્યૂન ૩૩૦૦૦ યોજન દૂરથી સૂર્યને જૂએ છે, તે પ્રકારનું કથન છે. ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર પ્રાભૃત–૨, પ્રતિપ્રાભૃત–૩માં... **बत्तीसाए जोयणसहस्सेहिं एगुणपण्णाए य सट्ठिभाएहिं जोयणस्स सट्ठिभागं च ऐगट्ठिहा छेत्ता तेवीसाए चुण्णिया भागेहिं सूरिए चक्खुफासं हव्वमागई ।** પાઠ છે. બાહ્ય ત્રીજા મંડળ ઉપર સૂર્ય પરિભ્રમણ કરતો હોય, ત્યારે ભરત–ઐરવત ક્ષેત્રના મનુષ્યોને બત્રીસ હજાર એક અને ઓગણપચાસ સાઠાંશ ભાગ તથા ત્રેવીસ એકસઠાંશ ચૂર્ણિકા ભાગ (૩૨૦૦૧ ૪૯/૬૦, ૨૩/૬૧) યોજન દૂરથી સૂર્યને જુએ છે.

**३ इमीसे णं रयणप्पभाए पुढवीए अत्थेगइयाणं णेरइयाणं तेत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता । अहेसत्तमाए पुढवीए काल–महाकाल–रोरुय–महारोरुएसु णेरइयाणं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । अप्पइट्ठाणणरए णेरइयाणं अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । असुरकुमाराणं अत्थेगइयाणं देवाणं तेत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता । सोहम्मीसाणेसु अत्थेगइयाणं देवाणं तेत्तीसं पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના કેટલાક નારકીઓની સ્થિતિ તેત્રીસ પલ્યોપમની છે. અધસ્તન સાતમી નરક પૃથ્વીના કાલ, મહાકાલ, રોરુક અને મહારોરુક નરકાવાસોના નારકીઓની સ્થિતિ ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે. સાતમી પૃથ્વીના અપ્રતિષ્ઠાન નરકાવાસના નારકીઓની સ્થિતિ અજઘન્ય–અનુત્કૃષ્ટ (જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદથી રહિત) તેત્રીસ સાગરોપમની છે. કેટલાક અસુરકુમાર દેવોની સ્થિતિ તેત્રીસ પલ્યોપમની છે. સૌધર્મ અને ઈશાન કલ્પના કેટલાક દેવોની સ્થિતિ તેત્રીસ પલ્યોપમની છે.

**४ विजय–वेजयंत–जयंत–अपराजिएसु विमाणेसु उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । जे देवा सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववण्णा, तेसि णं देवाणं अजहण्णमणुक्कोसेणं तेत्तीसंसागरोवमाइं ठिई पण्णत्ता । ते णं देवा तेत्तीसाए अद्धमासेहिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा । तेसि णं देवाणं तेत्तीसाए वाससहस्सेहिं आहारट्ठे समुप्पज्जइ।**

**ભાવાર્થ :–** વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત, આ ચાર અનુત્તર વિમાનના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે. જે દેવ પાંચમા સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, તે દેવોની અજઘન્ય અને અનુત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે. તે દેવ તેત્રીસ અર્ધમાસે

(સાડા સોળ મહિને) આન–પ્રાણ, શ્વાસ લે છે અને નિઃશ્વાસ મૂકે છે. તે દેવોને તેત્રીસ હજાર વર્ષ પછી આહાર કરવાની ઈચ્છા થાય છે.

**૫ संतेगइया भवसिद्धिया जीवा जे तेत्तीसं भवग्गहणेहिं सिज्झिस्संति बुज्झिस्संति मुच्चिस्संति परिणिव्वाइस्संति सव्वदुक्खाणमंतं करिस्संति ।**

**ભાવાર્થ :–** કેટલાક ભવ્ય સિદ્ધિક જીવો તેત્રીસ ભવ ગ્રહણ કરીને સિદ્ધ થશે, બુદ્ધ થશે, કર્મોથી મુક્ત થશે, પરમ નિર્વાણને પ્રાપ્ત કરશે અને સર્વ દુઃખોનો અંત કરશે.

**વિવેચન :–**

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો તો નિશ્ચયથી એક મનુષ્ય ભવ ગ્રહણ કરીને મુક્ત થાય છે અને વિજય આદિ શેષ ચાર અનુત્તર વિમાનોના દેવો જઘન્ય એક અને ઉત્કૃષ્ટ તેર ભવ કરી નિશ્ચયથી મુક્ત થાય છે.

**સમવાય–33 સંપૂર્ણ**

# • ચોત્રીસમું સમવાય •

**પરિચય :–**

આ સમવાયમાં ચોત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે યથા – તીર્થંકરના ચોત્રીસ અતિશયો, ચક્રવર્તીનાં વિજય ક્ષેત્રો, જંબૂદ્વીપમાં ચોત્રીસ વૈતાઢ્ય પર્વત, જંબૂદ્વીપમાં થતાં ઉત્કૃષ્ટ ચોત્રીસ તીર્થંકર તથા અસુરેન્દ્રનાં ચોત્રીસ લાખ ભવન તેમજ પહેલી, પાંચમી, છટ્ઠી અને સાતમી નરકમાં ચોત્રીસ લાખ નરકાવાસ છે.

**१ चोत्तीसं बुद्धाइसेसा पण्णत्ता । तं जहा– १. अवट्ठिए केस–मंसु–रोम–णहे २. णिरामया णिरुवलेवा गायलट्ठी ३. गोक्खीरपंडुरे मंससोणिए ४. पउमुप्पलगंधिए उस्सासणिस्सासे ५. पच्छण्णे आहार–णीहारे अदिस्से मंसचक्खुणा ।**

**६. आगासगयं चक्कं ७. आगासगयं छत्तं ८. आगासगयाओ सेयवरचामराओ ९. आगासफालिआमयं सपायपीढं सीहासणं १०. आगासगओ कुडभीसहस्सपरिमंडिआभिरामो इंदज्झओ पुरओ गच्छइ ११. जत्थ जत्थ वि य णं अरहंता भगवंतो चिट्ठंति वा णिसीयंति वा तत्थ तत्थ वि य णं जक्खा देवा संछण्णपत्त–पुप्फ–पल्लवसमाउलो सच्छत्तो सज्झओ सघंटो सपडागो आसोगवरपायवो अभिसंजायइ १२. ईसिं पिट्ठओ मउडठाणंमि तेयमंडलं अभिसंजाइ, अंधकारे वि य णं दस दिसाओ पभासेइ**

**१३. बहुसमरणिज्जे भूमिभागे १४. अहोसिरा कंटया भवंति १५. उउविवरीयासुहफासा भवंति । १६. सीयलेणं सुहफासेणं सुरभिणा मारुएणं जोयणपरिमंडलं सव्वओ समंतासंपमज्जिज्जइ १७. जुत्तफुसिएणं मेहेण य णिहय–रयरेणुयं किज्जइ १८. जल–थलयभासुरपभूतेणं विंटट्ठाइणा दसद्धवण्णेणं कुसुमेणं जाणुस्सेहप्पमाणमित्ते पुप्फोवयारे किज्जइ ।**

**१९. अमणुण्णाणं सद्द फरिस रस रुवगंधाणं अवकरिसो भवइ २०. मणुण्णाण सद्द फरिस रस गंधाणं पाउब्भावो भवइ २१. पच्चाहरओ वि य णं हिययगमणीओ जोयणणीहारी सरो २२. भगवं च णं अद्धमागहीए भासाए**

**धम्ममाइक्खइ २३. सा वि य णं अद्धमागही भासा भासिज्जमाणी तेसिं सव्वेसिं आरियमणारियाणं दुप्पय चउप्पअ मिय पसु पक्खि सरीसिवाणं अप्पणो हिय सिव सुहय भासत्ताए परिणमइ २४. पुव्वबद्धवेरा वि य णं देवासुर णाग सुवण्ण जक्ख रक्खस किण्णर किंपुरिसगरुल गंधव्व महोरगा अरहओ पायमूले पसंतचित्तमासणा धम्मं णिसामंति २५. अण्णउत्थियपावयणिया वि य णं आगया वंदंति।**

**२६. आगया समाणा अरहओ पायमूले णिप्पलिवयणा हवंति २७. जओ जओ वि य णं अरहंतो भगवंतो विहरंति तओ तओ वि य णं जोयणपणवीसाएणं ईती ण भवइ २८. मारी ण भवइ २९. सचक्कं ण भवइ ३०. परचक्कं ण भवइ ३१. अइवुट्ठी ण भवइ ३२. अणावुट्ठी ण भवइ ३३. दुब्भिक्खं ण भवइ ३४. पुव्वुप्पण्णा वि य णं उप्पाइया, वाहीओ खिप्पामेव उवसमंति ।**

**ભાવાર્થ :–** તીર્થંકર પરમાત્માના **ચોત્રીસ અતિશયો** છે, યથા –

**૧.** કેશ, દાઢી, મૂછ , રોમ, નખ અવસ્થિત રહે અર્થાત્ તેની પ્રમાણથી અધિક વૃદ્ધિ ન થાય, **૨.** નિરામય રોગાદિથી રહિત, નિરુપલેપ–મલ રહિત, નિર્મળ દેહલતા હોય, **૩.** રક્ત અને માંસ ગાયના દૂધ સમાન શ્વેત હોય, **૪.** ઉચ્છ્વાસ–નિઃશ્વાસ પદ્મકમલ સમાન સુગંધિત હોય, **૫.** આહાર અને નિહાર ચર્મચક્ષુથી અદશ્ય પ્રચ્છન્ન હોય.

**૬.** આકાશમાં ધર્મચક્ર હોય, **૭.** આકાશમાં છત્ર હોય, **૮.** આકાશમાં ઉત્તમ શ્વેત ચામરો વીંજાતાં હોય, **૯.** આકાશ સમાન નિર્મલ સ્ફટિકમય પાદપીઠયુક્ત સિંહાસન હોય, **૧૦.** આકાશમાં હજાર નાની પતાકાઓથીયુક્ત ઈન્દ્રધ્વજ આગળ ચાલતો હોય, **૧૧.** જ્યાં જ્યાં અરિહંત ભગવાન રોકાય, બેસે, ત્યાં ત્યાં યક્ષ દેવો પાંદડાં, પુષ્પ, પલ્લવોથી વ્યાપ્ત, છત્ર, ધ્વજા, ઘંટ અને પતાકાથી યુક્ત શ્રેષ્ઠ અશોક વૃક્ષ બનાવે છે, **૧૨.** મસ્તકની કંઈક પાછળ મુગટના સ્થાને તેજમંડળ–આભામંડલ હોય છે, જે અંધકારમાં પણ (રાત્રિના સમયે) દશે દિશાઓને પ્રકાશિત કરે છે.[મુગટ મસ્તકની આગળ હોય છે અને તેજમંડળ મસ્તકની પાછળ હોય છે, છતાં પણ મસ્તકના ઉપરના ભાગની અપેક્ષાએ મૂળ પાઠમાં તેને મુગટ સ્થાને કહેલ છે.]

**૧૩.** તીર્થંકરો જ્યાં વિહાર કરે– વિચરણ કરે, ત્યાંનો ભૂમિભાગ બહુસમ (એકસરખો) અને રમણીય બની જાય, **૧૪.** વિહાર ભૂમિમાં કાંટા હોય તો તે અધોમુખ થઈ જાય, **૧૫.** શરીરને અનુકૂળ સુખદ સ્પર્શવાળું વાતાવરણ થઈ જાય, **૧૬.** જ્યાં તીર્થંકર વિચરે છે ત્યાંની એક યોજન ભૂમિ શીતલ, સુખકારી સ્પર્શયુક્ત અને સુગંધિત પવનથી સર્વ દિશામાં સંપ્રમાર્જિત થઈ જાય, **૧૭.** મંદ, સુગંધિત

પાણીની વર્ષાથી આકાશગત રજ અને ભૂમિગત રેણુ–ધૂળ શમિત થઈ જાય અર્થાત્ ધૂલી રહિત નિર્મળ મોસમ થઈ જાય, **૧૮.** જલીય, સ્થલીય, પંચવર્ણીય પુષ્પોથી ગોઠણ સુધીનો ભૂમિભાગ પુષ્પવાળો બની જાય અર્થાત્ ભૂમિ પર પુષ્પઆચ્છાદિત થઈ જાય.[૧૭–૧૮ બે અતિશયોમાં પાણી અને ફૂલ અચિત્ત સમજવા જોઈએ, કારણ કે તે દેવકૃત હોય છે. ],

**૧૯.** અમનોજ્ઞ (અપ્રિય) શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અભાવ થઈ જાય, **૨૦.** મનોજ્ઞ (પ્રિય) શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો પ્રાદુર્ભાવ થઈ જાય, **૨૧.** ધર્મોપદેશના સમયે એક યોજન સુધી ફેલાયેલો(સંભળાતો) અને હૃદયમાં ઊતરી જાય તેવો સ્વર હોય, **૨૨.** ભગવાનનો ધર્મોપદેશ અર્ધમાગધી ભાષામાં હોય, **૨૩.** તે અર્ધમાગધી ભાષા દરેક આર્ય–અનાર્ય પુરુષોને માટે તથા દ્વિપદ–પક્ષી અને ચતુષ્પદ– મૃગ પશુ વગેરે જાનવરોને માટે તથા પેટથી ચાલનારા સર્પાદિ માટે પોતપોતાની હિતકર, શિવકર, સુખદ, ભાષારૂપે પરિણત થઈ જાય છે, **૨૪.** પૂર્વે બાંધેલાં વેરવાળાં (મનુષ્ય) દેવ, અસુર, નાગ, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર કિંપુરુષ, ગરુડ, ગંધર્વ અને મહોરગ દેવો પણ અરિહંતોના ચરણકમલમાં પરસ્પરના વેરને ભૂલી, પ્રશાંતચિત્તે, હર્ષિત મનથી ધર્મ શ્રવણ કરે છે, **૨૫.** અન્યતીર્થિક પ્રાવચનિક (વ્યાખ્યાન દાતા) પુરુષ પણ આવીને ભગવાનને વંદન કરે છે.

**૨૬.** ભગવાન પાસે આવેલા તે અન્યતીર્થિક પ્રાવચનિકો પણ અરિહંતના પાદમૂળમાં વચન રહિત (નિરુત્તર) બની જાય છે, **૨૭.** જ્યાં જ્યાં અરિહંત ભગવાન વિહાર કરતા હોય ત્યાં ત્યાં પચ્ચીસ યોજન સુધી ઈતિ–ભીતિ ન હોય, **૨૮.** મનુષ્યને મારનાર મહામારી (પ્લેગ વગેરે) ભયંકર બીમારી ન હોય. **૨૯.** સ્વચક્ર – પોતાના રાજ્યની સેનાનો ભય ન હોય, **૩૦.** પરચક્ર– શત્રુ સેનાનો ભય ન હોય, **૩૧.** અતિવૃષ્ટિ– ભારે વરસાદ ન હોય, **૩૨.** અનાવૃષ્ટિ ન હોય, **૩૩.** દુર્ભિક્ષ–દુષ્કાળ ન પડે, **૩૪.** ભગવાનના વિહાર–વિચરણ પહેલાં થયેલી વ્યાધિ વગેરે ઉપદ્રવો પણ જલ્દી શાંત થઈ જાય.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તીર્થંકર પરમાત્માના ૩૪ અતિશયોનું કથન છે.

આ સૂત્ર પાઠમાં અતિશયોનો જે ઉલ્લેખ છે તેમાં કોઈ પણ અતિશય જન્મથી કે દીક્ષાથી પ્રગટ થવાનું કથન નથી. તીર્થંકર નામ કર્મનો ઉદય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે હોય છે માટે અતિશયોનો સંબંધ કેવળજ્ઞાન પ્રગટ થયા પછી વધારે છે. વ્યાખ્યા ગ્રંથોમાં પ્રસ્તુત ચોત્રીસ અતિશયોમાંથી ચાર (૨ થી ૫) અતિશયોને તીર્થંકરોના જન્મજાત અતિશય કહયા છે. પંદર (૬ થી ૨૦) અતિશયો ચાર ઘાતિકર્મના ક્ષય થવા પર પ્રગટ થાય છે અને બાકીના ૨૧ થી ૩૪ – અતિશયોને દેવકૃત અતિશય કહ્યા છે.

આચાર્ય અભયદેવ સૂરી કૃત સમવાયાંગ ટીકામાં તથા આચાર્ય હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર અને અભિધાન ચિંતામણિ આદિ ગ્રંથોમાં અતિશયોનું વિસ્તૃત વિવેચન છે.

આચાર્ય અભયદેવ સૂરિ અને આચાર્ય હેમચંદ્રાચાર્યના અતિશયની વિભાજન પદ્ધતિમાં પણ કંઈક અંતર છે, પરંતુ સમવાયાંગ સૂત્રમાં જન્મજાત, દેવકૃત, કેવળજ્ઞાન કૃત અતિશયોનું કોઈ પણ પ્રકારનું

વિભાજન નથી.

**૨ जंबुद्दीवे णं दीवे चउत्तीसं चक्कवट्टिविजया पण्णत्ता । तं जहा– बत्तीसं महाविदेहे, दो भरहे एरवए । जंबुद्दीवे णं दीवे चोत्तीसं दीहवेयड्ढा पण्णत्ता । जंबुद्दीवे णं दीवे उक्कोसपए चोत्तीसं तित्थंकरा समुप्पज्जंति।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં ચક્રવર્તીનાં ચોત્રીસ વિજયક્ષેત્રો છે, જેમ કે –મહા વિદેહમાં બત્રીસ, એક ભરત ક્ષેત્ર અને એક ઐરવત ક્ષેત્ર. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ચોત્રીસ દીર્ઘ વૈતાઢ્ય પર્વતો છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ઉત્કૃષ્ટ ચોત્રીસ તીર્થંકરો એક સાથે ઉત્પન્ન થાય છે.

**વિવેચનઃ–**

**ચક્રવર્તી વિજય ક્ષેત્ર** – ચક્રવર્તી છ ખંડના ૩૨૦૦૦ રાજ્ય પર વિજય પ્રાપ્ત કરે છે. ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં છ–છ ખંડછે, તેમ મહાવિદેહક્ષેત્રની બત્રીસ વિજયોમાંથી પ્રત્યેક વિજયમાં પણ છ–છ ખંડ હોય છે. તેના પર ચક્રવર્તી વિજય પ્રાપ્ત કરે છે. તેથી ચક્રવર્તી વિજયક્ષેત્ર–૩૪ થાય છે. તે ચોત્રીસે વિજય ક્ષેત્રમાં એક સાથે તીર્થંકર થઈ શકે છે તેથી ઉત્કૃષ્ટ ૩૪ તીર્થંકરો હોય શકે છે.

**३ चमरस्स णं असुरिंदस्स असुररण्णो चोत्तीसं भवणावास सयसहस्सा पण्णत्ता । पढम पंचम–छट्ठी–सत्तमासु–चउसु पुढवीसु चोत्तीसं णिरयावास सय– सहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–**અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ચોત્રીસ લાખ ભવનાવાસ છે. પહેલી, પાંચમી, છઠ્ઠી અને સાતમી આ ચાર પૃથ્વીના મળીને ચોત્રીસ લાખ (૩૦લાખ+૩લાખ+પાંચ ઓછા એક લાખ + ૫=૩૪લાખ ) નરકાવાસ છે.

**સમવાય–૩૪ સંપૂર્ણ**

# • પાંત્રીસમું સમવાય •

**પરિચય :–**

પાંત્રીસમા સમવાયમાં પાંત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું વર્ણન છે, યથા – પાંત્રીસ સત્ય વચનના અતિશય, કુન્થુ અરિહંત, દત્ત વાસુદેવ,નંદન બલદેવ, તે પાંત્રીસ ધનુષ ઊંચા હતા. બીજી અને ચોથી નરકમાં પાંત્રીસ લાખ નરકાવાસનું નિરૂપણ છે.

**૧** **पण्णतीसं सच्चवयणाइसेसा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સત્ય વચનના પાંત્રીસ અતિશય છે.

**વિવેચન :–**

મૂળ સૂત્રમાં આ **પાંત્રીસ વચન અતિશયો**નાં નામ નથી, પરતું સંસ્કૃત ટીકાકારે પાંત્રીસ વચનના ગુણોનો ઉલ્લેખ કર્યો છે.

**૧. સંસ્કારોપેતત્વ :** વચનોનું વ્યાકરણ સંસ્કાર યુક્ત હોય **૨. ઉદાત્તત્વ :** ઉચ્ચ સ્વરથી પરિપૂર્ણ હોય, **૩. ઉપચારોપેતત્વ :** ગ્રામીણતાથી રહિત હોય, ગામઠી શબ્દ ન હોય, **૪. ગંભીર શબ્દત્વ :** મેઘ સમાન ગંભીર શબ્દોથી યુક્ત હોય, **૫. અનુનાદિત્વ :** પ્રતિધ્વનિ ઉપજાવનારાં વચન હોય, **૬. દક્ષિણત્વ:** સરલતા યુક્ત વચન હોય, **૭. ઉપનીત રાગત્વ :** યથોચિત રાગ–માલકોશ વગેરે રાગ–રાગિણીથી યુક્ત હોય.

આ સાત અતિશય શબ્દ સૌંદર્યની અપેક્ષાથી જાણવા જોઈએ. હવે પછીના અતિશયો અર્થ ગૌરવની અપેક્ષા રાખે છે.

**૮. મહાર્થત્વ :** મહાન અર્થવાળા વચન હોય, **૯. અવ્યાહત પૂર્વાપરત્વ :** પૂર્વાપર અવિરોધી અર્થવાળા હોય, **૧૦. શિષ્ટત્વ :** વક્તાની શિષ્ટતાના સૂચક હોય, **૧૧. અસંદિગ્ધત્વ :** સંદેહ રહિત નિશ્ચિત અર્થના પ્રતિપાદક હોય, **૧૨. અપહૃતાન્યોત્તરત્વ :** પરદત્ત દૂષિત આક્ષેપોના નિવારક વચન હોય, **૧૩. હૃદયગ્રાહિત્વ :** શ્રોતાના હૃદયગ્રાહી–મનોહર વચન હોય, **૧૪. દેશ કાલોચિતત્વ :** દેશ કાલને અનુકૂળ અવસરોચિત વચન હોય, **૧૫. તત્ત્વાનુરુપત્વ :** વિવક્ષિત વસ્તુ સ્વરૂપનાં અનુરૂપ વચન હોય, **૧૬. અપ્રકીર્ણ પ્રસૃતત્વ :** નિરર્થક વિસ્તારથી રહિત સુસંબંધ વચન હોય, **૧૭. અન્યોન્ય પ્રગૃહિતઃ** પરસ્પર અપેક્ષા રાખનાર પદો અને વાક્યોથી યુક્ત હોય, **૧૮. અભિજાતત્વ :** વક્તાની કુલીનતા અને શાલીનતાના સૂચક હોય, **૧૯. અતિસ્નિગ્ધ મધુરત્વ :** અત્યંત સ્નેહથી ભરેલા મધુરતા–મિષ્ટતા યુક્ત હોય, **૨૦. અપરમર્મ વેધિત્વ :** બીજાના મર્મ ઉઘાડનાર વચન ન હોય, **૨૧. અર્થધર્માભ્યાસોપેતત્વ :**

અર્થ અને ધર્મના અભ્યાસથી યુક્ત હોય, **૨૨. ઉદારત્વ :** તુચ્છતા રહિત અને ઉદારતા યુક્ત હોય, **૨૩. પરનિન્દાત્મોત્કર્ષ વિપ્રમુક્તત્વ :** બીજાની નિંદા અને પોતાની પ્રસંશા રહિત હોય, **૨૪. ઉપગત શ્લાઘત્વ :** જેને સાંભળીને લોકો પ્રસંશા કરે, એવાં વચન હોય, **૨૫. અનપનીતત્વ :** કાલ, કારક, લિંગ, પ્રત્યય આદિ વ્યાકરણના દોષ રહિત હોય, **૨૬. ઉત્પાદિતાછિન્ન કૌતુહલત્વ :** ઉપદેશના વિષયમાં શ્રોતાજનોને નિરંતર કુતૂહલ, જિજ્ઞાસા ઉત્પન્ન કરાવનાર હોય, **૨૭. અદ્ભુતત્વ :** આશ્ચર્યકારક અદ્ભુત નવા નવા વચન પ્રયોગ હોય, **૨૮. અનતિ વિલમ્બિત્વ :** અતિ વિલંબરહિત ધારા પ્રવાહથી બોલતા હોય. **૨૯. વિભ્રમાદિ વિમુક્ત :** મનની ભ્રાંતિ, વિક્ષેપ–ચિત્તની ચંચળતા અને રોષ, ભય, અભિલાષા આદિ માનસિક દોષો રહિત હોય, **૩૦. અનેક જાતિ સંશ્રયાદ્વિચિત્રત્વ :** અનેક પ્રકારે વર્ણનીય વસ્તુ સ્વરૂપનું વર્ણન કરનાર વિચિત્ર વચન હોય, **૩૧. આહિત વિશેષત્વ :** સામાન્ય વચનોથી કંઈક વિશેષતા યુક્ત વચન હોય, **૩૨. સાકારત્વ :** પૃથક્ પૃથક્ વર્ણ, પદ, વાક્ય વડે આકાર પ્રાપ્ત વચન હોય, **૩૩. સત્ત્વ પરિગૃહિતત્વ :** સાહસથી પરિપૂર્ણ વચન હોય, **૩૪. અપરિખેદિત્વ :** ખિન્નતાથી રહિત વચન હોય, **૩૫. અવ્યુચ્છેદિત્વ :** વિવક્ષિત અર્થની સમ્યક્ સિદ્ધિ થવા સુધી અવિચ્છિન્ન પ્રવાહવાળાં વચન હોય.

આવા ગુણયુક્ત વચન સાંભળનારમાં પણ ગુણો જ ઉત્પન્ન કરનાર હોય, તેઓનું હિત કરાવનાર હોય છે.

**૨ कुंथू णं अरहा पणत्तीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । दत्ते णं वासुदेवे पणतीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । णंदणे णं बलदेवे पणत्तीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** કુન્થુ અરિહંત પાંત્રીસ ધનુષ ઊંચા હતા. દત્ત વાસુદેવ પાંત્રીસ ધનુષ ઊંચા હતા.નંદન બલદેવ પાંત્રીસ ધનુષ ઊંચા હતા.

**૩ सोहम्मे कप्पे सुहम्माए सभाए माणवए चेइयक्खंभे हेट्ठा उवरिं च अद्धतेरस जोयणाणि वज्जेत्ता मज्झे पणत्तीसं जोयणेसु वइरामएसु गोलवट्टसमुग्गएसु जिणसकहाओ पण्णत्ताओ ।**

**बितिय–चउत्थीसु दोसु पुढवीसु पणतीसं णिरयावाससयसहस्सा पण्णत्ता।**

**ભાવાર્થ :–** સૌધર્મકલ્પમાં સૌધર્મસભાના માણવક ચૈત્ય સ્થંભમાં નીચે અને ઉપર સાડાબાર–સાડાબાર યોજન છોડીને મધ્યવર્તી પાંત્રીસ યોજનમાં વજ્રમય, ગોળ વર્તુળાકાર પેટીઓમાં જિનના અસ્થિકળશ રાખેલા છે. બીજી તથા ચોથી નરક, પૃથ્વીઓના મળીને પાંત્રીસ લાખ નરકાવાસ છે.

## સમવાય–૩૫ સંપૂર્ણ

# છત્રીસથી ચાલીસ સમવાય

## પરિચય :–

**છત્રીસમા** સમવાયમાં છત્રીસ સંખ્યાથી સંબંધિત વિષયોનું વર્ણન છે, યથા – ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયન, અસુરેન્દ્રની સુધર્માસભાની છત્રીસ યોજનની ઊંચાઈ, ભગવાન મહાવીરની છત્રીસ હજાર સાધ્વીઓ, ચૈત્ર અને આસો માસમાં છત્રીસ અંગુલ પૌરુષી છાયા આદિનું વર્ણન છે.

**સાડત્રીસમા** સમવાયમાં કુંથુનાથ ભગવાનના સાડત્રીસ ગણધર, સાડત્રીસ ગણ, **આડત્રીસમા** સમવાયમાં ભગવાન પાર્શ્વનાથની આડત્રીસ હજાર સાધ્વીઓ, **ઓગણચાલીસમા** સમવાયમાં ભગવાન નેમિનાથના ૩૯૦૦ અવધિજ્ઞાની અને **ચાલીસમા** સમવાયમાં ભગવાન અરિષ્ટનેમિની ચાલીસ હજાર સાધ્વીઓ વગેરે વિષયોનું કથન છે.

## છત્રીસમું સમવાય :–

**१** **छत्तीसं उत्तरज्झयणा पण्णत्ता, तं जहा–१.विणयसुयं २. परीसहो ३. चाउरंगिज्जं ४. असंखयं ५. अकाम मरणिज्जं ६. पुरिसविज्जा ७. उरब्भिज्जं ८. काविलियं ९. णमिपव्वज्जा १०. दुमपत्तयं ११. बहुसुयपूजा १२. हरिएसिज्जं १३. चित्तसंभूयं १४. उसुयारिज्जं १५. सभिक्खुगं १६.समाहिठाणाइं १७. पावसमणिज्जं १८. संजइज्जं १९. मियचारिया २०. अणाहपव्वज्जा २१. समुद्दपालिज्जं २२. रहणेमिज्जं २३. गोयम–केसिज्जं २४. समिईओ २५. जण्णइज्जं २६. सामायारी २७. खलुकिज्जं २८. मोक्खमग्गगई २९. अप्पमाओ ३०. तवोमग्गो ३१. चरणविही ३२. पमायठाणाइं ३३. कम्मपयडी ३४. लेसज्झयणं ३५. अणगारमग्गे ३६. जीवाजीवविभत्ती य ।**

**ભાવાર્થ :–** ઉત્તરાધ્યયન સૂત્રનાં છત્રીસ અધ્યયન છે, જેમ કે– (૧) વિનયશ્રુત (૨) પરીષહ (૩) ચાર અંગની દુર્લભતા (૪) અસંસ્કૃત (૫) અકામ મરણ (૬) પુરુષ વિદ્યા (ક્ષુલ્લક નિર્ગ્રંથીય) (૭) ઉરભ્રીય–બોકડા (૮) કપીલ કેવળી (૯) નમિપ્રવ્રજ્યા (૧૦) દ્રુમપત્રક (૧૧) બહુશ્રુત (૧૨) હરિકેશી મુનિ (૧૩) ચિત્ત સંભૂતિ (૧૪) ઈક્ષુકારીય (૧૫) સભિક્ષુ (૧૬) બ્રહ્મચર્ય સમાધિસ્થાન (૧૭) પાપ શ્રમણ (૧૮) સંયતિ (૧૯) મૃગાપુત્ર (૨૦) અનાથી નિર્ગ્રંથ (૨૧) સમુદ્રપાલ (૨૨) રથનેમી (૨૩) ગૌતમ કેશી (૨૪) સમિતિ (અષ્ટ પ્રવચન માતા) (૨૫) જયઘોષ–વિજયઘોષ (૨૬) સમાચારી (૨૭)

ખલુંકીય–અવિનીત શિષ્યો (૨૮) મોક્ષમાર્ગ ગતિ (૨૯) અપ્રમાદ (સમ્યક્ પરાક્રમ) (૩૦) તપમાર્ગ (૩૧) ચરણવિધિ (૩૨) પ્રમાદ સ્થાન (૩૩) કર્મપ્રકૃતિ (૩૪) લેશ્યા અધ્યયન (૩૫) અણગારમાર્ગ (૩૬) જીવાજીવ વિભક્તિ.

**२ चमरस्स णं असुरिंदस्स असुररण्णो सभा सुहम्मा छत्तीसं जोयणाणि उड्ढं उच्चत्तेणं होत्था । समणस्स णं भगवओ महावीरस्स छत्तीसं अज्जाणं साहस्सीओ होत्था । चेत्तासोएसु णं मासेसु सइ छत्तीसंगुलियं सूरिए पोरिसीछायं णिव्वत्तइ ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરરાજ ચમરની સુધર્માસભા છત્રીસ યોજન ઊંચી છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સંઘમાં છત્રીસ હજાર સાધ્વીગણ–આર્યિકાઓ હતી. ચૈત્ર અને આસો માસમાં સૂર્ય એક વખત છત્રીસ આંગળની પૌરુષી છાયા કરે છે.

### સાડત્રીસમું સમવાય :–

**३ कुंथुस्स णं अरहओ सत्ततीसं गणा, सत्ततीसं गणहरा होत्था ।**

**हेमवय–हेरण्णवइयाओ णं जीवाओ सत्ततीसं जोयणसहस्साइं छच्च चोवत्तरे जोयणसए सोलस य एगूणवीसइभाए जोयणस्स किंचिविसेसूणाओ आयामेणं पण्णत्ताओ । सव्वासु णं विजय–वेजयंत–जयंत–अपरजियासु रायहाणीसु पागारा सत्ततीसं सत्ततीसं जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** કુંથુ અરહિંતના સાડત્રીસ ગણ અને સાડત્રીસ ગણધર હતા.

હેમવય અને હૈરણ્યવય ક્ષેત્રની જીવાઓ સાડત્રીસ હજાર છસ્સો ચુમોતેર યોજન અને એક યોજનના ઓગણીસ ભાગોમાંથી કંઈક ઓછા સોળભાગ (૩૭૬૭૪, કિંચિત્ ન્યૂન ૧૬/૧૯ યોજન) લાંબી છે. દ્વીપ સમુદ્રોના વિજય, વેજયંત, જયંત અને અપરાજિત નામનાં સર્વ દ્વારોના માલિક દેવોની રાજધાનીઓના પ્રાકાર(કિલ્લા) સાડત્રીસ સાડત્રીસ યોજન ઊંચા છે.

**४ खुड्डियाए विमाणपविभत्तीए पढमे वग्गे सत्ततीसं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ નામના કાલિકશ્રુતના પ્રથમ વર્ગમાં સાડત્રીસ ઉદ્દેશનકાળ છે.

**५ कत्तियबहुलसत्तमीए णं सूरिए सत्ततीसंगुलियं पोरिसीछायं णिव्वत्तइत्ता**

**णं चारं चरइ।**

**ભાવાર્થ :–** કાર્તિક કૃષ્ણપક્ષની સાતમના દિવસે સૂર્ય સાડત્રીસ આંગળની પૌરુષી છાયા કરતો સંચરણ કરે છે.

**આડત્રીસમું સમવાય :–**

**६ पासस्स णं अरहओ पुरिसादाणीयस्स अट्ठत्तीसं अज्जियासाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંતના સંઘમાં ઉત્કૃષ્ટ આડત્રીસ હજાર આર્યિકાઓ (સાધ્વીઓ)ની સંપદા હતી.

**७ हेमवय-एरण्णवइयाणं जीवाणं धणुपिट्ठे अट्ठत्तीसं जोयणसहस्साइं सत्त य चत्ताले जोयणसए दसएगूणवीसइभागे जोयणस्स किंचि विसेसूणे परिक्खेवेणं पण्णत्ते । अत्थस्स णं पव्वयरण्णो बिइए कंडे अट्ठतीसं जोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** હેમવય અને હેરણ્યવય ક્ષેત્રની જીવાઓના ધનુપૃષ્ઠ આડત્રીસ હજાર સાતસો ચાલીસ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગોમાંથી દશ ભાગોથી કંઈક ઓછા (૩૮૭૪૦, કિંચિતન્યૂન ૧૦/૧૯ યોજન) પરિક્ષેપવાળા છે અર્થાત્ આ બંને ક્ષેત્રોની ત્રણ દિશાની ગોળાઈનું આટલું માપ થાય છે. પર્વતરાજ અર્થ (મેરુ)નો બીજો કાંડ આડત્રીસ હજાર યોજન ઊંચો છે. 'અર્થ' એ મેરુનું એક નામ છે. (સમવાય–૧૬)

**८ खुड्डियाए णं विमाण पविभत्तीए बिइए वग्गे अट्ठत्तीसं उद्देसणकाला पण्णत्ता।**

**ભાવાર્થ :–** ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ નામક કાલિક શ્રુતના બીજા વર્ગમાં આડત્રીસ ઉદ્દેશન કાલ છે.

**ઓગણચાલીસમું સમવાય :–**

**१ णमिस्स णं अरहओ एगूणचत्तालीसं आहोहियसया होत्था ।**

**समयखेत्ते एगूणचत्तालीसं कुलपव्वया पण्णत्ता । तं जहा- तीसं वासहरा, पंच मंदरा, चत्तारि उसुकारा । दोच्च-चउत्थ-पंचम-छट्ठ-सत्तमासु णं पंचसु पुढवीसु एगूणचत्तालीसं णिरयावाससयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** નમિ અરિહંતના પરિમિત ક્ષેત્રને જાણનાર અવધિજ્ઞાની મુનિઓ ઓગણચાલીસ સો (૩૯૦૦) હતા. સમય ક્ષેત્ર (અઢીદ્વીપ)માં કુલ ૩૯ પર્વત છે, જેમ કે– ત્રીસ વર્ષધર પર્વત, પાંચ મંદર પર્વત (મેરુ) અને ચાર ઈક્ષુકાર પર્વત. બીજી, ચોથી, પાંચમી, છટ્ઠી અને સાતમી, આ પાંચ પૃથ્વીઓના મળીને ઓગણચાલીસ લાખ (૨૫લાખ+૧૦લાખ+૩લાખ+પાંચ ઓછા એક લાખ+૫ = ૩૯ લાખ ) નરકાવાસ છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપમાં ચુલ્લહિમતવંત, મહાહિંમતવંત, નિષધ, નીલ,રુક્મિ અને શિખરી, આ છ વર્ષધર પર્વત છે, ધાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપમાં બાર–બાર વર્ષધર પર્વત છે. આ રીતે અઢીદ્વીપમાં કુલ ૬+૧૨+૧૨=૩૦ વર્ષધર પર્વત છે. જંબૂદ્વીપમાં એક મેરુ પર્વત, ધાતકીખંડ અને અર્ધપુષ્કરદ્વીપમાં બે–બે મેરુ પર્વત છે. આ રીતે કુલ પાંચ મેરુ પર્વત થાય છે. બે ઈક્ષુકાર પર્વત ધાતકીખંડના પૂર્વ–પશ્ચિમ, બે વિભાગ કરે છે અને બે ઈક્ષુકાર પર્વત પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વ–પશ્ચિમ વિભાગ કરે છે. આ રીતે અઢીદ્વીપમાં કુલ ચાર ઈક્ષુકાર પર્વત છે. આ રીતે અઢીદ્વીપક્ષેત્રમાં કુલ ૩૦+૫+૪=૩૯ પર્વતો છે. અહીં ૩૯મું સમવાય હોવાથી અન્ય નાના પર્વતોની ગણના કરી નથી.

**१० णाणावरणिज्जस्स मोहणिज्जस्स गोत्तस्स आउयस्स एयासि णं चउण्हं कम्मपगडीणं एगूणचत्तालीसं उत्तरपगडीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણીય, મોહનીય, ગોત્ર અને આયુકર્મ, આ ચાર કર્મ પ્રકૃતિઓની ઓગણચાલીસ (૫+૨૮+૨+૪ =૩૯) ઉત્તર પ્રકૃતિઓ છે.

**ચાલીસમું સમવાય :–**

**११ अरहओ णं अरिट्ठणेमिस्स चत्तालीसं अज्जिया साहस्सीओ होत्था । मंदरचूलिया णं चत्तालीसं जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । संती अरहा चत्तालीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** અરિષ્ટનેમિ અરિહંતના સંઘમાં ચાલીસ હજાર સાધ્વીઓ હતા. મંદર –મેરુ પર્વતની ચૂલિકા ચાલીસ યોજન ઊંચી છે. શાંતિ અરિહંત ચાલીસ ધનુષ્ય ઊંચા હતાં.

**१२ भूयाणंदस्स णं णागकुमारस्स णागरण्णो चत्तालीसं भवणावास सयसहस्सा पण्णत्ता । खुड्डियाए णं विमाणपविभत्तीए तइए वग्गे चत्तालीसं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ :–** નાગકુમાર નાગરાજ ભૂતાનંદના ચાલીસ લાખ ભવનાવાસ છે. ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિના ત્રીજાવર્ગમાં ચાલીસ ઉદ્દેશન કાલ છે.

**१३ फग्गुणपुण्णिमासिणीए णं सूरिए चत्तालीसंगुलियं पोरिसीछायं णिव्वट्टइत्ता णं चारं चरइ । एवं कत्तियाए वि पुण्णिमाए ।महासुक्के कप्पे चत्तालीसं विमाणावास सहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ફાગણ પૂર્ણિમાના દિવસે સૂર્ય ચાલીસ આંગુલની પૌરુષી છાયા કરીને સંચાર કરે છે, તે જ રીતે કાર્તિક પૂર્ણિમાએ પણ ચાલીસ આંગુલની પૌરુષી છાયા કરીને સંચાર કરે છે. મહાશુક્ર કલ્પમાં ચાલીસ હજાર વિમાનાવાસ છે.

## સમવાય–૩૬ થી ૪૦ સંપૂર્ણ

# •એકતાલીસથી પચાસ સમવાય•

## પરિચય :–

પ્રસ્તુત માં એકતાલીસ થી પચાસ સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા – **એકતાલીસમા** સમવાયમાં ભગવાન નમિનાથની એકતાલીસ હજાર સાધ્વીઓ, **બેતાલીસમા** સમવાયમાં નામકર્મની બેતાલીસ પ્રકૃતિ, ભગવાન મહાવીરની બેતાલીસ વર્ષથી કંઈક અધિક શ્રમણ પર્યાય, **તેંતાલીસમા** સમવાયમાં કર્મવિપાકનાં તેંતાલીસ અધ્યયન, **ચુમાલીસમા** સમવાયમાં ૠષિભાષિતનાં ચુમ્માલીસ અધ્યયન, **પિસ્તાલીસમા** સમવાયમાં મનુષ્ય ક્ષેત્ર,સીમંતક નરકાવાસા, ઉડુવિમાન અને સિદ્ધશિલા, આ ચારેય નો ૪૫–૪૫ લાખ યોજન નો વિસ્તાર છે. **છેતાલીસમા** સમવાયમાં બ્રાહ્મીલિપિના છેતાલીસ માતૃકાક્ષર, **સુડતાલીસમા** સમવાયમાં સુડતાલીસ વર્ષ સુધી સ્થવિર ભગવાન અગ્નિભૂતિનું ગૃહવાસમાં રહેવું, **અડતાલીસમા** સમવાયમાં ભગવાન ધર્મનાથના ૪૮ ગણ અને ગણધરો, **ઓગણપચાસમા** સમવાયમાં તેઈન્દ્રિય જીવોની ૪૯ દિવસ રાત્રિની સ્થિતિ, **પચાસમા** સમવાયમાં ભગવાન મુનિસુવ્રતસ્વામીની ૫૦ હજાર સાધ્વીઓ આદિ નું વર્ણન છે.

## એકતાલીસમું સમવાય :–

**૧** **णमिस्स णं अरहओ एक्कचत्तालीसं अज्जिया साहस्सीओ होत्था ।**

**चउसु पुढवीसु एक्कचत्तालीसं णिरयावाससयसहस्सा पण्णत्ता, तं जहा– रयणप्पभाए, पंकप्पभाए, तमाए, तमतमाए ।**

**महालियाए णं विमाणपविभत्तीए पढमे वग्गे एक्कचत्तालीसं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ :–** નમિ અરિહંતના સંઘમાં એકતાલીસ હજાર સાધ્વીઓ હતાં.

ચાર પૃથ્વીઓમાં એકતાલીસ લાખ નરકાવાસ છે, જેમ કે– રત્નપ્રભામાં ૩૦ લાખ, પંકપ્રભામાં ૧૦ લાખ, તમઃ પ્રભામાં પાંચ ઓછા એક લાખ અને મહાતમઃપ્રભામાં પાંચ નરકવાસ છે.

મહાલિકા (મહતી) વિમાન પ્રવિભક્તિ કાલિકસૂત્રના પ્રથમ વર્ગમાં એકતાલીસ ઉદ્દેશન કાળ છે.

## બેતાલીસમું સમવાય :–

**૨** **समणे भगवं महावीरे बायालीसं वासाइं साहियाइं सामण्णपरियागं**

**पाउणित्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કંઈક અધિક બેતાલીસ વર્ષ શ્રમણ પર્યાય પાળીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

**३ जंबुद्दीवस्स णं दीवस्स पुरच्छिमिल्लाओ चरिमंताओ गोथूभस्स णं आवासपव्वयस्स पच्चच्छिमिल्ले चरिमंते एस णं बायालीसं जोयणसहस्साइं अबाहाए अंतरं पण्णत्तं । एवं चउद्दिसिं पि दओभासे, संखे, दयसीमे य ।**

**कालोए णं समुद्दे बायालीसं चंदा उज्जोइंसु वा, उज्जोइंति वा, उज्जोइस्संति वा । बायालीसं सूरिया पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा । समुच्छिम भुयपरिसप्पाणं उक्कोसेणं बायालीसं वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપની જગતીની બહારની પરિધિના પૂર્વી ચરમાંત ભાગથી વેલંધર નાગરાજના ગોસ્તૂભ નામના આવાસ પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગ સુધી મધ્યવર્તી ક્ષેત્રનું અંતર બેતાલીસ હજાર (૪૨,૦૦૦)યોજન છે. આ રીતે ચારે દિશાઓમાં પણ દકાવભાસ, શંખ અને દક્સીમનું અંતર જાણવું જોઈએ.

કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર ઉદ્યોત કરતા હતા, ઉદ્યોત કરે છે અને ઉદ્યોત કરશે. એ રીતે બેતાલીસ સૂર્ય પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે. સમૂર્ચ્છિમ ભુજપરિ સર્પોની ઉત્કૃષ્ટ સ્થિતિ બેતાલીસ હજાર વર્ષની છે.

**४ णामकम्मे बायालीसविहे पण्णत्ते, तं जहा– १. गइणामे २. जाइणामे ३. सरीरणामे ४. सरीरंगोवंगणामे ५. सरीरबंधणणामे ६. सरीरसंघायणणामे ७. संघयणणामे ८. संठाणणामे ९. वण्णणामे १०. गंधणामे ११. रसणामे १२. फासणामे १३. अगु.लहुयणामे १४. उवघायणामे १५. पराघायणामे १६. आणुपुव्वीणामे १७. उस्सासणामे १८. आयवणामे १९. उज्जोयणामे २०. विहगगइणामे २१. तसणामे २२. थावरणामे २३. सुहुमणामे २४. बायरणामे २५. पज्जत्तणामे २६. अपज्जत्तणामे २७. साहारणसरीरणामे २८. पत्तेयसरीरणामे २९. थिरणामे ३०. अथिरणामे ३१. सुभणामे ३२. असुभणामे ३३. सुभगणामे ३४. दुब्भगणामे ३५. सुस्सरणामे ३६. दुस्सरणामे ३७. आएज्जणामे ३८.अणाएज्जणामे ३९. जसोकित्तिणामे ४०.**

**अजसोकित्तिणामे ४१. णिम्माणणामे ४२. तित्थयरणामे।**

**ભાવાર્થ :–** નામકર્મના બેતાલીસ પ્રકાર છે, જેમ કે– (૧) ગતિનામ (૨) જાતિનામ (૩) શરીરનામ (૪) શરીર અંગોપાંગ નામ (૫) શરીર બંધન નામ (૬) શરીર સંઘાતન નામ (૭) સંહનન નામ (૮) સંસ્થાન નામ (૯) વર્ણનામ (૧૦) ગંધનામ (૧૧) રસનામ (૧૨) સ્પર્શનામ (૧૩) અગુરુલઘુનામ (૧૪) ઉપઘાત નામ (૧૫) પરાઘાત નામ (૧૬) આનુપૂર્વીનામ (૧૭) ઉચ્છ્વાસ નામ (૧૮) આતપ નામ (૧૯) ઉદ્યોત નામ (૨૦) વિહાયોગતિ નામ (૨૧) ત્રસનામ (૨૨) સ્થાવર નામ (૨૩) સૂક્ષ્મનામ (૨૪) બાદર નામ (૨૫) પર્યાપ્ત નામ (૨૬) અપર્યાપ્ત નામ (૨૭) સાધારણ શરીર નામ (૨૮) પ્રત્યેક શરીર નામ (૨૯) સ્થિર નામ (૩૦) અસ્થિર નામ (૩૧) શુભ નામ (૩૨) અશુભનામ (૩૩) સુભગ નામ (૩૪) દુર્ભગ નામ (૩૫) સુસ્વર નામ (૩૬) દુસ્વર નામ (૩૭) આદેય નામ (૩૮) અનાદેય નામ (૩૯) યશકીર્તિ નામ (૪૦) અપયશકીર્તિ નામ (૪૧) નિર્માણ નામ (૪૨) તીર્થંકર નામ.

**५ लवणे णं समुद्दे बायालीसं णागसाहस्सीओ अब्भिंतरियं वेलं धारंति ।**

**महालियाए णं विमाणपविभत्तीए बितिए वग्गे बायालीसं उद्देसणकाला पण्णत्ता ।**

**एगमेगाए ओसप्पिणीए पंचम-छट्ठीओ समाओ बायालीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ । एगमेगाए उस्सप्पिणीए पढम-बीयाओ समाओ बायालीसं वाससहस्साइं कालेणं पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** લવણ સમુદ્રની અંદરની વેલાને બેતાલીસ હજાર (૪૨,૦૦૦)નાગકુમાર દેવો ધારણ કરે છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિ કાલિકસૂત્રના બીજા વર્ગમાં બેતાલીસ ઉદ્દેશન કાળ છે.

પ્રત્યેક અવસર્પિણી કાળનો પાંચમો, છઠ્ઠો, આ બંને આરા મળીને બેતાલીસ હજાર વર્ષ થાય છે. પ્રત્યેક ઉત્સર્પિણી કાળનો પહેલો, બીજા,આ બંને આરા મળીને બેતાલીસ હજાર વર્ષ થાય છે.

## તેંતાલીસમું સમવાય :–

**६ तेयालीसं कम्मविवागज्झयणा पण्णत्ता । पढम-चउत्थ-पंचमासु पुढवीसु तेयालीसं णिरयावाससयहस्सा पण्णत्ता । जंबुद्दीवस्स णं दीवस्स पुरच्छिमिल्लाओ चरमंताओ गोथूभस्स णं आवासपव्वयस्स पुरत्थिमिल्ले चरमंते एस णं तेयालीसं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं चउद्दिसिं पि दओभासे, संखे, दगसीमे । महालियाए णं विमाणपविभत्तीए**

**तइए वग्गे तेयालीसं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ :–** કર્મવિપાક સૂત્રના (કર્મના શુભાશુભ ફળ બતાવનાર અધ્યયન) તેંતાલીસ અધ્યયન છે. પહેલી, ચોથી અને પાંચમી નરક પૃથ્વીના તેંતાલીસ લાખ (૩૦લાખ+૧૦લાખ+૩લાખ=૪૩ લાખ) નરકાવાસ છે. જંબૂદ્વીપ નામના આ દ્વીપના પૂર્વી ચરમાંતથી ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વી ચરમાન્ત સુધી મધ્યવર્તી ક્ષેત્રનું અંતર તેંતાલીસ હજાર યોજન છે. આ રીતે ચારે દિશાઓનું અંતર જાણવું જોઈએ. વિશેષતા એ છે કે, દક્ષિણમાં દકાવભાસ આવાસ પર્વત છે, પશ્ચિમ દિશામાં શંખ આવાસ પર્વત છે અને ઉત્તર દિશામાં દકસીમ આવાસ પર્વત છે. મહાલિકા વિમાન પ્રવિભક્તિ કાલિકસૂત્રના ત્રીજા વર્ગમાં તેંતાલીસ ઉદ્દેશન કાળ છે.

## ચુમ્માલીસમું સમવાય :–

**૭ चोयालीसं अज्झयणा इसिभासिया दियलोगचुया भासिया पण्णत्ता। विमलस्स णं अरहओ चोयालीसं पुरिसजुगाइं अणुपिट्ठिं सिद्धाइं** *जाव* **सव्वदुक्खप्पहीणाइं । धरणस्स णं णागिंदस्स णागरण्णो चोयालीसं भवणावास सयसहस्सा पण्णत्ता । महालियाए णं विमाणपविभत्तीए चउत्थे वग्गे चोयालीसं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઋષિભાષિત સૂત્રમાં દેવલોકથી ચ્યુત જીવોના ચુમ્માલીસ અધ્યયન છે. વિમલ અરિહંતના શાસનમાં અનુક્રમથી ચુમ્માલીસ પુરુષ યુગ(પેઢી)એકની પાછળ એક દીક્ષિત થઈને ક્રમશઃ સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા. નાગેન્દ્ર નાગરાજ ધરણના ચુમ્માલીસ લાખ (૪૪,૦૦,૦૦૦)ભવનાવાસ કહ્યા છે. મહાલિકા વિમાન પ્રવિભક્તિના ચોથા વર્ગમાં ચુમ્માલીસ ઉદ્દેશન કાલ છે.

## પિસ્તાલીસમું સમવાય :–

**૮ समयखेत्ते णं पणयालीसं जोयणसयसहस्साइं आयामविक्खंभेणं पण्णत्ते सीमंतए णं णरए पणयालीसं जोयणसयसहस्साइं आयामविक्खंभेणं पण्णत्ते। एवं उडुविमाणे वि । ईसिपब्भारा णं पुढवीवि एवं चेव । धम्मे णं अरहा पणयालीसं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । मंदरस्स णं पव्वयस्स चउद्दिसिं पि पणयालीसं पणयालीसं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** સમયક્ષેત્ર (અઢીદ્વીપ) પિસ્તાલીસ લાખ(૪૫,૦૦,૦૦૦) યોજન લાંબું પહોળું છે. પ્રથમ નરકનો સીમંતક નરકાવાસ પિસ્તાલીસ લાખ યોજન લાંબો પહોળો છે. ઉડુ નામનું (સૌધર્મ–ઈશાન

દેવલોકના મધ્યભાગમાં રહેલું)ગોળ વિમાન અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી (સિદ્ધિશિલા) પિસ્તાલીસ પિસ્તાલીસ લાખ યોજન વિસ્તૃત છે. ધર્મનાથ અરિહંત પિસ્તાલીસ ધનુષ્ય ઊંચા હતા. મંદર પર્વતની ચારે દિશાઓમાં લવણ સમુદ્રની વેદિકાનું અંતર પિસ્તાલીસ હજાર યોજનનું છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપ એક લાખ યોજન વિસ્તૃત છે અને મંદર પર્વત દસ હજાર યોજન જમીન ઉપર વિસ્તૃત છે. એક લાખમાંથી દશ હજાર યોજન ઘટાડવાથી નેવું હજાર યોજન શેષ રહે છે, તેના અર્ધા પિસ્તાલીસ હજાર યોજન થાય છે, તેથી મંદર પર્વતની ચારે ય દિશાઓમાં લવણ સમુદ્રની વેદિકા પિસ્તાલીસ હજાર યોજનના અંતરાલ પર રહેલી સમજી શકાય છે.

**૯ सव्वे वि णं दिवड्ढखेत्तिया णक्खत्ता पणयालीसं मुहुत्ते चंदेण सद्धिं जोगं जोइंसु वा, जोइंति वा, जोइस्संति वा ।**

**तिण्णेव उत्तराइं पुणव्वसू रोहिणी विसाहा य ।**
**एए छ णक्खत्ता पणयालमुहुत्तसंजोगा ।।**

**महालियाए विमाणपविभत्तीए पंचमे वग्गे पणयालीसं उद्देसणकाला पण्णत्ता।**

**ભાવાર્થ :–** દરેક દોઢ ક્ષેત્રીય નક્ષત્રોએ પિસ્તાલીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કર્યો હતો, યોગ કરે છે અને યોગ કરશે.

ત્રણે ય ઉત્તરા(ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, ઉત્તરાફાલ્ગુની), પુનર્વસુ, રોહિણી અને વિશાખા આ છ નક્ષત્ર પિસ્તાલીસ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે સંયોગકરે છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિ સૂત્રના પાંચમા વર્ગમાં પિસ્તાલીસ ઉદ્દેશક કહ્યા છે.

**છેંતાલીસમું સમવાય :–**

**૧૦ दिट्ठिवायस्स णं छायालीसं माउयापया पण्णत्ता । बंभीए णं लिवीए छायालीसं माउयक्खरा पण्णत्ता ।**

**पभंजणस्स णं वाउकुमारिंदस्स छायालीसं भवणावास सयसहस्सा पण्णत्ता।**

**ભાવાર્થ :–** બારમા દષ્ટિવાદ અંગસૂત્રના છેંતાલીસ માતૃકાપદ છે. બ્રાહ્મી લિપિમાં છેંતાલીસ મૂળાક્ષર હોય છે.

વાયુકુમારેન્દ્ર પ્રભંજનના છેંતાલીસ લાખ ભવનાવાસ કહ્યા છે.

## સુડતાલીસમું સમવાય :–

**૧૧ जया णं सूरिए सव्वब्भंतरमंडलं उवसंकमित्ता णं चारं चरइ तया णं इहगयस्स मणुस्सस्स सत्तचत्तालीसं जोयणसहस्सेहिं दोहि य तेवट्ठेहिं जोयणसएहिं एक्कवीसाए य सट्ठिभागेहिं जोयणस्स सूरिए चक्खुफासं हव्वमागच्छइ ।**

**थेरे णं अग्गिभूई सत्तचत्तालीसं वासाइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ :–** જ્યારે સૂર્ય સૌથી અંદરના સર્વાભ્યંતર મંડલપર આવીને સંચાર કરે છે ત્યારે આ ભરત ક્ષેત્રગત મનુષ્યને સુડતાલીસ હજાર બસ્સો ત્રેંસઠ યોજન અને એક યોજનના સાંઠ ભાગોમાંથી એકવીસ ભાગ (૪૭૨૬૩–૨૧/૬૦ યોજન)દૂરથી સૂર્ય દષ્ટિગોચર થાય છે.

અગ્નિભૂતિ સ્થવિર ગણધર સુડતાલીસ વર્ષ ગૃહવાસમાં રહીને મુંડિત થઈને આગારમાંથી અણગાર બની પ્રવ્રજિત થયા.

## અડતાલીસમું સમવાય

**૧૨ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स अडयालीसं पट्टणसहस्सा पण्णत्ता । धम्मस्स णं अरहओ अडयालीसं गणा, अडयालीसं गणहरा होत्था । सूरमंडले णं अडयालीसं एकसट्ठिभागे जोयणस्स विक्खभेणं पण्णत्ते।**

**ભાવાર્થ :–** દરેક ચક્રવર્તી રાજાના અડતાલીસ હજાર પટ્ટણ –શહેર હોય છે. પંદરમા ધર્મનાથ અરિહંતના અડતાલીસ ગણ અને અડતાલીસ ગણધર હતા. સૂર્યમંડલ એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ પ્રમાણ (૪૮/૬૧) વિસ્તારવાળું કહ્યું છે.

## ઓગણપચાસમું સમવાય :–

**૧૩ सत्त–सत्तमियाए णं भिक्खुपडिमाए एगूणपण्णाए राइंदिएहिं छण्णउइ भिक्खासएणं अहासुत्तं अहाकप्पं अहामग्गं अहातच्चं सम्मं काएण फासित्ता पालित्ता सोहित्ता तीरित्ता किट्टित्ता आणाए अणुपालित्ता आराहिया भवइ ।**

**ભાવાર્થ :–** સપ્ત સપ્તમિકા ભિક્ષુપ્રતિમા ઓગણપચાસ રાત્રિ દિવસોથી અને એકસો છન્નુ ભિક્ષાદત્તિઓથી સૂત્ર, માર્ગ, કલ્પ, તથ્યના અનુરૂપ સમ્યક્ પ્રકારે કાયાથી સ્પર્શ કરી, પાલન કરી,

શોધન કરી, પાર કરી, કીર્તન કરી, આજ્ઞાથી અનુપાલન કરી આરાધિત થાય છે.

**વિવેચન :–**

સાત સાત દિવસનાં સાત સપ્તાહ અર્થાત ૪૯ દિવસમાં જે અભિગ્રહ વિશેષની આરાધનામાં લાગે છે, તેને સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા કહે છે. તેની વિધિ સંસ્કૃત ટીકાકારે બે પ્રકારે કહી છે– (૧) પ્રથમ સપ્તાહમાં પ્રતિદિન એક એક ભિક્ષાદત્તિની વૃદ્ધિથી અઠયાવીસ ભિક્ષાદત્તિ થાય છે. અર્થાત સપ્તાહના પ્રથમ દિવસે એક ભિક્ષાદત્તિ, બીજા દિવસે બે, આ રીતે ક્રમશઃ એક એક વધારતાં સાત ભિક્ષાદત્તિ ગ્રહણ કરે છે. એક સપ્તાહની ૧+૨+૩+૪+૫+૬+૭=૨૮ ભિક્ષાદત્તિ થાય, તે જ રીતે બીજા આદિ સપ્તાહમાં પણ પ્રતિદિન એક એક ભિક્ષાદત્તિની વૃદ્ધિથી સાત સપ્તાહમાં બધી મળીને ૨૮×૭=૧૯૬ એકસો છન્નું ભિક્ષાદત્તિ થાય છે (૨) પ્રથમ સપ્તાહના સાતે દિવસોમાં એક એક ભિક્ષાદત્તિ ગ્રહણ કરે છે. બીજા સપ્તાહમાં સાતે ય દિવસ બે ભિક્ષાદત્તિ ગ્રહણ કરે છે. આ રીતે સાતે ય સપ્તાહમાં એક એક ભિક્ષાદત્તિ વધારતાં સાતે ય સપ્તાહની સમસ્ત ભિક્ષાદત્તિઓ એકસો છન્નું (૭+૧૪+૨૧+૨૮+૩૫+૪૨+૪૯=૧૯૬ ) થાય છે.

**१४ देवकुरु–उत्तरकुरुसु णं मणुया एगूणपण्णास–राइंदिएहिं संपण्ण जोव्वणा भवंति ।**

**तेइंदियाणं उक्कोसेणं एगूणपण्णं राइंदिया ठिई ।**

**ભાવાર્થ :–** દેવકુરુ અને ઉત્તર કુરુક્ષેત્રમાં ઓગણપચાસ દિવસમાં મનુષ્ય પૂર્ણ યૌવનથી સંપન્ન થઈ જાય છે.

તેઈન્દ્રિય જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ઓગણપચાસ રાત્રિ–દિવસનું છે.

**પચાસમું સમવાય :–**

**१५ मुणिसुव्वयस्स णं अरहओ पण्णासं अज्जियासाहस्सीओ होत्था । अणंते णं अरहा पण्णासं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । पुरिसुत्तमे णं वासुदेवे पण्णासं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** મુનિસુવ્રત અરિહંતના સંઘમાં પચાસ હજાર આર્યિકાઓ હતાં. અનંતનાથ અરિહંત પચાસ ધનુષ્ય ઊંચા હતા. પુરુષોત્તમ વાસુદેવ પચાસ ધનુષ ઊંચા હતા.

**१६ सव्वे वि णं दीहवेयड्ढा मूले पण्णासं पण्णासं जोयणाणि विक्खंभेणं पण्णत्ता।**

**लंतए कप्पे पण्णासं विमाणावाससहस्सा पण्णत्ता । सव्वाओ णं तिमिस्सगुहा-खंडगप्पवायगुहाओ पण्णासं पण्णासं जोयणाइं आयामेणं पण्णत्ता । सव्वे वि णं कंचणगपव्वया सिहरतले पण्णासं पण्णासं जोयणाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દરેક દીર્ઘ વૈતાઢ્યપર્વત મૂલમાં પચાસ યોજન વિસ્તારવાળા છે.

લાતંક કલ્પમાં પચાસ હજાર વિમાનાવાસ છે. દરેક તિમિસ્રગુફાઓ અને ખંડપ્રપાતગુફાઓ પચાસ–પચાસ યોજન લાંબી છે. બધા કાંચનક પર્વતનાં શિખરતલ પચાસ પચાસ (૫૦)યોજન વિસ્તારવાળાં કહ્યા છે.

## સમવાય–૪૧ થી ૫૦ સંપૂર્ણ

# એકાવનથી સાઠ સમવાય

**સમવાય સાર :–**

પ્રસ્તુતમાં એકાવન થી સાઠ સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા – **એકાવનમા** સમવાયમાં આચારાંગના ૯ બ્રહ્મચર્ય અધ્યયનના એકાવન ઉદ્દેશન કાલ, **બાવનમા** સમવાયમાં મોહનીય કર્મનાં બાવન નામ, **ત્રેપનમા** સમવાયમાં ભગવાન મહાવીરના ત્રેપન સાધુઓની એક વર્ષ દીક્ષા પર્યાય પાળીને અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ, **ચોપનમા** સમવાયમાં ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૫૪ ઉત્તમ પુરુષો, ભગવાન અરિષ્ટનેમિનો ૫૪ રાત્રિ–દિવસનો છદ્મસ્થ કાળ, ભગવાન અનંતનાથના ૫૪ ગણધર, **પંચાવનમા** સમવાયમાં ભગવતી મલ્લીનું ૫૫ હજાર વર્ષનું આયુષ્ય, **છપ્પનમા** સમવાયમાં ભગવાન વિમલનાથના ૫૬ ગણ અને ૫૬ ગણધર, **સત્તાવનમા** સમવાયમાં મલ્લીનાથ ભગવાનના ૫૭ મનઃપર્યવજ્ઞાની, **અઠ્ઠાવનમા** સમવાયમાં જ્ઞાનાવરણીય, વેદનીય, આયુષ્ય, નામ અને અંતરાય, એમ પાંચ કર્મોની ૫૮ ઉત્તર પ્રકૃતિઓ, **ઓગણસાઠમા** સમવાયમાં ચંદ્ર સંવત્સરની ૫૯ અહોરાત્રિની એક ઋતુ, **સાઠમા** સમવાયમાં સૂર્યના એક મંડલનો ૬૦ મુહૂર્તનો પરિભ્રમણ કાળ વગેરે વર્ણન છે.

**એકાવનમું સમવાય :–**

**૧** **णवण्हं बंभचेराणं एकावण्णं उद्देसणकाला पण्णत्ता ।**

**चमरस्स णं असुरिंदस्स असुरण्णो सभा सुहम्मा एकावण्णखंभसयसण्णिविट्ठा पण्णत्ता । एवं चेव बलिस्स वि ।**

**सुप्पभे णं बलदेवे एकावण्णं वाससयसहस्साइं परमाउं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**दंसणावरण–णामाणं दोण्हं कम्माणं एकावण्णं उत्तरपगडीओ पण्णत्ताओ।**

**ભાવાર્થ :–** નવે ય બ્રહ્મચર્યના (આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધના)એકાવન ઉદ્દેશન કાલ છે.

અસુરેન્દ્ર અસુરરાજ ચમરની સુધર્માસભા એકાવનસો થાંભલાથી બનેલી છે. તે રીતે બલીન્દ્રની સભા પણ જાણી લેવી.

સુપ્રભ બલદેવ એકાવન હજાર વર્ષનું પરમ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી

રહિત થયા.

દર્શનાવરણીય અને નામકર્મ એ બન્ને કર્મની (૯+૪૨=૫૧ ) એકાવન ઉત્તર પ્રકૃતિ છે.

**વિવેચન :–**

આચારંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના શસ્ત્રપરિજ્ઞા આદિ અધ્યયન બ્રહ્મચર્યના નામથી પ્રખ્યાત છે, તેમાં એકાવન ઉદ્દેશક છે. તેથી ઉદ્દેશન કાલ પણ એકાવન જ છે.

**બાવનમું સમવાય :–**

**૨ मोहणिज्जस्स णं कम्मस्स वावण्णं णामधेज्जा पण्णत्ता । तं जहा– कोहे कोवे रोसे दोसे अखमा संजलणे कलहे चंडिक्के भंडगे विवाए १०,**

**माणे मदे दप्पे थंभे अत्तुक्कोसे गव्वे परपरिवाए अवक्कोसे [परिभवे] उण्णए , उण्णामे २१**

**माया उवही णियडी वलए गहणे णूमे कक्के कुरुए दंभे ३, कूडे जिम्हे किव्विसे अणायरणया गूहणया वंचणया पलिकुंचणया सातिजोगे ३८ ।**

**लोभे इच्छा, मुच्छा कंखा गेही तिण्हा भिज्जा अभिज्जा कामासा भोगासा जीवियासा मरणासा, णंदी रागे ५२ ।**

**ભાવાર્થ :–** મોહનીય કર્મનાં બાવન નામ છે, જેમ કે– (૧) ક્રોધ (૨) કોપ (૩) રોષ (૪) દ્વેષ (૫) અક્ષમા (૬) સંજ્વલન (૭) કલહ (૮) ચાંડિક્ય (૯) ભંડન (૧૦) વિવાદ, આ દશ નામ ક્રોધ કષાયના છે.

(૧૧) માન (૧૨) મદ (૧૩) દર્પ (૧૪) સ્થંભ (૧૫) આત્મોકર્ષ (૧૬) ગર્વ (૧૭) પરપરિવાદ (૧૮) અપકર્ષ (૧૯) પરિભવ (૨૦) ઉન્નત (૨૧) ઉન્નામ, આ અગિયાર નામ માન કષાયના છે.

(૨૨) માયા (૨૩) ઉપધિ (૨૪) નિકૃતિ (૨૫) વલય (૨૬) ગહન (૨૭) ન્યવમ(ણૂમ) (૨૮) કલ્ક (૨૯) કુરુક (૩૦) દંભ (૩૧) કૂટ (૩૨) જિહ્મ (૩૩) કિલ્વિષ (૩૪) અનાચરણતા (૩૫) ગૂહણતા (૩૬) વંચનતા (૩૭) પલિકુંચનતા (૩૮) સાતિયોગ, આ સત્તર નામ માયા કષાયના છે.

(૩૯) લોભ (૪૦) ઈચ્છા (૪૧) મૂર્ચ્છા (૪૨) કાંક્ષા (૪૩) ગૃદ્ધિ (૪૪) તૃષ્ણા (૪૫) ભિધ્યા (૪૬) અભિધ્યા (૪૭) કામાશા (૪૮) ભોગાશા (૪૯) જીવિતાશા (૫૦) મરણાશા (૫૧) નંદી (૫૨) રાગ, આ ચૌદ નામ લોભ કષાયનાં છે. આ રીતે ચારે કષાયનાં મળીને (૧૦+૧૧+૧૭+૧૪=૫૨ ) બાવન મોહનીય કર્મનાં નામ થાય છે.

**૩** **गोथूभस्स णं आवासपव्वयस्स पुरच्छिमिल्लाओ चरमंताओ वलयामुहस्स महापायालस्स पच्चच्छिल्ले चरमंते, एस णं बावण्णं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं दओभासस्स णं केउगस्स, संखस्स जूयगस्स, दगसीमस्स ईसरस्स ।**

**ભાવાર્થ :–** ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વી ચરમાન્તથી વલયામુખ – વડવામુખ મહાપાતાલ કળશના પશ્ચિમી ચરમાન્ત સુધી બાવન હજાર યોજનનું અવ્યાબાધ અંતર છે. એવી જ રીતે લવણ સમુદ્રની અંદર અવસ્થિત દકાવભાસ(ઉદકભાસ)થી કેતુપાતાળકળશનું, શંખ નામના આવાસ પર્વતથી યૂપકપાતાળકળશનું અને દકસીમ(ઉદકસીમ) નામના આવાસ પર્વતથી ઈશ્વરપાતાળકળશનું,આ રીતે ચારે મહાપાતાલ કળશોનું પણ અંતર જાણવું જોઈએ.

**વિવેચન :–**

લવણ સમુદ્ર બે લાખ યોજન વિસ્તૃત છે. તેમાં પૂર્વ આદિ ચારે દિશાઓમાં ચાર મહાપાતાલકળ શ છે. તેનાં નામ ક્રમથી વડવામુખ, કેતુક, યૂપક અને ઈશ્વર છે. લવણ સમુદ્ર બે લાખ વિસ્તિારવાળો છે. તેમાં ૯૫૦૦૦ દૂર જતાં પાતાળ કળશસ્થિત છે. જંબૂદ્વીપની વેદિકાના કિનારાથી બેતાલીસ હજાર યોજન અંદર જઈને એક હજાર યોજનના વિસ્તારવાળા ગોસ્તૂભ આદિ વેલન્ધર નાગરાજાના ચાર આવાસ પર્વત છે, પંચાણું હજારમાંથી બેતાલીસ હજાર યોજન અને પર્વતની ૧૦૦૦ યોજનની પહોળાઈને ઓછા કરી દેવાથી તેની વચ્ચે બાવન હજાર યોજનનું અંતર રહે છે, ૯૫૦૦૦ – ૪૨૦૦૦+૧૦૦૦=૫૨૦૦૦.

**૪** **णाणावरणिज्जस्स णामस्स अंतरायस्स एतेसिं णं तिण्हं कम्मपगडीणं वावण्णं उत्तरपयडीओ पण्णत्ताओ ।**

**सोहम्म-सणंकुमार-माहिंदेसु तिसु कप्पेसु वावण्णं विमाणावास सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણીય, નામ અને અંતરાય આ ત્રણે કર્મની (૫+૪૨+૫=૫૨) બાવન ઉત્તર પ્રકૃતિ છે.

સૌધર્મ, સનત્કુમાર અને માહેન્દ્ર આ ત્રણ કલ્પના મળીને (૩૨લાખ+૧૨લાખ +૮ લાખ =૫૨૦૦૦૦૦) બાવન લાખ વિમાનાવાસ છે.

**ત્રેપનમું સમવાય :–**

**૫** **देवकुरु-उत्तरकुरुयाओ णं जीवाओ तेवण्णं जोयणसहस्साइं साइरेगाइं**

आयामेणं पण्णत्ताओ । महाहिमवंत-रुप्पीण वासहरपव्वयाणं जीवाओ तेवण्णं तेवण्णं जोयणसहस्साइं णव य एगत्तीसे जोयणसए छच्च एगूणवीसइभागे जोयणस्स आयामेणं पण्णत्ताओ ।

समणस्स णं भगवओ महावीरस्स तेवण्णं अणगारा संवच्छरपरियाया पंचसु अणुत्तरेसु महइमहालएसु महाविमाणेसु देवत्ताए उववण्णा ।

संमुच्छिमउरपरिसप्पाणं उक्कोसेणं तेवण्णं वाससहस्साइं ठिई पण्णत्ता।

**ભાવાર્થ :–** દેવકુરુ અને ઉત્તરકુરુની જીવાઓ ત્રેપન–ત્રેપન હજાર યોજનથી કંઈક વધારે લાંબી છે. મહાહિમવંત અને રુક્મી વર્ષધર પર્વતની જીવાઓ ત્રેપન–ત્રેપન હજાર નવસો એકત્રીસ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી છ ભાગ પ્રમાણ (૫૩૯૩૧, ૬/૧૯ યોજન) લાંબી છે.

શ્રમણ ભગવાન મહાવીરના ત્રેપન અણગાર, એક વર્ષની શ્રમણ પર્યાય પાળીને, મહાન વિસ્તીર્ણ અને અત્યંત સુખમય પાંચ અનુત્તર મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે.

સમૂર્ચ્છિમ ઉરપરિસર્પના જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રેપન હજાર વર્ષની છે.

### ચોપનમું સમવાય :–

**૬** भरहेरवएसु णं वासेसु एगमेगाए उस्सप्पिणीए ओसप्पिणीए चउपण्णं चउपण्णं उत्तमपुरिसा उप्पंजिसु वा, उप्पज्जंति वा, उप्पज्जिसंति वा । तं जहा–चउवीसं तित्थयरा, बारस चक्कवट्टी, णव बलदेवा, णव वासुदेवा ।

**ભાવાર્થ :–** ભરત અને ઐરવત ક્ષેત્રમાં એકેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોપન–ચોપન ઉત્તમ પુરુષ ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે, જેમ કે– ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ વાસુદેવ,નવ બલદેવ. (૨૪+૧૨+૯+૯=૫૪).

**૭** अरहा णं अरिट्ठणेमी चउपण्णं राइंदियाइं छउमत्थपरियायं पाउणित्ता जिणे जाए केवली सवण्णू सव्वभावदरिसी ।

समणे णं भगवं महावीरे एगदिवसेणं एगणिसिज्जाए चउप्पण्णाइं वागरणाइं वागरित्था ।

अणंतस्स णं अरहओ चउपण्णं गणा चउपण्णं गणहरा होत्था ।

**ભાવાર્થ :–** અરિષ્ટનેમિ અરિહંત ચોપન રાત્રિ દિવસ છદ્મસ્થ પર્યાય પાળીને કેવળી, સર્વજ્ઞ,

સર્વભાવદર્શી જિન થયા.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ એક દિવસમાં એક આસને બેસીને ચોપન પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા અથવા ચોપન વ્યાખ્યાન આપ્યા હતા.

અનંતનાથ અરિહંતના ચોપન ગણ અને ચોપન ગણધર હતા.

## પંચાવનમું સમવાય :–

**૮ मल्ली णं अरहा पणवण्णं वाससहस्साइं परमाउं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खपहीणे ।**

**ભાવાર્થ :–** મલ્લી અરિહંત પંચાવન હજાર વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

**९ मंदरस्स णं पव्वयस्स पच्चत्थिमिलाओ चरमंताओ विजयदारस्स पच्चत्थिमिल्ले चरमंते एस णं पणवण्णं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते। एवं चाउद्दिसिं पि विजय वेजयंत जयंत अपराजियं ति ।**

**ભાવાર્થ :–** મંદર પર્વતના પશ્ચિમ ચરમાંત ભાગથી પૂર્વી વિજય દ્વારના પશ્ચિમી ચરમાંત ભાગનું અંતર પંચાવન હજાર(૫૫,૦૦૦) યોજન છે. તે રીતે ચારે ય દિશામાં વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત દ્વારોનાં અંતર જાણવા જોઈએ.

### વિવેચન :–

મંદર પર્વત ભૂમિ ભાગ સમીપે ૧૦,૦૦૦ યોજન પહોળો છે. મંદર પર્વતથી જંબૂદ્વીપની જગતી અને જગતીમાં સ્થિત વિજયદ્વાર ૪૫,૦૦૦ યોજન દૂર છે ૧૦૦૦૦ મેરુ પર્વતની પહોળાઈના +૪૫૦૦૦ મેરુથી જગતની વચ્ચેના અંતરના=૫૫૦૦૦ યોજન નું અંતર જાણવું .

**१० समणे णं भगवं महावीरे अंतिमराइयंसि पणवण्णं अज्झयणाइं कल्लाणफलविवागाइं पणवण्णं अज्झयणाइं पावफलविवागाइं वागरित्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અંતિમ રાત્રિમાં કલ્યાણફળ પુણ્યફલ વિપાકવાળાં પંચાવન અને પાપફલ વિપાકવાળાં પંચાવન અધ્યયનનું પ્રતિપાદન કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

**११** **पढम-बिइयासु दोसु पुढवीसु पणवण्णं णिरयावास सयसहस्सा पण्णत्ता।**

**दंसणावरणिज्ज-णामाउयाणं तिण्हं कम्मपगडीणं पणवण्णं उत्तरपगडीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** પહેલી અને બીજી એ બે નરક પૃથ્વીઓના પંચાવનલાખ (૩૦લાખ+૨૫લાખ=૫૫લાખ) નરકાવાસ છે.

દર્શનાવરણીય, નામ, આયુષ્ય આ ત્રણ કર્મની મળીને પંચાવન ઉત્તર પ્રકૃતિ (૯+૪૨+૪=૫૫) છે.

### છપ્પનમું સમવાય :–

**१२** **जंबुद्दीवे णं दीवे छप्पण्णं णक्खत्ता चंदेण सद्धिं जोगं जोइंसु वा, जोइंति वा, जोइस्संति वा ।**

**विमलस्स णं अरहओ छपण्णं गणा छप्पण्णं गणहरा होत्था ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે ચંદ્રના પરિવારરૂપ (૨૮+૨૮=૫૬) છપ્પન નક્ષત્ર ચંદ્રની સાથે યોગ કરતાં હતાં કરે છે, અને યોગ કરશે.

તેરમા વિમલનાથ અરિહંતના છપ્પન ગણ અને છપ્પન ગણધર હતા.

### સત્તાવનમું સમવાય :–

**१३** **तिण्हं गणिपिडगाणं आयारचूलियावज्जाणं सत्तावण्णं अज्झयणा पण्णत्ता । तं जहा- आयारे सूयगडे ठाणे ।**

**ભાવાર્થ :–** આચાર ચૂલિકાને છોડીને ત્રણ ગણિપિટકોના સત્તાવન અધ્યયન છે, જેમ કે– આચારાંગ સૂત્રનાં ૨૪, સૂત્રકૃતાંગ સૂત્રનાં ૨૩ અને ઠાણાંગ સૂત્રનાં ૧૦, સર્વ મળી ૨૪+૨૩+૧૦ = ૫૭ થાય છે.

### વિવેચન :–

આચારાંગસૂત્રનાં સંપૂર્ણ અધ્યયનો પચ્ચીસ છે. જેમાં પચ્ચીસમા 'વિમુક્તિ' નામના અધ્યયનની જ ચૂલિકા તરીકે ગણના થાય છે, તેથી આચારાંગ સૂત્રના ૨૪ અધ્યયન થાય છે. આચારાંગસૂત્રનાં ૨૪, સૂયગડાંગસૂત્રનાં ૨૩ અને ઠાણાંગસૂત્રનાં ૧૦ અધ્યયન=૫૭ છે.

**१४** **गोथूभस्स णं आवासपव्वयस्स पुरत्थिमिल्लाओ चरिमंताओ**

**वलयामुहस्स महापायालस्स बहुमज्झदेसभाए एस णं सत्तावण्णं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं दओभासस्स केउयस्स य, संखस्स जूयस्स य, दयसीमस्स ईसरस्स य ।**

**ભાવાર્થ :–** ગોસ્તૂભ આવાસ પર્વતના પૂર્વ ચરમાંતથી વડવામુખ મહાપાતાલકળશના બહુમધ્ય દેશ ભાગ સુધીનું મધ્યવર્તી અંતર સત્તાવન હજાર યોજન છે. એવી જ રીતે દકાવભાસ આવાસ પર્વત અને કેતુક નામના પાતાળકળશ સુધીનું અંતર, શંખ આવાસ પર્વત અને યૂપક નામના પાતાળકળશ વચ્ચેનું અંતર તથા દકસીમ આવાસ પર્વત અને ઈશ્વર નામના મહાપાતાલનું અંતર જાણવું જોઈએ.

**વિવેચન :–**

જંબૂદ્વીપની જગતીથી ગોસ્તૂભ પર્વતનું અંતર અડતાલીસ હજાર યોજન છે. ગોસ્તૂભ પર્વતનો વિસ્તાર એક યોજનનો છે તથા ગોસ્તૂભ પર્વત અને વડવામુખ પાતાળકળશનું અંતર બાવન હજાર યોજનનું છે. વડવામુખપાતાળ કળશનો વિસ્તાર દશ હજાર યોજનનો છે. તેના અર્ધા પાંચ હજાર યોજનને બાવન હજાર યોજનમાં મેળવી દેવાથી સત્તાવન હજાર યોજનનું અંતર ગોસ્તૂભના પૂર્વી ચરમાન્તથી વડવામુખપાતાળકળશના મધ્યભાગ સુધીનું સિદ્ધ થઈ જાય છે. આ રીતે ત્રણે મહાપાતાલ કળશનું અંતર પણ જાણી લેવું .

**१५ मल्लिस्स णं अरहओ सत्तावण्णं मणपज्जवणाणिसया होत्था ।**

**महाहिमवंत-रुप्पीणं वासहरपव्वयाणं जीवाणं धणुपिट्ठं सत्तावण्णं सत्तावण्णं जोयणसहस्साइं दोण्णि य तेणउए जोयणसए दस य एगूणवीसइभाए जोयणस्स परिक्खेवेणं पण्णत्तं ।**

**ભાવાર્થ :–** મલ્લિ અરિહંતના સંઘમાં સત્તાવન સો (૫૭૦૦) મનઃપર્યવજ્ઞાની મુનિ હતા.

મહા હિમવાન અને રુક્મી વર્ષધર પર્વતની જીવાઓનું ધનુપૃષ્ઠ સત્તાવન હજાર બસ્સો ત્રાણું યોજન અને એક યોજનના ઓગણત્રીસ ભાગોમાંથી દશ ભાગ પ્રમાણ (૫૭૨૯૩, ૧૦/૨૯ યોજન) પરિક્ષેપ છે.

**અઠાવનમું સમવાય :–**

**१६ पढम-दोच्च-पंचमासु तिसु पुढवीसु अट्ठावण्णं णिरयावास सयसहस्सा पण्णत्ता ।**

**णाणावरणिज्जस्स वेयणिय-आउय-णाम-अंतराइयस्स एएसि णं पंचण्हं कम्मपगडीणं अट्ठावण्णं उत्तरपगडीओ पण्णत्ताओ ।**

**गोथूभस्स णं आवासपव्वयस्स पच्चत्थिमिल्लाओ चरमंताओ वलयामुहस्स महापायालस्स बहुमज्झदेसभाए एस णं अट्ठावण्णं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं चउद्दिसं पि णेयव्वं ।**

**ભાવાર્થ :–** પહેલી, બીજી અને પાંચમી, આ ત્રણ નરક પૃથ્વીઓના અઠ્ઠાવનલાખ (૩૦લાખ+૨૫લાખ+૩લાખ=૫૮લાખ) નરકાવાસ છે.

જ્ઞાનાવરણીય, વેદનીય, આયુ, નામ અને અંતરાય આ પાંચે ય કર્મ પ્રકૃતિઓની ઉત્તર પ્રકૃતિઓ અઠ્ઠાવન (૫+૨+૪+૪૨+૫=૫૮) છે.

ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગથી વડવામુખ મહાપાતાલના બહુ મધ્ય દેશભાગનું અવ્યાબાધ અંતર અઠ્ઠાવન હજાર યોજન છે. એવી રીતે ચારે ય દિશાનું જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

સતાવનમાં સમવાયમાં ગોસ્તૂભ આવાસ પર્વતથી વડવામુખ મહાપાતાલના મધ્યભાગનું અંતર સત્તાવન હજાર યોજન કહ્યું છે તેમાં પર્વતની પહોળાઈ એક હજાર યોજન મેળવી દેવાથી અઠ્ઠાવન હજાર યોજન સિદ્ધ થઈ જાય છે, આવી રીતે ત્રણ મહાપાતાલ કળશનું જાણવું જોઈએ.

## ઓગણસાઠમું સમવાય :–

**१७ चंदस्स णं संवच्छरस्स एगमेगे उऊ एगूणसट्ठि राइंदियाइं राइंदियग्गेणं पण्णत्ते ।**

**संभवे णं अरहा एगूणसट्ठिं पुव्वसयसहस्साइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**मल्लिस्स णं अरहओ एगूणसट्ठिं ओहिणाणिसया होत्था ।**

**ભાવાર્થ :–** ચંદ્ર સંવત્સર (ચંદ્રવર્ષ) ની એક–એક ઋતુ રાત્રિ દિવસની ગણનાની અપેક્ષાએ ઓગણસાઠ રાત્રિ દિવસ પ્રમાણ છે.

સંભવ અરિહંત ઓગણસાઠ લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થાવાસમાં રહીને મુંડિત થઈ, ગૃહસ્થવાસને ત્યાગીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

મલ્લિ અરિહંતના સંઘમાં ઓગણસાઠસો (૫૯૦૦) અવધિજ્ઞાની હતા.

## સાઠમું સમવાય :-

**૧૮** एगमेगे णं मंडले सूरिए सट्ठिए सट्ठिए मुहुत्तेहिं संधाएइ।

**ભાવાર્થ :-** સૂર્ય એક એક મંડલને સાઠ સાઠ મુહૂર્તમાં પૂર્ણ કરે છે.

**વિવેચન :-**

સૂર્યને સુમેરુ પર્વતની એક વખત પ્રદક્ષિણા કરવામાં અર્થાત્ એક મંડલ પર પરિભ્રમણ કરવામાં સાઠ મુહૂર્ત થાય છે. મંડલ એટલે સૂર્યને મેરુ પર્વતને પરિકમ્મા કરવાનો વર્તુળાકાર માર્ગ એક સૂર્ય ૩૦મુહુર્તમાં અર્ધ મંડળને પાર કરે છે. ૬૦ મુહૂર્તે એક વર્તુળાકાર માર્ગ પૂર્ણ કરે છે.

**૧૯** लवणस्स णं समुद्दस्स सट्ठि णागसाहस्सीओ अग्गोदयं धारंति ।
विमले णं अरहा सट्ठिं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।
बलिस्स णं वइरोयणिंदस्स सट्ठिं सामाणियसाहस्सीओ पण्णत्ताओ । बंभस्स णं देविंदस्स देवरण्णो सट्ठिं सामाणियसाहस्सीओ पण्णत्ताओ ।
सोहम्मीसाणेसु दोसु कप्पेसु सट्ठिं विमाणावास सयसहस्सा पण्णत्ता ।

**ભાવાર્થ :-** લવણ સમુદ્રના અગ્રોદક (સોળ હજાર ઊંચી વેલાના ઉપરવાળું પાણી ) ને સાઠ હજાર નાગરાજદેવો ધારણ કરે છે.

વિમલનાથ અરિહંત સાઠ ધનુષ ઊંચા હતા.

બલિ વૈરોચનેન્દ્રના સાઠ હજાર સામાનિક દેવો છે. બ્રહ્મ દેવેન્દ્ર દેવરાજના સાઠ હજાર સામાનિક દેવો છે.

સૌધર્મ અને ઈશાન આ બે કલ્પનાં સાઠલાખ (૩૨લાખ +૨૮લાખ =૬૦લાખ ) વિમાનાવાસ છે.

## સમવાય-૫૧ થી ૬૦ સંપૂર્ણ

# એકસઠથી સિત્તેર સમવાય

**સમવાય સાર :–**

પ્રસ્તુત માં એકસઠથી સિત્તેર સંખ્યાથી સંબંધિત વિષયોનું પ્રતિપાદન છે, યથા– એકસઠમા સમવાયમાં એક યુગના એકસઠ ઋતુ માસ, **બાસઠમા** સમવાયમાં ભગવાન વાસુપૂજ્યના ૬૨ ગણ અને ૬૨ ગણધર, **ત્રેસઠમા** સમવાયમાં ભગવાન ઋષભદેવનો ૬૩ લાખનો પૂર્વ રાજ્યકાળ, **ચોસઠમા** સમવાયમાં ચક્રવર્તીનો બહુમૂલ્ય ચોસઠ સરો હાર, **પાંસઠમા** સમવાયમાં ગણધર મૌર્યપુત્રની ૬૫ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ, **છાસઠમા** સમવાયમાં શ્રેયાંસનાથના ૬૬ ગણ અને ૬૬ ગણધર, મતિજ્ઞાનની ઉત્કૃષ્ટ ૬૬ સાગરની સ્થિતિ, **સડસઠમા** સમવાયમાં એક યુગનાં ૬૭ નક્ષત્ર માસ, **અડસઠમા** સમવાયમાં ધાતકીખંડ દ્વીપમાં ચક્રવર્તીની ૬૮ વિજય, ૬૮ રાજધાનીઓ અને ઉત્કૃષ્ટ ૬૮ અરિહંત તથા ભગવાન વિમલનાથના ૬૮ હજાર સાધુઓ, **ઓગણોસિતેરમા** સમવાયમાં મનુષ્યલોકમાં મેરુપર્વતને છોડીને ૬૯ વર્ષક્ષેત્ર તથા વર્ષધર પર્વત, **સીત્તેરમા** સમવાયમાં ભગવાન મહાવીરનો વર્ષાવાસ વગેરે વર્ણન છે.

## એકસઠમું સમવાય :–

**૧ पंचसंवच्छरियस्स णं जुगस्स रिउमासेणं मिज्जमाणस्स इगसट्ठिं उउमासा पण्णत्ता । मंदरस्स णं पव्वयस्स पढमे कंडे एगसट्ठिजोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते । चंदमंडले णं एगसट्ठि विभागविभाइए समंसे पण्णत्ते। एवं सूरस्स वि ।**

**ભાવાર્થ** :– પાંચ સંવત્સરવાળા યુગમાં, ઋતુ મહિનાઓની ગણતરી કરતા, એકસઠ ઋતુ મહિના થાય છે. મંદર પર્વતનો પ્રથમ કાંડ એકસઠ હજાર(૬૧,૦૦૦) યોજન ઊંચો છે. ચંદ્રમંડલ– ચંદ્ર વિમાન એક યોજનના એકસઠ ભાગોથી વિભાજિત કરવા પર પૂરા છપ્પન ભાગ પ્રમાણ સમ અંશ હોય છે. એવી રીતે સૂર્ય વિમાન પણ એક યોજનને એકસઠ ભાગોમાં વિભાજિત કરવાથી પૂરા અડતાલીસ ભાગ પ્રમાણ સમ અંશ હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં ચંદ્રવિમાન ૫૬/૬૧ યોજન અને સૂર્યવિમાન ૪૮/૬૧ યોજન પ્રમાણ છે, તેનું કથન છે. એકસઠમું સમાવય હોવાથી એક યોજના એકસઠ ભાગ કરવામાં આવે તો એકસઠીયા ૫૬ અને ૪૮ ભાગ પ્રમાણ છે. ૫૬ અને ૪૮ સમસંખ્યા છે. વિષમ સંખ્યા નથી, તે **समंसे** – સમઅંશ શબ્દ દ્વારા સૂચિત કર્યુ છે.

## બાસઠમું સમવાય :-

**२** **पंच संवच्छरिए णं जुगे बावट्ठिं पुण्णिमाओ बावट्ठिं अमावसाओ पण्णत्ताओ।**

**वासुपुज्जस्स णं अरहओ बावट्ठिं गणा, बावट्ठिं गणहरा होत्था ।**

**सुक्कपक्खस्स णं चंदे बावट्ठिं भागे दिवसे दिवसे परिवड्ढइ । ते चेव बहुलपक्खे दिवसे-दिवसे परिहायइ ।**

**सोहम्मीसाणेसु कप्पेसु पढमे पत्थडे पढमावलियाए एगामेगाए दिसाए बावट्ठिं विमाणा पण्णत्ता । सव्वे वेमाणियाणं बावट्ठिं विमाणपत्थडा पत्थडग्गेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :-** પાંચ સાંવત્સરિક યુગમાં બાસઠ પૂર્ણિમાઓ અને બાસઠ અમાસ છે.

વાસુપૂજ્ય અરિહંતના બાસઠ ગણ અને બાસઠ ગણધર છે.

શુકલપક્ષમાં ચંદ્રમા દિવસે દિવસે (હંમેશાં) ૯૩૦ ભાગમાંથી બાસઠ–બાસઠ ભાગ પ્રમાણ વધતો રહે છે અને કૃષ્ણપક્ષમાં હંમેશાં એટલો જ ઘટે છે.

સૌધર્મ અને ઈશાન આ બે કલ્પના પહેલાં પ્રસ્તટની પહેલી આવલિકા(શ્રેણી)માં એક એક દિશામાં બાસઠ બાસઠ વિમાનાવાસ હોય છે. વૈમાનિક દેવલોકોનાં વિમાન પ્રસ્તટ પ્રસ્તટોની ગણનાથી બાસઠ છે.

## વિવેચન :-

પાંચ વર્ષના કાળને યુગ કહે છે. એક વર્ષમાં બાર પૂર્ણિમા અને બાર અમાસ હોય છે. એક વર્ષમાં બાર મહિના હોય છે, પણ એક યુગમાં બે મહિના અધિક આવે છે, તેથી બે પૂર્ણિમા અને બે અમાસ ગણના કરતા, એક યુગમાં બાસઠ પૂર્ણિમા અને બાસઠ અમાસ કહીં છે. વાસુપૂજ્ય તીર્થંકર પ્રભુના પ્રમુખ શિષ્ય એટલે ગણધર બાસઠ હતા અને તેમના ગણ અર્થાત અધ્યયન કરનારા શિષ્યોના સમુહ પણ બાસઠ હતા.

ચંદ્ર વિમાનથી ચાર અંગુલ નીચે નિત્ય રાહુનું વિમાન છે. ચંદ્ર કરતાં નિત્ય રાહુની પરિભ્રમણ ગતિ તીવ્ર છે. તેના કારણે પ્રતિદિન ચંદ્રની એક એક કળા કૃષ્ણ પક્ષમાં આવરિત થાય છે અને શુક્લપક્ષમાં અનારિત થાય છે. એક યુગમાં ૬૨ ચંદ્રમાસ છે. એક માસમાં ૧૫ અંશ આવરિત અનાવરિત થાય ૬૨ × ૧૫= ૯૩૦અંશ છે. પ્રતિદિન પક્ષનો પંદરમો અંશ, અર્થાત યુગના ૯૩૦ અંશનો ૬૨ મા અંશ જેટલી વધ–ઘટ થાય છે. પક્ષનો એક અંશ જ યુગનો બાસઠમો અંશ કહેવાય છે.

### ત્રેસઠમું સમવાય :-

**३** **उसभे णं अरहा कोसलिए तेसट्ठिं पुव्वसयसहस्साइं महारायवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**हरिवास-रम्मयवासेसु मणुस्सा तेवट्ठिए राइंदिएहिं संपत्तजोव्वणा भवंति।**

**णिसढे णं पव्वए तेवट्ठिं सूरोदया पण्णत्ता । एवं णीलवंते वि ।**

**ભાવાર્થ :–** કૌશલિક ઋષભ અરિહંત ત્રેસઠ લાખ પૂર્વ વર્ષ સુધી રાજ્યાસને રહીને પછી મુંડિત થઈને ગૃહસ્થ ધર્મથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

હરિવર્ષ અને રમ્યક્ વર્ષમાં મનુષ્ય ત્રેસઠ રાત્રિ દિવસમાં પૂર્ણ યૌવનને પ્રાપ્ત થાય છે અર્થાત્ ત્યાર પછી તેને માતા પિતા દ્વારા પરિપાલનની અપેક્ષા રહેતી નથી.

નિષધ પર્વત પર ત્રેસઠ સૂર્યોદય કહ્યા છે. એવી રીતે નીલવંત પર્વત પર પણ ત્રેસઠ સૂર્યોદય કહ્યા છે.

### વિવેચન :-

**નિષધ–નીલપર્વત ઉપર ત્રેસઠ સૂર્યોદય :–** જંબૂદ્વીપગત બંને સૂર્ય સુદર્શન મેરુપર્વતને પ્રદક્ષિણા કરે છે. તેના વર્તુળાકાર નિયત માર્ગને સૂર્ય મંડળ કહે છે. બંને સૂર્ય પ્રદક્ષિણા કરતાં કરતાં ૫૧૦ યોજન દૂર જાય છે અને પુનઃ પ્રદક્ષિણા કરતાં–કરતાં અંદર આવે છે.

સૂર્યના આવા કુલ ૧૮૪ મંડળ છે. તેમાં જંબૂદ્વીપ ઉપર ૬૫ મંડળ છે અને ૧૧૯ મંડળ લવણ સમુદ્ર ઉપર છે. જંબૂદ્વીપ ઉપર ૬૫ મંડળમાંથી ૬૩ મંડળ નિષધ અને નીલવાન પર્વત ઉપર છે અને બે મંડળ હરિવર્ષ–રમ્યક્વર્ષની જીવાકોટી ઉપર છે.

બંને સૂર્ય સામસામી દિશામાં રહી પરિભ્રમણ કરે છે. એક સૂર્ય નિષધ પર્વત ઉપર આવે ત્યારે તે ભારતવર્ષને પ્રકાશિત કરે છે અને તે જ સમયે બીજો સૂર્ય નીલવાન પર્વત ઉપર આવીને ઐરવત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. નિષધ અને નિલવાન પર્વત ઉપર સૂર્યના ૬૩ મંડળ હોવાથી અહીં સૂત્રકારે નિષધ–નિલવાન પર્વત ઉપર ૬૩ સૂર્યોદય કહ્યા છે.

### ચોસઠમું સમવાય :-

**४** **अट्ठट्ठमिया णं भिक्खुपडिमा चउसट्ठीए राइंदिएहिं दोहि य अट्ठासीएहिं भिक्खासएहिं अहासुत्तं** *जाव* **आणाए अणुपालित्ता भवइ ।**

**ભાવાર્થ :–** અષ્ટ–અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા ચોસઠ રાત દિવસમાં, બસો અઠયાસી ભિક્ષાદત્તિઓથી

સૂત્રાનુસાર ***યાવત્*** આજ્ઞા અનુસાર અનુપાલન કરીને આરાધિત થાય છે.

**વિવેચન :–**

જે અભિગ્રહ વિશેષની આરાધનામાં આઠ આઠ દિવસના આઠ અઠવાડિયા લાગે છે તેને અષ્ટાષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા કહે છે. તેની આરાધના કરતાં પ્રથમના આઠ દિવસમાં એક એક દત્તિ ગ્રહણ કરવામાં આવે છે. એવી રીતે બીજા, ત્રીજા આદિ આઠ આઠ દિવસમાં એક એક દત્તિ વધારતાં અંતિમ આઠ દિવસમાં આઠ આઠ ભિક્ષાદત્તિ ગ્રહણ કરવામાં આવે છે. એવી રીતે ચોસઠ દિવસમાં સર્વ ભિક્ષાદત્તિઓ બસ્સો અઠ્યાસી (૮+૧૬+૨૪+૩૨+૪૦+૪૮+૫૬+ ૬૪=૨૮૮) થાય છે.

**૫ चउसट्ठिं असुरकुमारावास सयसहस्सा पण्णत्ता । चमरस्स णं रण्णो चउसट्ठिं सामाणिय साहस्सीओ पण्णत्ताओ ।**

**सव्वे वि दधिमुहा पव्वया पल्लगसंठाणसंठिया सव्वत्थ समा विक्खंभ उस्सेहेणं चउसट्ठिं जोयणसहस्साइं पण्णत्ता ।**

**सोहम्मीसाणेसु बंभलोए य तिसु कप्पेसु चउसट्ठिं विमाणावास सयसहस्सा पण्णत्ता ।**

**सव्वस्स वि य णं रण्णो चाउरंतचक्कवट्टिस्स चउसट्ठिलट्ठीए महग्घे मुत्तामणिमए हारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** અસુરકુમાર દેવોના ચોસઠ લાખ(૬૪,૦૦,૦૦૦) આવાસ (ભવન) છે. ચમર રાજાના ચોસઠ હજાર (૬૪,૦૦૦) સામાનિક દેવો છે.

સર્વે દધિમુખ પર્વત પલ્યના આકારથી અવસ્થિત છે. નીચે ઉપર સર્વત્ર સમાન વિસ્તારવાળા છે અને ચોસઠ હજાર(૬૪,૦૦૦) યોજન ઊંચા છે.

સૌધર્મ, ઈશાન અને બ્રહ્મલોક, આ ત્રણે કલ્પોનાં મળીને ચોસઠ (૩૨+૨૮+૪=૬૪) લાખ વિમાનાવાસ છે.

દરેક ચક્રવર્તી રાજાઓને ચોસઠસરનો બહુમૂલ્ય મુક્તામણિઓનો હાર હોય છે.

**પાંસઠમું સમવાય :–**

**૬ जंबुद्दीवे णं दीवे पणसट्ठिं सूरमंडला पण्णत्ता ।**

**थेरे णं मोरियपुत्ते पणसट्ठिवासाइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता**

**अगाराओ अणगारियं पव्वइए ।**

**सोहम्मवडिंसयस्स णं विमाणस्स एगमेगाए बाहाए पणसट्ठिं पणसट्ठिं भोमा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના આ દ્વીપમાં પાંસઠ સૂર્ય મંડલ (સૂર્યના પરિભ્રમણના માર્ગ) છે.

સ્થવિર મૌર્યપુત્ર પાંસઠ વર્ષ અગારવાસમાં (ગૃહસ્થપણામાં) રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મથી અણગારધર્મમાં પ્રવ્રજિત થયા.

સૌધર્માવતંસક વિમાનની પ્રત્યેક દિશામાં પાંસઠ પાંસઠ ભવન છે.

## છાંસઠમું સમવાય :–

**૭ दाहिणड्ढमाणुस्सखेत्ताणं छावट्ठिं चंदा पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा । छावट्ठिं सूरिया तविंसु वा, तवंति वा, तविस्संति वा । उत्तरड्ढमाणुस्सखेत्ताणं छावट्ठिं चंदा पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा, छावट्ठिं सूरिया तविंसु वा, तवंति वा, तविस्संति वा ।**

**ભાવાર્થ :–** દક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્રને છાસઠ ચંદ્ર પ્રકાશિત કરતા હતા, પ્રકાશિત કરે છે અને પ્રકાશિત કરશે. એવી રીતે છાસઠ સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. ઉત્તરાર્ધમનુષ્યક્ષેત્રને પણ **છાસઠ ચંદ્ર** પ્રકાશિત કરતાં હતા, પ્રકાશિત કરે છે અને પ્રકાશિત કરશે, તેવી રીતે **છાસઠ સૂર્ય** તપતા હતા, તપે છે અને તપશે.

## વિવેચન :–

જંબૂદ્વીપમાં બે ચંદ્ર, બે સૂર્ય છે. લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડમાં બાર ચંદ્ર, બાર સૂર્ય છે. કાલોદધિ સમુદ્રમાં બેતાલીસ ચંદ્ર અને બેતાલીસ સૂર્ય છે. પુષ્કરાર્ધદ્વીપમાં બોત્તેર ચંદ્ર અને બોત્તેર સૂર્ય છે. આ બે દ્વીપ, બે સમુદ્ર અને અર્ધા પુષ્કર દ્વીપને અઢી દ્વીપ કહે છે. પુષ્કરવર દ્વીપના બરાબર મધ્યભાગમાં ગોળાકાર માનુષોત્તર પર્વત છે. જેથી તે દ્વીપના બે ભાગ થઈ જાય છે, તે પર્વતની અંદરના ભાગનું ક્ષેત્ર માનુષક્ષેત્ર અથવા મનુષ્યક્ષેત્ર કહેવાય છે, કેમ કે મનુષ્યની ઉત્પત્તિ ત્યાં સુધી જ થાય છે. જંબૂદ્વીપની મધ્યમાં સુદર્શન મેરુ પર્વત છે અને પૂર્વ અને પશ્ચિમ ધાતકીખંડમાં તથા પૂર્વ અને પશ્ચિમ અર્ધપુષ્કદ્વીપમાં એક એક મેરુ પર્વત છે. આ પાંચ મેરુ પર્વતની ઉત્તરનો વિભાગ ઉત્તરાર્ધ મનષ્યક્ષેત્ર અને મેરુ પર્વતની દક્ષિણનો વિભાગ દક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્ર કહેવાય છે. તે દક્ષિણાર્ધ– ઉત્તરાર્ધ જંબૂદ્વીપમાં એક એક, લવણ સમુદ્રમાં બે–બે, ઘાતકીખંડદ્વીપમાં છ–છ, કાલોદધિ સમુદ્રમાં એકવીસ–એકવીસ અને અર્ધપુષ્કર દ્વીપમાં છત્રીસ–છત્રીસ ચંદ્ર–સૂર્ય એટલે ૧+૨+૬+૨૧+૩૬ = ૬૬ ચંદ્ર અને ૬૬ સૂર્ય ઉત્તરાર્ધ

મનુષ્યક્ષેત્ર ઉપર અને ૬૬ ચંદ્ર, ૬૬ સૂર્ય દક્ષિણાર્ધ મનુષ્ય ક્ષેત્ર ઉપર પરિભ્રમણ કરે છે. અઢીદ્વીપ (મનુષ્ય ક્ષેત્ર) ઉપર કુલ ૬૬+૬૨ = ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પરિભ્રમણ કરતાં તે તે ક્ષેત્રને પ્રકાશિત કરે છે. આ ચંદ્ર અને સૂર્ય એક પંક્તિમાં સામસામી દિશામાં રહીને પરિભ્રમણ કરે છે. પંક્તિબદ્ધ ૬૬ સૂર્ય જે સમયે ઉત્તરાર્ધ અઢીદ્વીપને પ્રકાશિત કરે છે, તે જ સમયે અન્ય ૬૬ સૂર્ય દક્ષિણાર્ધ અઢીદ્વીપને પ્રકાશિત કરે છે. તે જ રીતે ૬૬–૬૬ ચંદ્રો સામસામી દિશામાં રહી પરિભ્રમણ કરે છે.

**૮ सेज्जंसस्स णं अरहओ छावट्ठिं गणा छावट्ठिं गणहरा होत्था ।**

**आभिणिबोहियणाणस्स णं उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं ठिई पण्णत्ता।**

**ભાવાર્થ :–** શ્રેયાંસ અરિહંતના છાસઠ ગણ અને છાસઠ ગણધર હતા.

આભિનિબોધિક (મતિ) જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાસઠ સાગરોપમની છે. (ત્રણવાર અચ્યુત દેવલોકમાં અથવા બે વખત વિજય આદિ અનુત્તર વિમાનોમાં જવાથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે.)

## સડસઠમું સમવાય :–

**૧ पंचसंवच्छरियस्स णं जुगस्स णक्खत्तमासेणं मिज्जमाणस्स सत्तसट्ठिं णक्खत्तमासा पण्णत्ता ।**

**हेमवय-एरण्णवइयाओ णं बाहाओ सत्तसट्ठिं जोयणसयाइं पणपण्णाइं तिण्णि य (एगूणवीसइ) भागा जोयणस्स आयामेणं पण्णत्ताओ ।**

**मंदरस्स णं पव्वयस्स पुरच्छिमिल्लाओ चरमंताओ गोयमदीवस्स पुरच्छिमिल्ले चरमंते एस णं सत्तसट्ठिं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते।**

**सव्वेसिं पि णं णक्खत्ताणं सीमाविक्खभेणं सत्तट्ठिं भागं भवइ समंसे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પાંચ સાંવત્સરિક યુગમાં નક્ષત્ર માસની ગણતરી કરતા સડસઠ નક્ષત્ર માસ થાય છે.

હેમવત અને હેરણ્યવત ક્ષેત્રની બાહાઓ સડસઠ સો પંચાવન યોજન અને એક યોજનના ઓગણીસ ભાગોમાંથી ત્રણ ભાગ (૬૭૫૫–૩/૧૯) યોજન પ્રમાણ લાંબી છે.

મંદર પર્વતના પૂર્વી ચરમાંત ભાગથી ગૌતમ દ્વીપના પૂર્વી ચરમાંત વચ્ચેનું અંતર સડસઠ હજાર યોજનનું છે. મેરુપર્વતના પૂર્વી ચરમાંતથી ગૌતમદ્વીપનો પૂર્વી ચરમાંત સડસઠ હજાર યોજન દૂર છે.

દરેક નક્ષત્રોના સીમા વિષ્કંભ (દિવસ રાત ચંદ્ર દ્વારા ભોગવવા યોગ્ય ક્ષેત્ર) સડસઠ ભાગોથી વિભાજિત કરવા પર સમ અંશવાળા કહેવાય છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપના મેરુ પર્વતના પૂર્વભાગથી જંબૂદ્વીપનો પશ્ચિમી ભાગ પંચાવન હજાર યોજન દૂર છે અને ત્યાંથી બાર હજાર યોજન પશ્ચિમમાં લવણ સમુદ્રની અંદર ગૌતમ દ્વીપ અવસ્થિત છે, એટલે મેરુ પર્વતના પૂર્વભાગથી ગૌતમદ્વીપનો પૂર્વભાગ (૫૫હજાર+૧૨હજાર= ૬૭હજાર) સડસઠ હજાર (૬૭,૦૦૦)યોજન પર અવસ્થિત હોવાથી ઉપર બતાવેલ અંતર સિદ્ધ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં હેમવત્ત– હેરણ્યવાર ક્ષેત્રની બાહામાં **तिण्णि य भागा जोयणस्स...** કહી છે. આ બાહા ઓગણીસયા ત્રણ ભાગ યોજન પ્રમાણે છે. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર, વક્ષ–૪સૂત્ર.૩૭માં **तिण्णि एगूणवीसइभाण...** સૂત્ર પાઠના આધારે અહીં કોસમાં एगूणवीसइ પાઠ ગ્રહણ કર્યો છે.

**અડસઠમું સમવાય :–**

**૧૦ धायइसंडे णं दीवे अडसट्ठिं चक्कवट्टिविजया, अडसट्ठिं रायहाणीओ पण्णत्ताओ । उक्कोसपए अडसट्ठिं अरहंता समुप्पज्जिंसु वा, समुप्पज्जेंति वा, समुप्पज्जिस्संति वा । एवं चक्कवट्टी बलदेवा वासुदेवा ।**

**पुक्खरवरदीवड्ढे णं अडसट्ठिं विजया, अडसट्ठिं रायहाणीओ पण्णत्ताओ। उक्कोसपए अडसट्ठिं अरहंता समुप्पज्जिंसु वा, समुप्पज्जेंति वा, समुप्पज्जिस्संति वा । एवं चक्कवट्टी बलदेवा वासुदेवा ।**

**विमलस्स णं अरहओ अडसट्ठिं समणसाहस्सीओ उक्कोसिया समणयसंपया होत्था ।**

**ભાવાર્થ :–** ધાતકી ખંડ દ્વીપમાં અડસઠ ચક્રવર્તી વિજય(ક્ષેત્ર)અને અડસઠ રાજધાનીઓ છે. ઉત્કૃષ્ટ પદની અપેક્ષા ધાતકી ખંડમાં અડસઠ અરિહંત ઉત્પન્ન થયાં હતાં, ઉંત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. એવી રીતે ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવ પણ જાણવા જોઈએ.

પુષ્કરવર દ્વીપાર્ધમાં અડસઠ ચક્રવર્તી વિજય અને અડસઠ રાજધાનીઓ છે, ત્યાં ઉત્કૃષ્ટ અડસઠ અરિહંત ઉત્પન્ન થયાં હતાં, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. તેવી જ રીતે ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવનું સમજવું જોઈએ.

વિમલનાથ અરિહંતના સંઘમાં શ્રમણોની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા અડસઠ હજાર હતી.

## વિવેચન :-

મેરુ પર્વત મધ્યમાં અવસ્થિત હોવાથી જંબૂદ્વીપનું મહાવિદેહ ક્ષેત્ર બે ભાગમાં વહેંચાય જાય છે. પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ. મધ્યમાં વહેતી સીતા નદીના કારણે પૂર્વમહાવિદેહ ક્ષેત્રના અને સીતોદા નદીના કારણે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના બે બે ભાગ થાય છે. ઉક્ત ચારે ય ખંડો, ત્રણ ત્રણ અંતર નદીઓ અને ચાર ચાર પર્વતોથી વિભાજિત થતાં એક વિભાગના પુનઃ આઠ–આઠ વિભાગ થાય છે, આ રીતે મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિભાગ થાય છે. પ્રત્યેક વિભાગમાં છ–છ ખંડ હોય, તેના પર ચક્રવર્તી વિજય પ્રાપ્ત કરે છે, તેથી તે પ્રત્યેક વિભાગને 'વિજય' કહે છે અને જ્યાં ચક્રવર્તીઓ રહે છે, તેને રાજધાની કહે છે. આ રીતે જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં સર્વ મળીને બત્રીસ વિજયક્ષેત્ર અને બત્રીસ રાજધાનીઓ છે. ભરતક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર એ બે વિજય છે અને તેની બે રાજધાની હોય છે, તે મેળવતાં ૩૨+૨=૩૪ ચોત્રીસ થાય છે. જંબૂદ્વીપથી બમણી રચના ધાતકીખંડમાં અને પુષ્કરવર દ્વીપાર્ધમાં હોય છે, તેથી તેની સંખ્યા (૩૪×૨=૬૮) અડસઠ થાય છે. તે અડસઠ ક્ષેત્રની અપેક્ષાએ અડસઠ તીર્થંકર, અડસઠ ચક્રવર્તી, અડસઠ બલદેવ, અડસઠ વાસુદેવ હોવાનું કથન છે. તે ચક્રવતી,બળદેવ, વાસુદેવ, મળીને ૬૮ સંખ્યા જાણવી જોઈએ કારણકે મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયમાં થી ૨૮ વિજયમાં ચક્રવર્તી હોય તો ચાર વિજયમાં વાસુદેવ, બળદેવ હોય અને ૨૮ વિજયમાં વાસુદેવ, બળદેવ હોય ત્યારે ચાર વિજયમાં ચક્રવર્તી હોય છે. પાંચે ય મહાવિદેહ ક્ષેત્રમાં ઓછામાં ઓછા વીસ તીર્થંકર થાય છે અને વધારેમાં વધારે એકસોને સાઠ તીર્થંકર થાય છે. તે પોત પોતાનાં ક્ષેત્રમાં વિહાર કરે છે. ઉક્ત સંખ્યામાં પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રના પાંચ–પાંચ કુલ દસ તીર્થંકર મેળવવાથી (૧૬૦+૧૦=૧૭૦) એકસો સીત્તેર તીર્થંકર એક સાથે થાય છે તે વિશેષ જાણવું જોઈએ.

## ઓગણોસિતેરમું સમવાય :-

**૧૧** **समयखेत्ते णं मंदरवज्जा एगूणसत्तरिं वासा वासधरपव्वया पण्णत्ता, तं जहा– पणत्तीसं वासा, तीसं वासहरा, चतारि उसुयारा ।**

**मंदरस्स पव्वयस्स पच्चत्थिमिल्लाओ चरमंताओ गोयमदीवस्स पच्चत्थिमिल्ले चरमंते एस णं एगूणसत्तरिं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**मोहणिज्जवज्जाणं सत्तण्हं कम्मपगडीणं एगूणसत्तरि उत्तरपगडीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** સમય ક્ષેત્ર (મનુષ્ય ક્ષેત્ર અથવા અઢી દ્વીપ) માં મંદર પર્વતને છોડીને ઓગણોસિતેર વર્ષ એટલે ક્ષેત્ર અને વર્ષધર પર્વત છે, યથા– પાંત્રીસ વર્ષ (ક્ષેત્ર), ત્રીસ વર્ષધર (પર્વત) અને ચાર ઈષુકાર પર્વત.

મંદર પર્વતના પશ્ચિમી ચરમાંતથી ગૌતમદ્વીપના પશ્ચિમી ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર ઓગણોસિતેર હજાર યોજન છે.

મોહનીય કર્મને છોડીને બાકીના સાતે ય કર્મોની ઉત્તર પ્રકૃતિ ઓગણોસિતેર છે, યથા– ૫+૯+૨+૪+૪૨+૨+૫=૬૯

**વિવેચન :–**

જંબૂદ્વીપમાં ક્ષેત્રને વિભાજિત કરતાં છ વર્ષધર પર્વતો છે– ચુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રૂકિમ અને શિખરી. આ છ પર્વતને કારણે જંબૂદ્વીપ સાત ક્ષેત્રમાં વિભાજિત થાય છે, યથા ભરતક્ષેત્ર, હેમવયક્ષેત્ર, હરિવાસ ક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર, રમ્યક્વાસ ક્ષેત્ર, હેરણ્યવય ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર છે. તેનાથી બમણા એટલે ૧૨ વર્ષધર પર્વતો અને ૧૪ ક્ષેત્રો ધાતકી ખંડદ્વીપમાં તેટલાજ અર્થાત ૧૨ વર્ષધર પર્વત અને ૧૪ ક્ષેત્રો પુષ્કાર્ધદ્વીપમાં છે.

ધાતકીખંડ દ્વીપમાં ઉત્તર અને દક્ષિણમાં એક–એક એમ બે અને પુષ્કરાર્ધદ્વીપમાં પણ ઉત્તર–દક્ષિણમાં એક એક એમ બે, કુલ ચાર ઈષુકાર પર્વત છે. તે પર્વતો ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપને પૂર્વાર્ધ – પશ્ચિમાર્ધ બે વિભાગમાં વિભકત કરે છે. આ રીતે ૬+૧૨+૧૨=૩૦ વર્ષધર પર્વત + ૪ ઈષુકાર પર્વત અને ૭+૧૪+૧૪=૩૫ ક્ષેત્ર છે, આ રીતે ૩૪+૩૫= ૬૯ ક્ષેત્ર અને પર્વત છે પ્રસ્તુત સૂત્રમાં મેરુ પર્વતની ગણના નથી કરી. મેરુ પર્વત કોઈ ક્ષેત્રનું વિભાજન કરતો નથી. પ્રસ્તુતમાં ક્ષેત્રને વિભાજિત કરતાં પર્વતની ગણના કરી છે, તેમ સમજવું.

ગૌતમ નામનો દ્વીપ પશ્ચિમી લવણ સમુદ્રમાં છે. મેરુપર્વતના પશ્ચિમી ચરમાંતથી જંબૂદ્વીપનો પશ્ચિમી ચરમાંત ૪૫ હજાર યોજન છે. ત્યાંથી ૧૨ યોજન દૂર ગૌતમ દ્વીપ છે અને તે ૧૨ યોજન લાંબો પહોળો તેથી ગૌતમ દ્વીપના પશ્ચિમી ચરમાંતનું અંતર ૪૫ + ૧૨ + ૧૨ = ૬૯ યોજનનું થાય છે.

## સીત્તેરમું સમવાય :–

**૧૨ समणे भगवं महावीरे वासाणं सवीसइराए मासे वइक्कंते सत्तरिए राइंदिएहिं सेसेहिं वासावासं पज्जोसवेइ ।**

**ભાવાર્થ :–**શ્રમણ ભગવાન મહાવીર વર્ષાકાલના વીસ દિવસ અધિક એક મહિનો (૫૦ દિવસ)વ્યતીત થઈ જવા પર અને સીત્તેર દિવસ શેષ રહેવા પર વર્ષાવાસ પર્યુષણા(સંવત્સરી)કરતાં હતાં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચાર્તુમાસ કલ્પના બે કલ્પનું કથન છે. પ્રથમ વર્ષાકલ્પ અને બીજો **પર્યુષણા**

**કલ્પ. सवीसइराए मासे** એક મહિનો અને વીસ દિવસ અર્થાત ૫૦ દિવસ નો પ્રથમ કલ્પ છે અને સીતેર દિવસનો **सत्तरिए राइंदिएहिं** બીજો કલ્પ છે. **पज्जोसवेइ** નો એક અર્થ છે સંવત્સરી– વર્ષાકલ્પના ૫૦મા દિવસે સંવત્સરી કરે ત્યારે પ્રથમ કલ્પ પૂર્ણ થાય છે. **पज्जोसवेइ** પર્યુષણા કલ્પ, ચાતુર્માસ કલ્પ કે વર્ષાવાસ કલ્પ તરીકે પણ ઓળખાય છે. નિર્યુક્તિકારે તેની વિભિન્ન વ્યાખ્યાઓ કરી છે. યથા–

**परिवसणा पज्जुसणा पज्जोसमणा य वासवासो य ।**
**पढम समोसरणं ति य ठवणा जेट्ठोग्गहेगट्ठा ॥** નિર્યુક્તિ ગાથા–૫૬

**(१) एगत्थ चत्तारि मासा परिवसंतित्ति परिवसणा ।** એક જ સ્થાનમાં ચાર મહિના રહેવું, તે **પરિવસણા.** **(२) सव्वासु दिसासु न परिब्भमंतीति पज्जुसणा ।** સર્વ દિશાઓમાં (ચારે બાજુ) પરિભ્રમણ ન કરવું તે **પજ્જોસણા.** **(३) परि सव्वतो भावे, उस निवासे एस पज्जोसमणा ।** સર્વથા ભાવે એક સ્થાનમાં (આત્મભાવમાં) રહેવું તે **પજ્જોસમણા.** **(४) वरिसासु चत्तारि मासा एगत्थ अच्छंतीति वासावासो ।** વર્ષાકાળના ચાર મહિના માટે એક સ્થાનમાં વાસ કરવો, રહેવું, તે **વર્ષાવાસ.** **(५) निव्वाघातेणं पाउसे चेव वासपाउग्गं खित्तं पविसंतीति पढमसमोसरणं ।** વરસાદના સમયે નિર્વ્યાઘાત–વ્યાઘાત ન થાય તેવા ક્ષેત્રમાં પ્રવેશ કરીને રહેવું, તે **પ્રથમ સમવસરણ**. **(६) उडुबद्धो एक्केक्कं मासं खेत्तोग्गहो भवति वरिसासु चत्तारि मासा एग खेत्तोग्गहो भवतित्ति जिट्ठोग्गहो।** ઋતુબદ્ધકાળ અર્થાત્ શેષકાળમાં એક-એક માસ પર્યંત ક્ષેત્રનું ગ્રહણ (ક્ષેત્ર ગ્રહણની આજ્ઞા) હોય છે અને વર્ષાકાળમાં ચાર માસ માટે ક્ષેત્ર ગ્રહણ થાય છે, તે ઋતુબદ્ધની અપેક્ષાએ જયેષ્ઠ-વધુ ગ્રહણ હોવાથી **જેઠ ગ્રહ** કહેવાય છે. આ સર્વ વ્યાખ્યા એક અર્થને અર્થાત્ ચાતુર્માસ કલ્પને જ સૂચિત કરે છે.આ ચાર્તુમાસ કલ્પમાં (૧) સાધુ–સાધ્વીએ ચોમાસાનો એક મહિનો અને વીસ દિવસ વ્યતીત થયા પછી અર્થાત્ ભાદરવા સુદ પાંચમના પર્યુષણા(સંવત્સરી) કરવી જોઈએ. **जे आसाढचाउमासियातो सवीसतिराते मासे गते पज्जोसवेंति ।** – નિર્યુક્તિ ગા. ૭૧ની ચૂર્ણિ.

**१३ पासे णं अरहा पुरिसादाणीए सत्तरिं वासाइं बहुपडिपुण्णाइं सामण्ण परियागं पाउणित्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**वासुपुज्जे णं अरहा सत्तरिं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંત પૂરા સીત્તેર વર્ષ શ્રમણ પર્યાયનું પાલન કરી સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

વાસુપૂજ્ય અરિહંત સીત્તેર ધનુષ ઊંચા હતા.

**१४ मोहणिज्जस्स णं कम्मस्स सत्तरिं सागरोवमकोडाकोडीओ अबाहूणिया कम्मट्ठिई कम्मणिसेगे पण्णत्ते ।**

**माहिंदस्स णं देविंदस्स देवरण्णो सत्तरि सामाणियसाहस्सीओ**

**पण्णत्ताओ।**

**ભાવાર્થ :–** મોહનીય કર્મની અબાધા કાળથી રહિત સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ કર્મ સ્થિતિ અને કર્મ પુદ્‌ગલોની નિષેક રચના કહી છે.

દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્રના સામાનિક દેવો સીત્તેર હજાર છે.

**વિવેચન :–**

મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. જ્યાં સુધી બંધાયેલાં કર્મ ઉદયમાં આવીને બાધા ન આપે તેને અબાધાકાળ કહે છે. અબાધાકાળનો સામાન્ય નિયમ છે કે એક ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ જ્યારે બંધાય ત્યારે અબાધાકાળ એક સો વર્ષનો થાય છે. આ નિયમ અનુસાર મોહનીય કર્મની સીત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ બંધાય ત્યારે તેનો અબાધાકાળ સીત્તેર સો વર્ષ અર્થાત્ સાત હજાર વર્ષનો હોય છે. એટલા અબાધાકાળને છોડીને શેષ રહેલી સ્થિતિમાં કર્મ પરમાણુઓની ફળ દેવા યોગ્ય નિષેક રચના થાય છે. તેનો ક્રમ એ છે કે, અબાધાકાળ પૂર્ણ થાય, ત્યાર પછી પ્રથમ સમયમાં ઘણા કર્મ દલિકો નિષિક્ત હોય છે અર્થાત્ કર્મ પુદ્‌ગલો નિયુક્ત કરવામાં આવે છે. બીજા સમયમાં તેનાથી ઓછા, ત્રીજા સમયમાં તેનાથી ઓછા નિષિક્ત થાય છે. આ રીતે ઉત્તરોત્તર ઓછા ઓછા થતાં સ્થિતિના અંતિમ સમયે સહુથી ઓછા કર્મ દલિકો નિષિક્ત હોય છે. આ નિષિક્ત કર્મ દલિકો પોત પોતાનો સમય આવવા પર ફળ આપીને ખરી જાય છે.

**સમવાય–૬૧ થી ૭૦ સંપૂર્ણ**

# એકોતેરથી એંસી સમવાય

**પરિચય :–**

પ્રસ્તુત માં એકોતેરથી એંસી સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, **એકોતેરમા** સમવાયમાં ભગવાન અજિતનાથ અને સગર ચક્રવર્તી ૭૧ લાખ પૂર્વ વર્ષની ગૃહસ્થાવાસ્થામાં રહીને દીક્ષિત થયા, **બોત્તેરમા** સમવાયમાં ભગવાન મહાવીર તેમજ તેના ગણધર અચલભ્રાતાનું ૭૨ વર્ષનું આયુષ્ય, બોત્તેર કલાઓ, **તોંતેરમા** સમવાયમાં વિજય નામના બલદેવનું ૭૩ લાખ વર્ષનું આયુષ્ય, **ચુંમોતેરમા** સમવાયમાં અગ્નિભૂતિ ગણધરનું ૭૪ વર્ષનું આયુષ્ય **પંચોતેરમા** સમવાયમાં ભગવાન સુવિધિનાથના ૭૫૦૦ સો કેવળી, ભગવાન શીતલનાથનો તથા ભગવાન શાંતિનાથનો ૭૫ હજાર વર્ષનો ગૃહવાસ, **છોંતેરમા** સમવાયમાં વિદ્યુતકુમાર આદિ ભવનપતિ દેવોના ૭૬ – ૭૬ લાખ ભવન, **સત્યોતેરમા** સમવાયમાં સમ્રાટ ભરતની ૭૭ લાખ પૂર્વની કુમારાવસ્થા, અંગવંશ પરંપરામાં ૭૭ રાજાઓનો સંયમ સ્વીકાર, **અઠ્યોતેરમા** સમવાયમાં અકમ્પિત ગણધરનું ૭૮ વર્ષનું આયુષ્ય, **ઓગણ્યાએંસીમા** સમવાયમાં પાંચમી નરકના મધ્યભાગથી પાંચમા ઘનોદધિના નીચેના ચરમાન્ત સુધી ૭૯ હજાર યોજનનું અંતર, **એંસીમા** સમવાયમાં શ્રેયાંસનાથ ભગવાન, ત્રિપૃષ્ઠ વાસુદેવ, અચલ બળદેવની એંસી ધનુષ્યની ઊંચાઈ, ત્રિપૃષ્ઠ વાસુદેવ ૮૦ લાખ વર્ષની સમ્રાટ અવસ્થા ઈત્યાદિ વર્ણન છે.

## એકોતેરમું સમવાય :–

**१** **चउत्थस्स णं चंदसंवच्छरस्स हेमंताणं एक्कसत्तरीए राइंदिएहिं वीइक्कंतेहि सव्वबाहिराओ मंडलाओ सूरिए आउट्टिं करेइ ।**

**वीरियप्पवायस्स णं पुव्वस्स एक्कसत्तरिं पाहुडा पण्णत्ता ।**

**अजिते णं अरहा एक्कसत्तरिं पुव्वसयसहस्साइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए । सगरे णं राया चाउरंतचक्कवट्टी एक्कसत्तरिं पुव्व सयसहस्साइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ :–** (પાંચ સાંવત્સરિક યુગના) ચોથા સંવત્સરની હેમંત ઋતુનાં એકોતેર રાત્રિ દિવસ વ્યતીત થવા પર સૂર્ય સર્વથી બહારના મંડલ (ચારક્ષેત્ર)થી આવૃત્તિ કરે છે અર્થાત્ દક્ષિણાયનથી ઉત્તરાયણની તરફ ગતિ કરવાનો પ્રારંભ કરે છે.

વીર્યપ્રવાદ પૂર્વના એકોતેર પ્રાભૃત (અધિકાર) છે.

અજિત અરિહંત એકોતેર લાખ પૂર્વવર્ષ ગૃહસ્થાવાસમાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. ચાતુરંત ચક્રવર્તી સગર રાજા પણ એકોતેર લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થાવાસમાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગારધર્મમાં પ્રવ્રજિત થયા.

**બોત્તેરમું સમવાય :–**

**२ बावत्तरिं सुवण्णकुमारावाससयसहस्सा पण्णत्ता ।**

**लवणस्स समुद्दस्स बावत्तरिं णागसाहस्सीओ बाहिरियं वेलं धारंति ।**

**समणे भगवं महावीरे बावत्तरिं वासाइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे । थेरे णं अयलभाया बावत्तरिं वासाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**अब्भिंत्तरपुक्खरद्धे णं बावत्तरिं चंदा पभासिंसु वा, पभासंति वा, पभासिस्संति वा । बावत्तरिं सूरिया तविंसु वा, तवंति वा, तविस्संति वा । एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स बावत्तरिपुरवरसाहस्सीओ पण्णत्ताओ।**

**ભાવાર્થ :–** સુવર્ણકુમાર દેવોનાં બોત્તેર લાખ ભવન છે.

લવણ સમુદ્રની બહારની વેલાને બોત્તેર હજાર નાગકુમારદેવો ધારણ કરે છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બોતેર વર્ષનું સર્વ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા. સ્થવિર અચલભ્રાતા બોતેર વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપમાં બોતેર ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે. બોતેર સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાના બોત્તેર હજાર શ્રેષ્ઠ નગર કહ્યાં છે.

**३ बावत्तरि कलाओ पण्णत्ताओ, तं जहा– १. लेहं २. गणियं ३. रूवं ४. णट्टं ५. गीयं ६. वाइयं ७. सरगयं ८. पुक्खरगयं ९. समतालं १०. जूयं ११. जणवायं १२. पोरेकच्चं १३. अट्ठावयं १४. दगमट्टियं १५. अण्णविही १६. पाणविही १७. वत्थविही १८. सयणविही १९.अज्जं २०. पहेलीयं २१. मागहियं २२. गाहं २३. सिलोगं २४. गंधजुत्तिं २५. मधुसित्थं २६.**

**आभरणविही २७. तरुणीपडिकम्मं २८. इत्थीलक्खणं २९. पुरिसलक्खणं ३०. हयलक्खणं ३१. गयलक्खणं ३२. गोणलक्खणं ३३. कुक्कुडलक्खणं ३४ मिंढलक्खणं ३५. चक्कलक्खणं ३६. छत्तलक्खणं ३७. दंडलक्खणं ३८. असिलक्खणं ३९. मणिलक्खणं ४०. कागणिलक्खणं ४१. चम्मलक्खणं ४२. चंदचरियं ४३. सूरचरियं ४४ राहुचरियं ४५. गहचरियं ४६. सोभागकरं ४७. दोभागकरं ४८. विज्जागयं ४९. मंतगयं ५०. रहस्सगयं ५१. सभासं ५२. चारं ५३. पडिचारं ५४. बूहं ५५. पडिबूहं ५६. खंधावारमाणं ५७. णगरमाणं ५८. वत्थुमाणं ५९. खंधावारणिवेसं ६०. वत्थुणिवेसं ६१. णगरणिवेसं ६२. ईसत्थं ६३. छ.प्पवायं ६४. आससिक्खं ६५. हत्थिसिक्खं ६६. धणुव्वेयं ६७. हिरण्णपागं सुवण्णपागं मणिपागं धाउपागं ६८. बाहुजुद्धं मुट्ठिजुद्धं अट्ठिजुद्धं जुद्धं णिजुद्धं जुद्धाइजुद्धं ६९. सुत्तखेडं णालियाखेडं वट्टखेडं धम्मखेडं चम्मखेडं ७०. पत्तछेज्जं कडगच्छेज्जं ७१. सजीवं णिज्जीवं ७२. सउणिरुयं।**

**ભાવાર્થ :–** બોતેર કલાઓ છે, તે આ પ્રમાણે છે–

**૧. લેખનકલા :–** લખવાની કલા, બ્રાહ્મી આદિ અઢાર પ્રકારની લિપિઓને લખવાની કલા. **૨. ગણિત કલા :–** ગુણાકાર, ભાગાકાર, સરવાળો, બાદબાકી વગેરે કરવાની કલા. **૩. રૂપકલા :–** વસ્ત્ર, દિવાલ, સોનું, ચાંદી, વગેરે ઉપર કારીગરી કરવાની દોરવાની કલા. **૪. નાટ્યકલા :–** નૃત્ય કરવાની, અભિનય કરવાની કલા. **૫. ગીતકલા :–** ગાવાની ચતુરાઈની કલા. **૬. વાદ્યકલા :–** અનેક પ્રકારનાં વાદ્ય વગાડવાની કલા. **૭. સ્વરગતકલા :–** અનેક પ્રકારના રાગ અને રાગણીઓના સ્વર કાઢવાની કલા. **૮. પુષ્કરગતકલા :–** મૃદંગ વાદ્ય વિશેષના જ્ઞાનની કલા. **૯. સમતાલ કલા :–** સમાનતાલ બજાવવાની કલા. **૧૦. દ્યુતકલા :–** જુગાર રમવાની કલા. **૧૧. જનવાદકલા :–** જનશ્રુતિ અને કિંવદંતિઓને જાણવાની કલા. **૧૨. પુરઃ કાવ્યકલા :–** શીઘ્ર કવિતા રચવાની કલા. **૧૩.અષ્ટાપદ કલા :–** શતરંજ, ચોપાટ વગેરે રમવાની કલા. **૧૪. દકમૃતિકા કલા :–** માટી અને પાણીના મિશ્રણથી રમકડાં વગેરે બનાવવાની કલા. **૧૫. અન્નવિધિ કલા :–** અનેક પ્રકારનાં ભોજનના પદાર્થો બનાવવાની કલા. **૧૬. પાનવિધિ કલા :–** અનેક પ્રકારનાં પીણાં પેય પદાર્થ બનાવવાની કલા. **૧૭. વસ્ત્રવિધિ કલાસ –** અનેક પ્રકારનાં વસ્ત્ર નિર્માણ કરવાની કલા. **૧૮. શયનવિધિ :–** સૂવાની કલા. **૧૯. આર્યાવિધિ :–** આર્યા છંદ બનાવવાની કલા. **૨૦. પ્રહેલિકાઃ–** પ્રહેલિઓને જાણવાની કલા. ગૂઢ અર્થવાળી કવિતા કરવાની કલા. **૨૧.માગધિકા :–** સ્તુતિ પાઠ કરનાર ભાટ–ચારણો(કવિતા કરવા)ની કલા. **૨૨. ગાથા કલા :–** પ્રાકૃત આદિ ભાષાઓમાં ગાથા રચવાની કલા. **૨૩. શ્લોક કલા :–** સંસ્કૃત ભાષામાં શ્લોક બનાવવાની કલા. **૨૪. ગંધયુતિ :–** અનેક પ્રકારનાં ગંધો અને દ્રવ્યોને મેળવીને સુગંધિત પદાર્થ બનાવવાની

કલા. **૨૫. મધુસિક્થ :–** મીણના પ્રયોગની કલા. **૨૬. આભરણ વિધિ :–** આભૂષણ (અલંકારો) બનાવવાની કલા. **૨૭. તરુણી પ્રતિકર્મ :–** યુવતી સ્ત્રીઓને અનુરંજન(ખુશ) કરવાની કલા. **૨૮. સ્ત્રી લક્ષણ :–** સ્ત્રીઓનાં શુભ–અશુભ લક્ષણોને જાણવાની કલા. **૨૯. પુરુષ લક્ષણ :–** પુરુષોનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૦. હય લક્ષણ :–** ઘોડાનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૧. ગજ લક્ષણ :–** હાથીનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૨. ગોણ લક્ષણ :–** બળદનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૩. કુક્કુટ લક્ષણ :–** કુકડાનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૪. મેઢ લક્ષણ :–** ઘેટા(બકરા)નાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૫.ચક્ર લક્ષણ :–** ચક્ર આયુધનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૬. છત્ર લક્ષણ :–** છત્રનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૭. દંડ લક્ષણ :–** હાથમાં રાખવાનો દંડ–લાકડીના શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૮.અસિ લક્ષણ :–** તલવાર, બર્છી આદિનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૩૯. મણિ લક્ષણ :–** મણિઓનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા. **૪૦. કાકણી લક્ષણ :–** કાકણી નામના રત્નનાં શુભ અશુભ લક્ષણોને, ગુણોને જાણવાની કલા. **૪૧.ચર્મ લક્ષણ :–** ચામડાની પરીક્ષા કરવાની કલા અથવા ચર્મરત્નના શુભ–અશુભ લક્ષણોને જાણવાની કલા. **૪૨. ચંદ્રચર્યા :–** ચંદ્રનો ઉદય થાય ત્યારે સમકોણ, વક્રકોણ આદિ આકારવાળા ચંદ્રના નિમિત્તથી શુભ–અશુભ લક્ષણો જાણવાની કલા. **૪૩. સૂર્યચર્યા :–** સૂર્ય સંચાર (ભ્રમણ)જનિત ઉપરાગોનાં શુભ અશુભ ફળને જાણવાની કલા. **૪૪. રાહુચર્યા :–** રાહુની ગતિ અને તેનાથી ચંદ્ર ગ્રહણ વગેરે જાણવાની કલા. **૪૫. ગ્રહચર્યા :–** ગ્રહોના સંચારથી શુભ અશુભ ફળોને જાણવાની કલા. **૪૬. સૌભાગ્યકર :–** સૌભાગ્ય વધારવાના ઉપાયોને જાણવાની કલા. **૪૭. દૌર્ભાગ્યકર :–** દુર્ભાગ્યકારી(કારણોને)જાણવાની કલા. **૪૮. વિદ્યાગત :–** અનેક પ્રકારની વિદ્યાઓને જાણવાની કલા. **૪૯. મંત્રગત :–** અનેક પ્રકારના મંત્રોને જાણવાની કલા. **૫૦. રહસ્યગત :–** અનેક પ્રકારનાં ગુપ્ત રહસ્યોને જાણવાની કલા. **૫૧. સભાસ :–** પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણવાની કલા. **૫૨. ચાર કલા :–** ગુપ્તચર–જાસૂસીની કલા. જ્યોતિષ ચક્રના સંચરણને જાણવાની કલા. **૫૩. પ્રતિચાર કલા :–** ગ્રહ આદિના સંચારનું જ્ઞાન, રોગીની સેવા–શુશ્રૂષાનું જ્ઞાન. **૫૪. વ્યૂહ કલા :–** યુદ્ધમાં સેના દ્વારા ગરૂડ આદિ આકારની રચના કરવાની કલા. **૫૫. પ્રતિવ્યૂહ કલા :–** શત્રુની સેનાના પ્રતિપક્ષ રૂપમાં સેનાની રચના કરવાની કલા. **૫૬. સ્કંધાવારમાન :–** સેનાની શિબિર(છાવણી), પડાવ આદિના પ્રમાણને જાણવાની કલા. **૫૭. નગરમાન :–** નગરના માન(ક્ષેત્રફળ, સીમા વગેરે) પ્રમાણને જાણવાની કલા. **૫૮. વાસ્તુમાન :–** મકાનોનું માન – પ્રમાણને જાણવાની કલા. **૫૯. સ્કંધાવાર નિવેશ :–** સેનાને યુદ્ધ યોગ્ય ઊભી રાખવાની અથવા પડાવ કરવાની કલા. **૬૦. વસ્તુ(વાસ્તુ)નિવેશ :–** વસ્તુઓને યથોચિત સ્થાન પર રાખવાની કલા. **૬૧. નગરનિવેશ :–** નગર નિર્માણની કલા. **૬૨. ઈષુઅસ્ત્રકલા :–** દિવ્ય અસ્ત્ર સંબંધી કલા. **૬૩. છરુપગતકલા :–** તલવારની મૂઠ આદિ બનાવવાની કલા. (ખડ્ગશાસ્ત્ર) **૬૪. અશ્વ શિક્ષા :–** ઘોડાને વાહનમાં જોડવાની અને યુદ્ધમાં લડવાની શિક્ષા(તાલીમ) દેવાની કલા. **૬૫.હસ્તિ શિક્ષા :–** હાથીઓનું સંચાલન કરવાની શિક્ષા દેવાની કલા. **૬૬. ધનુર્વેદ :–** શબ્દવેધી આદિ ધનુર્વિદ્યાનું વિશિષ્ટ જ્ઞાન હોવાની કલા. **૬૭. હિરણ્યપાક :–** સુવર્ણપાક, ધાતુપાક, મણિપાક, ચાંદી, સોનું, મણિ અને લોખંડ આદિ ધાતુઓને ગાળવાનું, પકાવવાનું અને તેની ભસ્મ આદિ

બનાવવાની કલા. **૬૮. બાહુયુદ્ધ, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, લાકડીનું યુદ્ધ, સામાન્ય યુદ્ધ, નિયુદ્ધ, યુદ્ધાતિયુદ્ધ** વગેરે વિવિધ પ્રકારના યુદ્ધને જાણવાની કલા. **૬૯. સૂત્રખેડ, નાલિકા ખેડ, વર્ત્તખેડ, ધર્મખેડ, ચર્મખેડ** આદિ અનેક પ્રકારની રમતોને જાણવાની, ખેલવાની કલા. **૭૦. પત્રચ્છેદ્ય; કટક છેદ્ય :–** પત્રો અને લાકડાના છેદન ભેદનની કલા. **૭૧. સજીવ–નિર્જીવ :–** સજીવને નિર્જીવ અને નિર્જીવને સજીવ સમાન બનાવવાની કલા. **૭૨. શકુનિરુત :–** પક્ષીઓની બોલી જાણવાની કલા.

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર ટીકામાં આ કલાનું વિવેચન છે અને જ્ઞાતાધર્મકથા સૂત્ર, ઔપપાતિક સૂત્ર તથા રાજપ્રશ્નીય સૂત્રમાં પણ આ કલાઓનો નામ નિર્દેશ છે. તે શાસ્ત્રોમાં કંઈક નામભેદ અને ક્રમભેદ પણ છે.

**૪ संमुच्छिम–खहयरपंचिंदियतिरिक्ख–जोणियाणं उक्कोसेणं बावत्तरिं वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિ જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બોત્તેર હજાર વર્ષની છે.

### તોંતેરમું સમવાય :–

**૫ हरिवास–रम्मयवासियाओ णं जीवाओ तेवत्तरिं तेवत्तरिं जोयणसहस्साइं णव य एगुत्तरे जोयणसए सत्तरस यएगूणवीसइभागे जोयणस्स अद्धभागं च आयामेणं पण्णत्ताओ ।**

**विजए णं बलदेवे तेवत्तरिं वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** હરિવર્ષ અને રમ્યક વર્ષની જીવાઓ તોંતેર તોંતેર હજાર નવસો એક યોજન અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી સાડાસત્તર ભાગ પ્રમાણ (૭૩૯૦૧– ૧૭.૫/૧૯ યોજન) લાંબી છે.

વિજય બલદેવ તોંતેર લાખ વર્ષનું સર્વ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

### ચુમોતેરમું સમવાય :–

**૬ थेरे णं अग्गिभूई गणहरे चोवत्तरिं वासाइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**णिसहाओ णं वासहरपव्वयाओ तिगिच्छिदहाओ सीतोदा महाणई**

**चोवत्तरिं जोयणसयाइं साहियाइं उत्तराहिमुही पवहित्ता वइरामयाए जिब्भियाए चउजोयणायामाए पण्णासजोयणविक्खंभाए वइरतले कुंडे महया घडमुहपवतिएणं मुत्तावलिहार संठाणसंठिएणं पवाहेणं महया सद्देणं पवडइ। एवं सीता वि दक्खिणाहिमुही भाणियव्वा ।**

**चउत्थवज्जासु छसु पुढवीसु चोवत्तरिं णिरयावास सयसहस्सा पण्णत्ताउ**

**ભાવાર્થ :–** સ્થવિર અગ્નિભૂતિ ગણધર ચુંમોતેર વર્ષનું સર્વ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા *યાવત્* સર્વ દુઃખોથી રહિત થયા.

નિષધવર્ષધર પર્વતના તિગિચ્છ દ્રહથી સીતોદા મહાનદી કંઈક અધિક ચૂમોતેર સો (૭૪૦૦) યોજન ઉત્તરાભિમુખ વહીને મહાન ઘટમુખથી પ્રવેશ કરીને વજ્રમયી, ચાર યોજન લાંબી અને પચાસ યોજન પહોળી જીહ્વાથી(વહેણ–મુખથી)નીકળીને મુક્તાવલિહારના આકારવાળા પ્રવાહથી ભારે શબ્દની સાથે વજ્રતલવાળા કુંડમાં પડે છે.

તે જ રીતે સીતા નદી નીલવંત વર્ષધર પર્વતના કેસરી દ્રહથી કંઈક અધિક ચુંમોતેરસો(૭૪૦૦) યોજન દક્ષિણાભિમુખ વહીને મહાન ઘટમુખથી પ્રવેશ કરી વજ્રમયી ચાર યોજન લાંબી પચાસ યોજન પહોળી જીહ્વાથી (વહેણમુખથી)નીકળીને મુક્તાવલિહારના આકારવાળા પ્રવાહથી ભારે શબ્દની સાથે વજ્રતલવાળા કુંડમાં પડે છે.

ચોથી નરક પૃથ્વીને છોડીને શેષ છ નરક પૃથ્વીઓના મળી ચુંમોતેર લાખ (૩૦લાખ+૨૫લાખ+૧૫લાખ+૩લાખ+ પાંચ ન્યૂન ૧લાખ+પાંચ =૭૪લાખ) નરકાવાસ છે.

## પંચોતેરમું સમવાય :–

**૭** **सुविहिस्स णं पुप्फदंतस्स अरहओ पण्णत्तरिं जिणसया होत्था ।**

**सीतले णं अरहा पण्णत्तरिं पुव्वसहस्साइं अगारवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**संती णं अरहा पण्णत्तरिं वास सहस्साइं अगारवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ :–** સુવિધિ પુષ્પદંત અરિહંતના સંઘમાં પંચોતેર સો(૭૫,૦૦) કેવળી જિન હતા.

શીતલ અરિહંત પંચોતેર હજાર પૂર્વ વર્ષ ગૃહસ્થપણામાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગારધર્મમાં પ્રવ્રજિત થયા.

શાંતિનાથ અરિહંત પંચોતેર હજાર વર્ષ ગૃહસ્થપણામાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

## છોંતેરમું સમવાય :-

**૮** **छावत्तरिं विज्जुकुमारावास सयसहस्सा पण्णत्ता ।**

**एवं दीव-दिसा-उदहीणं विज्जुकुमारिंदथणियमग्गीणं, छण्हं पि जुगलयाणं छावत्तरिं सयसहस्साइं ।**

**ભાવાર્થ :-** વિદ્યુતકુમાર દેવોનાં છોંતેર લાખ આવાસ (ભવન) છે, ગાથાર્થ– દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર, આ છ યુગલ અર્થાત્ દક્ષિણ–ઉત્તર દિશાના આ છએ પ્રકારના દેવોના છોંતેર લાખ ભવન છે.

## સિત્તોતેરમું સમવાય :-

**૯** **भरहे राया चाउरंतचक्कवट्टी सत्तहत्तरिं पुव्वसयसहस्साइं कुमारावासमज्झे वसित्ता महारायाभिसेयं संपत्ते ।**

**अंगवंसाओ णं सत्तहत्तरिं रायाणो मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइया ।**

**गद्दतोय-तुसियाणं देवाणं सत्तहत्तरिं देवसहस्सपरिवारा पण्णत्ता ।**

**एगमेगे णं मुहूत्ते सत्तहत्तरिं लवे लवग्गेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :-** ચાતુરંત ચક્રવર્તી ભરતરાજા સિત્તોતેર લાખ પૂર્વ કોટિ વર્ષ કુમાર અવસ્થામાં રહીને મહારાજ પદને (ચક્રવર્તીપદને) પ્રાપ્ત થયા.

અંગવંશીય સિત્તોતેર રાજા મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

ગર્દતોય અને તુષિત લોકાન્તિક દેવોના પરિવારમાં સિત્તોતેર હજાર (૭૭૦૦૦) દેવો છે.

પ્રત્યેક મુહૂર્તમાં લવોની ગણનાથી સિત્તોતેર લવ છે.

## વિવેચન :-

લવ–કાળના માન (સમય માપ)વિશેષને લવ કહે છે. એક હૃષ્ટપુષ્ટ નિરોગી અને સંકલેશ

રહિત મનુષ્યના એકવાર શ્વાસ–ઉચ્છ્વાસ લેવાને એક પ્રાણ કહેવાય છે. સાત પ્રાણોનો એક સ્તોક અને સાત સ્તોકોનો એક લવ થાય છે અને સત્યોતેર લવનું એક મુહૂર્ત થાય છે. આ રીતે એક મુહૂર્તમાં ત્રણહજાર સાતસો તોત્તેર (૭×૭×૭૭=૩૭૭૩) શ્વાસોચ્છ્વાસ અથવા પ્રાણ થાય.

## અઠ્યોતેરમું સમવાય :–

**૧૦ सक्कस्स णं देविंदस्स देवरण्णो वेसमणे महाराया अट्ठहत्तरीए सुवण्णकुमार– दीवकुमारा–वाससयसहस्साणं आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टितं महारायत्तं आणाईसर–सेणावच्चं कारेमाणे पालेमाणे विहरइ ।**

**थेरे णं अकंपिए अट्ठहत्तरिं वासाइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**उत्तरायणणियट्टे णं सूरिए पढमाओ मंडलाओ एगूणचत्तालीसइमे मंडले अट्ठहत्तरिं एगसट्ठिभाए दिवसखेत्तस्स णिवुड्ढेत्ता रयणिखेत्तस्स अभिवुड्ढेत्ता णं चारं चरइ । एवं दक्खिणायणणियट्टे वि ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ નામના ચોથા લોકપાલ દેવ, સુવર્ણ કુમારો અને દ્વીપ કુમારોના (૩૮લાખ+૪૦લાખ = ૭૮લાખ) અઠ્યોતેર લાખ આવાસો (ભવનો)નું આધિપત્ય, અગ્રસ્વામિત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, (પોષકત્વ) મહારાજત્વ, સેનાનાયકત્વ કરે છે અને તેનું શાસન તેમજ પ્રતિપાલન પણ કરે છે.

સ્થવિર અકમ્પિત અઠ્યોતેર વર્ષનું સર્વ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

ઉત્તરાયણથી પાછો ફરતો સૂર્ય પ્રથમ મંડલથી ઓગણચાલીસમાં મંડલ સુધી એક મુહૂર્તના એકસઠિયા અઠ્યોતેર ભાગ પ્રમાણ દિવસને અને રાત્રિના ક્ષેત્રને વધારીને સંચાર કરે છે. એવી રીતે દક્ષિણાયનથી પાછો ફરતો સૂર્ય પણ રાત્રિના તેટલા જ પ્રમાણને ઘટાડતાં અને દિવસના પ્રમાણને વધારતાં સંચાર કરે છે.

## ઓગણ્યાએંસીમું સમવાય :–

**૧૧ वलयामुहस्स णं पायालस्स हिट्ठिल्लाओ चरमंताओ इमीसे णं रयणप्पभाए पुढवीए हेट्ठिल्ले चरमंते एस णं एगूणासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं केउस्स वि, जूयस्स वि, ईसरस्स वि ।**

**ભાવાર્થ :–** વડવામુખ નામના મહાપાતાલ કળશના અધસ્તન ચરમાંત ભાગથી આ રત્નપ્રભા પૃથ્વીના નીચલા ચરમાંત ભાગનું અંતર ઓગણ્યાએંસી હજાર(૭૯,૦૦૦) યોજન છે. તે રીતે કેતુક, યૂપક અને ઈશ્વર નામના મહાપાતલોનું અંતર પણ જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

રત્નપ્રભાનરક પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન જાડી છે. તેમાં લવણ સમુદ્ર એક હજાર યોજન ઊંડો છે. તે ઊંડાઈથી એક લાખ યોજન ઊંડો વડવામુખ પાતાલ કળશ છે. તેના અંતિમ ભાગથી રત્નપ્રભા પૃથ્વીનો અંતિમ ભાગ ઓગણ્યાએંસી હજાર યોજન છે. કેમ કે રત્નપ્રભા પૃથ્વીના એક લાખ એંસી હજાર યોજન જાડાઈમાંથી એક લાખ યોજનની પાતાળકળશની ઊંચાઈ અને એક હજાર યોજનની સમુદ્રની ઊંડાઈને ઘટાડવા થી (૧૮૦૦૦૦ – ૧૦૧૦૦૦ = ૭૯૦૦૦) ઓગણ્યાએંસી હજાર યોજનનું અંતર સિદ્ધ થઈ જાય છે. એવી રીતે બાકીના ત્રણે પાતાલ કલશોનું અંતર પણ તેના અધસ્તન અંતિમ ભાગથી રત્નપ્રભા પૃથ્વીના અધસ્તન અંતિમ ભાગ સુધી ઓગણ્યાએંસી – ઓગણ્યાએંસી હજાર યોજન જાણી લેવું જોઈએ.

**૧૨ पंचमीए (छट्ठीए) पुढवीए बहुमज्झदेसभायाओ पंचमस्स (छट्ठस्स) घणोदहिस्स हेट्ठिल्ले चरमंते एस णं एगूणासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પાંચમી(છટ્ઠી) પૃથ્વીના બહુમધ્ય દેશ ભાગથી પાંચમા છટ્ઠા ઘનોદધિના અધસ્તન ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર ઓગણ્યાએંસી હજાર યોજન નું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચમી નરકના મધ્યમભાગથી પાંચમા ઘનોદધિના નીચેના ચરમાંતનું અંતર ૭૯૦૦૦ યોજનનું છે. પાંચમી નરક પૃથ્વીનો પિંડ એક લાખને અઢાર હજાર (૧,૧૮,૦૦૦) યોજનનો છે. તેનો બરોબર મધ્ય ભાગ ૫૯૦૦૦ યોજને અને પાંચમી નરક પૃથ્વી નીચે પાંચમો ઘનોદધિ ૨૦૦૦૦ યોજનની જાડાઈ ધરાવે છે, તે ઉમેરતા ૫૯૦૦૦ + ૨૦૦૦૦ = ૭૯૦૦૦ યોજનનું અંતર પાંચમી નરકપૃથ્વીથી પાંચમા ઘનોદધિના નીચેના ચરમાંતનું પ્રાપ્ત થયા છે.

પ્રાયઃ પ્રતોમાં छट्ठीए पुढवीए छट्ठस्स घणोदहिस्स છટ્ઠી પૃથ્વી અને છટ્ઠા ઘનોદધિના અંતરનો પાઠ છે પરંતુ શ્રી જીવાભિગમ સૂત્ર, પ્રતિપત્તિ–૩, ઉદ્દેશક–૧ પ્રમાણે છટ્ઠી નરકપૃથ્વીની જાડાઈ એક લાખ અને સોળ હજાર યોજન છે. તેના મધ્યભાગથી છટ્ઠા ઘનોદધિનો નીચેનો ચરમાંત ૫૮૦૦૦ + ૨૦૦૦૦ = ૭૮૦૦૦ યોજન થાય માટે પ્રસ્તુત સૂત્રમાં छट्ठीए અને छट्ठस्स શબ્દને કૌસમાં રાખ્યો છે. ૭૯૦૦૦ યોજન નું અંતર પાંચમી નરકના મધ્યભાગથી પાંચમા ઘનોદધિની નીચેના ચરમાંત સુધીમાં

સિદ્ધ થાય છે, માટે અહીં સૂત્રપાઠમાં પંચમસ્સ પાઠ ગ્રહણ કર્યો છે.

**१२ जंबुद्दीवस्स णं दीवस्स दारस्स य दारस्स य एगूणासीइं जोयणसहस्साइं साइरेगाइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ :–**જંબૂદ્વીપના એક દ્વારથી બીજા દ્વારનું મધ્યવર્તી અંતર ઓગણ્યાએંસી હજાર યોજનથી કંઈક અધિક છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપની પૂર્વ વગેરે ચારે દિશાઓમાં વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત નામના ચાર દ્વાર છે. જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ અને ૧૩–૧/૨ અંગુલ પ્રમાણ છે. પ્રત્યેક દ્વારની પહોળાઈ ચાર ચાર યોજન છે. ચારેયની પહોળાઈ સોળ યોજનને ઉક્ત પરિધિના પ્રમાણમાંથી ઘટાડી ને શેષ રહેલી સંખ્યાને ચાર ભાગ આપવા પર એક દ્વારથી બીજા દ્વારનું અંતર ઓગણ્યાએંસી હજાર યોજનથી કંઈક અધિક થાય છે.

**એંસીમું સમવાય :–**

**१३ सेज्जंसे णं अरहा असीइं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । तिविट्ठे णं वासुदेवे असीइं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । अयले णं बलदेवे असीइं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । तिविट्ठे णं वासुदेवे असीइं वाससयसहस्साइं महाराया होत्था ।**

**आउबहुले णं कंडे असीइ जोयणसहस्साइं बाहल्लेणं पण्णत्ते ।**

**ईसाणस्स देविंदस्स देवरण्णो असीइं सामाणिय साहस्सीओ पण्णत्ताओ।**

**जंबुद्दीवे णं दीवे असीउत्तरं जोयणसयं ओगाहेत्ता सूरिए उत्तरकट्ठोवगए पढमं उदयं करेइ ।**

**ભાવાર્થ :–** શ્રેયાંસ અરિહંત એંસી ધનુષ ઊંચા હતા. ત્રિપૃષ્ઠ વાસુદેવ એંસી ધનુષ ઊંચા હતા. અચલ બલદેવ એંસી ધનુષ ઊંચા હતા. ત્રિપૃષ્ઠ વાસુદેવ એંસી લાખ વર્ષ મહારાજ પદ પર રહ્યા હતા.

રત્નપ્રભાનરક પૃથ્વીનો ત્રીજો જળબહુલ કાંડ (ભાગ) એંસી હજાર યોજન જાડો છે.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનના એંસી હજાર સામાનિક દેવો છે.

જંબૂદ્વીપની અંદર એકસો એંસી યોજન પ્રવેશ કરીને ઉત્તર દિશામાં રહેલો સૂર્ય પ્રથમ ઉદય કરે છે અર્થાત્ પ્રથમ મંડલમાં ઉદિત થાય છે.

## વિવેચન :–

**સૂર્યનું ચારક્ષેત્ર –** ભ્રમણક્ષેત્ર ૫૧૦ યોજનનું છે. સૂર્ય મેરુ પર્વતની ફરતે પ્રદક્ષિણા કરતાં–કરતાં ૫૧૦ યોજન સુધી દૂર જાય છે અને પુનઃ ૫૧૦ યોજન ક્ષેત્રને પાર કરી અંદર આવે છે. આ ૫૧૦ યોજનના ભ્રમણ ક્ષેત્રમાં ૩૩૦ યોજન લવણ સમુદ્ર ઉપર અને ૧૮૦ યોજન જંબૂદ્વીપની ઉપર છે. ઉતરાયણગત –ઉત્તરદિશા તરફ ગતિ કરતાં કરતાં સૂર્ય જંબૂદ્વીપની ઉપરના ૧૮૦ યોજનને પાર કરી સર્વાભ્યંતર – પ્રથમ મંડલમાં ઉદિત થાય છે.

**સમવાય–૭૧ થી ૮૦ સંપૂર્ણ**

# એક્યાસીથી નેવું સમવાય

**સમવાય સાર :–**

પ્રસ્તુતમાં એકયાસીથી નેવું સંખ્યાથી સંબંધિત વિષયોનું નિરૂપણ છે, યથા–**એક્યાસીમા** સમવાયમાં કુંથું અરિહંતના ૮૧૦૦ મનઃપર્યવજ્ઞાની, **બ્યાસીમા** સમવાયમાં ૮૨ રાત્રિ–દિવસ વ્યતીત થવા પર ભગવાન મહાવીરના જીવનું ગર્ભાન્તરમાં સંહરણ થયું, **ત્યાંસીમા** સમવાયમાં ભગવાન શીતલનાથના ૮૩ ગણ અને ૮૩ ગણધર, **ચોર્યાસીમા** સમવાયમાં ભગવાન ઋષભદેવનું ૮૪ લાખ પૂર્વનું અને ભગવાન શ્રેયાંસનાથનું ૮૪ લાખ વર્ષનું આયુષ્ય, ભગવાન ઋષભદેવના ૮૪ ગણ, ૮૪ ગણધર અને ૮૪ હજાર સાધુઓ, **પંચાસીમા** સમવાયમાં આચારાંગસૂત્ર ના ૮૫ ઉદ્દેશન કાલ, **છયાંસીમા** સમવાયમાં ભગવાન સુવિધિનાથના ૮૬ ગણ અને ૮૬ ગણધર, ભગવાન સુપાર્શ્વનાથના ૮૬૦૦ વાદી, **સત્યાસીમા** સમવાયમાં જ્ઞાનાવરણીયકર્મ અને અંતરાયકર્મ ને છોડીને શેષ છ કર્મોની ૮૭ ઉત્તર પ્રકૃતિ, **અઠયાસીમા** સમવાયમાં પ્રત્યેક સૂર્ય અને ચંદ્રના ૮૮–૮૮ મહાગ્રહ, **નેવ્યાસીમા** સમવાયમાં ત્રીજા અને ચોથા આરાના ૮૯ પક્ષ બાકી રહે ત્યારે ભગવાન ઋષભદેવના અને ભગવાન મહાવીર સ્વામીના મોક્ષે પધારવાનો ઉલ્લેખ અને ભગવાન શાંતિનાથની ૮૯ હજાર સાધ્વીઓ, **નેવુંમા** સમવાયમાં ભગવાન અજિતનાથ અને ભગવાન શાંતિનાથ, એ બન્ને તીર્થંકરોના ૯૦ ગણ અને ૯૦ ગણધર હતા વગેરે વિષયોનો ઉલ્લેખ છે.

## એક્યાસીમું સમવાય :–

**१ णवणवमिया भिक्खुपडिमा एक्कासीइ राइंदिएहिं चउहि य पंचुत्तरेहिं भिक्खासएहिं अहासुत्तं** *जाव* **आराहिया भवइ ।**

**ભાવાર્થ** :– નવનવમિકા નામની ભિક્ષુપ્રતિમા એક્યાસી રાત–દિવસમાં ચારસો પાંચ ભિક્ષાદત્તિઓ દ્વારા સૂત્રાનુસાર ***યાવત્*** આરાધિત થાય છે.

**વિવેચન :–**

**નવ–નવમિકા ભિક્ષુપ્રતિમા :** આ ભિક્ષુ પ્રતિમાને પાલન કરવામાં નવ–નવ દિવસના નવ નવક અર્થાત્ એક્યાસી દિવસ લાગે છે. પ્રથમ નવ દિવસમાં હંમેશાં એક એક ભિક્ષાદત્તિ ગ્રહણ કરાય છે. બીજા નવ દિવસમાં હંમેશાં બે–બે ભિક્ષાદત્તિ ગ્રહણ કરાય છે. આવી રીતે પ્રત્યેક નવ નવ દિવસોમાં એક એક ભિક્ષાદત્તિને વધારતાં નવમા નવકમાં પ્રતિદિન નવ–નવ ભિક્ષાદત્તિઓ ગ્રહણ કરાય છે. તે સર્વ મળી ચારસો પાંચ ભિક્ષાદત્તિઓ થાય છે. –(૯+૧૮+૨૭+૩૬+૪૫+૫૪+૬૩+૭૨+૮૧ = ૪૦૫). ગોચરીકાળ સિવાયનો સમય સાધક મૌનપૂર્વક

આગમની આજ્ઞા અનુસાર આત્મારાધનામાં વ્યતીત કરે છે.

**२ कुंथुस्स णं अरहओ एक्कासीइं मणपज्जवणाणिसया होत्था । विवाहपण्णत्तीए एकासीइं महाजुम्मसयया पण्णत्ता ।**

**ભાવાર્થ** :– કુંથુ અરિહંતના સંઘમાં એક્યાસીસો (૮૧૦૦) મનઃપર્યવજ્ઞાની હતા. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં એક્યાસી મહાયુગ્મશતક છે.

**બ્યાસીમું સમવાય :–**

**३ जंबुद्दीवे णं दीवे बासीयं मंडलसयं जं सूरिए दुक्खुत्तो संकमित्ताणं चारं चरइ, तं जहा– णिक्खममाणे य पविसमाणे य ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપમાં સૂર્ય એકસો બ્યાસી મંડલમાં બે વાર સંક્રમણ કરીને સંચાર કરે છે, યથા એક વખત નીકળતા સમયે બીજી અને વખત પ્રવેશ કરતા સમયે.

**વિવેચન :–**

સૂર્યના પરિભ્રમણના મંડલ (૧૮૪) એકસો ચોર્યાસી છે. દક્ષિણાયનમાં સૂર્ય સર્વાભ્યંતર મંડળ થી સર્વબાહ્ય મંડળ તરફ ક્રમશઃ ગમન કરે છે. ઉત્તરાયણમાં સૂર્ય સર્વબાહ્ય મંડળથી સર્વાભ્યંતર મંડળ તરફ ક્રમશઃ ગમન કરે છે. આ પ્રકારના પરિભ્રમણમાં સૂર્ય સર્વાભ્યંતર અર્થાત્ પ્રથમ અને સર્વબાહ્ય અર્થાત્ અંતિમ મંડલ પર એક એક વખત સંચાર કરે છે અને બાકીના બધાં મંડલો પર બે બેવાર સંચાર કરે છે. એક વખત ઉત્તરાયણમાં અંદર પ્રવેશ કરતાં અને બીજી વખત દક્ષિણાયનમાં બહાર નીકળતાં સમયે.

**४ समणे णं भगवं महावीरे बासीए राइंदिएहिं वीइक्कंतेहिं गब्भाओ गब्भं साहरिए ।**

**महाहिमवंतस्स णं वासहरपव्वयस्स उवरिल्लाओ चरिमंताओ सोगंधियस्स कंडस्स हेट्ठिल्ले चरिमंते एस णं बासीइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं रुप्पिस्स वि ।**

**ભાવાર્થ** :– શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બ્યાંસી રાત્રિ વ્યતીત થવા પર દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભથી ત્રિશલા માતાની કુક્ષીએ ગર્ભમાં સંહત કરવામાં આવ્યા.

મહાહિમવંત વર્ષધર પર્વતના ઉપરી ચરમાન્ત ભાગથી સૌગંધિક કાંડના અધસ્તન ચરમાન્ત ભાગનું મધ્યવર્તી અંતર બ્યાંસી સો (૮૨૦૦) યોજન છે. તે રીતે રુક્મી પર્વતનું અંતર પણ જાણી લેવું જોઈએ.

**વિવેચન :–**

રત્નપ્રભા પૃથ્વીના ત્રણ કાંડ અથવા વિભાગ છે. ખરકાંડ, પંકકાંડ અને અપ્‌બહુલ કાંડ. તેમાંથી ખરકાંડના સોળ ભાગ છે. (૧) રત્ન કાંડ (૨) વજ્ર કાંડ (૩) વૈડૂર્ય કાંડ (૪) લોહિતાક્ષ કાંડ (૫) મસારગલ્લ કાંડ (૬) હંસગર્ભ કાંડ (૭) પુલક કાંડ (૮) સૌગંધિક કાંડ (૯) જયોતિરસ કાંડ (૧૦) અંજન કાંડ (૧૧) અંજનપુલકકાંડ(૧૨) રજતકાંડ (૧૩) જાતરૂપ કાંડ (૧૪) અંક કાંડ (૧૫) સ્ફટિક કાંડ અને (૧૬) રિષ્ટ કાંડ. આ દરેક કાંડ એક એક હજાર યોજનની જાડાઈવાળા છે. અહીં આઠમા સૌગંધિક કાંડનો અધસ્તનનો ભાગ વિવક્ષિત છે. જે રત્નપ્રભા પૃથ્વીના ઉપરિમ ભાગથી આઠ હજાર યોજન છે. રત્નપ્રભા પૃથ્વીના ઉપરિમ ભાગથી મહાહિમવંત વર્ષધર પર્વતનો ઉપરિમભાગ બસો યોજન છે. આ રીતે બન્નેને મેળવીને (૮૦૦૦+૨૦૦ = ૮૨૦૦) બ્યાંસીસો યોજનનું અંતર મહાહિમવંતપર્વતના ઉપરી ભાગથી સૌગંધિક કાંડના અધસ્તનભાગ સુધીનું સિદ્ધ થઈ જાય છે. રુક્મી વર્ષધર પર્વત પણ બસો યોજન ઊંચો છે. તેના ઉપરી ભાગથી ઉક્ત સૌગન્ધિક કાંડનો અધસ્તન ભાગ પણ બ્યાંસીસો (૮૨૦૦) યોજનના અંતરવાળો છે.

**ત્યાંસીમું સમવાય :–**

**૫** **समणे भगवं महावीरं बासीइ राइंदिएहिं वीइक्कंतेहिं तेयासीइमे राइंदिए वट्टमाणे गब्भाओ गब्भं साहरिए ।**

**सीयलस्स णं अरहओ तेसीइगणा तेसीइ गणहरा होत्था । थेरे णं मंडियपुत्ते तेसीइं वासाइं सव्वाउयं पालइत्ता सिद्धे *जाव* सव्वदुक्खप्पहीणे ।**

**उसभे णं अरहा कोसलिए तेसीइं पुव्वसयसहस्साइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वइए ।**

**भरहे णं राया चाउरंतचक्कवट्टी तेसीइं पुव्वसयसहस्साइं अगारमज्झे वसित्ता जिणे जाए केवली सव्वण्णू सव्वभावदरिसी ।**

**ભાવાર્થ** :–શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બ્યાંસી રાત દિવસ વ્યતીત થઈ ગયા પછી ત્યાંસીમી રાત્રિએ દેવાનંદાના ગર્ભથી ત્રિશલાના ગર્ભમાં સંહૃત કરવામાં આવ્યા.

શીતલ અરિહંતના સંઘમાં ત્યાંસી ગણ અને ત્યાંસી ગણધર હતા. સ્થવિર મંડિતપુત્ર ત્યાંસી વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

કૌશલિક ઋષભ અરિહંત ત્યાંસી લાખ પૂર્વ વર્ષ આગારવાસમાં રહીને, મુંડિત થઈ, ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગારધર્મમાં પ્રવ્રજિત થયા.

ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા ત્યાંસી લાખ પૂર્વ વર્ષ ગૃહસ્થવાસમાં રહીને સર્વજ્ઞ સર્વભાવદર્શી કેવળી જિન થયા.

## ચોર્યાસીમું સમવાય :–

**૬ चउरासीइ णिरयावास सयसहस्सा पण्णत्ता ।**

**उसभे णं अरहा कोसलिए चउरासीइं पुव्वसयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे । एवं भरहो बाहुबली बंभी सुंदरी ।**

**सिज्जंसे णं अरहा चउरासीइं वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**तिविट्ठे णं वासुदेवे चउरासीइं वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता अप्पइट्ठाणे णरए णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ** :–સાતે નરકના કુલ મળીને ચોર્યાસી (૮૪) લાખ નરકાવાસ છે.

કૌશલિક ઋષભ અરિહંત ચોર્યાસી લાખ પૂર્વ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વદુઃખોથી રહિત થયા. એવી રીતે ભરત, બાહુબલી, બ્રાહ્મી અને સુંદરી પણ ચોર્યાસી લાખ પૂર્વ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા.

શ્રેયાંસ અરિહંત ચોર્યાસી લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

ત્રિપૃષ્ઠ વાસુદેવ ચોર્યાસી લાખ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને સાતમી પૃથ્વીના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં નારકીરૂપેથી ઉત્પન્ન થયા.

**૭ सक्कस्स णं देविंदस्स देवरण्णो चउरासीई सामाणियसाहस्सीओ पण्णत्ताओ।**

**सव्वे वि णं बाहिरया मंदरा चउरासीइं चउरासीइं जोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । सव्वे वि णं अंजणगपव्वया चउरासीइं चउरासीइं जोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**हरिवास–रम्मयवासियाणं जीवाणं धणुपिट्ठा चउरासीइं जोयणसहस्साइं सोलस जोयणाइं चत्तारि य भागा (एगूणवीसइभाए) जोयणस्स परिक्खेवेणं**

**पण्णत्ता ।**

**पंकबहुलस्स णं कण्डस्स उवरिल्लाओ चरमंताओ हेट्ठिल्ले चरमंते ए स णं चउरासीइं जोयणसयसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :–દેવેન્દ્ર દેવરાજ શક્રના ચોર્યાસી હજાર(૮૪,૦૦૦) સામાનિક દેવો છે.

જંબૂદ્વીપની બહારના સર્વ (ચારે ય) મન્દરમેરુ પર્વતો ચોર્યાસી, ચોર્યાસી હજાર(૮૪,૦૦૦) યોજન ઊંચા છે. નંદીશ્વર દ્વીપના સર્વ (ચારે ય)અંજનક પર્વતો ચોર્યાસી ચોર્યાસી હજાર(૮૪,૦૦૦) યોજન ઊંચા છે.

હરિવર્ષ અને રમ્યક વર્ષની જીવાઓના ધનુઃપૃષ્ઠનો પરિક્ષેપ (પરિધિ) ચોર્યાસી હજાર સોળ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગમાંથી ચાર ભાગ પ્રમાણ (૮૪૦૧૬, ૪/૧૯ યોજન) છે.

પંકબહુલ કાંડના ઉપરી ચરમાન્ત ભાગથી તેનો જ અધસ્તન (નીચેનો) ચરમાન્ત ભાગ ચોર્યાસી લાખ યોજનના અંતરવાળો છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં હરિવર્ષ, રમ્યક્વર્ષ ક્ષેત્રની ધનુઃ પૃષ્ઠની પરિધિ નું કથન છે. તે ચોર્યાસી હજાર સોળ યોજન અને એક યોજનના ઓગણીસ્યા ચાર ભાગ પ્રમાણ છે. પ્રાયઃ પ્રતોમાં **एगूणवीसए भाए** શબ્દ પ્રયોગ નથી. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષસ્કાર–૪, સૂ–૫૯ (પે–૨૭૩) પાઠ અનુસાર તે પાઠમાં ગ્રહણ કરી કૌંસમાં રાખ્યો છે.

રત્નપ્રભા પૃથ્વીનો બીજો પંકબહુલકાંડ ચોર્યાસી લાખ યોજન જાડો છે.

**૮ विवाहपण्णत्तीए णं भगवईए चउरासीइं पयसहस्सा पयग्गेणं पण्णत्ता।**

**ભાવાર્થ** :–વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામના ભગવતીસૂત્રના પદ ગણનાની અપેક્ષાએ ચોર્યાસી હજાર પદ છે.

**વિવેચન :–**

આચારાંગ સૂત્રનાં અઢાર હજાર પદ છે અને આગળ આગળનાં અંગોનાં તેનાથી બમણાં–બમણાં પદ હોવાથી ભગવતી સૂત્રનાં બે લાખ અઠયાસી હજાર પદ મતાન્તરથી સિદ્ધ થાય છે. અક્ષરોના સમૂહને પદ કહે છે.

**૯ चोरासीइं णागकुमारावाससयसहस्सा पण्णत्ता । चोरासीइं**

**पइण्णगसहस्साइं पण्णत्ता । चोरासीइं जोणिप्पमुहसयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ** :– નાગકુમાર દેવનાં ચોર્યાસી લાખ (૮૪,૦૦,૦૦૦) ભવન (આવાસ) છે. ચોર્યાસી હજાર (૮૪,૦૦૦)પ્રકીર્ણક ગ્રંથો છે. ચોર્યાસી લાખ જીવોયોનિ છે.

## વિવેચન :–

જીવોનાં ઉત્પત્તિ સ્થાનને યોનિ કહે છે. તે જન્મનો આધાર કહેવાય છે. તે ચોર્યાસી લાખ પ્રકારની છે. તેનું વિવરણ આ પ્રમાણે છે–

| | |
|---|---|
| (૧) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ ચારેયની સાત સાત લાખ યોનિઓ છે. | (૨૮,૦૦,૦૦૦) |
| (૨) પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાયની ક્રમશઃ દશ લાખ અને ચૌદ લાખ યોનિઓ છે. | (૨૪,૦૦,૦૦૦) |
| (૩) બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિયમાં પ્રત્યેકની બે બે લાખ યોનિઓ છે. | (૬,૦૦,૦૦૦) |
| (૪) દેવોની ચાર લાખ યોનિઓ છે. | (૪,૦૦,૦૦૦) |
| (૫) નારકીઓની ચાર લાખ યોનિઓ છે. | (૪,૦૦,૦૦૦) |
| (૬) તિર્યંચ પંચેન્દ્રિયની ચાર લાખ યોનિઓ છે. | (૪,૦૦,૦૦૦) |
| (૭) મનુષ્યોની ચૌદ લાખ યોનિઓ છે. | (૧૪,૦૦,૦૦૦) |
| | કુલ ૮૪,૦૦,૦૦૦ |

જો કે જીવોનાં ઉત્પત્તિ સ્થાન અસંખ્યાત પ્રકારના હોય છે. છતાં પણ જે યોનિમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સમાન ગુણવાળા હોય છે, તેની સમાનતાની વિવક્ષાએ તેને એક યોનિ ગણવામાં આવે છે.

**૧૦ पुव्वाइयाणं सीसपहेलियापज्जवसाणाणं सट्ठाण ट्ठाणंतराणं चोरासीए गुणकारे पण्णत्ते ।**

**ભાવાર્થ** :–પૂર્વની સંખ્યાથી લઈને શીર્ષપ્રહેલિકા નામની અંતિમ મહાસંખ્યા સુધી સ્વસ્થાન અને તેના આગળનાં સ્થાન ચોર્યાસી લાખના ગુણાકારવાળાં છે.

## વિવેચન :–

જૈન શાસ્ત્રો અનુસાર સંખ્યામાં સો, હજાર, લાખ આદિથી લઈને શીર્ષપ્રહેલિકા સુધી જે સંખ્યા સ્થાન હોય છે, તેમાં જ્યાંથી પહેલીવાર ચોર્યાસી લાખથી ગુણાકાર પ્રારંભ થાય છે, તેને સ્વસ્થાન અને તેનાથી આગળના સ્થાનને સ્થાનાન્તર કહેવાય છે, જેમ કે– ચોર્યાસી લાખ વર્ષોનું એક પૂર્વાંગ થાય છે. આ સ્વસ્થાન છે અને તેને ચોર્યાસી લાખથી ગુણાકાર કરવા પર જે પૂર્વ નામનું બીજું સ્થાન હોય છે, તે

સ્થાનાન્તર છે. એવી રીતે આગળ પૂર્વની સંખ્યાને ચોર્યાસી લાખથી ગુણાકાર કરવાથી ત્રુટિતાઙ્ગ નામનું સ્થાન પ્રાપ્ત થાય છે. આ રીતે પૂર્વથી લઈને શીર્ષપ્રહેલિકા સુધી ચૌદ સ્વસ્થાન અને ચૌદ સ્થાનાન્તર ચોર્યાસી ચોર્યાસી લાખના ગુણાકારવાળાં જાણવાં જોઈએ.

**૧૧ उसभस्सणं अरहओ कोसलियस्स चउरासीइं गणा चउरासीइं गणहरा होत्था।**

**उसभस्स णं अरहओ कोसलियस्स उसभसेणपामोक्खाओ चउरासीइं समणसाहस्सीओ होत्था ।**

**सव्वे वि य वेमाणियाणं चउरासीइं विमाणावाससयससहस्सा सत्ताणउइं सहस्सा तेवीसं च विमाणा भवंतीति मक्खायं ।**

**ભાવાર્થ** :–કૌશલિક અરિહંત ઋષભદેવના ચોર્યાસી ગણ અને ચોર્યાસી ગણધર હતા.

કૌશલિક ઋષભ અરિહંતના સંઘમાં ઋષભસેન પ્રમુખ ચોર્યાસી હજાર શ્રમણ હતા.

સર્વ વૈમાનિક દેવોના વિમાનાવાસ કુલ ચોર્યાસી લાખ સત્તાણું હજાર અને ત્રેવીસ(૮૪,૯૭,૦૨૩) છે, એ પ્રમાણે ભગવાને કહ્યું છે.

**પંચાસીમું સમવાય :–**

**૧૨ आयारस्स णं भगवओ सचूलियागस्स पंचासीइं उद्देसणकाला पण्णत्ता ।**

**ભાવાર્થ** :– ચૂલિકા સહિત ભગવાન આચારંગ સૂત્રના પંચાસી ઉદ્દેશન કાલ છે.

**વિવેચન :–**

આચારાંગસૂત્રના બે શ્રુતસ્કંધ છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં સાત, બીજામાં છ, ત્રીજામાં ચાર, ચોથામાં ચાર, પાંચમામાં છ, છઠ્ઠામાં પાંચ, સાતમામાં સાત (જે વિચ્છેદ ગયું છે), આઠમામાં આઠ અને નવમા અધ્યયનમાં ચાર ઉદ્દેશા છે. બીજા શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયનમાં અગિયાર, બીજામાં ત્રણ, ત્રીજામાં ત્રણ, ચોથામાં બે, પાંચમાં બે, છઠ્ઠામાં બે અને સાતમાં બે ઉદ્દ્શક છે. સાત અધ્યયન સુધી ઉદ્દેશક છે. ત્યાર પછીના આઠમા થી સોળ અધ્યયનમાં ઉદ્દેશક નથી. તે અધ્યયનનો જ એક એક ઉદ્દેશન કાલ ગણવામાં આવ્યો છે, તેથી નવ અધ્યયનના નવ ઉદ્દ્શન કાલ થાય છે. તે બધા મળીને ૭+૬+૪+૪+૬+૫+૭+૮+૪+૧૧+૩+ ૩+૨+૨+૨+૨+૯ = ૮૫ પંચાસી થાય છે. એક ઉદ્દેશાનો પઠન–પાઠનકાળ એક જ છે અને એક પઠન–પાઠન કાલને એક ઉદ્દેશન કાલ કહેવાય છે. આ રીતે

આચારાંગ સૂત્રના પંચાસી ઉદ્દેશન કાલ કહેલા છે.

**१३ धायइसंडस्स णं मंदरा पंचासीइं जोयणसहस्साइं सव्वग्गेणं पण्णत्ता । रुयए णं मंडलियपव्वए पंचासीइं जोयणसहस्साइं सव्वग्गेणं पण्णत्ते ।**

**णंदणवणस्स णं हेट्ठिल्लाओ चरमंताओ सोगंधियस्स कंडस्स हेट्ठिल्ले चरमंते एस णं पंचासीइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :–ધાતકીખંડના બન્ને મંદરમેરુ પર્વત ભૂમિગત અવગાઢ તળથી લઈને સર્વાગ્ર ભાગ (અંતિમ ઊંચાઈ) સુધી પંચાસી હજાર યોજન છે. (એવી રીતે પુષ્કરવર દ્વીપાર્ધના બન્ને મંદરમેરુ પર્વત પણ જાણવા જોઈએ.) રૂચક નામના તેરમા દ્વીપના અંતર્વર્તી ગોલાકાર મંડલિક પર્વત ભૂમિગત અવગાઢ તળથી લઈને સર્વાગ્ર ભાગ સુધી પંચાસી હજાર યોજન છે અર્થાત્ તે પર્વતની ઊંચાઈ પંચાસી હજાર યોજનની છે.

નંદનવનના અધસ્તન ચરમાન્ત ભાગથી લઈને સૌગન્ધિક કાંડના અધસ્તન ચરમાન્ત ભાગ સુધીનું મધ્યવર્તી અંતર પંચાસીસો (૮૫૦૦) યોજન છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપનો મેરૂ પર્વત એક લાખ યોજનનો છે પરંતુ ધાતકીખંડ અને અર્ધ પુષ્કર દ્વીપગત ચારે મેરુ પર્વતો અને રૂચક પર્વત ૧૦૦૦ યોજન જમીનમાં ઊંડા અને ૮૪૦૦૦ યોજન ઊંચા છે. આ રીતે કુલ ૮૫૦૦૦ યોજનની કુલ ઊંચાઈ થાય છે.

મેરુ પર્વતના ભૂમિતળથી નીચે રત્નપ્રભા પૃથ્વીઓ આઠમો સૌગન્ધિક કાંડનો તળભાગ આઠ હજાર યોજન નીચે છે અને નંદનવન મેરુપર્વતના ભૂમિતળથી પાંચસો યોજનની ઊંચાઈ પર અવસ્થિત છે. તેથી તેના અધસ્તન તળથી સૌગન્ધિક કાંડનો અધસ્તન તળભાગ (૮૦૦૦+૫૦૦ = ૮૫૦૦) પંચાસીસો યોજનના અંતરવાળું સિદ્ધ થાય છે.

**છ્યાંસીમું સમવાય :–**

**१४ सुविहिस्स णं पुप्फदंतस्स अरहओ छलसीइ गणा छलसीइ गणहरा होत्था । सुपासस्स णं अरहओ छलसीइ वाइसया होत्था ।**

**दोच्चाए णं पुढवीए बहुमज्झदेसभागाओ दोच्चस्स घणोदहिस्स हेट्ठिल्ले चरमंते एस णं छलसीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :– સુવિધિ અપરનામ પુષ્પદંત અરિહંતના છયાંસી ગણ અને છયાંસી ગણધર હતા. સુપાર્શ્વ અરિહંતના છ્યાંસી સો (૮૬૦૦) વાદી મુનિઓ હતાં.

બીજી નરક પૃથ્વીના મધ્યભાગથી બીજા ઘનોદધિના અધસ્તન ચરમાન્ત ભાગનું મધ્યવર્તી અંતર છ્યાંસી હજાર (૮૬,૦૦૦)યોજન છે.

**વિવેચન :–**

બીજી શર્કરાપૃથ્વી એક લાખ બત્રીસ હજાર(૧,૩૨,૦૦૦) યોજન જાડી છે, તેનો અર્ધો ભાગ છાંસઠ હજાર(૬૬,૦૦૦) યોજન પ્રમાણ છે. તે પૃથ્વીની નીચેનો ઘનોદધિ વીસ હજાર યોજન જાડો છે માટે બીજી પૃથ્વીના બરાબર મધ્ય ભાગથી બીજા ઘનોદધિનો અંતિમ ભાગ (૬૪૦૦૦+૨૦,૦૦૦ = ૮૬,૦૦૦) છ્યાંસી હજાર યોજનનું અંતર છે.

## સત્યાસીમું સમવાય :–

**૧૫ मंदरस्स णं पव्वयस्स पुरत्थिमिल्लाओ चरमंताओ गोथूभस्स आवासपव्वयस्स पच्चत्थिमिल्ले चरमंते एस णं सत्तासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । मंदरस्स णं पव्वयस्स दक्खिणिल्लाओ चरमंताओ दओभासस्स आवासपव्वयस्स उत्तरिल्ले चरमंते एस णं सत्तासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । मंदरस्स पच्चत्थिमिल्लाओ चरमंताओ संखस्सआवासपव्वयस्स पुरत्थिमिल्ले चरमंते एस णं सत्तासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । मंदरस्स उत्तरिल्लाओ चरमंताओ दगसीमस्स आवासपव्वयस्स दाहिणिल्ले चरमंते एस णं सत्तासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते।**

**ભાવાર્થ** :– મંદર પર્વતના પૂર્વી ચરમાન્ત ભાગથી ગોસ્તૂપ આવાસ પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગ સુધીનું મધ્યવર્તી અંતર સત્યાસી હજાર(૮૭,૦૦૦) યોજન છે. મંદર પર્વતના દક્ષિણી ચરમાન્ત ભાગથી દકાવભાસ આવાસ પર્વતના ઉત્તરી ચરમાન્ત ભાગ સુધીનું મધ્યવર્તી અંતર સત્યાસી હજાર યોજન છે. મન્દર પર્વતના પશ્ચિમી ચરમાન્તથી શંખ આવાસ પર્વતના પૂર્વી ચરમાન્ત ભાગ સુધીનું મધ્યવર્તી અંતર સત્યાસી હજાર યોજન છે. મંદર પર્વતના ઉત્તરી ચરમાન્તથી દકસીમ આવાસ પર્વતના દક્ષિણી ચરમાન્ત ભાગ સુધીનું મધ્યવર્તી અંતર સત્યાસી હજાર યોજન છે.

**વિવેચન :–**

મંદર પર્વત જંબૂદ્વીપના મધ્ય ભાગમાં અવસ્થિત છે અને તે ભૂમિતળ પર દશ હજાર યોજનના વિસ્તારવાળો છે. મેરુ પર્વતના આ વિસ્તારને જંબૂદ્વીપના એક લાખ યોજનમાંથી ઘટાડતાં નેવું હજાર યોજન શેષ રહે છે. તેનું અર્ધું પિસ્તાલીસ હજાર(૪૫,૦૦૦) યોજન પર જંબૂદ્વીપનો પૂર્વી ભાગ, દક્ષિણી

ભાગ, પશ્ચિમી ભાગ, ઉત્તરી ભાગ પ્રાપ્ત થાય છે. લવણ સમુદ્રની અંદર બેતાલીસ હજાર યોજનના અંતરે પૂર્વમાં વેલંધર નાગરાજનો ગોસ્તૂપ પર્વત દક્ષિણમાં દકાવભાસ પર્વત પશ્ચિમમાં શંખ પર્વત અને ઉત્તરમાં દકસીમ નામના આવાસ પર્વતો અવસ્થિત છે, તેથી મંદર પર્વતના પૂર્વી, દક્ષિણી, પશ્ચિમી અને ઉત્તરી અંતિમ ભાગથી ઉપર્યુકત બંને અંતરોને જોડવાથી (૪૫૦૦૦+૪૨૦૦૦ = ૮૭૦૦૦) સત્યાસી હજાર યોજનનું અંતર સિદ્ધ થાય છે.

**૧૬ छण्हं कम्मपगडीणं आइम–उवरिल्लवज्जाणं सत्तासीइं उत्तरपगडीओ पण्णत्ताओ ।**

**महाहिमवंत कूडस्स णं उवरिल्लाओ चरिमंताओ सोगंधियस्स कंडस्स हेट्ठिल्ले चरिमंते एस णं सत्तासीइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं रुप्पिकूडस्स वि ।**

**ભાવાર્થ** :– પહેલા જ્ઞાનાવરણીય અને અંતિમ અંતરાય કર્મને છોડીને શેષ છ કર્મ પ્રકૃતિઓની ઉત્તર પ્રકૃતિઓ (૯+૨+૨૮+૪+૪૨+૨ = ૮૭) સત્યાસી થાય છે.

મહાહિમવંત કૂટના ઉપરિમ ચરમાંત ભાગથી સૌગન્ધિક કાંડના અધસ્તન ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર સત્યાસી સો યોજન (૮૭૦૦) છે. તે રીતે રુકમી કૂટના ઉપરી ભાગથી સૌગન્ધિક કાંડના અધસ્તન ભાગનું અંતર પણ સત્યાસી સો યોજન છે.

**વિવેચન :–**

રત્નપ્રભાનરકપૃથ્વીના સમતળ ભાગથી સૌગન્ધિક કાંડ આઠ હજાર યોજન નીચે છે તથા રત્ન પ્રભાના સમતળભાગથી બસો યોજન ઊંચો મહાહિમવંત વર્ષધર પર્વત છે. તેની ઉપર મહાહિમવંત કૂટ છે, તેની ઊંચાઈ પાંચસો યોજન છે. એ ત્રણેયને જોડવા પર (૮૦૦૦+૨૦૦+૫૦૦ = ૮૭૦૦) ૮૭૦૦ યોજનનું અંતર થાય છે. એવી રીતે રુક્મી વર્ષધર પર્વત બસો યોજન અને તેની ઉપરનો રુકમી કૂટ પાંચસો યોજન ઊંચો છે તેથી રુકમી કૂટના ઉપરના ભાગથી સૌગન્ધિક કાંડની નીચે સુધીનું અંતર ૮૭૦૦ યોજન થાય છે.

**અઠયાસીમું સમવાય :–**

**૧૭ एगमेगस्स णं चंदिम–सूरियस्स अट्ठासीइं अट्ठासीइं महग्गहा परिवारो पण्णत्तो ।**

**दिट्ठिवायस्स णं अट्ठासीइं सुत्ताइं पण्णत्ताइं, तं जहा– उज्जुसुयं परिणयापरिणयं एवं *जाव* अट्ठासीइं सुत्ताणि भाणियव्वाणि जहा णंदीए ।**

**मंदरस्स णं पव्वयस्स पुरच्छिमिल्लाओ चरिमंताओ गोथूभस्स**

**आवासपव्वयस्स पुरच्छिमिल्ले चरिमंते एस णं अट्ठासीइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं चउसु वि दिसासु णेयव्वं ।**

**ભાવાર્થ** :– પ્રત્યેક ચંદ્ર અને સૂર્યના પરિવારમાં અઠ્યાસી અઠ્યાસી મહાગ્રહ છે.

દૃષ્ટિવાદ નામના બારમા અંગના સૂત્ર નામના બીજા ભેદમાં અઠયાસી સૂત્ર છે, જેમ કે– ઋજુ સૂત્ર પરિણતાપરિણત સૂત્ર, એવી રીતે ***યાવત્*** નંદી સૂત્રમાં કથિત અઠયાસી સૂત્ર કહેવાં જોઈએ.

મન્દર પર્વતના પૂર્વી ચરમાંત ભાગથી ગોસ્તૂપ આવાસ પર્વતના પૂર્વી ચરમાંતનું મધ્યવર્તી અંતર અઠ્યાસી હજાર (૮૮૦૦૦) યોજન છે. તે રીતે ચારે ય દિશાઓમાં આવાસ પર્વતોનું અંતર જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં મેરુ પર્વત અને ગોસ્તૂપ આવાસ પર્વતોના પૂર્વી ચરમાન્ત વચ્ચેનું ૮૮ હજાર યોજનનું અંતર છે અને સત્યાવીસમાં સમવાયમાં મેરુ પર્વત અને ગોસ્તુપ પર્વતના પશ્ચિમી ચરમાંતનું ૮૭૦૦૦ યોજનનું અંતર કહ્યું છે, તેમાં કોઈ વિરોધ આપતો નથી. આ આવાસ પર્વતોની પહોળાઈ ૧૦૦૦ યોજન છે. તે ઉમેરીને પ્રસ્તુતમાં કથન છે. ૪૫૦૦૦ જંબૂદ્વીપના + ૪૨૦૦૦ લવણસમુદ્રમાં આવાસ પર્વતદૂર + ૧૦૦૦ યોજન આવાસ પર્વતનો વિસ્તાર. કુલ અઠયાવીસ હજાર (૪૫૦૦૦ + ૪૨૦૦૦ + ૧૦૦૦ = ૮૮૦૦૦) યોજનની દૂરી મેરુપર્વતના પૂર્વી ચરમાંતથી આવાસ પર્વતોના પૂર્વ ચરમાંતની છે. તે જ રીતે ચારે દિશામાં અંતર સમજવું.

**૧૮ बाहिराओ णं उत्तराओ कट्ठाओ सूरिए पढमं छम्मासं अयमाणे चोयालीसइमे मंडलगए अट्ठासीइ इगसट्ठिभागे मुहुत्तस्स दिवसखेत्तस्स णिवुड्ढेत्ता रयणिखेत्तस्स अभिणिवट्टेत्ता सूरिए चारं चरइ । दक्खिणकट्ठाओ णं सूरिए दोच्चं छम्मासं अयमाणे चोयालीसइमे मंडलगए अट्ठासीइ इगसट्ठिभागे मुहुत्तस्स रयणिखेत्तस्स णिवुड्ढेत्ता दिवसखेत्तस्स अभिणिवट्टेत्ता णं सूरिए चारं चरइ ।**

**ભાવાર્થ** :–ઉત્તર દિશાથી બહાર જતાં સૂર્ય પ્રથમ છ માસમાં ચુમ્માલીસમા મંડલ પર પરિભ્રમણ કરે, ત્યારે મુહૂર્તના એકસઠિયા અઠ્યાસી ભાગ દિવસ ક્ષેત્રને (દિવસને) ઘટાડીને અને રાત્રિના ક્ષેત્ર (રાત)ને વધારીને સંચાર કરે છે. એવી રીતે દક્ષિણ દિશાથી (ઉત્તર દિશા તરફ) અંદર આવતા સૂર્ય બીજા છ મહિનામાં ચુમ્માલીસમા મંડલ પર પરિભ્રમણ કરે ત્યારે મુહૂર્તના એકસઠિયા અઠયાસી ભાગ રાત્રિ ક્ષેત્ર(રાત)ને ઘટાડીને અને દિવસ ક્ષેત્ર(દિવસ)ને વધારીને સંચાર કરે છે.

**વિવેચન :–**

સૂર્યના સર્વાભ્યંતર મંડળથી ક્રમશઃ પરિભ્રમણ કરતા સર્વ બાહ્ય મંડળ સુધી પહોંચે ત્યાં સુધીના

છ માસના સમયને દક્ષિણાયન કહે છે. તે સમયે તે દરેક મંડલ પર સૂર્ય એક મુહૂર્તના એકસઠ ભાગમાંથી બે ભાગ પ્રમાણ (૨/૬૧) દિવસનું પ્રમાણ ઘટાડતાં અને તેટલું જ (૨/૬૧) રાત્રિનું પ્રમાણ વધારતાં પરિભ્રમણ કરે છે. એવી રીતે તે જ્યારે ચુમ્માલીસમા મંડલ પર પરિભ્રમણ કરે છે, ત્યારે તે (૨/૬૧ × ૪૪ = ૮૮/૬૧) મુહૂર્તના એકસઠીયા અઠયાસી ભાગ પ્રમાણ દિવસને ઘટાડે છે અને રાત્રિને તેટલી જ વધારે છે.

સર્વ બાહ્ય મંડળથી ક્રમશઃ સર્વાભ્યંતર મંડળ પર પહોંચે ત્યાં સુધી છ માસના કાલને ઉત્તરાયણ કહે છે. ઉત્તરાયણમાં ચુમ્માલીસમા મંડલમાં એકસઠીયા અઠયાસી ભાગ રાતને ઘટાડીને અને તેટલાં જ દિવસને વધારીને પરિભ્રમણ કરે છે. ઉક્ત ભ્રમણ અનુસાર દક્ષિણાયનના અંતિમ મંડલમાં પરિભ્રમણ કરે, ત્યારે દિવસ બાર મુહૂર્તનો થાય છે અને રાત્રિ અઢાર મુહૂર્તની થાય છે તથા ઉત્તરાયણના અંતિમ મંડલમાં પરિભ્રમણ કરે, ત્યારે દિવસ ૧૮ મુહૂર્તનો અને રાત્રિ બાર મુહૂર્તની હોય છે.

## નેવ્યાસીમું સમવાય :-

**१९ उसभे णं अरहा कोसलिए इमीसे ओसप्पिणीए तइयाए सुसमदुसमाए समाएपच्छिमे भागे एगूणणउइए अद्धमासेहिं सेसेहिं कालगए** *जाव* **सव्वदुक्खप्पहीणे । समणे भगवं महावीरे इमीसे ओसप्पिणीए चउत्थाए दूसमसुसमाए समाए पच्छिमे भागे एगूणणउइए अद्धमासेहिं सेसेहिं कालगए** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**हरिसेणे णं राया चाउरंतचक्कवट्टी एगूणणउइं वाससयाइं महाराया होत्था ।**

**संतिस्स णं अरहओ एगूणणउई अज्जासाहस्सीओ उक्कोसिया अज्जियासंपया होत्था ।**

**ભાવાર્થ** :–કૌશલિક ઋષભ અરિહંત, આ અવસર્પિણીકાલના ત્રીજા સુષમ દુષમા આરાના પશ્ચિમ ભાગમાં નેવ્યાસી અર્ધમાસ (૩ વર્ષ ૮ માસ ૧૫ દિવસ) શેષ રહ્યા ત્યારે કાલગત થઈને ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

એવી રીતે શ્રમણ ભગવાન મહાવીર, આ અવસર્પિણીકાલના ચોથા દુઃષમ સુષમા કાળના અંતિમ ભાગમાં નેવ્યાસી અર્ધમાસ (૩ વર્ષ ૮ માસ ૧૫ દિવસ) શેષ રહ્યા ત્યારે કાલગત થઈને ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

ચાતુરંત ચક્રવર્તી હરિષેણ રાજા નેવ્યાસી સો (૮૯૦૦) વર્ષ મહારાજ પદે રહ્યા.

શાંતિનાથ અરિહંતના સંઘમાં નેવ્યાસી હજાર (૮૯,૦૦૦) આર્યિકાઓની ઉત્કૃષ્ટ આર્યિકા સંપદા હતી.

## નેવુંમું સમવાય :-

**૨૦ सीयले णं अरहा णउइं धणूइं उड्ढं उच्चत्तेणं होत्था । अजियस्स णं अरहओ णउइं गणा णउइं गणहरा होत्था । एवं संतिस्स वि । सयंभुस्स णं वासुदेवस्स णउइवासाइं विजए होत्था । सव्वेसिं णं वट्टवेयड्ढ पव्वयाणं उवरिल्लाओ सिहरतलाओ सोगंधियकण्डस्स हेट्ठिल्ले चरमंते एस णं णउइजोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते।**

**ભાવાર્થ** :– શીતલ અરિહંત નેવું ધનુષ ઊંચા હતા. અજિત અરિહંતના નેવું ગણ અને નેવું ગણધર હતા. એવી રીતે શાંતિનાથ જિનેશ્વરના નેવું ગણ અને નેવું ગણધર હતા. સ્વયંભૂ વાસુદેવે નેવું વર્ષમાં પૃથ્વીનો વિજય કર્યો હતો. દરેક વૃત્ત વૈતાઢ્ય પર્વતોના ઉપરી શિખરથી સૌગન્ધિક કાંડના ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર નેવું સો (૯૦૦૦) યોજન છે.

### વિવેચન :-

રત્નપ્રભાપૃથ્વીના સમતળથી સૌગન્ધિક કાંડ આઠ હજાર યોજન છે અને દરેક વૃત્તવૈતાઢ્ય પર્વત એક હજાર યોજન ઊંચા છે, બન્નેને જોડવાથીનવહજાર અર્થાત્ નેવુંસો (૮૦૦૦+૧૦૦૦ = ૯૦૦૦) યોજનનું અંતર થઈ જાય છે.

**સમવાય–૮૧ થી ૯૦ સંપૂર્ણ**

# એકાણુંથી એક સો સમવાય

**સમવાય સાર :–**

પ્રસ્તુત પ્રસંગમાં એકાણુંથી સો સંખ્યાથી સંબંધિત વિષયોનું કથન છે, યથા– **એકાણુંમા** સમવાયમાં ભગવાન કુંથુનાથના ૯૧ હજાર અવધિજ્ઞાની શ્રમણો, **બાણુંમા** સમવાયમાં ગણધર ઈન્દ્રભૂતિનું ૯૨ વર્ષનું આયુષ્ય, **ત્રાણુંમા** સમવાયમાં ભગવાન ચંદ્રપ્રભના ૯૩ ગણ અને ૯૩ ગણધર, ભગવાન શાંતિનાથના ૯૩૦૦ ચૌદ પૂર્વધારી શ્રમણ, **ચોરાણુંમા** સમવાયમાં ભગવાન અજિતનાથના ૯૪૦૦ અવધિજ્ઞાની શ્રમણ, **પંચાણુંમા** સમવાયમાં ભગવાન સુપાર્શ્વનાથના ૯૫ ગણ અને ૯૫ ગણધર, ભગવાન કુન્થુનાથનું ૯૫ હજાર વર્ષનું આયુષ્ય, **છન્નુંમા** સમવાયમાં પ્રત્યેક ચક્રવર્તીઓના ૯૬ કરોડ ગામડાંઓ, **સત્તાણુંમા** સમવાયમાં આઠ કર્મોની ૯૭ ઉત્તર પ્રકૃતિઓ, **અઠ્ઠાણુંમા** સમવાયમાં રેવતી અને જયેષ્ઠા નક્ષત્ર સુધીનાં ૧૯ નક્ષત્રોના કુલ ૯૮ તારાઓ, **નવ્વાણુંમા** સમવાયમાં મેરુ પર્વતની ભૂમિથી ૯૯ હજાર યોજનની ઊંચાઈ, **એકસોમા** સમવાયમાં ભગવાન પાર્શ્વનાથ અને ગણધર સુધર્મા સ્વામીનું ૧૦૦ વર્ષનું આયુષ્ય વગેરે વિષયો છે.

**એકાણુંમું સમવાય :–**

**૧** एकाणउई परवेयावच्च कम्मपडिमाओ पण्णत्ताओ ।

**ભાવાર્થ** :– બીજાની વૈયાવૃત્યરૂપ કર્મપ્રતિમાઓના એકાણું પ્રકાર છે.

**વિવેચન :–**

બીજા રોગી સાધુ અને આચાર્ય આદિના ભક્તપાન, સેવા, શુશ્રૂષા અને વિનય વગેરે વ્યવહારના વિશેષ સંકલ્પનું અહીં પ્રતિમા શબ્દથી કથન છે. **વૈયાવૃત્યના એકાણું પ્રકારો**નું વિવરણ આ પ્રમાણે છે.

**શુશ્રૂષા વિનયના દસ પ્રકાર:–** (૧) દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરેથી ગુણાધિક પુરુષોનો સત્કાર કરવો. (૨) તેના આવવા પર ઊભા થવું. (૩) વસ્ત્રાદિ આપીને સન્માન કરવું. (૪) આસન લાવીને તેને બેસવા માટે પ્રાર્થના કરવી. (૫) આસન અનુપ્રદાન કરવું – તેઓનું આસન એક સ્થાન ઉપરથી બીજા સ્થાને લઈ જવું. (૬) કૃતિકર્મ કરવું. (વંદન કરવા) (૭) બંને હાથની અંજલિ જોડવી. (૮) ગુરુજનોના આવવા પર તેમની સામે જઈને સ્વાગત કરવું. (૯) ગુરુજનોના જવા પર સાત–આઠ કદમ તેમની પાછળ જવું. (૧૦) તેઓ બેસે પછી બેસવું.

**અનાશાતનાદિ ૬૦ પ્રકાર:–** (૧) તીર્થંકર (૨) કેવળી પ્રજ્ઞપ્ત ધર્મ (૩) આચાર્ય (૪) વાચક (ઉપાધ્યાય)

(૫) સ્થવિર (૬) કુલ (૭) ગણ (૮) સંઘ (૯) સાંભોગિક (૧૦) આચારવાન (૧૧) વિશિષ્ટ મતિજ્ઞાની (૧૨) શ્રુતજ્ઞાની (૧૩) અવધિજ્ઞાની (૧૪) મનઃપર્યવજ્ઞાની (૧૫) કેવલજ્ઞાની. આ પંદર વિશિષ્ટ મહાપુરુષોની (૧) આશાતના ન કરવી (૨) ભક્તિ કરવી (૩) બહુમાન કરવું અને (૪) વર્ણવાદ–ગુણગાન કરવા. આ ચાર કર્તવ્યો ઉપરોકત પંદર પદવીધારીમહાપુરુષો સાથે કરવાથી (૧૫×૪ = ૬૦) સાઠ ભેદ થાય.

**ઔપચારિક વિનય ના ૭ પ્રકાર :–** (૧) અભ્યાસન :– વૈયાવૃત્ય યોગ્ય ગુરુ આદિની પાસે બેસવું. (૨) છંદાનુવર્તન :– તેમના અભિપ્રાય અનુસાર કાર્ય કરવું. (૩) કૃત પ્રતિકૃતિ :– પ્રસન્ન થયેલા આચાર્ય મને સૂત્રબોધ આપશે, તે ભાવથી તેમને આહારાદિ દેવા.(૪) કારિત નિમિત્તકરણ :– શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થવાથી ભણાવનારનો વિશેષરૂપે વિનય કરવો. (૫) દુઃખથી પીડાતાજીવોને શોધવા અથવા તેના દુઃખોને સમજવા.(૬) દેશકાળને જાણીને તેની અનુકૂળ સેવા કરવી. (૭) રોગીને પોતાના સ્વાસ્થ્યની અનુકૂળ અનુમતિ–આજ્ઞા આપવી.

**આચાર્યાદિની વૈયાવચ્ચના ચૌદ પ્રકાર :–** પાંચ પ્રકારના આચારોનું આચરણ કરાવનાર પાંચ પ્રકારના આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષ, ગ્લાન, ગણ, કુલ, સંઘ, સાધુ અને અન્ય સમનોજ્ઞ–સારા સાધુ, તેની વૈયાવચ્ચ કરવાથી વૈયાવચ્ચના ૧૪ ભેદ થાય છે.

એ રીતે શુશ્રૂષા વિનયના ૧૦ ભેદ, તીર્થંકરાદિના અનાશાતનાદિ ૬૦ ભેદ, ઔપચારિક વિનયના સાત ભેદ અને આચાર્ય આદિની વૈયાવચ્ચના ૧૪ ભેદ, સર્વ મળીને (૧૦+૬૦+૭+૧૪ = ૯૧) એકાણું ભેદ થાય છે.

**२ कालोए णं समुद्दे एकाणउइं जोयणसयसहस्साइं साहियाइं परिक्खेवेणं पण्णत्ते।**

**ભાવાર્થ** :– કાલોદ સમુદ્ર પરિક્ષેપ (પરિધિ)ની અપેક્ષાએ કંઈક અધિક એકાણું લાખ યોજન છે.

### વિવેચન :–

જંબૂદ્વીપ એક લાખ યોજન વિસ્તૃત છે. લવણ સમુદ્ર બે લાખ યોજન, ધાતકીખંડ ચાર લાખ યોજન અને કાલોદ સમુદ્ર આઠ લાખ યોજન વિસ્તૃત છે. તેની વિષ્કંભ સૂચિ (૧+૨+૨+૪+૪+૮+૮)=૨૯ લાખ યોજન થાય છે. આટલી વિષ્કંભ સૂચિવાળા કાલોદસમુદ્રની સૂક્ષ્મ ગણિતથી પરિધિ ૯૧,૭૭,૬૦૫ યોજન, ૭૧૫ ધનુષ અને કંઈક અધિક ૮૭ અંગુલ થાય છે, તેને સ્થૂલ રૂપથી સૂત્રમાં સાધિક એકાણું લાખ યોજન કહી છે.

**३ कुंथुस्स णं अरहओ एकाणउइं आहोहियसया होत्था । आउय-गोयवज्जाणं छण्हं कम्मपगडीणं एकाणउइं उत्तरपडीओ पण्णत्ताओ।**

**ભાવાર્થ** :– કુંથુ અરિહંતના સંઘમાં એકાણું સો (૯૧૦૦) નિયત ક્ષેત્રનો વિષય કરનાર અર્થાત્ જાણનાર અવધિજ્ઞાની હતા. આયુષ્ય અને ગોત્ર કર્મને છોડીને શેષ છ કર્મની પ્રકૃતિઓની ઉત્તર પ્રકૃતિઓ એકાણું –(૫+૯+૨+૨૮+૪૨+૫ = ૯૧). છે.

## વિવેચન :–

**आहोहिय** – આધોવધિ, મર્યાદિત ક્ષેત્રમાં રહેલા રૂપી પદાર્થનું સાક્ષાત્ આત્માથી જ્ઞાન થાય તેને અવધિજ્ઞાન કહે છે. ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન, પરમ અવધિજ્ઞાન છે અને તેનાથી કંઈક ન્યૂન હોય તો તે આધોવધિ કહેવાય છે. તે ચારે ગતિના જીવોને હોય શકે છે.

**પરમાવધિજ્ઞાન :–** સંપૂર્ણલોકમાં રહેલા રૂપી દ્રવ્યો તથા અલોકમાં પણ લોક જેવડા અસંખ્ય ખંડોને જાણવાનું સામર્થ્ય જે જ્ઞાનમાં હોય, તે પરમાવધિજ્ઞાન છે. તે અપ્રતિપાતિ અને ઉત્કૃષ્ટ કોટિનું અવધિજ્ઞાન છે, તે મનુષ્યને જ થાય છે.

## બાણુંમું સમવાય :–

**૪** **बाणउइं पडिमाओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ** :–પ્રતિમાઓ બાણું છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ૯૨ પ્રકારની પડિમા– પ્રતિમાનો ઉલ્લેખ છે.

**પ્રતિમા :– પ્રતિમા અભિગ્રહ વિશેષ :** વિશેષ પ્રકારે અભિગ્રહને ધારણ કરવા, વિશેષ પ્રકારની પ્રતિજ્ઞાના સ્વીકારને પ્રતિમા (પડિમા) કહે છે.

આગમમાં ભિન્ન ભિન્ન પ્રકારે પ્રતિમાઓનું વર્ણન છે. તે સર્વને ભેદ–પ્રભેદ રૂપે ગ્રહણ કરી નિર્યુક્તિકારે દશાશ્રુતસ્કંધની નિર્યુકિતમાં પ્રતિમાના ૯૨ પ્રકાર કર્યા છે.

સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા, વિવેક પ્રતિમા, પ્રતિસંલીનતા પ્રતિમા અને એકાકી વિહાર પ્રતિમા, એમ મૂળ પાંચ પ્રતિમા ગ્રહણકરી તેના ૯૨ પ્રભેદ બતાવ્યા છે. આ પાંચમાંથી સમાધિ પ્રતિમા, ઉપધાન પ્રતિમા, વિવેકનો ઉલ્લેખ ઠાણાંગ સૂત્ર સ્થાન–રમાં છે.

૧. **સમાધિ પડિમા :–** અપ્રશસ્ત ભાવોને દૂર કરી શ્રુતાભ્યાસ અને સદાચરણથી પ્રશસ્ત ભાવોની વૃદ્ધિ કરવી, તેના બે ભેદ છે– શ્રુત સમાધિ અને ચારિત્ર સમાધિ. શ્રુત સમાધિના ૬૨ ભેદ છે, યથા–

આચારાંગ સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ અધ્ય. ૮ ગત પાંચ પ્રતિજ્ઞા. (ત્રણ, બે, એક વસ્ત્ર ધારણ કરવા સંબંધી ત્રણ, અચેલક રહેવા સંબંધી અને સાધર્મિક સાધુને આહાર લાવી દેવા અને તેનાદ્વારા લાવેલા આહાર લેવા

ન લેવા સંબંધી એક) આચારાંગ સૂત્ર બીજા શ્રુતસ્કંધગત ૩૭ પ્રતિમા. ઠાણાંગ સૂત્ર સ્થાન–૨ ગત બાર પ્રતિમા અને સ્થાન ૭, ૮, ૯, ૧૦ ગત એક એક, એમ સોળ પ્રતિમા અને વ્યવહાર સૂત્રગત ચાર પ્રતિમા આ રીતે ૫ + ૩૭ + ૧૬ + ૪ = ૬૨ ભેદ શ્રુત સમાધિ પ્રતિમાના થાય છે.

ચારિત્ર સમાધિ પ્રતિમાના પાંચ ભેદ – સામાયિકાદિ પાંચ ચારિત્ર ૬૨ + ૫ = ૬૭ ભેદ સમાધિ પ્રતિમાના છે. જો કે આ બધી પ્રતિમાઓ ચારિત્રાત્મક છે પણ વિશિષ્ટ શ્રુતવાનને જ તે હોય છે, તેથી શ્રુતની પ્રધાનતાએ તેની ગણના શ્રુત સમાધિમાં કરી છે.


**૨. ઉપધાન પ્રતિમા :–** ઉપધાનનો અર્થ છે તપસ્યા. પોતાના બલવીર્ય અનુસાર શ્રાવકોની દર્શનપ્રતિમા આદિ અગિયાર અને સાધુઓની માસિકી પ્રતિમા આદિ બાર પ્રતિમાઓની સાધનાને ઉપધાન પ્રતિમા કહે છે. કુલ ૨૩ ભેદ છે.

**૩. વિવેક પ્રતિમા :–** આત્મા અને અનાત્મા બંને ભિન્ન છે, તેવું સ્વ–પરનું ભેદ જ્ઞાન કરવું. મારો આત્મા જ્ઞાન, દર્શન સ્વરૂપ છે. ક્રોધાદિ કષાયો મારાથી ભિન્ન છે, તેવું ચિંતનકરવાથી પદાર્થો પ્રતિ ઉદાસીન, ભાવ પ્રગટે છે. હેય–ઉપાદેયનો વિવેક પ્રગટે છે, તે વિવેક પ્રતિમા છે.

**૪. પ્રતિસંલીનતા પ્રતિમા :–** મન, વચન, કાયાને અને ઈન્દ્રિયોને આત્મા ભાવમાં ગોપવવા, તે પ્રતિસંલીનતા પ્રતિમા છે.

૫. એકાકી વિહાર પ્રતિમાનો સામાવેશ ભિક્ષુપ્રતિમામાં થઈ જાય છે.

**પ્રતિમાના ૯૨ પ્રકાર**




[૬૨+૫+૧૧+૧૨+૧+૧=૯૨ પ્રતિમા]

**૫ थेरे णं इंदभूई बाणउइं वासाइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्प हीणे ।**

**मंदरस्स णं पव्वयस्स बहुमज्झदेसभागाओ गोथूभस्स आवासपव्वयस्स पच्चत्थिमिल्ले चरमंते एस णं बाणउइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते एवं चउण्हं पि आवासपव्वयाणं ।**

**ભાવાર્થ** :– સ્થવિર ઈન્દ્રભૂતિ ગણધર બાણું વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

મંદર પર્વતના બહુમધ્ય દેશભાગથી ગોસ્તૂપ આવાસ પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગ વચ્ચે બાણું હજાર(૯૨,૦૦૦) યોજનનું અંતર છે. એવી રીતે ચારે ય આવાસ પર્વતનું અંતર જાણવુ.

**વિવેચન :–**

મેરુ પર્વતના મધ્યભાગથી ચારે ય દિશાઓમાં જંબૂદ્વીપની સીમા પચાસ હજાર યોજન છે અને ત્યાંથી ચારે ય દિશાઓમાં લવણ સમુદ્રની અંદરમાં બેતાલીસ હજાર યોજનની અંતરે ગોસ્તૂપ આદિ ચારે ય આવાસ પર્વતો છે, તેથી મેરુ પર્વતના મધ્યથી પ્રત્યેક આવાસ પર્વતનું અંતર બાણું હજાર યોજન(૫૦,૦૦૦ યોજન+૪૨,૦૦૦ યોજન=૯૨,૦૦૦ યોજન) થાય છે.

**ત્રાણુંમું સમવાય :–**

**૬ चंदप्पहस्स णं अरहओ तेणउइं गणा तेणउइं गणहरा होत्था । संतिस्स णं अरहओ तेणउइं चउद्दस पुव्विसया होत्था । तेणउइं मंडलगते णं सूरिए अतिवट्टमाणे णिवट्टमाणे वा समं अहोरत्तं विसमं करेइ ।**

**ભાવાર્થ** :– ચંદ્રપ્રભ અરિહંતના ત્રાણું ગણ અને ત્રાણું ગણધર હતા. શાંતિનાથ અરિહંતના સંઘમાં ત્રાણુંસો (૯૩૦૦) ચતુર્દશપૂર્વી હતા. દક્ષિણાયનથી ઉત્તરાયણ જતાં સમયે અથવા ઉત્તરાયણથી દક્ષિણાયન પાછા ફરતા સમયે ત્રાણુંમા મંડલ પર પરિભ્રમણ કરતો સૂર્ય સમ અહોરાત્રિને વિષમ કરે છે.

**વિવેચન :–**

સૂર્યના પરિભ્રમણનાં મંડલ ૧૮૪ છે. તેમાંથી જ્યારે સૂર્ય જંબૂદ્વીપની ઉપર સર્વથી અંદરના મંડલ પર સંચાર કરે છે ત્યારે દિવસ અઢાર મુહૂર્તનો હોય છે અને રાત્રિ બાર મુહૂર્તની હોય છે. એવી રીતે સૂર્ય જ્યારે લવણ સમુદ્ર ઉપર સર્વથી બહારના મંડલ પર સંચાર(પરિભ્રમણ) કરે છે, ત્યારે દિવસ બાર મુહૂર્તનો હોય છે અને રાત્રિ અઢાર મુહૂર્તની હોય છે. સૂર્ય ઉત્તરાયણમાં અને દક્ષિણાયનમાં ત્રાણુંમા મંડલ પર પરિભ્રમણ કરતો હોય ત્યારે દિવસ અને રાત્રિ બન્ને સમાન અર્થાત્ પંદર પંદર મુહૂર્તના હોય છે. તેનાથી આગળ જ્યારે તે ઉત્તર તરફ સંચાર કરે છે, ત્યારે દિવસ વધવા લાગે છે અને રાત ઘટવા લાગે છે તથા તે દક્ષિણ તરફ સંચાર કરે છે ત્યારે રાત્રિ વધવા લાગે છે અને દિવસ ઘટવા લાગે છે. આ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને કહેવાય છે કે ત્રાણુંમા મંડલગત સૂર્ય આગળ જતાં બહાર અથવા પાછા ફરતા સમ અહોરાત્રિને વિષમ કરે છે.

**ચોરાણુંમું સમવાય :–**

**૭ णिसह–णीलवंतियाओ णं जीवाओ चउणउइं चउणउइं जोयणसहस्साइं**

**एक्कं छप्पण्णं जोयणसयं दोण्णि य एगूणवीसइभागे जोयणस्स आयामेणं पण्णत्ताओ । अजियस्स णं अरहओ चउणउइं ओहिणाणिसया होत्था ।**

**ભાવાર્થ** :– નિષધ અને નીલવંત વર્ષધર પર્વતોની જીવાઓ ચોરાણું–ચોરાણું હજાર એકસો છપ્પન યોજન તથા એક યોજનના ઓગણીસ ભાગોમાંથી બે ભાગ પ્રમાણ (૯૪૧૫૬– ૨/૧૯) યોજન લાંબી છે. અજિતનાથ અરિહંતના સંઘમાં ચોરાણુંસો (૯૪૦૦) અવધિજ્ઞાની હતા.

**પંચાણુંમું સમવાય :–**

**૮** **सुपासस्स णं अरहओ पंचाणउइं गणा पंचाणउइं गणहरा होत्था ।**

**जंबुद्दीवस्स णं दीवस्स चरिमंताओ चउद्दिसिं लवणसमुद्दं पंचाणउइं पंचाणउइं जोयणसहस्साइं ओगाहित्ता चत्तारि महापायालकलसा पण्णत्ता, तं जहा–वलयामुहे केऊए जूयए ईसरे ।**

**लवणसमुद्दस्स उभओ पासं वि पंचाणउइं पंचाणउइं पएसाओ उव्वेहुस्सेह परिहाणीए पण्णत्ता ।**

**ભાવાર્થ** :– સુપાર્શ્વ અરિહંતના પંચાણું ગણ અને પંચાણું ગણધર હતા.

આ જંબૂદ્વીપના ચરમાન્ત ભાગથી ચારે દિશાઓમાં લવણ સમુદ્રની અંદર પંચાણું પંચાણું હજાર યોજન અવગાહન કરવા પર ચાર મહાપાતાળ કળશ છે, જેમ કે– (૧) વડવા મુખ (૨) કેતુક (૩) યૂપક (૪) ઈશ્વર.

લવણ સમુદ્રની બંને બાજુએ પંચાણું પંચાણું પ્રદેશે એક એક પ્રદેશની ઊંડાઈ અને ઊંચાઈ ઓછી થાય છે.

**વિવેચન :–**

લવણ સમુદ્રની મધ્યમાં દશ હજાર યોજન પ્રમાણ ક્ષેત્ર સમ ધરણીતલની અપેક્ષાએ એક હજાર યોજન ઊંડો છે. ત્યાર પછી જંબૂદ્વીપની વેદિકા તરફ પંચાણું પ્રદેશ આગળ જવા પર પાણીની ઊંડાઈ એક પ્રદેશ ઓછી થઈ જાય છે. તેનાથી આગળ પંચાણું પ્રદેશ આવવા પર ઊંડાઈ તેનાથી પણ વધારે એક પ્રદેશ ઓછી થઈ જાય છે. આ ગણિત ક્રમના અનુસાર પંચાણું હાથ જવા પર એક હાથ, પંચાણું યોજન જવા પર એક યોજન અને પંચાણું હજાર યોજન જવા પર એક હજાર યોજન ઊંડાઈ ઓછી થઈ જાય છે અર્થાત્ જંબૂદ્વીપની વેદિકાની સમીપ લવણ સમુદ્રનો તળભાગ ભૂમિની સમાન તળવાળો છે. આ પ્રમાણે લવણ સમુદ્રના મધ્યભાગના એક હજાર યોજનની ઊંડાઈની અપેક્ષાએ લવણ સમુદ્રનો તટભાગ એક

હજાર યોજન ઊંચો છે. જ્યારે આ જ વાતને સમુદ્ર તરફથી જોઈએ તો એ અર્થ થાય છે કે તટ ભાગથી લવણ સમુદ્રની અંદર પંચાણું પ્રદેશ જવા પર પાણીની ઊંચાઈ એક પ્રદેશ વધી છે. આગળ પંચાણું પ્રદેશ જવા પર પાણીની ઊંચાઈ વધી જાય છે. આ ગણિત અનુસાર પંચાણું હાથ જવા પર એક હાથ, પંચાણું યોજન જવા પર એક યોજન અને પંચાણું હજાર યોજન આગળ જવા પર એક હજાર યોજન સમુદ્ર તટવર્તી પાણીની ઊંચાઈ વધી જાયછે. બન્ને પ્રકારના કથનનો અર્થ એક જ છે. સમુદ્રના મધ્યભાગની અપેક્ષાએ જેને ઉદ્વેધ અથવા ઊંડાઈ કહે છે તેને જ સમુદ્રના તટભાગની અપેક્ષાએ ઉત્સેધ અથવા ઊંચાઈ કહેવાય છે. આ રીતે તેનો નિષ્કર્ષ આ પ્રમાણે છે કે લવણ સમુદ્રના તટથી પંચાણું હજાર(૯૫,૦૦૦) યોજન આગળ જવા પર દશ હજાર યોજનના વિસ્તારવાળો મધ્યવર્તી ભાગ સર્વત્ર એક હજાર યોજન ઊંડો છે અને તેની પહેલાં ચારે તરફનો પાણીનો ભાગ સમુદ્રતટ સુધી ઉત્તરોત્તર ઓછો છે. અને એક હજાર યોજન ઊંડા અને દશ હજાર યોજન પહોળા ભાગમાં ચારે દિશામાં ચાર પાતાળકળશ છે.

**૯ कुंथू णं अरहा पंचाणउइं वाससहस्साइं परमाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे । थेरे णं मोरियपुत्ते पंचाणउइवासाइं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ** :– કુંથુનાથ અરિહંત પંચાણું હજાર વર્ષનું પરમ આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા. સ્થવિર મૌર્યપુત્ર પંચાણું વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

## છન્નુંમું સમવાય :–

**૧૦ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स छण्णउइं छण्णउइं गामकोडीओ होत्था । वायुकुमाराणं छण्णउइं भवणावाससयसहस्सा पण्णत्ता। ववहारिए णं दंडे छण्णउइं अंगुलाइं अंगुलमाणेणं । एवं धणू णालिया जुगे अक्खे मुसले वि । अब्भिंतराओ आदिमुहुत्ते छण्णउइ अंगुलच्छाए पण्णत्ते ।**

**ભાવાર્થ** :– પ્રત્યેક ચાતુરન્ત ચક્રવર્તી રાજાના રાજ્યમાં છન્નું છન્નું કરોડ ગામ હતા. વાયુકુમાર દેવોના છન્નું લાખ આવાસ (ભવન) કહેલા છે. વ્યાવહારિક દંડ, અંગુલના માપથી છન્નું અંગુલ પ્રમાણ હોય છે. એવી રીતે ધનુષ, નાલિકા, યુગ, અક્ષ અને મૂશલ પણ છન્નું છન્નું અંગુલ પ્રમાણ હોય છે. આભ્યંતર મંડલ પર સૂર્ય સંચાર કરતો હોય ત્યારે સમયે આદિ (પ્રથમ) મુહૂર્ત છન્નું અંગુલની છાયાવાળું હોય છે.

## વિવેચન :–

અંગુલ બે પ્રકારના છે– વ્યાવહારિક અને અવ્યાવહારિક. જેનાથી હસ્ત, ધનુષ, ગાઉ વગેરેને માપવાનો વ્યવહાર થાય છે, તેને વ્યાવહારિક અંગુલ કહે છે. અવ્યાવહારિક અંગુલ પ્રત્યેક મનુષ્યના

અંગુલ માપની અપેક્ષાએ નાના મોટા હોય છે, તેની અહીં ગણના નથી. ચોવીસ અંગુલનો એક હાથ છે અને ચાર હાથનો એક દંડ થાય છે. આ રીતે (૨૪×૪ = ૯૬) છન્નું અંગુલ પ્રમાણ એક દંડ હોય છે. આ રીતે ધનુષ વગેરે પણ છન્નું છન્નું અંગુલ પ્રમાણ હોય છે.

## સત્તાણુંમું સમવાય :–

**૧૧ मंदरस्स णं पव्वयस्स पच्चच्छिमिल्लाओ चरिमंताओ गोथूभस्स णं आवासपव्वयस्स पच्चच्छिमिल्ले चरिमंते एस णं सत्ताणउइ जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं चउदिसिं पि । अट्ठण्हं कम्मपगडीणं सत्ताणउइं उत्तरपगडीओ पण्णत्ताओ । हरिसेणे णं राया चाउरंतचक्कवट्टी देसूणाइं सत्ताणउइं वाससयाइं अगारमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ** :– મંદર પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગથી ગોસ્તૂભ આવાસ પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગનું અંતર સત્તાણું હજાર યોજન છે. એવી રીતે ચારે ય દિશાઓમાં જાણવું જોઈએ. આઠે ય કર્મની ઉત્તર પ્રકૃતિઓ સત્તાણું (૫+૯+૨+૨૮+૪+૪૨+૨+૫=૯૭) છે. ચાતુરન્ત ચક્રવર્તી હરિષેણ રાજા કંઈક ન્યૂન સત્તાણું સો (૯૭૦૦) વર્ષ ગૃહસ્થવાસમાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

### વિવેચન :–

મેરુ પર્વતના પશ્ચિમી ભાગથી જંબૂદ્વીપનો પૂર્વીચરમાંત ભાગ પંચાવન હજાર યોજન છે અને તેનાથી ગોસ્તૂભ પર્વતનો પશ્ચિમી ભાગ બેતાલીસ હજાર યોજન દૂર છે. તેને જોડવાથી(૫૫૦૦૦ યોજન + ૪૨૦૦૦ યોજન = ૯૭૦૦૦ યોજન) ચારે ય આવાસ પર્વતોનું સત્તાણું હજાર યોજનનું અંતર થાય છે.

## અઠ્ઠાણુંમું સમવાય :–

**૧૨ णंदणवणस्स णं उवरिल्लाओ चरिमंताओ, पंडयवणस्स हेट्ठिल्ले चरिमंते एस णं अट्ठाणउइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :– નંદનવનના ઉપરી ચરમાંત ભાગથી પંડકવનના નીચલા ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર અઠ્ઠાણું હજાર યોજન છે.

### વિવેચન :–

નંદનવન સમભૂમિ ભાગથી પાંચસો યોજન ઊંચાઈ ઉપર અવસ્થિત છે અને તેની આઠે ય

દિશાઓમાં અવસ્થિત કૂટ પણ પાંચ પાંચસો યોજન ઊંચા છે. તેથી બન્ને મળીને નંદનવનની એક હજાર યોજન ઊંચાઈ થઈ જાય છે. પંડકવન મેરુ પર્વતના શિખરી તલ ભાગ ઉપર છે. મેરુની ઊંચાઈ સમભૂમિ ભાગથી નવ્વાણું હજાર યોજન છે, તેમાંથી ઉક્ત એક હજારને ઘટાડતા અટ્ઠાણું હજાર યોજનનું અંતર થઈ જાય છે.

**१३** **मंदरस्स णं पव्वयस्स पच्चच्छिमिल्लाओ चरिमंताओ गोथूभस्स आवासपव्वयस्स पुरिच्छिमिल्ले चरिमंते एस णं अट्ठाणउइं जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते । एवं चउदिसिं पि ।**

**ભાવાર્થ** :– મંદર પર્વતના પશ્ચિમી ચરમાન્ત ભાગથી ગોસ્તૂભ આવાસ પર્વતની પૂર્વી ચરમાન્ત ભાગનું મધ્યવર્તી અંતર અટ્ઠાણું હજાર(૯૮,૦૦૦) યોજન છે. આવી રીતે ચારે ય દિશાઓમાં અવસ્થિત આવાસ પર્વતોનું અંતર છે.

**વિવેચન :–**

સત્તાણુમા સમવાયના સૂત્રમાં કથિત અંતરમાં ગોસ્તૂભ આવાસ પર્વતના એક હજાર યોજન વિષ્કંભને – પહોળાઈને ઉમેરતાં અઠાણું હજાર(૯૮,૦૦૦) યોજનનું અંતર થાય છે.

**१४** **दाहिणड्ढभरहस्स णं धणुपिट्ठे अट्ठाणउइं जोयणसयाइं किंचूणाइं आयामेणं पण्णत्ते ।**

**उत्तराओ कट्ठाओ सूरिए पढमं छम्मासं अयमाणे एगूणपण्णासइमे मंडलगए अट्ठाणउइं एकसट्ठिभागे मुहुत्तस्स दिवसखेत्तस्स णिवुड्ढेत्ता रयणिखेत्तस्स अभिणिवट्टित्ता णं सूरिए चारं चरइ । दक्खिणाओ णं कट्ठाओ सूरिए दोच्चं छम्मासं अयमाणे एगूणपण्णासइमे मंडलगते अट्ठाणउइं एकसट्ठिभाए मुहुत्तस्स रयणिखित्तस्स णिवुड्ढेत्ता दिवसखेत्तस्स अभिणिवट्टेत्ता णं सूरिए चारं चरइ ।**

**ભાવાર્થ** :– દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ કંઈક ન્યૂન અટ્ઠાણું સો (૯૮૦૦) યોજનનું છે.

ઉત્તરાયણગત (ઉત્તરાયણને પૂર્ણ કરતો) સૂર્ય–વર્ષના પહેલાં છ મહિનામાં દક્ષિણ તરફ જતાં ઓગણપચાસમા મંડલ ઉપર આવીને મુહૂર્તના એકસઠીયા અટ્ઠાણું ભાગ દિવસ ક્ષેત્રને ઘટાડીને અને રાત્રિ ક્ષેત્ર (રાત)ને વધારીને સંચાર કરે છે. એવી રીતે દક્ષિણાયનગત (દક્ષિણાયનને પૂર્ણ કરતો) સૂર્ય બીજા છ મહિનામાં ઉત્તર તરફ જતાં ઓગણપચાસમા મંડલ ઉપર આવીને મુહૂર્તના એકસઠીયા અટ્ઠાણું ભાગ રાત્રિ ક્ષેત્રને ઘટાડીને અને દિવસ ક્ષેત્રને વધારીને સંચાર કરે છે.

**વિવેચન :-**

સૂર્ય એક એક મંડલ પર પરિભ્રમણ કરીને બીજા મંડળ પર પરિભ્રમણ કરે, ત્યારે મુહૂર્તના એકસઠ ભાગોમાંથી બે ભાગ (૨/૬૧ મુહૂર્ત) પ્રમાણ દિવસની વૃદ્ધિ અને રાત્રિની હાનિ(ઘટ) થાય છે, તેથી ઓગણપચાસમાં મંડલમાં સૂર્ય સંચાર કરે ત્યારે મુહૂર્તના (૪૯×૨ =) એકસઠીયા અઠ્ઠાણું ભાગની વૃદ્ધિ અને હાનિ(ઘટ) સિદ્ધ થાય છે. સૂર્ય ઉત્તરથી દક્ષિણ તરફ સંચાર કરે કે દક્ષિણથી ઉત્તર તરફ સંચાર કરે, પરંતુ ઓગણપચાસમા મંડલ પર પરિભ્રમણના સમયે દિવસ અથવા રાત્રિના ઉક્ત કથન અનુસાર વૃદ્ધિ અથવા હાનિ(ઘટ) થાય છે.

**૧૫ रेवई-पढमजेट्ठापज्जवसाणाणं एगूणवीसाए णक्खत्ताणं अट्ठाणउइ ताराओ तारग्गे णं पण्णत्ताओ ।**

**ભાવાર્થ** :– રેવતી નક્ષત્રથી લઈને જ્યેષ્ઠા નક્ષત્ર સુધીનાં ઓગણીસ નક્ષત્રોના કુલ મળીને અઠ્ઠાણું તારાઓ છે.

**વિવેચન :-**

રેવતી નક્ષત્રના બત્રીસ તારા, અશ્વિનીના ત્રણ તારા, ભરણીના ત્રણ તારા, કૃતિકાના છ તારા, રોહિણીના પાંચ તારા, મૃગશિરના ત્રણ તારા, આદ્રાનો એક તારો, પુનર્વસુના પાંચ તારા, પુષ્યના ત્રણ તારા, અશ્લેષાના છ તારા, મઘાના સાત તારા, પૂર્વાફાલ્ગુનીના બે તારા, ઉત્તરાફાલ્ગુનીના બે તારા, હસ્તના પાંચ તારા, ચિત્રાનો એક તારો, સ્વાતિનો એક તારો, વિશાખાના પાંચ તારા, અનુરાધાના પાંચ તારા અને જ્યેષ્ઠાના નક્ષત્ર ત્રણ તારા છે. એ ઓગણીસે ય નક્ષત્રોના તારાઓનો સરવાળો કરતાં અઠ્ઠાણું સંખ્યા થાય છે. (૩૨+૩+૩+૬+૫+૩+૧+૫+૩+૬+૭+૨+૨+૫+૧+૧+૫+૫+૩ = ૯૮). પ્રસ્તુત આગમના ચોથા સમવાયમાં અનુરાધા નક્ષત્રના ચાર તારા કહ્યા છે, પરંતુ ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં પાંચ તારા કહ્યા છે. આ સૂત્રમાં ૯૮ સંખ્યા અનુરાધાનક્ષત્રના પાંચ તારા લેવાથી પૂર્ણ થાય છે.

**નવ્વાણુંમું સમવાય :-**

**૧૬ मंदरे णं पव्वए णवणउइं जोयणसस्साइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते । णंदणवणस्स णं पुरच्छिमिल्लाओ चरिमंताओ पच्चच्छिमिल्ले चरिमंते एस णं णवणउइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं दाहिणिल्लाओ चरिमंताओ उत्तरिल्ले चरिमंते एस णं णवणउइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :– મંદર પર્વત નવ્વાણું હજાર યોજન ઊંચો છે. નંદનવનના પૂર્વી ચરમાન્તથી પશ્ચિમી ચરમાન્તનું મધ્યવર્તી અંતર નવ્વાણુંસો (૯૯૦૦) યોજન છે. એવી રીતે નંદનવનના દક્ષિણી ચરમાન્તથી ઉત્તરી

ચરમાન્તનું મધ્યવર્તી અંતર પણ નવ્વાણુંસો (૯૯૦૦) યોજન છે.

**૧૭** **पढमे सूरियमंडले णवणउइं जोयणसहस्साइं साइरेगाइं आयामविक्खंभेणं पण्णत्ते । दोच्चे सूरियमंडले णवणउइं जोयणसहस्साइं साहियाइं आयामविक्खंभेणं पण्णत्ते । तइयसूरियमंडले णवणउइं जोयणसहस्साइं साहियाइं आयामविक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ** :– સૂર્યનું પ્રથમ મંડલ આયામ વિષ્કંભની અપેક્ષાએ કંઈક અધિક નવ્વાણું હજાર યોજન છે. બીજું સૂર્ય મંડલ પણ આયામ વિષ્કંભની અપેક્ષાએ કંઈક અધિક નવ્વાણું હજાર યોજન છે. ત્રીજું સૂર્ય મંડલ પણ આયામ વિષ્કંભની અપેક્ષાએ કંઈક અધિક નવ્વાણું હજાર યોજન છે.

**વિવેચન :–**

સૂર્ય જે આકાશ માર્ગથી મેરુ પર્વતની ચારે તરફ પરિભ્રમણ કરે છે, તે માર્ગને સૂર્યમંડલ કહે છે. જ્યારે તે સર્વ આભ્યંતર મંડલ પર પરિભ્રમણ કરે છે, ત્યારે તે મંડલની ગોળાકાર રૂપમાં લંબાઈ પહોળાઈ નવ્વાણું હજાર છસ્સો ચાલીસ યોજન (૯૯૬૪૦) હોય છે. જ્યારે સૂર્ય બીજા મંડલ પર પરિભ્રમણ કરે છે ત્યારે તેની લંબાઈ પહોળાઈ નવ્વાણું હજાર છસ્સો પિસ્તાલીસ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ પ્રમાણ (૯૯૬૪૫– ૩૫/૬૧ યોજન) હોય છે. પ્રથમ મંડલથી આ મંડલના પાંચ યોજન અને એકસઠીયા પાંત્રીસ ભાગની વૃદ્ધિ થાય છે. એક મંડલથી બીજા મંડલનું અંતર બે બે યોજનનું છે તથા સૂર્યના વિમાનનો વિષ્કંભ એક યોજનના એકસઠ ભાગોમાંથી અડતાલીસ ભાગ પ્રમાણ છે, તેથી (૨– ૪૮/૬૧) ના બમણા કરી દેવા પર (૨– ૪૮/૬૧ × ૨ = ૫– ૩૫/૬૧) પાંચ યોજન અને એક યોજનના એકસઠ ભાગોમાંથી પાંત્રીસ ભાગ પ્રમાણ વૃદ્ધિ પ્રથમ મંડલથી બીજા મંડલની સિદ્ધ થઈ જાય છે. એવી રીતે બીજા મંડલના વિષ્કંભમાં ૫– ૩૫/૬૧ ને ઉમેરતાં (૯૯૬૪૫– ૩૫/૬૧ + ૫– ૩૫/૬૧ = ૯૯૬૫૧– ૯/૬૧) નવ્વાણું હજાર છસો એકાવન યોજન અને એક યોજનના એકસઠ ભાગમાંથી નવ ભાગ પ્રમાણ વિષ્કંભ ત્રીજા મંડલનો થાય છે. નવ્વાણું હજારથી ઉપર જે સંખ્યા પ્રથમ મંડલમાં ૬૪૦ યોજનની, બીજા મંડલમાં ૬૪૫– ૩૫/૬૧ યોજનની અને ત્રીજા મંડલમાં ૬૫૧– ૯/૬૧ યોજન વધારે છે, તેને સૂત્રમાં 'સાતિરેક' અને 'સાધિક' પદથી સૂચિત કરી છે.

**૧૮** **इमीसे णं रयणप्पभाए पुढवीए अंजणस्स कंडस्स हेट्ठिल्लाओ चरिमंताओ वाणमंतरभोमेज्जविहाराणं उवरिल्ले चरिमंते एस णं णवणउइं जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते ।**

**ભાવાર્થ** :– આ રત્નપ્રભાપૃથ્વીના અંજનકાંડના અધસ્તન ચરમાન્ત ભાગથી વાણવ્યંતરદેવોના ભૌમેયક દેવોના વિહારોના ઉપરિમ ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર નવ્વાણું સો (૯૯૦૦) યોજન છે.

**વિવેચન :-**

રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ ખરકાંડના સોળ કાંડમાં અંજનકાંડ દસમો છે. તેનો અધસ્તન ભાગ અહીંથી દશ હજાર યોજન દૂર છે. પ્રથમ રત્નકાંડના પ્રથમ એકસો યોજન પછી વ્યંતર દેવોનાં નગર છે. તે એકસોને, દશ હજારમાંથી ઘટાડતા (૧૦,૦૦૦ – ૧૦૦ = ૯૯૦૦) નવ્વાણું સો (૯૯૦૦) યોજનનું અંતર થાય છે.

## એકસોમું સમવાય :-

**૧૯ दसदसमिया णं भिक्खुपडिमा एगेणं राइंदियसएणं अद्धछट्ठेहिं भिक्खासएहिं अहासुत्तं** *जाव* **आराहिया भवइ ।**

**ભાવાર્થ** :– દશ દશમિકા ભિક્ષુપ્રતિમા એકસો રાત દિવસમાં સાડા પાંચસો ભિક્ષા દત્તિઓથી સૂત્રાનુસાર ***યાવત્*** આરાધિત થાય છે.

**વિવેચન :-**

આ ભિક્ષુ પ્રતિમાની આરાધના દશ દશ દિવસના દશ દશક અર્થાત્ સો દિવસમાં થાય છે. પૂર્વોકત ભિક્ષુ પ્રતિમાઓની જેમ આ પ્રતિમાની આરાધનામાં પણ પ્રથમ દસ દિવસથી લઈને દસમા દશક સુધી એક એક ભિક્ષાદત્તિ અધિક ગ્રહણ કરાય છે.બધી ભિક્ષાદત્તિઓની સંખ્યા પાંચ સો પચાસ (૫૫૦)થાય જાય છે. (૧૦+૨૦+૩૦+૪૦+૫૦+૬૦+૭૦+૮૦+૯૦+૧૦૦ = ૫૫૦) શેષ આરાધના વિધિ પહેલાંની પ્રતિમાઓની સમાન જ હોય છે.

**૨૦ सयभिसयाणक्खत्ते एक्कसयतारे पण्णत्ते । सुविही पुप्फदंते णं अरहा एगं धणुसयं उड्ढं उच्चत्तेणं होत्था । पासे णं अरहा पुरिसादाणीए एक्कं वाससयं सव्वाउयं पालइत्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे । एवं थेरे अज्जसुहम्मे वि ।**

**ભાવાર્થ** :– શતભિષક નક્ષત્રના એક સો તારા છે. સુવિધિનાથ–પુષ્પદંત અરિહંત એક સો ધનુષ્ય ઊંચા હતા. પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંત એક સો વર્ષનું સમગ્ર આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા. તે જ રીતે સ્થવિર આર્ય સુધર્માસ્વામી પણ સો વર્ષનું સંપૂર્ણ આયુષ્ય પૂર્ણ કરીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

**૨૧ सव्वे वि णं दीहवेयड्ढपव्वया एगमेगं गाउयसयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता।**

**सव्वेवि णं चुल्लहिमवंत-सिहरीवासहरपव्वया एगमेगं जोयणसयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, एगमेगं गाउयसयं उव्वेहेणं पण्णत्ता । सव्वे वि णं कंचणगपव्वया एग मेगं जोयणसयं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, एगमेगं गाउयसयं उव्वेहेणं पण्णत्ता, एगमेगं जोयणसयं मूले विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ** :– બધા દીર્ઘ વૈતાઢ્ય પર્વત એક એક સો કોસ(ગાઉ) ઊંચા છે. બધા ચુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વત એક એક સો યોજન ઊંચા છે તથા આ દરેક વર્ષધર પર્વત સો સો કોસ(ગાઉ) ભૂમિમાં અવગાહવાળા અર્થાત્ ઊંડા છે. બધા કાંચનક પર્વત એક એક સો યોજન ઊંચા છે, સો સો કોસ ભૂમિમાં અવગાહવાળા છે અને મૂળમાં એક એક સો યોજન વિષ્કંભવાળા છે.

## સમવાય-૯૧ થી ૧૦૦ સંપૂર્ણ

# અનેકોત્તરિકા વૃદ્ધિ સમવાય

**પરિચય :–**

પ્રસ્તુતમાં દોઢસોમા સમવાયથી કોટાકોટિ સાગરોપમ પર્યંતના સમવાયનું વર્ણન છે. પૂર્વે એકથી સો સુધી ક્રમશઃ એક એક સંખ્યાની વૃદ્ધિથી ક્રમશઃ કથન હતું, તેથી તે એકોત્તરિકા વૃદ્ધિ હતી. પ્રસ્તુતમાં અનેકોતરિકાવૃદ્ધિ છે. યથા પહેલા ૧૫૦, ૨૦૦, ૨૫૦, ૩૦૦, ૩૫૦, ૪૦૦, ૪૫૦, ૫૦૦, ૫૫૦, સંખ્યક વિષયોનું વર્ણન છે, ત્યાર પછી ૬૦૦,૭૦૦,૮૦૦,૯૦૦,૧૦૦૦, ૧૧૦૦ સંખ્યક વિષયનું વર્ણન, ત્યાર પછી ૨૦૦૦,૩૦૦૦ થી ક્રમશઃ દસલાખ કરોડ અને કોટાકોટિ સંખ્યક વિષયોનું વર્ણન છે.

## દોઢસોથી કોટાકોટિ સુધી :-

**१ चंदप्पभे णं अरहा दिवड्ढं धणुसयं उड्ढं उच्चत्तेणं होत्था । आरण कप्पे दिवड्ढं विमाणावाससयं पण्णत्तं । एवं अच्चुए वि ।।१५०।।**

**ભાવાર્થ** :– ચંદ્રપ્રભ અરિહંત દોઢસો ધનુષ ઊંચા હતા. આરણ કલ્પના દોઢસો વિમાનાવાસ છે. અચ્યુત કલ્પના પણ દોઢસો (૧૫૦) વિમાનાવાસ છે.

**२ सुपासे णं अरहा दो धणुसया उड्ढं उच्चत्तेणं होत्था । सव्वे वि णं महाहिमवंत–रुप्पी वासहरपव्वया दो दो जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता। दो दो गाउयसयाइं उव्वेहेणं पण्णत्ता । जंबुद्दीवे णं दीवे दो कंचणपव्वयसया पण्णत्ता ।।२००।।**

**ભાવાર્થ** :– સુપાર્શ્વ અરિહંત બસ્સો ધનુષ ઊંચા હતા. બધા મહાહિમવંત અને રુક્મી વર્ષધરપર્વતો બસ્સો બસ્સો યોજન ઊંચા છે અને બસ્સો બસ્સો ગાઉ ઊંડા છે. આ જંબૂદ્વીપમાં બસ્સો કાંચનક પર્વત છે.

**३ पउमप्पभे णं अरहा अड्ढाइज्जाइं धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था । असुरकुमाराणं देवाणं पासायवडिंसगा अड्ढाइज्जाइं जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।।२५०।।**

**ભાવાર્થ** :– પદ્મપ્રભ અરિહંત અઢીસો ધનુષ ઊંચા હતા. અસુરકુમાર દેવોના પ્રાસાદાવતંસક અઢીસો યોજન ઊંચા છે.

**૪** **सुमई णं अरहा तिण्णि धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था । अरिट्ठणेमी णं अरहा तिण्णि वाससयाइं कुमारवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए । वेमाणियाणं देवाणं विमाणपागारा तिण्णि तिण्णि जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । समणस्स णं भगवओ महावीरस्स तिण्णि सयाणि चोद्दसपुव्वीणं होत्था।**

**पंचधणुसइयस्स णं अंतिमसारीरियस्स सिद्धिगयस्स सातिरेगाणि तिण्णिधणुसयाणि जीवप्पदेसोगाहणा पण्णत्ता ।।३००।।**

**ભાવાર્થ** :– સુમતિનાથ અરિહંત ત્રણસો ધનુષ ઊંચા હતા. અરિષ્ટનેમિ અરિહંત ત્રણસો વર્ષ કુમારવાસમાં રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા. વૈમાનિક દેવોના વિમાનના પ્રાકાર (પરકોટા) ત્રણસો ત્રણસો યોજન ઊંચા છે. શ્રમણ ભગવાન મહાવીરના સંઘમાં ત્રણસો ચતુર્દશપૂર્વી મુનિ હતા.

પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા જે ચરમ શરીરી જીવો સિદ્ધિને પ્રાપ્ત થાય છે, તે સિદ્ધાત્માઓના આત્મપ્રદેશોની અવગાહના ત્રણસો ધનુષથી કંઈક અધિક હોય છે.

**૫** **पासस्स णं अरहओ पुरिसादाणीयस्स अद्धुट्ठसयाइं चोद्दसपुव्वीणं संपया होत्था । अभिणंदणे णं अरहा अद्धुट्ठाइं धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।।३५०।।**

**ભાવાર્થ** :– પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંતની સાડા ત્રણસો ચતુર્દશપૂર્વીઓની(ચૌદ પૂર્વધારીની) સંપદા હતી. અભિનંદન અરિહંત સાડા ત્રણસો ધનુષ ઊંચા હતા.

**૬** **संभवे णं अरहा चत्तारि धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**सव्वे वि णं णिसढणीलवंता वासहरपव्वया चत्तारि चत्तारि जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । चत्तारि चत्तारि गाउयसयाइं उव्वेहेणं पण्णत्ता । सव्वे वि णं वक्खारपव्वया णिसढणीलवंत वासहरपव्वयंतेणं चत्तारि चत्तारि जोयणसयाइं उड्ढं उच्चत्तेणं चत्तारि चत्तारि गाउय सयाइं उव्वहेणं पण्णत्ता । आणय-पाणएसु दोसु कप्पेसु चत्तारि विमाणसया पण्णत्ता ।**

**समणस्स णं भगवओ महावीरस्स चत्तारि सया वाईणं सदेवमणुया-सुरंमि लोगंमि वाए अपराजियाणं उक्कोसिया वाइसंपया होत्था ।।४००।।**

**ભાવાર્થ** :– સંભવનાથ અરિહંત ચારસો ધનુષ ઊંચા હતા.

બધા નિષધ અને નીલવંત વર્ષધર પર્વતો ચારસો–ચારસો યોજન ઊંચા અને ચારસો– ચારસો ગાઉ જમીનમાં ઊંડા છે. દરેક વક્ષસ્કાર પર્વત, નિષધ અને નીલવંત વર્ષધર પર્વતોની સમીપે ચારસો–ચારસો યોજન ઊંચા અને ચારસો–ચારસો ગાઉ ઊંડાઈવાળા છે. આણત અને પ્રાણત આ બે કલ્પોમાં મળીને ચારસો વિમાન છે.

શ્રમણ ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ વાદી સંપદા ૪૦૦ હતી. તે વાદીઓ દેવ, મનુષ્ય અને અસુર લોકમાં થનારા કોઈ પણ વાદમાં અપરાજિત રહેતા હતા.

**૭ अजिते णं अरहा अद्धपंचमाइं धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था । सगरे णं राया चाउरंतचक्कवट्टी अद्धपंचमाइं धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।।४५०।।**

**ભાવાર્થ** :– અજિતનાથ અરિહંત સાડા ચારસો ધનુષ ઊંચા હતા. ચાતુરંત ચક્રવર્તી સગર રાજા સાડા ચારસો ધનુષ ઊંચા હતા.

**८ सव्वे वि णं वक्खारपव्वया सीआ–सीओआओ महाणईओ मंदर–पव्वयंते णं पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पंच पंच गाउयसयाइं उव्वहेणं पण्णत्ताओ। सव्वे वि णं वासहरकूडा पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं होत्था, मूले पंच पंच जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता ।**

**उसभे णं अरहा कोसलिए पंच धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था । भरहे णं राया चाउरंतचक्कवट्टी पंच धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**सोमणस–गंधमादण–विज्जुप्पभ–मालवंताणं वक्खारपव्वयाणं मंदर–पव्वयंतेणं पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, पंच पंच गाउयसयाइं उव्वेहेणं पण्णत्ता । सव्वे वि णं वक्खारपव्वयकूडा हरि–हरिस्सहकूडवज्जा पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, मूले पंच पंच जोयणसयाइं आयामविक्खंभेणं पण्णत्ता । सव्वे वि णं णंदण कूडा बलकूडवज्जा पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, मूले पंच पंच जोयणसयाइं आयामविक्खंभेण पण्णत्ता ।**

**सोहम्मीसाणेसु कप्पेसु विमाणा पंच पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।।५००।।**

**ભાવાર્થ** :– સર્વ વક્ષસ્કાર પર્વત સીતા, સીતોદા મહાનદીઓની અને મંદર પર્વતની પાસે પાંચસો

પાંચસો યોજન ઊંચા અને પાંચસો પાંચસો કોસ ઊંડા છે. બધા વર્ષધર કૂટ પાંચસો પાંચસો યોજન ઊંચા અને મૂળમાં પાંચસો પાંચસો યોજન વિષ્કંભવાળા (પહોળાઈવાળા)છે.

કૌશલિક ઋષભ અરિહંત પાંચસો ધનુષ ઊંચા હતા. ચાતુરંત ચક્રવર્તી ભરતરાજા પાંચસો ધનુષ ઊંચા હતા.

સૌમનસ, ગંધમાદન, વિદ્યુતપ્રભ અને માલ્યવંત, એ ચારે ય વક્ષસ્કાર પર્વત (ગજદંત વસસ્કાર પર્વતો) મંદર પર્વતની પાસે પાંચસો પાંચસો યોજન ઊંચા અને પાંચસો પાંચસો કોસ ઊંડા છે. હરિ અને હરિસ્સહ કૂટને છોડીને વક્ષસ્કાર પર્વતોના શેષ સર્વ કૂટ પાંચસો પાંચસો યોજન ઊંચા અને મૂળમાં પાંચસો પાંચસો યોજન આયામ–વિષ્કંભવાળા છે. બલકૂટને છોડીને નંદનવનના દરેક કૂટ પાંચસો પાંચસો યોજન ઊંચા અને મૂળમાં પાંચસો પાંચસો યોજન આયામ વિષ્કંભવાળા છે.

સૌધર્મ અને ઈશાન કલ્પમાં બધાં વિમાન પાંચસો પાંચસો યોજન ઊંચા છે.

**૧ सणंकुमार–माहिंदेसु कप्पेसु विमाणा छजोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । चुल्लहिमवंतकूडस्स उवरिल्लाओ चरमंताओ चुल्लहिमवंतस्स वासहरपव्वयस्स समधरणितले एस णं छजोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते। एवं सिहरीकूडस्स वि ।**

**पासस्स णं अरहओ छ सया वाईणं सदेवमणुयासुरे लोए वाए अपराजिआणं उक्कोसिया वाइसंपया होत्था । अभिचंदे णं कुलगरे छ धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था । वासुपुज्जे णं अरहा छहिं पुरिससएहिं सद्धिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।।६००।।**

**ભાવાર્થ** :– સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના વિમાનો છસ્સો યોજન ઊંચાં છે. ચુલ્લહિમવંત કૂટના ઉપરિમ ચરમાંતથી ચુલ્લહિમવંત વર્ષધર પર્વતના સમધરણીતલનું મધ્યવર્તી અંતર છસ્સો યોજન છે. તે રીતે શિખરીકૂટનું અને શિખરી પર્વતના ધરણીતલનું અંતર પણ જાણવું.

પાર્શ્વનાથ અરિહંતની ઉત્કૃષ્ટ વાદી સંપદા છસ્સો હતી. તે વાદીઓ દેવ, મનુષ્ય અને અસુર લોકમાં થનારા કોઈ પણ વાદમાં અપરાજિત હતા. અભિચંદ્ર કુલકર છસ્સો ધનુષ ઊંચા હતા. વાસુપૂજય અરિહંત છસ્સો પુરુષોની સાથે મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

### વિવેચન :–

સમભૂમિતલથી ચુલ્લહિમવંત અને શિખરી વર્ષધર પર્વત સો સો યોજન ઊંચા છે અને તેના કૂટ પાંચસો પાંચસો યોજન ઊંચા છે. તે બંને મળીને છસ્સો છસ્સો યોજનનું અંતર સિદ્ધ થાય છે.

**१० बंभ-लंतएसु दोसु कप्पेसु विमाणा सत्त सत्त जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । समणस्स णं भगवओ महावीरस्स सत्त वेउव्वियसया होत्था। अरिट्ठणेमी णं अरहा सत्त वाससयाइं देसूणाइं केवलपरियागं पाउणित्ता सिद्धे** *जाव* **सव्वदुक्खप्पहीणे ।**

**महाहिमवंतकूडस्स णं उवरिल्लाओ चरिमंताओ महाहिमवंतस्स वासहरपव्वयस्स समधरणितले एस णं सत्त जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं रुप्पिकूडस्स वि ।।७००।।**

**ભાવાર્થ** :– બ્રહ્મ અને લાંતક આ બે કલ્પોમાં વિમાન સાતસો–સાતસો યોજન ઊંચા છે. શ્રમણ ભગવાન મહાવીરના સંઘમાં સાતસો વૈક્રિય લબ્ધિધારી સાધુ હતા. અરિષ્ટનેમિ અરિહંત કંઈક ન્યૂન સાતસો વર્ષ કેવળી પર્યાયમાં રહીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

મહાહિમવંત કૂટના ઉપરી ચરમાંત ભાગથી મહાહિમવંત વર્ષધર પર્વતના સમ ધરણીતલનું મધ્યવર્તી અંતર સાતસો યોજન છે. એવી રીતે રુક્મીકૂટનું અને રુક્મીપર્વતના સમતલનું અંતર પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

સમ ભૂમિતળથી મહાહિમવંત અને રુક્મી વર્ષધર પર્વત બસ્સો બસ્સો યોજન ઊંચા છે અને તેના મહાહિમવાનકૂટ અને રુક્મીકૂટ પાંચસો યોજન ઊંચા છે, તે બંનેને મેળવવાથી સાત સો યોજનનું અંતર સિદ્ધ છે.

**११ महासुक्क-सहस्सारेसु २दोसु कप्पेसु विमाणा अट्ठजोयणसयाइं उड्ढं उच्चतेणं पण्णत्ता । इमीसे णं रयणप्पभाए पुढवीए पढमे कंडे अट्ठसु जोयणसएसु वाणमंतर भोमेज्जविहारा पण्णत्ता ।**

**समणस्स णं भगवओ महावीरस्स अट्ठसया अणुत्तरोववाइयाणं देवाणं गइकल्लाणाणं ठिइकल्लाणाणं आगमेसिभद्दाणं उक्कोसिआ अणुत्तरोववाइयसंपया होत्था ।**

**इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठहिं जोयणसएहिं सूरिए चारं चरति । अरहओ णं अरिट्ठणेमिस्स अट्ठसयाइं वाईणं सदेवमणुयासुरंमि लोगंमि वाए अपराजिआणं उक्कोसिया वाईसंपया होत्था । ।।८००।।**

**ભાવાર્થ** :– મહાશુક્ર અને સહસ્રાર એ બે કલ્પના વિમાન આઠસો યોજન ઊંચાં છે. આ રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ કાંડના મધ્યવર્તી આઠસો યોજનમાં વાણવ્યંતર દેવોના ભૌમેયક વિહાર છે.

શ્રમણ ભગવાન મહાવીરની કલ્યાણમય ગતિ અને સ્થિતિવાળા તથા ભવિષ્યમાં મુક્તિ પ્રાપ્ત કરનારા અનુત્તરોપપાતિક મુનિઓની ઉત્કૃષ્ટ સંપદા આઠસોની હતી.

આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી આઠસો યોજનની ઊંચાઈ પર સૂર્ય પરિભ્રમણ કરે છે. અરિષ્ટનેમિ અરિહંતની ઉત્કૃષ્ટ વાદી સંપદા આઠસો હતી. તે વાદીઓ દેવ, મનુષ્ય અને અસુર લોકમાં થનારા કોઈ પણ વાદમાં અપરાજિત હતા.

**વિવેચન :–**

વનોમાં વૃક્ષાદિ તથા પર્વતની ગુફા, નદીઓના આંતરાદિ સ્થાનોમાં રહેતાં હોવાથી વ્યંતરોને 'વાન' વ્યંતર કહે છે તથા તેના વિહાર–નગર અથવા આવાસ સ્થાન ભૂમિ નિર્મિત છે, તેથી તે 'ભૌમેયક' કહેવાય છે. રત્નપ્રભાપૃથ્વીના ઉપરના એક હજાર યોજનમાંથી ઉપર અને નીચે ૧૦૦–૧૦૦ યોજન છોડીને મધ્યના ૮૦૦ યોજનમાં વ્યંતર દેવોના નિવાસસ્થાન છે.

**१२ आणय-पाणय-आरण-अच्चुएसु कप्पेसु विमाणा णव णव जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**णिसढकूडस्स णं उवरिल्लाओ सिहरतलाओ णिसढस्स वासहरपव्वयस्स समे धरणितले एस णं णव जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं णीलवंतकूडस्स वि । विमलवाहणे णं कुलगरे णव धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**इमीसे णं रयणप्पभाए बहुसमरमणिज्जाओ भूमिभागाओ णवहिं जोयणसएहिं सव्वुवरिमे तारारुवे चारं चरइ ।**

**णिसढस्स णं वासहरपव्वयस्स उवरिल्लाओ सिहरतलाओ इमीसे णं रयणप्पभाए पुढवीए पढमस्स कंडस्स बहुमज्झदेसभाए एस णं णव जोयणसयाइं अबाहाए अंतरे पण्णत्ते । एवं णीलवंतस्स वि ।।९००।।**

**ભાવાર્થ** :–આણત, પ્રાણત, આરણ અને અચ્યુત આ ચાર કલ્પના વિમાનો નવસો નવસો યોજન ઊંચાં છે.

નિષધકૂટના ઉપરિમ શિખરતલથી નિષધ વર્ષધર પર્વતના સમધરણીતલનું મધ્યવર્તી અંતર નવસો યોજનનું છે. તે રીતે નીલવંતકૂટનું પણ ભૂમિતળથી અંતર જાણવું. વિમલવાહન કુલકર નવસો ધનુષ ઊંચા હતા.

આ રત્નપ્રભાપૃથ્વીના બહુસમ રમણીય ભૂમિ ભાગથી નવસો યોજનની ઊંચાઈએ સર્વથી ઉપર તારામંડલ સંચાર કરે છે.

નિષધ વર્ષધર પર્વતના ઉપરિમ શિખરી તલથી આ રત્નપ્રભાપૃથ્વી ના પ્રથમ કાંડના બહુમધ્ય દેશ ભાગનું મધ્યવર્તી અંતર નવસો યોજન છે. આ રીતે નીલવંત પર્વતનું પણ અંતર નવસો યોજનનું સમજવું જોઈએ.

**વિવેચન :-**

સમભૂમિ તલથી નિષધ અને નીલવંત વર્ષધર પર્વત ચારસો ચારસો યોજન ઊંચા છે અને તેના નિષધ કૂટ અને નીલવંતકૂટ પાંચસો પાંચસો યોજન ઊંચા છે. તે બંનેને મેળવવાથી નવસો યોજનનું અંતર સિદ્ધ થઈ જાય છે.

નિષેધ–નિલવંત પર્વત ૪૦૦ યોજન ઉંચા છે અને રત્નપ્રભા પૃથ્વીનો પ્રથમ રત્નકાંડ ૧૦૦૦ યોજનની જાડાઈ ધરાવે છે. તેનો બહુમધ્ય દેશભાગ અર્થાત ૫૦૦ યોજન થાય. તેથી નિષધ પર્વતના ઉપરીતલથી પ્રથમ નરકના પ્રથમ કાંડના મધ્યભાગ વચ્ચે ૫૦૦+૪૦૦=૯૦૦ યોજનનું અંતર છે.

**१३ सव्वे वि णं गेवेज्जविमाणे दस दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते।**

**सव्वे वि णं जमगपव्वया दस दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, दस दस गाउयसयाइं उव्वेहेणं पण्णत्ता, मूले दस दस जोयणसयाइं आयामविक्खंभेणं पण्णत्ता एवं चित्त–विचित्तकडा वि भाणियव्वा ।**

**सव्वे वि णं वट्टवेयड्ढपव्वया दस दस जोयणसयाइं उड्ढं उच्चतेणं पण्णत्ता, दस दस गाउयसयाइं उव्वेहेणं पण्णत्ता, मूले दस दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता, सव्वत्थ समा पल्लगसंठाणसंठिया पण्णत्ता ।**

**सव्वे वि णं हरि–हरिस्सहकूडा वक्खारकूडवज्जा दस दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, मूले दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता । एवं बलकूडा वि णंदणकूडवज्जा ।**

**अरहा णं अरिट्ठणेमी दस वाससयाइं सव्वाउयं पालइत्ता सिद्धे** जाव **सव्वदुक्खप्पहीणे । पासस्स णं अरहओ दस सयाइं जिणाणं होत्था । पासस्स णं अरहओ दस अंतेवासीसयाइं कालगयाइं** जाव **सव्वदुक्खप्पहीणाइं।**

**पउमद्दह–पुंडरीयद्दहा य दस दस जोयणसयाइं आयामेणं पण्णत्ता। ।।१०००।।**

**ભાવાર્થ** :– બધાં ગ્રૈવેયક વિમાન દશસો દશસો (૧૦૦૦) યોજન ઊંચા છે.

બધા યમક પર્વત દશસો– દશસો અર્થાત હજાર હજાર યોજન ઊંચા છે અને તે દશસો દશસો (૧૦૦૦)ગાઉ ઊંડા છે, તે મૂળમાં દશસો દશસો (૧૦૦૦)યોજન આયામ વિષ્કંભવાળા છે. તે રીતે ચિત્ર વિચિત્ર કૂટ પણ જાણવા જોઈએ.

બધા વૃત્તવૈતાઢ્ય પર્વત દશસો– દશસો અર્થાત હજાર હજાર યોજન ઊંચા છે, હજાર હજાર ગાઉ ઊંડા છે, મૂળમાં હજાર હજાર યોજન વિષ્કંભવાળા છે અને તેનો આકાર ઉપર નીચે ચારે તરફ પલ્યંક સમાન છે

વક્ષસ્કાર પર્વતોના અન્ય કૂટોને છોડીને બધા હરિ અને હરિસ્સહ કૂટ દશસો, દશસો (૧૦૦૦) યોજન ઊંચા છે અને મૂળમાં દશસો યોજન વિષ્કંભવાળા (પહોળા)છે. તે રીતે નંદનવનના અન્ય કૂટોને છોડીને દરેક બલકૂટ દશસો (૧૦૦૦)યોજન વિસ્તારવાળા છે.

અરિષ્ટનેમિ અરિહંત એક હજાર વર્ષનું સમગ્ર આયુષ્ય ભોગવીને સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.પાર્શ્વનાથ અરિહંતના એક હજાર કેવળી (જિન) હતા. પાર્શ્વનાથ અરિહંતના દશ સો (૧૦૦૦)અંતેવાસી (શિષ્યો) કાળ કરી સિદ્ધ થયા ***યાવત્*** સર્વ દુઃખોથી રહિત થયા.

પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ દશસો– દશસો અર્થાત એક એક હજાર યોજન લાંબા છે.

**વિવેચન :–**

નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણમાં સીતા મહાનદીના બન્ને કિનારા પર ઉત્તરકુરુક્ષેત્રમાં યમક નામના બે પર્વત છે. એવી રીતે દેવકુરુમાં સીતોદા નદીના બન્ને કિનારા પર નિષધ પર્વતની ઉત્તરમાં ચિત્ર–વિચિત્ર નામના બે પર્વતો છે. અઢી દ્વીપમાં પાંચ પાંચ સીતા અને સીતોદા નદીઓ છે, તેથી તેના દશ દશ યમક વગેરે પર્વતોનો નિર્દેશ પ્રસ્તુત સૂત્રમાં છે. તે બધા એક એક હજાર યોજન ઊંચા અને એક એક હજાર ગાઉ ભૂમિમાં ઊંડા અને ગોળાકાર હોવાથી ચારે તરફ એક એક હજાર યોજન આયામ વિષ્કંભવાળા અર્થાત્ પહોળા છે.

**૧૪ अणुत्तरोववाइयाणं देवाणं विमाणा एक्कारस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता । पासस्स णं अरहओ इक्कारस सयाइं वेउव्वियाणं होत्था ।।११००।।**

**ભાવાર્થ** :– અનુત્તરોપપાતિક દેવોનાં વિમાન અગિયારસો (૧૧૦૦) યોજન ઊંચાં છે. પાર્શ્વનાથ અરિહંતના સંઘમાં અગિયારસો વૈક્રિય લબ્ધિથી સંપન્ન સાધુ હતા.

**૧૫ महापउम–महापुंडरीयदहा य दो–दो जोयणसहस्साइं आयामेणं**

**पण्णत्ता ।।२०००।।**

**ભાવાર્થ** :– મહાપદ્મ અને મહાપુંડરીક દ્રહ બે બે હજાર યોજન લાંબા છે.

**१६ इमीसे णं रयणप्पभाए पुढवीए वइरकंडस्स उवरिल्लाओ चरिमंताओ लोहियक्खकंडस्स हेट्ठिल्ले चरिमंते एस णं तिण्णि जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।।३०००।।**

**ભાવાર્થ** :– આ રત્નપ્રભાપૃથ્વીના વજ્રકાંડના ઉપરી ચરમાંત ભાગથી લોહીતાક્ષ કાંડના નીચલા ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર ત્રણ હજાર યોજન છે.

**વિવેચન :–**

વજ્રકાંડ બીજો અને લોહીતાક્ષ કાંડ ચોથો છે અને પ્રત્યેક કાંડ એક એક હજાર યોજન જાડા છે, તેથી બીજા કાંડના ઉપરિમ ભાગથી ચોથા કાંડનો અધસ્તન ભાગ ત્રણ હજાર યોજનના અંતરવાળો થાય છે.

**१७ तिगिच्छ-केसरिदहा य चत्तारि-चत्तारि जोयणसहस्साइं आयामेणं पण्णत्ता ।।४०००।।**

**ભાવાર્થ** :– તિગિચ્છ અને કેસરી દ્રહ ચાર ચાર હજાર યોજન લાંબા છે.

**१८ धरणितले मंदरस्स णं पव्वयस्स बहुमज्झदेसभाए रुयगणाभीओ चउदिसिं पंच-पंच जोयणसहस्साइं अबाहाए अंतरे मंदरपव्वए पण्णत्ते ।।५०००।।**

**ભાવાર્થ** :– ધરણીતલ પર મંદર પર્વતની બરાબર વચ્ચે(મધ્યમાં) રુચકનાભિથી ચારે ય દિશાઓમાં મંદરપર્વતના કિનારા પાંચ પાંચ હજાર યોજનના અંતરવાળા છે.

**વિવેચન :–**

સમભૂમિ ભાગ પર દશ હજાર યોજનના વિસ્તારવાળા મંદરપર્વતના મધ્યભાગમાં આઠ રુચક પ્રદેશ અવસ્થિત છે. તેની ચારે તરફ પાંચ પાંચ હજાર યોજન સુધી મંદર પર્વતની સીમા છે, તેથી તેનો પ્રસ્તુત સૂત્રમાં ઉલ્લેખ છે.

**१९ सहस्सारे णं कप्पे छ विमाणावाससहस्सा पण्णत्ता । ।।६०००।।**

**ભાવાર્થ** :– સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનાવાસ છે.

**૨૦ इमीसे णं रयणप्पभाए पुढवीए रयणस्स कंडस्स उवरिल्लाओ चरिमंताओ पुलगस्स कंडस्स हेट्ठिले चरिमंते एस णं सत्त जोयणसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।।७०००।।**

**ભાવાર્થ** :– રત્નપ્રભાપૃથ્વીના રત્નકાંડના ઉપરી ચરમાંત ભાગથી પુલકકાંડના નીચલા ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર સાત હજાર યોજન છે.

**વિવેચન :–**

રત્નપ્રભા પૃથ્વીનો રત્નકાંડ પહેલો છે અને પુલકકાંડ સાતમો છે. પ્રત્યેકકાંડ એક એક હજાર યોજન જાડા છે તેથી પ્રથમ કાંડના ઉપરી ભાગથી સાતમા કાંડના અધોભાગનું સાત હજાર યોજનનું અંતર થઈ જાય છે.

**૨૧ हरिवास–रम्मया णं वासा अट्ठ अट्ठ जोयणसहस्साइं साइरेगाइं वित्थरेण पण्णत्ता ।।८०००।।**

**ભાવાર્થ** :– બધા હરિવર્ષ અને રમ્યક્વર્ષ આઠ આઠ હજાર યોજનથી કંઈક અધિક વિસ્તારવાળા છે.

**૨૨ दाहिणड्ढभरहस्स णं जीवा पाईण–पडीणायया दुहओ समुद्दं पुट्ठा णव जोयणसहस्साइं आयामेणं पण्णत्ता । अजियस्स णं अरहओ साइरेगाइं णव ओहिणाणी सहस्साइं होत्था ।।९०००।।**

**ભાવાર્થ** :– પૂર્વ અને પશ્ચિમમાં સમુદ્રને સ્પર્શ કરનાર દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રની જીવા નવ હજાર યોજન લાંબી છે. અજિતનાથ અરિહંતના સંઘમાં નવ હજારથી કંઈક અધિક અવધિજ્ઞાની હતા. [અવધિજ્ઞાનીનું આ સૂત્ર પ્રતોમાં આઠ લાખની સંખ્યાવાળા સૂત્ર પછી મળે છે પરંતુ સમવાયના ક્રમાનુસાર તે અહીં જ ઉપયુક્ત છે.]

**૨૩ मंदरे णं पव्वए धरणितले दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ते ।।१००००।।**

**ભાવાર્થ** :– મંદર પર્વત ધરણીતલ પર દશ હજાર યોજન વિસ્તારવાળો છે.

**૨૪ जम्बूदीवे णं दीवे एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं पण्णत्ते ।।१०००००।।**

**ભાવાર્થ** :– જંબૂદ્વીપ એક લાખ યોજન આયામ–વિષ્કંભવાળો છે.

**૨૫ लवणे णं समुद्दे दो जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पण्णत्ते ।।२०००००।।**

**ભાવાર્થ** :– લવણ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજન (લાંબો પહોળો) છે.

**વિવેચન :–**

જેમ રથના ચક્રના મધ્યભાગ ગત નાભિ અને તેના આરાઓને વર્જિને ગોળાકાર ધરીનો ભાગ હોય તેની પહોળાઈને ચક્રવાલ વિષ્કંભ કહે છે. જંબૂદ્વીપ લવણ સમુદ્રના મધ્યભાગમાં અવસ્થિત હોવાથી ચક્રના મધ્યભાગ જેવો છે, તેની લંબાઈ પહોળાઈ એક લાખ યોજન છે. લવણ સમુદ્રની પહોળાઈ ચારે તરફ બે બે લાખ યોજન છે, તેને ચક્રવાલ વિષ્કંભ કહે છે.

**૨૬ पासस्स णं अरहओ तिण्णि सयसाहस्सीओ सत्तावीसं च सहस्साइं उक्कोसिया सावियासंपया होत्था । ।।३२७०००।।**

**ભાવાર્થ** :– પાર્શ્વનાથ અરિહંતના સંઘમાં ત્રણ લાખ સત્યાવીસ હજાર(૩,૨૭,૦૦૦) શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ સંપદા હતી.

**૨૭ धायइखंडे णं दीवे चत्तारि जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पण्णत्ते । ।।४०००००।।**

**ભાવાર્થ** :– ધાતકીખંડ દ્વીપ ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ ચાર લાખ યોજન પહોળો છે.

**૨૮ लवणस्स णं समुद्दस्स पुरच्छिमिल्लाओ चरिमंताओ पच्चच्छिमिल्ले चरिमंते एस णं पंच जोयणसयसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।।५०००००।।**

**ભાવાર્થ** :– લવણ સમુદ્રના પૂર્વી ચરમાંત ભાગથી પશ્ચિમી ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર પાંચ લાખ યોજન છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપ એક લાખ યોજન વિસ્તૃત છે. તેની ચારે તરફ લવણસમુદ્ર બે બે લાખ યોજન વિસ્તૃત છે, જંબૂદ્વીપના એક લાખ યોજન તથા પૂર્વી અને પશ્ચિમી લવણ સમુદ્રનો વિસ્તાર બે બે લાખ યોજન છે. આ

બધુ મળીને (૨+૧+૨ = ૫) પાંચ લાખ યોજનનું અંતર થાય છે.

**२९ भरहे णं राया चाउरंतचक्कवट्टी छ पुव्वसयसहस्साइं रायमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए ।।६००००००।।**

**ભાવાર્થ** :– ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા છ લાખ પૂર્વ વર્ષ રાજપદ ચક્રવર્તીપદ પર રહીને મુંડિત થઈને ગૃહસ્થધર્મનો ત્યાગ કરી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

**३० जंबुद्दीवस्स णं दीवस्स पुरच्छिमिल्लाओ वेइयंताओ धायइखंड चक्कवालस्स पच्चच्छिमिल्ले चरिमंते सत्त जोयणसयसहस्साइं अबाहाए अंतरे पण्णत्ते ।।७००००००।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપની પૂર્વી વેદિકાના અંતથી ધાતકીખંડના ચક્રવાલ વિષ્કંભના પશ્ચિમી ચરમાંત ભાગનું મધ્યવર્તી અંતર સાત લાખ યોજન છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપના એક લાખ યોજન, લવણ સમુદ્રના પશ્ચિમી ચક્રવાલના બે લાખ યોજન અને ધાતકીખંડના પશ્ચિમી ચક્રવાલના ચાર લાખ યોજન તે બધું મળીને (૧+૨+૪ = ૭) સાત લાખ યોજન થાય છે.

**३१ माहिंदे णं कप्पे अट्ठ विमाणावास सयसहस्साइं पण्णत्ताइं । ।।८००००००।।**

**ભાવાર્થ** :– માહેન્દ્ર કલ્પમાં આઠ લાખ વિમાનાવાસ છે.

**३२ पुरिससीहे णं वासुदेवे दस वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता पंचमाए पुढवीए णेरइएसु णेरइयत्ताए उववण्णे ।।१००००००।।**

**ભાવાર્થ** :– પુરુષસિંહ વાસુદેવ દશ લાખ વર્ષનું સર્વ આયુષ્ય ભોગવીને પાંચમી પૃથ્વીમાં નારકીરૂપેથી ઉત્પન્ન થયા.

**३३ समणे भगवं महावीरे तित्थगरभवग्गहणाओ छट्ठे पोट्टिलभवग्गहणे एगं वासकोडिं सामण्णपरियागं पाउणित्ता सहस्सारे कप्पे सव्वट्ठविमाणे देवत्ताए उववण्णे ।।१००,००,०००।।**

**ભાવાર્થ** :– શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તીર્થંકરના ભવથી પૂર્વે છઠ્ઠા પોટ્ટિલના ભવમાં એક

કોટિ વર્ષ શ્રમણ પર્યાય પાળીને સહસ્રાર કલ્પના સર્વાર્થવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા હતા.

**३४ उसभसिरिस्स भगवओ चरिमस्स य महावीरवद्धमाणस्स एगा सागरोव- मकोडाकोडी अबाहाए अंतरे पण्णत्ते ।।१०००००००००००००० सा०।।**

**भावार्थ** :– ભગવાનશ્રી ઋષભદેવથી અંતિમ ભગવાન વર્ધમાન મહાવીરનું મધ્યવર્તી અંતર એક કોટાકોટી સાગરોપમ છે.

## અનેકોત્તરિકા વૃદ્ધિ સમવાય

# દ્વાદશાંગ ગણિપિટક

**१** **दुवालसंगे गणिपिडगे पण्णत्ते, तं जहा– आयारे सूयगडे ठाणे समवाए विवाहपण्णत्ती णायाधम्मकहाओ उवासगदसाओ अंतगडदसाओ अणुत्तरोव– वाइयदसाओ पण्हावागरणाइं विवागसुए दिट्ठिवाए ।**

**ભાવાર્થ** :– ગણિપિટક, દ્વાદશ અંગ સ્વરૂપ છે. તે બાર અંગ આ પ્રમાણે છે – (૧)આચારાંગ સૂત્ર (૨)સૂત્રકૃતાંગ સૂત્ર (૩)સ્થાનાંગ સૂત્ર (૪)સમવાયાંગ સૂત્ર (૫)વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર (૬)જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર (૭)ઉપાસકદશાંગ સૂત્ર (૮)અંતકૃતદશાંગ સૂત્ર (૯)અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર (૧૦)પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧)વિપાકસૂત્ર અને (૧૨)દષ્ટિવાદ સૂત્ર.

**વિવેચન :–**

ગુણોનો ગણ (સમૂહ)અથવા શ્રમણોના ગણ– સમૂહના ધારક આચાર્યને ગણિ કહે છે. પિટકનો અર્થ મંજૂષા, પેટી અથવા પટારી છે. આચાર્યોના સર્વસ્વ રૂપ શ્રુતરત્નોની મંજૂષાને ગણિપિટક કહે છે. જેમ મનુષ્યનાં આઠ અંગ હોય છે, તેમ શ્રુતરૂપ પરમ પુરુષનાં બાર અંગ છે, તે દ્વાદશાંગ શ્રુત કહેવાય છે.

**આચારાંગ સૂત્ર :–**

**२** **से किं तं आयारे ? आयारे णं समणाणं णिग्गंथाणं आयारगोयरविणय वेणइयट्ठाण गमण चंकमण पमाण जोगजुंजण भासा समिइ गुत्ती सेज्जोवहि भत्त पाण उग्गम उप्पायण एसणा विसोहि सुद्धासुद्धग्गहण वय णियम तवोवहाण सुप्पसत्थमाहिज्जइ ।**

**से समासओ पंचविहे पण्णत्ते, तं जहा–णाणायारे दंसणायारे चरित्तायारे तवायारे वीरियायारे । आयारस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ संखेज्जाओ संगहणीओ ।**

**से णं अंगट्ठयाए पढमे अंगे, दो सुयक्खंधा, पणवीसं अज्झयणा, पंचासीइं उद्देसणकाला, पंचासीइं समुद्देसणकाला, अट्ठारस पयसहस्साइं पयग्गेणं, संखेज्जा अक्खरा, अणंता गमा अणंता पज्जवा, परित्ता तसा,**

**अणंता थावरा सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति ।**

**से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरुवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति से त्तं आयारे ।।१।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – આચારાંગ સૂત્રમાં શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – આચારાંગ સૂત્રમાં શ્રમણ નિર્ગ્રંથોના આચાર, ગોચર, વિનય, વૈનયિક (વિનયફલ) સ્થાન, ગમન, ચંક્રમણ, પ્રમાણ, યોગ પ્રયોજન, ભાષા સમિતિ, ગુપ્તિ, શય્યા, ઉપધિ, ભક્ત, પાન, ઉદ્ગમ, ઉત્પાદન, એષણા વિશુદ્ધિ, શુદ્ધ ગ્રહણ, અશુદ્ધ ગ્રહણ, વ્રત, નિયમ, તપ અને ઉપધાન, આ દરેકનું સુપ્રશસ્ત કથન છે.

આચારના સંક્ષેપથી પાંચ પ્રકાર છે, જેમ કે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આચારાંગસૂત્રની પરિમિત સૂત્રાર્થ પ્રદાનરૂપ વાચનાઓ છે, તેમાં શબ્દોની વ્યાખ્યા કરવાના ઉપક્રમ આદિ સંખ્યાત અનુયોગ દ્વાર છે, સંખ્યાત પ્રતિપત્તિઓ છે, સંખ્યાત વેષ્ટક– એક વિષયને વર્ણવતા પાઠના આલાપક છે, સંખ્યાત શ્લોક છે, સંખ્યાત નિર્યુક્તિઓ – શબ્દોની વ્યુત્પત્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ અર્થાત વિકલ્પો માન્યતાઓ વર્ણિત છે.

અંગસૂત્રમાં આચારાંગસૂત્ર પ્રથમ અંગ સૂત્ર છે. તેમાં બે શ્રુતસ્કંધ છે, પચ્ચીસ અધ્યયન છે, પંચાસી ઉદ્દેશન કાલ છે, પંચાસી સમુદ્દેશનકાલ છે. પદ ગણનાની અપેક્ષાએ તેમાં અઢાર હજાર પદ એટલે શબ્દો છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ હોય છે, તેને જાણવા રૂપ ભાવો તેને જાણવાના આશય અનંત છે. અનંત જ્ઞાન પર્યવ તેમાં નિહિત છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે. દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોત્તર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન– ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવેલ છે.

## વિવેચન :–

આ અંગમાં શ્રમણના સંયમની આચારવિધિઓનું વર્ણન છે. તેના બે શ્રુતસ્કંધ છે. તે બન્ને

શ્રુતસ્કંધમાં અધ્યયનો છે અને અધ્યયનોમાં પણ ઉદ્દેશક છે.

આચરણને જ બીજા શબ્દોમાં આચાર કહેવાય છે અથવા પૂર્વ પુરુષોએ જ્ઞાનાદિની આસેવન વિધિનું જે આચરણ કર્યું છે અથવા કહ્યું છે, તે આચાર કહેવાય છે. આચારનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રને આચારાંગસૂત્ર કહેવાય છે. આચારાંગસૂત્રમાં પાંચ પ્રકારના આચારનું કથન છે.

**જ્ઞાનાચાર:–** યથાર્થ જ્ઞાનની આરાધના જ્ઞાનાચાર છે, જ્ઞાન આરાધનાના આઠ ભેદ છે– કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવણ, વ્યંજન, અર્થ અને તદુભય.

**દર્શનાચાર:–** સમ્યગ્દષ્ટિ, શ્રદ્ધાની પુષ્ટતાના ઉપાયો, દર્શનાચાર છે, તે સમ્યક્ત્વને દઢ બનાવે છે. દર્શનાચારના પણ આઠ ભેદ છે, યથા–નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદષ્ટિ, ઉપબૃંહણ, સ્થિરીકરણ, અને વાત્સલ્ય અને પ્રભાવના.

**ચારિત્રાચાર :–** અણુવ્રત તથા મહાવ્રત એ ચારિત્રાચાર છે. એ બન્નેનું પાલન કરવાથી સંચિત કર્મોનો ક્ષય થાય છે તેમજ આત્મા ઊર્ધ્વગામી બને છે. ચારિત્રના બે ભેદ છે– (૧) પ્રવૃત્તિ (૨) નિવૃત્તિ. મોક્ષાર્થીએ યત્નાપૂર્વક આવશ્યક પ્રવૃત્તિ કરવી જોઈએ. એવી પ્રવૃત્તિને સમિતિ કહેવાય છે. અનાવશ્યક પ્રવૃત્તિઓ ન કરવી કે મન, વચન કાયાની પ્રવૃત્તિઓને ઘટાડવી, તે ગુપ્તિ છે.

**તપાચાર :–** કષાયાદિને કૃશ કરવા માટે અને રાગદ્વેષ પર વિજય પ્રાપ્ત કરવા માટે જે જે ઉપાયો વડે શરીર, ઈન્દ્રિય અને મનને તપાવવામાં આવે અથવા ઈચ્છાઓ પર અંકુશ રાખવામાં આવે, તે તપ કહેવાય છે. તપ વડે જીવનમાં અસત્ પ્રવૃત્તિઓ સત્ પ્રવૃત્તિઓ રૂપે પરિવર્તન પામે છે. તપ વડે સંપૂર્ણ કર્મનો ક્ષય થાય છે અને આત્મા મોક્ષ મંજિલે પહોંચી જાય છે.

તપ નિર્જરાનો પ્રકાર છે છતાં સંવરનો પણ હેતુ છે તેમજ મુક્તિનો પ્રદાતા છે. તેના બે ભેદ છે– બાહ્યતપ અને આભ્યંતરતપ. બન્નેના છ–છ પ્રકાર છે.

**વીર્યાચાર :–** વીર્ય શક્તિને વીર્યાચાર કહેવાય છે. પોતાની શક્તિ અથવા બળને શુભ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત કરવા, તે વીર્યાચાર કહેવાય. તેના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે–

(૧) પ્રત્યેક ધાર્મિક અનુષ્ઠાનોમાં પ્રમાદ રહિત થઈને યથાશક્ય પ્રયત્ન કરવો.

(૨) જ્ઞાનાચારના આઠ અને દર્શનાચારના આઠ ભેદ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિરૂપ ચારિત્રાચારના આઠ ભેદ તથા તપના બાર ભેદને સારી રીતે સમજીને એ છત્રીસ પ્રકારના શુભ અનુષ્ઠાનોમાં યથાસંભવ પોતાની શક્તિને પ્રયુક્ત કરવી.

(૩) પોતાની ઈન્દ્રિયોની તથા મનની શક્તિનો મોક્ષપ્રાપ્તિના ઉપાયોમાં સામર્થ્ય પ્રમાણે ઉપયોગ કરવો.

**વાચના :–** સંખ્યાત વાચનાઓ છે. આચાર્ય આગમસૂત્ર કે સૂત્રના અર્થ શિષ્યને આપે, પ્રારંભથી અંત સુધી શિષ્યને જેટલીવાર શાસ્ત્રનો નવો પાઠ આપે કે વંચાવે, તે વાચના કહેવાય છે.

**અનુયોગદ્વાર :–** અનુયોગ એટલે સૂત્રનો અર્થ પરમાર્થ પ્રદર્શિત કરવો. શિષ્યોને વિવિધ ઉપાયો, વાક્યો, યુક્તિઓ દ્વારા સૂત્રાર્થ સમજાવવો, તે અનુયોગ અને તે સમજાવવાની પદ્ધતિ, આલંબન કે માધ્યમને અનુયોગદ્વાર કહે છે. તેના ચાર દ્વાર છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. એ ચાર દ્વારોના માધ્યમથી સૂત્રના શબ્દોના અર્થ ઘટિત કરવામાં આવે છે. અનુયોગદ્વારનો આશ્રય લેવાથી શાસ્ત્રનો મર્મ સારી રીતે અને યથાર્થરૂપે સમજાય છે. સંપૂર્ણ સૂત્રમાં સંખ્યાતા પદ એવા હોય છે, જેનું ચાર અનુયોગદ્વારોથી(ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નયથી) વિશ્લેષણ કરવામાં આવે છે, માટે સંખ્યાતા અનુયોગદ્વાર થઈ જાય છે.

**વેઢ :–** કોઈ એક વિષયને પ્રતિપાદન કરનારા જેટલા વાક્ય છે, તે વેષ્ટક એટલે આલાપક કહેવાય છે. એક વિષયનું પ્રતિપાદન કરનારા શબ્દ સંકલનને વેઢ(વેષ્ટક) કહે છે. તે પણ સંખ્યાત જ છે.

**શ્લોક :–** આઠ અક્ષરનું એક ચરણ(પદ) અને તેવા ચાર ચરણવાળા અનુષ્ટુપ છંદને શ્લોક કહે છે. એક શ્લોકમાં બત્રીસ અક્ષરની ગણતરી કરાય છે. આ સૂત્ર સંખ્યાત શ્લોક પરિમાણ છે.

**નિર્યુક્તિ :–** નિશ્ચયપૂર્વક અથવા શબ્દના નિરુક્ત–વ્યુત્પત્તિપૂર્વક અર્થને પ્રતિપાદન કરનારી યુક્તિને નિર્યુક્તિ કહેવાય છે. એવી નિર્યુક્તિઓ પણ સંખ્યાત છે. સૂત્રમાં શબ્દ સંખ્યાત હોય છે, તેથી તેના નિરુક્ત અર્થને બતાવનારી નિર્યુક્તિઓ પણ સંખ્યાતી જ હોય છે.

**પ્રતિપત્તિ :–** જેમાં દ્રવ્ય આદિ પદાર્થોની વિભિન્ન માન્યતાઓનો કે વિકલ્પોનો ઉલ્લેખ હોય તેને પ્રતિપત્તિ કહેવાય છે, તે પણ સંખ્યાત છે.

**સંગ્રહણીઓ:–** સૂત્રગત વિષયને સંક્ષિપ્તમાં સૂચન કરનારી ગાથાઓ સંગ્રહણીઓ કહેવાય છે. સૂત્રમાં તે પણ સંખ્યાત છે.

**ઉદ્દેશનકાળ :–** અંગસૂત્ર આદિનું પઠન પાઠન કરવું. શાસ્ત્રીય નિયમ પ્રમાણે કોઈ પણ શાસ્ત્રનું શિક્ષણ ગુરુની આજ્ઞાથી કરી શકાય. શિષ્યના પૂછવા પર ગુરુ જ્યારે કોઈ પણ શાસ્ત્રનું અધ્યયન કરવાની આજ્ઞા આપે અથવા પહેલીવાર તે સૂત્રના મૂળ અને અર્થની સંક્ષેપમાં વાચના આપે, ઉચ્ચારણ કરાવે તેને ઉદ્દેશન કહેવાય છે. એક સૂત્રના એવા સંખ્યાતા ઉદ્દેશનકાળ થાય છે. જેટલી વારમાં તે સૂત્ર પૂર્ણ કરવામાં આવે, તે સંખ્યાને ઉદ્દેશનકાળ કહેવાય છે.

**સમુદ્દેશનકાળ :–** ઉદ્દેશ કરાયેલા સૂત્રને ફરીથી પરિપક્વ અને શુદ્ધ કરાવવામાં આવે, વિશેષ પરમાર્થ સમજાવવામાં આવે, તેને સમુદ્દેશ કહેવાય છે. તે પણ જેટલીવારમાં કે જેટલા દિવસોમાં પૂર્ણ કરાય તેને સમુદ્દેશનકાળ કહેવાય છે. તે પણ દરેક સૂત્રના સંખ્યાત જ હોય છે.

**ગમ :–** ગમ અર્થાત્ અર્થ કાઢવાના માર્ગ, સૂત્રના ભાવો, આશય સમજવો, તેને ગમ કહેવાય છે. તે દરેક સૂત્રના અનંત હોય છે.

**पज्जवा :–** જેમ ચારિત્રના અનંત પજ્જવા–પર્યવ(પર્યાય) હોય છે તેમજ શ્રુતજ્ઞાન રૂપ શાસ્ત્રજ્ઞાનના અનંત પર્યવ(પર્યાય)પજ્જવા હોય છે. અહીં પર્યવ(પર્યાય)એટલે તે ગુણની આરાધનાની તારતમ્યતા,

પરિણામોની શુદ્ધિની વિભિન્નતા. દરેક આત્મગુણના પજ્જવા અનંત હોય છે. જુદા જુદા આત્માઓના ગુણ પર્યવ પરસ્પર અનંતગુણા તફાવતવાળા હોય છે. શરીર સંબંધી પર્યાયો એક ભવમાં સંખ્યાત કે અસંખ્યાત જ થાય છે. અનંત પર્યાયો એક ભવમાં થતા નથી માટે અહીં શરીર સંબંધી પર્યાયો સમજવી નહીં પરંતુ જ્ઞાનીના શ્રુતજ્ઞાનના પર્યવો–પજ્જવોનું કથન છે, એમ સમજવું જોઈએ.

**ત્રસ અને સ્થાવર :–** દરેક સૂત્રમાં પરિમિત ત્રસ જીવોની તથા અનંત સ્થાવર જીવોની અપેક્ષા હોય છે અર્થાત્ દરેક ત્રસ સ્થાવર જીવોની રક્ષાના કે દયા–અનુકંપાના અને હિતના ભાવો સર્વ સૂત્રોમાં હોય જ છે. અનંત નહીં પરંતુ અસંખ્ય છે તેને જ અહીં પરિમિત કહ્યા છે.

**શાશ્વતકૃત :–** ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય નિત્ય છે. ઘટ–પટાદિ પદાર્થો પ્રયોગજન્ય છે. સંધ્યાકાલીન લાલિમા આદિ વિસ્રસા(સ્વભાવ) હોય છે. સૂત્રમાં શાશ્વત અશાશ્વત બંને ભાવો હોય છે. નિર્યુક્તિ, હેતુ, ઉદાહરણ, લક્ષણ આદિ અનેક પદ્ધતિઓ વડે તે પદાર્થનો નિર્ણય કરાય છે.

આચારાંગ સૂત્ર અંગની અધિકાંશ રચના ગદ્યાત્મક છે. વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક પદ્ય આવે છે. અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સમજવા માટે આ રચના મહત્વપૂર્ણ છે. સાતમા અધ્યયનનું નામ મહાપરિજ્ઞા છે પરંતુ કાળ–દોષના કારણે તેનો પાઠ વિચ્છિન્ન થઈ ગયો છે. ઉપધાન નામના નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરની તપસ્યાનું બહુ જ મોટી સંખ્યામાં માર્મિક વર્ણન છે. ત્યાં તેઓને લાઢ, વજ્જભૂમિ અને શુભ્રભૂમિમાં વિહાર કરતાં કરતાં વિવિધ પ્રકારના ભયંકર ઉપસર્ગ સહન કર્યા, તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. પહેલા શ્રુતસ્કંધના ૯ અધ્યયન છે અને ૪૪ ઉદ્દેશક છે. બીજો શ્રુતસ્કંધ ૧૬ અધ્યયનોમાં વિભાજિત છે. તેના ૩૪ ઉદ્દેશક છે. બીજા શ્રુતસ્કંધમાં શ્રમણો માટે નિર્દોષ ભિક્ષાનું, આહાર પાણીની શુદ્ધિનું, શય્યા, સંસ્તરણ, વિહાર, ચાતુર્માસ, ભાષા, વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોનું વર્ણન છે. મહાવ્રત અને તેની પચ્ચીસ ભાવનાઓનું સ્વરૂપ વિસ્તારપૂર્વક છે તથા મહાવીર સ્વામીના જન્મથી લઈને દીક્ષા, કેવળજ્ઞાન અને ઉપદેશ આદિનું સવિસ્તૃત વર્ણન છે.

## સૂત્રકૃતાંગ સૂત્ર

**३** **से किं तं सूयगडे ? सूयगडे णं ससमया सूइज्जंति, परसमया सूइज्जंति, ससमयपरसमया सूइज्जंति, जीवा सूइज्जंति, अजीवा सूइज्जंति, जीवाजीवा सूइज्जंति, लोगे सूइज्जइ, अलोगे सूइज्जइ लोगालोगे सूइज्जइ ।**

**सूयगडे णं जीवाजीव पुण्ण पावासव संवर णिज्जरण बंध मोक्खावसाणा पयत्था सूइज्जंति । समणाणं अचिरकालपव्वइयाणं कुसमयमोह–मोहमइ–मोहियाणं संदेहजायसहजबुद्धि परिणामसंसइयाणं पावकर–मलिणमइ– गुणविसोहणत्थं असीअस्स किरियावाइयसयस्स, चउरासीए अकिरियवाईणं, सत्तट्ठीए अण्णाणियवाईणं,बत्तीसाए वेणइयवाईणं**

**तिण्हं तेवट्ठीणं अण्णदिट्ठियसयाणं बूहं किच्चा ससमए ठाविज्जइ । णाणादिट्ठंत वयण णिस्सारं सुट्ठु दरिसयंता विविहवित्थाराणुगमपरमसब्भावगुणविसिट्ठा मोहपहोयारगा उदारा अण्णाण तमंधकारदुग्गेसु दीवभूआ सोवाणा चेव सिद्धिसुगइगिहुत्तमस्स णिक्खोभ-णिप्पकंपा सुत्तत्था ।**

**सूयगडस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ संखेज्जाओ संगहणीओ ।**

**से णं अंगट्ठयाए दोच्चे अंगे, दो सुयक्खंधा, तेवीसं अज्झयणा, तेत्तीसं उद्देसणकाला, तेत्तीसं समुद्देसणकाला, छत्तीसं पदसहस्साइं पयग्गेणं पण्णत्ताइं। संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया एवं चरण-करण-परूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से तं सूयगडे ।।२।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – સૂત્રકૃતાંગ સૂત્રમાં શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – સૂત્રકૃતાંગ દ્વારા સ્વસમય સૂચિત કરવામાં આવે છે, પરસમય સૂચિત કરવામાં આવે છે અને સ્વ–પર સમય સૂચિત કરવામાં આવે છે. જીવ સૂચિત કરવામાં આવે છે, અજીવ સૂચિત કરવામાં આવે છે, જીવ અને અજીવ સૂચિત કરવામાં આવે છે. લોક સૂચિત કરવામાં આવે છે, અલોક સૂચિત કરવામાં આવે છે અને લોકાલોક સૂચિત કરવામાં આવે છે.

સૂત્રકૃતાંગ સૂત્રમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સુધીના દરેક પદાર્થ સૂચિત કરવામાં આવ્યા છે. જે શ્રમણ અલ્પકાળથી જ પ્રવ્રજિત છે, જેની બુદ્ધિ કુતીર્થિકોના અયથાર્થ સિદ્ધાંત સાંભળવાથી મોહિત છે, જેનું હૃદય તત્ત્વના વિષયમાં સંદેહ ઉત્પન્ન થવાથી આન્દોલિત થઈ રહ્યું છે અને સહજ બુદ્ધિનું પરિણમન સંશયને પ્રાપ્ત થઈ રહ્યું છે, તેની પાપ ઉપાર્જન કરનારી મલિન મતિના દુર્ગુણોનું શોધન કરવા માટે ક્રિયાવાદીઓના એકસો એંસી, અક્રિયાવાદીઓના ચોર્યાસી, અજ્ઞાનવાદીઓના સડસઠ, વિનયવાદીઓના બત્રીસ, આ ૧૮૦+૮૪+૬૭+૩૨ = ૩૬૩ અન્યવાદીઓના વ્યૂહ(મત)નું નિરાકરણ કરીને સ્વસિદ્ધાંત (જૈન સિદ્ધાંત) સ્થાપિત કરવામાં આવ્યો છે. વિવિધ પ્રકારનાં દષ્ટાંતપૂર્ણ યુક્તિયુક્ત વચનો દ્વારા પરમતના વચનોની સારી રીતે નિઃસારતા બતાવતાં તથા સત્પદ

પ્રરૂપણા આદિ અનેક અનુયોગદ્વારો દ્વારા જીવાદિ તત્ત્વોની વિવિધ પ્રકારથી વિસ્તારાનુગમ કરીને પરમ સદ્‌ભાવગુણ, વિશિષ્ટ મોક્ષ માર્ગના અવતારક, સમ્યગ્‌દર્શનાદિમાં પ્રાણીઓના પ્રવર્તક, સકલ સૂત્ર અર્થ સંબંધી દોષોથી રહિત, સમસ્ત સદ્‌ગુણોથી સહિત, ઉદાર, પ્રગાઢ, અંધકારમય દુર્ગમ સ્થળોમાં દીપક સ્વરૂપ, સિદ્ધિ અને સુગતિરૂપી ઉત્તમ ઘર–ગૃહને માટે પગથિયાં સમાન, પ્રવાદીઓના વિક્ષોભથી રહિત, નિષ્પ્રકંપ સૂત્ર અને અર્થ સૂચિત કરવામાં આવ્યા છે.

સૂત્રકૃતાંગમાં પરિમિત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગ દ્વાર છે, સંખ્યાત પ્રતિપત્તિઓ છે, સંખ્યાત વેઢ–વેષ્ટક– સરખા પાઠના આલાપક છે, સંખ્યાત શ્લોક છે, સંખ્યાત નિર્યુક્તિ છે અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રમાં આ સૂત્રકૃતાંગ સૂત્ર બીજું અંગ સૂત્ર છે. તેમાં બે શ્રુતસ્કંધ છે, ત્રેવીસ અધ્યયન છે, તેત્રીસ ઉદ્દેશનકાલ છે, તેત્રીસ સમુદ્દેશનકાલ છે, તેનું પદ પરિમાણ છત્રીસ હજાર છે. તેમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ અને અનંત પર્યાય છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી તેમાં અધ્યેતા તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દૃષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત છે.

## વિવેચન :–

સૂત્રકાર આ સૂત્રમાં સૂત્રકૃતાંગસૂત્રનો સંક્ષિપ્ત પરિચય આપે છે. **'सूच्' सूचायां** ધાતુથી 'સૂત્રકૃતાંગ' શબ્દ બને છે. એનો આશય એ છે કે જે સમસ્ત જીવાદિ પદાર્થનો બોધ કરાવે છે તેને સૂચકૃત્ કહેવાય, અથવા **सूचनात् सूत्रम्** જે મોહનિદ્રામાં સુપ્ત હોય અથવા પથભ્રષ્ટ પ્રાણીઓને જગાડીને સન્માર્ગે ચડાવે, તેને સૂત્રકૃત્ કહેવાય. જેવી રીતે વીખરાયેલા મોતીને દોરામાં પરોવીને એકત્રિત કરવામાં આવે છે, એ જ રીતે જેના દ્વારા વિવિધ વિષયોને તેમજ મત–મતાંતરોની માન્યતાઓને ક્રમબદ્ધ કરવામાં આવે, તેને પણ સૂત્રકૃત્ કહે છે. સૂત્રકૃતાંગસૂત્રમાં વિભિન્ન વિચારકોના મતોનું દિગ્દર્શન કરાવ્યું છે.

સૂત્રકૃતાંગસૂત્રમાં લોક, અલોક તથા લોકાલોકના સ્વરૂપનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શુદ્ધ જીવ પરમાત્મા છે, શુદ્ધ અજીવ જડ પદાર્થ છે અને સંસારી જીવ શરીરથી યુક્ત હોવાના કારણે જીવાજીવ કહેવાય છે. કોઈ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડતા નથી અને બીજાના સ્વરૂપને અપનાવતા પણ નથી. એ જ દ્રવ્યનું દ્રવ્યત્વ છે.

જિનભાષિત સિદ્ધાંતોને સ્વસમય કહે છે, અન્યતીર્થિઓ દ્વારા પ્રરૂપિત સિદ્ધાંતને પરસમય કહે

છે અને બન્નેના સિદ્ધાંતોને સ્વસમય–પરસમય કહે છે. જો કે પોતપોતાની કલ્પનાઓ અનુસાર તત્ત્વોનું નિરૂપણ કરનારા મત મતાંતર અગણિત છે, તો પણ તેને સ્થૂલ રૂપથી ચાર વર્ગોમાં વિભાજિત કર્યા છે, તે આ પ્રમાણે છે :– ૧. ક્રિયાવાદી ૨. અક્રિયાવાદી ૩. અજ્ઞાનવાદી અને વિનયવાદી. તેના ૩૬૩ ભેદ આ પ્રમાણે થાય છે.

**ક્રિયાવાદી –** ક્રિયાવાદીઓ જ્ઞાનની ઉપેક્ષા કરીને એકાંતે ક્રિયાને જ સ્વીકારે છે. તેમના મતાનુસાર ક્રિયા જ પ્રધાન છે. ક્રિયાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. વિશુદ્ધ અને નિર્મળ ચિત્તથી કરેલી ક્રિયા મોક્ષ સાધનાનું અંગ છે અને મલિન ચિત્તથી થયેલી ક્રિયા કર્મબંધનું કારણ છે. તેઓના મતે આ જીવ છે, તેવું જ્ઞાન હોય, જીવને મારવાનો સંકલ્પ હોય અને કાયા દ્વારા મારવાની ક્રિયા થાય અને જીવ મરી જાય, તો જ કર્મબંધ થાય છે. આ રીતે કર્મનો બંધ અને મોક્ષ ક્રિયાથી જ થાય છે.

ક્રિયાવાદીના ૧૮૦ ભેદ આ પ્રમાણે થાય છે– કાલ, સ્વાભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, આ પાંચ સમવાય છે. તે પાંચ સ્વાત્મામાં કાર્યશીલ છે અને તે જ પાંચ પર આત્મામાં સ્વની અપેક્ષાએ કાર્યશીલ નથી, પરંતુ તે પરદ્રવ્યની અપેક્ષાએ કાર્યશીલ છે. આમ સ્વ પરના ભેદથી ૫ X ૨ = ૧૦ ભેદ થાય છે. તે દશે ભેદ શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. તેથી ૧૦ X ૨ = ૨૦ ભેદ થાય છે. આ વીસે ભેદને નવ તત્ત્વ પર ઘટિત કરતા ૨૦ X ૯ = ૧૮૦ ભેદ થાય છે, યથા–

(૧) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય સ્વની અપેક્ષાએ શાશ્વતપણે કાર્યશીલ છે.

(૨) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય સ્વની અપેક્ષાએ અશાશ્વતપણે કાર્યશીલ છે.

(૩) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય પરની અપેક્ષાએ શાશ્વતપણે કાર્યશીલ છે.

(૪) જીવ તત્ત્વમાં કાલ નામનો સમવાય પરની અપેક્ષાએ અશાશ્વતપણે કાર્યશીલ છે.

આ રીતે **જીવ** તત્ત્વના **કાલ** નામના સમવાયના સંયોગે ચાર ભંગ થયા. તે જ રીતે **પાંચે** સમવાયના સંયોગે ચાર–ચાર ભંગ થતાં ૪ X ૫ = ૨૦ ભંગ થાય. જીવ તત્ત્વના વીસ ભંગ થયા. તે જ રીતે નવે તત્ત્વના વીસ–વીસ ભંગ થતાં ૨૦ X ૯ = ૧૮૦ ભેદ થાય છે.

**અક્રિયાવાદી –** ક્રિયાને નહીં સ્વીકારનારા. તેઓના મતાનુસાર જ્ઞાન જ પ્રકાશ કરનાર છે. તેનાથી જ ભાવોની શુદ્ધિ થાય છે અને ભાવ શુદ્ધિ જ કલ્યાણનો માર્ગ છે, માટે બાહ્ય ક્રિયાઓ આવશ્યક નથી.

બીજી અપેક્ષાએ સાંખ્યમતાનુયાયીઓ અક્રિયાવાદી છે. તેઓના મતાનુસાર આત્મા સ્વયં કોઈ ક્રિયા કરતો નથી, બીજા પાસે કરાવતો પણ નથી. આત્મા કોઈ પણ ક્રિયાનો કર્તા નથી. આત્મા અક્રિય છે.

અક્રિયાવાદના ૮૪ ભેદ આ પ્રમાણે છે– જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આ સાત તત્ત્વો સ્વ અપેક્ષાએ સત્ સ્વરૂપ છે અને પર અપેક્ષાએ અસત્ સ્વરૂપ છે અર્થાત્ નથી. તેથી ૭ X ૨ = ૧૪ ભેદ છે. આ ચૌદે ભેદને કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થ, આ પાંચ સમવાય તથા યદચ્છા આ છ બોલથી ગુણતાં ૧૪ X ૬ = ૮૪ ભેદ થાય.

અક્રિયાવાદીઓની વિવિધ વિચારણાઓ પ્રદર્શિત થાય છે, યથા–

(૧) **एकवादी :–** કોઈ વિચારકનો મત છે કે વિશ્વમાં જડ પદાર્થ સિવાય અન્ય કંઈ છે જ નહીં. માત્ર જડ

જ છે. આત્મા, પરમાત્મા અને ધર્મ નામની કોઈ વસ્તુ છે જ નહીં. શબ્દાદ્વૈતવાદી એક માત્ર શબ્દની જ સત્તા માને છે. બ્રહ્માદ્વૈતવાદીઓ માત્ર બ્રહ્મ સિવાય અન્ય સર્વ દ્રવ્યોનો નિષેધ કરે છે. તેનું કથન છે– **एकमेवाद्वितीयं ब्रह्मं** જેમ કે એક જ ચંદ્ર અનેક જળાશયો અને દર્પણ આદિ સ્વચ્છ પદાર્થોમાં પ્રતિબિંબિત હોય છે, તેમ દરેક શરીરમાં એક જ આત્મા રહે છે, જેમ કે–

**एक एव हि भूतात्मा, भूते भूते व्यवस्थितः ।**
**एकधा बहुधा चैव, दृश्यते जलचन्द्रवत् ।।**

ઉપરોક્ત દરેક વાદીઓનો સમાવેશ એકવાદીમાં જ થઈ જાય છે.

(૨) **अनेकवादी :**– જેટલા ધર્મ છે એટલા જ ધર્મી છે, જેટલા ગુણ છે એટલા જ ગુણી છે, જેટલા અવયવો છે એટલા જ અવયવી છે. એવી માન્યતા ધરાવનારને અનેકવાદી કહેવાય છે. વસ્તુગત અનંત પર્યાય હોવાથી તેઓ વસ્તુને પણ અનંત માને છે.

(૩) **मितवादी :**– મિતવાદી લોકને સપ્તદ્વીપ સુધી જ સીમિત માને છે. તેનાથી આગળ લોક છે નહીં. તેઓ આત્માને અંગુષ્ઠ પ્રમાણ અથવા તંદુલ પ્રમાણ માને છે પણ શરીર પ્રમાણ અને લોકપ્રમાણ માનતા નથી. તેમજ દશ્યમાન જીવોને જ આત્મા માને છે, આત્મા અનંત છે, એમ તેઓ માનતા નથી.

(૪) **निर्मितवादी :**– ઈશ્વરવાદી સૃષ્ટિનો કર્તા, ધર્તા અને હર્તા ઈશ્વરને જ માને છે. તેઓની માન્યતા પ્રમાણે આ વિશ્વ કોઈના દ્વારા નિર્મિત થયું છે. શૈવ શિવને, વૈષ્ણવ વિષ્ણુને અને કોઈ બ્રહ્માને સૃષ્ટિના નિર્માતા માને છે. દૈવી ભાગવતમાં શક્તિ–દેવીને જ નિર્માત્રી માને છે. આ રીતે દરેક વાદીઓનો સમાવેશ આ ભેદમાં થઈ જાય છે.

(૫) **सातावादी :**– તેઓની માન્યતા છે કે સુખનું બીજ સુખ છે અને દુઃખનું બીજ દુઃખ છે. તેઓના કથન પ્રમાણે ઈન્દ્રિયો દ્વારા વૈષયિક સુખનો ઉપભોગ કરવાથી પ્રાણી ભવિષ્યમાં પણ સુખી થઈ શકે છે અને તેનાથી વિપરીત તપ, સંયમ, નિયમ તેમ જ બ્રહ્મચર્ય આદિથી શરીર અને મનને દુઃખ પહોંચાડવાથી જીવ પરભવમાં પણ દુઃખ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે શાતાવાદીઓના મત અનુસાર શરીર અને મનને શાતા પહોંચાડવાથી જ જીવ ભવિષ્યમાં સુખી થઈ શકે છે.

(૬) **समुच्छेदवादी :**– સમુચ્છેદવાદી અર્થાત્ ક્ષણિકવાદને માનનારા આત્મા આદિ દરેક પદાર્થને ક્ષણિક માને છે. તેનો નિરન્વય નાશ થાય છે. એવી એની માન્યતા છે.

(૭) **नित्यवादी :**– નિત્યવાદીના પક્ષપાતી કહે છે કે પ્રત્યેક વસ્તુ એક જ સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તેઓના વિચારથી વસ્તુમાં ઉત્પાદ્–વ્યય થતા નથી, તેઓ વસ્તુને પરિણામી માનતા નથી પણ કૂટસ્થ નિત્ય માને છે. બીજા શબ્દોમાં તેઓને વિવર્તવાદી પણ કહેવાય છે. જેમ કે અસત્‌ની ઉત્પત્તિ હોતી નથી અને તેનો વિનાશ પણ હોતો નથી. એ જ રીતે સત્‌નો પણ ઉત્પાદ અને વિનાશ હોતો નથી. કોઈ પણ પરમાણુ સદાકાળથી જેવા સ્વરૂપે રહ્યું છે એવું જ ભવિષ્યમાં પણ રહેશે, તેમાં પરિવર્તન માટે કોઈ અવકાશ

નથી. એવી માન્યતા રાખનારા વાદી ઉક્ત ભેદમાં નિહિત થઈ જાય છે.

(૮) **न संति परलोकवादी** :– આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી. તો પછી પરલોક કેવી રીતે હોઈ શકે ? આત્મા ન હોવાથી પુણ્ય–પાપ, ધર્મ–અધર્મ, શુભ–અશુભ કોઈ પણ કર્મ રહેતું નથી, માટે પરલોક છે એમ માનવું એ નિરર્થક છે અથવા શાંતિ એ જ મોક્ષ છે. તેઓ આત્માને તો માને છે પરંતુ તેનું કહેવું છે કે આત્મા અલ્પજ્ઞ છે, તે ક્યારે ય પણ સર્વજ્ઞ બની શકતો નથી. સંસારી આત્મા ક્યારે ય મુક્ત બની શકતો નથી અથવા આ લોકમાં જ શાંતિ,શાતા અને સુખ છે. પરલોકમાં એ દરેકનો સર્વથા અભાવ છે. પરલોકનો, પુનર્જન્મનો અને મોક્ષના નિષેધક જે કોઈ વિચારક હોય, એ દરેકનો સમાવેશ આ ભેદમાં થઈ જાય છે.

**અજ્ઞાનવાદી–** તેમના મતાનુસાર સર્વ અનર્થોનું મૂળ જ્ઞાન છે. જ્ઞાન હોય, તો વાદ–વિવાદ, કલહ, સંઘર્ષ, અહંકાર, કષાયોની વૃદ્ધિ થાય છે. જ્ઞાન જ ન હોય તો વાદ–વિવાદથી દૂર રહી શકાય છે. જ્ઞાન હોવા છતાં અપરાધ કરે, તો તેનો દંડ વિશેષ થાય છે. અજાણતાં અપરાધ થાય, તો દંડ ઓછો મળે છે.

આ જગતમાં ભિન્ન–ભિન્ન દાર્શનિકો પોતાના મતની પૃષ્ટિ માટે વિવિધ તર્ક–વિતર્કો અને યુક્તિઓ પ્રગટ કરે છે, પરસ્પર એક બીજાનું ખંડન–મંડન કરે છે. તેમાં સત્ય શું છે તે જાણી શકાતું નથી, તેથી અજ્ઞાન જ સર્વશ્રેષ્ઠ છે.

જેમ ઔષધિના જ્ઞાન વિના પણ ઔષધ સેવનથી વ્યક્તિ નિરોગી થાય છે. નિરોગી થવા માટે ઔષધના જ્ઞાનની જરૂર નથી. તેમજ કર્મથી મુક્ત થવા માટે જ્ઞાનની જરૂર નથી. અજ્ઞાનવાદીના ૬૭ ભેદ છે, યથા– જીવાદિ નવ તત્ત્વ છે અને સ્યાદ્વાદ–અનેકાંતવાદની સપ્તભંગી છે, તેને ગુણતાં ૭ X ૯ = ૬૩ ભેદ થાય છે અને ઉત્પત્તિના સદ્, અસદ્, અવક્તવ્ય તથા સદ્ અસદ્ અવક્તવ્ય આ ચાર ભંગ ઉમેરતાંના ૬૭ ભેદ થાય છે.

બીજી અપેક્ષાએ નવ તત્ત્વના સાત–સાત ભંગ થતાં ૯ X ૭ = ૬૩ ભંગ છે અને (૧) સાંખ્યમત (૨) શૈવમત (૩) વેદાંતવાદ અને (૪) વૈષ્ણવમત, આ ચારે મત ભક્તિપ્રધાન છે. તેમાં પણ જ્ઞાન–ક્રિયાની વિશેષ અપેક્ષા નથી, તેથી તેની ગણના અજ્ઞાનવાદમાં થાય છે. જેથી ૬૩ + ૪ = ૬૭ ભેદ થાય છે.

**વિનયવાદી :–** માત્ર વિનયને જ કલ્યાણનો માર્ગ માનનારા. તેમના મતાનુસાર સમસ્ત ગુણોમાં વિનય સર્વ શ્રેષ્ઠ ગુણ છે. વિનયનું આચરણ કરનાર વ્યક્તિ ક્રમશઃ સર્વ ગુણોને પામે છે, તેથી સર્વનો વિનય કરવો, જે સામે હોય તેને નમસ્કાર કરવા, તે જ સાધના છે, સામી વ્યક્તિ ગમે તેવી હોય, ઉચ્ચ કક્ષાની હોય કે નિમ્નતમ કક્ષાની હોય, ધર્મની આરાધના કરે કે ન કરે પરંતુ તેને જોયા કે જાણ્યા વિના આપણે સર્વને એક સમાન માનીને નમસ્કાર કરવા તે જ સર્વ શ્રેષ્ઠ છે. તેના ૩૨ ભેદ છે–

(૧) રાજાનો (૨) જ્ઞાની પુરુષનો (૩) વૃદ્ધનો (૪) માતાનો (૫) પિતાનો (૬) ગુરુનો (૭) ધર્મનો અને (૮) સૂર્યનો; આ આઠનો મન, વચન અને કાયાથી વિનય કરવો અને બહુમાનપૂર્વક તેની ભક્તિ કરવી. આ રીતે ૮ X ૪ = ૩૨ ભેદ થાય છે.

ઉક્ત ચારે ય પ્રકારના એકાંતવાદીઓના ત્રણસો ત્રેસઠ મતોનું સ્યાદ્વાદની દષ્ટિથી નિરાકરણ

કરીને યથાર્થ વસ્તુ સ્વરૂપનો નિર્ણય આ બીજા આગમ સૂત્રકૃતાંગમાં છે.

**સ્થાનાંગ સૂત્ર :-**

**४** से किं तं ठाणे ? ठाणेणं ससमया ठाविज्जंति, परसमया ठाविज्जंति, ससमय-परसमया ठाविज्जंति, जीवा ठाविज्जंति, अजीवा ठाविज्जंति, जीवाजीवा ठाविज्जंति, लोगे ठाविज्जइ, अलोगे ठाविज्जइ, लोगालोगे ठाविज्जइ ।

ठाणेणं दव्व-गुण-खेत्त-काल-पज्जव-पयत्थाणं-

सेला सलिला य समुद्दा, सूर-भवण-विमाण-आगर णईओ ।

णिहिओ पुरिसज्जाया सरा य गोत्ता य जोइसंचाला ।।१।।

-एक्कविहवत्तव्वयं दुविह वत्तव्वयं *जाव* दसविह वत्तव्वयं जीवाण पोग्गलाण य लोगट्ठाइणं च परूवणया आघविज्जति ।

ठाणस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ ।

से णं अंगट्ठयाए तइए अंगे, एगे सुयक्खंधे, दस अज्झयणा, एक्कवीसं उद्देसणकाला, एक्कवीसं समुद्देसणकाला, वावत्तरिं पयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं ठाणे ।।३।।

**ભાવાર્થ** :- **પ્રશ્ન** – સ્થાનાંગ(ઠાણાંગ) સૂત્રમાં શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – સ્થાનાંગ સૂત્રમાં સ્વસમય જૈન સિદ્ધાંત સ્થાપિત (સિદ્ધ) કર્યા છે, પરસમય સ્થાપિત કર્યા છે અને સ્વસમય–પરસમય સ્થાપિત કર્યા છે. જીવ, અજીવ અને જીવાજીવ સ્થાપિત કર્યા છે. લોક, અલોક અને લોકાલોક સ્થાપિત કર્યા છે.

સ્થાનાંગસૂત્રમાં જીવ આદિ પદાર્થોનાં દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાળ અને પર્યાયોનું નિરૂપણ છે. પર્વતો, ગંગા આદિ મહાનદીઓ, સમુદ્રો, સૂર્યો, ભવનો, વિમાનો, આકરો (સુવર્ણ આદિની ખાણો) સામાન્ય નદીઓ, નિધિઓ, પુરુષોના સ્વરો, ગોત્રો અને જ્યોતિષી દેવોના સંચારનું વર્ણન છે. એક એક પ્રકારના પદાર્થોનું, બે બે પ્રકારના પદાર્થોનું ***યાવત્*** દશ દશ પ્રકારના પદાર્થોનું કથન છે. જીવ, પુદ્‌ગલ અને લોકમાં અવસ્થિત ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની પ્રરૂપણા છે.

સ્થાનાંગ સૂત્રમાં પરિમિતની વાચનાઓ, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેષ્ટક, સંખ્યાત શ્લોક, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત નિર્યુક્તિ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગસૂત્રમાં ઠાણાંગસૂત્ર ત્રીજું અંગસૂત્ર છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયન છે, એકવીસ ઉદ્દેશન કાલ છે, એકવીસ સમુદ્દેશન કાલ છે. પદ ગણનાની અપેક્ષાએ તેમાં બોત્તેર હજાર પદ છે. સંખ્યાત અક્ષર છે, અનંતગમસૂત્ર છે, અનંત પર્યાય છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો કહ્યા, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કર્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન– ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગૂણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવેલ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં સ્થાનાંગ સૂત્રનો પરિચય આપ્યો છે. ઠાણાંગ સૂત્રમાં જીવાદિ પદાર્થોનું વર્ણન છે. આ સૂત્ર દશ અધ્યયનમાં વિભાજિત છે. તેમાં સૂત્રોની સંખ્યા હજારથી અધિક છે, એકવીસ ઉદ્દેશક છે. આ અંગની રચના પૂર્વોક્ત બે અંગથી ભિન્ન પ્રકારની છે. આ અંગમાં પ્રત્યેક અધ્યયન"સ્થાન" નામથી કથિત છે, તેમાં અધ્યયન (સ્થાન)ની સંખ્યા પ્રમાણે જ વસ્તુ સંખ્યા ગણાવી છે, યથા–

(૧) પ્રથમ સ્થાનમાં (અધ્યયનમાં)– **"एगे आया"** આત્મા એક છે, એ જ રીતે અન્ય એક એક પ્રકારના પદાર્થોનું વર્ણન છે.

(૨) બીજા સ્થાનમાં બે–બે પદાર્થોનું વર્ણન છે, યથા– જીવ અને અજીવ, પુણ્ય અને પાપ, ધર્મ અને અધર્મ આદિ પદાર્થોનું વર્ણન છે.

(૩) ત્રીજા સ્થાનમાં– જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિરૂપણ છે. ત્રણ પ્રકારના પુરુષ–ઉત્તમ, મધ્યમ અને જઘન્ય તથા શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાય ધર્મ, આ રીતે ત્રણ ત્રણ પ્રકારના ધર્મ આદિ વિષયોનું નિરૂપણ છે.

(૪) ચોથા સ્થાનમાં– ચાતુર્યામ ધર્મ આદિ તેમ જ સાતસો ચૌભંગીઓનું વર્ણન છે.

(૫) પાંચમા સ્થાનમાં– પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ તથા પાંચ ઈન્દ્રિય ઈત્યાદિનું વર્ણન છે.

(૬) છટ્ઠા સ્થાનમાં– છકાય, છ લેશ્યા, ગણિના છ ગુણ, ષટ્દ્રવ્ય તથા છ આરા આદિનું વર્ણન છે.

(૭) સાતમા સ્થાનમાં– સર્વજ્ઞના અને અલ્પજ્ઞના સાત–સાત લક્ષણ, સપ્ત સ્વરોનું લક્ષણ, સાત પ્રકારના વિભંગસ્થાન આદિ અનેક પદાર્થોનું વર્ણન છે.

(૮) આઠમા સ્થાનમાં– આઠ વિભક્તિઓનું વિવરણ, આઠ અવશ્ય પાલનીય શિક્ષા, એકલવિહારી સાધુના આઠ ગુણ આદિ આઠ–આઠ સંખ્યાથી સંબંધિત વિષયોનું વર્ણન છે.

(૯) નવમા સ્થાનમાં– બ્રહ્મચર્યની નવ વાડ તથા ભગવાન મહાવીરના શાસનમાં નવ વ્યક્તિઓએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું છે તેના નામ અને અનાગત કાળની ઉત્સર્પિણીમાં તીર્થંકર બનવાના છે તેનો નામ નિર્દેશ છે. એ સિવાય નવ–નવની સંખ્યાથી સંબંધિત વિષયોનું વર્ણન છે.

(૧૦) દસમા સ્થાનમાં– દસ ચિત્ત સમાધિ, દસ સ્વપ્નોનું ફળ, દસ પ્રકારના સત્ય, દસ પ્રકારના અસત્ય, દસ પ્રકારની મિશ્ર ભાષા, દશ પ્રકારના શ્રમણધર્મ તથા દસ સ્થાન અલ્પજ્ઞ જાણતા નથી ઈત્યાદિ દસ–દસ સંખ્યાઓ સંબંધિત અનેક વિષયોનું વર્ણન છે.

આ રીતે આ સૂત્રમાં વિવિધ પ્રકારના વિષયોનું વર્ણન છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સૂત્ર ભિન્ન ભિન્ન વિષયોનો કોશ છે. જિજ્ઞાસુ પાઠકોના માટે આ અંગ અવશ્ય પઠનીય છે.

**સમવાયાંગ સૂત્ર :–**

**૫ से किं तं समवाए ? समवाए णं ससमया सूइज्जंति, परसमया सूइज्जंति, ससमयपरसमया सूइज्जंति । जीवा सूइज्जंति, अजीवा सूइज्जंति, जीवाजीवा सूइज्जंति, लोगे सूइज्जइ, अलोगे सुइज्जइ, लोगालोगे सूइज्जइ ।**

**समवाएणं एकाइयाणं एगट्ठाणं एगुत्तरियपरिवुड्ढीए दुवालसंगस्स वि गणिपिडगस्स पल्लवग्गे समणुगाइज्जइ, ठाणगसयस्स बारसविहवित्थरस्स सुयणाणस्स जगजीवहियस्स भगवओ समासेणं समोयारे आहिज्जइ । तत्थ य णाणाविहप्पगारा जीवाजीवा य वण्णिया वित्थरेण, अवरे वि य बहुविहा विसेसा णरग–तिरिय–मणुअ–सुरगणाणं आहारुस्सास लेसा आवाससंख आययप्पमाण उववाय चवण ओगाहणोहि वेयणविहाण उवओग जोग इंदिय कसाया विविहा य जीवजोणी विक्खंभुस्सेहपरिरयप्पमाणं विहिविसेसा य मंदरादीणं महीधराणं कुलगर तित्थगर गणहराणं सम्मत्त भरहाहिवाण चक्कीणं चेव चक्कहर हलहराण य वासाण य णिगमा य समाए । एए**

**अण्णे य एवमाइ एत्थ वित्थरेणं अत्था समाहिज्जंति ।**

**समवायस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ ।**

**से णं अंगट्ठयाए चउत्थे अंगे, एगे अज्झयणे, एगे सुयक्खंधे, एगे उद्देसणकाले, एगे समुद्देसणकाले । चउयाले पयसयसहस्से पयग्गेणं पण्णत्ते। संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करण परूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं समवाए ।।४।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – સમવાયાંગસૂત્ર શું છે ? અને તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – સમવાયાંગમાં સ્વસમયસૂત્ર, પરસમય અને ઊભય સમય સૂચિત કરાય છે. જીવ, અજીવ અને જીવાજીવ સૂચિત કરાય છે. લોક, અલોક અને લોકાલોક સૂચિત કરાય છે.

સમવાયાંગસૂત્રમાં એક આદિથી લઈને એક એક સ્થાનની પરિવૃદ્ધિ કરતાં સો, હજાર અને કોટાકોટી સુધીના કેટલાય પદાર્થોનું અને દ્વાદશાંગ ગણિપિટકના પલ્લવાગ્રો (પર્યાયોનું પ્રમાણ)નું કથન છે. સો સુધીના સ્થાનોનું તથા બાર અંગનું વિસ્તૃત વર્ણન છે. તેમાં જગતના જીવોના હિતાર્થે શ્રુતજ્ઞાન ભગવાનનો સંક્ષેપમાં સમવતાર કરાય છે. સમવાયાંગસૂત્રમાં વિવિધ પ્રકારે જીવ અને અજીવ પદાર્થ વિસ્તારથી વર્ણિત છે અન્ય પણ ઘણા વિશિષ્ટ તત્ત્વરૂપ નારકી, તિર્યંચ, મનુષ્ય, અને દેવ ગણોનો આહાર, ઉચ્છ્વાસ, લેશ્યા, આવાસ સંખ્યા, તેના આયામ વિષ્કંભનું પ્રમાણ, ઉપપાત(જન્મ), ચ્યવન(મરણ), અવગાહના, અવધિ, વેદના, વિધાન (ભેદ), ઉપયોગ, યોગ, ઈન્દ્રિય, કષાય, જીવોની વિવિધ પ્રકારની યોનિઓ, પર્વત, કૂટ આદિના વિષ્કંભ (પહોળાઈ), ઉત્સેધ (ઊંચાઈ), પરિધિના પ્રમાણ, મંદર આદિ પર્વતોની વિધિ (ભેદ), કુલકરો, તીર્થંકરો, ગણધરો, સમસ્ત ભરતક્ષેત્રના સ્વામી ચક્રધર ચક્રવર્તીઓ, વાસુદેવો અને હલધરો(બલદેવો)નાં ક્ષેત્રોનું, નિર્ગમોનું અર્થાત્ પૂર્વ પૂર્વ ક્ષેત્રોથી ઉત્તર ઉત્તરનાં (આગળ નાં) ક્ષેત્રોના વધારે વિસ્તારનું તથા તે જ રીતે બીજા પણ પદાર્થોનું સમવાયાંગ સૂત્રમાં વિસ્તારથી વર્ણન છે.

સમવાયાંગ સૂત્રમાં પરિત વાચના, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં સમવાયાંગસૂત્ર ચોથું અંગ છે. તેમાં એક અધ્યયન છે, એક શ્રુતસ્કંધ છે, એક ઉદ્દેશન કાલ છે, એક સમુદ્દેશનકાલ છે. પદ ગણનાની અપેક્ષાએ તેનાં એક લાખ ચુમ્માલીસ હજાર(૧,૪૪,૦૦૦) પદ છે. તેમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવેલ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સમવાય સૂત્રનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. જેમાં જીવાદિ પદાર્થોનો નિર્ણય કરવામાં આવે તેને સમવાય કહેવાય છે. **"समासिज्जंति"** શબ્દનો ભાવ એ છે કે સમ્યક્ જ્ઞાનથી ગ્રાહ્ય પદાર્થોનો સ્વીકાર કરવામાં આવે છે અથવા જીવાદિ પદાર્થોને કુપ્રરૂપણાથી છૂટા પાડીને સમ્યક્ પ્રરૂપણામાં સમાવિષ્ટ કર્યા છે.

આ સૂત્રમાં જીવ, અજીવ તથા જીવાજીવ, જૈનદર્શન, અન્યદર્શન, લોક, અલોક ઈત્યાદિ વિષય સ્પષ્ટ કર્યા છે. ત્યારબાદ એક અંકથી લઈને સો અંક સુધી જે જે વિષય જે જે અંકમાં સમાહિત થઈ શકે તેનું વર્ણન છે.

આ સૂત્રમાં સ્કંધ, વર્ગ, અધ્યયન, ઉદ્દેશક આદિ ભેદ નથી. ઠાણાંગ સૂત્રની જેમ આ સૂત્રમાં પણ સંખ્યાના ક્રમથી વસ્તુઓનો નિર્દેશ નિરંતર સો સુધી કરીને પછી બસ્સો, ત્રણસો આદિ ક્રમથી હજાર સુધી વિષયોનું વર્ણન છે. જેમ કે– પાર્શ્વનાથ ભગવાનનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું, ભગવાન મહાવીરના ૩૦૦ શિષ્યો ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. આ રીતે સંખ્યા વધતાં વધતાં કરોડ સુધી પહોંચી જાય છે.

ત્યાર બાદ દ્વાદશાંગ ગણિપિટકનો સંક્ષિપ્ત પરિચય અને ત્રેસઠ શ્લાઘનીય પુરુષોના નામ, માતાપિતા, જન્મ, નગર, દીક્ષાસ્થાન આદિનું વર્ણન છે.

## વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર :–

**६ से किं तं विवाहे ? विवाहेणं ससमया विआहिज्जंति, परसमया विआहिज्जंति, ससमयपरसमया विआहिज्जंति, जीवा विआहिज्जंति, अजीवा विआहिज्जंति, जीवाजीवा विआहिज्जंति, लोगे विआहिज्जइ, अलोए विआहिज्जइ, लोगालोगे विआहिज्जइ ।**

विवाहे णं णाणाविहसुर णरिंद रायरिसि विविहसंसइअ पुच्छिआणं जिणेणं वित्थरेण भासियाणं दव्व गुण खेत्त काल पज्जव पदेस परिणाम जहत्थिभाव अणुगम णिक्खेव णयप्पमाण सुणिउणोवक्कम विविहप्पकार पगडपयासियाणं लोगालोग पयासियाणं संसारसमुद्द रुंद उत्तरण समत्थाणं सुरवइ संपूजियाणं भवियजण पय हिययाभिणंदियाणं तम रय विद्धंसणाणं सुदिट्ठदीवभूय ईहामति बुद्धि वद्धणाणं छत्तीससहस्समणूणयाणं वागरणाणं दंसणाओ सुयत्थ बहुविहप्पगारा सीसहियत्था य गुणमहत्था ।

वियाहस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ संखेज्जाओ संगहणीओ ।

से णं अंगट्ठयाए पंचमे अंगे, एगे सुयक्खंधे, एगे साइरेगे अज्झयणसए, दस उद्देसगसहस्साइं, दस समुद्देसगसहस्साइं, छत्तीसं वागरणसहस्साइं चउरासीइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ता । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदं। सिज्जंति । से एवं आया, से एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति। से त्तं वियाहे ।।५।।

**ભાવાર્થ** :– પ્રશ્ન – વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

ઉત્તર – વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં સ્વસમયનું વ્યાખ્યાન કરાય છે, પરસમયનું વ્યાખ્યાન કરાય છે, સ્વસમય– પરસમયનું વ્યાખ્યાન કરાય છે, જીવનું વ્યાખ્યાન કરાય છે, અજીવનું વ્યાખ્યાન કરાય છે, જીવાજીવનું વ્યાખ્યાન કરાય છે, લોકનું વ્યાખ્યાન કરાય છે, અલોકનું વ્યાખ્યાન કરાય છે, લોકાલોકનું વ્યાખ્યાન કરાય છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં વિવિધ પ્રકારના દેવો, નરેન્દ્રો, રાજર્ષિઓ અને અનેક સંશયશીલ લોકો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જિનેન્દ્ર દેવ દ્વારા વિસ્તારથી ભાષિત ઉત્તરોનું વર્ણન છે તથા દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાલ, પર્યાય, પ્રદેશ, પરિમાણ, યથાસ્થિત ભાવ, અનુગમ, નિક્ષેપ, નય, પ્રમાણ, સુનિપુણ ઉપક્રમોના વિવિધ પ્રકારો દ્વારા પ્રકટરૂપથી પ્રકાશિત કરનાર, લોકાલોકના પ્રકાશક, સંસાર સમુદ્રથી પાર ઉતારવામાં સમર્થ, ઈન્દ્રો દ્વારા સંપૂજિત, ભવ્ય જનપદના અથવા ભવ્યજનોના હૃદયોને અભિનંદન કરનાર, તમોરજનો વિધ્વંસ

કરનાર, સુદષ્ટ (સુનિર્ણિત) દીપક સ્વરૂપ, ઈહા, મતિ અને બુદ્ધિને વધારનાર, અનેક પ્રકારના સૂત્રાર્થને પ્રકાશિત કરનાર, શિષ્યોનું હિત કરનાર અને ગુણોથી મહાન તથા અર્થથી પરિપૂર્ણ એવા અન્યૂન (પૂરા) છત્રીસ હજાર વ્યાકરણો અર્થાત્ પ્રશ્નોના ઉત્તરો છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રમાં પરિમિત વાચનાઓ સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્ર પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, એકસોથી કંઈક વધારે શતક–અધ્યયન છે, દશ હજાર ઉદ્દેશક છે, દશ હજાર સમુદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્નોના ઉત્તરો છે, પદ ગણનાની અપેક્ષાએ ચોર્યાસી હજાર પદ છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલેકે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત જિનપ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે. દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર, તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતાતેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવેલ છે. આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગસૂત્રનો પરિચય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(ભગવતી)નો સંક્ષિપ્ત પરિચય છે. તેમાં એકતાલીસ શતક છે. દશ હજાર ઉદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્ન છે અને છત્રીસ હજાર ઉત્તર છે. પ્રારંભના આઠ શતક અને બારમા, ચૌદમા, અઢારમા અને વીસમા શતકના દસ દસ ઉદ્દેશકો છે. પંદરમા શતકમાં ઉદ્દેશક નથી. સૂત્રની સંખ્યા આઠસો સડસઠ છે. આ સૂત્રની વિવેચન શૈલી પ્રશ્નોત્તર રૂપે છે.

આ અંગસૂત્રમાં દરેક પ્રશ્ન ગૌતમસ્વામીના નથી પરંતુ ઈન્દ્રના, દેવતાઓના, મુનિઓના, સંન્યાસીઓના અને શ્રાવક આદિના પણ પ્રશ્નો છે. દરેક ઉત્તર પણ ભગવાન મહાવીરના નથી. કોઈક સ્થળે ગૌતમસ્વામીના, કોઈક સ્થળે સામાન્ય મુનિઓના, કોઈક સ્થળે શ્રાવકોના પણ છે. આ સૂત્ર સર્વ સૂત્રો કરતાં વિશાળ છે. આ સૂત્રમાં પન્નવણા, જીવાભિગમ, ઉવવાઈ, રાજપ્રશ્નીય, આવશ્યક, નંદી તથા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ સૂત્રોના નામોનો ઉલ્લેખ છે તેમ જ તેનું ઉદ્ધરણ પણ છે. સૈદ્ધાંતિક, ઐતિહાસિક, તાત્ત્વિક અને ચારિત્ર સંબંધી વિવિધ વિષયોનું વર્ણન આ સૂત્રમાં છે. આ સૂત્રમાં કેટલાક વિષયો કઠિન છે. જેને ગુરુગમથી જાણી શકાય છે.

## જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર :–

**૭ से किं तं णायाधम्मकहाओ ? णायाधम्मकहासु णं णायाणं णगराइं**

उज्जाणाइं चेइआइं वणखंडा रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इहलोइय-परलोइय-इड्ढीविसेसा भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं परियागा संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं सुकुलपच्चायायाइं पुणब्बोहिलाभा अंतकिरियाओ य आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति ।

णायाधम्मकहासु णं पव्वइयाणं विणय करण जिणसामि सासणवरे संजम पइण्णपालण धिइ मइ ववसायदुब्बलाणं, तवणियम तवोवहाण रणदुद्धरभरभग्गा णिस्सहा णिसिट्ठाणं, घोर परीसह पराजियाणं, असहपारद्ध रुद्धसिद्धालय महग्ग णिग्गयाण, विसयसुह तुच्छ आसावस दोसमुच्छियाणं, विराहिय चरित्त णाण दंसण अइगुण विविहप्पयार णिस्सारसुण्णयाणं, संसार अपार दुक्ख दुग्गइ भवविविह परंपरापवंचा,

धीराण य जिय परीसह कसाय सेण्ण धिइ धणिय संजम उच्छाह णिच्छियाण, आराहियणाण दंसण चरित्तजोग णिस्सल्ल सुद्धसिद्धालय मग्गमभिमुहाणं

सुरभवण विमाणसुक्खाइं अणोवमाइं भुत्तूण चिरं च भोगभोगाणि ताणि दिव्वाणि महरिहाणि, ततो य कालक्कमचुयाण जह य पुणो लद्धसिद्धिमग्गाणं अंतकिरिया, चलियाण य सदेव माणुस्सधीर करण कारणाणि बोधण अणुसासणाणि गुण दोस दरिसणाणि। दिट्ठंते पच्चये य सोऊण लोगमुणिणो जह य ठियासासणम्मि जर मरण णासणकरे आराहियसंजमा य सुरलोगपडिणियत्ता ओवेंति जह सासयं सिवं सव्वदुक्खमोक्खं, एए अण्णे य एवमाइयत्था वित्थरेण य ।

णायाधम्मकहासु णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ संखेज्जाओ संहणीओ ।

से णं अंगट्ठयाए छट्ठे अंगे, दो सुअक्खंधा, एगूणवीसं अज्झयणा । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा-चरिता य कप्पिया य । दस धम्मकहाणं

वग्गा । तत्थ णं एगमेगाए धम्मकहाए पंच पंच अक्खाइयासयाइं, एगमेगाए अक्खाइयाए पंच पंच उवक्खाइयासयाइं, एगमेगाए उवक्खाइयाए पंच पंच अक्खाइय-उवक्खाइयासयाइं, एवमेव सप्पुव्वावरेणं अद्‌धुट्ठाओ अक्खाइयाकोडीओ भवंतीति मक्खायाओ ।

एगूणतीसं उद्देसणकाला, एगूणतीसं समुद्देसणकाला, संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ता । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, से एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं णायाधम्मकहाओ ।।६।।

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – જ્ઞાતાધર્મકથા શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – જ્ઞાતાધર્મકથાસૂત્રમાં જ્ઞાત અર્થાત કથાનાયકોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, રાજા, માતા–પિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, આલોક અને પરલોકની ઋદ્ધિ વિશેષ, ભોગ–પરિત્યાગ, પ્રવ્રજયા, શ્રુત પરિગ્રહ, તપ–ઉપધાન, દીક્ષાપર્યાય, સંલેખના, ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, શ્રેષ્ઠ કુળમાં ફરી જન્મ, ફરી બોધિલાભ અને અંતક્રિયાઓનું વર્ણન સંક્ષેપથી, વિસ્તારથી, હેતુ અને દષ્ટાંતથી, સામાન્ય રૂપથી દર્શિત, વિશેષ રૂપથી નિદર્શિત તથા ઉપનય અને નિગમન દ્વારા ઉપદર્શિત કરવામાં આવ્યું છે.

જ્ઞાતાધર્મકથાસૂત્રમાં પ્રવ્રજિત પુરુષોનાં વિનય–કરણ, શાસન પ્રવર જિનેશ્વર ભગવાનની સંયમ પ્રતિજ્ઞાનું પાલન કરવામાં જેની ધીરતા, બુદ્ધિ અને વ્યવસાય–પુરુષાર્થ દુર્બલ છે, તપ નિયમ અને તપ ઉપધાનનું પાલન કરવા રૂપ રણયુદ્ધના દુર્ધર ભારને વહન કરવાથી જે પરાંગમુખ થઈ ગયા છે, તેથી જે અત્યંત અશક્ત થઈને સંયમ પાલન કરવાના સંકલ્પને છોડીને બેઠા છે, ઘોર પરીષહથી પરાજિત થઈ ગયા છે, મોક્ષ માર્ગનો અવરોધ થઈ જવાથી જે સિદ્ધાલયના કારણભૂત મહામૂલ્ય જ્ઞાનાદિથી પતિત છે, જે ઈન્દ્રિયોના તુચ્છ વિષય સુખોની આશાને વશ થઈ રાગાદિ દોષોથી મૂર્ચ્છિત થઈ રહ્યા છે, જે ચારિત્ર, જ્ઞાન, દર્શન, સ્વરૂપ યતિ ગુણોથી અને તેના વિવિધ પ્રકારોના અભાવથી સર્વથા નિઃસાર અને શૂન્ય છે, જે સંસારનાં અપાર દુઃખો વિવિધ દુર્ગતિઓની ભવ પરંપરાના પ્રપંચમાં પડેલા છે, એવા પતિત પુરુષોની કથાઓ છે.

જે ધીર–વીર છે, પરીષહો અને કષાયોની સેનાને જીતનારા છે, ધૈર્યના ધણી છે, સંયમમાં ઉત્સાહ રાખનારા અને બલ વીર્યને પ્રગટ કરવામાં દઢ નિશ્ચયવાળા છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સમાધિ યોગની

જે આરાધના કરનાર છે, મિથ્યાદર્શન, માયા અને નિદાન આદિ શલ્યોથી રહિત થઈને શુદ્ધ, નિર્દોષ સિદ્ધાલયના માર્ગની અભિમુખ છે, એવા મહાપુરુષોની કથાઓ આ અંગમાં કહેલી છે.

જે સંયમનું પરિપાલન કરીને દેવલોકમાં ઉત્પન્ન થયા હોય, દેવ ભવના અને દેવ વિમાનોનાં અનુપમ સુખોને અને દિવ્ય, મહામૂલ્ય, ઉત્તમ ભોગ, ઉપભોગને દીર્ઘકાલ સુધી ભોગવીને કાળધર્મ પામી ત્યાંથી ચ્યુત થઈને ફરી યથાયોગ્ય મુક્તિના માર્ગને પ્રાપ્ત કરીને અંતક્રિયાથી સમાધિ મરણના સમયે કર્મવશ વિચલિત થઈ ગયા હોય અને તેઓને દેવો તથા મનુષ્ય દ્વારા ધૈર્ય ધારણ કરાવવામાં કારણભૂત, સંબોધનો અને અનુશાસનો, સંયમનાં ગુણ અને સંયમથી પતિત થવાના દોષોનાં દર્શક દષ્ટાંતોનું નિરૂપણ છે. તે દષ્ટાંતો અને પ્રત્યયોને અર્થાત્ બોધિનાં કારણભૂત વાક્યોને સાંભળીને શુક પરિવ્રાજક આદિ લૌકિક મુનિજન પણ જરા મરણનો નાશ કરનાર જિનશાસનમાં જે પ્રકારથી સ્થિત થયા, તેઓએ જે રીતથી સંયમની આરાધના કરી, ફરી દેવલોકમાં ઉત્પન્ન થયા અને ત્યાંથી આવીને, મનુષ્ય થઈને જે રીતે શાશ્વત સુખોને અને સર્વદુઃખ વિમોક્ષને પ્રાપ્ત થયા, તેની તથા તેવી જ રીતે અન્ય અનેક મહાપુરુષોની કથાઓ આ અંગમાં વિસ્તારથી કહેલી છે.

જ્ઞાતાધર્મકથામાં પરીત વાચનાઓ, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં જ્ઞાતાધર્મકથા છઠ્ઠું અંગસૂત્ર છે. તેમાં બે શ્રુત સ્કંધ છે, તેમાં પ્રથમ શ્રુત સ્કંધનાં (જ્ઞાત) ઓગણીસ અધ્યયન છે. તે સંક્ષેપથી બે પ્રકારનાં છે– ચરિત અને કલ્પિત. બીજા શ્રુતસ્કંધના દસ વર્ગમાં ધર્મકથાઓ છે. એક એક ધર્મ કથામાં પાંચસો–પાંચસો આખ્યાનો છે. એક–એક આખ્યાનમાં પાંચસો–પાંચસો ઉપાખ્યાનો છે, એક–એક ઉપાખ્યાનમાં ફરી પાંચસો–પાંચસો આખ્યાનો–પાખ્યાનો છે. આમ પહેલાં અને પછીની બધી કથાઓ મળીને સાડા ત્રણ કરોડ (કથાઓ) આખ્યાનો થાય છે.

જ્ઞાતાધર્મકથામાં ઓગણત્રીસ ઉદ્દેશન કાલ છે, ઓગણત્રીસ સમુદ્દેશન કાલ છે, પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત હજાર પદ છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત – એટલે નિર્યુક્તિ હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે. દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવ્યા છે. આ છઠ્ઠા જ્ઞાતા ધર્મકથા અંગનો પરિચય છે.

## વિવેચન :–

આ છઠ્ઠા અંગસૂત્રનું નામ જ્ઞાતા ધર્મકથાંગ છે. "જ્ઞાતા" શબ્દનો અહીં ઉદાહરણ માટે પ્રયોગ કર્યો

છે. આ અંગમાં ઈતિહાસ, ઉદાહરણ અને ધાર્મિક દષ્ટાંત વગેરેનો સમાવેશ થાય છે અને તેમાં ધર્મકથાઓ છે, માટે આ અંગનું નામ જ્ઞાતા ધર્મકથા રાખવામાં આવ્યું છે. આ અંગના પહેલા શ્રુતસ્કંધમાં ઉદાહરણ છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાઓ છે. ઈતિહાસ પ્રાયઃ વાસ્તવિક હોય છે, પરંતુ દષ્ટાંત, ઉદાહરણ અને કથાઓ વાસ્તવિક પણ હોય અને કાલ્પનિક પણ હોય છે. સમ્યગ્દષ્ટિ પ્રાણીઓ માટે સંપૂર્ણ વિશ્વ ધર્મવૃદ્ધિનું કારણ બને છે અને મિથ્યાદષ્ટિ માટે એ પતનનું કારણ બને છે.

જ્ઞાતાધર્મકથાનાં પહેલા શ્રુતસ્કંધમાં ઓગણીસ અધ્યયન છે અને બીજા શ્રુતસ્કંધમાં દસ વર્ગ છે. પ્રત્યેક વર્ગમાં અનેક અધ્યયન છે. પ્રથમ શ્રુતસ્કંધના પ્રત્યેક અધ્યયનમાં એક કથાનક અને અંતમાં તે કથાના દષ્ટાંતથી મળનારી શિક્ષાઓ બતાવી છે. કથાઓમાં પાત્રોના નગર, પ્રાસાદ, ચૈત્ય, સમુદ્ર, ઉદ્યાન, સ્વપ્ન, ધર્મ સાધનાના પ્રકાર અને સારી રીતે આરાધના કરનાર વિરાધક કેમ થયા ? તેઓનો આગળનો જન્મ ક્યાં થશે અને કેવું જીવન વ્યતીત કરશે એ દરેક વિષયોનું વર્ણન આ સૂત્રમાં  છે.

આ સૂત્રમાં કોઈક સાધક કે કથાનાયક તીર્થંકર મહાવીરના યુગમાં, કોઈક તીર્થંકર અરિષ્ટનેમિના સમયમાં અને કોઈક પાર્શ્વનાથના શાસનકાળમાં થયા હતા, તો કોઈક મહાવિદેહક્ષેત્રથી સંબંધિત છે. આઠમા અધ્યયનમાં તીર્થંકર મલ્લિનાથનું વર્ણન છે. સોળમા અધ્યયનમાં દ્રૌપદીના પૂર્વજન્મની કથા મનનીય છે. તેમજ તેનું વર્તમાનકાલિક તથા ભાવિ જીવનનું પણ વર્ણન છે. બીજા શ્રુતસ્કંધમાં કેવળ પાર્શ્વનાથ સ્વામીના શાસનકાળમાં થયેલા સાધ્વીજીઓના ગૃહસ્થાશ્રમનું વર્ણન, સાધ્વી જીવનનું અને તેના ભવિષ્યનું વર્ણન છે. જ્ઞાતાધર્મકથાંગ સૂત્રની ભાષાશૈલી અત્યંત રૂચિકર છે. પ્રાયઃ દરેક રસોનું આ સૂત્રમાં વર્ણન છે. ધાર્મિક અને વ્યવહારિક શિક્ષાઓથી ભરપૂર કથાપ્રધાન આ સૂત્ર આબાલવૃદ્ધ દરેકને સ્વાધ્યાય કરવા લાયક છે.

વર્તમાનમાં પ્રથમ શ્રુતસ્કંધમાં ઓગણીસ અધ્યયન છે. બીજા શ્રુતસ્કંધમાં દશ વર્ગ છે, એટલું વર્તમાનમાં ઉપલબ્ધ છે. પછી તે વર્ગોમાં અધ્યયન અને અધ્યયનોમાં જુદી જુદી કથાઓ મળતી નથી. વર્તમાને સાડા ત્રણ કરોડ કથાઓ  ઉપલબ્ધ નથી.

### ઉપાસકદશા સૂત્ર :-

**૮** **से किं तं उवासगदसाओ ? उवासगदसासु उवासयाणं णगराइं उज्जाणाइं चेइआइं वणखंडा रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इहलोइय-परलोइय-इड्डिविसेसा, उवासयाणं सीलव्वय-वेरमण -गुण-पच्चक्खाण- पोसहोववासपडिवज्जणयाओ सुयपरिग्गहा तवोवहाणा पडिमाओ उवसग्गा संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं सुकुलपच्चायाइं, पुणो बोहिलाभा अंतकिरियाओ आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति ।**

**उवासगदसासु णं उवासयाणं रिद्धिविसेसा परिसा वित्थरधम्मसवणाणि**

बोहिलाभ अभिगम सम्मत्तविसुद्धया थिरत्तं मूलगुण उत्तरगुणाइयारा ठिईविसेसा पडिमाभिग्गहग्गहणपालणा उवसग्गाहियासणा णिरुवसग्गा य तवा य विचित्ता सीलव्वय गुण वेरमण पच्चक्खाण-पोसहोववासा अपच्छिममारणंतियाऽऽय संलेहणा झोसणाहिं अप्पाणं जह य भावइत्ता बहूणि भत्ताणि अणसणाए य छेइत्ता उववण्णा कप्पवरविमाणुत्तमेसु जह अणुभवंति सुरवर विमाणवर पोंडरीएसु सोक्खाइं अणोवमाइं कमेण भुत्तूण उत्तमाइं, तओ आउक्खएणं चुया समाणा जह जिणमयम्मि बोहिं लद्धूण य संजमुत्तमं तमरयोघविप्पमुक्का उवेंति जह अक्खयं सव्वदुक्खमोक्खं । एते अण्णे य एवमाइअत्था वित्थरेण य ।

उवासगदसासु णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ ।

से णं अंगट्ठयाए सत्तमे अंगे, एगे सुयक्खंधे, दस अज्झयणा, दस उद्देसणकाला, दस समुद्देसणकाला, संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति, परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करण परूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं उवासगदसाओ ।।७।।

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – ઉપાસકદશા શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – ઉપાસકદશા સૂત્રમાં ઉપાસકોનાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતાપિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથાઓ, આ લોક અને પરલોકની ઋદ્ધિ વિશેષ, ઉપાસકોનાં શીલવ્રત, પાપવિરમણ, ગુણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસપ્રતિપત્તિ, શ્રુત પરિગ્રહ, તપ, ઉપધાન, અગિયાર પ્રતિમા, ઉપસર્ગ, સંલેખના, ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, સુકુલ પ્રત્યાગમન, પુનઃબોધિલાભ અને અંતક્રિયાનું વર્ણન સંક્ષેપથી, વિસ્તારથી, હેતુ અને દષ્ટાંતથી પ્રરૂપિત, સામાન્ય રૂપથી દર્શિત અને વિશેષ રૂપથી નિદર્શિત અને ઉપનય અને નિગમન દ્વારા ઉપદર્શિત કરવામાં આવ્યું છે.

ઉપાસકદશામાં ઉપાસકો (શ્રાવકો)ની ઋદ્ધિ વિશેષ, પરિષદ–પરિવાર, વિસ્તૃત ધર્મશ્રવણ,

બોધિલાભ, ધર્માચાર્યની સમીપે અભિગમન યોગ્ય પાંચ અભિગમ, સમ્યક્ત્વની વિશુદ્ધિ, મૂલગુણ અને ઉત્તરગુણોમાં સ્થિરતા, તેના અતિચાર, સ્થિતિ–વિશેષ, (ઉપાસક પર્યાયનું કાલ પ્રમાણ) પ્રતિમાઓનું ગ્રહણ, તેનું પાલન, ઉપસર્ગોને સહેવા અથવા નિરુપસર્ગપરિપાલન, અનેક પ્રકારનાં તપ, શીલ, વ્રત, ગુણ, વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ અને અપશ્ચિમ મારણાંતિક સંલેખના ઝૂસણા, (સેવના)થી આત્માને યથાવિધિ ભાવિત કરીને ઘણા સમયનાં ભોજનને અનશન તપથી છેદન કરીને, ઉત્તમ શ્રેષ્ઠ દેવ વિમાનોમાં ઉત્પન્ન થઈને, જે પ્રકારથી તેઓ તે ઉત્તમ વિમાનોમાં અનુપમ ઉત્તમ સુખોનો અનુભવ કરે છે, તેને ભોગવીને આયુષ્ય ક્ષય થાય ત્યારે ત્યાંથી નીકળીને, મનુષ્યમાં ઉત્પન્ન થઈને અને જિનમતમાં બોધિને પ્રાપ્ત કરીને તથા ઉત્તમ સંયમ ધારણ કરીને તમોરજ (અજ્ઞાન અંધકાર સ્વરૂપ પાપ રજ)ના સમૂહથી વિપ્રમુક્ત થઈને, અક્ષય શિવ સુખને પ્રાપ્ત થઈને સર્વ દુઃખોથી રહિત થાય છે, તે દરેકનું અને તેના જેવા બીજા અન્ય પણ અનેક અર્થોનું આ ઉપાસકદશાંગસૂત્રમાં વિસ્તારથી વર્ણન છે.

આ ઉપાસકદશા સૂત્રમાં પરિત્ત વાચનાઓ, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં ઉપાસકદશા સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયન છે, દશ ઉદ્દેશન કાલ છે, દશ સમુદ્દેશન કાલ છે, પદ ગણનાની અપેક્ષા સંખ્યાત લાખ પદ છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર – તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દૃષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવી છે. આ સાતમા અંગ ઉપાસકદશાંગનો પરિચય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સાતમા અંગ ઉપાસકદશાંગસૂત્રનો સંક્ષિપ્ત પરિચય છે. શ્રમણ અર્થાત્ સાધુઓની સેવા કરનારને શ્રમણોપાસક કહેવાય છે, તેને જ ઉપાસક અથવા શ્રાવક પણ કહેવાય છે. દસ અધ્યયનોના સંગ્રહને દશા કહેવાય છે આ સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના દસ વિશિષ્ટ શ્રાવકોનું વર્ણન હોવાથી તેનું નામ ઉપાસકદશા છે. આ સૂત્રના દસ અધ્યયન પૈકી પ્રત્યેક અધ્યયનમાં એક એક શ્રાવકના લૌકિક અને લોકોત્તર વૈભવનું વર્ણન તથા ઉપાસકોના અણુવ્રત અને શિક્ષાવ્રતનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

અહીં પ્રશ્ન થાય છે કે– ભગવાન મહાવીરને તો એક લાખ ઓગણસાઠ હજાર(૧,૫૯,૦૦૦) બાર વ્રતધારી શ્રાવક હતા. તો પછી ફક્ત દસ શ્રાવકોનું વર્ણન કેમ છે ? તેનો ઉત્તર આ પ્રમાણે છે– સૂત્રકારોએ જે શ્રાવકોના લૌકિક અને લોકોત્તરિક જીવનમાં સમાનતા જોઈ તેઓનો જ ઉલ્લેખ આ સૂત્રમાં

કર્યો છે, યથા– (૧) ઉપાસકદશાંગમાં બતાવેલા દસે શ્રાવકો કરોડાધિપતિ હતા. (૨) તેઓ રાજા અને પ્રજાને પ્રિય હતા. (૩) દરેકની પાસે પાંચસો હળની જમીન હતી, વિશાળ પશુધન હતું. (૪) તેઓએ વ્યાપારમાં જેટલા કરોડ દ્રવ્ય રોકેલા હતા એટલા જ કરોડ ઘરમાં અને એટલા જ કરોડ નિધાનમાં રાખેલા હતા. (૫) દસે ય શ્રાવકોએ ભગવાન મહાવીરના પ્રથમ ઉપદેશથી જ પ્રભાવિત થઈને બાર વ્રત ધારણ કર્યા હતા. (૬) વ્રત ગ્રહણ કર્યા પછી પંદરમા વર્ષથી દરેકે વ્યાપારથી અલગ થઈને પૌષધશાળામાં રહીને ધર્મ આરાધના કરી હતી. (૭) દરેકે અગિયાર પ્રતિમાઓને ધારણ કરી હતી. (૮) તે દરેકનો એક મહિને સંથારો સીઝ્યો હતો. (૯) તે દરેક શ્રાવકો પહેલા દેવલોકના દેવ બન્યા છે. (૧૦) તે દરેકની દેવલોકમાં ચાર પલ્યોપમની સ્થિતિ હતી. (૧૧) તેઓ દરેક મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને નિર્વાણપદ પ્રાપ્ત કરશે. (૧૨) તે દરેકને પોતાના આયુષ્યના ૨૦ વર્ષ શેષ રહેવા પર જ ધર્મની લગની લાગી ઈત્યાદિ અનેક દષ્ટિઓથી તેઓના જીવન સમાન હોવાથી તે દસ શ્રાવકોનું જ આ અંગમાં વર્ણન છે.

**અંતકૃતદશા સૂત્ર :–**

**૧ से किं तं अंतगडदसाओ ? अंतगडदसासु णं अंतगडाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणखंडा राया अम्मापियरो समोसरणा धम्मायरिया धम्मकहा इहलोइय-परलोइय-इड्ढिविसेसा भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं पडिमाओ बहुविहाओ खमा अज्जवं मद्दवं च सोअं च सच्चसहियं सत्तरसविहो य संजमो उत्तमं च बंभं आकिंचणया तवो चियाओ समिइगुत्तीओ चेव । तह अप्पमायजोगो सज्झायज्झाणाण य उत्तमाणं दोण्हं पि लक्खणाइं । पत्ताण य संजमुत्तमं जियपरीसहाणं चउव्विहकम्मक्खयम्मि जह केवलस्स लंभो परियाओ जत्तिओ य जह पालिओ मुणिहिं पायोवगयो य, जो जहिं जत्तियाणि भत्ताणि छेयइत्ता अंतगडो मुणिवरो तमरयोघ विप्पमुक्को मोक्खसुहमणुत्तरं पत्ता । एए अण्णे य एवमाइयत्था वित्थरेणं परूवेइ ।**

**अंतगडदसासु णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ।**

**से णं अंगट्ठयाए अट्ठमे अंगे, एगे सुयक्खंधे, दस अज्झयणा, सत्त वग्गा, दस उद्देसणकाला, दस समुद्देसणकाला, संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति, पण्णविज्जंति, परूविज्जंति, दंसिज्जंति, णिदंसिज्जंति**

**उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से तं अंतगडदसाओ ।।८।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – અંતકૃતદશા શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – અંતકૃતદશા સૂત્રમાં કર્મોનો અંત કરનાર મહાપુરુષોનાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતા–પિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિ વિશેષ, ભોગ પરિત્યાગ પ્રવ્રજ્યા, શ્રુત પરિગ્રહ, તપ, ઉપધાન, અનેક પ્રકારની પ્રતિમાઓ, ક્ષમા, આર્જવ, માર્દવ, સત્ય, શૌચ, સત્તર પ્રકારનો સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, અકિંચન્ય, તપ, ત્યાગનું તથા સમિતિઓ અને ગુપ્તિઓનું વર્ણન છે. તેમજ અપ્રમાદયોગ, સ્વાધ્યાય અને ધ્યાનયોગ, એ બંને ઉત્તમ મુક્તિ સાધનોનું સ્વરૂપ, ઉત્તમ સંયમને પ્રાપ્ત કરીને પરીષહોને સહન કરનારને ચાર પ્રકારનાં ઘાતિકર્મોનો ક્ષય થવા પર જે રીતે કેવલજ્ઞાનનો લાભ થયો, જેટલી શ્રમણ પર્યાય અને કેવલી પર્યાયનું પાલન કર્યું, જે મુનિઓએ જ્યાં પાદપોપગમન કર્યો, જે જ્યાં જેટલા ભક્તોનું છેદન કરીને અંતકૃત મુનિવર અજ્ઞાન અંધકારરૂપ રજથી વિપ્રમુક્ત થઈને અનુત્તર મોક્ષ–સુખને પ્રાપ્ત થયા, તે દરેકનું અને તેના જેવા બીજા પણ અન્ય અનેક અર્થોનું આ અંગમાં વિસ્તારથી પ્રરૂપણ કર્યું છે.

અંતકૃતદશામાં પરિત્ત વાચનાઓ, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં આ અંતકૃતદશા આઠમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયન છે, સાત વર્ગ છે, દશ ઉદ્દેશનકાલ છે, દશ સમુદ્દેશન કાલ છે, પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત હજાર પદ છે. સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો,અશાશ્વત–અશાશ્વત ભાવોને સૂત્રરૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર, તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવી છે. આ આઠમા અંતકૃતદશા અંગસૂત્રનો પરિચય છે.

## વિવેચન :–

આ સૂત્રના નામ પ્રમાણે અંતકૃતદશાનો અભિપ્રાય એ છે કે જે સાધુ સાધ્વીજીઓએ સંયમ, સાધના અને તપ આરાધના કરીને જીવનની અંતિમ ક્ષણમાં કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ નિર્વાણપદ પ્રાપ્ત કરી લીધું, તેઓના જીવનનું વર્ણન આ અંગમાં છે. તે અંતકૃત્ કેવળી પણ કહેવાય છે.

પ્રસ્તુત સૂત્રમાં આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ દસ અધ્યયન છે. એ દષ્ટિએ અંતકૃતની સાથે દશા શબ્દનો પ્રયોગ છે. આ અંગના વર્ગ તથા અધ્યયન નીચે પ્રમાણે છે–

| વર્ગ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અધ્યયન | ૧૦ | ૮ | ૧૩ | ૧૦ | ૧૦ | ૧૬ | ૧૩ | ૧૦ | ૯૦ |

આ સૂત્રમાં ભગવાન અરિષ્ટનેમિ અને ભગવાન મહાવીર સ્વામીના શાસન કાળમાં થયેલા અંતકૃત્ કેવળીઓનું વર્ણન છે. પાંચમા વર્ગ સુધી ભગવાન અરિષ્ટનેમિના શાસનમાં થયેલા યાદવ વંશીય રાજકુમારો અને શ્રીકૃષ્ણજીની પટરાણીઓનું વર્ણન છે. છઠ્ઠા વર્ગથી લઈને આઠમા વર્ગ સુધી ભગવાન મહાવીરના શાસનમાં થયેલા શેઠ, રાજકુમાર અને રાજા શ્રેણિકની મહારાણીઓનું વર્ણન છે. આ સૂત્રમાં વર્ણિત નેવું આત્માઓ દીક્ષિત થઈને ઘોર તપશ્ચર્યા અને અખંડ ચારિત્રની આરાધના કરતાં કરતાં માસિક કે અર્દ્ધમાસિક સંથારો કરીને, કર્મો પર વિજય પ્રાપ્ત કરીને, અંતિમ શ્વાસોચ્છ્વાસમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને, મોક્ષમાં ગયા.

## અનુત્તરોપપાતિક દશા :–

**१०** **से किं तं अणुत्तरोववाइयदसाओ ? अणुत्तरोववाइयदसासु णं अणुत्तरोववाइयाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणखंडा रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इहलोइय-परलोइय-इड्ढिविसेसा भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं परियागो पडिमाओ संलेहणाओ भत्तपाणपच्चक्खाणाइं पाओवगमणाइं अणुत्तरोववाओ सुकुलपच्चायाई, पुणो बोहिलाभो अंतकिरियाओ य आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति ।**

**अणुत्तरोववाइयदसासु णं तित्थकरसमोसरणाइं परममंगल जगहियाणि जिणातिसेसा य बहुविसेसा जिणसीसाणं चेव समणगण पवर गंधहत्थीणं थिरजसाणं परीसहसेण्ण रिउबल पमद्दणाणं, तव दित्त चरित्त णाण सम्मत्तसार विविह प्पगार वित्थर पसत्थगुणसंजुयाणं, अणगारमहरिसीणं अणगार-गुणाण वण्णओ, उत्तमवरतव विसिट्ठ णाणजोगजुत्ताणं, जह य जगहियं भगवओ जारिसा इड्ढिविसेसा देवासुर माणुसाणं परिसाणं पाउब्भावा य जिणसमीवं, जह य उवासंति जिणवरं, जह य परिकहंति धम्मं लोगगुरु अमर णर सुर गणाणं सोऊण य तस्स भासियं अवसेसकम्मविसयविरत्ता णरा जहा अब्भुट्ठेंति धम्ममुरालं संजमं तवं चावि बहुविहप्पगारं जह बहूणि वासाणि अणुचरित्ता आराहिय णाण दंसण चरित्त**

**जोगा जिणवयणमणुगयमहियं भासिया जिणवराण हिययेणमणुण्णेत्ता जे य जहिं जत्तियाणि भत्ताणि छेयइत्ता लद्धूण य समाहिमुत्तमज्झाण जोगजुत्ता उववण्णा मुणिवरोत्तमा जह अणुत्तरेसु पावंति जह अणुत्तरं तत्थ विसयसोक्खं । तओ य चुआ कमेण काहिंति संजया जहा य अंतकिरियं, एए अण्णे य एवमाइयत्था वित्थरेण ।**

**अणुत्तरोववाइयदसासु णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ।**

**से णं अंगट्ठयाए णवमे अंगे, एगे सुयक्खंधे, दस अज्झयणा, तिण्णि वग्गा, दस उद्देसणकाला, दस समुद्देसणकाला, संखेज्जाइं, पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं अणुत्तरोववाइयदसाओ ।।९।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – અનુત્તરોપપાતિકદશા શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – અનુત્તરોપપાતિકદશાસૂત્રમાં અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થનારા મહા અણગારોનાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતા–પિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથાઓ, આ લોક સંબંધી, પરલોક સંબંધી વિશિષ્ટ ૠદ્ધિ, ભોગ પરિત્યાગ, પ્રવ્રજયા, શ્રુતનું પરિગ્રહણ, તપ–ઉપધાન, પર્યાય, પ્રતિમા, સંલેખના, ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોપગમન, અનુત્તર વિમાનોમાં ઉત્પાદ, પુનઃ સુકુળમાં જન્મ, પુનઃ બોધિલાભ અને અંત ક્રિયાઓનું વર્ણન, વિસ્તારથી, હેતુ અને દષ્ટાંતથી પ્રરૂપિત છે, સામાન્ય રૂપથી દર્શિત, વિશેષ રૂપથી નિદર્શિત અને ઉપનય – નિગમન દ્વારા ઉપદર્શિત કરવામાં આવ્યું છે.

અનુત્તરોપપાતિક દશામાં પરમ મંગલકારી, જગત હિતકારી, તીર્થંકરોનાં સમવસરણ અને અનેક પ્રકારના જિનેશ્વરના અતિશયોનું વર્ણન છે તથા જિનશિષ્ય એવા શ્રમણોના સમૂહમાં જે પ્રવરગંધ હસ્તી સમાન શ્રેષ્ઠ છે, સ્થિર યશવાળા છે, પરીષહરૂપી શત્રુસેના મર્દન કરનારા છે, તપથી દીપ્ત છે, જે ચારિત્ર, જ્ઞાન, સમ્યક્ત્વરૂપ સારવાળા, અનેક પ્રકારના વિશાળ પ્રશસ્ત ગુણોથી સંયુક્ત છે, એવા અણગાર મહર્ષિઓના અણગાર ગુણોનું અનુત્તરોપપાતિકસૂત્રમાં વર્ણન છે. અતીવ શ્રેષ્ઠ તપ વિશેષથી અને વિશિષ્ટ

જ્ઞાનયોગથી જે યુક્ત છે. દેવ, અસુર, મનુષ્યોની સભામાં, જગહિતકારી ભગવાન તીર્થંકરની જેવા તે ઋદ્ધિ વિશેષ પ્રગટ થાય છે, જે રીતે જિનવરની સમીપે જઈને લોક ગુરુ એવા જિનેશ્વર ભગવાન અમર, મનુષ્યો, સુરગણને જે ધર્મોપદેશ આપે છે, તે ઉપદિષ્ટ (ભાષિત) ધર્મોપદેશને સાંભળીને, જેઓ પોતાના સમસ્ત કામ ભોગોથી અને ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈને ઉદાર ધર્મનો અને વિવિધ પ્રકારથી સંયમ અને તપનો સ્વીકાર કરે છે તથા જે રીતે ઘણાં વર્ષો સુધી તેનું આચરણ કરીને, જ્ઞાન, દર્શન, ચારિત્ર યોગની આરાધના કરીને, જિનવચન અનુકૂળ આરાધિત ધર્મનો બીજા ભવ્ય જીવોને ઉપદેશ આપી અને પોતાના શિષ્યોને અધ્યયન કરાવીને તથા જિનેશ્વરોની હૃદયથી આરાધના કરીને તે ઉત્તમ મુનિવરો જ્યાં પણ જેટલા ભક્તોનાં અનશન દ્વારા છેદન કરીને, સમાધિને પ્રાપ્ત કરીને અને ઉત્તમ ધ્યાન યોગથી યુક્ત થયા, જે રીતે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં જેવાં અનુપમ વિષય સુખોને ભોગવે છે, તે દરેકનું અનુત્તરોપપાતિકદશામાં વર્ણન છે. ત્યાર પછી ત્યાંથી નીકળીને તે જે પ્રકારે સંયમ ધર્મ ધારણ કરીને અંતક્રિયા કરશે અને મોક્ષને પ્રાપ્ત કરશે, તે દરેકનું તથા તે રીતના અન્ય અર્થોનું વિસ્તારથી આ અંગમાં વર્ણન છે.

અનુત્તરોપપાતિકદશા સૂત્રમાં પરિત્ત વાચનાઓ, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં આ અનુત્તરોપપાતિકદશા નવમું અંગસૂત્ર છે, તેમાં એક શ્રુતસ્કંધ છે, દશ અધ્યયન છે, ત્રણ વર્ગ છે, દશ ઉદ્દેશન કાલ છે, દશ સમુદ્દેશન કાલ છે તથા પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે. તેમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે, તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો શાશ્વત–અશાશ્વત ભાવો સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર, તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવી છે. આ નવમા અંગ અનુત્તરોપપાતિકદશાસૂત્રનો પરિચય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અનુત્તરોપપાતિક અંગસૂત્રનો સંક્ષિપ્ત પરિચય છે. અનુત્તરનો અર્થ છે– સર્વોત્તમ અર્થાત્ અનુપમ. વૈમાનિક દેવોના સર્વ શ્રેષ્ઠ પાંચ વિમાનો અનુત્તર વિમાન કહેવાય છે. તેમના નામ વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સવાર્થસિદ્ધ વિમાન છે. તે વિમાનોમાં ઉત્પન્ન થનારા દેવોને અનુત્તરોપપાતિક દેવ કહેવાય છે.

આ સૂત્રમાં ત્રણ વર્ગ છે. પહેલા વર્ગમાં દસ, બીજામાં તેર અને ત્રીજામાં પણ તેર અધ્યયન છે, પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ–દસ અધ્યયન હોવાથી, આ સૂત્ર અનુત્તરોપપાતિકદશા કહેવાય છે.

આ અંગમાં તેત્રીસ મહાન આત્માઓનું વર્ણન છે. પોતાની તપ સાધનાથી સમાધિપૂર્વક કાળધર્મ પામી અનુત્તર વિમાનમાં જેઓએ દેવતાઓ રૂપે જન્મ લીધો છે તેઓ ત્યાંની સ્થિતિ પૂર્ણ કરીને એક જ મનુષ્ય જન્મ ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત કરશે.

તે તેત્રીસ આત્માઓમાંથી ત્રેવીસ તો રાજા શ્રેણિકની ચેલણા, નંદા અને ધારિણી રાણીઓના આત્મજ હતા અને શેષ દસમાં એક ધન્ના મુનિનું વર્ણન છે. ધન્ના મુનિની કઠોર તપસ્યા અને તેનાં કારણથી થયેલી તેના અંગોની ક્ષીણતાનું બહુ માર્મિક અને વિસ્તૃત વર્ણન છે. સાધકના આત્મ વિકાસ માટે અનેક પ્રેરણાત્મક ક્રિયાઓનો નિર્દેશ સૂત્રમાં કર્યો છે, યથા– શ્રુતપરિગ્રહ, તપશ્ચર્યા, પ્રતિમાવહન, ઉપસર્ગ સહન, સંલેખના આદિનું વર્ણન છે.

ઉક્ત દરેક અનુષ્ઠાનો આત્મકલ્યાણના અમોઘ સાધન છે. તેને અપનાવવાથી મુનિ જીવન વિશેષ સફળ થઈ જાય છે. સિદ્ધત્વને પ્રાપ્ત કરાવનારા આ સૂત્રમાં વર્ણિત મહાપુરુષોના ઉદાહરણો પ્રત્યેક સાધકને પથદર્શન કરાવે છે.

**उवसग्ग :–** આ સૂત્રમાં વર્ણિત કોઈ પણ અણગારને ઉપસર્ગ નથી આવ્યો, છતાં કથા અધ્યયનોનું પરિવર્તન, સંપાદન થવાનું શક્ય હોવાને કારણે ક્યારે કોઈ અનુત્તરોપપાતિક આત્માઓને ઉપસર્ગ થયો હોય એવી સંભાવના છે.

**પ્રશ્નવ્યાકરણ સૂત્ર :–**

**११ से किं तं पण्हावागरणाणि ? पण्हावागरणेसु अट्ठुत्तरं पसिणसयं अट्ठुत्तरं अपसिणसयं अट्ठुत्तरं पसिणापसिणसयं विज्जाइसया णाग सुवण्णेहिं सद्धिं दिव्वा संवाया आघविज्जंति ।**

**पण्हावागरणदसासु णं ससमय परसमय पण्णवय पत्तेयबुद्ध विविहत्थ भासा भासियाणं अतिसयगुण उवसम णाणप्पगार आयरियभासियाणं वित्थरेणं वीरमहेसीहिं विविहवित्थरभासियाणं च जगहियाणं अद्दागंगुट्ठ बाहु असि मणि खोम आइच्चभासियाणं विविहमहापसिणविज्जा मणपसिण विज्जा देवयपयोग पहाण गुणप्पगासियाणं सब्भूयदुगुणप्पभाव णर गण मइ विम्हयकराणं अतिसयमईयकाल समए दम सम तित्थकरुत्तमस्स ठिइकरणकारणाणं दुरहिगम दुरवगाहस्स सव्वसव्वण्णुसम्मयस्स अबुह जण विबोहणकरस्स पच्चक्खय पच्चयकरणं पण्हाणं विविहगुणमहत्था जिणवरप्पणीया आघविज्जंति ।**

**पण्हावागरणेसु णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा,**

**संखेज्जाओ पडिवत्तीओ, संखेज्ज वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ ।**

**से णं अंगट्ठयाए दसमे अंगे, एगे सुयक्खंधे, पणयालीसं उद्देसणकाला, पणयालीसं समुद्देसणकाला, संखेज्जाणि पयसयसहस्साणि पयग्गेणं पण्णत्ताइं। संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया,**

**एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं पण्हावागरणाइं ।।१०।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – પ્રશ્નવ્યાકરણ શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – પ્રશ્નવ્યાકરણ અંગસૂત્રમાં એકસો આઠ પ્રશ્નો,એકસો આઠ અપ્રશ્નો (જવાબો)અને એકસો આઠ પ્રશ્નાપ્રશ્નો, વિદ્યાઓના અતિશયો તથા નાગો, સુવર્ણોની સાથેના દિવ્ય સંવાદો કથિત જ્ઞ છે.

પ્રશ્નવ્યાકરણ દશામાં સ્વસમય–પરસમયના પ્રજ્ઞાપક પ્રત્યેક બુદ્ધોની વિવિધ અર્થોવાળી ભાષાઓ દ્વારા કથિત વચનોના આમર્ષ ઔષધિ આદિ અતિશયો, જ્ઞાનાદિ ગુણો અને ઉપશમ ભાવના પ્રતિપાદક વિવિધ પ્રકારના આચાર્ય ભાષિતોનું, વિસ્તારથી કથિત વીર મહર્ષિઓનાં જગત હિતકારી અનેક પ્રકારનાં વિસ્તૃત સુભાષિતોનું; આદર્શ(દર્પણ), અંગુષ્ઠ, બાહુ, અસિ, મણિ, ક્ષૌમ(વસ્ત્ર) અને સૂર્ય આદિના આશ્રયથી અપાયેલા ઉત્તરોનું આ અંગમાં વર્ણન છે. અનેક મહાપ્રશ્ન વિદ્યાઓ વચનથી જ પ્રશ્ન કરવા પર ઉત્તર આપે છે, અનેક વિદ્યાઓ મનથી ચિંતિત પ્રશ્ન પૂછવા પર ઉત્તર આપે છે, અનેક વિદ્યાઓ અનેક અધિષ્ઠાતા દેવતાઓના વિશેષ પ્રયોગ પ્રધાનતાથી અનેક અર્થોના સંવાદક ગુણોને પ્રકાશિત કરે છે અને પોતાના સદ્‌ભૂત (વાસ્તવિક) દ્વિગુણ પ્રભાવક ઉત્તરો દ્વારા જન સમુદાયને વિસ્મિત કરે છે. તે વિદ્યાઓનાં ચમત્કારો અને સત્ય વચનોથી લોકોનાં હૃદયોમાં આ દઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે કે ભૂતકાળ માં દમ અને શમના ધારક, અન્ય મતોના શાસ્તાઓથી વિશિષ્ટ જિન તીર્થંકર થયા છે અને તેઓ યથાર્થવાદી હતા, અન્યથા આ પ્રકારની સત્ય વિદ્યા, મંત્ર સંભવિત ન હોય, આ રીતે સંશયશીલ મનુષ્યોનાં સ્થિરીકરણના કારણભૂત દુરભિગમ (ગંભીર) અને દુરવગાહ (કઠિનતાથી અવગાહન કરવા યોગ્ય) દરેક સર્વજ્ઞો દ્વારા સમ્મત, અજ્ઞજનોને પ્રબોધ કરનાર, પ્રત્યક્ષ પ્રતીતિકારક પ્રશ્નોના વિવિધ ગુણ અને મહાન અર્થોવાળા જિનવર પ્રણીત ઉત્તરો આ અંગમાં કથિત છે.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પરિત્ત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત

વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગ સૂત્રોમાં આ પ્રશ્નવ્યાકરણ દશમું અંગસૂત્ર છે, તેમાં એક શ્રુતસ્કંધ છે, પિસ્તાલીસ ઉદ્દેશન કાલ છે, પિસ્તાલીસ સમુદ્દેશન કાલ છે. પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે. તેમાં સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે. આ દશમા પ્રશ્નવ્યાકરણ અંગસૂત્રનો પરિચય છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવ્યું છે.

## વિવેચન :–

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પ્રશ્નોત્તરરૂપે પદાર્થોનું વર્ણન છે. પ્રાયઃ સૂત્રોના નામ પ્રમાણે જ તેનો વિષય હોય છે. આ સૂત્રનું નામ પણ પ્રશ્ન અને વ્યાકરણ એટલે ઉત્તર, એ બન્ને શબ્દોને સંયુક્ત કર્યા છે.

**पसिणाइं** :– વિધિપૂર્વક જાપ કરવાથી કોઈ પૂછે તો શુભાશુભ ઉત્તર બતાવે છે.

**अपसिणाइं** :– વિદ્યા અને મંત્રથી સિદ્ધ કરીને પછી પૂછ્યા વગર પણ શુભાશુભ ઉત્તર આપે

**पसिणापसिणाइं** :– જે સિદ્ધ કરી લીધા પછી પૂછવાથી અથવા પૂછ્યા વગર પણ શુભાશુભ ફળ બતાવે.

અંગુષ્ઠ પ્રશ્ન, બાહુપ્રશ્ન તેમ જ આદર્શપ્રશ્ન ઈત્યાદિ વડે પ્રશ્નોત્તર પ્રાપ્ત કરવાની વિધિ સ્પષ્ટ કરી છે અર્થાત્ અંગૂઠાને સામે રાખીને કે ભુજાને સામે રાખીને કે ભુજાને અથવા અરીસાને સામે રાખી આ પ્રશ્નોત્તરની ક્રિયા કરવામાં આવે છે અથવા અંગૂઠા વગેરેમાં દેવનો પ્રવેશ થવાથી ઉત્તર આપે છે.

નંદી સૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પરિચય આ જ રીતે આપ્યો છે પરંતુ વર્તમાનમાં વિદ્યાયુક્ત અધ્યયનો ઉપલબ્ધ નથી. ફક્ત પાંચ આશ્રવ અને પાંચ સંવરરૂપ દસ જ અધ્યયન છે. વર્તમાનકાળનાં પ્રશ્નવ્યાકરણસૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં ક્રમશઃ હિંસા, અસત્ય, ચૌર્ય(ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહનું વિસ્તૃત વર્ણન છે. બીજા શ્રુતસ્કંધમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વિષે સુંદર વર્ણન છે. તેની આરાધના કરવાથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય એવો તેમાં ઉલ્લેખ છે. તે સિવાય આ સૂત્રમાં તત્ત્વોનું નિરૂપણ કરનારી ચાર ધર્મકથાઓનું પણ વિસ્તૃત વર્ણન છે, આ કથાઓનું સ્વરૂપ ક્રમશઃ નીચે પ્રમાણે છે –

**(૧) આક્ષેપણીકથા :–** જે વિવિધ પ્રકારની એકાંત દષ્ટિઓની નિરાકરણપૂર્વક શુદ્ધિ કરીને છ દ્રવ્ય અને

નવ પદાર્થોની પ્રરૂપણા કરે, તેને આક્ષેપણીકથા કહેવાય છે.

**(૨) વિક્ષેપણીકથા :–** જેમાં પ્રથમ પર–સમય દ્વારા સ્વ–સમયમાં દોષ દેખાડીને પછી પર–સમયની આધારભૂત અનેક પ્રકારની એકાંત દષ્ટિઓનું શોધન કરીને સ્વ–સમયની સ્થાપના કરવામાં આવે તેમજ છ દ્રવ્ય અને નવ પદાર્થોનું નિરૂપણ કરવામાં આવે તેને વિક્ષેપણીકથા કહેવાય છે.

**(૩) સંવેગનીકથા :–** જેમાં પુણ્યના ફળનું વર્ણન બતાવવામાં આવે છે, જેમ કે– તીર્થંકર, ગણધર, ઋષિ, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, વિદ્યાધર અને દેવોની ઋદ્ધિ, એ પુણ્યનું ફળ છે. નરક, તિર્યંચ આદિમાં જન્મ મરણ અને વ્યાધિ, વેદના, દરિદ્રતા એ પાપનું ફળ છે. એ રીતે વિસ્તારથી ધર્મના ફળનું વર્ણન કરી વૈરાગ્યને ઉત્પન્ન કરનારી સંવેગનીકથા કહેવાય છે.

**(૪) નિર્વેદની કથા :–** ઉપરોક્ત વર્ણનના આધારે સંસારથી ઉદાસીનતા અને ત્યાગની ઉત્કટ ભાવનાને પ્રગટ કરનારી નિર્વેદની કથા કહેવાય છે.

ઉક્ત ચારે ય કથાઓનું પ્રતિપાદન કરતાં એમ પણ કહ્યું છે કે જે જિનશાસનમાં અનુરક્ત હોય, પુણ્ય–પાપને સમજનાર હોય, સ્વ સમયના રહસ્યને જાણનાર હોય, તપ અને શીલગુણથી યુક્ત હોય તેમજ ભોગથી વિરક્ત હોય તેને જ વિક્ષેપણીકથા કહેવી જોઈએ. કેમ કે વક્તા દ્વારા પર–સમયનું પ્રતિપાદન કરનારી કથાને સાંભળીને સ્વ–સમયને નહિ સમજનારા શ્રોતાનું ચિત્ત વ્યાકુળ બનીને મિથ્યાત્ત્વનો સ્વીકાર કરી શકે છે. માટે સ્વ–સમયને અવશ્ય સમજવો જોઈએ. આ રીતે પ્રશ્નવ્યાકરણમાં વિવિધ વસ્તુઓ બતાવી છે.

## વિપાક સૂત્ર :–

**१२ से किं तं विवागसुयं ? विवागसुए णं सुक्कड–दुक्कडाणं कम्माणं फलविवागे आघविज्जंति । से समासओ दुविहे पण्णत्ते, तं जहा–दुहविवागे चेव, सुहविवागे चेव । तत्थ णं दस दुहविवागाणि, दस सुहविवागाणि ।**

**से किं तं दुहविवागाणि ? दुहविवागेसु णं दुहविवागाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणखंडा रायाणो अम्मापियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ णगरगमणाइं संसारपबंधे दुहपरंपराओ य आघविज्जंति । से त्तं दुहविवागाणि।**

**से किं तं सुहविवागाणि ? सुहविवागेसु सुहविवागाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणखंडा रायाणो अम्मा–पियरो समोसरणाइं धम्मायरिया धम्मकहाओ इहलोइय–परलोइय–इड्ढिविसेसा भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं परियागा पडिमाओ संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं सुकुलपच्चायाई पुणब्बोहिलाहा**

**अंतकिरियाओ य आघविज्जंति।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – વિપાક સૂત્ર શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – વિપાક સૂત્રમાં સુકૃત (પુણ્ય) અને દુષ્કૃત (પાપ) કર્મોનાં ફળ–વિપાકનું કથન છે. તે વિપાક સંક્ષેપથી બે પ્રકારે છે, દુઃખ વિપાક અને સુખ વિપાકસૂત્ર. દુઃખવિપાકસૂત્રમાં દશ અધ્યયન છે, અને સુખવિપાકસૂત્રમાં પણ દશ અધ્યયન છે.

**પ્રશ્ન** – દુઃખવિપાક શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – દુઃખ વિપાકસૂત્ર માં દુષ્કૃતોનાં દુઃખરૂપ ફળોને ભોગવનારનાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતા, પિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથાઓ, ગૌતમ સ્વામીનું ભિક્ષા માટે નગરગમન, પાપના ફળથી સંસાર પ્રબંધમાં પડીને દુઃખ પરંપરાઓને ભોગવનારાઓનું વર્ણન છે, આ દુઃખ વિપાક છે.

**પ્રશ્ન** – સુખ વિપાકસૂત્ર શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – સુખ વિપાકસૂત્રમાં સુકૃતનાં સુખરૂપ ફળોને ભોગવનારનાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતા, પિતા, સમવસરણ, ધર્માચાર્ય, ધર્મકથાઓ, આ લોક પરલોક સંબંધી ઋદ્ધિવિશેષ, ભોગ પરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુત પરિગ્રહ, તપ–ઉપધાન, દીક્ષા પર્યાય, પ્રતિમાઓ, સંલેખનાઓ, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, સુકુલપ્રત્યાગમન, પુનઃબોધિલાભ અને તેની અંતક્રિયાઓનું વર્ણન છે.

**१३ दुहविवागेसु णं पाणाइवाय अलियवयण चोरिक्करण परदारमेहुण ससंगयाए महतिव्वकसाय इंदियप्पमाय पावप्पओय असुहज्झवसाण संचियाणं कम्माणं पावगाणं पावाणुभागफलविवागा णिरयगति तिरिक्खजोणि बहुविहवसणसय परंपरापबद्धाणं मणुयत्ते वि आगयाणं जहा पावकम्मसेसेण पावगा होंति फल विवागा । वह वसणविणास णासकण्णोट्ठंगुट्ठ करचरण णहच्छेयण जिब्भच्छेयण अंजणकडग्गिदाहण गयचलणमलणफालणउल्लंबण सूललयालउडलट्ठिभंजण तउसीसग तत्ततेल्ल कलकल अहिसिंचण कुंभिपागकंपण थिरबंधण वेह वज्झ कत्तण पतिभयकर करपलीवणादि दारुणाणि दुक्खाणि अणोवमाणि बहुविविह परंपराणुबद्धा ण मुच्चंति पावकम्मवल्लीए । अवेयइत्ता हु णत्थि मोक्खो, तवेण धिइ–धणियबद्धकच्छेण सोहणं तस्स वावि हुज्जा ।**

**ભાવાર્થ** :– દુઃખ વિપાકસૂત્રમાં પ્રાણાતિપાત, અસત્ય વચન, ચૌર્યકરણ, પરદારા મૈથુન, સસંગતા

(પરિગ્રહ સંચય), મહાતીવ્ર કષાય, ઈન્દ્રિય વિષય સેવન, પ્રમાદ, પાપ પ્રયોગ અને અશુભ અધ્યવસાયો (પરિણામો)થી સંચિત પાપકર્મોનું તથા તે પાપરૂપ અનુભાગ, ફળ–વિપાકોનું વર્ણન છે. અશુભ કે દુઃખવિપાકથી નરકગતિ, તિર્યંચયોનિમાં વિવિધ પ્રકારનાં સેંકડો સંકટોની પરંપરામાં રહીને ફળ ભોગવવાં પડે છે. ત્યાંથી નીકળીને મનુષ્ય ભવમાં આવીને પણ જીવોનાં જે પાપકર્મો શેષ રહ્યાં છે તેનાથી અનેક પાપરૂપ અશુભ ફળ વિપાક ભોગવવાં પડે છે, જેમ કે વધ, વૃષણ વિનાશ (નપુંસક બનાવી દેવા) નાક કાપી નાખવું, કાન કાપવા, હોઠ ભેદવા, અંગૂઠો છેદવો, હાથ કાપવો, પગ કાપવા, નખ કાપવા, જીભ કાપવી, આંખો બાળવી, (ગરમ લોખંડનો સળિયો આંખમાં ભોંકીને આંખો ફોડવી), કટ અગ્નિદાહ (વાંસની ચટ્ટાઈ શરીર ઉપર ચારે તરફ વીંટાળીને પછી બાળવું), હાથીઓના પગની નીચે કચડાવવા, ફરસી વગેરેથી શરીરને ફાડવું, દોરીથી બાંધીને વૃક્ષો ઉપર લટકાવવું, ત્રિશૂલ–લતા, મૂઠવાળી લાકડી અને દંડાથી શરીરને ભાંગી નાંખવું, તપાવેલા કડકડતા સીસા તેમજ તેલથી શરીરને સીંચવું, લોખંડની ભટ્ટીમાં પકાવવું, શિયાળામાં હાડ ધ્રૂજી જાય તેવું અતિ ઠંડુ પાણી નાંખવું, કાષ્ટ આદિમાં પગ ફસાવીને (હેડમાં) મજબૂત બાંધી દેવા, ભાલા આદિ શસ્ત્રોથી છેદન ભેદન કરવું, શરીરની ચામડી ઉતારવી, અતિ ભયકારક પદ્ધતિથી હાથ બાળવા (કપડું વીંટી તેના પર તેલ નાખી બન્ને હાથોને અગ્નિ લગાવવી) આદિ અતિ ભયંકર – દારુણ, અનુપમ દુઃખ ભોગવવાં પડે છે. અનેક ભવ પરંપરામાં બાંધેલાં પાપકર્મરૂપી વલ્લીનાં દુઃખથી તે મુક્ત થતા નથી. કેમ કે કર્મોનાં ફળને ભોગવ્યાં વિના છૂટકારો મળતો નથી, હા, ચિત્ત સમાધિરૂપ ધૈર્યપૂર્વક જેમણે પોતાની કમ્મર કસી લીધી છે, તેના તપ દ્વારા પાપ કર્મોનું પણ શોધન થઈ જાય છે.

**૧૪ एत्तो य सुहविवागेसु णं सील संजम णियम गुण तवोवहाणेसु साहुसु सुविहिएसु अणुकंपासयप्पओग तिकालमइविसुद्ध भत्त पाणाइं पययमणसा हिय सुह णीसेस तिव्वपरिणाम णिच्छियमई पयच्छिऊणं पओगसुद्धाइं जह य णिव्वत्तिंति उ बोहिलाभं जह य परित्तीकरेंति णर णरय तिरिय सुरगमण विउल परियट्ट अरइ भय विसायसोग मिच्छत्त सेलसंकडं, अण्णाण तमंधकार चिक्खिल्ल सुदुत्तारं, जरमरण जोणिसंखुभिय चक्कवालं सोलसकसाय सावय-पयंडचंडं अणाइयं अणवदग्गं संसारसागरमिणं जह य णिबंधंति आउगं सुरगणेसु, जह य अणुभवंति सुरगणविमाणसोक्खाणि अणोवमाणि। तओ य कालंतरे चुआणं इहेव णरलोगमागयाणं आउ वपु वण्ण रूव जाइ कुल जम्म आरोग्ग बुद्धि-मेहाविसेसा, मित्त जण सयण धण-धण्ण-विभव समिद्धिसार समुदयविसेसा बहुविह कामभोगुब्भवाण सोक्खाण सुहविवागोत्तमेसु अणुवरय परंपराणुबद्धा ।**

**असुभाणं सुभाणं चेव कम्माणं भासिआ बहुविहा विवागा**

**विवागसुयम्मि भगवया जिणवरेण संवेगकारणत्था, अण्णेवि य एवमाइया बहुविहा वित्थरेणं अत्थपरूवणया आघविज्जंति ।**

**ભાવાર્થ** :– સુખવિપાકસૂત્રમાં જેઓ શીલ–બ્રહ્મચર્ય અથવા સમાધિ, સંયમ, નિયમ–અભિગ્રહ વિશેષ, ગુણ(મૂલગુણ અને ઉત્તર ગુણ), અંતરંગ–બહિરંગ તપ અનુષ્ઠાનમાં સંલગ્ન, જે પોતાના આચારનું સારી રીતે પાલન કરે છે, તેવા સાધુજનોમાં અનેક જાતની અનુકંપાનો પ્રયોગ કરે છે, તેમના પ્રત્યે ત્રણે ય કાળમાં વિશુદ્ધ બુદ્ધિ રાખે છે, અર્થાત્ યતિજનોને આહાર દાન આપીશ, આવો વિચાર કરીને જે હર્ષનો અનુભવ કરે છે, આપવાના સમયે અને આપ્યા પછી પણ જે હર્ષની અનુભૂતિ કરે છે, તેઓને અતિ સાવધાની પૂર્વક મનથી હિતકારક, સુખકારક, નિઃશ્રેયસકારક, અતિશુભ પરિણામોથી પ્રયોગ શુદ્ધ (ઉદ્‌ગમાદિ દોષોથી રહિત) ભક્તપાન આપે છે, તે મનુષ્ય જે પ્રકારનું પુણ્ય કર્મ ઉપાર્જન કરે છે, બોધિલાભને પ્રાપ્ત થાય છે તેનું કથન છે.

નર, નારકી, તિર્યંચ તેમજ દેવગતિગમન સંબંધી અનેક પરાવર્તનો, પરિભ્રમણોથી યુક્ત, અરતિ, ભય, વિસ્મય, શોક અને મિથ્યાત્વરૂપ શૈલ (પર્વત)થી સંકીર્ણ, ગહન અજ્ઞાન અંધકારરૂપ કીચડથી પરિપૂર્ણ હોવાથી દુસ્તર, જરા, મરણ યોનિરૂપ મગરમચ્છોથી ક્ષોભિત, ચક્રવાલ, અનંતાનુબંધી આદિ સોળ કષાયરૂપ શ્વાપદો (ખૂંખાર, હિંસક–પ્રાણીઓ)થી અતિ પ્રચંડ ભયંકર એવા અનાદિ, અનંત આ સંસાર સાગરને જે પરિત્ત કરે છે, સીમિત કરે છે તેનું વર્ણન છે. જે રીતે દેવલોકમાં જવા માટે તે દેવાયુનો બંધ કરે છે તથા જે રીતે સુરગણોના વિમાનોત્પન્ન અનુપમ સુખોનો અનુભવ કરે છે, ત્યાર પછી કાલાંતરમાં ત્યાંથી નીકળીને આ મનુષ્ય લોકમાં આવીને દીર્ઘ આયુષ્ય, પરિપૂર્ણ શરીર, ઉત્તમ રૂપ, જાતિ કુળમાં જન્મ લઈને આરોગ્ય, બુદ્ધિ, મેધા વિશેષથી સંપન્ન હોય છે. મિત્રજન, સ્વજન, ધન, ધાન્ય અને વૈભવથી સમૃદ્ધ, તેમજ સારભૂત સુખ સંપદાને પ્રાપ્ત કરે છે તથા ઘણા પ્રકારના કામભોગજનિત સુખવિપાકથી પ્રાપ્ત ઉત્તમ સુખોની અવિછિન્ન પરંપરાથી પરિપૂર્ણ રહેતાં સુખોને ભોગવે છે, એવા પુણ્યશાળી જીવોનું સુખવિપાકસૂત્રમાં વર્ણન છે.

આ રીતે અશુભ અને શુભ કર્મોના અનેક પ્રકારનાં વિપાક (ફળ) આ વિપાક સૂત્રમાં ભગવાન જિનેન્દ્ર દેવે સંસારીજનોને સંવેગ ઉત્પન્ન કરવાને માટે કહ્યાં છે. તે જ રીતે બીજી પણ ઘણા પ્રકારની અર્થ પ્રરૂપણા વિસ્તારથી આ અંગમાં કહેવાયેલી છે.

**१५ विवागसुयस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा, संखेज्जाओ पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ संखेज्जाओ संगहणीओ ।**

**से णं अंगट्ठयाए एक्कारसमे अंगे, वीसं अज्झयणा, वीसं उद्देसणकाला, वीसं समुद्देसणकाला, संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा,**

**अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा, णिबद्धा, णिकाइया, जिणपण्णत्ता भावा आघविज्जंति, पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण-करणपरूवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं विवायसुए ।।११।।**

**ભાવાર્થ** :– વિપાક સૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

અંગસૂત્રોમાં આ વિપાકસૂત્ર અગિયારમું અંગ સૂત્ર છે. તેમાં વીસ અધ્યયન છે, વીસ ઉદ્દેશન કાલ છે, વીસ સમુદ્દેશનકાલ છે, પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે. સંખ્યાત અક્ષર છે, અનંતગમ છે, અનંત પર્યાય છે, તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત – એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર, તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવ્યું છે. આ અગિયારમાં અંગ વિપાક સૂત્રનો પરિચય છે.

**વિવેચન :–**

વિપાક સૂત્રમાં કર્મોના શુભ અને અશુભ ફળોનું વર્ણન ઉદાહરણ આપીને કર્યું છે. આ સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. દુ:ખવિપાક અને સુખવિપાક. પહેલા શ્રુતસ્કંધમાં દસ અધ્યયન છે. જેમાં અન્યાય, અનીતિ, માંસ, ઈંડા આદિ ભક્ષણનાં પરિણામ, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, લાંચ અને ચોરી આદિ દુષ્કર્મોના કુફળોના ઉદાહરણ આપીને વર્ણન છે. સાથે એમ પણ બતાવ્યું છે કે જીવ આ બધા પાપોના કારણે નરક અને તિર્યંચ ગતિમાં જઈને વિવિધ પ્રકારની ભયંકર યાતનાઓ પ્રાપ્ત કરે છે, જન્મમરણ કરતા રહે છે, તેમજ દુ:ખની પરંપરા વધારતા રહે છે. અજ્ઞાનના કારણે જીવ પાપ કરતી વખતે પ્રસન્ન રહે છે પરંતુ તેના ફળો ભોગવતી વખતે દીનતાપૂર્વક રોવે છે અને પશ્ચાત્તાપ કરે છે.

વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધનું નામ સુખવિપાક છે. આ અંગના દસ અધ્યયન છે. એમાં ભવ્ય અને પુણ્યશાળી આત્માઓનું વર્ણન છે. જેઓએ પૂર્વભવમાં સુપાત્ર દાન દઈને મનુષ્યભવના આયુષ્યનો બંધ કરીને અને મનુષ્યભવ પ્રાપ્ત કરીને અતુલ વૈભવ પ્રાપ્ત કર્યો પરંતુ મનુષ્યભવને તેઓએ ફક્ત સાંસારિક સુખોપભોગ કરીને જ વ્યર્થ ગુમાવ્યો નથી. તેઓએ અપાર(પુષ્કળ) ઋદ્ધિનો ત્યાગ કરીને

સંયમ ગ્રહણ કરી, તપ સાધના કરતાં કરતાં શરીરનો ત્યાગ કરીને દેવલોકમાં દેવપણું પ્રાપ્ત કર્યું. ભવિષ્યમાં તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં નિર્વાણપદ પ્રાપ્ત કરશે. આ બધુ સુપાત્ર દાનનું મહાત્મ્યછે.

આ સૂત્રમાં સુબાહુકુમારની કથા વિસ્તારપૂર્વક આપેલી છે. શેષ દરેક અધ્યયનમાં સંક્ષિપ્ત વર્ણન છે. આ કથાઓથી સહજ રીતે પ્રતીત થઈ જાય છે કે પુણ્યાનુબંધીપુણ્યનું ફળ કેવું કલ્યાણકારી છે. સુખવિપાકમાં વર્ણિત દસ કુમારોની કથાઓના પ્રભાવથી ભવ્ય શ્રોતાઓ અથવા અધ્યેતાઓના જીવનમાં પણ ધીરે ધીરે એવા ગુણોનો આવિર્ભાવ થઈ શકે છે. જેથી તેઓ અંતમાં સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે છે.

## દષ્ટિવાદ સૂત્ર :-

**૧૬ से किं तं दिट्ठिवाए ? दिट्ठिवाए णं सव्वभावपरूवणया आघविज्जंति । से समासओ पंचविहे पण्णत्ते, तं जहा–परिकम्मं सुत्ताइं पुव्वगयं अणुओगो चूलिया ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – આ દષ્ટિવાદ અંગ શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – દષ્ટિવાદ અંગમાં સર્વભાવોની પ્રરૂપણા કરેલી છે. તે સંક્ષેપથી પાંચ પ્રકારે છે, જેમ કે – (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા.

## દષ્ટિવાદસૂત્રમાં પરિકર્મ :-

**૧૭ से किं तं परिकम्मे ? परिकम्मे सत्तविहे पण्णत्ते, तं जहा– सिद्धसेणिया परिकम्मे मणुस्ससेणिया परिकम्मे पुट्ठसेणिया परिकम्मे ओगाहणसेणिया परिकम्मे उवसंपज्जसेणिया परिकम्मे विप्पजहसेणिया परिकम्मे चुआचुअसेणियापरिकम्मे ।**

**से किं तं सिद्धसेणिया परिकम्मे ? सिद्धसेणिआ परिकम्मे चोद्दसविहे पण्णत्ते, तं जहा– माउयापयाणि एगट्ठियपयाणि अट्ठपयाणि पाढो आगासपयाणि केउभूयं रासिबद्धं एगगुणं दुगुणं तिगुणं केउभूयपडिग्गहो संसारपडिग्गहो णंदावत्तं सिद्धावत्तं । से त्तं सिद्धसेणियापरिकम्मे ।**

**से किं तं मणुस्स सेणिया परिकम्मे ? मणुस्ससेणिया परिकम्मे चोद्दसविहे पण्णत्ते, तं जहा– माउयापयाणि** *जाव* **णंदावत्तं मणुस्सावत्तं । से त्तं मणुस्ससेणिया परिकम्मे ।**

**अवसेसा परिकम्माइं पुट्ठाइयाइं एक्कारसविहाइं पण्णत्ताइं । इच्चेयाइं सत्त परिकम्माइं ससमइयाइं, सत्त आजीवियाइं, छ चउक्कणइयाइं, सत्त तेरासियाइं। एवामेव सपुव्वावरेणं सत्त परिकम्माइं तेसीति भवंतीतिमक्खायाइं। से त्तं परिकम्माइं।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – પરિકર્મ શું છે ?

**ઉત્તર** – પરિકર્મના સાત પ્રકાર છે, જેમ કે– (૧) સિદ્ધશ્રેણિકા પરિકર્મ (૨) મનુષ્યશ્રેણિકા પરિકર્મ (૩) પૃષ્ઠ શ્રેણિકા પરિકર્મ (૪) અવગાહન શ્રેણિકા પરિકર્મ (૫) ઉપસંપદ્ય(ગ્રહણ) શ્રેણિકા પરિકર્મ (૬) વિપ્રજહણ(ત્યાગ) શ્રેણિકા પરિકર્મ અને (૭) ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મ.

**પ્રશ્ન** – સિદ્ધ શ્રેણિકા પરિકર્મ શું છે ?

**ઉત્તર** – સિદ્ધ શ્રેણિકા પરિકર્મના ચૌદ પ્રકાર છે, જેમ કે– (૧) માતૃકા પદ (૨) એકાર્થક પદ (૩) અર્થપદ (૪) પાઠ (૫) આકાશ પદ (૬) કેતુભૂત (૭) રાશિબદ્ધ (૮) એકગુણ, (૯) દ્વિગુણ (૧૦) ત્રિગુણ (૧૧) કેતુભૂત પ્રતિગ્રહ (૧૨) સંસાર પ્રતિગ્રહ (૧૩) નન્દ્યાવર્ત (૧૪) સિદ્ધાવર્ત, આ બધાં સિદ્ધ શ્રેણિક પરિકર્મ છે.

**પ્રશ્ન** – મનુષ્ય શ્રેણિકા પરિકર્મ શું છે ?

**ઉત્તર** – મનુષ્ય શ્રેણિકા પરિકર્મના ચૌદ પ્રકાર છે, જેમ કે – માતૃકાપદ ***યાવત્*** નંદાવર્ત અને મનુષ્યાવર્ત આ બધાં મનુષ્ય શ્રેણિકા પરિકર્મ છે.

પૃષ્ઠ શ્રેણિકા પરિકર્મથી લઈને બાકીનાં પરિકર્મના અગિયાર પ્રકાર છે. સૂત્રોક્ત સાત પરિકર્મ સ્વસામયિક (જૈનમતાનુસારી) છે અને પછીના સાત આજીવિક મતાનુસારી છે. છ પરિકર્મ ચાર નયવાળાના મતાનુસારી છે અને સાત ત્રિરાશિક મતાનુસારી છે. તે રીતે સાતે સાત પરિકર્મ પૂર્વાપર ભેદોની અપેક્ષાએ ત્યાંસી(૮૩) હોય છે, આ બધાં પરિકર્મ છે.

## વિવેચન :–

બારમું અંગ દષ્ટિવાદસૂત્ર સર્વથા વિચ્છેદ થઈ જવાના કારણે તેના વિષયમાં અનુમાન કરી શકાય છે કે પ્રારંભિક યોગ્યતા માટેના આ પરિકર્મ વિભાગમાં પહેલા ધોરણની જેમ મૂલાક્ષર, એકાર્થકપદ, પદોના વિવિધ અર્થ, તેનો સંધિ વિચ્છેદ વગેરે તથા ગણિત શિક્ષા માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરેની વિધિઓનું વર્ણન તથા બીજા પણ કઠિન ગણિત અને ભંગવિધિઓનું પ્રારંભિક જ્ઞાન આ પરિકર્મ વિભાગમાં હોય છે અથવા સિદ્ધ સંબંધી વર્ણન પણ હોઈ શકે છે.

સૂત્રમાં "**छ चउक्क णइयाइं सत्त तेरासियाइं** " આ પદ છે. તેનો ભાવ એ છે કે આદિના છ

પરિકર્મ ચાર નયની અપેક્ષાએ છે. એમાં સ્વસિદ્ધાંતનું વર્ણન છે અને સાતમા પરિકર્મમાં ત્રિરાશિકનો ઉલ્લેખ છે. અહીં અગિયાર ભેદમાંથી સાતનું કથન છે અને ચારનું કથન નથી તથા શેષ ચાર માટે કોઈ સૂચન નથી તેનું કારણ અજ્ઞાત છે અને સત્ત શબ્દથી સાત સંખ્યાનો અર્થ કરાય તો પાછળના સાત ભેદ ત્રણ નયોની અપેક્ષાએ કહ્યા છે એવી કલ્પના પણ કરી શકાય છે. તત્ત્વ જ્ઞાનીગમ્ય છે.

## દષ્ટિવાદસૂત્રમાં સૂત્ર :–

**૧૮ से किं तं सुत्ताइं ? सुत्ताइं अट्ठासीति भवंतीति मक्खायाइं, तं जहा– उजुगं परिणयापरिणयं बहुभंगियं विजयचरियं अणंतरं परंपरं समाणं संजूहं संभिण्णं आहच्चायं सोवत्थियं घंटं णंदावत्तं बहुलं पुट्ठापुट्ठं वियावत्तं एवंभूयं दुआवत्तं वत्तमाणप्पयं समभिरूढं सव्वाओभद्दं पण्णासं दुपडिग्गहं । इच्चेयाइं बावीसं सुत्ताइं छिण्णछेय णइआइं ससमय–सुत्तपरिवाडीए, इच्चेयाइं बावीसं सुत्ताइं अछिण्णछेय णइयाइं आजीविय सुत्तपरिवाडीए, इच्चेयाइं बावीसं सुत्ताइं तिकणइयाइं तेरासिय सुत्तपरिवाडीए, इच्चेयाइं बावीसं सुत्ताइं चउक्कणइयाइं ससमय सुत्त- परिवाडीए । एवामेव सुपव्वावरेण अट्ठासीति सुत्ताइं भवंतीतिमक्खायाइं । से त्तं सुत्ताइं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – સૂત્રો રૂપ દષ્ટિવાદનું સ્વરૂપ શું છે અર્થાત તેના પ્રકાર કેટલા ?

**ઉત્તર** – આ અંગમાં અઠ્યાસીસૂત્ર છે, જેમ કે– (૧) ઋજુક (૨) પરિણતાપરિણત (૩) બહુભંગિક (૪) વિજયચરિત (૫) અનંતર (૬) પરંપર (૭) સમાન–સત્ (શ્યામ)(૮) સંજૂહ–સંયૂથ (૯) સંભિન્ન (૧૦) આહચ્ચય (૧૧) સૌવસ્તિક ઘંટ (૧૨) નંદાવર્ત (૧૩) બહુલ (૧૪) પૃષ્ઠાપૃષ્ઠ (૧૫) વ્યાવર્ત (૧૬) એવંભૂત (૧૭) દ્વયાવર્ત (૧૮) વર્તમાનપદ (૧૯) સમભિરૂઢ (૨૦) સર્વતોભદ્ર (૨૧) પણ્યાસ (પણ્ણાસ) (૨૨) દુષ્પ્રતિગ્રહ(દ્વિ પ્રતિગૃહ). આ બાવીસ સૂત્ર, સ્વસમય સૂત્ર પરિપાટીથી છિન્નછેદનયિક છે. આ જ બાવીસ સૂત્રો આજીવિક સૂત્ર પરિપાટીથી અછિન્નછેદનયિક છે. આ જ બાવીસ સૂત્રો ત્રૈરાશિક સૂત્ર પરિપાટીમાં ત્રિકનયિક છે અને આ જ બાવીસ સૂત્ર સ્વસમય સૂત્ર પરિપાટીથી ચતુષ્કનયિક છે. આ રીતે તે દરેક પૂર્વાપર ભેદ મળીને અઠ્યાસી સૂત્ર હોય છે, એમ કહેવાય છે. આ સૂત્ર નામનો બીજો ભેદ છે.

## વિવેચન :–

આ સૂત્રમાં અઠ્યાસી સૂત્રોનું વર્ણન છે. તેની અંદર સર્વદ્રવ્ય, સર્વપર્યાય, સર્વનય અને સર્વભંગ– વિકલ્પ નિયમ આદિ વિષયોનું નિરૂપણ છે.

વૃત્તિકાર અને ચૂર્ણિકાર બન્નેના મતે ઉક્ત સૂત્રમાં બાવીસ સૂત્ર છિન્નચ્છેદ નયના મત પ્રમાણે સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા છે અને એ જ સૂત્ર અચ્છિન્નચ્છેદ નયની દષ્ટિથી અબંધક, ત્રિરાશિક

અને નિયતિવાદનું વર્ણન કરે છે.

છિન્નચ્છેદ નય કોને કહેવાય ? યથા– કોઈ પદ અથવા શ્લોક બીજા પદની અપેક્ષા ન કરે અને બીજા પદો પણ પ્રથમ પદની અપેક્ષા ન રાખે, યથા– **धम्मो मंगलमुक्किट्ठं ।**

આનું વર્ણન અચ્છિન્નચ્છેદ નયના મતે આ પ્રમાણે છે, યથા– ધર્મ સર્વથી ઉત્કૃષ્ટ મંગલ છે. પ્રશ્ન થાય છે કે તે કેવા પ્રકારનો ધર્મ છે કે જે સર્વોત્કૃષ્ટ છે ? ઉત્તર– **अहिंसा संजमो तवो ।** આ રીતે બન્ને પદ સાપેક્ષ સિદ્ધ થઈ જાય છે. વૃત્તિકારે ત્રિરાશિક મત આજીવિક સંપ્રદાયનો બતાવ્યો છે. રોહગુપ્ત દ્વારા પ્રવર્તિત સંપ્રદાયનો તે નથી.

ગોશાલક આદિ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક અને ઉભયાર્થિક આ ત્રણ નયોને માને છે તેથી તેને ત્રિક નયિક કહેવાય છે, જે સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દનય, આ ચાર નયોને માને છે તેને ચતુષ્ક નયિક કહે છે. ત્રિક નયિકવાળા દરેક પદાર્થોનું નિરૂપણ સત્–અસત્ અને ઉભયાત્મક રૂપથી કરે છે, પરંતુ ચતુષ્કનયિકવાળા ઉક્ત ચાર નયોથી સર્વ પદાર્થોનું નિરૂપણ કરે છે.

## દષ્ટિવાદસૂત્રમાં પૂર્વ :–

**१९ से किं तं पुव्वगयं ? पुव्वगयं चउद्दसविहं पण्णत्तं, तं जहा–उप्पायपुव्वं अग्गेणीयं वीरियं अत्थिणत्थिप्पवायं णाणप्पवायं सच्चप्पवायं आयप्पवायं कम्मप्पवायं पच्चक्खाणप्पवायं विज्जाणुप्पवायं अवंझं पाणाउ किरियाविसालं लोगबिंदुसारं।**

**उप्पायपुव्वस्स णं दस वत्थू पण्णत्ता । चत्तारि चूलियावत्थू पण्णत्ता । अग्गेणियस्स णं पुव्वस्स चोद्दस वत्थू , बारस चूलियावत्थू पण्णत्ता । वीरियप्पवायस्स णं पुव्वस्स अट्ठ वत्थू अट्ठ चुलियावत्थू पण्णत्ता । अत्थिणत्थिप्पवायस्स णं पुव्वस्स अट्ठारस वत्थू दस चूलियावत्थू पण्णत्ता । णाणप्पवायस्स णं पुव्वस्स बारस वत्थू पण्णत्ता । सच्चप्पवायस्स णं पुव्वस्स दो वत्थू पण्णत्ता । आयप्पवायस्स णं पुव्वस्स सोलस वत्थू पण्णत्ता । कम्मप्पवायस्स णं पुव्वस्स तीसं वत्थू पण्णत्ता । पच्चक्खाणस्स णं पुव्वस्स वीसं वत्थू पण्णत्ता । विज्जाणुप्पवायस्स णं पुव्वस्स पण्णरस वत्थू पण्णत्ता । अबंझस्स णं पुव्वस्स बारस वत्थू पण्णत्ता । पाणाउस्स णं पुव्वस्स तेरस वत्थू पण्णत्ता । किरियाविसालस्स णं पुव्वस्स तीसं वत्थू पण्णत्ता । लोगबिन्दुसारस्स णं पुव्वस्स पणवीसं वत्थू पण्णत्ता ।**

**दस चोद्दस अट्ठट्ठारसे व, बारस दुवे य वत्थूणि ।**

सोलस तीसा वीसा, पण्णरस अणुप्पवायंमि ।।१।।
बारस एक्कारसमे, बारसमे तेरसेव वत्थूणि ।
तीसा पुण तेरसमे चउदसमे पण्णवीसाओ ।।२।।
चत्तारि दुवालस अट्ठ चेव, दस चेव चूलवत्थूणि ।
आइल्लाण चउण्हं, सेसाणं चूलिया णत्थि ।।३।।
से त्तं पुव्वगयं ।

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** પૂર્વગત શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર –** પૂર્વગતના ચૌદ પ્રકાર છે, જેમ કે– (૧) ઉત્પાદ પૂર્વ (૨)અગ્રેણીય(અગ્રાયણીય)પૂર્વ (૩) વીર્યપ્રવાદ પૂર્વ (૪) અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ (૫) જ્ઞાનપ્રવાદ પૂર્વ (૬) સત્યપ્રવાદ પૂર્વ (૭) આત્મપ્રવાદ પૂર્વ (૮) કર્મ પ્રવાદ પૂર્વ (૯) પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ (૧૦) વિદ્યાનુપ્રવાદ પૂર્વ (૧૧) અવંધ્ય પૂર્વ (૧૨) પ્રાણાયુ પૂર્વ (૧૩) ક્રિયા વિશાલપૂર્વ (૧૪) લોકબિન્દુસાર પૂર્વ.

(૧) ઉત્પાદ પૂર્વમાં દશ વસ્તુ (અધિકાર) છે અને ચાર ચૂલિકા વસ્તુ છે. (૨) અગ્રાયણીય પૂર્વમાં ચૌદ વસ્તુ અને બાર ચૂલિકાવસ્તુ છે.(૩) વીર્યપ્રવાદ પૂર્વમાં આઠ વસ્તુ અને આઠ ચૂલિકા વસ્તુ છે. (૪)અસ્તિનાસ્તિ પ્રવાદ પૂર્વમાં અઢાર વસ્તુ અને દશ ચૂલિકા વસ્તુ છે. (૫) જ્ઞાન પ્રવાદ પૂર્વમાં બાર વસ્તુ છે. (૬)સત્યપ્રવાદ પૂર્વમાં બે વસ્તુ છે. (૭) આત્મપ્રવાદ પૂર્વમાં સોળ વસ્તુ છે. (૮) કર્મપ્રવાદ પૂર્વમાં ત્રીસ વસ્તુ છે. (૯) પ્રત્યાખ્યાન પૂર્વમાં વીસ વસ્તુ છે. (૧૦) વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં પંદર વસ્તુ છે. (૧૧) અવંધ્ય પૂર્વમાં બાર વસ્તુ છે. (૧૨) પ્રાણાયુ પૂર્વમાં તેર વસ્તુ છે. (૧૩) ક્રિયાવિશાલ પૂર્વમાં ત્રીસ વસ્તુ છે. (૧૪) લોકબિન્દુસારમાં પચ્ચીસ વસ્તુ છે.

ઉપર્યુક્ત વસ્તુઓની સંખ્યા પ્રતિપાદક સંગ્રહણી ગાથાઓ આ પ્રમાણે છે.

**સંગ્રહણી ગાથાઓ** :– પ્રથમ પૂર્વમાં દશ, બીજામાં ચૌદ, ત્રીજામાં આઠ, ચોથામાં અઢાર, પાંચમામાં બાર, છટ્ઠામાં બે, સાતમામાં સોળ, આઠમામાં ત્રીસ, નવમામાં વીસ, દશમામાં પંદર, અગિયારમામાં બાર, બારમામાં તેર, તેરમામાં ત્રીસ અને ચૌદમામાં પચ્ચીસ વસ્તુનામક મહાઅધિકાર છે. આગળના ચાર પૂર્વોમાં ક્રમથી ચાર, બાર, આઠ, દશ ચૂલિકા વસ્તુનામનો અધિકાર છે. શેષ દશ પૂર્વોમાં ચૂલિકા નામનો અધિકાર નથી. આ પૂર્વ નામનો ત્રીજો ભેદ છે.

## દષ્ટિવાદમાં અનુયોગ :-

**૨૦** **से किं तं अणुओगे ? अणुओगे दुविहे पण्णत्ते, तं जहा– मूलपढमाणुओगे य गंडियाणुओगे य । से किं तं मूलपढमाणुओगे ? एत्थ णं अरहंताणं भगवंताणं**

**पुव्वभवा देवलोग गमणाणि आउं चवणाणि जम्मणाणि य अभिसेया रायवरसिरीओ सीयाओ पव्वज्जावो तवा य भत्ता केवलणाणुप्पाया य तित्थपवत्तणाणि य संघयणं संठाणं उच्चत्तं आउं वण्णविभागो सीसा गणा गणहरा य अज्जा पवत्तणीओ संघस्स चउव्विहस्स जं वावि परिमाणं जिण- मणपज्जव-ओहिणाण-सम्मत्त सुयणाणिणो य, वाई, अणुत्तरगई य जत्तिया, जत्तिया सिद्धा, पाओवगआ य जे जहिं जत्तियाइं भत्ताइं छेयइत्ता अंतगडा मुणिवरुत्तमा तम-रओघविप्पमुक्का सिद्धिपहमणुत्तरं च पत्ता, एए अण्णे य एवमाइया भावा मूलपढमाणुओगे (कहिआ) आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उव दंसिज्जंति । से त्तं मूलपढमाणुओगे ।**

**से किं तं गंडियाणुओगे ? गंडियाणुओगे अणेगविहे पण्णत्ते । तं जहा- कुलगरगंडियाओ तित्थगरगंडियाओ गणहरगंडियाओ चक्कहरगंडियाओ दसारगंडियाओ बलदेवगंडियाओ वासुदेवगंडियाओ हरिवंसगंडियाओ भद्दबाहु गंडियाओ तवोकम्मगंडियाओ चित्तंतरगंडियाओ उस्सप्पिणीगंडियाओ ओसप्पिणी गंडियाओ अमर णर तिरिय णिरयगइगमण विविह परियट्टणाणुओगे, एवमाइयाओ गंडियाओ आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं गंडियाणुओगे।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** અનુયોગ શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

ઉત્તર – અનુયોગના બે પ્રકાર છે, જેમ કે – મૂલ પ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.

**પ્રશ્ન –** મૂલ પ્રથમાનુયોગમાં શું છે ?

**ઉત્તર –** મૂલ પ્રથમાનુયોગમાં અરિહંત ભગવંતોના પૂર્વભવ, દેવલોક ગમન, દેવભવ સંબંધી આયુ, ચ્યવન, જન્મ, જન્માભિષેક, રાજ્યવરશ્રી, શિબિકા, પ્રવ્રજ્યા, તપ, ભક્ત(ભક્ત પ્રત્યાખ્યાન), કેવલજ્ઞાનોત્પત્તિ, તીર્થપ્રવર્તન, સંહનન, સંસ્થાન, શરીરની ઊંચાઈ, આયુ, વર્ણવિભાગ, શિષ્ય, ગણ, ગણધર, આર્યા, પ્રવર્તિની, ચતુર્વિધ સંઘનું પરિમાણ, કેવળી જિન, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, સમ્યક્ શ્રુતજ્ઞાની, વાદી, અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા સાધુની સંખ્યા, સિદ્ધ થનારા જીવોની સંખ્યા, પાદપોપગમન, જે જ્યાં જેટલા ભક્તોનું છેદન કરીને ઉત્તમ મુનિવર અન્તકૃત થયા, તમોરજ સમૂહથી વિપ્રમુક્ત થયા, અનુત્તર સિદ્ધિ પથને પ્રાપ્ત થયા તે મહાપુરુષોના તથા આ પ્રકારના અન્યભાવોનું વર્ણન મૂલ પ્રથમાનુયોગમાં સંક્ષેપથી, વિસ્તારથી, હેતુ અને દષ્ટાંતથી પ્રરૂપિત છે, સામાન્યરૂપથી દર્શિત અને વિશેષ રૂપથી નિદર્શિત કરવામાં આવે છે, ઉપનય અને નિગમનના દ્વારા ઉપદર્શિત કરવામાં આવેલું છે.

આ મૂલ પ્રથમાનુયોગ છે.

**પ્રશ્ન** – ગંડિકાનુયોગ શું છે ? તેમાં શેનું વર્ણન છે ?

**ઉત્તર** – ગંડિકાનુયોગના અનેક પ્રકાર છે, જેમ કે– કુલકર ગંડિકા, તીર્થંકર ગંડિકા, ગણધર ગંડિકા, ચક્રવર્તી ગંડિકા, દશાર ગંડિકા, બલદેવ ગંડિકા, વાસુદેવ ગંડિકા, હરિવંશ ગંડિકા, ભદ્રબાહુ ગંડિકા, તપકર્મ ગંડિકા, ચિત્રાન્તર ગંડિકા, ઉત્સર્પિણી ગંડિકા, અવસર્પિણી ગંડિકા, દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક ગતિઓમાં ગમન તથા વિવિધ યોનિઓમાં પરિવર્તનાનુયોગ ઈત્યાદિ ગંડિકાઓનું કથન આ ગંડિકાનુયોગમાં સંક્ષેપથી, વિસ્તારથી, હેતુ અને દષ્ટાંત પ્રરૂપિત, સામાન્યરૂપથી દર્શિત, વિશેષરૂપથી નિદર્શિત, ઉપનય અને નિગમન દ્વારા ઉપદર્શિત કરવામાં આવેલ છે. આ ગંડિકાનુયોગ છે. આ અનુયોગ નામનો ચોથો ભેદ છે.

## દષ્ટિવાદમાં ચૂલિકા :-

**૨૧ से किं तं चूलियाओ ? जण्णं आइल्लाणं चउण्हं पुव्वाणं चूलियाओ, सेसाइं पुव्वाइं अचूलियाइं । से त्तं चूलियाओ ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – ચૂલિકા શું છે ?

**ઉત્તર** – આદિના ચાર પૂર્વોમાં ચૂલિકા નામનો અધિકાર છે. શેષ દશ પૂર્વોમાં ચૂલિકાઓ નથી. આ ચૂલિકા નામનો પાંચમો ભેદ છે.

## વિવેચન :-

**चूलिया**– ચૂલિકા :– (૧) કોઈ પણ વસ્તુના અંતમાં કે ઉપરી શિખરમાં રહેનારી વસ્તુ ચૂલિકા કહેવાય છે. (૨) અવશિષ્ટ અને ઉપયોગી વિષયને કહેનારા પ્રકરણને ચૂલિકા કહેવાય છે. (૩) મૂળ વિષય વિભાગના પરિશિષ્ટ વિભાગને ચૂલિકા કહેવાય છે. (૪) વિષયના અંતમાં આવનારા વિશિષ્ટ પ્રકરણને ચૂલિકા કહેવાય છે. (૫) પૂર્વ વિભાગમાં અનુક્ત વિષયને ચૂલિકામાં કહેવામાં આવે છે, યથા– **दिट्ठिवाये जं परिकम्म–सुत्तपुव्वअणुओगे न भणियं तं चूलासु भणियं ति । –चूर्णि.**

ચૂલિકા આધુનિકકાળમાં પ્રચલિત પરિશિષ્ટ સમાન હોય છે. એમાં ઉક્ત–અનુક્ત વિષયોનો સંગ્રહ છે. આદિના ચાર પૂર્વોમાં ચૂલિકાઓનો ઉલ્લેખ છે, શેષમાં નથી. ચૂલિકાઓ તે તે પૂર્વોનું અંગ છે.

ચૂલિકાઓમાં ક્રમશઃ ૪, ૧૨, ૮, ૧૦ આ રીતે ૩૪ વસ્તુઓ છે. જેમ મેરૂ પર્વત ચૂલિકાથી શોભાયમાન છે તેમ શ્રુત પણ ચૂલિકા પ્રકરણથી સુશોભિત છે. માટે તેનું વર્ણન અંતે કર્યું છે.

**૨૨ दिट्ठिवायस्स णं परित्ता वायणा, संखेज्जा अणुओगदारा संखेज्जाओ**

**पडिवत्तीओ, संखेज्जा वेढा, संखेज्जा सिलोगा, संखेज्जाओ णिज्जुत्तीओ, संखेज्जाओ संगहणीओ ।**

**ભાવાર્થ** :– દષ્ટિવાદસૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગ દ્વાર, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત વેઢ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.

**૨૩ से णं अंगट्ठयाए बारसमे अंगे, एगे सुयक्खंधे, चउद्दस पुव्वाइं, संखेज्जा वत्थू, संखेज्जा चूलवत्थू, संखेज्जा पाहुडा, संखेज्जा पाहुड–पाहुडा, संखेज्जाओ पाहुडियाओ, संखेज्जाओ पाहुड–पाहुडियाओ, संखेज्जाणि पयसयसहस्साणि पयग्गेणं पण्णत्ताइं । संखेज्जा अक्खरा, अणंता गमा, अणंता पज्जवा, परित्ता तसा, अणंता थावरा, सासया कडा णिबद्धा णिकाइया जिणपण्णत्ता भावा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उदवंसिज्जंति । से एवं आया एवं णाया एवं विण्णाया, एवं चरण–करणरुवणया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति उवदंसिज्जंति । से त्तं दिट्ठिवाए ।**

**ભાવાર્થ** :– અંગ સૂત્રોમાં આ દષ્ટિવાદ બારમું અંગસૂત્ર છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, ચૌદ પૂર્વ છે, સંખ્યાત વસ્તુ છે, સંખ્યાત ચૂલિકા વસ્તુ છે, સંખ્યાત પ્રાભૃત છે, સંખ્યાત પ્રાભૃત–પ્રાભૃત છે, સંખ્યાત પ્રાભૃતિકાઓ છે, સંખ્યાત પ્રાભૃત–પ્રાભૃતિકાઓ છે,પદગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે, સંખ્યાત અક્ષર છે, અનંત ગમ છે, અનંત પર્યાય છે. તેમાં પરિમિત ત્રસ જીવો અને અનંત સ્થાવર જીવો, શાશ્વત–અશાશ્વત ભાવો, સૂત્ર રૂપે નિબદ્ધ–ગ્રથિત, નિકાચિત – એટલે હેતુ–ઉદાહરણાદિ દ્વારા નિર્ણિત, જિન પ્રજ્ઞપ્ત ભાવો સામાન્ય રૂપે કહ્યા છે, ભેદ પ્રભેદ દ્વારા કહ્યા છે, દષ્ટાંતો દ્વારા સિદ્ધ કર્યા છે, ઉપમાદિ દ્વારા દર્શિત છે, પ્રશ્નોતર, તર્કાદિ દ્વારા નિદર્શિત છે અને નિગમન ઉપનયાદિ દ્વારા ઉપદર્શિત છે.

આ અંગનું અધ્યયન કરી અધ્યેતા તેમાં તદ્રૂપ બની જાય છે, તેના જ્ઞાતા, વિજ્ઞાતા બની જાય છે. આ અંગમાં ચરણ–મૂળગુણ, કરણ–ઉત્તરગુણની પ્રરૂપણા સામાન્ય રૂપે, વિશેષરૂપે, દષ્ટાંત દ્વારા પ્રરૂપિત દર્શિત, નિદર્શિત ઉપદર્શિત કરવામાં આવ્યું છે. આ બારમા દષ્ટિવાદ અંગસૂત્રનો પરિચય છે.

**વિવેચન :–**

આ દષ્ટિવાદ અંગસૂત્રમાં પણ અન્ય અંગની જેમ પરિમિત વાચનાઓ અને સંખ્યાત અનુયોગદ્વાર છે. પરંતુ આમાં વસ્તુ પ્રાભૃત, પ્રાભૃતપ્રાભૃત અને પ્રાભૃતિકાઓ આદિ વિભાગ વિશેષ છે. પૂર્વોમાં જે મોટા મોટા અધિકાર છે તેને વસ્તુ કહેવાય છે, તેનાથી નાના પ્રકરણને પ્રાભૃત અથવા પ્રાભૃત–પ્રાભૃત

કહેવાય અને તેનાથી પણ નાના પ્રકરણને પ્રાભૃતિકા કહેવાય છે.

આ અંગસૂત્ર દરેક અંગસૂત્રોથી અધિક વિશાળ છે. તોપણ તેના અક્ષરોની સંખ્યા સંખ્યાત જ છે પરંતુ તે સંખ્યા બહુ વિશાળ છે.

પૂર્વમાં જે વિષયનું નિરૂપણ કર્યુ હોય તેને અમુક ગાથાઓમાં સંકલિત કરનારી ગાથાઓને સંગ્રહણી ગાથાઓ કહેવાય છે.

**દ્વાદશાંગ ગણિપિટકનો મહિમા :-**

**२४ इच्चेयं दुवालसंगं गणिपिडगं अईए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणुपरियट्टिंसु । इच्चेयं दुवालसंगं गणिपिडगं पडुप्पण्णे काले परित्ता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणुपरियट्टंति । इच्चेयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंत- संसारकंतारं अणुपरियट्टिस्संति ।**

**इच्चेइयं दुवालसंगं गणिपिडगं अतीतकाले अणंता जीवा आणाए आराहित्ता चाउरंतसंसारकंतारं वीईवइंसु । एवं पडुप्पण्णे वि परित्ता जीवा आणाए आराहित्ता चाउरंतसंसारकंतारं वीईवंति । एवं अणागए वि अणंता जीवा आणाए आराहित्ता चाउरंतसंसारकंतारं वीईवइस्संति ।**

**दुवालसंगे णं गणिपिडगे ण कयाइ णासी, ण कयावि णत्थि, ण कयाइ ण भविस्सइ । भुविं च, भवइ य, भविस्सइ य । धुवे णिइए सासए अक्खए अव्वए अवट्ठिए णिच्चे । से जहा णामए पंच अत्थिकाया ण कयाइ ण आसि, ण कयाइ णत्थि, ण कयाइ ण भविस्संति । भुविं च, भवइ य, भविस्संति य, धुवा णितिया सासया अक्खया अव्वया अवट्ठिया णिच्चा । एवामेव दुवालसंगे गणिपिडगे ण कयाइ ण आसि, ण कयाइ णत्थि, ण कयाइ ण भविस्सइ । भुविं च, भवइ य, भविस्सइ य । धुवे *जाव* अवट्ठिए णिच्चे ।**

**एत्थ णं दुवालसंगे गणिपिडगे अणंता भावा, अणंता अभावा, अणंता हेऊ, अणंता अहेऊ, अणंता कारणा, अणंता अकारणा, अणंता जीवा, अणंता अजीवा, अणंता भवसिद्धिया, अणंता अभवसिद्धिया, अणंता सिद्धा, अणंता असिद्धा आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति दंसिज्जंति णिदंसिज्जंति**

उवदंसिज्जंति। से त्तं दुवालसंगे गणिपडिगे ।

**ભાવાર્થ** :– આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞાની વિરાધના કરીને અર્થાત્ (શ્રદ્ધા, પ્રરૂપણા અને અનુપાલનની અપેક્ષાએ) વિરાધના કરીને અનંત જીવોએ ભૂતકાળમાં ચતુર્ગતિરૂપ સંસારકાંતાર(ગહન વન)માં પરિભ્રમણ કર્યું છે, આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞાની વિરાધના કરીને વર્તમાનકાળમાં પરિમિત જીવો ચતુર્ગતિરૂપ સંસારકાંતારમાં પરિભ્રમણ કરી રહ્યા છે અને આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞાની વિરાધના કરીને ભવિષ્યકાળમાં અનંત જીવો ચતુર્ગતિરૂપ સંસારકાંતારમાં પરિભ્રમણ કરશે.

આ દ્વાદશાંગ ગણિપિટકનાં સૂત્ર, અર્થ અને ઉભયરૂપ આજ્ઞાની આરાધના કરીને અનંત જીવોએ ભૂતકાળમાં ચતુર્ગતિરૂપ સંસારકાંતારને પાર કર્યો છે, મુક્તિને પ્રાપ્ત કરી છે, વર્તમાનકાળમાં પણ પરિમિત જીવો આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞાની આરાધના કરીને ચાર ગતિરૂપ સંસાર કાંતારને પાર કરી રહ્યા છે અને ભવિષ્યકાળમાં પણ અનંત જીવો આ દ્વાદશાંગ ગણિપિટકની આજ્ઞાની આરાધના કરીને ચતુર્ગતિરૂપ સંસાર કાંતારને પાર કરશે.

આ દ્વાદશાંગ ગણિપિટક ભૂતકાળમાં ક્યારે ય ન હતું તેમ નથી, વર્તમાનકાળમાં ક્યારે ય નથી તેમ નથી અને ભવિષ્યકાળમાં ક્યારે ય નહીં રહે તેમ નથી, ભૂતકાળમાં પણ દ્વાદશાંગ ગણિપિટક હતું, વર્તમાનકાળમાં પણ છે અને ભવિષ્યકાળમાં પણ રહેશે, કેમ કે આ દ્વાદશાંગ ગણિપિટક મેરુ પર્વત સમાન ધ્રુવ છે, લોક સમાન નિયત છે, કાળ સમાન શાશ્વત છે, નિરંતર વાચના દેવા છતાં પણ તેનો ક્ષય થતો નથી તેથી તે અક્ષય છે, ગંગા સિંધુ નદીઓના પ્રવાહની સમાન અવ્યય છે, જંબૂદ્વીપાદિ સમાન અવસ્થિત છે અને આકાશ સમાન નિત્ય છે. જે રીતે પાંચ અસ્તિકાય દ્રવ્ય ભૂતકાળમાં ક્યારે ય ન હતા તેમ નથી, વર્તમાન કાળમાં ક્યારે ય નથી તેમ નથી અને ભવિષ્યકાળમાં ક્યારે ય નહીં રહે તેમ પણ નથી. પરંતુ આ પાંચે ય અસ્તિકાય દ્રવ્ય ભૂતકાળમાં હતાં, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં પણ રહેશે. તેથી તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે. એવી રીતે આ દ્વાદશાંગ ગણિપિટક પણ ભૂતકાળમાં ક્યારે ય ન હતું તેમ નથી, વર્તમાનમાં ક્યારે ય ન હોય તેમ નથી. ભવિષ્યકાળમાં ક્યારે ય નહીં રહે તેમ નથી, પરંતુ ભૂતકાળમાં પણ તે હતું, વર્તમાનકાળમાં પણ તે છે અને ભવિષ્યકાળમાં પણ તે હશે. તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે.

આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંતભાવ (જીવાદિ સ્વરૂપથી સત્પદાર્થ) અને અનંત અભાવ (પરરૂપથી અસત્ જીવાદિ પદાર્થ) અનંત હેતુ, તેના પ્રતિપક્ષી અનંત અહેતુ, તેવી રીતે અનંત કારણ, અનંત અકારણ, અનંત જીવ, અનંત અજીવ, અનંત ભવ્ય સિદ્ધિક, અનંત અભવ્ય સિદ્ધિક, અનંત સિદ્ધ તથા અનંત અસિદ્ધ વગેરેનું કથન સંક્ષેપથી કરવામાં આવે છે, વિસ્તારથી કરવામાં આવે છે, હેતુ અને દૃષ્ટાંતથી તેને બતાવવામાં આવે છે, સામાન્યરૂપથી અને વિશેષ રૂપથી નિર્દિષ્ટ કરવામાં આવે છે, ઉપનય અને નિગમન દ્વારા ઉપદર્શિત કરાય છે. આ પ્રકારે દ્વાદશાંગ ગણિપિટકનું વર્ણન પૂર્ણ થયું.

## વિવેચન :–

આ સૂત્રમાં વીતરાગ ઉપદિષ્ટ શાસ્ત્ર આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું ફળ બતાવ્યું છે. જે જીવોએ અર્થાત્ મનુષ્યોએ દ્વાદશાંગ ગણિપિટકની વિરાધના કરી હતી, કરે છે અને ભવિષ્યમાં કરશે તેઓ ચતુર્ગતિરૂપ સંસાર કાનનમાં અતીતકાળમાં ભટક્યાં, વર્તમાનમાં વિવિધ પ્રકારના સંકટોથી ગ્રસ્ત છે અને અનાગત કાળમાં ભવ–ભ્રમણ કરશે. માટે **"आणाए विराहित्ता"** સૂત્રમાં આ પદ આપ્યું છે.

**આજ્ઞાઃ**–શાસ્ત્રમાં સંસારી જીવોના હિતાર્થે જે કંઈ કથન કરાય છે તે જ આજ્ઞા કહેવાય છે, માટે દ્વાદશાંગ ગણિપિટક જ આજ્ઞા છે. આજ્ઞાના ત્રણ પ્રકાર છે, યથા– (૧) સૂત્ર આજ્ઞા (૨) અર્થ આજ્ઞા (૩) ઉભય આજ્ઞા.

(૧) જે અજ્ઞાન તથા અસત્ય હઠથી અન્યથા સૂત્ર ભણે અર્થાત્ સૂત્રનો ઉલટો અર્થ લોકોને સમજાવે તેને સૂત્ર આજ્ઞા વિરાધક કહેવાય, યથા જમાલિકુમાર.

(૨) દુરાગ્રહના કારણે જે વ્યક્તિ દ્વાદશાંગની અન્યથા પ્રરૂપણા કરે અર્થાત્ અભિનિવેશને વશ થઈને સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરે તેને અર્થ આજ્ઞા વિરાધક કહ્યા છે, યથા ગોષ્ઠામાહિલ આદિ.

(૩) જે શ્રદ્ધાવિહીન પ્રાણી દ્વાદશાંગના શબ્દો અને અર્થ બન્નેનો ઉપહાસ કરે અર્થાત્ સૂત્રની અવજ્ઞાપૂર્વક વિપરીત કાર્ય કરે તેને ઉભય આજ્ઞા વિરાધક કહેવાય છે. એવા જીવો ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.

આ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા અનંત સંસારી અથવા અભવ્યજીવ જ કરી શકે છે. જે ધર્માચાર્યની આજ્ઞાનું પાલન નથી કરતા તેઓ પણ દ્વાદશાંગીના વિરાધક કહેવાય છે.

જૈન સિદ્ધાંતમાં પ્રત્યેક વસ્તુમાં જે રીતે અનંત ધર્મ, સ્વરૂપની અપેક્ષાએ સત્તારૂપમાં જોવા મળે છે, તેવી રીતે પરરૂપની અપેક્ષાએ અનંત અભાવાત્મક ધર્મ પણ જોવા મળે છે, તેથી સૂત્રોમાં સ્વરૂપની અપેક્ષાએ ભાવાત્મક ધર્મોનું અને પરરૂપની અપેક્ષાએ અભાવાત્મક ધર્મોનું નિરૂપણ કર્યું છે. પદાર્થોના ધર્મ વિશેષોને સિદ્ધ કરનારી યુક્તિઓને હેતુ કહે છે. પદાર્થોના ઉપાદાન અને નિમિત્ત કારણોને કારણ કહે છે. જેમાં ચેતના છે, તે જીવ અને જેમાં ચેતના નથી, તે અજીવ છે. જેમાં મોક્ષે જવાની યોગ્યતા છે, તે ભવ્ય સિદ્ધિક અને મોક્ષે જવાની યોગ્યતા ન હોય, તે અભવ્યસિદ્ધિક છે. કર્મ મુક્ત જીવોને સિદ્ધ અને કર્મબદ્ધ સંસારી જીવોને અસિદ્ધ કહે છે. આ રીતે તે દ્વાદશાંગ ગણિપિટક સંસારમાં વિદ્યમાન દરેક તત્ત્વો, ભાવો અને પદાર્થોનું વર્ણન કરે છે.

## ઉપસંહાર :–

દ્વાદશાંગ શ્રુતજ્ઞાનનો વિષય ઘણો વિશાળ છે. શ્રુતજ્ઞાનના મહિમાનું વર્ણન કરતાં આચાર્યો **"भेद: साक्षादसाक्षाच्च श्रुत–केवलयोर्मत:"** કહીને શ્રુતજ્ઞાનનો મહિમા પ્રગટ કરે છે, અર્થાત્ શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનમાં પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ છે. જ્યાં કેવલજ્ઞાન ત્રૈલોકય, ત્રિકાલવર્તી, દ્રવ્યો, તેના ગુણો

અને પર્યાયોને સાક્ષાત્ હસ્તામલકવત્ પ્રત્યક્ષ જાણે છે, શ્રુતજ્ઞાન તે બધાંને પરોક્ષરૂપથી જાણે છે. તેથી સંસારનાં કોઈ પણ તત્ત્વ દ્વાદશાંગ શ્રુતથી બહાર નથી. દરેક તત્ત્વ આ દ્વાદશાંગ ગણિપિટકમાં સમાહિત છે. આચારાંગ આદિ અગિયાર અંગોમાં આચાર આદિ પ્રધાન રૂપથી એક એક વિષયનું વર્ણન છે, પરંતુ બારમા દષ્ટિવાદ અંગમાં તો સંસારનાં દરેક તત્ત્વોનું વર્ણન છે. તેના પૂર્વગત ભેદમાંથી જ્યાં પ્રારંભના ઉત્પાદ પૂર્વ આદિ અનેક પૂર્વમાં વસ્તુના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મક સ્વરૂપનું વર્ણન છે, વીર્ય પ્રવાદપૂર્વ દ્રવ્યની શક્તિઓનું, અસ્તિનાસ્તિ પ્રવાદપૂર્વ અનંત ધર્માત્મકતાનું જ્ઞાનપ્રવાદ અને આત્મપ્રવાદ પૂર્વમાં આત્મ સ્વરૂપનું, કર્મ પ્રવાદપૂર્વમાં કર્મોની દશાઓનું નિરૂપણ છે. પ્રત્યાખ્યાનપૂર્વમાં અનેક પ્રકારના પ્રાયશ્ચિતોનું, વિદ્યાનુવાદપૂર્વમાં મંત્ર–તંત્રોનું, પ્રાણાયુ પૂર્વમાં આયુર્વેદનાં અષ્ટાંગોનું, અંતરિક્ષ ભૌમ, અંગ, સ્વર, સ્વપ્ન, લક્ષણ, વ્યંજન અને છિન્ન આ આઠ મહા નિમિત્તોનું અને જ્યોતિષ શાસ્ત્રનું વર્ણન છે. આ પૂર્વ, ક્યારે ય નિષ્ફળ ન થાય તેવી કલ્યાણકારિણી અવન્ધ્ય ક્રિયાઓનું વર્ણન છે. ક્રિયાવિશાલ પૂર્વમાં ક્રિયાઓનું, સ્ત્રીઓની ચોસઠ અને પુરુષોની બોત્તેર કલાઓનું તથા કાવ્યરચના, છંદ, અલંકાર આદિનું વર્ણન છે. લોકબિન્દુસારપૂર્વમાં અવશિષ્ટ સર્વશ્રુત સંપદાનું વર્ણન છે. આ રીતે એવો કોઈ પણ જીવન ઉપયોગી અને આત્મ ઉપયોગી વિષય નથી કે જેનું વર્ણન ચૌદ પૂર્વમાં ન હોય. કથાનુયોગ, ગણિત આદિ વિષયોનું વર્ણન દષ્ટિવાદસૂત્રના શેષ ચાર ભેદોમાં છે. આ રીતે દ્વાદશાંગ શ્રુતનો વિષય બહુ વિશાળ છે.

## દ્વાદશાંગ ગણિપિટક સંપૂર્ણ

# • વિવિધ વિષય નિરૂપણ •

**પરિચય** :–

પ્રસ્તુતમાં જીવ અને અજીવરાશિનું ભેદ–પ્રભેદ સહિત વર્ણન છે. પ્રથમ અજીવ દ્રવ્યોનું કથન કરી પશ્ચાત્ ચાર ગતિ, ચોવીસ દંડકના જીવસ્થાન, સ્થિતિ, શરીર, અવગાહનના અવધિજ્ઞાન, વેદના, લેશ્યા આહાર, આયુષ્યબંધ, વિહારકાળ, આયુબંધના આકર્ષ, સંઘયણ, સંસ્થાન અને વેદ વગેરે વિવિધ વિષયોનું વર્ણન છે.

## જીવ–અજીવ રાશિ :–

**१ दुवे रासी पण्णत्ता, तं जहा– जीवरासी अजीवरासी य । अजीवरासी दुविहा पण्णत्ता, तं जहा– रूवी अजीवरासी अरूवी अजीवरासी य ।**

**ભાવાર્થ** :– રાશિઓ બે છે, યથા– જીવરાશિ અને અજીવરાશિ. અજીવ રાશિ બે પ્રકારની છે, યથા– રૂપી અજીવરાશિ અને અરૂપી અજીવ રાશિ.

**२ से किं तं अरूवी अजीवरासी ? अरूवी अजीवरासी दसविहा पण्णत्ता, तं जहा– धम्मथिकाए धम्मत्थिकायदेसा, धम्मत्थिकायपएसा, अधम्मत्थिकाए, अधम्मत्थिकायदेसा, अधम्मत्थिकायपएसा, आगासत्थिकाए, आगासत्थिकायदेसा, आगासत्थिकायपएसा अद्धासमए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – અરૂપી અજીવ રાશિ શું છે ? તેનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર** – અરૂપી અજીવ રાશિના દશ પ્રકાર છે, યથા – ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય દેશ, ધર્માસ્તિકાય પ્રદેશ, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાય પ્રદેશ, આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ અને અદ્ધાસમય.

**३ से किं तं रूवी अजीवरासी ? रूवी अजीवरासी अणेगविहा पण्णत्ता।** *एवं जहा* **पण्णवणाए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – રૂપી અજીવરાશિ શું છે ? તેનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર** – રૂપી અજીવરાશિના અનેક પ્રકાર છે, વગેરે વર્ણન પ્રજ્ઞાપના સૂત્રની સમાન જાણવું.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં રૂપી અજીવરાશિનું વર્ણન પ્રજ્ઞાપનાસૂત્રના અતિદેશથી કર્યું છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રાનુસાર રૂપી અજીવ પુદ્‌ગલ રાશિના ચાર પ્રકાર છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ. અનંત પરમાણુઓના સંપૂર્ણ પિંડને **સ્કંધ** કહે છે. સ્કંધના એક ભાગને **દેશ** કહે છે અને સ્કંધની સાથે જોડાયેલા અવિભાજ્ય અંશને **પ્રદેશ** કહે છે. પુદ્‌ગલોનો અવિભાજ્ય અંશ, જે સ્કંધથી અલગ પડી ગયો હોય છે, તેને **પરમાણુ** કહે છે. પુદ્‌ગલ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનના ભેદથી પાંચ પ્રકારના છે. ફરી સંસ્થાનના પણ પુદ્‌ગલ પરમાણુઓના સંયોગથી અનેક પ્રકાર થાય છે. આ પુદ્‌ગલ શબ્દ, સૂક્ષ્મ, સ્થૂલ, બંધ, ભેદ, તમ (અંધકાર), છાયા, ઉદ્યોત (ચંદ્ર પ્રકાશ)અને આતાપ (સૂર્યપ્રકાશ) આદિના ભેદથી પણ અનેક પ્રકારના છે.

**४ से किं तं जीव रासी ? जीवरासी दुविहा पण्णत्ता, तं जहा- संसार समावण्णगा य असंसारसमावण्णगा य । तत्थ असंसारसमावण्णगा दुविहा पण्णत्ता । एवं जहा पण्णवणाए** *जाव* **गेवेज्जए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – જીવરાશિ શું છે ? તેનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર** – જીવરાશિ બે પ્રકારની છે, યથા– સંસારસમાપન્નક (સંસારીજીવ) અને અસંસાર સમાપન્નક (મુક્તજીવ). અસંસારસમાપન્નક– મુક્ત જીવોના બે પ્રકાર છે. આ રીતે બન્ને રાશિઓના ભેદ પ્રભેદ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર ગ્રૈવેયક દેવ સુધી જાણવા જોઈએ.

**५ से किं तं अणुत्तरोववाइया ? अणुत्तरोववाइया पंचविहा पण्णत्ता, तं जहा- विजय-वेजयंत-जयंत-अपराजित-सव्वट्ठसिद्धिया । से त्तं अणुत्तरोववाइया । से त्तं पंचिदियसंसारसमावण्णजीवरासी ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – તે અનુત્તરોપપાતિક દેવ શું છે ? તેનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર** – અનુત્તરોપપાતિક દેવના પાંચ પ્રકાર છે, યથા– વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. આ અનુત્તરોપપાતિક સંસાર સમાપન્નક જીવરાશિ છે. આ સર્વ પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવરાશિ છે.

**નરકાવાસ :-**

**६ दुविहा णेरइया पण्णत्ता, तं जहा- पज्जत्ता य अपज्जत्ता य । एवं दंडओ भाणियव्वो** *जाव* **वेमाणिय त्ति ।**

**ભાવાર્થ** :– નારકીજીવના બે પ્રકાર છે, યથા– પર્યાપ્ત અને અપર્યાપ્ત. અહીં પણ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર વૈમાનિક દેવો સુધી અર્થાત્ નારકી, અસુરકુમાર, સ્થાવરકાય, બેઈન્દ્રિય આદિ તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યંતર , જ્યોતિષ્ક તથા વૈમાનિક સૂત્રદંડક(સૂત્રના આલાપક) કહેવા જોઈએ અર્થાત્ એ પ્રમાણે વર્ણન સમજી લેવું જોઈએ.

**૭ इमीसे णं रयणप्पभाए पुढवीए केवइयं खेत्तं ओगाहेत्ता केवइया णिरयावासा पण्णत्ता ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए असीउत्तर जोयणसयसहस्स–बाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा चेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे अट्ठसत्तरि जोयणसयसहस्से एत्थ णं रयणप्पभाए पुढवीए णेरइयाणं तीसं णिरयावाससयसहस्सा भवंतीतिमक्खाया । ते णं णिरयावासा अंतो वट्टा, बाहिं चउरंसा** *जाव* **असुभा णिरया, असुभाओ णिरएसु वेयणाओ । एवं सत्त वि पुढवीओ भाणियव्वाओ जं जासु जुज्जइ ।**

**दोच्चाए णं पुढवीए, तच्चाए णं पुढवीए, चउत्थीए पुढवीए, पंचमीए पुढवीए छट्ठीए पुढवीए गाहाहिं भाणियव्वा ।**

**संगहणीगाहा–**

**असीयं बत्तीसं, अट्ठावीसं तहेव वीसं च ।**
**अट्ठारस सोलसगं, अट्ठुत्तरमेव बाहल्लं ।।१।।**

**तीसा य पण्णवीसा, पण्णरस दसेव सयसहस्साइं ।**
**तिण्णेगं पंचूणं, पंचेव अणुत्तरा णरगा ।।२।।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – (ભગવન્) આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલું ક્ષેત્ર અવગાહન કર્યા પછી, કેટલા નરકાવાસ છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! એક લાખ એંશી હજાર(૧,૮૦,૦૦૦) યોજન જાડી આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉપરથી એક હજાર યોજન ક્ષેત્ર અવગાહન કરીને અર્થાત્ છોડીને તથા સર્વથી નીચે એક હજાર યોજન ક્ષેત્ર છોડીને મધ્યવર્તી એક લાખ અઠ્યોતેર હજાર(૧,૭૮,૦૦૦) યોજનવાળી રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ નરકાવાસ છે. તે નરકાવાસ અંદરથી ગોળ અને બહારથી ચોરસ છે ***યાવત્*** તે નરક અશુભ છે અને ત્યાં નારકીઓને અશુભ વેદનાઓ છે. આ રીતે સાતે ય નરકોનું વર્ણન જેમાં જેમ ઉપયુક્ત છે, તેમ કહેવું જોઈએ.

આવી રીતે ઉપરની ગાથાઓ અનુસાર બીજી પૃથ્વીમાં, ત્રીજી પૃથ્વીમાં, ચોથી પૃથ્વીમાં, પાંચમી

પૃથ્વીમાં અને છઠ્ઠી પૃથ્વીમાં નરકાવાસોની સંખ્યા કહેવી જોઈએ.

**ગાથાર્થઃ**– રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ એંસીહજાર(૧,૮૦,૦૦૦) યોજન છે. શર્કરાપ્રભા પૃથ્વીની જાડાઈ (બાહલ્ય) એક લાખ બત્રીસ હજાર(૧,૩૨,૦૦૦) યોજન છે. વાલુકાપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ અઠ્યાવીસ હજાર(૧,૨૮,૦૦૦) યોજન છે. પંકપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ વીસ હજાર (૧,૨૦,૦૦૦) યોજન છે. ધૂમપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ અઢાર હજાર (૧,૧૮,૦૦૦) યોજન છે, તમઃપ્રભા પૃથ્વીની જાડાઈ એક લાખ સોળ (૧,૧૬,૦૦૦) હજાર યોજન છે અને તમઃ તમપ્રભા(મહાતમઃપ્રભા) પૃથ્વીની જાડાઈ એકલાખ આઠ (૧,૦૮,૦૦૦) હજાર યોજન છે. ॥૧॥

રત્નપ્રભા પૃથ્વીમાં ત્રીસ લાખ(૩૦,૦૦,૦૦૦) નરકાવાસ છે. શર્કરાપ્રભા પૃથ્વીમાં પચ્ચીસ લાખ (૨૫,૦૦,૦૦૦) નરકાવાસ છે. વાલુકાપ્રભા પૃથ્વીમાં પંદરલાખ(૧૫,૦૦,૦૦૦) નરકાવાસ છે. પંકપ્રભા પૃથ્વીમાં દશ લાખ(૧૦,૦૦,૦૦૦) નરકાવાસ છે. ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ(૩,૦૦,૦૦૦) નરકાવાસ છે. તમઃપ્રભા પૃથ્વીમાં પાંચ ઓછા એક લાખ(૯૯૯૯૫) નરકાવાસ છે. અને મહાતમઃપ્રભા પૃથ્વીમાં (માત્ર) પાંચ અનુત્તર નરકાવાસ છે. ॥૨॥

**૮ सत्तमाए पुढवीए पुच्छा । गोयमा ! सत्तमाए पुढवीए अट्ठुत्तर-जोयणसयसहस्साइं बाहल्लाए उवरिं अद्धतेवण्णं जोयणसहस्साइं ओगाहेत्ता हेट्ठा वि अद्धतेवण्णं जोयणसहस्साइं वज्जित्ता मज्झे तिसु जोयणसहस्सेसु एत्थ णं सत्तमाए पुढवीए णेरइयाणं पंच अणुत्तरा महइमहालया महाणिरया पण्णत्ता, तं जहा- काले महाकाले रोरुए महारोरुए अपइट्ठाणे णामं पंचमे । ते णं णिरया वट्टे य तंसा य अहे खुरप्पसंठाणसंठिया** *जाव* **असुभा णरगा, असुभाओ णरएसु वेयणाओ ।**

**ભાવાર્થ** :– સાતમીનરક પૃથ્વીની પૃચ્છા ! (હે ભગવન ! સાતમી પૃથ્વીમાં કેટલું ક્ષેત્ર અવગાહન કરીને કેટલા નરકાવાસ છે ?)

ગૌતમ ! એક લાખ આઠ હજાર યોજન બાહુલ્યવાળી (જાડાઈવાળી)સાતમી પૃથ્વીમાં ઉપરથી સાડા બાવન હજાર યોજન અને નીચે સાડા બાવન હજાર યોજન છોડીને મધ્યવર્તી ત્રણ હજાર યોજનમાં સાતમી પૃથ્વીના નારકીઓના પાંચ અનુત્તર ઘણાં જ વિશાળ મહાનરકાવાસ છે, યથા– કાલ, મહાકાલ,રોરુક મહારોરુક અને અપ્રતિષ્ઠાન નામનો પાંચમો નરકાવાસ છે. તે નરક વૃત(ગોળ)અને ત્રિકોણ છે અર્થાત્ મધ્યવર્તી અપ્રતિષ્ઠાન નરકાવાસ ગોળ આકારવાળો છે અને શેષ ચારે ય ત્રિકોણ આકારવાળા છે. નીચે તળ ભાગમાં તે નરકાવાસ ક્ષુરપ્ર(ખુરપી)ના આકારવાળા છે ***યાવત્*** તે નરક અશુભ છે અને આ નરકોમાં અશુભ વેદનાઓ છે.

## વિવેચન :-

પ્રસ્તુતમાં સાતે નરક પૃથ્વીપિંડની જાડાઈ નું કથન છે. પ્રથમ પૃથ્વી એક લાખ એંસી હજાર યોજન જાડી છે. ઉપર–નીચેના હજાર યોજનને છોડીને મધ્યમાં એક લાખ અઠયોતેર હજાર યોજન ભૂમિમાં ૩૦ લાખ નરક વાસ છે. બીજીનરક પૃથ્વી એક લાખ બત્રીસ હજાર યોજન જાડી છે. તેનો એક હજાર યોજન ઉપર અને એકહજાર યોજન નીચેનો ભાગ છોડીને મધ્યવર્તી એક લાખ ત્રીસ હજાર યોજન ભૂભાગમાં પચ્ચીસ લાખ નરકાવાસ છે.ત્રીજીનરક પૃથ્વી એક લાખ અઠયાવીસ હજાર યોજન જાડી છે. તેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચેનો ભાગ છોડીને મધ્યવર્તી એક લાખ છવ્વીસ હજાર યોજન ભૂભાગમાં પંદર લાખ નરકાવાસ છે. ચોથીનરક પૃથ્વી એક લાખ વીસ હજાર યોજન જાડી છે. તેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચેનો ભાગ છોડીને શેષ એક લાખ અઢાર હજાર યોજન ભૂભાગમાં દશ લાખ નરકાવાસ છે. પાંચમીનરક પૃથ્વી એક લાખ અઢાર હજાર યોજન જાડી છે. તેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચેના ભાગને છોડીને શેષ મધ્યવર્તી એક લાખ સોળ હજાર યોજન ભૂભાગમાં ત્રણ લાખ નરકાવાસ છે. છટ્ઠીનરક પૃથ્વી એક લાખ સોળ હજાર યોજન જાડી છે, તેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચેના ભાગને છોડીને શેષ મધ્યવર્તી એક લાખ ચૌદ હજાર યોજન ભૂભાગમાં પાંચ ઓછા એક લાખ (૯૯૯૯૫) નરકાવાસ છે. સાતમીનરક પૃથ્વી એક લાખ આઠ હજાર યોજન જાડી છે. તેના ૫૨૫૦૦–૫૨૫૦૦ હજાર યોજન ઉપર અને નીચેના ભાગને છોડીને મધ્યના ત્રણ હજાર યોજન ક્ષેત્રમાં પાંચ નરકાવાસ છે. તેમાં અપ્રતિષ્ઠાન નામનું નરકાવાસ ચારે ય નરકાવાસોની મધ્યમાં છે અને શેષ કાલ, મહાકાલ, રોરુક અને મહારોરુક નરકાવાસ તેની ચારે ય દિશાઓમાં અવસ્થિત છે.

દરેક પૃથ્વીઓમાં નરકાવાસ ત્રણ પ્રકારના છે, ઈન્દ્રક, શ્રેણીબદ્ધ (આવલિકા પ્રવિષ્ઠ) અને પુષ્પ પ્રકીર્ણક (આવલિકા બાહ્ય). ઈન્દ્રક નરકાવાસ વચ્ચે હોય છે અને શ્રેણીબદ્ધ નરકાવાસ તેની આઠે ય દિશાઓમાં અવસ્થિત છે.પુષ્પ પ્રકીર્ણક અથવા આવલિકા બાહ્ય નરકાવાસ શ્રેણીબદ્ધ નરકાવાસોની વચ્ચે વચ્ચે છૂટા છવાયેલા વિખરાયેલા હોય છે. ઈન્દ્રક નરકાવાસ ગોળ હોય છે અને શેષ નરકાવાસ ત્રિકોણ, ચતુષ્કોણ આદિ વિવિધ આકારવાળા છે તથા દરેક નરકાવાસની ભૂમિ ક્ષુરપ્ર(ખુરપી)ના આકારવાળી –સ્પર્શ વાળી છે.

**(दोच्चाए पुढवीऐ.....)** કોષ્ટક અંતર્ગત પાઠ પુનરાવૃત્તિ રૂપ પ્રતીત થાય છે, કારણ કે સૂત્ર.૭ **एवं सत्तवि.....** આ રીતે સાતે નરક પૃથ્વીની જાડાઈ, નરકાવાસ વગેરેનું કથન જાણવું. તે પાઠથી વિષય સ્પષ્ટ થઈ જાય છે.

સાતમી નરકપૃથ્વીનું કથન છ નરકપૃથ્વીથી કંઈક વિશેષ છે. તેમાં ઉપર–નીચે એક એક હજાર યોજન ન છોડતાં સાડા બાવન હજાર યોજન – સાડા બાવન હજાર યોજન છોડીને વચ્ચેના ત્રણ હજાર યોજનના પોલાણમાં જ પાંચ નરકાવાસ છે. આ પ્રકારની વિશેષતા હોવાથી સૂત્રકારે સાતમી નરક વિષયક પૃથક્ સૂત્રનું કથન કર્યું છે.

સંગ્રહણીગાથા– ઘણી પ્રતોમાં નરકાવાસ, ભવન અને વિમાનોની સંખ્યા સૂચક સાત સંગ્રહણી ગાથાઓ એક સાથે છે. પરંતુ પ્રસ્તુત સંસ્કરણમાં શ્રી ભગવતી સૂત્ર શતક–૧/૫/૧,૨,૪ અનુસાર તેનું વિષયાનુસાર વિભાજન કર્યું છે.

**અસુરકુમારાવાસ :–**

**૮ केवइया णं भंते ! असुरकुमारावासा पण्णत्ता ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए असीउत्तर जोयणसहस्स–बाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा चेगं जोयणसहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरि जोयणसहस्से एत्थ णं रयणप्पभाए पुढवीए चउसट्ठिं असुरकुमारावास सयसहस्सा पण्णत्ता । ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा, अहे पोक्खरकण्णिआ संठाणसठिया उक्किण्णंतर विउल–गंभीर– खाय–फलिहा अट्टालय चरिय – दार गोउर – कवाड – तोरण – पडिदुवार – देसभागा जंत – मुसल मुसंढि – सयग्घि परिवारिया अउज्झा अडयालकोट्ठरइया अडयाल– कयवणमाला लाउल्लोइयमहिया गोसीस – सरस – रत्तचंदण दद्दर – दिण्णं पंचंगुलितला कालागुरुप्पवरकुंदुरुक्क – तुरक्क उज्झंत धूव मघमेंत गंधुद्धुयाभिरामा सुगंधिया गंधवट्टिभूया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला वितिमिरा विसुद्धा सप्पभा समरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा । एवं जं जस्स कमती तं तस्स, जं जं गाहाहिं भणियं तह चेव वण्णओ ।**

**चउसट्ठी असुराणं, चउरासीइं च होइ णागाणं ।**
**वावत्तरि सुवण्णाणं, वाउकुमाराण छण्णउई ।।१।।**

**दीव–दिसा–उदहीणं, विज्जुकुमारिंद–थणियमग्गीणं ।**
**छण्हं पि जुयलयाणं, छावत्तरिमो य सयसहस्सा ।।२।।**

**ભાવાર્થ :– પ્રશ્ન** – હે ભગવન ! અસુરકુમારોના આવાસ (ભવન) કેટલા કહેલા છે ?

**ઉત્તર** – ગૌતમ ! આ એક લાખ એંસી હજાર યોજન બાહલ્યવાળી(જાડાઈવાળી), રત્નપ્રભા પૃથ્વીમાં ઉપરથી એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન છોડીને મધ્યવર્તી એક લાખ અઠયોતેર હજાર યોજનમાં રત્નપ્રભા પૃથ્વીની અંદર અસુરકુમાર દેવોના ચોસઠ લાખ(૬૪,૦૦,૦૦૦) ભવનાવાસ છે. તે ભવન બહારથી ગોળ છે, અંદરથી ચોરસ છે અને નીચે કમળની કર્ણિકાના આકારવાળાં છે. તેની ચારે તરફ ખાઈ તથા પરિખા (ઉપરથી પહોળી અને નીચે સાંકડી પરીખા)છે. ખૂબ ઊંડી છે. ખાઈ અને પરિખાની મધ્યમાં પાળ બાંધેલી છે તથા તે ભવનના દેશભાગમાં અટ્ટાલિકા, ચરિકા, દ્વાર, ગોપુર, કપાટ,

તોરણ, પ્રતિદ્વાર છે. તે યંત્ર, મૂસલ, મુસુંઢી, શતઘ્ની વગેરે શસ્ત્રોથી સંયુક્ત છે. શત્રુઓની સેનાથી અજેય છે. અડતાલીસ કોઠાથી રચિત, અડતાલીસ વનમાળાઓથી શોભિત છે. તેનો ભૂમિભાગ અને દીવાલો ઉત્તમ લેપોથી લીંપેલી અને ચીકણી છે, ગોશીર્ષ ચંદન અને લાલ ચંદનના સુગંધી લેપથી તે ભવનોની દીવાલો પર પાંચે ય આંગળીઓ યુક્ત હસ્તતલ (હાથ) અંકિત છે. આ પ્રકારનાં ભવનોની સીડીઓ પર પણ ગોશીર્ષ ચંદન અને લાલ ચંદનના રસથી પાંચે ય આંગળીઓના હસ્તતલ અંકિત છે. તે ભવન કાલાગુરુ, પ્રધાન કુંદરુ અને તુરુષ્ક (લોબાન) યુક્ત ધૂપ મઘમઘાયમાન, સુગંધિત અને સુંદરતાથી અભિરામ (મનોહર) છે. ત્યાં સુગંધિત અગરબત્તીઓ બળી રહી છે. તે ભવન આકાશની સમાન સ્વચ્છ, સ્ફટિકની સમાન કાંતિયુક્ત, અત્યંત ચીકણાં, ઘસેલાં, પાલીસ કરેલાં, નીરજ (ધૂળથી રહિત), નિર્મળ, અંધકાર રહિત, વિશુદ્ધ (નિષ્કલંક), પ્રભાયુક્ત, મરીચી (કિરણો)થી યુક્ત, ઉદ્યોત (શીતલ–પ્રકાશ)થી યુક્ત, મનને પ્રસન્ન કરનાર છે, દર્શનીય (જોવા યોગ્ય)છે, અભિરૂપ (કાન્ત, સુંદર) છે અને પ્રતિરૂપ (રમણીય) છે.

જે રીતે અસુરકુમારોનાં ભવનોનું વર્ણન છે, તેવી રીતે નાગકુમાર આદિ શેષ ભવનવાસી દેવોનાં ભવનોનું પણ વર્ણન જ્યાં જેમ યોગ્ય લાગે અને ઉપયુક્ત હોય, તેમ કરવું જોઈએ તથા ઉપર કહેલી ગાથાઓથી જેનાં જેટલાં ભવનો કહ્યા છે, તેનું તેવું વર્ણન કરી લેવું જોઈએ.

**ગાથાર્થ–** અસુરકુમારોનાં ચોસઠ લાખ(૬૪,૦૦,૦૦૦) ભવન છે. નાગકુમારોનાં ચોરાસી લાખ(૮૪,૦૦,૦૦૦) ભવન છે. સુવર્ણકુમારોનાં બોતેર લાખ(૭૨,૦૦,૦૦૦) ભવન છે અને વાયુકુમારનાં છન્નું લાખ(૯૬,૦૦,૦૦૦) ભવન છે ॥૧॥

દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર, અગ્નિકુમાર, આ છ એ યુગલોનાં છોંતેર લાખ(૭૬,૦૦,૦૦૦) ભવન છે. ॥૨॥ *[પ્રતોમાં છોંતેરની જગ્યાએ બોંતેર એવો પાઠ મળે છે તે અશુદ્ધ છે.]*

## વિવેચન :–

પ્રથમ રત્નપ્રભા પૃથ્વીની ૧,૭૮,૦૦૦ યોજનની પોલાણમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. પાથડામાં નારકીઓના નિવાસસ્થાનરૂપ નરકાવાસ છે અને બાર આંતરામાંથી ઉપર અને નીચેનું એક આંતરું છોડીને વચ્ચેના દશ આંતરામાં દશ ભવનપતિ દેવોના નિવાસ્થાન રૂપે સાત ક્રોડ બોત્તેર લાખ(૭,૭૨,૦૦,૦૦૦)ભવનો છે, તેનું વિસ્તૃત વર્ણન જીવાજીવાભિગમ સૂત્રથી જાણવું.

**૬ केवइया णं भंते ! पुढविकाइयावासा पण्णत्ता ? गोयमा ! असंखेज्जा पुढवि काइयावासा पण्णत्ता । एवं *जाव* मणुस्स त्ति ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન ! પૃથ્વીકાયિક જીવોના આવાસ કેટલા છે ?

ઉત્તર – હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવોના અસંખ્યાત આવાસ કહેલા છે. એવી રીતે અપ્કાયિક જીવોથી લઈને ***યાવત્*** મનુષ્યો સુધીનું વર્ણન જાણવું જોઈએ.

**વાણવ્યંતરાવાસ :-**

**१० केवइया णं भंते वाणमंतरावासा पण्णत्ता ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स–जोयणसहस्स–बालसहस्स उवरिं एगं जोयणसयं ओगाहेत्ता हेट्ठा चेगं जोयणसयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसए सु एत्थ णं वाणमंतराणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जा णगरावास सयसहस्सा पण्णत्ता । ते णं भोमेज्जा णगरा बाहिं वट्टा अंतो चउरंसा । एवं जहा भवणवासीणं तहेव णेयव्वा । णवरं पडागमालाउला सुरम्मा पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન ! વાણવ્યંતરોના આવાસ કેટલા છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડા રત્નમય કાંડમાં એક સો યોજન ઉપર અને એક સો યોજન નીચેના ભાગને છોડીને વચ્ચેના આઠ સો યોજનમાં વાણવ્યંતર દેવોના તિરછા ફેલાયેલા અસંખ્યાત લાખ ભૌમેયક નગરાવાસ કહેલા છે. તે ભૌમેયક નગર બહારથી ગોળ અને અંદરથી ચોરસ છે. ભવનવાસી દેવોનાં ભવનોની જેમ વાણવ્યંતર દેવોનાં નગરોનું વર્ણન સમજી લેવું જોઈએ. માત્ર એટલી જ વિશેષતા છે કે તે નગર પતાકા માળાઓથી વ્યાપ્ત છે, સુરમ્ય છે, મનને પ્રસન્ન કરનાર છે, દર્શનીય છે, અભિરૂપ છે અને પ્રતિરૂપ છે.

**જ્યોતિષીદેવોના આવાસ :-**

**११ केवइया णं भंते ! जोइसियाणं विमाणावासा णण्णत्ता ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ सत्तणउयाइं जोयणसयाइं उड्ढं उप्पइत्ता एत्थ णं दसुत्तरजोयणसयबाहल्ले तिरियं जोइसविसए जोइसियाणं देवाणं असंखेज्जा जोइसियविमाणावासा पण्णत्ता । ते णं जोइसिय विमाणावासा अब्भुग्गयमूसियपहसिया विविहमणिरयणभत्तिचित्ता वाउद्धुय विजय–वेजयंती पडाग छत्ताइछत्तकलिया तुंगा गगणतलमणुलिहंतसिहरा जालंतर–रयणपंज रुम्मिलियव्व मणिकणगथूभियागा वियसिय – सयपत्त – पुंडरीय – तिलय – रयणद्धचंदचिता अंतो वाहिं च सण्हा । तवणिज्ज–वालुआ पत्थडा सुहफासा सस्सिरीयरूवा पासाईया दरिसणिज्जा ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન ! જ્યોતિષ્ક દેવોના વિમાનવાસ કેટલા છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી સાતસો નેવું યોજન

ઉપર જઈને એક સો  દશ યોજન બાહલ્ય (જાડાઈ)વાળા તિરછા જ્યોતિષ્ક વિષયક આકાશ ભાગમાં જ્યોતિષ્ક દેવોના અસંખ્યાત જ્યોતિષ્ક વિમાનાવાસ છે. તે જ્યોતિષ્ક વિમાન પોતાનામાંથી નીકળતી અને સર્વ દિશાઓમાં ફેલાતી પ્રભાથી ઉજ્જવળ છે, અનેક પ્રકારના મણિ અને રત્નોથી ચિત્રિત છે, વાયુથી ઉડતી વિજય, વૈજયંતી પતાકાઓથી અને છત્રાતિછત્રોથી યુક્ત છે, ગગનતલને અર્થાત્ આકાશના ઉપરી કિનારાને સ્પર્શ કરનાર ઊંચા શિખરવાળા છે, તેની જાળીઓની અંદર રત્નો જડિત છે. જેમ પંજર (પ્રચ્છાદન)થી તત્કાલ કાઢેલી વસ્તુ ચળકતી હોય છે, તેવી જ રીતે રત્નો ચમકે છે. તે વિમાનો મણિ અને સુવર્ણની સ્તૂપિકાઓથી યુક્ત છે, વિકસેલાં શતપત્ર અર્થાત્ સો પાંદડાઓવાળા પુંડરીકો–સફેદ કમળોથી, તિલકોથી અને રત્નોના અર્ધચંદ્રાકાર ચિત્રોથી વ્યાપ્ત છે, અંદર અને બહાર અત્યંત ચીકણા છે, તપાવેલા સુવર્ણની સમાન પાથરેલી રેતીથી યુક્ત સુખદ સ્પર્શવાળા છે, શોભાયુક્ત છે, મનને પ્રસન્ન કરનાર છે અને દર્શનીય છે.

### વૈમાનિકદેવોના આવાસ :–

**१२ केवइया णं भंते ! वेमाणियावासा पण्णत्ता ? गोयमा ! इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम- सूरिय- गहगण-णक्खत्त तारारूवाणं वीइवइत्ता बहूणि जोयणाणि बहूणि जोयणसयाणि बहूणि जोयणसहस्साणि बहूणि जोयणसयसहस्साणि बहूओ जोयणकोडीओ बहूओ जोयणकोडाकोडीओ असंखेज्जाओ जोयण कोडाकोडीओ उड्ढं दूरं वीइवइत्ता एत्थ णं वेमाणियाणं देवाणं सोहम्मीसाण-सणंकुमार-माहिंद- बंभ-लंतग-सुक्क-सहस्सार-आणय-पाणय-आरण अच्चुएसु गेवेज्जमणुत्तरेसु य चउरासीइं विमाणावास सयसहस्सा सत्ताणउइं च सहस्सा तेवीसं च विमाणा भवंतीमक्खाया ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવાન ! વૈમાનિક દેવોના કેટલા આવાસ કહેલા છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ,નક્ષત્ર અને તારાઓનું ઉલ્લંઘન કરીને (ઉપર)અનેક યોજન, અનેક સો યોજન, અનેક હજાર, અનેક સો હજાર (લાખ) યોજન, અનેક કોટી યોજન, અનેક કોટાકોટી યોજન અને અસંખ્યાત કોટાકોટી યોજન ઉપર દૂર સુધી આકાશનું ઉલ્લંઘન કરીને સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, શુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પોમાં, ગ્રૈવેયકોમાં અને અનુત્તર વિમાનોમાં વૈમાનિક દેવોનાં ચોર્યાસી લાખ સત્તાણું હજાર અને ત્રેવીસ(૮૪,૯૭,૦૨૩) વિમાન છે, એ પ્રમાણે કહ્યું છે.

**१३ ते णं विमाणा अच्चिमालिप्पभा भासरासिवण्णाभा अरया णिरया णिम्मला वितिमिरा विसुद्धा सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा**

**णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा समरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ભાવાર્થ** :– તે વિમાન સૂર્યની પ્રભાના સમાન પ્રભાવાળાં છે, પ્રકાશોના પુંજના સમાન દૈદીપ્યમાન છે, અરજ (સ્વાભાવિક રજ રહિત) નીરજ(આગન્તુક રજ વિહીન)છે, નિર્મળ છે, અંધકાર રહિત છે, વિશુદ્ધ છે, સર્વરત્નમય, સ્વચ્છ, અત્યંત ચીકણાં, ઘસેલાં, વિશેષ ઘસેલાં (ઘૂંટેલા), પાલીસ કરેલાં, પ્રમાર્જિત(નિષ્કલંક), નિરાવરણ દીપ્તિવાળા , પ્રભાયુક્ત, મરીચી (ચમકારા) યુક્ત, ઉદ્યોત સહિત, મનને પ્રસન્ન કરનાર, દર્શનીય, અભિરૂપ અને, પ્રતિરૂપ છે.

### વૈમાનિક દેવોના આવાસ :-

**१४ सोहम्मे णं भंते ! कप्पे केवइया विमाणावासा पण्णत्ता ?**
**गोयमा ! बत्तीसं विमाणावास सयसहस्सा पण्णत्ता । एवं ईसाणाइसु – अट्ठावीस बारस अट्ठ, चत्तारि एयाइं सयसहस्साइं, पण्णासं चत्तालीसं, छ एयाइं सहस्साइं, आणए पाणए चत्तारि, आरणच्चुए तिण्णि, एयाणि सयाणि एवं, गाहाहिं भाणियव्वं।**

**बत्तीसट्ठावीसा बारस, अड चउरो य सयसहस्सा ।**
**पण्णा चत्तालीसा, छच्च सया सहस्सारे ।।१।।**
**आणय-पाणयकप्पे चत्तारि, सयाऽऽरणच्चुए तिण्णि ।**
**सत्त विमाणसयाइं चउसु वि एएसु कप्पेसु ।।२।।**
**एक्कारसुत्तरं हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए ।**
**सयमेगं उवरिमए पंचेव अणुत्तर विमाणा ।।३।।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન ! સૌધર્મ કલ્પમાં કેટલા વિમાનાવાસ છે ?

**ઉત્તર** – ગૌતમ ! સૌધર્મ કલ્પમાં બત્રીસ લાખ(૩૨,૦૦,૦૦૦) વિમાનાવાસ છે. એવી રીતે ઈશાન આદિ બાકીના કલ્પોમાં સહસ્રાર સુધી ક્રમશઃ પૂર્વોક્ત ગાથાઓ અનુસાર બીજા ઈશાન કલ્પમાં અઠ્યાવીસ લાખ(૨૮,૦૦,૦૦૦), ત્રીજા સનત્કુમાર કલ્પમાં બાર લાખ(૧૨,૦૦,૦૦૦), ચોથા માહેન્દ્ર કલ્પમાં આઠ લાખ(૮,૦૦,૦૦૦), પાંચમાં બ્રહ્મલોક કલ્પમાં ચાર લાખ(૪,૦૦,૦૦૦), છટ્ઠા લાંતક કલ્પમાં પચાસ હજાર(૫૦,૦૦૦), સાતમા મહાશુક્ર કલ્પમાં ચાલીસ હજાર(૪૦,૦૦૦), આઠમાં સહસ્રાર કલ્પમાં છ હજાર(૬,૦૦૦) તથા આણત, પ્રાણત કલ્પમાં ચારસો અને આરણ, અચ્યુત કલ્પમાં ત્રણસો વિમાન કહેવાં જોઈએ. નીચેના ત્રણ ગ્રૈવેયકમાં એક સો અગિયાર (૧૧૧)વિમાન, મધ્યના ત્રણ

ગ્રૈવેયકમાં એક સો સાત (૧૦૭) વિમાન, ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં એક સો(૧૦૦) વિમાન અને પાંચ અનુત્તર દેવોનાં પાંચ વિમાન છે. જે ગાથા અનુસરવુ જાણવું જોઈએ.

**ગાથાર્થ**– સૌધર્મ કલ્પમાં બત્રીસ લાખ(૩૨,૦૦,૦૦૦) વિમાન છે. ઈશાન કલ્પમાં અઠ્યાવીસ લાખ(૨૮,૦૦,૦૦૦) વિમાન છે. સનત્કુમાર કલ્પમાં બાર લાખ(૧૨,૦૦,૦૦૦) વિમાન છે. માહેન્દ્ર કલ્પમાં આઠ લાખ(૮,૦૦,૦૦૦) વિમાન છે. બ્રહ્મ કલ્પમાં ચાર લાખ(૪,૦૦,૦૦૦) વિમાન છે. લાન્તક કલ્પમાં પચાસ હજાર(૫૦,૦૦૦) વિમાન છે. મહાશુક્ર કલ્પમાં ચાલીસ હજાર(૪૦,૦૦૦) વિમાન છે અને સહસ્રાર કલ્પમાં છ હજાર(૬,૦૦૦) વિમાન છે. ॥૧॥

આણત, પ્રાણત કલ્પમાં ચારસો(૪૦૦) વિમાન છે. આરણ અને અચ્યુત કલ્પમાં ત્રણસો (૩૦૦)વિમાન છે. આ રીતે આ ચારે ય કલ્પોમાં વિમાનની સંખ્યા સાતસોની જાણવી જોઈએ. ॥૨॥

અધસ્તન–નીચેની ત્રણે ય ગ્રૈવેયકોના એક સો અગિયાર(૧૧૧) વિમાન છે. મધ્યમ ત્રણે ય ગ્રવૈયકોના એક સો સાત(૧૦૭) વિમાન છે. ઉપરના ત્રણે ય ગ્રૈવયકોમાં એક સો(૧૦૦) વિમાન છે અને અનુત્તર વિમાનમાં પાંચ જ વિમાન છે. ॥૩॥

## સ્થિતિ :–

**૧૫ णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दसवास सहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । अपज्जत्तगाणं णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं । पज्जत्तगाणं जहण्णेणं दसवास सहस्साइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं । इमीसे णं रयणप्पभाए पुढवीए** *एवं जाव* **विजय वेजयंत–जयंत अपराजियाणं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एगतीसं सागरोवमाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं । सव्वट्ठे अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન ! નારકીઓની સ્થિતિ કેટલી કાળની છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! નારકોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

**પ્રશ્ન** – હે ભગવન ! અપર્યાપ્તક નારકોની સ્થિતિ કેટલા કાળની છે ?

**ઉત્તર** – અપર્યાપ્તક નારકીઓની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ પણ

અંતર્મુહૂર્તની છે.

પર્યાપ્તક નારકીઓની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે. એવી રીતે આ રત્નપ્રભા પૃથ્વીથી લઈને મહાતમઃપ્રભા પૃથ્વી સુધી અપર્યાપ્તક નારકીઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની અને પર્યાપ્તની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ, સામાન્ય સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત–અંતર્મુહૂર્ત ઓછીજાણી લેવી જોઈએ. ***યાવત્*** [ એવી રીતે ભવનપતિઓ, વાણવ્યંતરો, જ્યોતિષીઓ, કલ્પવાસીઓ અને ગ્રૈવેયકવાસી દેવોની પર્યાપ્તક–અપર્યાપ્તકની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર જાણવી જોઈએ.]

**પ્રશ્નઃ –** હે ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનવાસી દેવોની સ્થિતિ કેટલી છે?

**ઉત્તર –** હે ! ગૌતમ ! જઘન્ય સ્થિતિ એકત્રીસ સાગરોપમની અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનમાં અજઘન્ય–અનુત્કૃષ્ટ અર્થાત્ જઘન્ય અને ઉત્કૃષ્ટના ભેદથી રહિત દરેક દેવોની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

**વિવેચન :–**

પાંચે ય અનુત્તર વિમાનોમાં પણ ત્યાંની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ઓછી પર્યાપ્તક દેવોની સ્થિતિ જાણવી જોઈએ તથા બધા દેવોની અપર્યાપ્ત ની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત જાણવી જોઈએ.

**પાંચ શરીર :–**

**१६ कइ णं भंते ! सरीरा पण्णत्ता ? गोयमा ! पंच सरीरा पण्णत्ता, तं जहा– ओरालिए वेउव्विए आहारए तेयए कम्मए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ! ભગવન્ ! શરીર કેટલાં છે ?

**ઉત્તર –** ગૌતમ ! શરીર પાંચ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ શરીર.

**१७ ओरालियसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– एगिंदिय ओरालियसरीरे** *जाव* **गब्भवक्कंतिय मणुस्स पंचिंदिय ओरालिय सरीरे य ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન્ ! ઔદારિક શરીરના કેટલા પ્રકાર છે ?

ઉત્તર – હે ગૌતમ ! ઔદારિક શરીરના પાંચ પ્રકાર છે, જેમ કે– એકેન્દ્રિય ઔદારિક શરીર ***યાવત્*** ગર્ભજ મનુષ્ય પંચેન્દ્રિય ઔદારિક શરીર.( આ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના અનુસાર જાણી લેવું જોઈએ. )

**१८ ओरालियसरीरस्स णं भंते ! केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं साइरेगं जोयणसहस्सं एवं जहा ओगाहण-संठाणे ओरालियपमाणं तह णिरवसेसं भाणियव्वं ।** *एवं जाव* **मणुस्से त्ति उक्कोसेणं तिण्णि गाउयाइं ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન્ ! ઔદારિક શરીરી જીવની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે ?

ઉત્તર – હે ગૌતમ ! જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અને ઉત્કૃષ્ટ અવગાહના (બાદર વનસ્પતિ કાયની અપેક્ષાએ) કંઈક અધિક એક હજાર યોજનની છે.

આ રીતે જેમ "અવગાહના સંસ્થાન" નામના પ્રજ્ઞાપના સૂત્રના ૨૧ મા પદમાં ઔદારિક શરીરની અવગાહનાનું પ્રમાણ કહ્યું છે તેવી જ રીતે અહીં સંપૂર્ણ કથન જાણવું જોઈએ ***યાવત્*** મનુષ્યની ઉત્કૃષ્ટ શરીર અવગાહના ત્રણ ગાઉની છે.

**१९ कइविहे णं भंते ! वेउव्वियसरीरे पण्णत्ते ? गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा- एगिंदिय वेउव्वियसरीरे य पंचिंदिय वेउव्वियसरीरे अ ।** *एवं जाव* **सणंकुमारे आढत्तं** *जाव* **अणुत्तराणं भवधारणिज्जा** *जाव* **तेसिं रयणी रयणी परिहायइ ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન્ ! વૈક્રિય શરીરના કેટલા પ્રકાર છે ?

ઉત્તર – હે ગૌતમ ! વૈક્રિય શરીરના બે પ્રકાર છે. એકેન્દ્રિય વૈક્રિય શરીર અને પંચેન્દ્રિય વૈક્રિય શરીર. આ રીતે ***યાવત્*** સનત્કુમાર કલ્પથી અનુત્તરવિમાન સુધીના દેવોનાં ભવધારણીય વૈક્રિય શરીર સાત હાથથી ક્રમશઃ એક એક હાથ ન્યૂન હોય છે.

**વિવેચન :–**

વૈક્રિય શરીર એકેન્દ્રિયમાં માત્ર વાયુકાયિક જીવોને જ હોય છે. વિકલેન્દ્રિય અને સમૂર્ચ્છિમ તિર્યંચોમાં વૈક્રિય શરીર હોતું નથી.નારકી, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક દેવો, અને વૈમાનિક દેવોને વૈક્રિય શરીર હોય છે. નારકીઓમાં ભવધારણીય શરીર હોય છે. સાતમી નરકમાં પાંચસો ધનુષ્યથી લઈને ઘટતાં ઘટતાં પહેલી નરકમાં સાત ધનુષ ત્રણ હાથ અને છ આંગુલ હોય છે. ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન કલ્પવાસી દેવોમાં ભવધારણીય શરીર સાત હાથનું હોય છે. સનત્કુમાર,

માહેન્દ્ર દેવોમાં ભવધારણીય શરીર છ હાથનું હોય છે. બ્રહ્મ–લાંતક દેવોનાં પાંચ હાથ, મહાશુક્ર–સહસ્રાર દેવોમાં ચાર હાથ, આણત, પ્રાણત, આરણ્ય અને અચ્યુત દેવોમાં ત્રણ હાથ, ગ્રૈવેયક દેવોમાં બે હાથ અને અનુત્તર વિમાનવાસી દેવોમાં ભવધારણીય શરીર એક હાથનું હોય છે. ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય ભવધારણીય વૈક્રિય શરીર હોતું નથી પરંતુ કેટલાક ગર્ભજ મનુષ્યો અને તિર્યંચને લબ્ધિ જનિત વૈક્રિય શરીર હોય છે. તેમાં પણ કર્મભૂમિમાં જન્મેલા સંખ્યાત વર્ષનાં આયુષ્યવાળા અને પર્યાપ્તક મનુષ્યોને જ હોય છે. ઉત્તર વૈક્રિય શરીર મનુષ્યોને ઉત્કૃષ્ટ કંઈક અધિક એક લાખ યોજનની અવગાહનાવાળું હોય છે અને દેવોને પણ ઉત્તરવૈક્રિય શરીર એક લાખ યોજનની અવગાહનાવાળું હોય છે. તિર્યંચોને ઉત્કૃષ્ટ અનેક સો યોજન અવગાહનાવાળું વૈક્રિય શરીર હોય છે.

**२०** **आहारयसरीरे णं भंते ! कइविहे पण्णत्ते ? गोयमा ! एगागारे पण्णत्ते ।**

**जइ एगागारे पण्णत्ते, किं मणुस्स–आहारयसरीरे, अमणुस्स आहारय–सरीरे ?**

**गोयमा ! मणुस्स आहारगसरीरे, णो अमणुस्स आहारगसरीरे ।**

**जइ मणुस्स–आहारगसरीरे, किं गब्भवक्कंतिय मणुस्स आहारगसरीरे, संमुच्छिम मणुस्स आहारगसरीरे ?**

**गोयमा ! गब्भवक्कंतिय मणुस्स आहारयसरीरे णो समुच्छिम मणुस्स आहारगसरीरे,**

**जइ गब्भवक्कंतिय मणुस्स आहारयसरीरे, किं कम्मभूमिग० अकम्मभूमिग० ?**

**गोयमा ! कम्मभूमिग०, णो अकम्मभूमिग०।**

**जइ कम्मभूमिग०, किं संखेज्जवासाउय० असंखेज्जवासाउय० ?**

**गोयमा ! संखेज्जवासाउय०, णो असंखेज्जवासाउय०।**

**जइ संखेज्जवासाउय०, किं पज्जत्तय० अपज्जत्तय० ?**

**गोयमा ! पज्जत्तय०, णो अपज्जत्तय०।**

**जइ पज्जत्तय० किं सम्मदिट्ठी० मिच्छदिट्ठी० सम्मामिच्छदिट्ठी० ?**

**गोयमा ! सम्मदिट्ठी० । णो मिच्छदिट्ठी० णो सम्मामिच्छदिट्ठी ।**

**जइ सम्मदिट्ठी० किं संजय० असंजय० संजयासंजय० ?**

**गोयमा ! संजय०, णो असंजय० णो असंजयासंजय० ।**

**जइ संजय० किं पमत्तसंजय०, अप्पमत्तसंजय० ?**

**गोयमा ! पमत्तसंजय०, णो अपमत्तसंजय० ।**

**जइ पमत्तसंजय०, किं इड्ढिपत्त० अणिड्ढिपत्त० ?**
**गोयमा ! इड्ढिपत्त०, णो अणिड्ढिपत्त० ।**
**वयणा वि भाणियव्वा ।**

**ભાવાર્થ** :–

**પ્રશ્ન :** હે ભગવન્ ! આહારક શરીરના કેટલાં પ્રકાર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! આહારક શરીર એક પ્રકારનું છે.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો આહારક શરીર એક જ પ્રકારનું હોય, તો શું તે મનુષ્ય આહારક શરીર છે કે અમનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે મનુષ્ય આહારક શરીર છે પરંતુ અમનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો તે મનુષ્ય આહારક શરીર છે તો શું ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે સમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે પરંતુ સમૂર્ચ્છિમ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો તે ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક છે કે અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે પરંતુ અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે પરંતુ અસંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે અપર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, પરંતુ અપર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો તે પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે, તો શું તે સમ્યગ્દષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ? સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે. મિથ્યાદષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી તેમજ સમ્યગ્મિથ્યાદષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન ! જો તે સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું તે સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે કે અસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ? અથવા સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે. અસંયત સમયગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી. સંયતાસંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો તે સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું તે પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ? અથવા અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે પરંતુ અપ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત્ વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

**પ્રશ્ન :** હે ભગવન્ ! જો તે પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે તો શું તે ઋદ્ધિપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ? અથવા ઋદ્ધિ અપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તે ઋદ્ધિ પ્રાપ્ત, પ્રમત્ત સંયત, સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર છે પરંતુ ઋદ્ધિ અપ્રાપ્ત પ્રમત્ત સંયત સમ્યગ્દષ્ટિ પર્યાપ્તક સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્ય આહારક શરીર નથી.

(આહારક શરીર ઋદ્ધિપ્રાપ્ત છટ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત સંયત મુનિને હોય છે. )

**૨૧ आहारयसरीरे समचउरंससंठाणसंठिए ।**

આહારક શરીરનું સમચતુરસ્ર સંસ્થાન હોય છે. [આહારક શરીરનું વિસ્તૃત વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર જાણવું]

**૨૨ आहारयसरीरस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! जहण्णेणं देसूणा रयणी, उक्कोसेणं पडिपुण्णा रयणी ।**

**પ્રશ્ન :** હે ભગવન્ ! આહારક શરીરની અવગાહના કહેલી છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! જઘન્ય અવગાહના કંઈક ન્યૂન એક હાથ અને ઉત્કૃષ્ટ અવગાહના પરિપૂર્ણ એક હાથ છે.

**૨૩ तेआसरीरे णं भंते कतिविहे पण्णत्ते ?**

**गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा– एगिंदिय तेयसरीरे, बि––ति––चउ–पंच०।** *एवं जाव* **अच्चुए कप्पे जहा पण्णवण्णाए ।**

**પ્રશ્ન :** હે ભગવન્ ! તૈજસ્ શરીરના કેટલા પ્રકાર હોય છે ?

**ઉત્તર :** હે ગૌતમ ! તૈજસ શરીરના પાંચ પ્રકાર છે– એકેન્દ્રિય તૈજસ શરીર, બેઈન્દ્રિય તૈજસ શરીર, તેઈન્દ્રિય તૈજસ શરીર, ચૌરેન્દ્રિય તૈજસ શરીર અને પંચેન્દ્રિય તૈજસ શરીર. આ રીતે આરણ, અચ્યુત દેવલોક સુધી જાણવું જોઈએ.

**વિવેચન :-**

આ સૂત્રમાં એકેન્દ્રિય આદિની અપેક્ષાએ તૈજસ શરીરના પાંચ ભેદ કરીને સૂત્ર સંક્ષિપ્ત કર્યું છે, તેનું શેષ –વિશેષ વર્ણન પ્રજ્ઞાપના સૂત્રથી જાણવું.

શરીરની સ્વાભાવિક દશામાં અથવા સમુદ્ઘાત આદિ વિશિષ્ટ અવસ્થામાં જેટલી અવગાહના હોય છે, તેટલી જ તૈજસ શરીરની તથા કાર્મણ શરીરની અવગાહના જાણવી જોઈએ. કઈ કઈ ગતિના જીવની શારીરિક આવગાહના જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલી હોય છે, તથા કયા કયા જીવ સમુદ્ઘાત દશામાં કેટલા વિસ્તારને ધારણ કરે છે, તે સર્વ વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર જાણવું.

**૨૪ गेवेज्जस्स णं भंते ! देवस्स णं मारणंतियसमुग्घाएणं समोहयस्स समाणस्स केमहालिया सरीरोगाहणा पण्णत्ता ? गोयमा ! सरीरप्पमाणमेत्ता**

**विक्खंभबाहल्लेणं, आयामेणं जहण्णेणं अहे जाव विज्जाहरसेढीओ । उक्कोसेणं जाव अहोलोइयग्गामाओ । उड्ढं जाव सयाइं विमाणाइं, तिरियं जाव मणुस्सखेत्तं ।** *एवं जाव* **अणुत्तरोववाएया । एवं कम्मयसरीरं भाणियव्वं।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ભગવન્ ! મારણાન્તિક સમુદ્દ્ઘાતને પ્રાપ્ત થયેલા ગ્રૈવેયક દેવના શરીરની અવગાહના કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! વિષ્કમ્ભ–બાહલ્યની અપેક્ષા શરીર પ્રમાણ માત્ર છે અને આયામ–લંબાઈની અપેક્ષા એ નીચે જઘન્ય વિદ્યાધર શ્રેણી સુધી ઉત્કૃષ્ટ અધોલોકના ગ્રામો સુધી તથા ઉપર પોતાનાં વિમાનો સુધી અને તિરછી મનુષ્ય ક્ષેત્ર સુધી છે.

આ રીતે અનુત્તરોપપાતિક દેવોનું જાણવું જોઈએ.આ રીતે કાર્મણ શરીરનું વર્ણન પણ જાણવું જોઈએ.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં મારણાન્તિક સમુદ્દ્ઘાતગત ગ્રૈવેયક દેવોની શારીરિક અવગાહનાનું વર્ણન કરીને અનુત્તર વિમાનવાસી દેવોની શરીર અવગાહના અને કાર્મણ શરીર અવગાહનાનું કથન કર્યું છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના તિર્યંચગતિના જીવો તથા નારકી, મનુષ્ય અને દેવગતિના ગ્રૈવેયક દેવોના પૂર્વવર્તી દરેક જીવોની ભવધારણીય તૈજસ–કાર્મણ શરીરની અવગાહના તથા મારણાન્તિક સમુદ્દ્ઘાતગત અવગાહનાનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર ૫૬–૨૧ અનુસાર જાણવું.

દરેક સંસારી જીવના ભવધારણીય તૈજસ–કાર્મણ શરીરની અવગાહના, તેની ભવધારણીય ઔદારિક કે વૈક્રિય શરીર પ્રમાણ જ હોય છે. મારણાંતિક સમુદ્દ્ઘાતના સમયે આત્મપ્રદેશોના વિસ્તારની સાથે તૈજસ–કાર્મણ શરીરનો પણ વિસ્તાર થાય છે. મારણાંતિક સમુદ્દ્ઘાતની અપેક્ષાએ ૨૪ દંડકના જીવોની અવગાહના નીચેના કોષ્ટક અનુસાર જાણવી.

**તૈજસ શરીરની અવગાહના (૨૪ દંડકના જીવોમાં) :–**

| તૈજસ શરીરી જીવ | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| સમુચ્ચય જીવ, પાંચ સ્થાવર | અંગુલનો અસંખ્યાતમો ભાગ | એક લોકાંતથી બીજા લોકાંત સુધી |
| વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | તિર્યગ્લોકથી ઊર્ધ્વ કે અધોલોકાંત |
| મનુષ્ય | અંગુલનો અસંખ્યાતમો ભાગ | અઢીદ્વીપ ક્ષેત્રથી ઊર્ધ્વ કે અધોલોકાંત |
| નારકી | સાધિક ૧૦૦૦ યોજન | સાતમી નરક પૃથ્વીથી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા સુધી તેમજ પંડગવનની વાવડી સુધી |
| ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી પહેલા બીજા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | નીચે ત્રીજી નરકના ચરમાંતથી તિરછી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા, ઉપર ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી સુધી |

| | | |
|---|---|---|
| ત્રીજાથી આઠમા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ઉપર બારમા દેવલોકથી તિરછી સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા, નીચે પાતાળ કળશના બીજા ત્રિભાગ સુધી |
| નવમાથી બારમા દેવલોકના દેવો | અંગુલનો અસંખ્યાતમો ભાગ | ઉપર બારમા દેવલોકથી તિરછી મનુષ્ય ક્ષેત્ર, નીચે સલિલાવતી અને વપ્રા વિજય સુધી |
| નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર | સ્વસ્થાનથી વિદ્યાધરની શ્રેણી | સ્વસ્થાનથી તિરછે મનુષ્ય ક્ષેત્રના ચરમાંત સુધી, નીચે સલીલાવતી વિમાનના દેવો અને વ્રપા વિજય સુધી |

★ તૈજસ શરીરની અવગાહના મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ છે.

★ દરેક જીવોના તૈજસ શરીરની અવગાહના જાડાઈ અને પહોળાઈમાં શરીર પ્રમાણ હોય છે અને લંબાઈમાં ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જાણવી.

## અવધિજ્ઞાન :-

**૨૫ कइविहे णं भंते ! ओही पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा– भवपच्चइए य खओवसमिए य । एवं सव्वं ओहिपदं भाणियव्वं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! અવધિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! અવધિજ્ઞાનના બે પ્રકાર છે, યથા– ભવપ્રત્યયિક અવધિજ્ઞાન અને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન. આ રીતે પ્રજ્ઞાપના સૂત્રનું સંપૂર્ણ અવધિજ્ઞાન પદ કહેવું જોઈએ.

## વિવેચન :-

સૂત્રકારે અવધિજ્ઞાનનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના અતિદેશપૂર્વક કર્યું છે, તે આ પ્રમાણે છે– અવધિજ્ઞાનના ભેદ, વિષય,સંસ્થાન, આભ્યંતર, બાહ્ય, દેશાવધિ, સર્વાવધિ વૃદ્ધિ, હાનિ, પ્રતિપાત્તિ અને અપ્રતિપાત્તિ, આ દશ દ્વારોનું વર્ણન છે. અવધિજ્ઞાનના બે ભેદ છે, તેમાંથી ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન દેવો અને નારકીઓને હોય છે, ક્ષાયોપશમિક–ગુણ પ્રત્યયિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચોને હોય છે.

**અવધિજ્ઞાનનો વિષય** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ ચાર પ્રકારે છે. તેમાંથી દ્રવ્યની અપેક્ષા અવધિજ્ઞાન જઘન્ય તૈજસ વર્ગણા અને ભાષાવર્ગણાના અવગ્રહ પ્રાયોગ્ય (બન્નેના વચ્ચેના) દ્રવ્યને જાણે છે તથા ઉત્કૃષ્ટ સર્વરૂપી દ્રવ્યોને જાણે છે. ક્ષેત્રની અપેક્ષાએ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ક્ષેત્રને (ક્ષેત્રમાં સ્થિતરૂપી દ્રવ્યોને ) જાણે છે અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકમાં રહેલા રૂપી દ્રવ્યોને જાણે છે અને અલોકમાં લોક જેવડા અસંખ્યાત ખંડ હોય, તો તેને જાણવાનું સામર્થ્ય ધરાવે છે. કાળની અપેક્ષાએ આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અતીત અને અનાગત કાળને (કાળવર્તીરૂપી દ્રવ્યોને) જાણે છે તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણી અતીત અનાગત કાલને જાણે છે. ભાવની અપેક્ષા જઘન્ય પ્રત્યેક પુદ્ગલ દ્રવ્યના રૂપાદિ ચાર ગુણોને જાણે છે અને ઉત્કૃષ્ટ પ્રત્યેક રૂપી દ્રવ્યના અસંખ્યાત ગુણોને તથા સર્વરૂપી દ્રવ્યોની અપેક્ષાએ અનંત ગુણોને જાણે છે.

**સંસ્થાન –** નારકીઓનું અવધિજ્ઞાન ત્રાપાના આકાર, ભવનવાસી દેવોનું પલ્યના આકારવાળું, વ્યંતર દેવોનું પટહના(ઢોલ) આકારનું, જ્યોતિષ્ક દેવોનું ઝાલરના આકારનું, કલ્પોપન્ન દેવોનું ઊભી મૃદંગના આકારનું, ગ્રૈવેયક દેવોનું પુષ્પાવલી રચિત શિખરવાળી ચંગેરી સમાન તથા અનુત્તર વિમાનના દેવોનું અવધિજ્ઞાન કન્યાચોલક (કંચુકી–ચોલી)ના આકારનું હોય છે. તિર્યંચ અને મનુષ્યોના અવધિજ્ઞાનના આકાર અનેક પ્રકારના હોય છે.

**આભ્યન્તર બાહ્ય દ્વારની** અપેક્ષા, કયા કયા જીવ પોતાના અવધિજ્ઞાનથી પ્રકાશિત ક્ષેત્રની અંદર રહે છે, તેનો વિચાર કરવામાં આવે છે. બાહ્ય દ્વારની અપેક્ષા, કયા કયા જીવ અવધિજ્ઞાનથી પ્રકાશિત ક્ષેત્રની બહાર રહે છે, તેનો વિચાર કરાય છે, જેમ કે નારકી, દેવ અને તીર્થંકર અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત ક્ષેત્રની અંદર હોય છે. શેષ જીવ બાહ્ય અને આભ્યંતર બંને અવધિજ્ઞાનવાળા હોય છે.

**દેશાવધિ સર્વાવધિ દ્વારની** અપેક્ષાએ દેવો, નારકીઓ અને તિર્યંચોને દેશાવધિજ્ઞાન જ હોય છે, કેમ કે તે જીવો અવધિજ્ઞાનનાં વિષયભૂત દ્રવ્યોના એક દેશને જ જાણે છે, પરંતુ મનુષ્યોને દેશાવધિ પણ હોય છે અને સર્વાવધિજ્ઞાન પણ હોય છે. સર્વાવધિજ્ઞાન તદ્ભવ મોક્ષગામી પરમ સંયતને જ હોય છે. **વૃદ્ધિ– હાનિ દ્વારની** અપેક્ષાએ મનુષ્યો અને તિર્યંચોનું અવધિજ્ઞાન પરિણામોની વિશુદ્ધિના સમયે વધે છે અને સંક્લેશ પરિણામોના સમયે ઘટે પણ છે. વૃદ્ધિરૂપ અવધિજ્ઞાન આંગુલના અસંખ્યાતમા ભાગથી વધીને લોકાકાશ પરિમિત ક્ષેત્ર સુધી વધતું જાય છે, તે જ રીતે સંક્લેશની વૃદ્ધિ થવા પર ઉત્તરોત્તર ઘટતું જાય છે, પરંતુ દેવો અને નારકીના અવધિજ્ઞાન જે પરિમાણમાં ઉત્પન્ન થાય છે તેટલા જ પરિમાણમાં અવસ્થિત રહે છે, વધતું ઘટતું નથી.

**પ્રતિપાતિ, અપ્રતિપાતિ દ્વારની** અપેક્ષાએ દેશાવધિજ્ઞાન પ્રતિપાતિ છે અને સર્વાવધિજ્ઞાન અપ્રતિપાતિ છે. ભવ પ્રત્યય અવધિજ્ઞાન ભવ પર્યંત અપ્રતિપાતિ છે અને ભવ છૂટવાની સાથે પ્રતિપાતિ છે. ક્ષાયોપશમિક ગુણ પ્રત્યય અવધિજ્ઞાન પ્રતિપાતિ પણ હોય છે અને અપ્રતિપાતિ પણ હોય છે.

**વેદના :–**

**२६ सीया य दव्व सारीर, साया तह वेयणा भवे दुक्खा ।**
**अब्भुवगमुवक्कमिया, णीयाए चेव अणियाए ।।१।।**

**ભાવાર્થ** :– વેદનાના વિષયમાં શીત, દ્રવ્ય, શારીર, સાતા, દુઃખ, આભ્યુપગમિકી, ઔપક્રમિકી, નિદા અને અનિદા, વગેરે દ્વાર જાણવા યોગ્ય છે.

**२७ णेरइया णं भंते ! किं सीयं वेयणं वेयंति, उसिणं वेयणं वेयंति, सीओसिणं वेयणं वेयंति? गोयमा ! णेरइया०** *एवं चेव* **वेयणापदं भाणियव्वं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ભગવન્ ! શું નારકી શીત વેદનાનું વેદન કરે છે, ઉષ્ણ વેદનાનું વેદન કરે છે કે

શીતોષ્ણ વેદનાનું વેદન કરે છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! નારકી શીત વેદના સહન કરે છે, આ પ્રમાણે સંપૂર્ણ વર્ણન(પ્રજ્ઞાપના સૂત્રના ૩૫ મા) વેદના પદ અનુસાર કહેવું જોઈએ.

## વિવેચન :–

**વેદના**ના વિષયમાં શીત આદિ દ્વાર જાણવાં યોગ્ય છે. મૂળગાથા માં 'ચ–ય' શબ્દથી શીત વેદના વગેરેની પ્રતિપક્ષી વેદનાઓની સૂચના આપેલી છે. વેદના ત્રણ પ્રકારની છે– શીત વેદના, ઉષ્ણવેદના અને શીતોષ્ણ વેદના. પહેલી,બીજી,ત્રીજી નરકના નારકીઓને ઉષ્ણ વેદના, ચોથી, પાંચમી નરકમાં ઉષ્ણ અને શીત, બન્ને પ્રકારની વેદના અને છઠ્ઠી, સાતમી નરકમાં શીતવેદના હોય છે. શેષ ત્રણગતિના જીવો શીત વેદનાનો, ઉષ્ણવેદનાનો અને શીતોષ્ણ વેદના, ત્રણે પ્રકારની વેદનાનો અનુભવ કરે છે.

**'દ્રવ્ય'** દ્વારમાં દ્રવ્ય પદની સાથે ક્ષેત્ર, કાળ અને ભાવ પણ સૂચિત થાય છે અર્થાત્ વેદના ચાર પ્રકારની છે. **દ્રવ્ય વેદના**–જે પુદ્ગલ દ્રવ્યના સંબંધથી વેદન કરવામાં આવે છે, **ક્ષેત્ર વેદના**–જે નરક આદિ ઉપપાત ક્ષેત્રના સંબંધથી વેદન કરવામાં આવે છે, **કાળવેદના**–જે નારકી આદિના આયુકાળના સંબંધથી નિયતકાળ સુધી ભોગવવામાં આવે છે અને **ભાવવેદના** વેદનીય કર્મના ઉદયથી જે વેદના ભોગવાય છે. નારકીઓથી લઈને વૈમાનિક દેવો ૨૪ દંડકના જીવો ચારે પ્રકારની વેદનાઓનું વેદન કરે છે.

**'શારીર'** દ્વારની અપેક્ષાએ વેદના ત્રણ પ્રકારની છે, યથા– શારીરી, માનસી અને શારીર માનસી, કોઈ વેદના માત્ર શારીરિક હોય છે, કોઈ વેદના માત્ર માનસિક હોય છે અને કોઈ વેદના બંનેથી સંબધિત હોય છે. દરેક સંજ્ઞી પંચેન્દ્રિય ચારે ય ગતિઓના જીવો ત્રણે ય પ્રકારની વેદનાને ભોગવે છે, એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો કેવળ શારીરિક વેદનાને જ ભોગવે છે.

**'શાતા'** દ્વારની અપેક્ષાએ વેદના ત્રણ પ્રકારની હોય – શાતા વેદના, અશાતા વેદના અને શાતા અશાતા વેદના. દરેક સંસારી જીવ ત્રણે ય પ્રકારની વેદનાઓને વેદે છે.

**'દુઃખદ'** પદથી ત્રણ પ્રકારની વેદનાનું ગ્રહણ થાય છે– સુખ વેદના, દુઃખ વેદના અને સુખ દુઃખ વેદના. ચારે ગતિઓના દરેક જીવ આ ત્રણે ય પ્રકારની વેદનાઓનો અનુભવ કરે છે.

પૂર્વ દ્વારમાં કહેલી શાતા, અશાતા વેદના અને આ દ્વારમાં કહેલા સુખ દુઃખ વેદનામાં શું અંતર છે ? શાતા, અશાતા વેદના તો શાતા–અશાતા, વેદનીય કર્મના સ્વાભાવિક ઉદયથી હોય છે, પરંતુ સુખ, દુઃખ વેદના તો વેદનીય કર્મની બીજા દ્વારા ઉદીરણા કરાવવા પર થાય છે, તેથી આ બંનેમાં વેદનીય કર્મના સ્વાભાવિક ઉદય અને ઉદીરણા જનિત ઉદય હોવાના કારણે અંતર છે.

સ્વેચ્છાથી સ્વીકારવામાં આવતી લોચ વગેરે ક્રિયાઓથી થતી વેદના **આભ્યુપગમિકી વેદના** છે. અનિચ્છાથી, બીજા દ્વારા કે સ્વતઃ પડી જવાથી જે વેદના થાય, તે **ઔપક્રમિકી વેદના** છે. મનુષ્ય તિર્યંચમાં બંને પ્રકારની અને નારકી અને દેવોમાં એક પ્રકારની (ઔપક્રમિકી) વેદના હોય છે. આમ આ

સુખ–દુઃખ વેદના બે પ્રકારની ઊદીરણા જનિત છે.

જે પોતાની વેદનાને જાણતાં સમજતાં નથી માત્ર વેદે જ છે, તે **અનિદા વેદના** છે અને જે પોતાની વેદના ને જાણે સમજે અને વેદે, તે **નિદા વેદના** છે. સંજ્ઞી જીવ આ બન્ને પ્રકારની વેદનાઓને ભોગવે છે, પરંતુ અસંજ્ઞી જીવ માત્ર અનિદા વેદનાને જ ભોગવે છે.

આ વિષયમાં પ્રજ્ઞાપના સૂત્રના પાંત્રીસમા વેદના પદનું અધ્યયન કરવું જોઈએ.

**લેશ્યા :–**

**૨૮ कइ णं भंते ! लेसाओ पण्णत्ताओ ? गोयमा ! छ लेसाओ पण्णत्ताओ, तं जहा– किण्हा णीला काऊ तेऊ पम्हा सुक्का । लेसापयं भाणियव्वं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ?

**ઉત્તર –** હે ગૌતમ ! લેશ્યાના છ પ્રકાર છે, યથા – કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા. આ પ્રમાણે લેશ્યાપદ કહેવું જોઈએ અર્થાત્ પ્રજ્ઞાપનાના સત્તરમા પદ પ્રમાણે વર્ણન જાણવું જોઈએ.

**આહાર :–**

**૨૯ अणंतरा य आहारे आहाराभोगणा इ य ।**
**पोग्गला णेव जाणंति अज्झवसाणे य सम्मत्ते ।।१।।**

**ભાવાર્થ** :– આહારના વિષયમાં અનંતર આહારી, આભોગ આહારી, અનાભોગ આહારી, આહાર પુદ્ગલોને ન જોવા કે ન દેખનારા અને જોનારા અને દેખનારા, આદિ ચતુર્ભંગી, પ્રશસ્ત અધ્યવસાયવાળા અને અપ્રશસ્ત અધ્યવસાયવાળા તથા સમ્યક્ત્વ અને મિથ્યાત્વને પ્રાપ્ત જીવના સંબંધમાં જાણવું જોઈએ.

**વિવેચન :–**

ઉપપાત ક્ષેત્રમાં ઉત્પન્ન થતાંની સાથે જ જીવ શરીરને યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે, તેને અનંતર આહાર કહે છે. દરેક જીવ ઉત્પન્ન થતાં જ પોતાના શરીરને યોગ્ય પુદ્ગલને ગ્રહણ કરે છે. બુદ્ધિપૂર્વક આહાર ગ્રહણ કરવો, તેને **આભોગ નિવર્તિત** અને અબુદ્ધિપૂર્વક આહાર ગ્રહણ થાય, તેને **અનાભોગ નિવર્તિત** આહાર કહે છે. નારકીઓ બન્ને પ્રકારનો આહાર ગ્રહણ કરે છે. એવી રીતે દરેક જીવોનું જાણવું જોઈએ. માત્ર એકેન્દ્રિય જીવ અનાભોગ નિવર્તિત આહાર કરે છે. નારકી જીવ જે પુદ્ગલોને આહારરૂપે ગ્રહણ કરે છે, તેઓ પોતાના અવધિજ્ઞાનથી જાણતા કે દેખતા નથી, એવી રીતે અસુરકુમારથી લઈને તેઈન્દ્રિય સુધીના જીવો પણ પોતે ગ્રહણ કરેલા આહાર પુદ્ગલોને જાણતા નથી, દેખતા નથી, ચૌરેન્દ્રિય

જીવ આંખ હોવાથી દેખે છે પણ જાણતા નથી. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય જે અવધિજ્ઞાની છે, તેઓ આહાર પુદ્‌ગલોને જાણે છે, અને દેખે છે. શેષ જીવ પ્રક્ષેપ આહારને જાણે છે, દેખે છે, લોમ આહારને જાણતા નથી, દેખતા નથી. વ્યંતરદેવ અને જ્યોતિષ્ક દેવ પોતે ગ્રહણ કરેલા આહાર પુદ્‌ગલોને જાણતા નથી અને દેખતા નથી, વૈમાનિક દેવોમાં જે સમ્યગ્‌દષ્ટિ છે તે પોતપોતાના વિશિષ્ટ જ્ઞાનથી આહાર પુદ્‌ગલોને જાણે છે અને દેખે છે, પરંતુ મિથ્યાદષ્ટિ વૈમાનિક દેવ જાણતા નથી, દેખતા નથી.

અધ્યવસાય દ્વારની અપેક્ષાએ નારકી આદિ જીવોના પ્રશસ્ત અને અપ્રશસ્ત અધ્યવસાય સ્થાન અસંખ્યાત છે.

સમ્યક્‌ત્વ–મિથ્યા દ્વારની અપેક્ષા એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના દરેક જીવો મિથ્યાત્ત્વી જ હોય છે, બાકીના જીવોમાં કેટલાક સમ્યકત્ત્વી હોય છે, કેટલાક મિથ્યાત્ત્વી હોય છે અને કેટલાક સમ્યક્‌ત્વ મિથ્યાત્ત્વી હોય છે.

**૩૦ णेरइया णं भंते ! अणंतराहारा तओ णिव्वत्तणया तओ परियाइयणया तओ परिणामणया तओ परियारणया तओ पच्छा विकुव्वणया ? हंता गोयमा ! एवं आहारपदं भाणियव्वं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! નારકી અનંતર આહારી છે ? (ઉપપાત–ક્ષેત્રમાં ઉત્પન્ન થતાંની સાથે જ શું પોતાના શરીરને યોગ્ય પુદ્‌ગલને ગ્રહણ કરે છે ?) ત્યાર પછી નિવર્તનતા (શરીરની રચના) કરે છે ? ત્યાર પછી પર્યાદાનતા (અંગ પ્રત્યંગોને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ) કરે છે ? ત્યાર પછી પરિણામનતા (ગ્રહણ કરેલા પુદ્‌ગલોના શબ્દાદિ વિષયના રૂપમાં ઉપભોગ) કરે છે ? ત્યાર પછી પરિચારણા (પ્રવિચાર) કરે છે ? અને ત્યાર પછી વિકુર્વણા (વિવિધ પ્રકારની વિક્રિયા) કરે છે ? શું તે સત્ય છે ?

**ઉત્તર** – હા, ગૌતમ ! આ કથન સત્ય છે. અહીં (પ્રજ્ઞાપના સૂત્રોકત) આહાર પદનું સંપૂર્ણ વર્ણન કહેવું જોઈએ.

**આયુષ્યબંધ :–**

**૩૧ कइविहे णं भंते ! आउगबंधे पण्णत्ते ?**

**गोयमा ! छव्विहे आउगबंधे पण्णत्ते, तं जहा–जाइणामणिहत्ताउए गतिणामणिहत्ताउए ठिइणामणिहत्ताउए पएसणामणिहत्ताउए अणुभागणामणिहत्ताउए ओगाहणाणामणिहत्ताउए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! આયુકર્મ બંધના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર –** હે ગૌતમ ! આયુકર્મ બંધના છ પ્રકાર છે, જેમ કે–જાતિનામ નિધત્ત આયુષ્ક, ગતિનામ નિધત્ત આયુષ્ક, સ્થિતિનામ નિધત્ત આયુષ્ક, પ્રદેશ નામ નિધત્ત આયુષ્ક, અનુભાગનામ નિધત્ત આયુષ્ક અને અવગાહનાનામ નિધત્ત આયુષ્ક.

**વિવેચન :–**

પ્રત્યેક પ્રાણી જે સમયે આગામી ભવના આયુનો બંધ કરે છે, તે સમયે તે ભવને યોગ્ય જાતિનામ કર્મનો બંધ કરે છે, ગતિનામ કર્મનો પણ બંધ કરે છે, તેવી રીતે તેને યોગ્ય સ્થિતિ, પ્રદેશ, અનુભાગ અને અવગાહના (શરીરનામકર્મ)નો પણ બંધ કરે છે, જેમ કે – કોઈ જીવ આ સમયે દેવ આયુષ્યનો બંધ કરી રહ્યા હોય, તો તે આ સમયે તેની સાથે પંચેન્દ્રિય જાતિ નામ કર્મનો અને દેવગતિનામ કર્મનો બંધ કરે છે. દેવભવને યોગ્ય આયુના નિયત કાળની સ્થિતિનો બંધ કરે છે, તેઓ નિયત પરિમાણવાળા કર્મ પ્રદેશોનો બંધ કરે છે, નિયત રસ–વિપાક અથવા તીવ્રમંદ ફળ દેનાર અનુભાગનો બંધ કરે છે અને દેવગતિ ને યોગ્ય વૈક્રિય શરીર–અવગાહનાનો અર્થાત્ શરીરનો પણ બંધ કરે છે. આ બધી અપેક્ષાઓથી આયુકર્મનો બંધ છ પ્રકારનો કહ્યો છે અથવા આયુબંધના સમયે અવગાહના આદિ છ બોલોનું આયુષ્યબંધની સાથે જોડાણ થઈ જાય છે, તેને જ અહીં બંધ કહ્યો છે.

**૩૨ णेरइयाणं भंते ! कइविहे आउगबंधे पण्णत्ते ? गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा–जातिणाम० गइणाम० ठिइणाम० पएसणाम० अणुभागणाम० ओगाहणाणाम०। एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ભગવન્ ! નારકીના આયુબંધ કેટલા પ્રકારનો છે ?

**ઉત્તર –** હે ગૌતમ ! છ પ્રકારનો છે, જેમ કે – જાતિનામ નિધત્તાયુષ્ક, ગતિનામ નિધત્તાયુષ્ક, સ્થિતિનામ નિધત્તાયુષ્ક, પ્રદેશનામ નિધત્તાયુષ્ક, અનુભાગનામ નિધત્તાયુષ્ક અને અવગાહનાનામ નિધત્તાયુષ્ક.

આ પ્રમાણે અસુરકુમારોથી લઈને વૈમાનિક દેવો સુધી દરેક દંડકોમાં છ–છ પ્રકારના આયુબંધ જાણવા જોઈએ.

**વિરહ :–**

**૩૩ णिरयगई णं भंते ! केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ते ।**

**एवं तिरियगई मणुस्सगई देवगई ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન્ ! નરક ગતિમાં કેટલા વિરહ (અંતર) કાલ પછી નારકીઓનો ઉપપાત

થાય છે ?

ઉત્તર – હે ગૌતમ ! જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો નારકીઓનો વિરહકાળ છે. આ પ્રમાણે તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિનો પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતરકાળ જાણવો જોઈએ.

## વિવેચન :-

જેટલા સમય સુધી વિવિક્ષિત ગતિમાં કોઈ પણ જીવનો જન્મ ન થાય, તો તેટલા સમયને વિરહ કે અંતરકાળ કહે છે. જો નરકમાં કોઈ જીવ ઉત્પન્ન ન હોય તો ઓછામાં ઓછા એક સમય સુધી ઉત્પન્ન થતા નથી, તે જઘન્ય વિરહકાળ છે. વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધી નરકમાં કોઈ જીવ ઉત્પન્ન થતો નથી, આ ઉત્કૃષ્ટ કાળ છે. બાર મુહૂર્ત પછી કોઈ પણ જીવ નરકમાં ઉત્પન્ન થાય જ.આ પ્રમાણે તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિનો પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતરકાળ જાણવો જોઈએ.

ઉત્કૃષ્ટ અંતર અથવા વિરહકાળ બાર મુર્હૂત કહ્યો છે, તે સામાન્ય રૂપે ચારેય ગતિની અપેક્ષાએ કહ્યું છે. તેનું વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્ર–પદ–૬ પ્રમાણે જાણવું.

**३४ सिद्धगई णं भंते ! केवइयं कालं विरहिया सिज्झणयाए पण्णत्ता ? गोयमा ! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं छम्मासे । एवं सिद्धिवज्जा उव्वट्टणा।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવાન ! સિદ્ધગતિ કેટલા કાળ સુધી વિરહિત રહે છે ? અર્થાત્ કેટલા સમય સુધી કોઈ જીવ સિદ્ધ થતા નથી ?

**ઉત્તર** – હે ગૌતમ ! જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ માસ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓથી વિરહિત રહે છે અર્થાત્ સિદ્ધ ગતિનો વિરહકાળ છ માસ છે.

આ પ્રમાણે સિદ્ધગતિને છોડીને શેષ સર્વ જીવોના ઉદ્‌વર્તનો(મરવાનો) વિરહકાળ પણ જાણવો જોઈએ.

**३५ इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइया केवइयं कालं विरहिया उववाएणं पण्णत्ता ? एवं उववायदंडओ भाणियव्वो उव्वट्टणादंडओ य ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નારકી કેટલા વિરહકાળ પછી ઉપપાતવાળા કહેલા છે ?

**ઉત્તર** – ઉપરના પ્રશ્નના ઉત્તરમાં અહીં પણ પ્રજ્ઞાપના સૂત્રોક્ત ઉપપાત દંડક અને ઉદ્‌વર્તના દંડકનો નિર્દેશ છે અર્થાત્ વિરહકાળનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્ર અનુસાર જાણવું જોઈએ.

## વિવેચન :-

**ઉપપાત વિરહ :–** સૂત્રમાં જે ઉપપાત દંડકને જાણવાની સૂચના છે, તે આ પ્રમાણે છે – રત્નપ્રભા પૃથ્વીના નારકીઓનો ઉપપાત–વિરહકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્ત છે, શર્કરાપ્રભા પૃથ્વીના નારકીઓનો ઉત્કૃષ્ટ સાત–રાત દિવસ, વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓનો અર્ધમાસ (પંદર દિવસ)નો, પંકપ્રભા પૃથ્વીના નારકીઓનો ઉત્કૃષ્ટ એક માસનો, ધૂમપ્રભા પૃથ્વીના નારકીઓનો બે માસનો, તમઃપ્રભા પૃથ્વીના નારકીઓનો ઉત્કૃષ્ટ ચાર માસનો, મહાતમઃપ્રભા પૃથ્વીના નારકીઓનો ઉત્કૃષ્ટ ઉપપાત–વિરહકાળ છ માસનો છે.

ભવનપતિ દેવોનો વિરહકાળ ઉત્કૃષ્ટ ચોવીસ મુહૂર્તનો છે. પૃથ્વીકાયિક આદિ પાંચે ય સ્થાવર એકેન્દ્રિય જીવોનો વિરહકાળ નથી, કારણ કે તે નિરંતર ઉત્પન્ન થયા કરે છે. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોનો વિરહકાળ અંતર્મુહૂર્તનો,ગર્ભોપક્રાન્તિક તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોનો વિરહકાળ બાર મુહૂર્તનો, સમૂર્ચ્છિમ મનુષ્યોનો વિરહકાળ ચોવીસ મુહૂર્તનો છે. વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાન કલ્પના દેવોનો વિરહકાળ પણ ચોવીસ મુહૂર્તનો છે. સનત્કુમાર દેવોનો વિરહકાળ નવ દિવસ અને વીસ મુહૂર્તનો, માહેન્દ્ર દેવોનો બાર દિવસ અને દસ મુહૂર્તનો, બ્રહ્મલોક દેવોનો સાડાબાવીસ દિવસનો, લાન્તક દેવોનો વિરહકાળ પિસ્તાલીસ દિવસનો, મહાશુક્ર દેવોનો વિરહકાળ એંસી દિવસનો, સહસ્રાર દેવોનો વિરહકાળ એકસો દિવસનો, આણત–પ્રાણત દેવોનો વિરહકાળ સંખ્યાત માસનો, આરણ અને અચ્યુત કલ્પના દેવોનો વિરહકાળ સંખ્યાત વર્ષનો, અધસ્તન ગ્રૈવેયક ત્રિકના દેવોનો વિરહકાળ સંખ્યાત સો વર્ષનો, મધ્યમ ગ્રૈવેયક ત્રિકના દેવોનો વિરહકાળ સંખ્યાત હજાર વર્ષનો, ઉપરી ગ્રૈવેયક ત્રિકના દેવોનો વિરહકાળ સંખ્યાત લાખ વર્ષનો, વિજયાદિ ચાર અનુત્તર વિમાનના દેવોનો વિરહકાળ અસંખ્યાત વર્ષનો, અને સર્વાર્થસિદ્ધ દેવોનો વિરહકાળ પલ્યોપમનો અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

વિવક્ષિત નરક, સ્વર્ગ આદિથી નીકળીને અર્થાત્ તે પર્યાયને છોડીને અન્ય પર્યાયમાં જન્મ ધારણ કરવા ઉદ્વર્તના કહે છે. જે ગતિનો જેટલો ઉપપાત વિરહકાળ છે તેનો તેટલો જ ઉદ્વર્તના વિરહકાળ જાણવો જોઈએ.

## આયુષ્યબંધના આકર્ષ :-

**૩૬ णेरइया णं भंते ! जातिणामणिहत्ताउगं कति आगरिसेहिं पगरंति ? गोयमा ! सिय एक्केणं, सिय दोहिं, सिय तीहिं, सिय चउहिं, सिय पंचहिं, सिय छहिं, सिय सत्तहिं, सिय अट्ठहिं [आगरिसेहिं पगरंति] णो चेव णं णवहिं ।**

**एवं सेसाण वि आउगाणि *जाव* वेमाणिय त्ति ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન –** હે ભગવન્ ! નારકીજીવ જાતિનામ નિધત્તાયુષ્ક કર્મના કેટલા આકર્ષોથી બંધ કરે છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! સ્યાત્ (કદાચિત્) એક આકર્ષથી, સ્યાત્ બે આકર્ષોથી, સ્યાત્ ત્રણ આકર્ષોથી, સ્યાત્ ચાર આકર્ષોથી, સ્યાત્ પાંચ આકર્ષોથી, સ્યાત્ છ આકર્ષોથી, સ્યાત્ સાત આકર્ષોથી અને સ્યાત્ આઠ આકર્ષોથી જાતિનામ નિધત્તાયુષ્ક કર્મનો બંધ કરે છે, પરંતુ નવ આકર્ષોથી બંધ કરતા નથી.તે જ રીતે શેષ આયુષ્ક કર્મોનો બંધ જાણવો જોઈએ. અસુરકુમારોથી લઈને વૈમાનિક કલ્પ સુધી દરેક દંડકોમાં આયુબંધના આકર્ષને જાણવો જોઈએ.

## વિવેચન :–

સામાન્ય રીતે આકર્ષનો અર્થ છે– કર્મ પુદ્ગલોને ગ્રહણ કરવા પરંતુ અહીં જીવના આગામી ભવના આયુષ્ય કર્મ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાની મર્યાદાને આકર્ષકાળ કહ્યો છે. આ આકર્ષ–જીવના અધ્યવસાયોની તીવ્રતા અને મંદતા ઉપર નિર્ભર છે. તીવ્ર અધ્યવસાય હોય તો જીવ એક જ આકર્ષમાં આયુષ્યના દલિકોને ગ્રહણ કરી લે છે. અધ્યવસાય મંદ હોય તો બે આકર્ષમાં, મંદતર હોય તો ત્રણ આકર્ષમાં મંદતમ હોય અને ચાર, પાંચ, છ, સાત અથવા આઠ આકર્ષોથી આયુનો બંધ થાય છે. તેનાથી અધિક આકર્ષ કયારે ય થતા નથી.

### સંઘયણ :–

**૩૭ कइविहे णं भंते ! संघयणे पण्णत्ते ? गोयमा ! छव्विहे संघयणे पण्णत्ते, तं जहा– वइरोसभणारायसंघयणे रिसभणारायसंघयण णारायसंघयणे अद्धणारायसंघयणे कीलियासंघयणे छेवट्टसंघयणे।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ સંહનનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! સંહનનના છ પ્રકાર છે, જેમ કે– (૧) વજ્રઋષભનારાચ સંહનન(૨) ઋષભ નારાચ સંહનન (૩) નારાચ સંહનન (૪) અર્ધનારાચ સંહનન (૫) કીલિકા સંહનન (૬) સેવાર્ત સંહનન.

**૩૮ णेरइया णं भंते ! किं संघयणी पण्णत्ता ? गोयमा ! छण्हं संघयणाणं असंघयणी । णेव अट्ठी णेव सिरा णेव ण्हारु । जे पोग्गला अणिट्ठा अकंता अप्पिया अणाएज्जा असुभा अमणुण्णा अमणामा अमणाभिरामा, ते तेसिं असंघयणत्ताए परिणमंति ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! શું નારકીઓને સંહનન હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! નારકીઓને છ સંહનનોમાંથી એકપણ સંહનન હોતું નથી, નારકી અસંહનની હોય છે. તેમના શરીરમાં હાડકાં, ધમનીઓ, શિરાઓ, નસ અને સ્નાયુ, હોતાં નથી. જે પુદ્ગલો અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અનાદેય, અશુભ, અમનોજ્ઞ, અમણામ અને અમનોભિરામ હોય, તે પુદ્ગલો

નારકીઓને અસંહનના રૂપમાં પરિણમે છે.

**૩૯ असुरकुमारा णं भंते ! किं संघयणा पण्णत्ता ? गोयमा ! छण्हं संघयणाणं असंघयणी । णेवट्ठी णेव छिरा णेव ण्हारु । जे पोग्गला इट्ठा कंता पिया आएज्जा सुभा मणुण्णा मणामा मणाभिरामा, ते तेसिं असंघयणत्ताए परिणमंति। एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ** :– પ્રશ્ન – હે ભગવન્ ! શું અસુરકુમારને સંહનન હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! અસુરકુમાર દેવોને છ સંહનનોમાંથી એક પણ સંહનન હોતું નથી, તે અસંહનની હોય છે. તેમનાં શરીરમાં હાડકાં હોતાં નથી, શિરાઓ–ધમનીઓ અને સ્નાયુઓ નથી. જે પુદ્ગલ ઈષ્ટ, કાન્ત, પ્રિય, આદેય, શુભ મનોજ્ઞ, મણામ, મનોભિરામ હોય, તે પુદ્ગલ અસુરકુમાર દેવોને અસંહનન રૂપમાં પરિણમે છે.

તે જ રીતે નાગકુમારોથી લઈને ***યાવત્*** સ્તનિતકુમાર સુધી દેવોનું જાણવું જોઈએ અર્થાત્ તેને કોઈ સંહનન હોતું નથી.

**૪૦ पुढवीकाइया णं भंते ! किं संघयणी पण्णत्ता ? गोयमा ! छेवट्टसंघयणी पण्णत्ता । एवं** *जाव* **संमुच्छिम-पंचिंदियतिरिक्खजोणिय त्ति । गब्भवक्कंतिया छव्विहसंघयणी । संमुच्छिम मणुस्सा छेवट्टसंघयणी । गब्भवक्कंतिय मणुस्सा छव्विहसंघयणी । जहा असुरकुमारा तहा वाणमंतर-जोइसिय-वेमाणिया य।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ કયા સંહનનવાળા હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! પૃથ્વીકાયિક જીવો સેવાર્ત સંહનનવાળા હોય છે. તે રીતે અપ્કાયિકથી લઈને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિ સુધી જાણી લેવું જોઈએ. તે જીવોને સેવાર્ત સંહનન હોય છે. ગર્ભજ તિર્યંચને છ એ પ્રકારનાં સંહનન હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્ય સેવાર્ત સંહનન હોય છે. ગર્ભજ મનુષ્યને છ એ પ્રકારના સંહનન હોય છે. જેવી રીતે અસુરકુમાર દેવ સંહનન રહિત–હોય છે, તેવી રીતે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો પણ સંહનન રહિત હોય છે.

## વિવેચન :–

**સંઘયણ :–** શરીરની અંદર હાડકાંઓનાં બંધન વિશેષને સંહનન કહે છે. તેના છ ભેદ છે. વજ્રનો અર્થ કીલિકા, ઋષભનો અર્થ પટ્ટો અને મર્કટ સ્થાનીય બન્ને પડખાંનાં હાડકાંને નારાચ કહે છે. જે શરીરનાં બન્ને પડખાંનાં હાડકાંઓ મર્કટ બંધથી બાંધેલાં હોય તેના ઉપર એક પટ્ટા જેવું હાડકું વીંટળાયેલું

અને વચ્ચમાં ખીલી લાગેલી હોય તેને **વજ્રઋષભનારચ સંહનન** કહે છે. જે શરીરનાં હાડકાંમાં ખીલી ન લાગેલી હોય, પરંતુ બન્ને પડખાંનાં હાડકાં મર્કટ બંધથી બંધાયેલા હોય અને પટ્ટાથી વીંટળાયેલા હોય તેને ઋષભ નારચ સંહનન કહે છે. જે શરીરનાં હાડકાં ઉપર પટ્ટો પણ ન હોય તેને **નારાચ સંહનન** કહે છે. જે શરીરનાં હાડકાં એક તરફ જ મર્કટબંધથી યુક્ત હોય, બીજી તરફથી ન હોય તેને **અર્ધનારચ સંહનન** કહે છે. જે શરીરનાં હાડકાંમાં માત્ર ખીલી લાગેલી હોય તેને **કીલિકા સંહનન** કહે છે. જે શરીરનાં હાડકાં પરસ્પર મળેલાં હોય અને ચર્મથી વીંટળાયેલાં હોય તેને **સેવાર્ત સંહનન** કહે છે. દેવો અને નારકી જીવોનાં શરીરમાં હાડકાં હોતાં નથી, તેથી તેને સંહનન નથી. મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય છએ છ સંહનનવાળા હોય છે.

**સંસ્થાન :–**

**૪૧ कइविहे णं भंते ! संठाणे पण्णत्ते ? गोयमा ! छव्विहे संठाणे पण्णत्ते, तं जहा- समचउरंसे णिग्गोहपरिमंडले साइए वामणे खुज्जे हुंडे ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવાન ! સંસ્થાનના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! સંસ્થાનના છ પ્રકાર છે. (૧) સમચતુરસ્ર સંસ્થાન (૨) ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન (૩) સાદિ સંસ્થાન (૪) વામન સંસ્થાન (૫) કુબ્જ સંસ્થાન (૬) હુંડ સંસ્થાન.

**૪૨ णेरइया णं भंते ! किं संठाणी पण्णत्ता । गोयमा ! हुंडसंठाणी पण्णत्ता। असुरकुमारा किं संठाणी पण्णत्ता ? गोयमा ! समचउरंससंठाणसंठिया पण्णत्ता । एवं *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! નારકીઓને કયુ સંસ્થાન હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! નારકી ઓને હુંડ સંસ્થાન હોય છે.

**પ્રશ્ન** – હે ભગવન્ ! અસુરકુમાર દેવોને કયુ સંસ્થાન હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! અસુરકુમારદેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધીના દરેક ભવનવાસી દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

**૪૩ पुढवी मसूरसंठाणा पण्णत्ता । आऊ थिबुयसंठाणा पण्णत्ता । तेऊ सूईकलाव संठाणा पण्णत्ता । वाऊ पडागासंठाणा पण्णत्ता । वणस्सई णाणासंठाण संठिया पण्णत्ता ।**

**ભાવાર્થ** :– પૃથ્વીકાયિક મસૂર સંસ્થાનવાળા હોય છે. અપકાયિક સ્તિબુક (બિન્દુ)સંસ્થાનવાળા છે.

તૈજસકાયિક સૂચીકલાપ(સોયસમૂહ) સંસ્થાનવાળા હોય છે. વનસ્પતિકાયિક જીવ વિવિધ પ્રકારના સંસ્થાનવાળા હોય છે.

**૪૪ बेइंदिय तेइंदिय चउरिंदिय सम्मुच्छिम पंचेंदियतिरिक्खा हुंडसंठाणा पण्णत्ता । गब्भवक्कंतिया छव्विहसंठाणा पण्णत्ता । संमुच्छिम मणुस्सा हुंडसंठाण-संठिया पण्णत्ता । गब्भवक्कंतियाणं मणुस्साणं छव्विहा संठाणा पण्णत्ता । जहा असुरकुमारा तहा वाणमंतर-जोइसिय-वेमाणिया वि ।**

**ભાવાર્થ** :– બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોને હુંડને સંસ્થાન અને ગર્ભજ તિર્યંચને છએ સંસ્થાન હોય છે. સંમૂર્ચ્છિમ મનુષ્યને હુંડ સંસ્થાન તથા ગર્ભજ મનુષ્યને છએ સંસ્થાન હોય છે.

અસુરકુમાર દેવોની જેમ વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

## વિવેચન :–

**સંસ્થાનઃ**– શરીરના આકારને સંસ્થાન કહે છે. જે શરીરનાં અંગ અને ઉપાંગ ન્યૂનતા અથવા અધિકતાથી રહિત શાસ્ત્રોક્ત માન–ઉન્માન પ્રમાણવાળાં હોય, તેને **સમચતુરસ્ર સંસ્થાન** કહે છે. જે સંસ્થાનમાં શરીરની નાભિથી ઉપરના અવયવ પ્રમાણોપેત હોય પરંતુ નાભિથી નીચેના અવયવ હીન(ન્યૂન)પ્રમાણવાળાં હોય તેને **ન્યગ્રોધ સંસ્થાન** કહે છે. જે શરીરના નાભિથી નીચેના અવયવ પ્રમાણોપેત હોય અને નાભિથી ઉપરના અવયવ હીન પ્રમાણવાળા હોય તેને **સાદિ સંસ્થાન** કહે છે. જે શરીરના અવયવ લક્ષણયુક્ત હોવા છતાં પણ વિકૃત અને ન્યૂનાધિક હોય, છાતી અથવા પીઠ નીકળેલા હોય, ખૂંધ નીકળેલ હોય, કૂબડા હોય, તેને **કૂબ્જ સંસ્થાન** કહે છે. જે શરીર એકદમ ઠીંગણું હોય તેને **વામન સંસ્થાન** કહે છે. જે શરીરમાં હાથ, પગ આદિ દરેક અવયવ પ્રમાણથી વિપરીત હોય તેને **હુંડ સંસ્થાન** કહે છે. દરેક નારકી જીવ હુંડક સંસ્થાનવાળા અને દેવ સમચતુરસ્ર સંસ્થાનવાળા છે. શેષ મનુષ્ય અને તિર્યંચ છએ સંસ્થાનવાળા હોય છે.

## વેદ :–

**૪૫ कइविहे णं भंते ! वेए पण्णत्ते ? गोयमा ! तिविहे वेए पण्णत्ते । तं जहा- इत्थीवेए पुरिसवेए णपुंसगवेए ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! વેદ કેટલા પ્રકારના છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! વેદ ત્રણ પ્રકારના છે – સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંકવેદ.

**૪૬ णेरइया णं भंते ! किं इत्थीवेया पुरिसवेया णपुंसगवेया पण्णत्ता ?**

**गोयमा ! णो इत्थीवेया, णो पुंवेया, णपुंसगवेया पण्णत्ता ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! શું નારકીઓને સ્ત્રીવેદ હોય, પુરુષવેદ હોય છે કે નપુંસકવેદ હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! નારકીઓ સ્ત્રીવેદી નથી, પુરુષવેદી નથી પરંતુ નપુંસકવેદી હોય છે.

**૪૭ असुरकुमारा णं भंते ! किं इत्थीवेया पुरिसवेया णपुंसगवेया ? गोयमा ! इत्थीवेया, पुरिसवेया, णो णपुंसगवेया ।** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ** :– **પ્રશ્ન** – હે ભગવન્ ! અસુરકુમારોને સ્ત્રીવેદ હોય છે, પુરુષવેદ હોય છે કે નપુંસકવેદ હોય છે ?

**ઉત્તર** – હે ગૌતમ ! અસુરકુમારામાં સ્ત્રીવેદ હોય છે, પુરુષવેદ હોય છે, પરંતુ નપુંસકવેદ હોતો નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું જોઈએ.

**૪૮ पुढवी आऊ तेऊ वाऊ वणस्सई, बि ति चउरिंदिय संमुच्छिम पंचिंदिय तिरिक्ख संमुच्छिम मणुस्सा णपुंसगवेया । गब्भवक्कंतियमणुस्सा पंचिंदियतिरिया य तिवेया । जहा असुरकुमारा, तहा वाणमंतरा जोइसिय-वेमाणिया वि ।**

**ભાવાર્થ** :– પૃથ્વીકાયિક, અપ્કાયિક તેજસકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, સમૂચ્છિંમ પંચેન્દ્રિય તિર્યંચ અને સંમૂચ્છિંમ મનુષ્યમાં નપુંસકવેદ હોય છે. ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચને ત્રણે ય વેદ હોય છે.

જેમ અસુરકુમારોમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ હોય છે, તેવી રીતે વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોમાં પણ સ્ત્રીવેદ અને પુરુષવેદ હોય છે.

# વિવિધ વિષય નિરૂપણ

# અતીત-અનાગતકાલિક મહાપુરુષો

**૧ तेणं कालेणं तेणं समएणं कप्पस्स समोसरणं णेयव्वं** *जाव* **गणहरा सावच्चा णिरवच्चा वोच्छिण्णा ।**

**ભાવાર્થ** :– તે કાલે– ચોથા આરાના અંત ભાગમાં, તે સમયે– ભગવાન મહાવીર બિરાજમાન હતા, તે સમયે કલ્પ મર્યાદાનુસાર ભગવાન મહાવીર સ્વામીના સમવોરણ થતાં હતાં તેમ જાણવું યાવત્ સાપત્ય–શિષ્ય સહિત ગણધર સુધર્મા સ્વામી અને નિરપત્ય – શિષ્ય રહિત અન્ય ગણધરો વ્યુચ્છિન્ન–સિદ્ધ થઈ ગયા.

**કુલકર :–**

**૨ जंबुद्दीवे णं दीवे भारहे वासे तीयाए उस्सप्पिणीए सत्त कुलगरा होत्था । तं जहा–**

**मित्तदामे सुदामे य, सुपासे य सयंपभे ।**
**विमलघोसे सुघोसे य, महाघोसे य सत्तमे ।।१।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં અતીતકાળના ઉત્સર્પિણીકાલમાં સાત કુલકર ઉત્પન્ન થયા હતા, જેમ કે– (૧) મિત્રદામ (૨) સુદામ (૩) સુપાર્શ્વ (૪) સ્વયંપ્રભ (૫) વિમલઘોષ (૬) સુઘોષ (૭) મહાઘોષ.

**૩ जंबुद्दीवे णं दीवे भारहे वासे तीयाए ओसप्पिणीए दस कुलगरा होत्था । तं जहा–**

**सयंजले सयाऊ य, अजियसेणे अणंतसेणे य ।**
**कज्जसेणे भीमसेणे, महाभीमसेणे य सत्तमे ।।२।।**
**दढरहे दसरहे सयरहे ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં અતીતકાલના અવસર્પિણીકાલમાં દશ કુલકર થયા હતા, જેમ કે (૧) શતંજલ (૨) શતાયુ (૩) અજિતસેન (૪) અનંતસેન (૫) કાર્યસેન (૬) ભીમસેન (૭) મહા ભીમસેન (૮) દઢરથ (૯) દશરથ (૧૦) શતરથ.

**૪** जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए समाए सत्त कुलगरा होत्था । तं जहा–

पढमेत्थ विमलवाहण, चक्खुम जसमं चउत्थमभिचंदे ।
तत्तो पसेणइए मरुदेवे, चेव णाभी य ।।३।।

एतेसिं णं सत्तण्हं कुलगराण सत्त भारिआ होत्था । तं जहा–

चंदजसा चंदकंता, सुरूव पडिरूव चक्खुकंता य ।
सिरिकंता मरुदेवी, कुलगरपत्तीण णामाइं ।।४।।

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણી કાળમાં સાત કુલકર થયા, જેમ કે– (૧) વિમલવાહન (૨) ચક્ષુવાન (૩) યશવાન (૪) અભિચંદ્ર (૫) પ્રસેનજિત (૬) મરુદેવ (૭) નાભિરાય.

તે સાતે ય કુલકરોને સાત સ્ત્રીઓ (ભાર્યાઓ) હતી, જેમ કે–(૧) ચંદ્રયશા (૨) ચંદ્રકાન્તા (૩) સુરૂપા (૪) પ્રતિરૂપા (૫) ચક્ષુકાન્તા (૬) શ્રીકાન્તા (૭) મરુદેવી. આ કુલકરોની પત્નીઓનાં નામ છે.

## તીર્થંકરો અને પિતા–માતા :–

**૫** जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे णं ओसप्पिणीए चउवीसं तित्थगराणं पियरो होत्था । तं जहा–

णाभी य जियसत्तू य, जियारी संवरे इय ।
मेहे धरे पइट्ठे य, महसेणे य खत्तिए ।।५।।
सुग्गीवे दढरहे विण्हू , वसुपुज्जे य खत्तिए ।
कयवम्मा सीहसेणे, भाणू विस्ससेणे इय ।।६।।
सूरे सुदंसणे कुंभे, सुमित्तविजए समुद्दविजये य ।
राया य आससेणे य, सिद्धत्थे च्चिय खत्तिए ।।७।।
उदितोदिय कुलवंसा, विसुद्धवंसा गुणेहि उववेया।
तित्थप्पवत्तयाणं, एए पियरो जिणवराणं ।।८।।

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપના ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકરોના ચોવીસ પિતા થયા, યથા– (૧) નાભિરાય (૨) જિતશત્રુ (૩) જિતારિ (૪) સંવર (૫) મેઘ (૬) ધર (૭) પ્રતિષ્ઠ (૮) મહાસેન ક્ષત્રિય (૯) સુગ્રીવ (૧૦) દઢરથ (૧૧) વિષ્ણુ (૧૨) વસુપૂજ્ય ક્ષત્રિય (૧૩)

કૃતવર્મા (૧૪) સિંહસેન (૧૫) ભાનુ (૧૬) વિશ્વસેન (૧૭) સૂરસેન (૧૮) સુદર્શન (૧૯) કુંભરાજ (૨૦) સુમિત્ર (૨૧) વિજય (૨૨) સમુદ્રવિજય (૨૩) રાજા અશ્વસેન અને (૨૪) સિદ્ધાર્થ ક્ષત્રિય. તીર્થના પ્રવર્તક જિનવરોના આ પિતા ઉચ્ચકુળ અને ઉચ્ચ વિશુદ્ધ વંશવાળા તથા ઉત્તમ ગુણોથી સંયુક્ત હતા.

**૬ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए चउवीसं तित्थगराणं मायरो होत्था । तं जहा–**

**मरुदेवी विजया सेणा, सिद्धत्था मंगला सुसीमा य ।**
**पुहवी लक्खणा रामा, णंदा विण्हू जया सामा ।।९।।**
**सुजसा सुव्वय अइरा, सिरिया देवी पभावई पउमा ।**
**वप्पा सिवा य वामा य, तिसलादेवी य जिणमाया ।।१०।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપ ભારતવર્ષમાં આ અવસર્પિણીકાલમાં ચોવીસ તીર્થંકરોની ચોવીસ માતાઓ થયા છે, યથા– (૧) મરુદેવી (૨) વિજયા (૩) સેના (૪) સિદ્ધાર્થા (૫) મંગલા (૬) સુસીમા (૭) પૃથ્વી (૮) લક્ષ્મણા (૯) રામા (૧૦) નન્દા (૧૧) વિષ્ણુ (૧૨)જયા (૧૩) શ્યામા (૧૪) સુયશા (૧૫) સુવ્રતા (૧૬) અચિરા (૧૭) શ્રી (૧૮) દેવી (૧૯) પ્રભાવતી (૨૦) પદ્મા (૨૧) વપ્રા (૨૨) શિવા (૨૩) વામા (૨૪) ત્રિશલાદેવી. આ ચોવીસ જિન માતાઓ છે.

**૭ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए चउवीसं तित्थगरा होत्था। तं जहा– उसभे अजिये संभवे अभिणंदणे सुमई पउमप्पहे सुपासे चंदप्पभे सुविहि–पुप्फदंते सीयले सिज्जंसे वासुपुज्जे विमले अणंते धम्मे संती कुंथू अरे मल्ली मुणिसुव्वए णमी णेमी पासे वड्ढमाणे य ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપ ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકર થયા, યથા– (૧) ઋષભ (૨) અજિત (૩) સંભવ (૪) અભિનંદન (૫) સુમતિ (૬) પદ્મપ્રભ (૭) સુપાર્શ્વ (૮) ચંદ્રપ્રભ (૯) સુવિધિ–પુષ્પદંત (૧૦) શીતલ (૧૧) શ્રેયાંસ (૧૨) વાસુપૂજ્ય (૧૩) વિમલ (૧૪) અનંત (૧૫) ધર્મનાથ (૧૬) શાન્તિનાથ (૧૭) કુન્થુ (૧૮) અર (૧૯) મલ્લી (૨૦) મુનિસુવ્રત (૨૧) નમિ (૨૨) નેમિ (૨૩) પાર્શ્વ (૨૪) વર્ધમાન.

### તીર્થંકરના પૂર્વભવના નામ :–

**૮ एएसिं चउवीसाए तित्थगराणं चउव्वीसं पुव्वभवया णामधेया होत्था । तं जहा–**

**पढमेत्थ वइरणाभे, विमले तह विमलवाहणे चेव ।**

तत्तो य धम्मसीहे, सुमित्त तह धम्ममित्ते य ।।११।।
सुंदरबाहु तह दीहबाहू, जुगबाहू लट्ठबाहू य ।
दिण्णे य इंददत्ते, सुंदर माहिंदरे चेव ।।१२।।
सीहरहे मेहरहे रुप्पी य, सुंदसणे य बोद्धव्वे ।
तत्तो य णंदणे खलु, सीहगिरी चेव वीसइमे ।।१३।।
अदीणसत्तु संखे सुदंसणे, णंदणे य बोद्धव्वे ।
इमीसे ओसप्पिणीए एए, तित्थकराणं तु पुव्वभवा ।।१४।।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોના પૂર્વભવનાં ચોવીસ નામ હતા, યથા– (૧) વજ્રનાભ (૨) વિમલ (૩) વિમલવાહન (૪) ધર્મસિંહ (૫) સુમિત્ર (૬) ધર્મમિત્ર (૭) સુન્દરબાહુ (૮) દીર્ઘબાહુ (૯) યુગબાહુ (૧૦) લષ્ઠબાહુ (૧૧) દિન્ન (૧૨) ઈન્દ્રદત્ત (૧૩) સુંદર (૧૪) માહેન્દ્ર (૧૫) સિંહરથ (૧૬) મેઘરથ (૧૭) રુક્મી (૧૮) સુદર્શન (૧૯) નંદન (૨૦) સિંહગિરિ (૨૧) અદીનશત્રુ (૨૨) શંખ (૨૩) સુદર્શન (૨૪) નંદન. આ અવસર્પિણીકાલના ચોવીસ તીર્થંકરોનાં પૂર્વભવનાં નામ જાણવાં જોઈએ.

**દીક્ષા શિબિકાઃ–**

**९** एएसिं चउव्वीसाए तित्थकराणं चउव्वीसं सीयाओ होत्था । तं जहा–
सीया सुदंसणा सुप्पभा य, सिद्धत्था सुप्पसिद्धा य ।
विजया य वेजयंती, जयंती अपराजिआ चेव।।१५।।
अरुणप्पभ चंदप्पभ, सूरप्पह अग्गि सुप्पभा चेव ।
विमला य पंचवण्णा, सागरदत्ता णागदत्ता य ।।१६।।
अभयकर णिव्वुइकरा, मणोरमा तह मणोहरा चेव ।
देवकुरु उत्तरकुरा, विसाल चंदप्पभा सीया ।।१७।।
एयाओ सीआओ, सव्वेसिं चेव जिणवरिंदाणं ।
सव्वजगवच्छलाणं, सव्वोउयसुभाए छायाए ।।१८।।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોની ચોવીસ શિબિકાઓ (પાલખીઓ)હતી.જેના પર બેસીને તીર્થંકર ભગવંત પ્રવ્રજ્યા માટે વનમાં ગયા હતા, યથા– (૧) સુદર્શના શિબિકા (૨) સુપ્રભા (૩) સિદ્ધાર્થા (૪) સુપ્રસિદ્ધા (૫) વિજયા (૬) વૈજયંતી (૭) જયન્તી (૮) અપરાજિતા (૯) અરુણપ્રભા (૧૦) ચંદ્રપ્રભા (૧૧)સૂર્યપ્રભા (૧૨) અગ્નિપ્રભા (૧૩) સુપ્રભા (૧૪) વિમલા (૧૫) પંચવર્ણા (૧૬) સાગરદત્તા (૧૭) નાગદત્તા (૧૮) અભયકરા (૧૯) નિર્વૃત્તિકરા (૨૦) મનોરમા (૨૧) મનોહરા (૨૨) દેવકુરા (૨૩)

ઉત્તરકુરા (૨૪) ચંદ્રપ્રભા. આ દરેક શિબિકાઓ વિશાળ હતી. સર્વ જગત વત્સલ દરેક જિનવરેન્દ્રોની આ શિબિકાઓ સર્વ ૠતુઓમાં સુખદાયિની ઉત્તમ અને શુભ કાંતિથી યુક્ત હતી.

**૧૦** **पुव्विं ओक्खित्ता माणुसेहिं, साहट्टु (ट्ठ) रोमकूवेहिं ।**
**पच्छा वहंति सीयं, असुरिंद–सुरिंद–णागिंदा ।।१९।।**
**चल–चवल–कुंडलधरा, सच्छंद विउव्वियाभरणधारी ।**
**सुर–असुर–वंदिआणं, वहंति सीअं जिणिंदाणं ।।२०।।**
**पुरओ वहंति देवा, णागा पुण दाहिणम्मि पासम्मि ।**
**पच्चत्थिमेण असुरा, गरुला पुण उत्तरे पासे ।।२१।।**

**ભાવાર્થ** :– તીર્થંકરોની આ શિબિકાઓને સૌથી પહેલાં હર્ષથી ભાવવિભોર બની મનુષ્યો પોતાના ખભા ઉપર ઉઠાવીને લઈ જાય છે, પછી અસુરેન્દ્ર, સુરેન્દ્ર અને નાગેન્દ્ર આ શિબિકાઓને લઈને ચાલે છે. ચંચલ, ચપલ કુંડલોના ધારક અને પોતાની ઈચ્છાનુસાર વૈક્રિયમય આભૂષણોના ધારણ કરનારા તે દેવગણ, સુર અસુરોથી વંદિત જિનેન્દ્રોની શિબિકાઓને વહન કરે છે. આ શિબિકાઓને પૂર્વદિશામાં દેવો (જ્યોતિષી દેવો અને વૈમાનિક દેવો), દક્ષિણદિશામાં નાગકુમારદેવો, પશ્ચિમદિશા તરફમાં અસુરકુમાર દેવો અને ઉત્તરદિશામાં ગરુડકુમાર દેવો વહન કરે છે.

**સહદીક્ષિત :–**

**૧૧** **उसभो य विणीयाए, बारवईए अरिट्ठवरणेमी ।**
**अवसेसा तित्थयरा, णिक्खंता जम्मभूमीसु ।।२२।।**

**ભાવાર્થ** :– ૠષભદેવ વિનીતા નગરીથી, અરિષ્ટનેમિ દ્વારાવતીથી અને બાકીના દરેક તીર્થંકર પોત–પોતાની જન્મભૂમિઓમાં દીક્ષા ગ્રહણ કરવાને માટે નીકળ્યા હતા.

**૧૨** **सव्वे वि एगदूसेण, णिग्गया जिणवरा चउव्वीसं ।**
**ण य णाम अण्णलिंगे, ण य गिहिलिंगे कुलिंगे व ।।२३।।**

**ભાવાર્થ** :– ચોવીસે ય જિનવર એક દૂષ્ય (ઈન્દ્ર સમર્પિત દિવ્ય વસ્ત્ર)થી દીક્ષા ગ્રહણ કરવાને માટે નીકળેલા હતા. કોઈ પાખંડી લિંગથી દીક્ષિત થયા નથી, ન કોઈ ગૃહલિંગથી અને ન કોઈ કુલિંગથી દીક્ષિત થયા. (પરંતુ દરેક જિન–સ્વલિંગથી જ દીક્ષિત થયા છે.)

**૧૩** **एक्को भगवं वीरो, पासो मल्ली य तिहिं तिहिं सएहिं ।**
**भगवं पि वासुपुज्जो, छहिं पुरिससएहिं णिक्खंतो ।।२४।।**

उग्गाणं भोगाणं, राइण्णाणं च खत्तियाणं च ।
चउहिं सहस्सेहिं उसभो, सेसा उ सहस्स–परिवारा ।।२५।।

**ભાવાર્થ** :– દીક્ષા ગ્રહણ કરવા માટે ભગવાન મહાવીર એકલા જ ઘેરથી નીકળ્યા હતા. પાર્શ્વનાથ અને મલ્લીનાથ જિન ત્રણસો ત્રણસો પુરુષોની સાથે નીકળ્યા હતા. વાસુપૂજ્ય છસો પુરુષોની સાથે નીકળ્યા હતા. ભગવાન ઋષભદેવ ચાર હજાર ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિયજનોના પરિવારની સાથે દીક્ષા ગ્રહણ કરવાને માટે ઘેરથી નીકળ્યા હતા. શેષ ઓગણીસ તીર્થંકરો એક એક હજાર પુરુષોની સાથે નીકળ્યા હતા.

**દીક્ષા તપ :–**

**१४** सुमइत्थ णिच्चभत्तेण, णिग्गओ वासुपुज्ज चउत्थेणं ।
पासो मल्ली य अट्ठमेण, सेसा उ छट्ठेणं ।।२६।।

**ભાવાર્થ** :– સુમતિનાથ નિત્યભક્ત ભોજન કરીને, વાસુપૂજ્ય સ્વામી ચતુર્થભક્ત – ઉપવાસ કરીને, પાશ્વનાથ અને મલ્લીનાથ અટ્ઠમ ત્રણ ઉપવાસ કરીને અને શેષ ૨૦ તીર્થંકરો છઠ્ઠ (બે ઉપવાસ) કરીને દીક્ષિત થયા હતા.

**પ્રથમ ભિક્ષાદાતા :–**

**१५** एएसिं णं चउवीसाए तित्थगराण चउव्वीसं पढमभिक्खादायारो होत्था। तं जहा–

सिज्जंसे बंभदत्ते, सुरिंददत्ते य इंददत्ते य ।
पउमे य सोमदेवे, माहिंदे तह सोमदत्ते य ।२७।
पुस्से पुणव्वसू पुण्णणंदे, सुणंदे जये य विजये य ।
तत्तो य धम्मसीहे, सुमित्ते तह धम्ममित्ते य ।।२८।।
अपराजिय विस्ससेणे, वीसइमे होइ उसभसेणे य ।
दिण्णे वरदत्ते धण्णे, बहुले य आणुपुव्वीए ।।२९।।
एए विसुद्धलेसा, जिणवरभत्तीइ पंजलिउडा उ ।
तं कालं तं समयं पडिलाभेइ जिणवरिंदे ।।३०।।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોને પ્રથમ ભિક્ષા દાતા ચોવીસ મહાપુરુષ થયા હતા, યથા– (૧) શ્રેયાંસ (૨) બ્રહ્મદત્ત (૩) સુરેન્દ્રદત્ત (૪) ઈન્દ્રદત્ત (૫) પદ્મ (૬) સોમદેવ (૭) માહેન્દ્ર (૮) સોમદત્ત

(૯) પુષ્ય (૧૦) પુનર્વસુ (૧૧) પૂર્ણનંદ (૧૨) સુનંદ (૧૩) જય (૧૪) વિજય (૧૫) ધર્મસિંહ (૧૬) સુમિત્ર (૧૭) ધર્મમિત્ર (૧૮) અપરાજિત (૧૯) વિશ્વસેન (૨૦) ઋષભસેન (૨૧)દત્ત (૨૨)વરદત્ત (૨૩) ધનદત્ત (૨૪) બહુલ. આ ક્રમથી ચોવીસ તીર્થંકરોને દીક્ષા લીધા પછી પહેલીવાર આહાર દાન કરનાર જાણવા જોઈએ. આ દરેક વિશુદ્ધ લેશ્યાવાળા અને જિનવરોની ભક્તિથી પ્રેરિત થઈને અંજલિપુટથી તે કાલે અને તે સમયે જિનવરેન્દ્ર તીર્થંકરોને આહારનો પ્રતિલાભ કરાવ્યો.

**१६ संवच्छरेण भिक्खा, लद्धा उसभेण लोगणाहेण ।**
**सेसेहिं बीयदिवसे, लद्धाओ पढमभिक्खाओ ।।३१।।**

**ભાવાર્થ** :– લોકનાથ ભગવાન ઋષભદેવને એક વર્ષ પછી પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ. શેષ સર્વ તીર્થંકરોને દીક્ષાના બીજા દિવસે પ્રથમ ભિક્ષા પ્રાપ્ત થઈ.

**१७ उसभस्स पढमभिक्खा, खोयरसो आसि लोगणाहस्स ।**
**सेसाणं परमण्णं, अमियरस रसोवमं आसि ।।३२।।**

**सव्वेसिं पि जिणाणं, जहियं लद्धाउ पढमभिक्खाउ ।**
**तहियं वसुधाराओ, सरीरमेत्तीओ वुट्ठाओ ।।३३।।**

**ભાવાર્થ** :– લોકનાથ ઋષભદેવ ભગવાનને પ્રથમ ભિક્ષામાં શેરડીનો રસ પ્રાપ્ત થયો હતો. શેષ સર્વ (ત્રેવીસ) તીર્થંકરોને પ્રથમ ભિક્ષાદાનમાં અમૃતરસ સમાન પરમાન્ન (ખીર) પ્રાપ્ત થઈ હતી. દરેક તીર્થંકરોએ જયાં જયાં પ્રથમ ભિક્ષા ગ્રહણ કરી ત્યાં ત્યાં તેમના શરીર પ્રમાણે ઊંચી વસુધારાની(સોનૈયાની)વૃષ્ટિ થઈ હતી.

**ચૈત્યવૃક્ષ :–**

**१८ एएसिं चउव्वीसाए तित्थगराणं चउवीसं चेइयरुक्खा होत्था । तं जहा–**
**णग्गोह सत्तिवण्णे, साले पियए पियंगु छत्ताहे ।**
**सिरिसे य णागरुक्खे, साली य पिलंखुरुक्खे य ।।३४।।**
**तिंदुग पाडल जंबू, आसत्थे खलु तहेव दहिवण्णे ।**
**णंदीरुक्खे तिलए, अंबयरुक्खे य असोगे य ।।३५।।**
**चंपय बउले य तहा, वेडसरुक्खे य धायईरुक्खे ।**
**साले य वड्ढमाणस्स, चेइयरुक्खा जिणवराणं ।।३६।।**

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોનાં ચોવીસ ચૈત્યવૃક્ષ– કેવળજ્ઞાનોત્પત્તિનાં વૃક્ષ હતા. યથા–

(૧) ન્યગ્રોધ (વડ) (૨) સપ્તપર્ણ (૩) શાલ (૪) પ્રિયાલ (૫) પ્રિયંગુ (૬) છત્રાહ (૭) શિરીષ (૮) નાગવૃક્ષ (૯) શાલી (૧૦) પિલંખુ વૃક્ષ (૧૧) તિંદુક (૧૨) પાટલ (૧૩) જંબૂ(૧૪) અશ્વત્થ(પીપળો) (૧૫) દધિપર્ણ (૧૬) નન્દીવૃક્ષ (૧૭) તિલક (૧૮) આમ્રવૃક્ષ (૧૯) અશોક (૨૦) ચંપક (૨૧) બકુલ (૨૨) વેત્રસ–વાંસવૃક્ષ (૨૩) ધાતકીવૃક્ષ (૨૪) ભગવાન વર્ધમાનનું શાલવૃક્ષ, આ ચોવીસ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષ–કેવળ જ્ઞાનોત્પત્તિ સમયના વૃક્ષ છે.

**૧૯** **बत्तीसं धणुयाइं, चेइयरुक्खो य वद्धमाणस्स ।**
**णिच्चोउगो असोगे, ओच्छण्णो सालरुक्खेणं ।।३७।।**

**तिण्णेव गाउयाइं, चेइयरुक्खो जिणस्स उसभस्स।**
**सेसाणं पुण रुक्खा, सरीरओ बारसगुणा उ ।।३८।।**

**सच्छत्ता सपडागा, सवेइया तोरणेहिं उववेया ।**
**सुर–असुर–गरुल महिआ, चेइयरुक्खा जिणवराणं ।।३९।।**

**ભાવાર્થ** :– વર્ધમાન ભગવાનનું ચૈત્યવૃક્ષ બત્રીસ ધનુષ ઊંચુ હતું, તે નિત્ય–ઋતુક હતું અર્થાત્ પ્રત્યેક ઋતુઓમાં તેમાં પત્ર–પુષ્પ વગેરે સમૃદ્ધિ વિદ્યમાન રહેતી હતી. તે અશોક વૃક્ષ, શાલવૃક્ષથી આચ્છન્ન (ઢંકાયેલું) હતું. ઋષભ જિનનું ચૈત્યવૃક્ષ ત્રણ કોસ ઊંચુ હતું. શેષ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષ તેઓનાં શરીરની ઊંચાઈથી બાર ગણાં ઊંચા હતાં. જિનવરોનાં આ બધાં ચૈત્યવૃક્ષ છત્રયુક્ત, ધ્વજાયુક્ત, પતાકા સહિત, વેદિકા સહિત, તોરણોથી સુશોભિત તથા સુર, અસુર અને ગરુડ દેવોથી પૂજિત હતાં.

## વિવેચન :-

**ચૈત્યવૃક્ષ** જે વૃક્ષની નીચે તીર્થંકરોને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય તેને ચૈત્યવૃક્ષ કહે છે. ચૈત્યનો અર્થ અહીં "જ્ઞાન" છે અને જે વૃક્ષની નીચે કેવળજ્ઞાન થયું હોય, તે વૃક્ષને ચૈત્યવૃક્ષ કહે છે. બીજા મતાનુસાર તીર્થંકર જે વૃક્ષની નીચે જિન દીક્ષા ગ્રહણ કરે છે, તેને ચૈત્યવૃક્ષ કહે છે. કુબેરદેવ સમવસરણમાં તીર્થંકરોનાં બેસવાનાં સ્થાન પર જ્ઞાનપ્રતીક રૂપે તે ચૈત્ય વૃક્ષની જ સ્થાપના કરે છે અને તેને ધ્વજા, પતાકા, વેદિકા, તોરણદ્વારો આદિથી સુશોભિત કરે છે. સમવસરણ સ્થિત તે વૃક્ષની છાયામાં પહોંચતાંની સાથે જ શોકસંતપ્ત પ્રાણીઓના શોક દૂર થઈ જાય છે અને તે અશોક (શોક રહિત) થઈ જાય છે. માટે તેને ચૈત્યવૃક્ષ કહેવામાં આવે છે.

## પ્રથમ શિષ્ય–શિષ્યાઓ :-

**૨૦** **एएसिं चउव्वीसाए तित्थगराणं चउव्वीसं पढमसीसा होत्था, तं जहा–**
**पढमेत्थ उसभसेणे, बीइए पुण होइ सीहसेणे य ।**

चारू य वज्जणाभे, चमरे तह सुव्वय विदब्भे ।।४०।।
दिण्णे य वराहे पुण, आणंदे गोथुभे सुहम्मे य ।
मंदर जसे अरिट्ठे, चक्काह सयंभु कुंभे य ।।४१।।
इंदे कुंभे य सुभे, वरदत्ते दिण्ण इंदभूई य ।
उदितोदित–कुलवंसा, विसुद्धवंसा गुणेहिं उववेया ।।४२।।
तित्थप्पवत्तयाणं, पढमा सिस्सा जिणवराणं ।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોના ચોવીસ પ્રથમ શિષ્ય હતા, યથા–

(૧) ઋષભદેવના પ્રથમ શિષ્ય ઋષભસેન અને (ર) અજિતનાથના પ્રથમ શિષ્ય સિંહસેન હતા. એ જ ક્રમથી (૩) ચારુ (૪) વજ્રનાભ (૫) ચમર (૬) સુવ્રત (૭) વિદર્ભ (૮) દિન્ન (૯) વરાહ (૧૦) આનંદ (૧૧) ગોસ્તુભ (૧૨) સુધર્મ (૧૩) મંદર (૧૪) યશ (૧૫) અરિષ્ટ (૧૬) ચક્રરથ (૧૭) સ્વયંભૂ (૧૮) કુમ્ભ (૧૯) ઈન્દ્ર (૨૦) કુમ્ભ (૨૧) શુભ (૨૨) વરદત્ત (૨૩) દત્ત(૨૪) ઈન્દ્રભૂતિ પ્રથમ શિષ્ય થયા. તે બધા ઉત્તમ, ઉચ્ચકુળવાળા, વિશુદ્ધ વંશવાળા અને ગુણોથી સંયુક્ત હતા અને તીર્થપ્રવર્તક જિનવરોના પ્રથમ શિષ્ય હતા.

**२१** एएसिं णं चउवीसाए तित्थगराणं चउवीसं पढमसिस्सणी होत्था । तं जहा–

बंभी य फग्गु, सामा अजिया कासवी रई सोमा ।
सुमणा वारुणि सुलसा, धारणि धरणी य धरणिधरा ।।४३।।
पउमा सिवा सुई तह, अंजुया भावियप्पा य ।
रक्खी य बंधुवती पुप्फवती, अज्जा अमिला य अहिया ।।४४।।
जक्खिणी पुप्फचूला य, चंदणज्जा आहिया उ ।
उदितोदितकुलवंसा, विसुद्धवंसा गुणेहिं उववेया ।।४५।।
तित्थप्पवत्तयाणं पढमा, सिस्सी जिणवराणं ।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોની ચોવીસ પ્રથમ શિષ્યાઓ હતી, યથા–

(૧) બ્રાહ્મી (૨) ફલ્ગુ (૩)શ્યામા (૪) અજિતા (૫) કાશ્યપી (૬) રતિ (૭) સોમા (૮) સુમના (૯) વારુણી (૧૦) સુલસા (૧૧) ધારિણી (૧૨) ધરણી (૧૩) ધરણીધરા (૧૪) પદ્મા (૧૫) શિવા (૧૬) શુચિ (૧૭) અંજુકા (૧૮) રક્ષી–રક્ષિકા (૧૯) બંધુવતી (૨૦) પુષ્પવતી (૨૧) આર્યા અમિલા (૨૨) યક્ષિણી (૨૩) પુષ્પચૂલા (૨૪)આર્યા ચંદના. આ બધી ઉત્તમ, ઉન્નત કુળવાળી, વિશુદ્ધ વંશવાળી અને

ગુણોથી યુક્ત હતી અને તીર્થ પ્રવર્તક જિનવરોની પ્રથમ શિષ્યાઓ હતી.

**ચક્રવર્તી અને તેના માતા પિતા :–**

**૨૨ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए बारस चक्कवट्टिपियरो होत्था । तं जहा–**

**उसभे सुमित्त विजए ,समुद्दविजए य आससेणे य ।**
**विस्ससेणे य सूरे, सुदंसणे कत्तवीरिए चेव ।।४६।।**
**पउमुत्तरे महाहरी , विजए राया तहेव य ।**
**बंभे बारसमे वुत्ते, पिउणामा चक्कवट्टीणं ।।४७।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણી કાળમાં ચક્રવર્તીઓના બાર પિતાઓ હતા, યથા–

(૧) ઋષભ (૨) સુમિત્રવિજય (૩) સમુદ્રવિજય (૪) અશ્વસેન (૫) વિશ્વસેન (૬) સૂરસેન (૭) સુદર્શન (૮) કાર્તવીર્ય (૯) પદ્મોત્તર (૧૦) મહાહરિ (૧૧) વિજયરાજા (૧૨) બ્રહ્મ. આ બાર ચક્રવર્તીઓના પિતાઓનાં નામ હતાં.

**૨૩ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए बारस चक्कट्टिमायरो होत्था, तं जहा– सुमंगला जसवती भद्दा सहदेवी अइरा सिरि देवी तारा जाला मेरा वप्पा चुल्लिणि अपच्छिमा ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં ચક્રવર્તીઓની બાર માતાઓ હતી, યથા–

(૧) સુમંગલા (૨) યશવતી (૩) ભદ્રા (૪) સહદેવી (૫) અચિરા (૬) શ્રી (૭) દેવી (૮) તારા (૯) જ્વાલા (૧૦) મેરા (૧૧) વપ્રા (૧૨) અંતિમ ચુલ્લિની.

**૨૪ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए बारस चक्कवट्टी होत्था। तं जहा–**

**भरहो सगरो मघवं, सणंकुमारो य रायसद्दूलो ।**
**संती कुंथू य अरो, हवइ सुभूमो य कोरव्वो ।।४८।।**
**णवमो य महापउमो, हरिसेणो चेव रायसद्दूलो ।**
**जयणामो य णरवई, बारसमो बंभदत्तो य ।।४९।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં બાર ચક્રવર્તીઓ થયા, યથા– (૧) ભરત (૨) સગર (૩) મઘવા (૪) રાજશાર્દૂલ સનત્કુમાર (૫) શાન્તિ (૬) કુન્થુ (૭) અર (૮) કૌરવવંશી સુભૂમ (૯) મહાપદ્મ (૧૦) રાજશાર્દૂલ હરિષેણ (૧૧) નરપતિ જય (૧૨) બ્રહ્મદત્ત.

**સ્ત્રીરત્ન :–**

**૨૫ एएसिं बारसण्हं चक्कवट्टीणं बारस इत्थिरयणा होत्था । तं जहा–**

**पढमा होइ सुभद्दा भद्द, सुणंदा जया य विजया य ।**
**किण्हसिरी सूरसिरी पउमसिरी वसुंधरा देवी ।।५०।।**
**लच्छिमई कुरुमई, इत्थीरयणाण णामाइं ।**

**ભાવાર્થ** :– આ બાર ચક્રવર્તીઓની બાર સ્ત્રી રત્ન હતી, યથા–

(૧) સુભદ્રા (૨) ભદ્રા (૩) સુનંદા (૪) જયા (૫) વિજયા (૬) કૃષ્ણશ્રી (૭) સૂર્યશ્રી (૮) પદ્મશ્રી (૯) વસુંધરા (૧૦) દેવી (૧૧) લક્ષ્મીમતી (૧૨) કુરુમતી, આ સ્ત્રી રત્નોનાં નામ છે.

**બલદેવ–વાસુદેવ :–**

**૨૬ जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए णवबलदेव णववासुदेव पितरो होत्था । तं जहा–**

**पयावई य बंभो, सोमो रुद्दो सिवो महसिवो य ।**
**अग्गिसिहो य दसरहो, णवमो भणिओ य वसुदेवो ।।५१।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીમાં નવ બલદેવ અને નવ વાસુદેવોના નવ પિતાઓ થયા, યથા–

(૧) પ્રજાપતિ (૨) બ્રહ્મ (૩) સોમ (૪) રુદ્ર (૫) શિવ (૬) મહાશિવ (૭) અગ્નિશિખ (૮) દશરથ (૯) વસુદેવ.

**जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए णव वासुदेवमायरो होत्था । तं जहा–**

**मियावई उमा चेव, पुहवी सीया य अम्मया ।**
**लच्छिमई सेसमई, केकई देवई तहा ।।५२।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં નવ વાસુદેવોની નવ માતાઓ હતી, યથા–

(૧) મૃગાવતી (૨) ઉમા (૩) પૃથ્વી (૪) સીતા (૫) અમૃતા (૬) લક્ષ્મીમતી (૭) શેષમતી (૮) કૈકેયી (૯) દેવકી.

**૨૭** **जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए णव बलदेवमायरो होत्था । तं जहा–**

**भद्दा तह सुभद्दा य, सुप्पभा य सुदंसणा ।**
**विजया वेजयंती य, जयंती अपराजिया ।।५३।।**
**णवमीया रोहिणी य, बलदेवाण मायरो ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં નવ બલદેવોની નવ માતાઓ હતી, યથા–

(૧) ભદ્રા (૨) સુભદ્રા (૩) સુપ્રભા (૪) સુદર્શના (૫) વિજયા (૬) વૈજયન્તી (૭) જયન્તી (૮) અપરાજિતા (૯) રોહિણી. આ નવ બલદેવોની માતાઓ હતી.

**૨૮** **जंबुद्दीवे णं दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए णव दसारमंडला होत्था । तं जहा–उत्तमपुरिसा मज्झिमपुरिसा पहाणपुरिसा ओयंसी तेयंसी वच्चंसी जसंसी छायंसी कंता सोमा सुभगा पियदंसणा सुरूवा सुहसीला सुहाभिगमा सव्वजण णयणकंता**

**ओहबला अतिबला महाबला अणिहया अपराइया सत्तुमद्दणा रिपुसहस्समाणमहणा साणुक्कोसा अमच्छरा अचवला अचंडा मियमंजुलपलावहसिया गंभीरमधुर पडिपुण्णसच्चवयणा अब्भुवगयवच्छला सरण्णा लक्खण वंजणगुणोववेआ माणुम्माणपमाणपडिपुण्ण सुजायसव्वंगसुंदरंगा ससिसोमागार कंत पियदंसणा अमरिसणा पयंडदंडप्पभारा गंभीरदरिसणिज्जा**

**तालद्ध ओव्विद्ध–गरुलकेऊ, महाधणुविकड्ढया महासत्तसायरा दुद्धरा धणुद्धरा धीरपुरिसा जुद्धकित्तिपुरिसा विउलकुलसमुब्भवा महारयणविहाडगा अद्धभरहसामी सोमा रायकुलवंसतिलया अजिया अजियरहा**

**हलमुसलकणकपाणी संखचक्कगयसत्ति णंदगधरा पवरूज्जल सुक्कंत**

**विमल गोत्थुभ तिरीडधारी कुंडल उज्जोइयाणणा पुंडरीयणयणा एकावलि कण्ठलइयवच्छा सिरिवच्छ–सुलंछणा वरजसा सव्वोउयसुरभि कुसुम रचित पलंब सोभंत कंत विकसंत विचित्तवर मालरइयवच्छा अट्ठसय विभत्त लक्खण पसत्थ सुंदर विरइयंगमंगा मत्तगयवरिंद ललिय विक्कम विलसियगई सारय णवथणिय महुर गंभीर कोंच णिग्घोस दुंदुभिसरा कडिसुत्तग णील पीय कोसेज्जवाससा पवरदित्ततेया णरसीहा णरवई णरिंदा णरवसहा मरुयवसभकप्पा अब्भहियरायतेय लच्छीए दिप्पमाणा णीलगपीयगवसणा दुवे दुवे राम केसवा भायरो होत्था । तं जहा–**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપમાં ભારતવર્ષમાં આ અવસર્પિણીકાળમાં સમયાનુક્રમે નવ દશારમંડલ (બલદેવ અને વાસુદેવ સમુદાય) થયા છે, તેનું વર્ણન આ પ્રકારે છે.

તેઓ દરેક બલદેવ અને વાસુદેવ ઉત્તમકુળમાં ઉત્પન્ન થવાથી ઉત્તમ પુરુષ હતા. તીર્થંકરાદિ શલાકા પુરુષોના મધ્યવર્તી હોવાથી મધ્યમ પુરુષ હતા અથવા તીર્થંકરોના બળની અપેક્ષાએ ઓછું અને સામાન્ય પુરુષોના બળની અપેક્ષાએ અધિક બલશાળી હોવાથી (બંનેના બળની મધ્યમ હોવાથી) તેઓ મધ્યમ પુરુષ હતા. પોતાના સમયના પુરુષોના શૌર્યાદિ ગુણોની પ્રધાનતાની અપેક્ષાએ તેઓ પ્રધાન પુરુષ હતા, માનસિક બલ સંપન્ન હોવાથી ઓજસ્વી હતા, દેદીપ્યમાન શરીરના ધારક હોવાથી તેજસ્વી હતા, શારીરિક બળથી સંયુક્ત હોવાથી વર્ચસ્વી હતા, પરાક્રમ દ્વારા પ્રસિદ્ધિને પ્રાપ્ત હોવાથી યશસ્વી હતા, શરીરની છાયા (પ્રભા)યુક્ત હોવાથી છાયાવંત હતા, શરીરની કાંતિયુક્ત હોવાથી તે કાંત હતા, ચંદ્રની સમાન સૌમ્ય મુદ્રાના ધારક હતા. સર્વજનોના વલ્લભ હોવાથી સુભગ અથવા સૌભાગ્યશાળી હતા, નેત્રોને અતિપ્રિય હોવાથી તેઓ પ્રિયદર્શી હતા, સમચતુરસ્ર સંસ્થાનના ધારક હોવાથી સુરૂપ હતા, શુભ સ્વભાવવાળા હોવાથી શુભશીલ હતા, સુખપૂર્વક સરળતાથી પ્રત્યેકજન તેને મળી શકતા હતા તેથી તેઓ સુખાભિગમ્ય હતા, સર્વજનોના આંખોના પ્યારા હતા.

કયારે ય ન થાકનાર અવિછિન્ન પ્રવાહ યુક્ત બલશાળી હોવાથી તેઓ ઓઘબલી હતા, પોતાના સમયના દરેક પુરુષોના બળનું અતિક્રમણ કરવાથી અતિબલી હતા અને મહાન પ્રશસ્ત અથવા શ્રેષ્ઠ બળ વાળા હોવાથી તેઓ મહાબલી હતા, નિરુપક્રમ આયુષ્યના ધારક હોવાથી અનિહત અર્થાત્ બીજા દ્વારા થતી ઘાત અથવા મરણથી રહિત હતા અથવા મલ્લયુદ્ધમાં કોઈ તેને પરાજિત કરી શકતા ન હોવાથી અપરાજિત હતા, મોટાં મોટાં યુદ્ધોમાં શત્રુઓનાં મર્દન કરવાથી તેઓ શત્રુમર્દન હતા, હજારો શત્રુઓના માનનું મર્દન કરનારા હતા, આજ્ઞા અથવા સેવા સ્વીકાર કરનારા પર કૃપા કરનારા હતા, તેઓ માત્સર્ય (ઈર્ષ્યા) રહિત હતા, કારણ કે બીજાના ગુણોને પણ ધારણ કરી લેતા હતા. મન, વચન, અને કાયાની સ્થિર પ્રવૃત્તિના કારણે તેઓ અચપલ (ચપળતા રહિત) હતા, નિષ્કારણ પ્રચંડ ક્રોધથી રહિત હતા, પરિમિત મંજુલ વાર્તાલાપ અને મૃદુ હાસ્યથી યુક્ત હતા, ગંભીર, મધુર અને પરિપૂર્ણ સત્ય વચન બોલતા હતા,

અધીનતા સ્વીકાર કરનાર પર વાત્સલ્ય ભાવ રાખતા હતા, શરણમાં આવનારના રક્ષક હતા. વજ્ર, સ્વસ્તિક, ચક્ર, આદિ લક્ષણોથી અને તલ, મશા, આદિ વ્યંજનોના ગુણોથી સંયુક્ત હતા, શરીરનાં માન, ઉન્માન અને પ્રમાણથી પરિપૂર્ણ હતા. [તે માપ આ પ્રમાણે છે. પાણીથી ભરેલા દ્રોણ (નાવ)માં બેસીને તેમાંથી બહાર નીકળતું પાણી જો દ્રોણ (માપ વિશેષ) પ્રમાણ હોય તો તે પુરુષ 'માન' પ્રાપ્ત કહેવાય છે. તુલા (ત્રાજવું) પર બેઠેલા પુરુષનું વજન અર્ધભાર પ્રમાણ હોય તો તે પુરુષ 'ઉન્માન' પ્રાપ્ત કહેવાય છે. શરીરની ઊંચાઈ પોતાના આંગળથી જો એકસો આઠ આંગળ હોય તો તે 'પ્રમાણ' પ્રાપ્ત કહેવાય છે.] તેઓ જન્મ જાત સર્વાંગ સુંદર શરીરના ધારક હતા. ચંદ્રજેવા સૌમ્ય આકારવાળા, કાંત અને પ્રિયદર્શી હતા. 'અમસૃણ' (અમર્ષણા)અર્થાત્ કર્તવ્ય પાલનમાં આળસ રહિત(કર્મઠ) હતા. ઉદ્દંડ પુરુષો પર પ્રચંડ દંડનીતિના ધારક હતા, ગંભીર અને દર્શનીય હતા.

બલદેવ તાલવૃક્ષના ચિહ્નવાળી ધ્વજાવાળા અને વાસુદેવ ગરુડના ચિહ્નવાળી ધ્વજાના ધારક હતા. તેઓ કાન સુધી મહાધનુષ ચઢાવનારા હતા, મહાસત્ત્વ (બલ)ના સાગર હતા, રણભૂમિમાં તેના પ્રહારનો સામનો કરવો અશક્ય હતો. તેઓ મહાન ધનુષ્યોના ધારક હતા. પુરુષોમાં ધીર વીર હતા, યુદ્ધોમાં પ્રાપ્ત કીર્તિના ધારક પુરુષ હતા, વિશાળ કુળોમાં ઉત્પન્ન થયેલા હતા, મહારત્ન, વજ્ર (હીરા)ને પણ અંગૂઠા અને તર્જની (ટચલી આંગળીની બાજુની) આ બે આંગળીઓથી ચૂર્ણ કરી દેતા હતા. અર્ધા ભરતક્ષેત્રના અર્થાત્ ત્રણ ખંડના સ્વામી હતા, સૌમ્ય સ્વભાવી હતા, રાજકુળો અને રાજવંશોના તિલક હતા, અજિત હતા અર્થાત્ કોઈથી ન જીતાય તેવા હતા અને અજેય રથવાળા હતા.

બલદેવ હળ, મુશળના ધારક હતા તથા વાસુદેવ કણક–શારંગ ધનુષ,પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદી ગદા, શકિત અને નંદકનામના ખડ્ગના ધારક હતા. પ્રવર, ઉજ્જવલ, સુકાંત, વિમલ કૌસ્તુભ મણિયુક્ત મુકુટના ધારક હતા. તેમનું મુખ કુંડળોમાં લગાવેલા મણિઓના પ્રકાશથી યુક્ત (રહેતું) હતું, કમળ જેવા નેત્રવાળા હતા, કંઠથી લઈને વક્ષઃસ્થલ સુધી એકાવલી હાર શોભિત હતા. તેમનું વક્ષઃસ્થલ શ્રીવત્સના સુલક્ષણથી ચિહ્નિત હતું. તે વિશ્વ વિખ્યાત યશવાળા હતા. દરેક ઋતુઓમાં ઉત્પન્ન થનારા, સુગંધિત પુષ્પોથી બનાવેલી, લાંબી, શોભાયુક્ત, કાંત, વિકસિત, પંચવર્ણી શ્રેષ્ઠ માળાથી તેમનું વક્ષઃસ્થળ હંમેશાં શોભાયમાન રહેતું હતું. તેમનું સુંદર અંગ, પ્રત્યંગ, એકસો આઠ પ્રશસ્ત લક્ષણોથી સંપન્ન હતું. તે મદમત્ત ગજરાજ–હાથીની સમાન લલિત, વિક્રમ અને વિલાસયુક્ત ગતિવાળા હતા. શરદ ઋતુના નવ ગર્જારવ, ક્રૌંચ પક્ષીના નિર્ઘોષ અને દુંદુભિનાદ સમાન મધુર, ગંભીર સ્વરવાળા હતા. બલદેવ કટિસૂત્રવાળા નીલ કૌશેયક વસ્ત્રથી તથા વાસુદેવ કટિસૂત્રવાળા પીત પીળા કૌશેયક વસ્ત્રથી યુક્ત રહેતા હતા અર્થાત્ બલદેવની કમ્મર ઉપર નીલ રંગનો તથા વાસુદેવની કમ્મર ઉપર પીળા રંગનો દુપટ્ટો હંમેશાં બાંધેલો રહેતો હતો. તેઓ પ્રકૃષ્ટ દીપ્તિ અને તેજથી યુક્ત હતા, પ્રબળ બલશાળી હોવાથી તેઓ મનુષ્યોમાં સિંહ સમાન હોવાથી નરસિંહ, મનુષ્યોના પતિ હોવાથી નરપતિ, પરમ ઐશ્વર્યશાળી હોવાથી નરેન્દ્ર તથા સર્વશ્રેષ્ઠ હોવાથી નરવૃષભ કહેવાતા હતા, પોતાના કાર્યભારને પૂર્ણરૂપથી નિર્વાહ કરવાના કારણે તે મરુજ–વૃષભકલ્પ હતા અર્થાત્ મરુસ્થલીના ધોરી બળદ સમાન હતા. અન્ય રાજા–મહારાજાઓથી અધિક રાજતેજ રૂપ લક્ષ્મીથી દેદીપ્યમાન હતા. આ રીતે નીલ વસ્ત્રવાળા નવ રામ (બલદેવ) અને પીત

વસ્ત્રવાળા નવ કેશવ (વાસુદેવ) બંને ભાઈ–ભાઈ હતા.

**૨૯** **तिविट्ठे य दुविट्ठे य, सयंभू पुरिसुत्तमे पुरिससीहे ।**
**तह पुरिसपुंडरीए, दत्ते णारायणे कण्हे ।।५४।।**
**अयले विजये भद्दे, सुप्पभे य सुदंसणे ।**
**आणंदे णंदणे पउमे, रामे यावि अपच्छिमे ।।५५।।**

**ભાવાર્થ** :– તેઓમાં વાસુદેવોનાં નામ આ પ્રકારે છે– (૧) ત્રિપૃષ્ઠ (૨) દ્વિપૃષ્ઠ (૩) સ્વયંભૂ (૪) પુરુષોત્તમ (૫) પુરુષસિંહ (૬) પુરુષપુંડરીક (૭) દત્ત (૮) નારાયણ (લક્ષ્મણ) (૯) કૃષ્ણ.

બલદેવોનાં નામ આ પ્રમાણે છે– (૧) અચલ (૨) વિજય (૩) ભદ્ર (૪) સુપ્રભ (૫) સુદર્શન (૬) આનંદ (૭) નંદન (૮) પદ્મ(રામ) (૯) અંતિમ બલદેવ બલરામ હતા.

**૩૦** **एएसिं णं णवण्हं बलदेव–वासुदेवाणं पुव्वभविया णव णामधेज्जा होत्था । तं जहा–**

**विस्सभूई पव्वयए , धणदत्त समुद्ददत्त इसिवाले ।**
**पियमित्त ललियमित्ते, पुणव्वसू गंगदत्ते य ।।५६।।**
**एयाइं णामाइं, पुव्वभवे आसि वासुदेवाणं ।**
**एत्तो बलदेवाणं, जहक्कमं कित्तइस्सामि ।।५७।।**
**विसणंदी य सुबंधू, सागरदत्ते असोगललिए य ।**
**वाराह धम्मसेणे, अपराइय रायललिए य ।।५८।।**

**ભાવાર્થ** :– આ નવ બલદેવો અને નવ વાસુદેવોના પૂર્વભવોનાં નવ નામ આ પ્રમાણે હતા–

(૧) વિશ્વભૂતિ (૨) પર્વત (૩) ધનદત્ત (૪) સમુદ્રદત્ત (૫) ઋષિપાલ (૬) પ્રિયમિત્ર (૭) લલિતમિત્ર (૮) પુનર્વસુ (૯) ગંગદત્ત. આ વાસુદેવોના પૂર્વભવનાં નવ નામ હતાં.

તેનાથી આગળ યથાક્રમથી બલદેવોનાં નામ કહીશ. (૧) વિશ્વનંદી (૨) સુબંધુ (૩) સાગરદત્ત (૪) અશોક (૫) લલિત (૬) વારાહ (૭) ધર્મસેન (૮) અપરાજિત (૯) રાજલલિત.

**૩૧** **एएसिं णवण्हं बलदेव–वासुदेवाणं पुव्वभविया णव धम्मायरिया होत्था। तं जहा–**

**संभूय सुभद्द सुदंसणे य, सेयंस कण्ह गंगदत्ते य ।**

सागर समुद्दणामे, दुमसेणे य णवमए ।।५९।।
एए धम्मायरिया, कित्तीपुरिसाण वासुदेवाणं ।
पुव्वभवे एयासिं, जत्थ णियाणाइं कासी य ।।६०।।

**ભાવાર્થ** :– આ નવ બલદેવો અને નવ વાસુદેવોના પૂર્વભવમાં નવ ધર્માચાર્યો હતા. (૧) સંભૂત (૨) સુભદ્ર (૩) સુદર્શન (૪) શ્રેયાંસ (૫) કૃષ્ણ (૬) ગંગદત્ત (૭) સાગર (૮) સમુદ્ર (૯) દ્રુમસેન.

આ નવે ય આચાર્ય કીર્તિપુરુષ વાસુદેવોના પૂર્વભવમાં ધર્માચાર્યો હતા.અહીં વાસુદેવોએ પૂર્વભવમાં નિયાણાં કરેલા હતા. તે નગરોનાં નામ આગળ કહેવાશે.

**३२** एएसिं णवण्हं वासुदेवाणं पुव्वभवे णव णियाणभूमीओ होत्था । तं जहा–

महुरा य कणगवत्थू, सावत्थी पोयणं च रायगिहं ।
कायंदी य कोसम्बी, मिहिलपुरी हत्थिणाउरं च ।।६१।।

**ભાવાર્થ** :– આ નવ વાસુદેવોના પૂર્વભવમાં નવ નિયાણાંની ભૂમિઓ હતી. (જ્યાં તેઓએ નિદાન–નિયાણાં કર્યા હતા.) યથા– (૧) મથુરા (૨) કનકવસ્તુ (૩) શ્રાવસ્તી (૪) પોતનપુર (૫) રાજગૃહ (૬) કાકંદી (૭) કૌશાંબી (૮) મિથિલાપુરી (૯) હસ્તિનાપુર.

**३३** एतेसि णं णवण्हं वासुदेवाणं णव णियाणकारणा होत्था । तं जहा–

गावि जुवे य संगामे, तह इत्थी पराइओ रंगे ।
भज्जाणुराग गोट्ठी, परइड्ढी माउआ इय ।।६२।।

**ભાવાર્થ** :– આ નવ વાસુદેવોનાં નિદાન કરવાનાં નવ કારણો હતાં, યથા– (૧) ગાવી–ગાય (૨) યૂપસ્તંભ (૩) સંગ્રામ (૪) સ્ત્રી (૫) પરાજિત (૬) સ્ત્રી અનુરાગ (૭) ગોષ્ઠી (૮) પરઋદ્ધિ (૯) માતૃકા (માતા).

**પ્રતિવાસુદેવ :–**

**३३** एएसिं णवण्हं वासुदेवाणं णव पडिसत्तू होत्था । तं जहा –

अस्सग्गीवे तारए, मेरए महुकेढवे णिसुंभे य ।
बलिपहराए तह रावणे, य णवमे जरासंधे ।।६३।।

एए खलु पडिसत्तू, कित्ती पुरिसाण वासुदेवाणं ।
सव्वे वि चक्कजोही, सव्वे वि हया सचक्केहिं ।।६४।।
एक्को य सत्तमीए, पंच य छट्ठीए पंचमी एक्को ।
एक्को य चउत्थीए, कण्हो पुण तच्च पुढवीए ।।६५।।
अणिदाणकडा रामा, सव्वे वि य केसवा णियाणकडा ।
उड्ढगामी रामा, केसव सव्वे अहोगामी ।।६६।।
अट्ठंतकडा रामा, एगो पुण बंभलोय कप्पंमि ।
एक्कस्स गब्भवसही, सिज्झिस्सइ आगमिस्सेणं ।।६७।।

**ભાવાર્થ** :– આ નવ વાસુદેવોના નવ પ્રતિશત્રુ (પ્રતિવાસુદેવ) હતા, યથા–

(૧) અશ્વગ્રીવ (૨) તારક (૩) મેરક (૪) મધુ કૈટભ (૫) નિશુમ્ભ (૬) બલિ (૭) પ્રભરાજ (પ્રહ્લાદ) (૮) રાવણ (૯) જરાસંઘ.

આ કીર્તિપુરુષ વાસુદેવોના નવ પ્રતિશત્રુ હતા. તેઓ બધા ચક્રયોદ્ધી હતા અને દરેક પોતાના જ ચક્રથી યુદ્ધમાં મરાયા હતા.

આ નવ વાસુદેવોમાંથી એક સાતમી (નરક) પૃથ્વીમાં, પાંચ વાસુદેવ છટ્ઠીનરક પૃથ્વીમાં, એક પાંચમીનરક પૃથ્વીમાં, એક ચોથીનરક પૃથ્વીમાં અને કૃષ્ણ ત્રીજીનરક પૃથ્વીમાં ગયા.

દરેક રામ (બલદેવ) નિયાણા રહિત હોય છે અને શેષ દરેક વાસુદેવ પૂર્વભવમાં નિયાણા કરે છે. દરેક રામ બલદેવ મરીને ઊર્ધ્વગામી થાય છે અને દરેક વાસુદેવો મરીને અધોગામી થાય છે.

આઠ રામ (બલદેવ) અંતકૃત અર્થાત્ કર્મોનો ક્ષય કરીને સંસારનો અંત કરનાર થયા. એક અંતિમ બલદેવ, બ્રહ્મલોકમાં (પાંચમાં દેવલોક)ઉત્પન્ન થયા. જે આગામી ભવમાં એક ગર્ભવાસ લઈને સિદ્ધ થશે.

### ઐરવત ક્ષેત્રના તીર્થંકર :–

**૩૪** जंबुद्दीवे णं दीवे एरवए वासे इमीसे ओसप्पिणीए चउव्वीसं तित्थयरा होत्था । तं जहा–

चंदाणणं सुचंदं, अग्गीसेणं च णंदिसेणं च ।
इसिदिण्णं वयहारिं, वंदिमो सोमचंदं च ।।६८।।
वंदामि जुत्तिसेणं, अजियसेणं तहेव सिवसेणं ।
बुद्धं च देवसम्मं, सययं णिक्खित्तसत्थं च ।।६९।।

**असंजलं जिणवसहं, वंदे य अणंतयं अमियणाणिं ।**
**उवसंतं च धुयरयं, वंदे खलु गुत्तिसेणं च ।।७०।।**
**अतिपासं च सुपासं, देवेसर वंदियं च मरुदेवं ।**
**णिव्वाणगयं च धरं, खीणदुहं सामकोट्ठं च ।।७१।।**
**जियरागमग्गिसेणं, वंदे खीणरयमग्गिउत्तं च ।**
**वोक्कसिय पिज्जदोसं, वारिसेणं गयं सिद्धिं ।।७२।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપના ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકર થયાં હતાં, યથા– (૧) ચંદ્રના સમાન મુખવાળા–સુચંદ્ર (૨) અગ્નિસેન (૩) નન્દિસેન વ્રતધારી (૪) ઋષિદત્ત અને (૫) સોમચંદ્રને હું વંદન કરું છું. (૬) યુક્તિસેન(૭) અજિતસેન (૮) શિવસેન (૯) બુદ્ધ (૧૦) દેવશર્મ (૧૧) નિક્ષિપ્તશસ્ત્ર(શ્રેયાંસ)ને હું સદા વંદન કરું છું.(૧૨) અસંજ્વલ (૧૩) જિનવૃષભ અને (૧૪) અમિતગામી (૧૫) અનંત જિનને હું સદા વંદન કરું છું. કર્મ રજરહિત ઉપશાંત (૧૬) ગુપ્તિસેનને પણ હું સદા વંદન કરું છું. (૧૭) અતિપાર્શ્વ (૧૮) સુપાર્શ્વ તથા દેવેશ્વરોથી વંદિત (૧૯) મરુદેવ નિર્વાણને પ્રાપ્ત (૨૦) ધર અને પ્રક્ષીણ દુઃખવાળા (૨૧) શ્યામકોષ્ઠ રાગ વિજેતા (૨૨) અગ્નિસેન ક્ષીણરાગી (૨૩) અગ્નિપુત્ર અને રાગદ્વેષનો ક્ષય કરનાર, સિદ્ધિને પ્રાપ્ત (૨૪)ચોવીસમા વારિષેણને હું સદા વંદન કરું છું. (કયાંક–કયાંક નામોનાં ક્રમમાં તફાવત દેખાય છે.)

### ભરતક્ષેત્રના આગામી કાળના કુલકર વગેરે :–

**૩૫ जंबुद्दीवे णं दीवे आगमिस्साए उस्सप्पिणीए भारहे वासे सत्त कुलगरा भविस्संति । तं जहा–**

**मियबाहणे सुभूमे य सुप्पभे य सयंपभे ।**
**दत्ते सुहुमे सुबंधू य आगमिस्साण होक्खति ।।७३।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપમાં ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં સાત કુલકરો થશે, યથા– (૧) મિતવાહન (૨) સુભૂમ (૩) સુપ્રભ (૪) સ્વયંપ્રભ (૫) દત્ત (૬)સૂક્ષ્મ (૭) સુબંધુ. આગામી ઉત્સર્પિણીકાલમાં આ સાત કુલકરો થશે.

**जंबुद्दीवे णं दीवे आगमिस्साए उस्सप्पिणीए एरवए वासे दस कुलगरा भविस्संति । तं जहा– विमलवाहणे सीमंकरे सीमंधरे खेमंकरे खेमंधरे दढधणू दसधणू सयधणू पडिसूई सुमइ त्ति ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપના ઐરવત વર્ષક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીકાળમાં દશ કુલકરો થશે, યથા–

(૧) વિમલવાહન (૨) સીમંકર (૩) સીમંધર (૪) ક્ષેમંકર (૫) ક્ષેમંધર (૬) દઢધનુ (૭) દશધનુ (૮) શતધનુ (૯) પ્રતિશ્રુતિ (૧૦) સુમતિ.

**ભરતક્ષેત્રમાં આગામી કાળના તીર્થંકર :–**

**३६** जंबुद्दीवे णं दीवे भारहे वासे आगमिस्साए उस्सप्पिणीए चउवीसं तित्थगरा भविस्संति । तं जहा–

महापउमे सूरदेवे, सुपासे य सयंपभे ।
सव्वाणुभूई अरहा, देवस्सुए य होक्खइ ।।७४।।
उदए पेढालपुत्ते य, पोट्टिले सत्तकित्ति य ।
मुणिसुव्वए अरहा, सव्वभावविऊ जिणे ।।७५।।
अममे णिक्कसाए य, णिप्पुलाए य णिम्ममे ।
चित्तउत्ते समाही य, आगमिस्सेण होक्खइ ।।७६।।
संवरे अणियट्टी य, विजए विमले त्ति य ।
देवोववाए अरहा, अणंतविजए इ य ।।७७।।
एए वुत्ता चउव्वीसं, भरहे वासम्मि केवली ।
आगमिस्सेण होक्खंति, धम्मतित्थस्स देसगा ।।७८।।

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકર થશે, યથા– (૧) મહાપદ્મ (૨) સૂરદેવ (૩) સુપાર્શ્વ (૪) સ્વયંપ્રભ (૫) સર્વાનુભૂતિ (૬) દેવશ્રુત (૭) ઉદય (૮) પેઢાલપુત્ર (૯) પોટ્ટિલ (પ્રોષ્ઠિલ) (૧૦) શતકીર્તિ (૧૧) મુનિસુવ્રત (૧૨) સર્વભાવવિત્ (૧૩) અમમ (૧૪) નિષ્કષાય (૧૫) નિષ્પુલાક (૧૬) નિર્મમ (૧૭) ચિત્રગુપ્ત (૧૮) સમાધિગુપ્ત (૧૯) સંવર (૨૦) અનિવૃત્તિ (૨૧) વિજય (૨૨) વિમલ (૨૩) દેવોપપાત (૨૪) અનંત વિજય. આ ચોવીસ તીર્થંકર ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં ધર્મતીર્થની દેશના કરનારા હશે.

**३७** एएसि णं चउव्वीसाए तित्थकराणं पुव्वभविया चउव्वीसं णामधेज्जा होत्था ।

सेणिय सुपास उदए, पोट्टिल्ल अणगार तह दढाऊ य ।
कत्तिय संखे य तहा, णंद सुणण्दे य सतए य ।।७९।।
बोधव्वा देवई य सच्चइ, तह वासुदेव बलदेवे ।
रोहिणि सुलसा चेव, तत्तो खलु रेवई चेव ।।८०।।

तत्तो हवइ सयाली, बोधव्वे खलु तहा भयाली य ।
दीवायणे य कण्हे, तत्तो खलु णारए चेव ।।८१।।
अंबड दारुमडे य, साई बुद्धे य होइ बोद्धव्वे ।
भावी तित्थगराणं, णामाइं पुव्वभवियाइं ।।८२।।

**ભાવાર્થ** :– આ (જંબૂદ્વીપના ભારતવર્ષના) ભવિષ્યકાલીન ચોવીસ તીર્થંકરોના પૂર્વભવનાં ચોવીસ નામ આ પ્રમાણે છે– (૧) શ્રેણિક (૨) સુપાર્શ્વ (૩) ઉદય (૪) પોટ્ટિલ અણગાર (૫) દઢાયુ (૬) કાર્તિક (૭) શંખ (૮) નંદ (૯) સુનંદ (૧૦) શતક (૧૧) દેવકી (૧૨) સત્યકિ (૧૩) વાસુદેવ (૧૪) બલદેવ (૧૫) રોહિણી (૧૬) સુલસા (૧૭) રેવતી (૧૮) શતાલી(મૃગાલી) (૧૯) ભયાલી (૨૦) દ્વીપાયન (૨૧) નારદ (૨૨) અંબડ (૨૩) સ્વાતિ (૨૪) બુદ્ધ. ભાવિ તીર્થંકરોના પૂર્વભવોનાં આ નામ જાણવાં જોઈએ.

**૩૮** एएसि णं चउव्वीसाए तित्थगराणं चउव्वीसं पियरो भविस्संति, चउव्वीसं मायरो भविस्संति, चउव्वीसं पढमसीसा भविस्संति, चउव्वीसं पढमसिस्सणीओ भविस्संति, चउव्वीसं पढमभिक्खादायगा भविस्संति, चउव्वीसं चेइयरुक्खा भविस्संति ।

**ભાવાર્થ** :– આ ચોવીસ તીર્થંકરોના ચોવીસ પિતાઓ, ચોવીસ માતાઓ, ચોવીસ પ્રથમ શિષ્યો, ચોવીસ પ્રથમ શિષ્યાઓ, ચોવીસ પ્રથમ ભિક્ષાદાતા થશે અને ચોવીસ ચૈત્ય વૃક્ષો થશે.

### ભરતક્ષેત્રના આગામી કાળના ચક્રવર્તી :–

**૩૯** जंबुद्दीवे णं दीवे भारहे वासे आगमिस्साए उस्सप्पिणीए बारस चक्कवट्टिणो भविस्संति । तं जहा–

भरहे य दीहदंते, गूढदंते य सुद्धदंते य ।
सिरिउत्ते सिरिभूई, सिरिसोमे य सत्तमे ।।८३।।
पउमे य महापउमे, विमलवाहणे विपुलवाहणे चेव ।
रिट्ठे बारसमे वुत्ते, आगमिस्सा भरहाहिवा ।।८४।।

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપ ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં બાર ચક્રવર્તીઓ થશે, યથા– (૧) ભરત (૨) દીર્ઘદંત (૩) ગૂઢદંત (૪) શુદ્ધદંત (૫)શ્રીપુત્ર (૬) શ્રીભૂતિ (૭) શ્રીસોમ (૮) પદ્મ (૯) મહાપદ્મ (૧૦) વિમલવાહન (૧૧) વિપુલવાહન (૧૨) રિષ્ટ. આ બાર ચક્રવર્તી આગામી

ઉત્સર્પિણીકાળમાં ભરત ક્ષેત્રના સ્વામી હશે.

**૪૦** **एएसि णं बारसण्हं चक्कवट्टीणं बारस पियरो बारस मायरो भविस्संति, बारस इत्थीरयणा भविस्संति ।**

**ભાવાર્થ** :– આ બાર ચક્રવર્તીઓનાં બાર પિતાઓ, બાર માતાઓ અને બાર સ્ત્રી રત્નો થશે.

### ભરતક્ષેત્રના આગામી કાળના બળદેવ વાસુદેવ પ્રતિવાસુદેવ :–

**૪૧** **जंबुद्दीवे णं दीवे भारहे वासे आगमिस्साए उस्सप्पिणीए णव बलदेव-वासुदेव-पियरो भविस्संति, णव वासुदेवमायरो भविस्संति, णव बलदेवमायरो भविस्संति, णव दसारमंडला भविस्संति। तं जहा–उत्तमपुरिसा मज्झिमपुरिसा पहाणपुरिसा ओयंसी तेयंसी एवं सो चेव वण्णओ भाणियव्वो** *जाव* **णीलगपीतगवसणा दुवे दुवे राम-केसवा भायरो भविस्संति । तं जहा–**

**णंदे य णंदमित्ते, दीहबाहू तहा महाबाहू ।**
**अइबले महाबले, बलभद्दे य सत्तमे ।।८५।।**
**दुविट्ठू य तिवट्ठू य, आगमिस्साण वण्हिणो ।**
**जयंते विजए भद्दे , सुप्पभे य सुदंसणे ।।८६।।**
**आणंदे णंदणे पउमे, संकरिसणे य अपच्छिमे ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપ ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીકાળમાં નવ બલદેવો અને નવ વાસુદેવો થશે, તેમના નવ પિતા વાસુદેવોની(નવ)માતાઓ થશે, નવ બલદેવોની (નવ) માતાઓ થશે, નવ દશારમંડલ થશે. તેઓ ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, પ્રધાન પુરુષ, ઓજસ્વી, તેજસ્વી આદિ પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત થશે. પૂર્વમાં જે દશારમંડલનું વિસ્તૃત વર્ણન છે, તે સર્વ વર્ણન અહીં જાણવું ***યાવત્*** બલદેવ નીલ વસ્ત્રવાળા અને વાસુદેવ પીત વસ્ત્રવાળા હશે. આ પ્રમાણે ભવિષ્યકાળમાં રામ અને કેશવ બે બે ભાઈઓ હશે. તેનાં નામ આ પ્રમાણે હશે– (૧) નંદ (૨) નંદમિત્ર (૩) દીર્ઘબાહુ (૪) મહાબાહુ (૫) અતિબલ (૬) મહાબલ (૭) બલભદ્ર (૮) દ્વિપૃષ્ઠ (૯) ત્રિપૃષ્ઠ. આ નવ આગામી ઉત્સર્પિણી કાળમાં નવ વૃષ્ણી અથવા વાસુદેવો થશે. તથા (૧) જયંત (૨) વિજય (૩) ભદ્ર (૪) સુપ્રભ (૫) સુદર્શન (૬) આનંદ (૭) નંદન (૮) પદ્મ અને અંતિમ (૯) સંકર્ષણ, આ નવ બલદેવ થશે.

**૪૨** **एएसि णं णवण्हं बलदेव-वासुदेवाणं पुव्वभविया णव णामधेज्जा भविस्संति, णव धम्मायरिया भविस्संति, णव णियाणभूमीओ भविस्संति,**

णव णियाणकारणा भविस्संति, णव पडिसत्तू भविस्संति । तं जहा–

तिलए य लोहजंघे, वइरजंघे य केसरी पहराए ।
अपराइए य भीमे, महाभीमे य सुग्गीवे ।।८७।।
एए खलु पडिसत्तू, कित्तीपुरिसाण वासुदेवाणं ।
सव्वे वि चक्कजोही, हम्मिहिंति सचक्केहिं ।।८८।।

**भावार्थ** :– આ નવ બલદેવો અને વાસુદેવોના પૂર્વભવનાં નવ નામ હશે, નવ ધર્માચાર્યો હશે, નવ નિદાન ભૂમિઓ હશે, નવ નિદાન કારણ હશે અને નવ પ્રતિશત્રુ હશે, યથા–

(૧) તિલક (૨) લોહજંઘ (૩) વજ્જજંઘ (૪) કેસરી (૫) પ્રભરાજ (૬) અપરાજિત (૭) ભીમ (૮) મહાભીમ (૯) સુગ્રીવ. કીર્તિપુરુષ વાસુદેવોના આ નવ પ્રતિશત્રુ થશે, દરેક ચક્રયોદ્ધા હશે અને યુદ્ધમાં પોતાના જ ચક્રથી મૃત્યુ પામશે.

### ઐરવત ક્ષેત્રના આગામી તીર્થંકર વગેરે :–

**૪૩** जंबुद्दीवे णं दीवे एरवए वासे आगमिस्साए उस्सप्पिणीए चउवीसं तित्थकरा भविस्संति । तं जहा–

सुमंगले य सिद्धत्थे, णिव्वाणे य महाजसे ।
धम्मज्झए य अरहा, आगमिस्साण होक्खइ ।।८९।।
सिरिचंदे पुप्फकेऊ, महचंदे य केवली ।
सुयसागरे य अरहा, आगमिस्साण होक्खइ ।।९०।।
सिद्धत्थे पुण्णघोसे य, महाघोसे य केवली ।
सच्चसेणे य अरहा, आगमिस्साण होक्खइ ।।९१।।
सूरसेणे य अरहा, महासेणे य केवली ।
सव्वाणंदे य अरहा, देवउत्ते य होक्खइ ।।९२।।
सुपासे सुव्वए अरहा, अरहे य सुकोसले ।
अरहा अणंतविजए, आगमिस्साण होक्खइ ।।९३।।
विमले उत्तरे अरहा, अरहा य महाबले ।
देवाणंदे य अरहा, आगमिस्साण होक्खइ ।।९४।।
एए वुत्ता चउव्वीसं, एरवयम्मि केवली ।

**आगमिस्साण होक्खंति, धम्मतित्थस्स देसगा ।।९५।।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપના ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીકાળમાં ચોવીસ તીર્થંકરો થશે, યથા– (૧) સુમંગલ (૨) સિદ્ધાર્થ (૩) નિર્વાણ (૪) મહાયશ (૫) ધર્મધ્વજ. આ અરિહંત ભગવંત આગામી કાળમાં થશે. પુનઃ (૬) શ્રીચંદ્ર (૭) પુષ્પકેતુ (૮) મહાચંદ્ર કેવળી અને (૯) શ્રુતસાગર અરિહંત થશે. પુનઃ (૧૦) સિદ્ધાર્થ (૧૧) પૂર્ણઘોષ (૧૨) મહાઘોષ કેવળી અને (૧૩) સત્યસેન અરિહંત હશે. (૧૪) સૂરસેન અરિહંત (૧૫) મહાસેન કેવળી (૧૬) સર્વાનંદ અને(૧૭) દેવપુત્ર અરિહંત થશે ત્યાર પછી (૧૮) સુપાર્શ્વ (૧૯) સુવ્રત અરિહંત (૨૦) સુકોશલ અરિહંત અને (૨૧) અનંતવિજય અરિહંત આગામી કાળમાં થશે. ત્યાર પછી (૨૨) વિમલ અરિહંત, ત્યાર પછી (૨૩) મહાબલ અરિહંત અને પછી(૨૪) દેવાનંદ અરિહંત આગામી કાળમાં થશે. આ ઉપર કહેલા ચોવીસ તીર્થંકર કેવળી ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાળમાં ધર્મતીર્થની દેશના કરનારા થશે.

**૪૪ जंबुद्दीवे णं दीवे एरवए वासे आगमिस्साए उस्सप्पिणीए बारस चक्कवट्टिणो भविस्संति, बारस चक्कवट्टिपियरो भविस्संति, बारस मायरो भविस्संति, बारस इत्थीरयणा भविस्संति, णव बलदेव-वासुदेवपियरो भविस्संति, णव वासुदेवमायरो भविस्संति, णव बलदेवमायरो भविस्संति । णव दसारमंडला भविस्संति, उत्तमा पुरिसा मज्झिमपुरिसा पहाणपुरिसा** *जाव* **दुवे दुवे राम-केसवा भायरो, भविस्संति, णव पडिसत्तू भविस्संति, णव पुव्वभवणामधेज्जा, णव धम्मायरिया, णव णियाणभूमीओ, णव णियाणकारणा एयाए एरवए आगमिस्साए भाणियव्वा ।**

**ભાવાર્થ** :– આ જંબૂદ્વીપનામના દ્વીપના ઐરવતવર્ષમાં ઉત્સર્પિણી કાળમાં આગામી બાર ચક્રવર્તી હશે, બાર ચક્રવર્તીઓના બાર પિતાઓ, બાર માતાઓ હશે, બાર સ્ત્રી રત્નો હશે. નવ બલદેવ અને નવ વાસુદેવોના નવ પિતાઓ હશે, નવ વાસુદેવોની માતાઓ હશે, નવ બલદેવોની માતાઓ હશે. નવ દશારમંડલ થશે, જે ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ, પ્રધાન પુરુષ યાવત્ સર્વાધિક રાજતેજ રૂપ લક્ષ્મીથી દેદીપ્યમાન રામ–કેશવ (બલદેવ–વાસુદેવ) બે બે ભાઈ–ભાઈ હશે. તેઓના નવ પ્રતિશત્રુઓ થશે, તેઓના નવ પૂર્વભવોનાં નામ થશે, તેઓના નવ ધર્માચાર્યો થશે, તેઓની નવ નિદાન ભૂમિઓ થશે, નિદાનનાં નવ કારણ થશે. આ રીતે આ બધા આગામી ઉત્સર્પિણીકાળમાં ઐરાવત ક્ષેત્રમાં થશે વગેરે કથન કરવું જોઈએ.

**૪૫ एवं दोसु वि आगमिस्साए भाणियव्वा ।**

**ભાવાર્થ** :– આ પ્રમાણે ભરત અને ઐરવત, આ બન્ને ક્ષેત્રોમાં આગામી ઉત્સર્પિણીકાળમાં થનારા વાસુદેવ આદિનું કથન કરવું જોઈએ.

## ઉપસંહાર :–

**૪૬ इच्चेयं एवमाहिज्जति, तं जहा– कुलगरवंसेइ य, एवं तित्थगरवंसेइ य, चक्कवट्टिवंसेइ य दसारवंसेइ वा गणधरवंसेइ य, इसिवंसेइ य, जइवंसेइ य, मुणिवंसेइ य, सुएइ वा, सुअंगेइ वा सुयसमासेइ वा, सुयखंधेइ वा समवाए इ वा, संखेइ वा समत्तमंगमक्खायं अज्झयणं त्ति बेमि ।**

**ભાવાર્થ** :– આ પ્રમાણે આ અધિકૃત સમવાયાંગ સૂત્ર અનેક પ્રકારના ભાવો અને પદાર્થોનું વર્ણન છે, યથા– તેમાં કુલકરોના વંશોનું વર્ણન છે. આ રીતે તીર્થંકરોના વંશોનું, ચક્રવર્તીઓના વંશોનું, દશારમંડલોના વંશોનું, ગણધરોના વંશોનું, ઋષિઓના વંશોનું, યતિઓના વંશોનું અને મુનિઓના વંશોનું પણ વર્ણન છે. પરોક્ષરૂપથી ત્રિકાળવર્તી સમસ્ત અર્થોનું પરિજ્ઞાન કરાવવાથી તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન પ્રવચન પુરુષનું અંગ હોવાથી તે શ્રુતાંગ છે. તેમાં સમસ્ત સૂત્રોનો અર્થ સંક્ષેપથી કહ્યો છે, તેથી તે શ્રુત સમાસ છે. શ્રુતના સમુદાયરૂપ વર્ણન કરતાં આ 'શ્રુતસ્કન્ધ ' છે. સમસ્ત જીવાદિ પદાર્થોના સમુદાયરૂપ કથન કરવાથી આ 'સમવાય' કહેવામાં આવે છે. એક, બે, ત્રણ આદિ સંખ્યાના રૂપમાં સંખ્યાનું વર્ણન હોવાથી "સંખ્યાન" નામથી પણ ઓળખાય છે. તેમાં આચારાંગ આદિ અંગો સમાન શ્રુતસ્કન્ધ વગેરેના વિભાગ ન હોવાથી આ અંગ 'સમસ્ત' અર્થાત્ પરિપૂર્ણ અંગ કહેવામાં આવે છે. તેમજ તેમાં ઉદ્દેશક આદિના વિભાગ ન હોવાથી તેને 'અધ્યયન' પણ કહે છે. આમ આ રીતે શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામીને લક્ષ્યમાં રાખીને કહે છે કે આ અંગ ભગવાન મહાવીરની સમીપે જે રીતે મેં સાંભળ્યું છે, તે રીતે મેં તમને કહ્યું છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રયુક્ત તીર્થંકરાદિના વંશનો અર્થ તેની પરંપરાથી છે. ઋષિ, યતિ આદિ શબ્દ સાધારણતયા સાધુઓના વાચક છે. તે છતાં ઋદ્ધિના ધારક સાધુઓને ઋષિ, ઉપશમ અથવા ક્ષપકશ્રેણી પર પ્રયાણ કરનારાને યતિ ; અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાનીઓને મુનિ અને ગૃહત્યાગી સામાન્ય સાધુઓને અણગાર કહે છે. સંસ્કૃત ટીકામાં ગણધરો સિવાયના જિનેન્દ્રના શેષ શિષ્યોને ઋષિ કહ્યા છે. નિર્યુક્તિ પ્રમાણે કર્મ–ક્લેશોના નિવારણ કરનારાને ઋષિ, આત્મવિદ્યામાં માન્ય જ્ઞાનીઓને મુનિ, પાપોને નાશ કરવા ઉદ્યત (તત્પર)સાધુઓને યતિ અને દેહમાં પણ નિઃસ્પૃહને અણગાર કહે છે.

આ સમવાયાંગસૂત્ર સૂત્ર જો કે દ્વાદશાંગસૂત્રોમાં ચોથું અંગસૂત્ર છે છતાં આમાં સંક્ષેપમાં બધાં અંગસૂત્રોનું વર્ણન કરવામાં આવ્યું છે અને સંખ્યાના રૂપમાં ઘણાં તત્ત્વોનું સંકલન થયેલું છે તેથી તેનું મહત્ત્વ વિશેષરૂપે છે.

## ॥ શ્રી સમવાયાંગ સૂત્ર સંપૂર્ણ ॥

**પરિશિષ્ટ–૧**

## ૨૪ તીર્થંકરોનું કોષ્ટક

| ક્રમ | તીર્થંકરનું નામ | પૂર્વભવનું નામ | માતા | પિતા | અવગાહના |
|---|---|---|---|---|---|
| ૧. | ઋષભદેવ સ્વામી | વજ્રનાભ | મરુદેવા | નાભિરાજા | ૫૦૦ ધનુષ્ય |
| ૨. | અજિતનાથ સ્વામી | વિમલ | વિજયા | જિતશત્રુ | ૪૫૦ ધનુષ્ય |
| ૩. | સંભવનાથ સ્વામી | વિમલવાહન | સેના | જિતારિ | ૪૦૦ ધનુષ્ય |
| ૪. | અભિનંદન સ્વામી | ધર્મસિંહ | સિદ્ધાર્થા | સંવર | ૩૫૦ ધનુષ્ય |
| ૫. | સુમતિનાથ સ્વામી | સુમિત્ર | મંગલા | મેઘ | ૩૦૦ ધનુષ્ય |
| ૬. | પદ્મપ્રભુ સ્વામી | ધર્મમિત્ર | સુસીમા | ધર | ૨૫૦ ધનુષ્ય |
| ૭. | સુપાર્શ્વનાથ સ્વામી | સુંદરબાહુ | પૃથ્વી | પ્રતિષ્ઠ | ૨૦૦ ધનુષ્ય |
| ૮. | ચંદ્રપ્રભુ સ્વામી | દીર્ઘબાહુ | લક્ષ્મણા | મહાસેન | ૧૫૦ ધનુષ્ય |
| ૯. | સુવિધિનાથ સ્વામી | યુગબાહુ | રામા | સુગ્રીવ | ૧૦૦ ધનુષ્ય |
| ૧૦. | શીતલનાથ સ્વામી | લષ્ઠબાહુ | નંદા | દઢરથ | ૯૦ ધનુષ્ય |
| ૧૧. | શ્રેયાંસનાથ સ્વામી | દિન્ન | વિષ્ણુદેવી | વિષ્ણુ | ૮૦ ધનુષ્ય |
| ૧૨. | વાસુપુજ્ય સ્વામી | ઈન્દ્રદત્ત | જયા | વસુપૂજ્ય | ૭૦ ધનુષ્ય |
| ૧૩. | વિમલનાથ સ્વામી | સુંદર | શ્યામા | કૃતવર્મા | ૬૦ ધનુષ્ય |
| ૧૪. | અનંતનાથ સ્વામી | માહેન્દ્ર | સુયશા | સિંહસેન | ૫૦ ધનુષ્ય |
| ૧૫. | ધર્મનાથ સ્વામી | સિંહરથ | સુવ્રતા | ભાનુ | ૪૫ ધનુષ્ય |
| ૧૬. | શાંતિનાથ સ્વામી | મેઘરથ | અચિરા | વિશ્વસેન | ૪૦ ધનુષ્ય |
| ૧૭. | કુંથુનાથ સ્વામી | રુકમી | શ્રીરાણી | સૂરસેન | ૩૫ ધનુષ્ય |
| ૧૮. | અરનાથ સ્વામી | સુદર્શન | દેવી | સુદર્શન | ૩૦ ધનુષ્ય |
| ૧૯. | મલ્લિનાથ સ્વામી | નંદન | પ્રભાવતી | કુંભરાજ | ૨૫ ધનુષ્ય |
| ૨૦. | મુનિસુવ્રત સ્વામી | સિંહગિરિ | પદ્મા | સુમિત્ર | ૨૦ ધનુષ્ય |
| ૨૧. | નમિનાથ સ્વામી | અદીનશત્રુ | વપ્રા | વિજય | ૧૫ ધનુષ્ય |
| ૨૨. | નેમનાથ સ્વામી | શંખ | શિવા | સમુદ્રવિજય | ૧૦ ધનુષ્ય |
| ૨૩. | પાર્શ્વનાથ સ્વામી | સુદર્શન | વામાદેવી | અશ્વસેન | નવ હાથ |
| ૨૪. | વર્ધમાનસ્વામી | નંદન | ત્રિશલા | સિદ્ધાર્થ | સાત હાથ |

| ક્રમ | દીક્ષિત અવસ્થા | દીક્ષા શિબિકા | સહ દીક્ષિત પરિવાર | દીક્ષા સમય નો તપ | પ્રથમ ભિક્ષાદાતા | ભિક્ષા પ્રાપ્તિ ક્યારે ? |
|---|---|---|---|---|---|---|
| ૧. | રાજ્ય ભોગવીને | સુદર્શના | ૪૦૦૦ પુરુષો | છઠ | શ્રેયાંસ | એક વર્ષે |
| ૨. | " | સુપ્રભા | ૧૦૦૦ | છઠ | બ્રહ્મદત્ત | બીજે દિવસ |
| ૩. | " | સિદ્ધાર્થા | ૧૦૦૦ | છઠ | સુરેન્દ્રદત્ત | " |
| ૪. | " | સુપ્રસિદ્ધા | ૧૦૦૦ | છઠ | ઈન્દ્રદત્ત | " |
| ૫. | " | વિજયા | ૧૦૦૦ | નિત્યભોજી | પદ્મ | " |
| ૬. | " | વૈજયંતિ | ૧૦૦૦ | છઠ | સોમદેવ | " |
| ૭. | " | જયંતિ | ૧૦૦૦ | છઠ | માહેન્દ્ર | " |
| ૮. | " | અપરાજિતા | ૧૦૦૦ | છઠ | સોમદત્ત | " |
| ૯. | " | અરૂણપ્રભા | ૧૦૦૦ | છઠ | પુષ્ય | " |
| ૧૦. | " | ચંદ્રપ્રભા | ૧૦૦૦ | છઠ | પુનર્વસુ | " |
| ૧૧. | " | સૂર્યપ્રભા | ૧૦૦૦ | છઠ | પૂર્ણનંદ | " |
| ૧૨. | રાજ્ય ભોગવ્યા વિના | અગ્નિપ્રભા | ૬૦૦ | ૧ ઉપવાસ | સુનંદ | " |
| ૧૩. | રાજ્ય ભોગવીને | સુપ્રભા | ૧૦૦૦ | છઠ | જય | " |
| ૧૪. | " | વિમલા | ૧૦૦૦ | છઠ | વિજય | " |
| ૧૫. | " | પંચવર્ણા | ૧૦૦૦ | છઠ | ધર્મસિંહ | " |
| ૧૬. | " | સાગરદત્તા | ૧૦૦૦ | છઠ | સુમિત્ર | " |
| ૧૭. | " | નાગદત્તા | ૧૦૦૦ | છઠ | ધર્મમિત્ર | " |
| ૧૮. | " | અભયકરા | ૧૦૦૦ | છઠ | અપરાજિત | " |
| ૧૯. | રાજ્ય ભોગવ્યા વિના | નિર્વૃતિકરા | ૩૦૦ | અઠ્ઠમ | વિશ્વસેન | " |
| ૨૦. | રાજ્ય ભોગવીને | મનોરમા | ૧૦૦૦ | છઠ | ઋષભસેન | " |
| ૨૧. | રાજ્ય ભોગવીને | મનોહરા | ૧૦૦૦ | છઠ | દત્ત | " |
| ૨૨. | રાજ્ય ભોગવ્યા વિના | દેવકુરા | ૧૦૦૦ | છઠ | વરદત્ત | " |
| ૨૩. | રાજ્ય ભોગવ્યા વિના | ઉત્તરકુરા | ૩૦૦ | અઠ્ઠમ | ધનદત્ત | " |
| ૨૪. | રાજ્ય ભોગવ્યા વિના | ચંદ્રપ્રભા | એકાકી | છઠ | બહુલબ્રાહ્મણ | " |

| ક્રમ | પ્રથમ ભિક્ષા | ચૈત્યવૃક્ષ | ચૈત્યવૃક્ષ ઉંચાઈ | પ્રથમ શિષ્ય | પ્રથમ શિષ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ઈક્ષુરસ | ન્યગ્રોધ | ત્રણગાઉ | ઋષભસેન | બ્રાહ્મી |
| ૨. | ખીર | સપ્તપર્ણ | શરીરથી બારગુણુ | સિંહસેન | ફલ્ગુ |
| ૩. | " | શાલ | " | ચારૂ | શ્યામા |
| ૪. | " | પ્રિયાલ | " | વજ્રનાભ | અજિતા |
| ૫. | " | પ્રિયંગુ | " | ચમર | કાશ્યપી |
| ૬. | " | છત્રાહ | " | સુવ્રત | રતિ |
| ૭. | " | શિરીષ | " | વિદર્ભ | સોમા |
| ૮. | " | નાગવૃક્ષ | " | દિન્ન | સુમના |
| ૯. | " | શાલી | " | વરાહ | વારુણી |
| ૧૦. | " | પિલંખુવૃક્ષ | " | આનંદ | સુલસા |
| ૧૧. | " | તિંદુક | " | કૌસ્તુભ | ધારિણી |
| ૧૨. | " | પાટલ | " | સુધર્મ | ધરણી |
| ૧૩. | " | જંબૂ | " | મંદર | ધરણીધરા |
| ૧૪. | " | અશ્વત્થ–પીપળો | " | યશ | પદ્મા |
| ૧૫. | " | દધિપર્ણ | " | અરિષ્ટ | શિવા |
| ૧૬. | " | નંદીવૃક્ષ | " | ચક્રરથ | શુચિ |
| ૧૭. | " | તિલક | " | સ્વયંભૂ | અંજુકા |
| ૧૮. | " | આમ્રવૃક્ષ | " | કુંભ | રક્ષિકા |
| ૧૯. | " | અશોક | " | ઈન્દ્ર | બંધુવતી |
| ૨૦. | " | ચંપક | " | કુંભ | પુષ્પવતી |
| ૨૧. | " | બકુલ | " | શુભ | અમિલા |
| ૨૨. | " | વેત્રસ | " | વરદત્ત | યક્ષિણી |
| ૨૩. | " | ધાતકી વૃક્ષ | " | દત્ત | પુષ્પચૂલા |
| ૨૪. | " | શાલવૃક્ષ | ૩૨ ધનુષ | ઈન્દ્રભૂતિ | ચંદના |

## પરિશિષ્ટ–૨

### ભરત ક્ષેત્રના ભાવી ૨૪ તીર્થંકરો અને તેના પૂર્વભવના નામ

| ક્રમ | તીર્થંકર | પૂર્વનામ |
|---|---|---|
| ૧. | મહાપદ્મ | શ્રેણિક |
| ૨. | સૂરદેવ | સુપાર્શ્વ |
| ૩. | સુપાર્શ્વ | ઉદય |
| ૪. | સ્વયંપ્રભ | પોટ્ટિલ અણગાર |
| ૫. | સર્વાનુભૂતિ | દઢાયુ |
| ૬. | દેવશ્રુત | કાર્તિક |
| ૭. | ઉદય | શંખ |
| ૮. | પેઢાલપુત્ર | નંદ |
| ૯. | પોટ્ટિલ | સુનંદ |
| ૧૦. | શતકીર્તિ | શતક |
| ૧૧. | મુનિસુવ્રત | દેવકી |
| ૧૨. | સર્વભાવવિત | સાત્યકિ |
| ૧૩. | અમમ | વાસુદેવ(કૃષ્ણ) |
| ૧૪. | નિષ્કષાય | બલદેવ |
| ૧૫. | નિષ્પુલાક | રોહિણી |
| ૧૬. | નિર્મમ | સુલસા |
| ૧૭. | ચિત્રગુપ્ત | રેવતી |
| ૧૮. | સમાધિગુપ્ત | શતાલી–મૃગાલી |
| ૧૯. | સંવર | ભયાલી |
| ૨૦. | અનિવૃત્તિ | દ્વીપાયન |
| ૨૧. | વિજય | નારદ |
| ૨૨. | વિમલ | અબંડ |
| ૨૩. | દેવોપપાત | સ્વાતિ |
| ૨૪. | અનંતવિજય | બુદ્ધ |

## પરિશિષ્ટ–૩

### ૧૨ ચક્રવર્તીનું કોષ્ટક

| ક્રમ | ચક્રવર્તી | પિતા | માતા | સ્ત્રી રત્ન | ગતિ |
|---|---|---|---|---|---|
| ૧. | ભરત | ઋષભદેવ | સુમંગલા | સુભદ્રા | મોક્ષ |
| ૨. | સગર | સુમિત્રવિજય | યશવતી | ભદ્રા | મોક્ષ |
| ૩. | મઘવા | સમુદ્રવિજય | ભદ્રા | સુનંદા | મોક્ષ |
| ૪. | સનત્કુમાર | અશ્વસેન | સહદેવી | જયા | મોક્ષ |
| ૫. | શાંતિનાથ | વિશ્વસેન | અચિરાદેવી | વિજયા | મોક્ષ |
| ૬. | કુંથુનાથ | સૂરસેન | શ્રી | કૃષ્ણશ્રી | મોક્ષ |
| ૭. | અરનાથ | સુદર્શન | દેવી | સૂર્યશ્રી | મોક્ષ |
| ૮. | સુભૂમ | કાર્તવીર્ય | તારા | પદ્મશ્રી | નરક |
| ૯. | મહાપદ્મ | પદ્મોત્તર | જ્વાલા | વસુંધરા | મોક્ષ |
| ૧૦. | હરિષેણ | મહાહરિ | મેરા | દેવી | મોક્ષ |
| ૧૧. | જય | વિજયરાજા | વપ્રા | લક્ષ્મીમતી | મોક્ષ |
| ૧૨. | બ્રહ્મદત્ત | બ્રહ્મ | ચુલ્લિની | કુરુમતિ | નરક |

ચક્રવર્તી છ ખંડના અધિપતિ હોય છે.
બાર ચક્રવર્તીની ગતિનું કથન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય:૧૮ અનુસાર છે.

### નવ બલદેવનું કોષ્ટક

| બલદેવ | પિતા | માતા | પૂર્વભવનાંનામ | ગતિ | આગામી ઉત્સર્પિણના બળદેવ |
|---|---|---|---|---|---|
| ૧. અચલ | પ્રજાપતિ | ભદ્રા | વિશ્વનંદી | મોક્ષ | નંદ |
| ૨. વિજય | બ્રહ્મ | સુભદ્રા | સુબંધુ | મોક્ષ | નંદમિત્ર |
| ૩. ભદ્ર | સોમ | સુપ્રભા | સાગરદત્ત | મોક્ષ | દીર્ઘબાહુ |
| ૪. સુપ્રભ | રુદ્ર | સુદર્શના | અશોક | મોક્ષ | મહાબાહુ |
| ૫. સુદર્શન | શિવ | વિજયા | લલિત | મોક્ષ | અતિબલ |
| ૬. આનંદ | મહાશિવ | વૈજયંતી | વારાહ | મોક્ષ | મહાબલ |
| ૭. નંદન | અગ્નિશિખ | જયંતી | ધર્મસેન | મોક્ષ | બલભદ્ર |
| ૮. પદ્મ–રામ | દશરથ | અપરાજિતા | અપરાજિત | મોક્ષ | દ્વિપૃષ્ઠ |
| ૯. બલરામ | વસુદેવ | રોહિણી | રાજલલિત | પાંચમુ દેવલોક | ત્રિપૃષ્ઠ |

## પરિશિષ્ટ–૪

### નવ વાસુદેવનું કોષ્ટક

| વાસુદેવ | પિતા | માતા | પ્રતિ વાસુદેવ | પૂર્વભવના નામ | પૂર્વભવના આચાર્ય | નિયાણાની ભૂમિ | નિયાણાનું નિમિત્ત | નરક ગતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. ત્રિપૃષ્ઠ | પ્રજાપતિ | મૃગાવતી | અશ્વગ્રીવ | વિશ્વભૂતિ | સંભૂત | મથુરા | ગાય | ૭મી |
| ૨. દ્વિપૃષ્ઠ | બ્રહ્મ | ઉમા | તારક | પર્વત | સુભદ્ર | કનકવસ્તુ | યૂપસ્તંભ | ૬ઠી |
| ૩. સ્વયંભૂ | સોમ | પૃથ્વી | મેરક | ધનદત્ત | સુદર્શન | શ્રાવસ્તી | સંગ્રામ | ૬ઠી |
| ૪. પુરુષોત્તમ | રુદ્ર | સીતા | મધુકૈટભ | સમુદ્રદત્ત | શ્રેયાંસ | પોતનપુર | સ્ત્રી | ૬ઠી |
| ૫. પુરુસસિંહ | શિવ | અમૃતા | નિશુમ્ભ | ઋષિપાલ | કૃષ્ણ | રાજગૃહ | યુદ્ધમાં પરાજય | ૬ઠી |
| ૬. પુરુષપુંડરિક | મહાશિવ | લક્ષ્મીમતી | બલિ | પ્રિયમિત્ર | ગંગદત્ત | કાકંદી | સ્ત્રી અનુરાગ | ૬ઠી |
| ૭. દત્ત | અગ્નિશિખ | શેષમતી | પ્રભરાજ (પ્રહ્લાદ) | લલિતમિત્ર | સાગર | કૌશાંબી | ગોષ્ઠી | ૫મી |
| ૮. નારાયણ | દશરથ | કૈકેયી (લક્ષ્મણ) | રાવણ | પુનર્વસુ | સમુદ્ર | મિથિલા પુરી | પરઋદ્ધિ | ૪થી |
| ૯. કૃષ્ણ | વસુદેવ | દેવકી | જરાસંઘ | ગંગદત્ત | દ્રુમસેન | હસ્તિનાપુર | માતા | ૩જી |

* બલદેવ – વસુદેવ બન્ને ભાઈઓ હોય છે. બંનેના પિતા એક હોય, માતા ભિન્ન હોય છે.

* બલદેવ નીલ વસ્ત્ર ધારણ કરે છે. વાસુદેવ પીળા વસ્ત્ર ધારણ કરે છે.

* બલદેવ તાલવૃક્ષના ચિન્હવાળી ધ્વજા અને વાસુદેવગરૂડના ચિન્હવાળી ધ્વજાના ધારક હોય છે.

* બલદેવ  હળ અને મુશળ ધારણ કરે છે. વાસુદેવ શારંગ ધનુષ્ય, પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર, કૌમુદી ગદા, શક્તિ અને નંદક નામના ખડ્ગ ધારણ કરે છે.

* વાસુદેવ–પ્રતિવાસુદેવના યુદ્ધમાં પ્રતિવાસુદેવ પોતાના જ ચક્રથી મૃત્યુ પામે છે અને વાસુદેવ ત્રણ ખંડના વિજેતા બને છે.

ooo

## પરિશિષ્ટ–૫

### ઐરવત ક્ષેત્રના અવસર્પિણી – ઉત્સર્પિણકાલના ૨૪ તીર્થંકરો

| ક્રમ | અવસર્પિણીકાલના ૨૪ તીર્થંકરો | ઉત્સર્પિણકાલના ૨૪ તીર્થંકરો |
|---|---|---|
| ૧. | સુચંદ્ર સ્વામી | સુમંગલ સ્વામી |
| ૨. | અગ્નિસેન સ્વામી | સિદ્ધાર્થ સ્વામી |
| ૩. | નંદિ સેન સ્વામી | નિર્વાણ સ્વામી |
| ૪. | ઋષિદત્ત સ્વામી | મહાયશ સ્વામી |
| ૫. | સોમચંદ્ર સ્વામી | ધર્મરાજ સ્વામી |
| ૬. | યુક્તિસેન સ્વામી | શ્રીચંદ્રસ્વામી |
| ૭. | અજ્જિતસેન સ્વામી | પુષ્પકેતુ સ્વામી |
| ૮. | શિવસેન સ્વામી | મહાચંદ્ર સ્વામી |
| ૯. | બુદ્ધ સ્વામી | શ્રુતસાગર સ્વામી |
| ૧૦. | દેવશર્મ સ્વામી | સિદ્ધાર્થ સ્વામી |
| ૧૧. | નિક્ષિત શાસ્ત્ર–શ્રેયાંસ સ્વામી | પૂર્ણઘોષ સ્વામી |
| ૧૨. | અસંજ્વલ સ્વામી | મહાઘોષ સ્વામી |
| ૧૩. | જિનવૃષભ સ્વામી | સત્યસેન સ્વામી |
| ૧૪. | અમિતગામી સ્વામી | સૂરસેન સ્વામી |
| ૧૫. | અનંતજિન સ્વામી | મહાસેન સ્વામી |
| ૧૬. | ગુપ્તિસેન સ્વામી | સર્વાનંદ સ્વામી |
| ૧૭. | અતિપાર્શ્વ સ્વામી | દેવપુત્ર સ્વામી |
| ૧૮. | સુપાર્શ્વ સ્વામી | સુપાર્શ્વ સ્વામી |
| ૧૯. | મરુદેવ સ્વામી | સુવ્રત સ્વામી |
| ૨૦. | ધર સ્વામી | સુકોશલ સ્વામી |
| ૨૧. | શ્યામકોષ્ઠ સ્વામી | અનંતવિજય સ્વામી |
| ૨૨. | અગ્નિસેન સ્વામી | વિમલ સ્વામી |
| ૨૩. | અગ્નિપુત્ર સ્વામી | મહાબલ સ્વામી |
| ૨૪. | વારિષેણ સ્વામી | દેવઆનંદ સ્વામી |

## પરિશિષ્ટ–૬

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | અક્રિયાવાદી | ૨૬૬ | | एगे अधम्मे | ૪ |
| | અતિશય–૩૪ | ૧૭૧ | | एगे अलोए | ૪ |
| | અનર્થદંડ | ૯ | | एगे आया | ૩ |
| | અનાભોગ નિર્વર્તિત આહાર | ૩૨૮ | | एगे आसवे | ૫ |
| | અનુયોગદ્વાર | ૨૬૨ | | एगे णिज्जरा | ૫ |
| | अपसिणाइ | ૨૮૯ | | एगे दंडे | ૪ |
| | अब्भिंतरे-तवो कम्मे–આભ્યંતરતપ | ૨૮ | | एगे पावे | ૪ |
| | અર્થદંડ | ૯ | | एगे पुण्णे | ૪ |
| | અર્થાવગ્રહ | ૧૩૯ | | एगे बंधे | ૪ |
| | અવધિજ્ઞાન | ૩૨૫ | | एगे मोक्खे | ૪ |
| | અવ્યક્તસાધુ | ૧૦૦ | | एगे लोए | ૪ |
| | અવાય | ૧૩૯ | | एगे वेयणा | ૫ |
| | असमाहिठाणा–અસમાધિસ્થાન | ૧૦૭ | | एगे संवरे | ૫ |
| | અસ્તિકાય | ૨૩ | ક | કલા– બોતેર | ૨૧૧ |
| | અજ્ઞાનવાદી | ૨૬૮ | | કલ્પવૃક્ષ | ૫૧ |
| આ | आणमंति पाणमंति,उस्ससंति णिस्ससंति | ૭ | | કષાય અને તેના પ્રકાર | ૮૮ |
| | આભોગ નિર્વર્તિત આહાર | ૩૨૮ | | कसाया | ૧૬ |
| | આર્તધ્યાન | ૧૭ | | कामगुणा | ૨૨ |
| | આધોવધિ | ૨૩૫ | | किइकम्मे-કૃતિકર્મ | ૬૨ |
| | આશાતના–૩૩ | ૧૬૫ | | किरिया | ૨૧ |
| | आसव-संवर दारा | ૨૩ | | ક્રિયાવાદી | ૨૬૬ |
| | આક્ષેપણી કથા | ૨૮૯ | | ક્રિયાસ્થાન–તેર | ૬૭ |
| | આજ્ઞા | ૩૦૫ | ગ | ગમ | ૨૬૨ |
| ઈ | ઈહા | ૧૩૯ | | ગણિપિટક | ૧ |
| ઉ | ઉદ્દેશનકાલ | ૨૬૨ | | गारवा | ૧૩ |
| | ઉપપાત વિરહ | ૩૩૨ | | ગુણસ્થાન–ચૌદ | ૭૨ |
| | ઉપાસક પ્રતિમા | ૫૫ | | ગુપ્તિ | ૧૨ |
| એ | एगे अणाया | ૩ | ચ | ચક્રવર્તીના ચૌદ રત્નો | ૭૯ |
| | एगे अदंडे | ૪ | | चूलिया–ચૂલિકા | ૩૦૧ |
| | | | | ચૈત્યવૃક્ષ | ૩૪૫ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | ચોર્યાસી લાખ જીવાયોની | ૨૨૫ | | યોગસંગ્રહ–૩૨ | ૧૫૮ |
| છ | છાસઠ સૂર્ય–ચંદ્ર | ૨૦૨ | | रायणिय–रत्नाधिक | ૧૬૬ |
| ણ | णिज्जरठाण | ૨૩ | | રૌદ્રધ્યાન | ૧૭ |
| દ | દંડ | ૧૨ | | लेश्या | ૨૬ |
| ધ | ધર્મધ્યાન | ૧૭ | | વચનાતિશય–૩૫ | ૧૭૪ |
| | ધ્યાન | ૧૬ | | વ્યક્તસાધુ | ૧૦૦ |
| | ધારણા | ૧૩૯ | | વાચના | ૨૬૧ |
| ન | નવ–નવમિકા ભિક્ષુ પ્રતિમા– | ૨૨૦ | | विकहा–विकथा–૪ | ૧૯ |
| | નિર્યુક્તિ | ૨૬૨ | | વિનયવાદી | ૨૬૮ |
| | નિષધ–નીલપર્વત પર ૬૩ સૂર્યોદય | ૨૦૦ | | विराहणा | ૧૩ |
| | નિર્વેદની કથા | ૨૯૦ | | વિક્ષેપણી કથા | ૨૯૦ |
| પ | पज्जवा | ૨૬૨ | | વેદનાના વિવિધ પ્રકાર | ૩૨૭ |
| | પરમાધામીદેવ | ૮૨ | | વેઢ | ૨૬૩ |
| | પરમાવધિજ્ઞાન | ૨૩૫ | | વૈયાવૃત્યના ૯૧ પ્રકાર | ૨૨૩ |
| | પરીષહ | ૧૧૩ | શ | શ્રમણ ધર્મ | ૪૮ |
| | પર્યુષણા કલ્પ | ૨૦૬ | | શ્રમણોના ૨૭ ગુણ | ૧૩૩ |
| | पवयणमायाओ- પ્રવચનમાતા | ૩૬ | | શાશ્વતકૃત | ૨૬૩ |
| | पसिणाइ | ૨૮૯ | | શુકલધ્યાન | ૧૮ |
| | पसिणापसिणाइं | ૨૮૯ | | શ્લોક | ૨૬૨ |
| | પ્રતિપત્તિ | ૨૬૨ | સ | सण्णा- સંજ્ઞા | ૧૯ |
| | પ્રતિમા–૯૨ | ૨૩૫ | | સમિતિ | ૨૩ |
| | પ્રમર્દ યોગ | ૩૮ | | समुग्घाया–સમુદ્દઘાત | ૨૯ |
| | પાપશ્રુત–૨૯ | ૧૪૨ | | સમુદ્દેશનકાળ | ૨૬૨ |
| બ | बाहिरे तवो कम्मे–બાહ્યતપ | ૨૮ | | सल्ला–શલ્ય | ૧૩ |
| | बंधे | ૧૯ | | सिद्धाइ गुणेहिं | ૧૫૬ |
| | बंभचेर गुत्ती | ૪૦ | | સૂર્યનું ચાર ક્ષેત્ર | ૨૧૯ |
| ભ | भयट्ठाणा–ભયસ્થાન–૭ | ૩૨ | | सेहे–શૈક્ષ | ૧૬૬ |
| | भावणाओ–ભાવના–૨૫ | ૧૨૩ | | સંગ્રહણીઓ | ૨૬૨ |
| | ભિક્ષુ પ્રતિમા–૧૨ | ૬૦ | | સંઘયણ | ૩૩૪ |
| | ભૂતગ્રામ–૧૪ | ૭૦ | | संजमे–असंजमे | ૯૧ |
| મ | મયટ્ઠાણા–મદસ્થાન–૮ | ૩૬ | | સંભોગ–૧૨ | ૬૧ |
| | મરણ–૧૭ પ્રકાર | ૯૩ | | સંવેગની કથા | ૨૯૦ |
| | મહવ્વયા–મહાવ્રત–૫ | ૨૧ | | સંસ્થાન | ૩૩૬ |
| ય | યોગ–પ્રયોગ–૧૫ | ૮૫ | | | |

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org